Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री आत्मानंद प्रकाश

## मुनि श्री पुण्यविजयजी श्रद्धांजलि - विशेषांक



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૧ ] જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૧૯૭૪ [ અંક : ૩-૪

## મુનિ શ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ-વિશેષાંક



તંત્રી : શ્રી ખીમચંદ ચાંપશી શાહ

પ્રકાશક: શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: પ્ર કા શ ક :
ખીમચંદ ચાંપશી શાહ
પ્રમુખ
શ્રી જૈન આત્માનંદ સભા
ખાર દરવાજા, ભાવનગર

વિ. સં. ૨૦૩૦ : વીર નિર્વાણ સંવત ૨૫૦૦ : ઈ. સ. ૧૯૭૪


આ વિશેષાંકનું સંપાદક-મંડળ
ખીમચંદ ચાંપશી શાહ
દલસુખભાઈ માલવણિયા
ભોગીલાલ જ. સાંડેસરા
મનસુખલાલ તારાચંદ મહેતા
કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા
રતિલાલ દીપચંદ દેસાઈ

કિંમત :
ચાલુ બાઈન્ડીંગના સવા પાંચ રૂપિયા
પાકા બાઈન્ડીંગના સવા છ રૂપિયા

: મુદ્રક :
આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગરની વતી,
પ્રાણલાલ બી. સોની
હરીશ પ્રિન્ટરી
કાડીપાડાની પોળ, શાહપુર,
અમદાવાદ-૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકાશકીય નિવેદન

卐

પરમપૂજ્ય, પ્રાતઃસ્મરણીય, આગમપ્રભાકર, શ્રુતશીલવારિધિ મુનિરત્ન શ્રી પુણ્યવિજયજી મહારાજના સ્વર્ગવાસનું આ ત્રીજું વર્ષ ચાલી રહ્યું છે, છતાં તેઓનું સ્મરણ જરાય ઝાંખું કે ઓછું નથી થયું; ઊલટું, જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ, અનેક પ્રસંગોએ, એમનું સ્મરણ થઈ આવે છે અને એમના સ્વર્ગવાસથી અમારી સભાને કેટલી મોટી ખોટ પડી છે એની પ્રતીતિ થતી રહે છે. અમારા આવા પરમઉપકારી મહાપુરુષના પુણ્યસ્મરણ નિમિત્તે, અમારા પોતાના સંતોષ ખાતર, અમારે કંઈક પણ કરવું જોઈએ, એવી લાગણી અમારા મનમાં શરૂઆતથી જ જાગી હતી; અને તેથી જ પૂજ્ય મહારાજશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે અમે પૂનામાં ચતુર્માસ બિરાજતા પરમપૂજ્ય શાંતસ્વભાવી આચાર્ય મહારાજ શ્રી વિજય-સમુદ્રસૂરિજી મહારાજને લખેલા, અમારા તા. ૨૪–૬–૧૯૭૧ના પત્રમાં લખ્યું હતું કે—"જૈન સમાજને એક મહાન માર્ગદર્શક મુનિવરની લાંબા સમય સુધી ન પુરાય તેવી ખોટ પડી છે. અને આ સભા ઉપર તો વજ્રઘાત જેવું થયું છે. તેઓશ્રીની પુણ્યસ્મૃતિમાં એકાદ પુસ્તક બહાર પાડવાની અમારી ઇચ્છા છે. અમે આપ સહુ ગુરુદેવોના આશીર્વાદ અને સહકાર માગીએ છીએ."

અમારી આ ભાવના આજે "મુનિ શ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ-વિશેષાંક"રૂપે સફળ થાય છે, અને અમે આ વિશેષાંક શ્રીસંઘના કરકમળમાં ભેટ ધરી શકીએ છીએ, એનો અમને ખૂબ આનંદ અને સંતોષ છે. આવા મહાન ઉપકારી ગુરુદેવના ઉપકારોનો બદલો તો અમે શું વાળી શકીએ ? પણ એ ઉપકારોની લાગણીથી પ્રેરાઈને અમને આ વિશેષાંક પ્રગટ કરવાનો અવસર મળ્યો એને અમે અમારું મોટું સદ્ભાગ્ય લેખીએ છીએ.

અમારી ઇચ્છા તો આ વિશેષાંક પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજની પ્રથમ પુણ્યતિથિએ પ્રગટ કરવાની હતી. પણ, વચ્ચે વચ્ચે, એક યા બીજા પ્રકારના એવા એવા અવરોધો આવતા રહ્યા કે જેથી એ કામ વિલંબમાં પડતું રહ્યું; અને આ અંક મહારાજશ્રીની બીજી પુણ્યતિથિએ પણ પ્રગટ કરવાનું શક્ય ન બન્યું, તે આટલા લાંબા વિલંબ પછી છેક અત્યારે એ અંક પ્રગટ થાય છે. મોડે મોડે પણ આ કામ, અમારી ધારણા મુજબ, સાંગોપાંગ પૂરું થઈ શક્યું એ માટે અમે પરમાત્માનો ઉપકાર માનીએ છીએ.

આ અંકમાં આપવામાં આવેલી સામગ્રી અંગે વિશેષાંકના "ઋણમુક્તિનો અદનો પ્રયત્ન" નામે સંપાદકોના નિવેદનમાં વિગતે લખવામાં આવ્યું છે, એટલે એ બાબતમાં અમારે કશું જ કહેવાનું નથી રહેતું.

આ વિશેષાંક તૈયાર કરવામાં જેમ અમને વિદ્વાન સંપાદક-મિત્રોએ ઉલ્લાસથી માગ્યો સહકાર આપ્યો છે, તેમ શ્રીસંઘમાંથી જરૂરી આર્થિક સહાય પણ અમને મળી રહી છે, તેથી જ આવા સમૃદ્ધ અને એકસો જેટલી છબીઓથી સુશોભિત અંક પ્રગટ કરવાનું અમારા માટે શક્ય બન્યું છે. આ અંક માટે અમને જેમના તરફથી આર્થિક સહાય મળી છે તેની વિગત જુદી આપવામાં આવેલ છે.

અમારી સંસ્થા તરફ આવી લાગણી દર્શાવવા બદલ અમે પૂજ્ય મુનિરાજશ્રીનો, બધાં પૂજ્ય સાધ્વીજી મહારાજનો તથા સહાય આપનાર સંઘો, ટ્રસ્ટો તથા ભાઈઓ-બહેનોનો અંતઃકરણથી આભાર માનીએ છીએ. પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજ પ્રત્યેની સહજ ભક્તિનું જ આ સુપરિણામ છે.

આ વિશેષાંકના સંપાદક-મંડળના બધા વિદ્વાનો પૂજ્યપાદ મહારાજશ્રીની આસપાસ રચાયેલ વિશાળ વિદ્યાકુટુંબના સભ્યો છે, એટલે અમારી સભા પ્રત્યે તેઓ સ્વાભાવિક રીતે જ પોતાપણાની લાગણી ધરાવે છે. તેઓએ આપેલ સહકારથી અમે તેઓના ખૂબ ખૂબ ઓશિંગણ બન્યા છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગ્રંથનું સ્વચ્છ અને સુઘડ મુદ્રણ અમદાવાદની હરીશ પ્રિન્ટરીએ કરી આપ્યું છે. આ ગ્રંથ તૈયાર કરવામાં શારદા મુદ્રણાલય તથા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે ઘણો જ સહકાર આપ્યો છે. આ ગ્રંથ માટે અનેક સંસ્થાઓ તથા વ્યક્તિઓએ અમને સંખ્યાબંધ છબીઓ મોકલી છે. આ છબીઓમાં મુખ્ય (પહેલી) છબી મુંબઈના જાણીતા મૌજ પ્રિન્ટીંગ બ્યૂરોએ છાપી આપી છે. બાકીની છબીઓ અમદાવાદના દીલા પ્રિન્ટર્સે છાપી આપી છે. બ્લોકો આર્ટ પ્રોસેસ સ્ટુડિયો તથા પ્રભાત પ્રોસેસ સ્ટુડિયોએ બનાવી આપ્યા છે. મહારાજજીની વિ. સં. ૨૦૨૫ની વડોદરાની છબીનો મોટો બ્લોક કલકત્તાના જૈન ભવને ભેટ આપ્યો છે. વિશેષાંકનું બાઈન્ડીંગ અમદાવાદના સાંભારે એન્ડ બ્રધર્સે કરી આપ્યું છે. આ સૌનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

પોષ સુદિ ૧, વિ. સં. ૨૦૩૦ —શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

## સહાયકોની નામાવલિ

૨૦૦૧ પૂજ્ય સાધ્વીજી શ્રી ૐકારશ્રીજી મહારાજના સદુપદેશથી—
 ૧૦૦૦ શ્રી વડાચૌટા જૈન સંઘ, સુરત.
 ૫૦૧ શ્રી જૈન સંઘ, વડોદરા.
 ૫૦૦ શ્રી શાંતિનાથ જૈન દેરાસર, પાયધૂનીની બહેનો તરફથી, મુંબઈ.

૧૦૦૧ પૂજ્ય સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજના સદુપદેશથી
 શ્રી આત્માનંદ જૈન મહાસભા, પંજાબ.

૧૦૦૧ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ ચેરીટી ટ્રસ્ટ, અમદાવાદ.

૭૦૦ પૂજ્ય સાધ્વીજી શ્રી કુસુમશ્રીજી મહારાજના સદુપદેશથી
 શ્રી મરીન ડ્રાઈવ જૈન સંઘની બહેનો તરફથી, મુંબઈ.

૫૦૧ શ્રી જવાહરનગર ગોરેગાંવ જૈન સંઘ, મુંબઈ.

૫૦૧ પૂજ્ય સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજી મહારાજના સદુપદેશથી—
 ૩૦૧ શ્રી ભેરૂબાગ શ્રી પાર્શ્વનાથ તીર્થ, જોધપુર.
 ૨૦૦ શ્રી પારસકાંત શાહ, કલકત્તા; હ. કુમારી પન્નાબહેન શાહ.

૫૦૦ પૂજ્ય સાધ્વીજી શ્રી વિજ્ઞાનશ્રીજી મહારાજના સદુપદેશથી
 કોટન ગ્રીન જૈન સંઘ, મુંબઈ.

૫૦૦ શેઠ શ્રી ભોગીલાલભાઈ મગનલાલ, ભાવનગર.

૫૦૦ શ્રી રમણભાઈ અમૃતલાલ શેઠ, ભાવનગર.

૫૦૦ શ્રી રમણલાલ ફકીરચંદ મશરૂવાળા, અમદાવાદ.

૨૫૧ શ્રી જયંતીલાલ મણિલાલ ધ્રુપેલીઆ, મુંબઈ; હ. શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા.

૨૫૧ શ્રી મણિબહેન પ્રેમચંદ મોદી, મુંબઈ; હ. શ્રી જયંતીભાઈ મણિલાલ ધ્રુપેલીઆ.

૨૫૧ શ્રી પાલેજ જૈન ઉપાશ્રયની બહેનો તરફથી, પાલેજ; હ. શ્રી ચીમનલાલ છોટાલાલ.

૨૫૦ પૂજ્ય મુનિરાજ શ્રી વલ્લભદત્તવિજયજી મહારાજની પ્રેરણાથી એક ભાઈ તરફથી, ફાલના.

૨૫૦ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઋણમુક્તિનો અદનો પ્રયત્ન

## (સંપાદકીય)

卐

ભારતની સંસ્કૃતિમાં ઋષિઋણમુક્તિનો મહિમા બહુ વર્ણવવામાં આવ્યો છે, અને એ માટેના પ્રયત્નને એક પવિત્ર કર્તવ્ય લેખવામાં આવ્યું છે. પોતાના ઉપર ઉપકાર કરનાર વ્યક્તિ તરફની ઊંડી કૃતજ્ઞતાની ભાવનાથી પ્રેરાઈને આભારની લાગણી વ્યક્ત કરવી, અને એમ કરીને હૃદયને ભારમુક્ત બનાવવાનો અદનો પ્રયત્ન કરવો એ એની પાછળનો ભાવ છે.

પરમપૂજ્યપાદ, આગમપ્રભાકર, મુનિપ્રવર શ્રી પુણ્યવિજયજી મહારાજની સાધુતાથી શોભતી વિદ્વત્તા, વિદ્વત્તાથી ઓપતી સાધુતા, પ્રસન્ન વૈરાગ્યશીલતા, સમતા, સરળતા, સહૃદયતા, નિર્મળતા, વિનોદવૃત્તિ અને પરોપકારપરાયણતાથી તથા જ્ઞાનોદ્ધારની ઉત્કટ વૃત્તિ અને અખંડ પ્રવૃત્તિથી દેશ-વિદેશના વિદ્વાનો, જિજ્ઞાસુઓ, અભ્યાસીઓ અને શ્રદ્ધા-ભક્તિશીલ આબાલવૃદ્ધ ભાઈઓ-બહેનો કેટલી મોટી સંખ્યામાં ઉપકૃત બન્યાં હતાં, એનો ખ્યાલ આ શ્રદ્ધાંજલિ-વિશેષાંક ઉપરથી પણ આવી શકશે.

ભાવનગરની સુપ્રસિદ્ધ વિદ્યાસંસ્થા શ્રી જૈન આત્માનંદ સભાએ પોતાના માસિક મુખપત્ર "શ્રી આત્માનંદ પ્રકાશ"નો "મુનિ શ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ-વિશેષાંક" પ્રગટ કરવાનો નિર્ણય કર્યો, એ આવો જ એક ઋષિઋણમુક્તિનો અદનો પ્રયત્ન છે. અને સભાના એ પ્રયત્નમાં અમારો નમ્ર ફાળો આપવાનો અમને આહ્લાદકારી સુઅવસર મળ્યો તેને અમે અમારી ખુશનસીબી લેખીએ છીએ. પૂજ્યપાદ મહારાજશ્રીના ઉપકારોનું ઋણ તો ક્યારેય ચૂકવી શકાય એમ છે જ નહીં.

આ વિશેષાંકને નીચે મુજબ છ ભાગમાં વહેંચવામાં આવેલ છે :—

પહેલા ભાગમાં અમારામાંના જ એક ભાઈ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ લખેલ પૂજ્ય મહારાજશ્રીના જીવન અને કાર્યનો કંઈક સવિસ્તર પરિચય આપવામાં આવેલ છે. અને એની સાથે બે પુરવણીરૂપે મહારાજશ્રીનાં ૬૨ ચતુર્માસની યાદી તથા વિપુલ સાહિત્યસેવાની યાદી આપવામાં આવી છે.

બીજા વિભાગમાં વર્તમાનપત્રો અને સામયિકોની અંજલિઓ આપવામાં આવી છે. એમાં જુદાં જુદાં સામયિકો માટે વિદ્વાનોએ લખેલ લેખોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ત્રીજા વિભાગમાં સંઘો તથા સંસ્થાઓના ઠરાવો રજૂ કરવામાં આવ્યા છે. આ ઠરાવોમાં જૈન સંસ્થાઓ ઉપરાંત અન્ય સંસ્થાઓના ઠરાવોનો પણ સમાવેશ થાય છે, તે ઉપરથી જોઈ શકાય છે કે મહારાજશ્રીએ દેશ-વિદેશના વિદ્દ્જગતમાં કેવી ચાહના મેળવી હતી.

ચોથા વિભાગમાં સંસ્થાઓ, સંઘો તથા વ્યક્તિઓના કાગળો અને તારોમાંથી ખાસ નોંધપાત્ર હૃદયોદ્ગારો તારવીને આપવામાં આવ્યા છે. આમાં સંસ્થાઓ અને સંઘોનાં લખાણો ઉપરાંત શ્રમણસમુદાય, સાધ્વીસમુદાય, વિદ્વાનો અને ભાવનાશીલ ભાઈઓ-બહેનોની લાગણીને વ્યક્ત કરતાં લખાણોનો સમાવેશ પણ થાય છે. આની સાથે સાથે બધા તારો તથા કાગળોની યાદીઓ પણ આપવામાં આવી છે.

પાંચમો વિભાગ "કેટલાક લેખો અને થોડાંક કાવ્યો"એ નામનો છે. એમાં મહારાજશ્રી પ્રત્યે આદર-ભક્તિ દર્શાવતાં સહજ રીતે પ્રાપ્ત કેટલાક લેખો અને થોડાંક કાવ્યો આપવામાં આવ્યાં છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ લેખોમાં મહારાજશ્રીના ચિરઅંતેવાસી અને નિકટના સહકાર્યકર પંડિત શ્રી **અમૃતલાલ મોહનલાલ ભોજકનો** "પુણ્યમૂર્તિનાં કેટલાંક સંસ્મરણો" નામે લેખ અને અમારામાંના એક શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાનો "થોડાંક સંસ્મરણો" નામે લેખ—આ બે લેખો સીધા મહારાજશ્રીના જીવનપ્રસંગોને લગતા હોવાથી વિશેષ ભાત પાડે એવા તથા વાચનક્ષમ અને રુચિકર બની રહે એવા છે. તેમાંય પંડિત શ્રી અમૃતભાઈના લેખમાં, મહારાજશ્રી જીવનબોધ કરાવવા માટે અવારનવાર અનેક રમૂજી વાર્તાઓ કે ટુચકાઓ કહેતા હતા, એમાંની કેટલીક વાર્તાઓ સંગ્રહાયેલી હોવાથી એ વિશેષ રોચક બનેલ છે. આ સંસ્મરણો નિમિત્તે આવી થોડીક કથાઓ સંગ્રહાઈ એ સારું કામ થયું છે.

અહીં એ જાણવું ઉપયોગી થઈ પડશે કે વિ. સં. ૨૦૨૫ની સાલમાં વડોદરામાં, મહારાજશ્રીની દીક્ષા-પર્યાયષષ્ટિપૂર્તિનો શાનદાર સમારોહ ઊજવવામાં આવ્યો ત્યારે "જ્ઞાનાંજલિ" નામે અભિવાદનગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો હતો. આ ગ્રંથમાં જેમ મહારાજશ્રીનાં લખાણોનો સંગ્રહ કરવામાં આવેલ છે, તેમ એ ગ્રંથના જ "અભિવાદન" નામે એક ૧૧૬ પૃષ્ઠ જેટલા વિસ્તૃત વિભાગમાં દેશ-વિદેશના વિદ્વાનોએ લખેલા મહારાજશ્રીના જીવન અને કાર્યને અંજલિ આપતા ૪૧ જેટલા લેખો આપવામાં આવ્યા છે. આ "અભિવાદન" વિભાગ જુદા પુસ્તકરૂપે પણ પ્રગટ કરવામાં આવેલ છે.

"પુરવણી" નામે છઠ્ઠા વિભાગમાં (૧) પાછળથી મળેલ શોકઠરાવ વગેરે; (૨) મહારાજશ્રીની હયાતી દરમ્યાનની કેટલીક મહત્ત્વની સામગ્રી, અને (૩) "જ્ઞાનાંજલિ" ગ્રંથમાં નહીં સંગ્રહાયેલાં મહારાજશ્રીનાં લખાણો આપવામાં આવેલ છે.

**મુખ્ય છબી**—આ વિશેષાંકની શરૂઆતમાં મહારાજશ્રીની એક રંગીન છબી આપવામાં આવી છે. મુંબઈમાં, ભાયખલાના દેરાસરના સભામંડપમાં, શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી, તા. ૧૪-૩-૧૯૭૧ના રોજ, "પન્નવણાસૂત્ર"ના બીજા ભાગના પ્રકાશનનો સમારોહ યોજવામાં આવ્યો હતો. ગ્રંથનો પ્રકાશનવિધિ, જાણીતા વિદ્વાન ડૉ. હીરાલાલજી જૈને કર્યા પછી મહારાજશ્રી ગ્રંથને જોઈ રહ્યા છે એ પ્રસંગની એ છબી છે. આ સમારોહ પછી બરાબર ત્રણ મહિને, તા. ૧૪-૬-૧૯૭૧ના રોજ, મહારાજશ્રી કાળધર્મ પામ્યા! આ પછી મહારાજશ્રીની તબિયત ઉત્તરોત્તર અસ્વસ્થ થતી ગઈ એટલે કોઈ સમારોહમાં તેઓશ્રીએ હાજરી આપી ન હતી કે જ્યાં તેઓની છબી લેવામાં આવી હોય. એટલે, અમારી જાણ પ્રમાણે, મહારાજશ્રીની આ છેલ્લી છબી જ લેખી શકાય; અને એ પણ તેઓશ્રીની જ્ઞાનસાધનાની તન્મયતાનાં હૃદયસ્પર્શી દર્શન કરાવે એવી! (આ ત્રણ માસના સમય દરમ્યાન કોઈએ, વ્યક્તિગત રીતે, મહારાજશ્રીની છબી લીધી હોય તો તેની માહિતી અમને, કેટલોક પ્રયત્ન કરવા છતાં, મળી નથી, એથી પણ એમ લાગે છે કે આ છબી પૂજ્ય મહારાજશ્રીની છેલ્લી છબી હોવી જોઈએ.)

**ટાયટલ ઉપરનાં ત્રણ ચિત્રો**—વિશેષાંકના ટાઈટલ ઉપર આગળ બે રંગીન ચિત્રો અને પાછળ એક એકરંગી ચિત્ર આપવામાં આવેલ છે. આગળનાં બે રંગીન ચિત્રોમાં ઉપરના ભાગમાં એક મુનિરાજ ઉપદેશ આપે છે, એવું ચિત્ર છે, તે શ્રી જયકીર્તિવિરચિત શીલોપદેશમાલાની હસ્તપ્રતના છેલ્લા પાનામાં દોરેલું ચિત્ર છે. ઈસ્વી સનના આશરે ૧૬મા સૈકામાં લખાયેલ આ હસ્તપ્રત અમદાવાદના સુપ્રસિદ્ધ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર હસ્તકના પૂજ્ય પુણ્યવિજયજી મહારાજના સંગ્રહમાં છે. એનાં પત્ર ૪૪ છે, અને એનો નં. ૨૭૨૧૫ છે. આગળના નીચેના ભાગમાં જે જૂના મૂળાક્ષરોનું ચિત્ર આપવામાં આવ્યું છે, તે પાટલી સો-સવાસો વર્ષ જેટલી જૂની હશે એવું અનુમાન છે. આ પાટલી પણ લા. દ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભા. સં. વિદ્યામંદિર હસ્તકના મહારાજશ્રીના કળાસંગ્રહમાંની છે. અને ટાઈટલના પાછળના ભાગમાં આપવામાં આવેલ સરસ્વતીનું ચિત્ર, વડોદરા પાસે આકોટામાંથી મળેલ જૂની ધાતુપ્રતિમાઓના વડોદરાના મ્યુઝિયમમાં સચવાયેલા સંગ્રહમાંની ધાતુની મૂર્તિનું છે. આ મૂર્તિ ઈસ્વી સનના છઠ્ઠા સૈકા જેટલી જૂની છે. કળાની દૃષ્ટિએ તે ઉત્તમ કોટીની છે તેથી તથા પ્રાચીનતાના કારણે એ અતિમૂલ્યવાન ગણાય છે.

**છબીઓ**—છબીઓમાં મહારાજશ્રીના વડીલ સાધુભગવંતોની, જે સમારોહોમાં પૂજ્ય મહારાજશ્રીએ હાજરી આપી હોય એવા અગત્યના સમારોહોની, મહારાજશ્રી નિમિત્તે યોજવામાં આવેલ સમારંભોની, મહારાજશ્રીનાં માતા-સાધ્વીજીની, તેઓના હસ્તાક્ષરોની અને તેઓની પોતાની નાની-મોટી અનેક સ્વતંત્ર કે કોઈની સાથે લેવામાં આવેલી છબીઓ વગેરેનો સમાવેશ થાય છે.

**એક ખુલાસો**—આ વિશેષાંકના ૨૦૦મા પાના પછી પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજના દેવનાગરી હસ્તાક્ષરનો નમૂનો આપ્યો છે. આ લખાણ મહારાજશ્રીએ લીંટીવાળા કાગળ ઉપર લખેલું છે, અને બ્લૉક બનાવતી વખતે મહારાજશ્રીના અક્ષરો ઉપરાંતનો લીંટીનો વધારાનો ભાગ કાઢી નાખવાનો અમને ખ્યાલ ન રહ્યો, તેથી એ બધું લખાણ સળંગ લીંટી દોરીને લખાયું હોય એમ દેખાય છે. પણ મહારાજશ્રીએ તો બધા શબ્દો છૂટા પડે એ રીતે જ દરેક શબ્દ ઉપર, જે તે શબ્દપૂરતી જ, લીંટી દોરેલ છે.

મહારાજજીના સ્વર્ગવાસ નિમિત્તે સંખ્યાબંધ શહેરો-ગામોમાં અઠ્ઠાઈ મહોત્સવ વગેરે ધાર્મિક પ્રસંગો ઊજવવામાં આવ્યા હતા. આ બધાની યાદી આ વિશેષાંકમાં આપવાનો અમારો ખ્યાલ હતો; પણ એની બધી વિગતો અમે મેળવી શક્યા નહીં, તેથી એ યાદી આમાં આપી શકાઈ નથી.

ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાએ "શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનો આ વિશેષાંક પ્રગટ કરવાનો નિર્ણય કર્યો તેથી મહારાજશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે વર્તમાનપત્રો તથા સામયિકોએ જે અંજલિ-નોંધો કે પરિચયો લખ્યાં, જે જે ઠરાવો થયા તથા જૈન-જૈનેતર વિશાળ વર્ગે જે પત્રો લખ્યા, તે બધી સામગ્રી એક સ્થાને, વ્યવસ્થિત રીતે, ગ્રંથસ્વરૂપે, સંગ્રહી લેવાનું શક્ય બન્યું છે; અન્યથા મહારાજશ્રીના જીવન અને કાર્યનો મહિમા દર્શાવતી આવી ઉપયોગી સામગ્રી વેરવિખેર રહીને સમય જતાં નામશેષ થઈ જાત. આ માટે શ્રી જૈન આત્માનંદ સભાના ભાવનાશીલ અને પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ પ્રત્યે અનન્ય અનુરાગ ધરાવતા સંચાલકોને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે.

આ વિશેષાંકને સાહિત્ય-સામગ્રી અને ચિત્ર-સામગ્રી એ બન્ને દૃષ્ટિએ સમૃદ્ધ બનાવવાનો શક્ય પ્રયત્ન અમે કર્યો છે. આ માટે જેઓ જેઓએ અમને સહાય કરી છે, એ સૌનો અમે આભાર માનીએ છીએ. આ વિશેષાંક તૈયાર કરવા નિમિત્તે મહારાજશ્રીના જીવન અને કાર્યનું પ્રેરણાદાયી દર્શન અને ચિંતન કરવાનો અમને જે અવસર મળ્યો તે અમારે મન એક અવિસ્મરણીય લહાવો છે.

આ વિશેષાંકના પુણ્યનિમિત્તરૂપ, પરમપૂજ્ય પુણ્યવિજયજી મહારાજને ભાવભરી વંદના કરીને અમે અમારું આ નિવેદન પૂરું કરીએ છીએ.

તા. ૨૫-૧૨-૧૯૭૩ —**સંપાદક-મંડળ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમ


पुण्योदयप्रशस्तिः, पुण्यस्तवः, मुनि न्यायविजयः, २

**જ્ઞાનજ્યોતિની જીવનરેખા** રતિલાલ દીપચંદ દેસાઈ **૩-૪૪**

વતન, માતા-પિતા અને દીક્ષા ૪; દાદાગુરુ, ગુરુ અને વિદ્યાભ્યાસ ૬; જ્ઞાનોદ્ધારનું શકવર્તી કાર્ય: શાસ્ત્રાભ્યાસ ૧૧; પ્રાચીન ગ્રંથોનું સંશોધન ૧૩; પ્રતિઓના નિષ્ણાત પારખુ અને ઉદ્ધારક ૧૪; ગ્રંથ-ભંડારોનો ઉદ્ધાર ૧૪; જ્ઞાનમંદિરોની સ્થાપના ૧૫; કળાની પરખ ૧૬; વિદ્વાનોને સહકાર ૧૬; વિનમ્ર વિદ્વત્તા ૧૬; જ્ઞાનપ્રસારની ઝંખના ૧૯; આગમ-સંશોધનનું વિરાટ કાર્ય ૧૯; શ્રી જિનાગમ પ્રકાશિની સંસદ ૨૧; વિદ્યાલયની યોજના ૨૨; બધું જ આગમ-પ્રકાશન માટે અર્પણ: (૧) કપડવંજનો ઉત્સવ ૨૨; (૨) વડોદરાનો સમારોહ ૨૩; (૩) મુંબઈમાં ચાતુર્માસ પરિવર્તન ૨૩; આગમ-સંશોધન કાર્યને ઝડપી બનાવવાની ઝંખના ૨૩; ઇતર ગ્રંથોનું સંપાદન-પ્રકાશન ૨૫; જ્ઞાનોપાસનાનું બહુમાન ૨૫; જીવનસાધના અને વિમળ વ્યક્તિત્વ ૨૫; અંગત પરિચયની થોડીક વાત ૨૯; ખંભાતનો વિહાર, પં. શ્રી રમણીકવિજયજીનો સ્વર્ગવાસ ૩૧; છેલ્લાં બે વર્ષ મુંબઈમાં ૩૨; છેલ્લા દિવસો ૩૬; કાળધર્મ ૪૧; પુરવણી-૧: પૂજ્ય પુણ્યવિજયજી મહારાજનાં ૬૨ ચાતુર્માસની યાદી ૪૨; પુરવણી-૨: પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી સંપાદિત ગ્રંથો ૪૩.

**વર્તમાનપત્રો અને સામયિકોની અંજલિ** **૪૫-૯૬**

Muni Shri Punyavijayaji—Journal of the American Oriental Society, ૪૬.

प्रज्ञापुरुषका विलय—सन्मति ज्ञानपीठ परिवार, आगरा, 'श्री अमरभारती', ४७.

मुनि श्री पुण्यविजयजी के आकस्मिक निधन पर आचार्य तुलसी, "जैन भारति", ४८.

સાચી શ્રદ્ધાંજલિ—ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ, "જૈન" સાપ્તાહિક, ૪૯.

મુનિ શ્રી પુણ્યવિજયજી—"અભિનવ ભારતી", ૫૨.

આગમના જ્ઞાનને અજવાળનારા—અધ્યાપક શ્રી સુરેન્દ્રભાઈ કાપડિયા, "બુદ્ધિપ્રકાશ", ૫૨.

આગમપ્રભાકર સ્વ.પૂ. મુનિ શ્રી પુણ્યવિજયજી—પં. શ્રી દલસુખભાઈ માલવણિયા, "પ્રબુદ્ધજીવન" ૫૩.

पुण्यश्लोक श्री पुण्यविजयजी महाराज—श्री शान्तिलाल वनमाली सेठ, "जैन प्रकाश", ५६.

મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ખોટ—"ગુજરાત સમાચાર", ૫૮.

Agama-Prabhakara Muni Shri Punyavijayaji—Dr. Umakant P. Shah, Journal of the Oriental Institute, Baroda, ૫૮.

ધર્મમય જ્ઞાનજ્યોતિને વંદના, "જૈન", ૫૯; જ્ઞાનોદ્ધારનું કપરું કામ, "જૈન", ૬૨.

स्व. मुनि श्री पुण्यविजयजी महाराज—मुनि श्री नेमिचंदजी," "विजयानंद," ६५.

આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી—શ્રી ધીરુભાઈ પરીખ, "કુમાર", ૬૭.

A savant among saints and a saint among savants: Muni Punyavijayaji—B. M. Singhi, "Jain Journal," ૭૨.

भारतकी एक विरल विभूति—अगरचंदजी नाहटा, "राष्ट्रवीणा", ७७.

સ્વ. મુનિ શ્રી પુણ્યવિજયજી—શ્રી "ધર્મપ્રિય", "મુંબઈ સમાચાર", ૮૧.

પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રદ્ધાંજલિ—"જૈન સેવક", ૮૨.

દિવંગત મુનિશ્રીને શ્રદ્ધાંજલિ—શ્રી "રક્તતેજ", "જૈન ધર્મ પ્રકાશ", ૮૩.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Agama - Prabhakara Muni Punyavijayaji—D. D. Malvania, "Vishveshvarananda Indological Journal", ૮૫.

श्रुतसाधक मुनि पुण्यविजयजी—श्री ऋषभदासजी रांका, "जैन जगत", ૮૭.

આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી—શ્રી રવીન્દ્ર ભટ્ટ, "જન્મભૂમિ", ૮૮.

ખંભાતના શ્રી તાડપત્રીય ભંડારનો પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજે કરેલ ઉદ્ધાર—શ્રી નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટ, "નવ સંસ્કાર", ૯૧.

प्राच्य भाषाओं के प्रसिद्ध जैन विद्वान मुनिका निधन—"श्वेताम्बर जैन", ૯૨.

પ્રાચ્ય ભાષાવિશારદ મુનિશ્રી—"સ્થાનકવાસી જૈન", ૯૨.

આગમનો આત્મા—શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, "જૈન શિક્ષણ-સાહિત્ય પત્રિકા", ૯૨.

આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી—"જનશક્તિ", ૯૩.

મુનિ શ્રી પુણ્યવિજયજીનો સ્વર્ગવાસ—"સંદેશ", ૯૪.

An Inestimable Loss—Ernest Bender, Editor, "Journal of the American Oriental Society", ૯૪.

मुनि श्री पुण्यविजयजी महाराजका देहावसान—प्रो. पृथ्वीराज जैन, "विजयानंद", ૯૫.

કેટલીક અંજલિઓ: "जैन संदेश", "જૈન", "ગુજરાત સમાચાર", "જિનસંદેશ", ૯૬.

**સંઘો તથા સંસ્થાઓના ઠરાવો** **૯૭-૧૨૨**

ગુજરાતની વિદ્યાસંસ્થાઓ ૯૮; ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૬મું અધિવેશન, મદ્રાસ, ડૉ. હરિવલ્લભ ભાયાણી, પ્રમુખ, સંશોધન વિભાગ, ૯૯; મુંબઈ શ્રીસંઘની શ્રદ્ધાંજલિ ૯૯; श्री भारतवर्षीय दिगम्बर जैन विद्वत्परिषद् १०१; રાજનગર શ્રીસંઘ, અમદાવાદ ૧૦૧; શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ અમદાવાદ શ્રીસંઘની સભામાં કરેલ વક્તવ્યમાંથી ૧૦૨; जैनसंघ, जैसलमेर १०२; શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર ૧૦૨; Research Institute of Prakrit, Jainology and Ahimsa, Vaishali ૧૦૩; પ્રાચ્ય વિદ્યામંદિર વડોદરા ૧૦૪; श्री जैन श्वेताम्बर महासभा उत्तर प्रदेश, हस्तिनापुर (जिला मेरठ) ૧૦૫; શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ ૧૦૬; ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ ૧૦૬; श्री आत्मानन्द जैन सभा, सामाना (पटियाला) १०६; જૈન સંઘ, પૂના ૧૦૭; श्री जैसलमेर लोद्रवपुर पार्श्वनाथ जैन श्वेताम्बर ट्रस्ट, जैसलमेर १०७; શ્રી પંજાબ જૈન ભ્રાતૃસભા, ખાર (મુંબઈ) ૧૦૮; श्री आत्मवल्लभ जैन पंजाबी संघ, आगरा १०८; Seminar in Prakrit Studies, Bombay ૧૦૮; श्री आत्मानन्द जैन सभा, दिल्ली ૧૦૯; વડોદરાનો શ્રીસંઘ તથા જૈન તેમ જ અન્ય સાર્વજનિક સંસ્થાઓ ૧૧૦; श्री आत्मानन्द जैन सभा, मालेरकोटला ११०; શ્રી જૈન સંઘ, સૂરત ૧૧૧; श्री हस्तिनापुर जैन श्वेतांबर तीर्थसमिति, दिल्ली ૧૧૧; શ્રી જૈન સંઘ, ભાવનગર ૧૧૧; जैन समाज, इन्दौर ૧૧૨; લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ ૧૧૨; લુણસાવાડા, મોટી પોળ જૈન સંઘ, અમદાવાદ ૧૧૩; श्री जैन श्वेताम्बर मूर्तिपूजक संघ, बडौत (मेरठ) ૧૧૪; કપડવણજ નગરપાલિકાની બોર્ડની સાધારણ સામાન્ય સભા, કપડવણજ ૧૧૫; પાટણના નાગરિકોની જાહેરસભા ૧૧૫; શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા, પાટણ ૧૧૬; श्री जैन श्वेताम्बर तपागच्छ संघ, जयपुर ૧૧૬; પ્રાકૃત વિદ્યા મંડળ, અમદાવાદ ૧૧૬; श्री वर्धमान युवक मण्डल, बिरलाग्राम-नागदा ૧૧૭; શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવન, અમદાવાદ ૧૧૭; श्री आत्मानन्द जैन सभा, लुधियाना ૧૧૭; શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર ૧૧૮; श्री आत्मानंद जैन सभा, नकोदर ૧૧૮; શ્રી આત્માનંદ જૈન સભા, અમૃતસર ૧૧૮; શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ, ઝગડીઆ ૧૧૯; श्री आत्मानंद जैन सभा, जण्डियाला गुरु (अमृतसर) ૧૧૯; પાલિતાણા જૈન સંઘની શ્રદ્ધાંજલિ ૧૧૯;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી રજની પારેખ આર્ટ્સ અને શ્રી કેશવલાલ બુલાખીદાસ કોમર્સ કોલેજ, ખંભાત ૧૧૯; श्रीसंघ, शिवपुरी ११९; શ્રી જૈન સોસાયટી જૈન સંઘ, અમદાવાદ ૧૨૦; श्री आत्मानंद जैन सभा, होशियारपुर १२०; શ્રી જૈન પ્રગતિ મંડળ, પાલીતાણા ૧૨૧; નવગુજરાત કોલેજ-પરિવાર, અમદાવાદ ૧૨૧; શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર બોઘા (અમદાવાદ) ૧૨૧; Prakrit Text Society, Ahmedabad ૧૨૨; શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર, પાલીતાણા ૧૨૨; श्री आत्मानंद जैन हायर सैकण्डरी स्कूल, लुधियाना १२२; જૈન સંઘ, અંધેરી (મુંબઈ) ૧૨૨; જૈન સંઘ, ગોરેગાંવ (મુંબઈ) ૧૨૨.

**સંસ્થાઓ, સંઘો તથા વ્યક્તિઓના કાગળો અને તારોમાંથી** ૧૨૩–૧૪૬

American Oriental Society ૧૨૪; Oriental Institute, Baroda ૧૨૪; Shri Sohanlal Jaindharma Pracharak Samiti, Amritsar ૧૨૪; The Stock Exchange, Ahmedabad ૧૨૪.

**સંસ્થાઓ તથા સંઘોના પત્રોમાંથી—**

राजस्थान प्राच्यविद्या प्रतिष्ठान, जोधपुर ૧૨૫; શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર ૧૨૫; श्रीसंघ तथा श्री आत्मानंद जैन सभा, सामाना १२५; श्री आत्मावल्लभ जैन पंजाबी संघ, आगरा १२५; શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર ૧૨૬; શ્રી દેસાઈ પોળ જૈન પેઢી, સૂરત ૧૨૬; श्रीसंघ (श्री आत्मानंद जैन महासभा), चण्डीगढ १२६; શ્રીસંઘ, રાંદેર ૧૨૬; श्री आत्मानंद जैन महासभा, पंजाब, अम्बाला शहर १२६; શ્રી સિદ્ધક્ષેત્ર જૈન મોટી ટોળી, પાલીતાણા ૧૨૭; શ્રી જૈન મૂર્તિપૂજક સંઘ, ધંધુકા ૧૨૭; श्री जैन श्वेतांबर मूर्तिपूजक संघ, अंबाला शहर १२७; શેઠ શાન્તિલાલ વર્ધમાનની પેઢી, પાલેજ ૧૨૭; श्री आत्मानंद जैन सभा, रोपड १२७; શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ, ઝઘડિયા ૧૨૮; श्री आत्मानंद जैन हाईस्कूल, अंबाला सिटी १२८; શ્રી ભરુચ જૈનધર્મ ફંડ પેઢી, ભરૂચ. ૧૨૮; श्री आत्मवल्लभ प्रेमभवन प्रबन्धक कमेटी, दिल्ली १२८; श्री आत्मानंद जैन हायर सेकण्डरी स्कूल, लुधियाना १२८; શ્રી તપગચ્છ જૈન સંઘ, બીકાનેર ૧૨૯; श्री जैसलमेर लौद्रवपुर पार्श्वनाथ जैन श्वेतांबर ट्रस्ट, जैसलमेर १२९; શ્રી ઊંઝા જૈન સંઘ, ઊંઝા ૧૨૯.

**તાર-સંદેશા :** Dr. Vaidya, Bhandarkar Institute, Poona ૧૨૯; Jain Sangh, Ahmedabad ૧૨૯; Jain Sangh, Kapadwanj ૧૨૯; Jain Sangh, Atmanand Jain Upashraya, Mahavir Jain Vidyalaya, Baroda ૧૩૦; Dr. Mahasukhlal Mehta and Jain Sangh, Junagadh ૧૩૦; Atmanand Jain Sabha, Delhi ૧૩૦; Jain Sangh, Limbdi ૧૩૦; Jain Samaj, Dr. Vallabhdas, Morvi ૧૩૦; Atmanand Jain Sabha, Amritsar ૧૩૦; Shri Chandra Prabhu old temple, Mysore ૧૩૦. **તારોની યાદી** ૧૩૧.

**પૂજ્ય શ્રમણસમુદાયના પત્રોમાંથી**—પૂ. આ. મ. શ્રી માણેકસાગરસૂરિજી મહારાજ ૧૩૧; પૂ. આ. મ. શ્રી વિજયપ્રતાપસૂરિજી મ., પૂ. આ. મ. શ્રી વિજયધર્મસૂરિજી મ. તથા પૂ. મુ. શ્રી યશોવિજયજી મહારાજ ૧૩૧; પૂ. આ. મ. શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ ૧૩૨; પૂ. આ. મ. શ્રી હેમસાગરસૂરિજી મહારાજ ૧૩૨; પૂ. આ. મ. શ્રી વિજયઉદયરત્નસૂરિજી મહારાજ ૧૩૩; પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ ૧૩૩; પૂ. મુ. શ્રી જંબૂવિજયજી મહારાજ ૧૩૩; પૂ. ઉ. શ્રી સુરેન્દ્રવિજયજી મહારાજ ૧૩૪; પૂ. મુ. શ્રી અભયસાગરજી મહારાજ, ૧૩૪; पू. मु. श्री नेमिचन्द्रजी १३४; પૂ. પં. શ્રી નેમવિજયજી ગણિ તથા પૂ. પં. શ્રી ચંદનવિજયજી ગણિ ૧૩૪; पू. मूनि श्री पद्मसागरजी म. ૧૩૫; પૂ. પં. શ્રી પ્રભાવવિજયજી મ. ૧૩૫; पू. मूनि श्री पद्मशेखरविजयजी तथा वर्धमान विजयजी म. १३५.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પૂજ્ય સાધ્વીસમુદાયના પત્રોમાંથી**—પૂ. સા. શ્રી કુસુમશ્રીજી, ૐકારશ્રીજી, પ્રબોધશ્રીજી, કનકપ્રભાશ્રીજી, દિવ્યપ્રભાશ્રીજી આદિ ૧૩૫; પૂ. સા. શ્રી તિલકશ્રીજી, વિદ્યાશ્રીજી, વિનયશ્રીજી, સુધર્માશ્રીજી, પ્રવીણશ્રીજી, પ્રકાશશ્રીજી આદિ ૧૩૬; પૂ. સા. શ્રી વિચક્ષણશ્રીજી તથા સદ્‌ગુણાશ્રીજી ૧૩૬; પૂ. સા. શ્રી સુભદ્રાશ્રીજી તથા નંદાશ્રીજી ૧૩૬; પૂ. સા. શ્રી ચરણશ્રીજી તથા અનંતશ્રીજી ૧૩૬; પૂ. સા. શ્રી રાજેન્દ્રશ્રીજી, ચંદ્રોદયશ્રીજી, હિતજ્ઞાશ્રીજી, નયપ્રજ્ઞાશ્રીજી આદિ ૧૩૬; પૂ. સા. શ્રી જયશ્રીજી, યશઃપ્રભાશ્રીજી, નિર્મળા-શ્રીજી આદિ ૧૩૬; પૂ. સા. શ્રી વલ્લભશ્રીજી, વિમળશ્રીજી, જ્ઞાનશ્રીજી આદિ ૧૩૬; પૂ. સા. શ્રી સમતાશ્રીજી તથા દર્શનશ્રીજી ૧૩૬.

**શ્રમણસમુદાયના તારસંદેશા** — Vijayanandansuri, Yashobhadrasuri ૧૩૧; Samudrasuri ૧૩૭; Ghasilalji Maharaj ૧૩૭; मुनि धुरंधरविजयजी १३७.

તારોની યાદી ૧૩૭; સાધ્વીજીઓના તાર ૧૩૭.

**વિદ્વાનો તથા ગૃહસ્થોના પત્રોમાંથી—**

Dy. H. L. Jain ૧૩૮; श्री केदारनाथजी (नाथजी) १३८; શ્રી બાપાલાલ ગ. વૈદ્ય : ૧૩૮; Prof. Dr. L. Alsdorf ૧૩૮; શ્રી રવિશંકર મ. રાવળ ૧૩૯; પ્રો. અમૃત વસંત પંડ્યા ૧૩૯; ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા ૧૩૯; Professor Ernest Bender ૧૩૯; ડૉ. ચંદ્રભાલ ત્રિપાઠી ૧૩૯; શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ ૧૩૯; Dr. A. N. Upadhye ૧૪૦; શ્રી ફૂલચંદભાઈ શ્યામજી ૧૪૧; Dr. W. B. Bollee : ૧૩૯; डॉ. जगदीशचन्द्रजी जैन १४१; Prof. Dr. Kl. Bruhn ૧૪૧; શ્રી વાડીલાલ મગનલાલ વૈદ્ય ૧૪૧; श्री माणेकचन्दजी बेताला ૧૪૨; શ્રી ઉમેદમલજી હજારીમલજી ૧૪૨; श्री गुलजारीमल सुदर्शनकुमार जैन ૧૪૨; પંડિત શ્રી ભગવાનદાસજી જૈન ૧૪૨; શ્રી પોપટલાલ ભીખાચંદ ૧૪૨; શ્રી પં. લાલચંદ ભગવાન ગાંધી ૧૪૨; શ્રી શિવલાલ નેમચંદ શાહ પંડિત ૧૪૩; श्री लाला सुन्दरलालजी ૧૪૩; શ્રીમતીબહેન ટાગોર ૧૪૩; प्रो. पृथ्वीराजजी जैन ૧૪૩; શ્રી ફૂલચંદ હરિચંદ દોશી ૧૪૩; રતિલાલ દીપચંદ દેસાઈ ૧૪૪; શ્રી મણિલાલ નરસીદાસ દોશી ૧૪૪; શ્રી શામજીભાઈ ભાલચંદ માસ્તર ૧૪૪; ડૉ. સરસ્વતી સુ. શેઠ ૧૪૪; ડૉ. મહાસુખલાલ વી. મહેતા ૧૪૪; શ્રી રસિકલાલ હીરાલાલ ભોજક ૧૪૫; શ્રી મોતીલાલ વીરચંદ શાહ ૧૪૫; શ્રી ગુલાબચંદ દેવચંદ શેઠ ૧૪૫; શ્રી ભુરાભાઈ ફૂલચંદ ૧૪૫; શ્રી જયંતીલાલ મોહનલાલ શાહ ૧૪૫; श्री लाला निरंजनलाल जैन तथा महिमावंती जैन ૧૪૫; ડૉ. ભાઈલાલ એમ. બાવીશી ૧૪૫; શ્રી સિરાજ ઈબરાહીમ બીવીજી ૧૪૫. **પત્રોની યાદી** ૧૪૫.

**તારસંદેશા**—Rasiklal Chhotalal Parikh ૧૪૬. Prabodh Pandit ૧૪૬; Rajvaid Jaswant Rai Jain ૧૪૬; Jaisukhalal Raichand Kothari ૧૪૬; Manilal Doshi ૧૪૬. **તારોની યાદી** ૧૪૬.

**કેટલાક લેખો અને થોડાંક કાવ્યો** **૧૪૭–૨૦૦**

મહાન ઉપકાર—ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, ઉપપ્રમુખ, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર ૧૪૮.

પૂજ્યપાદ મહારાજશ્રી અને અમારી સભા—શ્રી ખીમચંદ ચાંપશી શાહ, પ્રમુખ, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર. ૧૪૯

सितारे भी थे, सहारे भी थे—पूज्य देवेन्द्रमुनि शास्त्री, साहित्यरत्न १५३.

સ્વનામધન્ય, સજ્જનમૂર્ધન્ય, આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી (શ્રદ્ધાંજલિ-ગીત)—પૂજ્ય મુનિ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ૧૫૪.

જીવંત સંસ્થા—પરમપૂજ્ય સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરપટ્ટધરેશ પૂજ્ય મુનિ શ્રી કીર્તિચંદ્રવિજયજી ૧૫૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ—શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ ૧૫૬.
પુણ્યમૂર્તિનાં કેટલાંક સંસ્મરણો—પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજક ૧૫૭.
आगमप्रभाकर पुण्यविजयजी (कविता)—श्रीमती कुसुम जैन १७४.
पुण्यश्लोक प्रिय पुण्यविजयजी (कविता)—प्यारेलाल मूथा १७४.
આગમ-પ્રભાકર પુણ્યવિજયજીને ત્રિપુટી અંજલિ (હાઈકુ કાવ્ય)—ડૉ. ભાઈલાલ એમ. બાવીશી ૧૭૪.
ગુરુદેવ! આશીર્વાદ આપો!—શ્રી ફૂલચંદ હરિચંદ દોશી મહુવાકર ૧૭૫.
અનન્ય વિદ્યાપ્રેમ—પ્રો. શ્રી ચિરલાલ જેસલપુરા ૧૭૬.
થોડાંક સંસ્મરણો—શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા ૧૭૭.
અમારા ગુરુદેવ—પૂજ્ય સાધ્વીજી શ્રી ૐકારશ્રીજી ૧૮૨.
વંદનાંજલિ (કાવ્ય)—ડૉ. ભાઈલાલ એમ. બાવીશી ૧૮૫.
વિદ્વદ્વલ્લભની પ્રસાદી—પ્રો. હીરાલાલ ર. કાપડિયા, એમ. એ. ૧૮૬.
અદ્‌ભુત તારી છાયા (કાવ્ય)—પૂજ્ય સાધ્વીજી શ્રી જયંતપ્રભાશ્રીજી ૧૮૮.
આગમપ્રભાકરજીને શ્રદ્ધાંજલિ (કાવ્ય)—પૂજ્ય મુનિ શ્રી નયકીર્તિવિજયજી ૧૮૯.
धन्य विभूति—पूज्य साध्वीजी श्री मृदुलताश्रीजी १९०.
આગમના ઉદ્ધારકને અંજલિ (કાવ્ય)—શ્રી જયંતીલાલ મોહનલાલ ઝવેરી ૧૯૨.
યોગીની વિદાય (કાવ્ય)—પૂજ્ય સાધ્વીજી શ્રી યશોદાશ્રીજી ૧૯૨.
'અમર' અંજલિ (કાવ્ય)—શ્રી અમરચંદ માવજી શાહ ૧૯૩.
पुण्यात्मनो विरहः—पण्डित श्री हरिशङ्कर अम्बाशंकर शास्त्री १९४.
કેવી વસમી વિદાય! : એક હૃદયસ્પર્શી પત્ર—પૂ. સાધ્વીશ્રીજી શ્રી કુસુમશ્રીજી મહારાજ, ૐકારશ્રીજી મહારાજ, યશોદાશ્રીજી મહારાજ, જયન્તપ્રભાશ્રીજી મહારાજ ૧૯૫

અંતિમ યાત્રા—શ્રી કાન્તિલાલ કાલાભાઈ કોરા ૧૯૭.

**પૂરવણી** ૨૦૧–૨૨૦

(૧) પાછળથી મળેલ સ્વર્ગવાસનોંધ વગેરે—मुनिराज श्री पुण्यविजयजीका दुःखद देहावसान, "श्रमण" ૨૦૨; પુણ્યવિજયજી મહારાજનો કાળધર્મ, "જનસત્તા" ૨૦૨; શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ ૨૦૨; શ્રી જૈન સંઘ, મહુવા ૨૦૨; રતનપોળ મહાજન, અમદાવાદ ૨૦૨.

(૨) પૂજ્યપાદ મહારાજજીની હયાતીના સમયની કેટલીક મહત્ત્વની સામગ્રી—માંડળ સંઘે કરેલ બહુમાન ૨૦૩; અડસઠમા જન્મદિન પ્રસંગે (કાવ્ય)—શ્રી પ્રો. ધીરજલાલ પરીખ ૨૦૪; મનોરથ પૂરા થાય રે (કાવ્ય)—શ્રી શાંતિલાલ શાહ ૨૦૫; અણમોલ મોતી (કાવ્ય)—પૂ. સા. શ્રી યશોદાશ્રીજી ૨૦૬; આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મ. નું સન્માન, "જૈન પ્રકાશ" ૨૦૬; मुनि श्री पुण्यविजयजी से मिलन—पू. मु. श्री दुलहराजजी, "जैन भारती" ૨૦૭; મારું મન મોહ્યું (કાવ્ય)—કુ. પન્નાબહેન શાહ ૨૦૯; गुजरातके मूक साहित्यसेवी : मुनि पुण्यविजयजी—डॉ. जगदीशचन्द्र जैन "नवभारत टाइम्स" ૨૧૦; દીર્ઘાયુ દેજો! (કાવ્ય)—પૂ. સા. શ્રી ૐકારશ્રીજી ૨૧૩; અમેરિકન ઓ. સોસાયટીના સભ્યપદનો હસ્તાવેજી પત્ર ૨૧૪.

(૩) "જ્ઞાનાંજલિ"માં નહીં અપાયેલાં લખાણો—એક પુસ્તિકા ૨૧૫; મહાવીરવાણીનું નિવેદન ૨૧૫; શ્રી જૈન આત્માનંદ સભાના મણિમહોત્સવમાં કરેલ પ્રવચન ૨૧૬; એક વિચારપ્રેરક પ્રવચન ૨૧૬.


**પૂજ્ય પુણ્યવિજયજી મહારાજની વાણી**

સાધનાનું અંતિમ ધ્યેય ૪૪; જૈનધર્મનાં બે ચિરંજીવ તત્ત્વો ૨૧૯; ઐતિહાસિક યુગ ૨૨૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# મુનિ શ્રી પુણ્યવિજયજી
# શ્રદ્ધાંજલિ - વિશેષાંક



वंदिज्जमाणा न समुक्कसंति, हीलिज्जमाणा न समुज्जलंति ।
दंतेण चित्तेण चरंति लोए, मुणी समुग्घाइयरागदोसा ॥

आवश्यकनिर्युक्ति

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ॥ पुण्योदयप्रशस्तिः ॥

पुण्यमूर्तिः पुण्यचेताः पुण्यधीः पुण्यवाङ्मनाः ।
पुण्यकर्मा पुण्यशर्मा श्रीपुण्यविजयो मुनिः ॥१॥
निसर्गवत्सलो धीरो विशालहृदयस्तथा ।
परोपकारप्रवणो नम्रसौम्यस्वभावभाक् ॥२॥
उदात्तचिन्तनो दीप्रप्रज्ञो वाचंयमस्तथा ।
निर्भीकः सत्यसामर्थ्यप्रभाप्रसृमरोदयः ॥३॥
जैन-वैदिक-बौद्धानां शास्त्रेषु सुविशारदः ।
सम्माननीयो विदुषां विद्यासंस्थेव जङ्गमा ॥४॥
यदीयो व्यवसायश्च मुख्यरूपेण वर्तते ।
श्रेष्ठपद्धतितः प्राच्यशास्त्राणां परिशोधनम् ॥५॥
बहुप्राचीनशास्त्राढ्यभाण्डागारावलोकनम् ।
कृत्वा श्रमेण योऽकार्षीत् तेषामुद्धारमुत्तमम् ॥६॥
महामेधाविना येन प्राचीना बहुगौरवाः ।
ग्रन्थाः सम्पादिताः सन्ति विद्वदानन्दकारिणः ॥७॥
विद्यासङ्गपरायणो मुनिपदालङ्कारभूतक्रियः
श्रेष्ठाचारविचारपूतविकसद्वैदुष्यनिष्पादितम् ।
भव्यश्लोकमनल्पधाममहिमा बिभ्रन्महासात्त्विको
जीयाद् विश्वजनाय पुण्यविजयः पुण्यप्रकाशं दिशन् ॥८॥

## ॥ पुण्यस्तवः ॥

अजातशत्रवे विश्वमित्राय स्नेहमूर्तये ।
सर्वेषां च हितं कर्तुं तत्पराय निसर्गतः ॥१॥
महाविपश्चिते प्राच्यशास्त्रशोध-प्रकाशने ।
समर्पितस्वनिःशेषजीवनस्थामसम्पदे ॥२॥
चारित्रोद्योतदीप्राय निःस्पृहायाभयाय च ।
श्रीपुण्यविजयायास्तु नमः पुण्यविभूतये ॥३॥

माण्डल (वीरमगाम) मुनिन्यायविजयः
वि. सं. २०२४, भाद्रपद-अमावास्या । (न्यायविशारदः, न्यायतीर्थः)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનજ્યોતિની જીવનરેખા

લેખક : રતિલાલ દીપચંદ દેસાઈ

"આ આગમો તૈયાર કરીએ છીએ, એ વિદ્વાનો તપાસે; તપાસીને સ્ખલના હોય તેમ જ સંપાદન-પદ્ધતિમાં દોષ હોય, તો તેનું ભાન કરાવશે તો અમે રાજી થઈશું. સ્તુતિ કરનારા તો ઘણા મળે છે, પરંતુ ત્રુટિઓ દેખાડે એવા વિદ્વાનો ઘણા ઓછા મળે છે. હું ઇચ્છું છું કે તેઓ ત્રુટિઓ બતાવે. અમે એ વસ્તુ લક્ષમાં લઈ તેનો ભવિષ્યે અમારાં સંપાદનોમાં ઉપયોગ કરશું."

(જ્ઞાનાંજલિ, પૃષ્ઠ ૨૯૧)

આ ઉદ્‌ગારો સ્વર્ગસ્થ પરમપૂજ્ય આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજના છે. મહારાજશ્રીની પ્રેરણાથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આપણાં બધાં પવિત્ર મૂળ આગમસૂત્રો પ્રકાશિત કરવા માટે "जैन-आगम-ग्रन्थमाला" શરૂ કરી છે. આ ગ્રંથમાળાના પ્રથમ ગ્રંથ "नंदिसुत्तं अणुओगद्दाराइं च"નો પ્રકાશન-સમારોહ, વિદ્યાલયના સુવર્ણ મહોત્સવની ઉજવણી પ્રસંગે, શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપદે, અમદાવાદમાં, તા. ૨૬-૨-૧૯૬૮ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રવચન કરતાં મહારાજશ્રીએ આ ઉદ્‌ગારો વ્યક્ત કર્યા હતા.

આ ઉદ્‌ગારો ઉત્કટ સત્યનિષ્ઠા, સત્યને સમજવા અને સ્વીકારવાની ઝંખના, સરળતા, સહૃદયતા અને વિનમ્રતાથી પવિત્ર બનેલ અંતઃકરણની આરસી બની રહે એવા વિમળ અને વિરલ છે; અને એ એના ઉદ્‌ગાતાની મહત્તા અને મહાનુભાવતાની સાક્ષી પૂરે છે. મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજનું જ્ઞાન કેવું જીવનસ્પર્શી હતું અને જીવન કેવું જ્ઞાનમય અને સત્યલક્ષી હતું, તે આ ઉપરથી પણ સમજી શકાય છે. જે ધર્મનાયક પોતાના કાર્યની કદર કરવાની નહીં પણ પોતાના કામમાં રહેલ ખામીઓ જણાવવાની, સામે ચાલીને, માગણી કરે એમને મન ધર્મનિષ્ઠા અને સત્યનિષ્ઠાનું મૂલ્ય કેટલું ઊંચું હશે! અને એ એમના જીવનમાં કેવી એકરૂપ બની ગયેલ હશે!

આનો ભાવ એ છે કે અંતરમાં સત્યની ચાહના જાગે તો જીવન-વિકાસનું પહેલું પગથિયું સાંપડે. સાચું વિચારવું, સાચું બોલવું અને સાચું આચરવું એ જ ધર્મનો માર્ગ અને એ માર્ગે ચાલવું એ જ માનવ-જીવનનો મહિમા. સત્યને માર્ગે ચાલવા માટે જે છળપ્રપંચ, દંભ અને અહંકારથી અળગો રહે અને સરળતા, નિખાલસતા અને નમ્રતાને અપનાવે, એ સાચી ધાર્મિકતાના અમૃતનું પાન કરીને જીવનને અમૃતમય બનાવી શકે અને અહિંસા તથા કરુણાની ભાવનાથી સભર એવી સમતાને માર્ગે વિશ્વના સમસ્ત જીવો સાથે મૈત્રીનો પવિત્ર નાતો કેળવી શકે. પણ આ માટે સૌથી પહેલાં નિર્દંભવૃત્તિ કેળવીને જીવનને સત્યગામી બનાવવું ઘટે. તેથી જ કવિવર શ્રી ઉદયરત્નજીએ કહ્યું છે કે—

સમકિતનું મૂળ જાણીએ જી, સત્ય વચન સાક્ષાત;
સાચામાં સમકિત વસે જી, માયામાં મિથ્યાત્વ રે,
પ્રાણી ! મ કરીશ માયા લગાર.

પોતાની જાતનું અને વિશ્વનું સત્યદર્શન પામવાનો મુખ્ય ઉપાય છે નિષ્ઠાભરી, નિઃસ્વાર્થ, નિર્દંભ અને નિર્મળ જ્ઞાનસાધના. એટલે જીવનસાધનાના ધ્યેયને વરેલ સાધકના જીવનમાં કોઈક ભૂમિકા એવી પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી પહોંચે છે કે જ્યારે સત્યસાધના અને જ્ઞાનસાધના એકરૂપ બની જઈને સાધકને અવૈર, અદ્વેષ, અભય, અહિંસા અને કરૂણા જેવા દૈવી ગુણોથી સમૃદ્ધ બનાવી દે છે.

પૂજ્ય આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજની ઉત્કટ જ્ઞાનસાધના અને સૌમ્ય સત્યસાધના આવી જ જીવનસ્પર્શી અને ઊર્ધ્વગામી જીવનનો એક ઉત્તમ આદર્શ બની રહે એવી હતી. અને તેથી જ એમનો વૈરાગ્ય શુષ્ક કે ઉદાસ નહીં પણ પ્રસન્નતાથી સભર અને 'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યો રે' એ યોગીરાજ આનંદઘનની ઉક્તિની યથાર્થતા સમજાવે એવો હતો. એમ કહેવું જોઈએ કે તેઓ નિર્ભેળ અને સત્યગામી જ્ઞાનસાધના દ્વારા સદા પ્રસન્નતાપૂર્વક પરમાત્મદેવનું અને આત્મદેવનું અભ્યંતર પૂજન કરીને પોતાના જીવનને સચ્ચિદાનંદમય બનાવી શક્યા હતા.

તીર્થંકરોએ ધર્મતીર્થની સ્થાપના કરીને જૈન સંસ્કૃતિના વિશ્વમૈત્રીનો પયગામ ગુંજતો કર્યો પૂર્વ ભારતની પુણ્ય ભૂમિમાંથી; પણ, સમયના વહેણ સાથે, એ સંસ્કૃતિના વહેણે પણ પોતાનો માર્ગ બદલ્યો અને એ સંસ્કૃતિની ગંગા પૂર્વ તરફથી પશ્ચિમ તરફ વહેવા લાગી. ગુર્જરભૂમિને ભગવાન અરિષ્ટનેમિ દ્વારા કરુણા અને વૈરાગ્યની ભાવનાનો વારસો મળેલો જ હતો. એટલે ગુજરાતની ધરતીને પૂર્વ ભારતની મૈત્રી અને અવૈરની સંસ્કૃતિ ખૂબ રુચી ગઈ; એ સંસ્કૃતિને પણ પશ્ચિમ ભારતનો પ્રદેશ બહુ અનુકૂળ આવી ગયો. વળી, એ સંસ્કૃતિની ભાવનાને લોકજીવનમાં વહેતી રાખનારા અનેક જીવનસાધક સંતો અને જ્યોતિર્ધરો સમયે સમયે ગુજરાતની ધરતીમાં નીપજતા રહ્યા અને ધાર્મિકતા અને સંસ્કારિતાની સરિતાને સદા વહેતી રાખતા રહ્યા. તેથી જ ગુજરાતની જનતા અહિંસા અને કરુણાની ભાવનાને આજે પણ પોતાના જીવનમાં વિશેષ પ્રમાણમાં અપનાવી શકે છે.

મુનિરત્ન શ્રી પુણ્યવિજયજી ગુજરાતના આવા જ એક પ્રભાવક ધર્મપુરુષ હતા, અને તેઓનું જ્ઞાનોદ્ધારનું અપૂર્વ કાર્ય ધર્મસંસ્કૃતિના શાસ્ત્રવારસાને સુરક્ષિત અને ચિરંજીવ બનાવવાના શકવર્તી કાર્ય તરીકે સદા સ્મરણીય બની રહે એવું હતું.

## વતન, માતા-પિતા અને દીક્ષા

મહારાજશ્રીનું વતન ગુજરાતનું કપડવંજ શહેર. કપડવંજ ધર્મશ્રદ્ધાના રંગે રંગાયેલું શહેર છે; ત્યાગ, વૈરાગ્ય અને સંયમની અભિરુચિ એના કણકણમાં પ્રસરેલી છે. ત્યાંનાં સંખ્યાબંધ ધર્માનુરાગી ભાઈઓ અને બહેનોએ દીક્ષા ગ્રહણ કરીને આત્મસાધનાનો માર્ગ અપનાવ્યો છે; ત્યાં એકાદ જૈન ઘર પણ એવું ભાગ્યે જ હશે કે જ્યાંથી કોઈ ને કોઈ વ્યક્તિ ત્યાગમાર્ગની પુણ્ય યાત્રિક ન બની હોય. કેટલાક દાખલા તો એવા પણ છે કે જ્યારે એક કુટુંબના બધા સભ્યોએ, વૈરાગ્ય ભાવનાથી પ્રેરાઈને, સંયમનો સ્વીકાર કર્યો હોય! વળી, શાસ્ત્રોદ્ધારના કાર્યમાં પણ કપડવંજનું અર્પણ વિશિષ્ટ હોય એમ લાગે છે. ભૂતકાળમાં આપણાં પવિત્ર આગમસૂત્રોમાંનાં નવ અંગસૂત્રો ઉપર વિશદ ટીકા રચનાર આચાર્યપ્રવર શ્રી અભયદેવસૂરિજીની એ નિર્વાણભૂમિ છે. એમની પવિત્ર સ્મૃતિમાં એમના નામનું એક જ્ઞાનમંદિર પણ થોડાં વર્ષો પહેલાં ત્યાં સ્થાપવામાં આવ્યું છે. વર્તમાન સમયનો વિચાર કરીએ તો, આગમગ્રંથોનો ઉદ્ધાર કરનાર બે સમર્થ આગમધર મહાપુરુષોની જન્મભૂમિ બનવાનું ગૌરવ પણ કપડવંજને જ પ્રાપ્ત થયું છે. આ બે આગમધર ધર્મપુરુષો તે પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી મહારાજ, અને પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુતશીલવારિધિ મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ.

મહારાજશ્રીના પિતાશ્રીનું નામ ડાહ્યાભાઈ દોશી. એમનાં માતુશ્રીનું નામ માણેકબહેન. બંનેને ધર્મ ઉપર ખૂબ આસ્થા. તેમાંય માણેકબહેનને તો ધર્મ તરફ વિશેષ અનુરાગ. વળી, આજથી પોણોસો વર્ષ પહેલાંના સમયમાં આપણા દેશમાં કન્યા-કેળવણીનું પ્રમાણ નહીં જેવું હતું ત્યારે પણ, માણેકબહેને ગુજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાતી જ ધોરણનો અને પાંચ પ્રતિક્રમણ, જીવવિચાર, નવ તત્ત્વ વગેરેનો અભ્યાસ કર્યો હતો. મહારાજશ્રીનો જન્મ વિ. સં. ૧૯૫૨ના કારતક સુદિ પાંચમ (જ્ઞાનપંચમી કે લાભપાંચમ)ના પર્વદિવસે થયેલો. તેઓનું નામ મણિલાલ. માણેકબહેનને પાંચ સંતાન થયેલાં. એમાં આ એક સંતાન જ ઊછરેલ—અને તે પણ જાણે કાળના મોંમાં કોળિયો થતાં બચી ગયું હોય એ રીતે!

કુટુંબની સ્થિતિ સામાન્ય, એટલે ડાહ્યાભાઈ મુંબઈમાં રહેતા હતા, અને એકલા માણેકબહેન વતનમાં રહીને પોતાના સંતાનને ઉછેરતાં હતાં. મણિલાલ હજુ ચાર-ચાર મહિનાના જ થયા હતા અને ઘોડિયે ઝૂલતા હતા, એ વખતે એક દિવસ એમને ઘરમાં મૂકીને માણેકબહેન નદીએ કપડાં ધોવા ગયેલાં. પાછળ મહોલ્લામાં એકાએક મોટી આગ લાગી અને એમાં માણેકબહેનનું ઘર પણ ઝડપાઈ ગયું. આગ લાગ્યાની બુમરાણ સાંભળીને એક વહોરા ગૃહસ્થ પણ ત્યાં દોડી આવ્યા. એમણે એક મકાનમાં કોઈ બાળકના રડવાનો અવાજ સાંભળ્યો અને, માનવતાની ભાવનાથી પ્રેરાઈને ઘરમાં દોડી જઈને, એ ભલા સદ્‌ગૃહસ્થ એ બાળકને લઈને પોતાને ઘેર મૂકી આવ્યા. આ બાજુ નદીકિનારે માણેકબહેનને આગની ખબર પડી; એ તો હાંફળાંફાંફળાં ઘરે પહોંચ્યાં. જોયું તો ઘર આગમાં સ્વાહા થઈ ગયેલું! એમને થયું કે ઘરના એકના એક વંશવેલાને પણ આગે ભરખી લીધો! એમના દુઃખનો પાર ન રહ્યો. પેલા વહોરા ગૃહસ્થ માનતા હતા કે હમણાં આ બાળકનાં મા-બાપ આવીને એને લઈ જશે; પણ સાંજ સુધી કોઈ ન આવ્યું! એ વહોરા ગૃહસ્થ નેકદિલ ઇન્સાન હતા, અને એમને એ ખ્યાલ હતો કે આ બાળક કોઈક હિંદુનું સંતાન છે, એટલે એમણે એ બાળકને હિંદુના ઘરનું પાણી મંગાવીને પાયું અને બકરીનું દૂધ પિવરાવ્યું. રાત થઈ તોપણ એ બાળકને લઈ જવા માટે કોઈ ન આવ્યું એટલે બીજે દિવસે સવારે એમણે ફેરફેર ફરીને તપાસ કરી. આખરે માણેકબહેનને પોતાનો દીકરો સાજોસારો મળી ગયો! એમના આનંદનો પાર ન રહ્યો! મણિલાલને જાણે તે દિવસથી રામનાં રખવાળાં મળ્યાં! ડાહ્યાભાઈને આ વાતની ખબર પડી, એટલે તેઓ કપડવંજ આવીને પોતાનાં પત્ની અને પુત્રને મુંબઈ તેડી ગયા. મુંબઈમાં રહી મણિલાલે પ્રાથમિક શિક્ષણ લીધું.

પણ માતા અને પુત્રનો ભાગ્યયોગ કંઈક વિલક્ષણ હતો. અને એમાં કુદરતનો કોઈ અકળ સંકેત છુપાયેલ હતો. ૨૭ વર્ષની નાની ઉંમરે માણેકબહેન વિધવા થયાં! ઉપર આભ અને નીચે ધરતી જેવી એકલતા અને નિરાધારી તેઓ અનુભવી રહ્યાં. ચિંતામાં જાણે સૂનકાર છવાઈ ગયો. પણ એમણે આખી જિંદગી ધર્મનું પાલન કરવામાં અને ધર્મની વાણી સાંભળવામાં ગાળેલી, એટલે આવા કપરા સંકટ વખતે ધર્મ જ સાચો સહારો આપી રહ્યો. માણેકબહેનને સંસાર સાર વગરનો લાગ્યો. અંતર વૈરાગ્યને ઝંખી રહ્યું અને એ અસાર સંસારનો ત્યાગ કરવા તૈયાર થયાં. પણ વચમાં એક અવરોધ હતો: ચૌદ વર્ષના મણિલાલનું શું કરવું? એને કોને ભરોસે સોંપવો? મણિલાલ પણ કંઈ પાછો પડે એવો ન હતો. એણે મન સાથે નક્કી કર્યું હતું: મા કરે તેમ કરવું. માને પણ થયું: હું સંસારનો ત્યાગ કરું તો મારા પુત્રને સંસારમાં શા માટે રાખું? છેવટે બન્નેએ દીક્ષા લેવાનું નક્કી કર્યું. વિ. સં. ૧૯૬૫ના માહ વદિ પાંચમના દિવસે મણિલાલે, વડોદરા પાસે છાણી ગામમાં, મુનિવર્ય શ્રી ચતુરવિજયજીના શિષ્ય તરીકે, દીક્ષા લીધી; નામ પુણ્યવિજયજી રાખવામાં આવ્યું.

મણિલાલની દીક્ષા પછી બે દિવસે જ માણેકબહેને શ્રી મોહનલાલજી મહારાજના સમુદાયમાં પાલી-તાણામાં દીક્ષા લીધી. એમનું નામ સાધ્વીજી શ્રી રત્નશ્રીજી. રત્નશ્રીજી સંયમનું પાલન કરવામાં સદા જાગ્રત રહેતાં. પાછલી અવસ્થામાં એમની આંખોનાં તેજ અંદર ઊતરી ગયાં હતાં, છતાં ધર્મની જાગૃતિ એવી જ હતી. એક વાર તેઓ સખત બીમાર થઈ ગયાં. ડૉક્ટરે કહ્યું કે આવી બીમારીનો સરખી રીતે ઇલાજ કરવા માટે સાધ્વીજીને હૉસ્પિટલમાં દાખલ કરવાં જોઈએ. આ સાંભળીને રત્નશ્રીજીનું અંતર વલોવાઈ રહ્યું; એમને થયું: ક્યા લાભ માટે હૉસ્પિટલમાં જઈને છ કાયની વિરાધના કરીને સંયમની વિરાધના કરવી?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ તો કોઈ પણ રીતે હૉસ્પિતાલમાં ન જવું પડે એ જ ઝંખી રહ્યાં. દાક્તરને પણ એમની આ ઝંખનાની ખબર પડી બીજે દિવસે દાક્તર આવ્યા; તબિયત કંઈક ઠીક લાગી. એમણે કહ્યું : મહારાજ! આપને હૉસ્પિતાલમાં નહીં લઈ જઈએ. દાક્તરની વાત સાંભળીને સાધ્વીજીના મુખ ઉપર અનહદ આનંદ અને આંતરિક સંતોષની કોઈ દિવ્ય રેખાઓ વિલસી રહી. એમને જીવનની ન કોઈ આકાંક્ષા હતી કે ન મરણનો કોઈ ભય હતો, દેહદુઃખથી છૂટકો મેળવવા ન જરાય મરણની ઝંખના હતી; અને મરણનો ભય તો એમને લેશ પણ હતો જ નહીં. એમને એકમાત્ર ચિંતા કે ઝંખના એટલી જ હતી કે કોઈ પણ રીતે સંયમની વિરાધના થતી અટકે. વિ. સં. ૨૦૨૨માં, અમદાવાદમાં, તેઓ સ્વર્ગવાસી થયાં!

## દાદાગુરુ, ગુરુ અને વિદ્યાભ્યાસ

મુનિ શ્રી પુણ્યવિજયજીના દાદાગુરુ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ એક આદર્શ શ્રમણ હતા. અહિંસા, સંયમ અને તપનું અમૃત એમના રોમરોમમાં વ્યાપેલું હતું. તેઓ સમતાના સરોવર, ગુણના ભંડાર અને શાંત પ્રતાપી મહાપુરુષ હતા. સ્ફટિક સમું નિર્મળ એમનું જીવન હતું. સંતજીવનને શોભતી ઉદારતા એમણે એવી કેળવી જાણી હતી કે એમને મન આ મારો અને આ પરાયો એવો કોઈ ભેદ ન હતો : જૈન-જૈનેતર સૌને તેઓ વાત્સલ્યપૂર્વક આવકારતા અને ધર્મસાધનામાં કે જ્ઞાનોપાર્જનમાં જોઈતી સહાય આપતા. પ્રમાદ તો એમને સ્પર્શતો જ નહીં. અને કોઈનો તિરસ્કાર કરવો, કોઈના ઉપર રોષ કરવો કે મન-વચન-કાયાના વલણમાં વિસંવાદ રાખીને છળ, પ્રપંચ કે દંભને આશ્રય આપવો, એ તો એમના સ્વભાવમાં જ ન હતું. એમનું જીવન જીવતા અનેકાંતવાદ જેવું ગુણગ્રાહી અને સત્યગ્રાહક હતું.

જેવા ઉદાર મહારાજશ્રીના દાદાગુરુ હતા, એવા જ ઉદાર તેઓના ગુરુ શ્રી ચતુરવિજયજી મહારાજ હતા. વળી, તેઓ જેવા ઉદાર હતા એવા જ વ્યવહારદક્ષ, કાર્યનિષ્ઠ અને સતત સાહિત્યસેવી વિદ્વાન હતા. દાદાગુરુ તથા ગુરુ બંને જ્ઞાનોપાસના અને જ્ઞાનોદ્ધારના પવિત્ર ધ્યેયને વરેલા હતા. જ્ઞાન વગર ન સંયમનો સાચો માર્ગ લાધે, ન સંયમની નિર્મળ આરાધના થઈ શકે, ન સંઘનો અભ્યુદય થઈ શકે કે ન ધર્મની પ્રભાવના થઈ શકે; અને તીર્થંકર ભગવાનના અભાવમાં એમની વાણી જ સંઘનું પરમ આલંબન બની શકે : આ પરમ સત્ય તેઓના અંતરમાં બરાબર વસી ગયું હતું. એમના પગલે પગલે શ્રી પુણ્યવિજયજી મહારાજનું જીવનકાર્ય પણ જ્ઞાનોદ્ધાર બની ગયું. અને આ રીતે પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, મુનિવર્ય શ્રી ચતુરવિજયજી મહારાજ અને મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ—દાદાગુરુ, ગુરુ અને શિષ્ય—ની ત્રિપુટીએ, છેલ્લાં સાઠ-સિત્તેર વર્ષ દરમ્યાન, જ્ઞાનોદ્ધારની એક એકથી ચડિયાતી જે પ્રવૃત્તિ કરી બતાવી તે માટે કેવળ જૈન સંઘ જ નહીં પણ જૈન વિદ્યા અને ભારતીય વિદ્યાના દેશ-વિદેશના અભ્યાસીઓ અને વિદ્વાનો પણ સદા માટે એમના ઓશિંગણ રહેશે.

પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજની જેમ શાંતમૂર્તિ મુનિપ્રવર શ્રી હંસવિજયજી મહારાજ પણ વડોદરાના જ વતની હતા. એમનું નામ છોટાલાલ હતું. છોટાલાલના અંતરમાં નાની ઉંમરથી જ વૈરાગ્યની ભાવના રમતી હતી. પરિણામે સંસારનો ત્યાગ કરવાની ભાવનાથી પ્રેરાઈને તેઓ ૨૧મે વર્ષે પોતાના મિત્ર છગનલાલ સાથે પંજાબ પહોંચી ગયા. બન્ને મિત્રોએ વિ. સં. ૧૯૩૫ના માહ વદિ અગિયારશે પૂ. આત્મારામજી મહારાજ પાસે દીક્ષા લીધી. એમનું નામ મુનિ હંસવિજયજી રાખીને એમને મુનિ શ્રી લક્ષ્મીવિજયજીના શિષ્ય બનાવવામાં આવ્યા. એમના મિત્ર છગનલાલ એ જ પૂ. પુણ્યવિજયજી મહારાજના દાદાગુરુ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ. શ્રી હંસવિજયજી મહારાજ શાણા, ઠરેલ અને ગમે તેવાના અંતરને વશ કરી લે એવા શાંતિના સરોવર જેવા સંત હતા. એમની વાણીમાં પવિત્રતા અને આત્મીયતાની સરવાણી વહેતી. પોતાના સંયમની આરાધનામાં તેઓ સદા જાગ્રત રહેતા. અનેક પ્રદેશોમાં વિચરી, અનેક આત્માઓને બોધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પમાડી, અનેક તીર્થોની યાત્રા કરી અને પંચાવન વર્ષ જેટલા દીર્ઘ સમય સુધી નિર્મળ સંયમની આરાધના કરી વિ. સં. ૧૯૯૦ના ફાગણ શુદિ પહેલી દશમના દિવસે તેઓ પાટણમાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા. પૂ. પુણ્યવિજયજી મહારાજને આ મહાપુરુષના સૌમ્ય અને પ્રેરક સહવાસનો પણ લાભ મળ્યો હતો.

વળી, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ પણ વડોદરાનું જ રત્ન હતા. જૈન સમાજના ઉત્કર્ષ માટે ધાર્મિક કેળવણી સાથે વ્યાવહારિક કેળવણીના પ્રસાર માટે સંખ્યાબંધ શિક્ષણ-સંસ્થાઓ સ્થાપવાની, ઉદ્યોગગૃહો શરૂ કરવાની તેમ જ બીજી પ્રવૃત્તિઓ હાથ ધરવાની પ્રેરણા તેઓએ સમાજને આપી હતી. મહારાજશ્રીને એમના લોકોપકારક સંપર્કનો પણ લાભ મળ્યો હતો, એટલું જ નહીં, એમણે તેઓની પાસે (તે કાળે મુનિ શ્રી વલ્લભવિજયજી પાસે) અરવા અનુયોગદ્વાર સૂત્રનું અધ્યયન પણ કર્યું હતું.

દીક્ષાનું પહેલું જ ચોમાસું મહારાજશ્રીએ પોતાના વડીલો સાથે ડભોઈમાં કર્યું. ડભોઈ તો આપણા જ્ઞાનદિવાકર અને મહાન જ્યોતિર્ધર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની નિર્વાણભૂમિ—સત્યલક્ષી, સર્વસ્પર્શી અને મર્મગ્રાહી વિદ્વત્તાથી શોભતા એ પ્રભાવક મહાપુરુષે અહીં જ ચિરવિશ્રામ લીધેલો! જોગાનુજોગ કહો કે કુદરતનો કોઈ અકળ સંકેત કહો, શ્રી પુણ્યવિજયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજ પ્રત્યે ઊંડો અનુરાગ ધરાવતા હતા. તથા એમના જીવનસ્પર્શી અને વિશ્વતોમુખી પાંડિત્યના તેઓ પરમ ભક્ત હતા. અને, જાણે ભક્તને પોતાની આવી નિઃસ્વાર્થ અને નિર્મળ ભક્તિનો બદલો મળી રહેતો હોય એમ, શ્રી ઉપાધ્યાયજી મહારાજે પોતાના હાથે લખેલી તેઓની પોતાની તેમ જ બીજાઓની સંખ્યાબંધ કૃતિઓ મહારાજશ્રીને જુદા જુદા ભંડારોમાંથી સહજપણે હાથ લાગતી જ રહી હતી. છેલ્લે છેલ્લે, છેક વિ. સં. ૨૦૨૫ની સાલમાં મહારાજશ્રી ખંભાતના શ્રી શાંતિનાથ તાડપત્રીય ભંડારને વ્યવસ્થિત કરવા અને પાયચંદ ગચ્છના ભંડારનું નિરીક્ષણ કરવા માટે ખંભાતમાં રોકાયા હતા ત્યારે પણ, પોથીઓનાં નકામાં માની લીધેલાં પાનાંઓમાંથી ઉપાધ્યાયજી મહારાજના હસ્તાક્ષરમાં લખાયેલી કોઈ અધૂરી પ્રત તેઓને મળી આવી હતી! એમ પણ કહી શકાય કે શ્રી યશોવિજયજી મહારાજ જેવી જ્ઞાનવિભૂતિના નિર્વાણને લીધે વિદ્યાતીર્થ બનેલ ડભોઈની ભૂમિના સંપર્કે પણ મહારાજશ્રીને વિદ્યાસાધનાની પ્રબળ પ્રેરણા આપી હશે.

મહારાજશ્રી પોતાના વિદ્યાભ્યાસની વાત કરતાં કહેતા કે કોઈ પણ વિષયનો એકધારો સળંગ અભ્યાસ કરવાનું મારા જીવનમાં બહુ ઓછું બન્યું છે. વળી, અમુક વર્ષો સુધી એકાગ્ર બનીને અભ્યાસ કર્યો અને પછી પ્રાચીન પ્રતો વાંચવાનું કે પ્રાચીન ગ્રંથોના સંશોધનનું કામ શરૂ કર્યું એવું પણ નથી બન્યું. કંઈક પૂર્વસંસ્કાર કહો, કંઈક વડીલોની કૃપા કહો અને કંઈક જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કહો, મોટે ભાગે, વિદ્યાભ્યાસ અને શાસ્ત્રસંશોધનનું કામ સાથે સાથે જ ચાલતાં રહ્યાં; અને, કામ કામને શીખવે એમ, શાસ્ત્રોનું વાચન અને સંશોધન કરતાં કરતાં નવા નવા વિષયોનું જ્ઞાન મળતું રહ્યું. એ કહેવાની જરૂર નથી કે આના પાયામાં મહારાજશ્રીની નિર્મળ તેજસ્વી બુદ્ધિ, સત્યને પામવાની ઝંખના, કોઈ પણ વિષયને જાણવાની ઉત્કટ જિજ્ઞાસા અને તે વિષયના મૂળ સુધી પહોંચવાની અને એના વિસ્તારને પણ સમજવાની ધીરજ અને તાલાવેલી રહેલી હતી.

આમ અભ્યાસ અને વિદ્યાપ્રવૃત્તિ સાથે સાથે ચાલતાં રહેવા છતાં તેઓએ જુદા જુદા વિદ્વાનો પાસે જે કંઈ અભ્યાસ કર્યો હતો, તેની મુખ્ય વિગતો આ પ્રમાણે છે:—

દીક્ષાના પહેલા વર્ષમાં મહારાજશ્રીએ દાદાગુરુ અને ગુરુશ્રીની નિશ્રામાં બધા પ્રકરણગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો—જાણે શાસ્ત્રીય બોધનો પાયો નંખાયો. બીજે વર્ષે વસોના શ્રાવક શ્રી ભાયલાલભાઈ પાસે માર્ગોપદેશિકાનો અભ્યાસ કર્યો. તે પછી પંડિત શ્રી નિત્યાનંદજી શાસ્ત્રી પાસે સિદ્ધહેમ લઘુવૃત્તિ, હેમ-લઘુપ્રક્રિયા, ચંદ્રપ્રભા વ્યાકરણ, હિતોપદેશ, દશકુમારચરિત વગેરેનું પરશીલન કર્યું. પાળિયાદવાળા પંડિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથ પ્રકાશન સમારોહ : અમદાવાદ. તા. ૬-૧-૧૯૭૪



પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ મંગલાચરણ કરે છે.
(તેઓની ડાબી બાજુ પ. પૂ. આ. શ્રી વિજયયશોભદ્રસૂરિજી મહારાજ છે.)









સમારોહની હાજરીનાં દૃશ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ગુલાબચંદ લ. શાહ 卐 લાલા શ્રી રતનચંદજી વગેરે 卐 શ્રી બાબુભાઈ મ. શેઠ 卐 શ્રી કાંતાબહેન શેઠ



પૂ. સા. શ્રી પ્રિયદર્શનાશ્રીજી 卐 પૂ. સા. શ્રી યશોધરાશ્રીજી 卐 પૂ. સા. શ્રી નિર્મળાશ્રીજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી વીરચંદભાઈ મેઘજી પાસે લઘુવૃત્તિનો અધૂરો અભ્યાસ પૂરો કર્યો, અને કાવ્યોનું વાચન કર્યું. આ સમય દરમ્યાન દાદાગુરુશ્રી અને ગુરુશ્રીની ઊંડી વિદ્યાભક્તિ અને જ્ઞાનોદ્ધારની પ્રવૃત્તિના સંસ્કારો તો પોતાનું કામ કરતા જ હતા. એમની સંશોધનની પ્રવૃત્તિ જોઈને કે જ્ઞાનોદ્ધારની એમની વાતો સાંભળીને મહારાજશ્રીને એમ તો લાગતું જ કે આ કંઈક સારું કામ થઈ રહ્યું છે, અને આવું કામ આપણે પણ કરવા જેવું છે—જાણે પૂર્વજન્મનો કોઈ સંસ્કાર અને ભવિષ્યનો કોઈ કાર્યયોગ જ કામ કરી રહ્યો હતો!

એવામાં જૈન દર્શન તેમ જ ભારતીય બધાં દર્શનોના ઊંડા અભ્યાસી પંડિતવર્ય શ્રી સુખલાલજીની પાસે અભ્યાસ કરવાનો યોગ બની આવ્યો. પાટણ અને વડોદરામાં, વિ. સં. ૧૯૭૧ અને ૧૯૭૨માં, મહારાજશ્રીએ પંડિતજી પાસે કાવ્યાનુશાસન, તિલકમંજરી, તર્કસંગ્રહ અને છંદાનુશાસનનો અભ્યાસ કર્યો. આ ગ્રંથોના અભ્યાસ નિમિત્તે અને પંડિતજીના બહોળા જ્ઞાનને લીધે, બીજી અનેક બાબતો પણ આપમેળે જ અધ્યયનના ક્ષેત્રમાં આવી જતી. અને એ રીતે જ્ઞાનના સીમાડાનો અને દૃષ્ટિનો વિકાસ થતો ગયો. આ અરસામાં પાટણથી શ્રી કેસરિયાજી તીર્થનો સંઘ નીકળ્યો, તેમાં મહારાજશ્રી સાથે પંડિતજી પણ ગયેલા અને એ સંઘમાં પણ વિદ્યાભ્યાસ ચાલુ રહેલો! આ રીતે જ્યારે એક બાજુ પંડિતજી પાસે આવું અધ્યયન ચાલતું હતું ત્યારે બીજી બાજુ મહારાજશ્રી પ્રાચીન પ્રતોના પાઠાંતરો મેળવવાનું તેમ જ શાસ્ત્રીય ગ્રંથોનાં પ્રુફો તપાસવાનું કામ પણ વિશ્વાસપૂર્વક કરતા થઈ ગયા હતા.

આ પછી તો પંડિત સુખલાલજી અને મહારાજશ્રીને અવારનવાર સાથે કામ કરવાનું બનતું રહ્યું, અને સમય જતાં પંડિતજી પોતાના શાસ્ત્રસંશોધનના કામે પણ મહારાજશ્રી પાસે આવતા રહ્યા. ભાવનગરના બીજા ચોમાસામાં (વિ. સં. ૧૯૭૮ માં) પંડિતજી સન્મતિતર્કના સંશોધનના કામે અને લીંબડીના ચોમાસામાં તત્ત્વાર્થસૂત્રના કામે મહારાજશ્રી પાસે ગયેલા. લીંબડીમાં પંડિતજીએ બૌદ્ધદર્શનના કેટલાક મુદ્દાઓથી મહારાજશ્રીને પરિચિત કર્યા. મહારાજશ્રીએ બૌદ્ધ ગ્રંથ હેતુબિંદુની નકલ પંડિતજી માટે કરી આપી; એનો ઉપયોગ પંડિતજીને સન્મતિતર્કના સંપાદનમાં કરવાનો હતો. પાછળથી હેતુબિંદુ ગ્રંથ વડોદરાની ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝ તરફથી પ્રગટ થયો. મહારાજશ્રીએ આ ગ્રંથની કરી આપેલ નકલ એક આદર્શ નકલ તરીકે ગુજરાત વિદ્યાપીઠમાં સાચવી રાખવામાં આવી છે.

આ રીતે પંડિતજી અને મહારાજજી વચ્ચેનો સંબંધ ઉત્તરોત્તર વધુ ગાઢ થતો ગયો. પંડિતજી મહારાજશ્રીના નિર્દંભ સાધુજીવન અને સત્યગ્રાહી જ્ઞાનસાધના પ્રત્યે ખૂબ આદર ધરાવે છે; મહારાજશ્રી પંડિતજીની સત્યગ્રાહી, અગાધ અને વ્યાપક વિદ્વત્તા અને અકિંચનભાવ પ્રત્યે એવો જ આદર ધરાવતા હતા. જ્યારે પણ આ બન્નેનું મિલન થતું, ત્યારે વિદ્યાવિનોદનું સુપ્રસન્ન વાતાવરણ પ્રસરી રહેતું. પંડિતજી પ્રત્યેની પોતાના વિદ્યાગુરુ તરીકેની બહુમાનની લાગણી દર્શાવતાં, પોતાના ગુરુદેવનું સ્મરણ કરવાની સાથે, મહારાજશ્રીએ પંડિતજીના સન્માન પ્રસંગે કહેલું કે—

"શ્રીમાન પંડિત સુખલાલજી મારા વિદ્યાગુરુ છે. આપણા જીવનની પ્રગતિ માટેનાં જે વિવિધ અંગો છે તેમાં વિદ્યાગુરુ એ એક વિશિષ્ટ અંગ છે. મારા જીવનમાં મેં જે અનેકાનેક સાધુ વિદ્યાગુરુઓ અને ગૃહસ્થ વિદ્યાગુરુઓ મેળવ્યા છે, એ સૌમાં સર્વોચ્ચ સ્થાન હું બે વ્યક્તિઓને આપું છું. તેમાં પ્રથમ સ્થાન પૂજ્યપ્રવર, સતત જ્ઞાનોપાસનાપરાયણ, અનેક જ્ઞાનભંડારોના ઉદ્ધારક, વ્યવસ્થાપક અને શ્રી જૈન આત્માનંદ ગ્રંથરત્નમાળાના સંપાદક શ્રી ચતુરવિજયજી મહારાજનું છે, જેઓ મારા દીક્ષાગુરુ અને શિક્ષાગુરુ છે.........બીજું સ્થાન પંડિત શ્રી સુખલાલજીનું છે, જેમણે મને એકાંત આત્મીયભાવે અધ્યયન કરાવ્યું છે, તેમ જ પ્રસંગે પ્રસંગે મને અનેક વિષયોનું જ્ઞાન પુસ્તકો દ્વારા નહિ પણ મોઢેથી જ આપીને મારી દૃષ્ટિને તેમણે વિશદ બનાવી છે. મારા જીવનનો યોગ જ કોઈ એવો વિચિત્ર હશે કે જેથી હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા જીવનના પ્રારંભથી અનેક પ્રકારનાં કાર્યોમાં પરોવાઈ જવાને લીધે જીવનમાં અધ્યયન અતિ અલ્પ કરી શક્યો છું. તેમ જ્યાં મારા ઉપર વિદ્યાગુરુઓનો એવો પ્રેમ હતો કે જેથી આજે મારી એ ઊણપ કોઈની નજરે નથી આવતી; જ્યાં એ વાત તો દીવા જેવી છે કે મારું અધ્યયન અતિ અપૂર્ણ છે. આ બંને ગુરુઓએ મારા તીખા સ્વભાવને આનંદથી જીરવીને પણ મને દરેક રીતે સમૃદ્ધ કર્યો છે. બે ગુરુઓમાંથી એક ગુરુશ્રી કે જેઓ મારા જીવનનું સર્વસ્વ હતા, તેઓ તો આજે સ્વર્ગવાસી થઈ ચૂક્યા છે. પણ એક ગુરુ આજે વિદ્યમાન છે, જેમની પાસે આજે પણ હું અનેક રીતે અધ્યયન કરું છું. આજે જ્યારે પણ હું મારા આ વિદ્યાગુરુ પાસે જાઉં છું ત્યારે તેઓશ્રી, ગમે તેટલા કાર્યવ્યસ્ત હોય તેમ છતાં, પોતાનું દરેક મહત્ત્વનું કાર્ય છોડીને પણ મારી સાથે અનાકુળપણે પોતાના અતિગંભીર અધ્યયન અને ચિંતનમાંથી ઉદ્ભવેલી અનુભવપૂર્ણ વાતો કરે છે, જેથી જીવનમાં નવું જ્ઞાન અને સ્ફુરણાઓ જાગે છે.'' (જ્ઞાનાંજલિ, પૃ. ૨૯૦)

પૂ. પં. નેમવિજયજીના શિષ્ય સ્વ. મુનિ શ્રી લાવણ્યવિજયજી પાસે મહારાજશ્રીએ આવશ્યક હારિભદ્રી ટીકાનું અને પોતાની મેળે ઓઘનિર્યુક્તિનું વાચન-અધ્યયન કર્યું હતું; સાથે પાલીતાણામાં ગુરુતત્ત્વવિનિશ્ચય જૂની હસ્તપ્રતોને આધારે શુદ્ધ કર્યું હતું. આગમસૂત્રોના મહાન ઉદ્ધારક પૂજ્ય સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે જ્યારે પાટણમાં આગમોની વાચના શરૂ કરી ત્યારે કેટલાક તરફથી એની સામે વિરોધનો સૂર વહેતો કરવામાં આવેલો. મહારાજશ્રી એ વખતે એ વાચનાનો લાભ તો નહીં લઈ શકેલા, પણ એમને એટલું તો લાગેલું કે આવા કાર્યનો વિરોધ કરવો એ બરાબર નથી; આ કામ તો ઉત્તમ છે અને એ કરવા જેવું છે. પછી, આ વાચના પાલીતાણામાં ચાલુ રહી ત્યારે, પાલીતાણાના બીજા ચોમાસા દરમ્યાન (વિ.સં. ૧૯૭૬માં), મહારાજશ્રીએ એનો લાભ લઈ ઓઘનિર્યુક્તિની દ્રોણાચાર્યની ટીકા પૂરી વાંચી અને પન્નવણાસૂત્ર ઉપરની મલયગિરિ ટીકા અને ભગવતીસૂત્રની અભયદેવસૂરિની ટીકા અધૂરી વાંચી.

ભાવનગરમાં બે ચોમાસાંની સ્થિરતા દરમ્યાન મહારાજશ્રીએ પોતાની મેળે જ પઠન-પાઠન કરવાનું ચાલુ રાખ્યું; ઉપરાંત, વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ શેઠશ્રી કુંવરજીભાઈ આણંદજી પાસે કર્મપ્રકૃતિ, પ્રકરણો વગેરેનું વાચન કર્યું. મહારાજશ્રીનો બોધ જાણી શ્રી કુંવરજીભાઈ ખૂબ રાજી થયેલા. એમણે કહ્યું : બધું ઉપસ્થિત છે; માત્ર ગુરુગમ જોઈએ. મહારાજશ્રી શ્રી કુંવરજીભાઈને ગુરુસ્થાનીય માનતા હતા. વિ. સં. ૧૯૯૯ની સાલમાં મહારાજશ્રી આગમમંદિરની પ્રતિષ્ઠા માટે પાલીતાણા ગયા ત્યારે શ્રી કુંવરજીભાઈ બીમાર હતા, એટલે એમને શાતા પૂછવા માટે મહારાજશ્રી ખાસ ભાવનગર ગયા હતા. તે વખતે શ્રી કુંવરજીભાઈએ અટપટી લિપિમાં લખેલો એક ચોપડો મહારાજશ્રીને આપતાં તેઓએ તે વાંચી આપ્યો હતો. મહારાજશ્રીની શક્તિનો આવો વિકાસ જોઈને શ્રી કુંવરજીભાઈ ખૂબ રાજી થયા.

વિ. સં. ૨૦૨૫ની સાલમાં, ખંભાતમાં, મારે મહારાજશ્રીના વિવિધ વિષયના વ્યાપક અભ્યાસ અંગે તેઓશ્રીની સાથે જે સવાલ-જવાબ થયા તે ઉપરથી પણ તેઓની સ્વયંસ્ફુરણાપ્રેરિત જ્ઞાનોપાસના અને જ્ઞાનોદ્ધારની પ્રવૃત્તિનો કેટલોક ખ્યાલ આવી શકે છે.

**સવાલ**–આપે પ્રાકૃતનો અભ્યાસ ક્યારે, કેવી રીતે કર્યો ?

**જવાબ**–એમ લાગે છે કે પ્રાકૃતનું જ્ઞાન શરૂઆતથી જ હતું. પાટણના બીજા ચોમાસામાં પૂજ્ય ગુરુજી પાસે પઉમચરિય વાંચ્યું; એ વાંચતાં વાંચતાં પ્રાકૃત ભાષા ખૂલી ગઈ. પછી વડોદરામાં પંડિત સુખલાલજી પાસે શ્રી હેમચંદ્રાચાર્યનું પ્રાકૃત વ્યાકરણ અરધું વાંચ્યું; સાથે સાથે પઉમચરિય પાટણના સંઘવીના પાડાની તાડપત્રીય પ્રતના આધારે સુધાર્યું.

**સ૦** આગમોના અભ્યાસની વિશેષ રુચિ ક્યારે જાગી ?

**જ૦** મુનિ શ્રી લાવણ્યવિજયજી પાસે આવશ્યક હારિભદ્રી વૃત્તિ વાંચતાં એ તરફ વિશેષ રુચિ થઈ; અને પૂજ્ય સાગરાનંદસૂરિજીની વાચના ખૂબ ગમી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ૦** અપભ્રંશ ભાષાનું જ્ઞાન કેવી રીતે થયું ?

**જ૦** એ તો કેવળ એ ભાષાનું સાહિત્ય વાંચતાં વાંચતાં જ થયું.

**સ૦** પ્રાચીન લિપિઓ વાંચવાનો અભ્યાસ કેવી રીતે થયો ?

**જ૦** એ પણ મોટે ભાગે કામ કરતાં કરતાં જ થયો, એમ કહી શકાય. પાટણના બીજા ચોમાસામાં ( એટલે દીક્ષાના છઠ્ઠા વર્ષે ) સાક્ષર શ્રી ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ (સી. ડી. દલાલ) પાટણના જ્ઞાનભંડારો તપાસવા આવેલા. એ વખતે એમને પ્રાચીન હસ્તલિખિત પ્રતો મેં વાંચી આપી હતી. દેવનાગરી લિપિ પહેલાંની બ્રાહ્મી લિપિને ઉકેલવાનું અને દેવનાગરી લિપિના અક્ષરોના સૈકે સૈકે બદલાતા મરોડને ઉકેલવાનું પણ મહાવરાને લીધે ફાવી ગયું. અલબત્ત, આમાં શ્રી ગૌરીશંકર હીરાચંદ ઓઝાના " ભારતીય લિપિમાળા "નામે પુસ્તકનો પણ ઉપયોગ કરાતો રહ્યો છે. જુદા જુદા સૈકાઓની લિપિઓને ઉકેલવાના આવા મહાવરાને લીધે, જેને અંતે લેખન-સંવત ન નોંધ્યો હોય એવી કૃતિ પણ કયા સૈકામાં લખાયેલી હોવી જોઈએ એનો મોટે ભાગે સાચો અંદાજ, એ ગ્રંથની લિપિ ઉપરથી, કરી શકાય છે.

**સ૦** આપને બૌદ્ધ સાહિત્ય અને વૈદિક સાહિત્ય તરફ રુચિ કેવી રીતે થઈ ?

**જ૦** મોટે ભાગે **कण्णाहडएणं-कर्णाहृतेन**-કાનથી સાંભળી સાંભળીને. મારું એક સદ્ભાગ્ય રહ્યું છે કે જુદા જુદા વિષયના વિદ્વાનોને અવારનવાર મળવાનું બનતું રહે છે. એ વખતે અમારા કામ ઉપરાંત બીજી જે કંઈ જ્ઞાનવાર્તા થાય તે હું પૂર્ણ ઉત્સુકતા અને જિજ્ઞાસાપૂર્વક સાંભળતો રહું છું. એમ કરતાં કેટલુંક જ્ઞાન અનાયાસ મળી રહે છે. અને એક વાર કોઈ બાબતમાં જિજ્ઞાસા જાગી એટલે પછી સ્વાભાવિક રીતે જ એને લગતા ગ્રંથો જોવાનું બને છે. અને તેથી આપણે કોઈ પણ બાબતનો ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિએ તથા તટસ્થ વૃત્તિથી વિચાર કરતા થઈએ છીએ. આનું પરિણામ એ આવે છે કે જુદી જુદી ધર્મસંસ્કૃતિઓ વચ્ચેના ઉપરછલ્લા વિરોધના બદલે એની ભીતરમાં રહેલા સમાનતાના તત્ત્વ તરફ આપણું ધ્યાન વિશેષ જાય છે, અને આપણે કોઈ પણ બાબતનો સમભાવપૂર્વક કે સત્યશોધક અને ગુણગ્રાહક દૃષ્ટિએ વિચાર કરતા શીખીએ છીએ. જીવનસાધનામાં કે જ્ઞાનની ઉપાસનામાં આ બાબત બહુ મહત્ત્વની અને ઘણી ઉપયોગી નીવડે છે.

**સ૦** પ્રાચીન ગ્રંથોના સંશોધનની શરૂઆત આપે ક્યારે કરી ?

**જ૦** અમુક કામની અમુક વખતે જ શરૂઆત થઈ એમ ચોક્કસ ન કહી શકાય. શાસ્ત્રોનો અભ્યાસ અને સંશોધનનો અભ્યાસ લગભગ સાથે સાથે જ ચાલતો રહ્યો. પૂજ્ય ગુરુજી જ્યારે પ્રાચીન ગ્રંથોનું સંશોધન કરતા ત્યારે જ મૂળ પાઠોના અર્થો બેસાડવાનો, પાઠાંતરો શોધવાનો, અર્થની સંગતિ માટે શુદ્ધ પાઠ કયો હોઈ શકે એનો, લિપિ ઉકેલવાનો—એમ બધો અભ્યાસ કામ કરતાં કરતાં આગળ વધતો રહ્યો. આ બધાની પાછળ એક વાત માલૂમ પડે છે કે અભ્યાસ અને જ્ઞાનની વાતોમાં કે શાસ્ત્રોના સંશોધન-સંપાદનમાં જે રસ પડતો, તેને લીધે બીજી પ્રવૃત્તિ તરફ ભાગ્યે જ ધ્યાન જતું. પૂજ્ય ગુરુજીનાં સંપાદનોમાં સહાયરૂપ થતાં થતાં સ્થિતિ એવી આવી કે કેટલાંક અતિ કઠિન ગણાય એવા પ્રાચીન ગ્રંથોનું સંપાદન અમે સાથે મળીને કર્યું; કેટલાક ગ્રંથોનું સંપાદન મેં એકલાએ કર્યું; એટલું જ નહિ, છેવટે એવું પણ બન્યું કે પાઠાંતરો નોંધે પૂજ્ય ગુરુજી અને પાઠનો નિર્ણય કરું હું ! અહીં એક પ્રસંગ ખાસ યાદ આવે છે : સંવત ૧૯૯૫ના ચોમાસામાં મને સંઘરણીનો એવો ઉગ્ર વ્યાધિ થઈ આવ્યો કે શરીર નિચોવાઈ જાય અને શક્તિમાત્ર હરાઈ જાય; વ્યાધિ કોઈ રીતે કાબૂમાં આવે જ નહીં. આ વખતે વડોદરાના શ્રી વાડીભાઈ વૈદનો ઈલાજ ચાલતો હતો. ક્યારેક તો સલાહ મળે કે હવે બીજાની દવા કરો ! પણ મેં તો ધાર્યું કે કંટાળ્યા વગર, ધીરજપૂર્વક, એ જ ઇલાજ ચાલુ રાખ્યો. દોઢેક વર્ષ સુધી ચાલેલ આ ઉપદ્રવ દરમ્યાન મને મોટામાં મોટો સધિયારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ્યો મારો શાસ્ત્રાભ્યાસ ! બૃ. કથારત્નકોશનું સંપાદન અને નિશીથચૂર્ણિનું અધ્યયન મેં આ બીમારી દરમ્યાન જ કર્યું—જાણે હું મારું કામ કરતો રહ્યો અને દર્દ પોતાનું કામ કરતું રહ્યું ! મને તો આ બધું દાદાગુરુશ્રી અને ગુરુજીની જ કૃપાનું ફળ લાગે છે.

પોતાના ગુરુજી અને દાદાગુરુશ્રી ઉપરની શ્રદ્ધાને દર્શાવતાં મહારાજજીએ પોતે જ કહ્યું છે કે—

"હવે પૂજ્યપાદ ગુરુપ્રવર શ્રી પ્રવર્તકજી મહારાજ, પૂજ્ય ગુરુદેવ અને સમસ્ત મુનિગણની આશિષ વરસતી હશે–છે જ, તો પૂજ્ય ગુરુદેવના સત્સંકલ્પોને મૂર્ત સ્વરૂપ આપવા અને તેમણે ચાલુ કરેલી ગ્રંથમાળાને સવિશેષ ઉજ્જ્વલ બનાવવા યથાશક્ય અલ્પ-સ્વલ્પ પ્રયત્ન હું જરૂર જ કરીશ."

(જ્ઞાનાંજલિ, પૃષ્ઠ ૨૮૯)

**સ૦** આપે કોઈ શાસ્ત્રીય ગ્રંથ રચવાનો ક્યારેય પ્રયત્ન કરેલો ?

**જ૦** લીંબડીના પહેલા ચોમાસામાં (વિ. સં. ૧૯૭૮માં) પૂજ્ય દાદાગુરુજી અને ગુરુશ્રી ત્યાંના ભંડારનો ઉદ્ધાર કરવાના કામમાં રોકાયેલા હતા ત્યારે મને **વિશેષણવતી** ઉપર ટીકા રચવાનો વિચાર થઈ આવેલો. પણ પછી એ વિચાર પ્રમાણે કામ ન થયું.

**સ૦** આપનામાં સત્યગ્રાહી મધ્યસ્થભાવ ક્યાંથી આવ્યો ?

**જ૦** સ્વાભાવિક રીતે તથા પૂજ્ય દાદાગુરુજીના સતત સમાગમથી.

આ રીતે દીક્ષા લીધા બાદ શ્રી પુણ્યવિજયજી મહારાજે પોતાની સ્વયં સ્ફુરણાથી, દાદાગુરુ તથા ગુરુજીની વાત્સલ્યભરી કૃપાદૃષ્ટિથી અને જુદા જુદા વિદ્વાનોના સમાગમથી પોતાની જ્ઞાનસાધનાને સર્વગ્રાહી, મર્મસ્પર્શી અને સત્યમૂલક બનાવી હતી અને જાણે ભવિષ્યના જ્ઞાનોદ્ધારના મહાન કાર્યને માટે પોતાની જાતને સુસજ્જ બનાવી લીધી હતી.

## જ્ઞાનોદ્ધારનું ચક્રવર્તી કાર્ય

આમ તો મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ એક આત્મસાધક સંત હતા, અને પોતાના આત્મભાવની ક્યારેક ઉપેક્ષા ન થઈ જાય કે સંસારની વૃદ્ધિ કરે એવી આત્મવિરોધી પ્રવૃત્તિમાં જરાય ન અટવાઈ જવાય એની તેઓ સતત જાગૃતિ રાખતા; અને અપ્રમત્તપણે પોતાની સાધનાને નિરંતર આગળ વધારતા રહેતા. આમ છતાં એમનું જીવનકાર્ય (mission) તો વિવિધ રીતે જ્ઞાનનો ઉદ્ધાર કરવાનું જ હતું—એમનો અવતાર જ જ્ઞાનના ઉદ્ધાર માટે થયો હતો. અને, કહેવું જોઈએ કે, કુદરતે સોંપેલા એ જીવનકાર્યને તેઓ પોણોસો વર્ષ જેટલી વૃદ્ધ ઉંમર લગી એવી જ નિષ્ઠા, એવી જ સ્ફૂર્તિ અને એવી જ તત્પરતાથી કરતા રહ્યા—જાણે એમ લાગે છે કે આ કાર્ય કરતાં ન તો તેઓ વયની મર્યાદાને કે ન તો શરીરની શક્તિ-અશક્તિને પિછાનતા હતા. આ કાર્ય કરતાં કરતાં જાણે એમનામાં શક્તિનો અખૂટ ઝરો વહી નીકળતો હતો. થોડીક પ્રાચીન હસ્તપ્રતો તેમની આગળ મૂકી દઈએ અથવા તો એકાદ હસ્તલિખિત ભંડારની વચ્ચે તેઓશ્રીને બેસારી દઈએ, તો તેઓ આહાર, આરામ અને ઊંઘને વીસરીને એમાં એવા તન્મય બની જતા કે જાણે કોઈ ઊંડા આત્મચિંતનમાં ઊતરી ગયેલ યોગીરાજ જ જોઈ લ્યો ! એમને આ રીતે જ્ઞાનોદ્ધારના કાર્યમાં નિરત જોવા એ પણ એક લહાવો હતો. જ્ઞાનોદ્ધારની તેઓશ્રીની આવી અસાધારણ અને ચક્રવર્તી કહી શકાય એવી પ્રવૃત્તિઓની કેટલીક વિગતો જોઈએ.

**શાસ્ત્રાભ્યાસ**—જ્ઞાનોદ્ધારનું પહેલું પગથિયું છે સ્વયં શાસ્ત્રોનું સત્યસ્પર્શી અને સર્વસ્પર્શી અધ્યયન. આ અધ્યયન પાછળની દૃષ્ટિ સાંપ્રદાયિક કદાગ્રહથી મુક્ત, ઐતિહાસિક, તુલનાત્મક અને સત્યશોધક હોય તો જ એ સ્વ-પરઉપકારક બની શકે. મહારાજશ્રીના શાસ્ત્રાભ્યાસની આ જ વિશેષતા હતી. અને તેથી તેઓ સદા ગુણના ગ્રાહક અને સત્યના ચાહક બની શકતા હતા. વળી, એમને મન વિદ્યા એ નિર્ભેળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યા જ હતી એટલે એની ઉપાસનામાં તેઓ મારા-તારાપણાનો કોઈ ભેદ રાખતા નહીં. અને શાસ્ત્રીય ગ્રંથો ઉપરાંત લૌકિક વિદ્યાઓના ગ્રંથોનું પણ તેઓ એવા જ આદરથી અવલોકન-અવગાહન કરતા. આથી જેમ તેઓ પોતાનાં શાસ્ત્રોની ખૂબી અને મર્યાદાઓથી પરિચિત રહી શકતા, તેમ બીજાઓનાં શાસ્ત્રોની ખૂબીઓ કે મર્યાદાઓથી પણ પરિચિત રહી શકતા. પરિણામે એમના અભ્યાસમાં તેમ જ નિરૂપણમાં સદા સત્યની સુભગ આભા પ્રસરી રહેતી; અને તેથી એ નિરૂપણ વિશેષ સચોટ અને પ્રતીતિકર બનતું. આચાર્યપ્રવર શ્રી હરિભદ્રસૂરિજીએ તેમના યોગબિંદુ ગ્રંથમાં ( શ્લોક પ૨૪ ) સાચું જ કહ્યું છે કે—

आत्मीयः परकीयो वा कः सिद्धान्तो विपश्चिताम् ? ।
दृष्टेष्टाबाधितो यस्तु युक्तस्तस्य परिग्रहः ॥

એટલે કે વિદ્વાનને મન આ સિદ્ધાંત મારો અને આ પરાયો એવો કોઈ ભેદ નથી હોતો; પણ જે જોવાથી અને ઇષ્ટથી અબાધિત હોય તેનો સ્વીકાર કરવો, એ જ ઉચિત છે. પૂજ્ય પુણ્યવિજયજી મહારાજનું અધ્યયન આવું જ તંદુરસ્ત અને વિમળ દૃષ્ટિથી પરિપૂત હતું. અને તેથી જ એ દેશવિદેશના વિદ્વાનોને માટે વિશેષ આવકારપાત્ર બની રહેતું. તેઓશ્રીનું અધ્યયન આવી નિર્મળ બુદ્ધિથી થયેલું હોવાથી એમના લખાણમાં પણ એની છાપ સ્પષ્ટ જોવામાં આવતી. સમભાવી આચાર્ય હરિભદ્રસૂરિએ શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં કપિલ મહર્ષિનો ‘ દિવ્ય મહામુનિ ’ ( શ્લોક ૨૩૭ ) અને ભગવાન બુદ્ધનો ‘ મહામુનિ ’ ( શ્લોક ૪૬૬ ) જેવાં બહુમાનવાચક વિશેષણોથી નિર્દેશ કર્યો છે, તેમ પુણ્યવિજયજી મહારાજનાં લખાણોમાં પણ આ પરંપરાનું વિરલ સાતત્ય જોવા મળે છે. જ્યાં ક્યાંય કોઈ ધર્મપુરુષનો કે મહાન વ્યક્તિનો અથવા વિદ્વાનનો ઉલ્લેખ કરવાનો વખત આવતો ત્યારે તેઓ તે બહુમાનસૂચક શબ્દથી જ કરતા.

કર્મસાહિત્ય અંગેના પોતાના લેખમાં, દિગંબર સાહિત્યનો નિર્દેશ કરતાં, તેઓએ લખેલું કે “ દિગંબર સંપ્રદાયમાં પણ ભગવાન શ્રી પુષ્પદંતાચાર્ય...વગેરે કર્મવાદવિષયક સાહિત્યના પ્રણેતા અને વ્યાખ્યાતા પારંગત આચાર્યો અને સ્થવિરો થયા છે. ( જ્ઞાનાંજલિ, પૃ. ૧૪૦ )

સ્તુતિ-સ્તોત્રવિષયક સાહિત્યમાં ખરતર ગચ્છના આચાર્ય શ્રી જિનપ્રભસૂરિજીના અર્પણને બિરદાવતાં મહારાજશ્રીએ લખ્યું છે કે : “ આ પછી ચિત્રવિચિત્ર સ્તુતિ-સ્તોત્ર-સાહિત્યનું સ્થાન આવે છે. આ વિભાગમાં સેંકડો જૈનાચાર્ય તેમ જ જૈન મુનિઓએ ફાળો આપ્યો છે. તેમ છતાં ખરતરગચ્છીય આચાર્ય શ્રી જિનપ્રભે વિવિધ ભાષામય અને વિવિધ છંદોમય ચિત્રવિચિત્ર સ્તુતિ-સ્તોત્ર-સાહિત્યના સર્જનમાં જે વિશાળ ફાળો આપ્યો છે એ સૌથી મોખરે આવે છે. આ આચાર્યના જેટલું વિપુલ અને વિધવિધ પ્રકારનું સ્તુતિ-સ્તોત્ર-સાહિત્ય કોઈએ સર્જ્યું નથી એમ કહેવામાં અંશ જરાયે અતિશયોક્તિ થતી નથી.” (જ્ઞાનાંજલિ, પૃષ્ઠ ૧૫૯)

એ જ રીતે શ્રી ધૂમકેતુલિખિત ‘ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ’ પુસ્તકને આવકારતાં તેઓએ મુક્ત મને કહ્યું છે કે : “ આચાર્ય શ્રી હેમચંદ્રનાં આજ સુધીમાં શ્રદ્ધા અને પાંડિત્યપૂર્ણ સંખ્યાબંધ જીવનચરિત્રો લખાઈ ચૂક્યાં છે, છતાં ભાઈ શ્રી ધૂમકેતુની આ કૃતિ એ મહાપુરુષ પ્રત્યે એક જુદા પ્રકારની જ શ્રદ્ધાપૂર્ણતા અને કુશળતા રજૂ કરે છે. જેમ શ્રદ્ધાની અમુક પ્રકારની ભૂમિકાથી દૂર રહી જીવનચરિત્રો આલેખવામાં ઘણી વાર ભૂલો થાય છે, અને વાસ્તવિક વસ્તુસ્થિતિ ઢંકાઈ જાય છે, એ જ રીતે કેવળ શ્રદ્ધાની ભૂમિકામાં ઊભા રહી જીવનચરિત્રો લખવામાંય એવા અને એટલા જ ગોટાળાઓ ઉત્પન્ન થવા સાથે ખરી વસ્તુને અન્યાય પણ મળે છે. એ વિષેનો વિશિષ્ટ વિવેક આપણને શ્રી ધૂમકેતુએ લખેલ પ્રસ્તુત જીવનચરિત્ર દ્વારા બતાવ્યો છે.”
(જ્ઞાનાંજલિ, પૃષ્ઠ ૧૭૩)

મહારાજશ્રીના કથનની તેમ જ એમનાં લખાણો કે સંપાદનોની વિદ્વાનોમાં જે ભારે પ્રતિષ્ઠા છે તે તેઓની આવી ગુણગ્રાહક, સત્યશોધક અને તટસ્થ દૃષ્ટિને કારણે જ. વળી, મહારાજશ્રી એ પણ જાણતા હતા કે જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે અન્ય ધર્મના મહાન પુરુષોને માટે માનભર્યા શબ્દો વાપરીએ તો તેથી આપણું ચિત્ત કલુષિત થતું અટકે છે, એટલું જ નહિ, સામી વ્યક્તિ પણ આપણા પૂજ્ય પુરુષો માટે બહુમાનભર્યા શબ્દોનો પ્રયોગ કરવા પ્રેરાય એવી એને પ્રેમભરી ફરજ પાડી શકીએ. આથી ઊલટું, જો આપણે બીજાને માન્ય વ્યક્તિ માટે હલકા શબ્દોનો પ્રયોગ કરીએ તો એથી આપણાં વિચાર અને વાણી તો દૂષિત થાય જ છે; ઉપરાંત, એથી સામી વ્યક્તિને આપણને માન્ય વ્યક્તિઓને માટે ખરાબ વાણીનો પ્રયોગ કરવાનો એક પ્રકારનો પરવાનો મળી જાય છે! ધનનો ખપી જેમ શોધી શોધીને ધનનો સંચય કરે, તેમ મહારાજશ્રી સત્યનો અને ગુણોનો શોધી શોધીને સંગ્રહ કરવાની દૃષ્ટિએ જ શાસ્ત્રોનું અવલોકન–અવગાહન કરતા : એમના શાસ્ત્રાભ્યાસની આ પણ એક વિરલ વિશેષતા હતી.

**પ્રાચીન ગ્રંથોનું સંશોધન**—પોતાના ગુરુશ્રીના પગલે પગલે મહારાજશ્રીએ પણ એક સમર્થ સંશોધક તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. એમનાં સંપાદનોની સર્વાંગપરિપૂર્ણતા જોઈને પરદેશના વૈજ્ઞાનિક સંશોધક વિદ્વાનો પણ ડોલી ઊઠે છે. તેઓશ્રીને હાથે આકરામાં આકરા ગ્રંથો પણ અણીશુદ્ધ બનીને નવજીવન પામ્યા છે. ગ્રંથ-સંપાદનના કાર્યમાં તેઓશ્રીને વરેલી અસાધારણ સિદ્ધિનાં કારણો અનેક છે : તેઓ શાસ્ત્રના વિષયથી અને ગ્રંથમાં આવતા ઇતર સાહિત્યના સંદર્ભોથી હમેશાં સુપરિચિત રહેતા; અને જે બાબત પોતાની સમજમાં ન આવતી તે બાબતનો, ગમે તે રીતે, ખુલાસો મેળવીને જ આગળ વધવાનો તેઓનો સ્વભાવ હતો; અક્ષરોના વિવિધ મરોડો ધરાવતી જુદા જુદા સૈકાની લિપિને ઉકેલવામાં તેઓ સિદ્ધહસ્ત હતા; અને, સૌથી આગળ વધીને, શાસ્ત્રોના (તેમ જ અન્ય ગ્રંથોના પણ) સંશોધનની બાબતમાં એમની ધીરજ અને ખંત સાચા અર્થમાં અપાર હતી. આ કાર્ય કરતાં એમને ન તો ક્યારેય કંટાળો આવતો કે ન તો તેઓ ક્યારેય ઉતાવળ કરતા. કોઈ પણ પ્રશ્ન કે શંકાનું સંતોષકારક કે સાચું સમાધાન મળે નહીં ત્યાં સુધી તેઓ, યોગીના જેવી પૂર્ણ એકાગ્રતાથી, એની પાછળ લાગેલા જ રહેતા. નાના સરખા ઉંદરને શોધવા ડુંગર ખોદવા જેટલી મહેનત કરવી હોય કે સુવર્ણની કણી મેળવવા ધૂળધોયાની જેમ ધૂળના ઢગલાને તપાસવો હોય તોપણ તેઓ હમેશાં તૈયાર રહેતા; અને ક્યારેક આટલી બધી મહેનતનું પરિણામ શૂન્યમાં આવે તોપણ તેઓ નિરાશ ન થતા. સત્યની એકાદ હીરાકણી મેળવવા માટે પણ તેઓ દિવસ-રાત મથામણ કર્યા જ કરતા. અને આટલું બધું કરવા છતાં, તેના ભારથી મુક્ત બનીને, સદા સુપ્રસન્ન રહી શકતા. સંશોધન–સંપાદનની દૃષ્ટિએ નમૂનારૂપ લેખી શકાય એવા એમના સંખ્યાબંધ ગ્રંથોનાં નામ લેખાવી શકાય; પણ એની યાદી આપવાનું આ સ્થાન નથી. અને તેઓએ આગમસંશોધનનું જે મહાન કાર્ય હાથ ધર્યું હતું તેને તો એમના જ્ઞાનમય વ્યક્તિત્વના સારરૂપ અને પંદરસો વર્ષ પહેલાં થઈ ગયેલ આગમગ્રંથોના મહાન સંરક્ષક અને પરમ પ્રભાવક શ્રી દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણે કરેલ આગમસંકલન જેવું શકવર્તી અને સુદીર્ઘ કાળ સુધી ઉપકારક બની રહે એવું જ માનવું જોઈએ.

પ્રાચીન આગમગ્રંથો તથા અન્ય સાહિત્યના સંશોધનની મહારાજશ્રીની અસાધારણ નિપુણતા તથા સંશોધન માટેની અપાર ખંત, ધીરજ અને ચીવટનો લાભ અનેક ગ્રંથો કે ગ્રંથમાળાઓને મળતો રહ્યો હતો. ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાનાં પ્રકાશનો નમૂનેદાર ગણાયાં અને દેશ-વિદેશના વિદ્વાનોની પ્રશંસા મેળવી શક્યાં એમાં મહારાજશ્રી તથા એમના ગુરુવર્ય મુનિ શ્રી ચતુરવિજયજીનો ફાળો ઘણો જ આગળ પડતો છે. આ પ્રકાશનો તેમ જ પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી, અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર તરફથી પ્રગટ થતી લા. દ. ગ્રંથમાળા તથા મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયની જૈન આગમ ગ્રંથમાળાનાં સંખ્યાબંધ પ્રકાશનો મહારાજશ્રીની પ્રાચીન ગ્રંથોના સંશોધન માટેની નિપુણતા, નિષ્ઠા અને ભક્તિની કીર્તિગાથા ચિરકાળ સુધી સંભળાવતાં રહેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રતિઓના નિષ્ણાત પારખુ અને ઉદ્ધારક**—પ્રાચીન જીર્ણશીર્ણ હસ્તપ્રતો તો જાણે મહારાજશ્રીના હાથમાં આવતાં જ પોતાની આપવીતી કહેવા લાગતી! પ્રત નાની હોય કે મોટી, સુરક્ષિત હોય કે જીર્ણ, અધૂરી હોય કે પૂરી—દરેકેદરેક પ્રતિનું મહારાજશ્રી પૂર્ણ ધ્યાનથી અવલોકન કરતા; અને, કોઈ ઝવેરી જેટલી ચીવટથી હીરાની પારખ કરે એટલી ચીવટથી, એનું મૂલ્યાંકન કરતા. મહારાજશ્રી ગ્રંથલેખનની અને ગ્રંથોની સાચવણીની પ્રાચીન તેમ જ અર્વાચીન પદ્ધતિ તથા સામગ્રીથી તેમ જ આધુનિક વૈજ્ઞાનિક સાધનોથી પૂર્ણ પરિચિત હોવાને કારણે કયા જીર્ણ ગ્રંથના પુનરુદ્ધાર માટે કેવી માવજત કરવાની જરૂર છે તે તેઓ બરાબર જાણતા હતા. પ્રાચીન ગ્રંથોના એકસરખા માપનાં સેળભેળ થઈ ગયેલાં પાનાંઓમાંથી તેમ જ તાડપત્રીય ગ્રંથોના ટુકડાઓમાંથી આખા કે અધૂરા ગ્રંથોને તૈયાર કરી આપવાની મહારાજશ્રીની સૂઝ અને નિપુણતા ખરેખર અસાધારણ અને હેરત પમાડે એવી હતી. ચોટીને રોટલો થઈ ગયેલી કંઈક પ્રતો એમના હાથે નવજીવન પામી હતી. પ્રતિઓના ઉદ્ધારના તેઓના આ કાર્યમાં માઈક્રોફિલ્મ, ફોટોસ્ટેટ અને એન્લાર્જમેન્ટ લેવરાવવાનો પણ સમાવેશ થતો. મતલબ કે જે રીતે બને તે રીતે તેઓ પ્રાચીન પ્રતોને સુરક્ષિત બનાવવાનું કાર્ય કરતા જ રહેતા.

**ગ્રંથભંડારોનો ઉદ્ધાર**—મહારાજશ્રી તથા એમના ગુરુજી અને દાદાગુરુશ્રીએ મળીને લીંબડી, પાટણ, ખંભાત, વડોદરા, ભાવનગર, પાલીતાણા, અમદાવાદ, જેસલમેર, બિકાનેર, જોધપુર ઉપરાંત ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનના સંખ્યાબંધ ગ્રંથભંડારોને તપાસી, એમને સુવ્યવસ્થિત કરી, કેટલાકની યાદીઓ તૈયાર કરી આપી હતી અને કેટલાકની સવિસ્તર સૂચિઓને મુદ્રિત પણ કરાવી આપી હતી. વળી, ક્યાંક ક્યાંક તો રેપરો, બંધનો, ડાબડા કે પેટીઓ અને કબાટ સુધ્ધાંની વ્યવસ્થા કરાવી કેટલાય પ્રાચીન ગ્રંથભંડારોને નામશેષ થતા બચાવી લીધા હતા. આ માટે તેમણે જે જહેમત ઉઠાવી અને જે કષ્ટસાધ્ય વિહારો કર્યા, તે બીના શ્રુતરક્ષાના ઇતિહાસમાં સોનેરી અક્ષરે અંકિત થઈ રહે એવી છે. તેમાંય જેસલમેરના ભંડારોની સાચવણી માટે સોળ-સોળ મહિના સુધી તેઓએ જે તપ કર્યું હતું અને કષ્ટ ઉઠાવ્યું હતું, એનો ઇતિહાસ તો જેવો પ્રેરક છે એવો જ રોમાંચક છે. આ કાર્યમાં જેમ અનેક મુશ્કેલીઓ આવી તેમ એમાં સહાયકો પણ આપમેળે આવી મળ્યા હતા.

જેસલમેરના ભંડારના ઉદ્ધારના અનુસંધાનમાં ત્રણ બાબતો વિશેષ નોંધપાત્ર બની તેનો નિર્દેશ અહીં કરવો પ્રસંગોચિત લેખાશે :

(૧) વિ. સં. ૨૦૦૬ના કારતક વદિ સાતમે મહારાજશ્રીએ જેસલમેર માટે વિહાર કર્યો. એ વખતે શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ મહારાજશ્રીને સાબરમતીમાં મળેલા. તે પછી મહારાજશ્રી જેસલમેરમાં કામ કરતા હતા ત્યારે તેઓ જેસલમેર જઈને ચારેક દિવસ ત્યાં રોકાયા હતા અને મહારાજશ્રી દ્વારા થઈ રહેલ કામને પ્રત્યક્ષ જોયું હતું. ઉપરાંત, ક્યારેક તેઓને પાટણ જવાનું થતાં ત્યાંના શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરનું એમણે નિરીક્ષણ કર્યું હતું. આ બધાંને લીધે એમના મનમાં જ્ઞાનભંડારોના રક્ષણ અને ભારતીય સંસ્કૃતિ તથા જૈન સંસ્કૃતિના અધ્યયન માટે કંઈક નક્કર કામ કરવાની ભાવનાનાં બીજ રોપાયાં. એનું પરિણામ અંતે અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર નામે વિખ્યાત સંસ્થાની સ્થાપનારૂપે આવ્યું.

(૨) જેસલમેરના વિહાર માટે મહારાજશ્રી અમદાવાદ થઈને પાટણ જઈ રહ્યા હતા. એક દિવસ વહેલી સવારે રણુંજથી તેઓએ રેલના પાટે પાટે વિહાર શરૂ કર્યો. પૂરા પ્રકાશના અભાવે એમણે ગરનાળાને ન જોયું અને તેઓ ગરનાળાથી ૧૫-૧૭ ફૂટ નીચે પડી ગયા. પણ જે શક્તિએ બચપણમાં આગથી અને મોટી ઉંમરે સંઘરણી જેવા ભયંકર વ્યાધિમાંથી મહારાજશ્રીને બચાવી લીધા હતા, એણે જ આ વખતે પણ એમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આણંદ બચાવી લીધા! આટલે ઊંચેથી પડવા છતાં એમને ખાસ કાંઈ વાગ્યું નહીં; અને તે પછી તો સાતેક માઈલ જેટલો લાંબો વિહાર કરીને તેઓ પોતાના સ્થાને પહોંચ્યા! **રામનાં કેવાં અદ્ભુત રખવાળાં!** મહારાજશ્રી કહેતા, હું ગૌતમસ્વામીનું નામ લઈ વિહાર કરું છું એટલે ઉપદ્રવોમાંથી બચી જવાય છે. ગૌતમસ્વામી ઉપર તેઓને ખૂબ આસ્થા હતી; અને કોઈ પણ કામની શરૂઆત તેઓ ગૌતમસ્વામીનું સ્મરણ કરીને જ કરતા.

(૩) જેસલમેરના ભંડારોના ઉદ્ધાર દરમ્યાન ત્યાંની તાડપત્રીય પ્રતોની માઈક્રોફિલ્મ લેવરાવવાના કામ માટે શ્રી ફતેહચંદ બેલાણીને અવારનવાર દિલ્હી જવાનું થતું. આ દરમ્યાન રાષ્ટ્રપતિ બાબૂ રાજેન્દ્રપ્રસાદજીનું ધ્યાન આવી અમૂલ સાહિત્યસમૃદ્ધિ તરફ અને ખાસ કરીને અહિંસાના પેગંબર ભગવાન મહાવીરની ધર્મવાણી જે ભાષામાં સચવાઈ છે, તે પ્રાકૃત ભાષાના ગ્રંથો પ્રગટ કરવા તરફ ગયું. એને લીધે છેવટે "પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી" નામની, પ્રાકૃત–અર્ધમાગધી ભાષામાં રચાયેલ સાહિત્યનું પ્રકાશન કરવાના ધ્યેયને વરેલી સંસ્થાની સ્થાપના કરવાનું શક્ય બન્યું. આ સંસ્થાએ અર્ધમાગધી ભાષાના સંખ્યાબંધ પ્રાચીન ગ્રંથો પ્રકાશિત કરીને દેશ-વિદેશના વિદ્વાનોમાં સારી નામના મેળવી છે.

પ્રાચીન ગ્રંથો અને એના ભંડારોની જાળવણી કેવી રીતે કરવી એ બાબતમાં મહારાજજી નિષ્ણાત હતા, એટલે એમના હાથે જે જે ભંડારોનો ઉદ્ધાર થવા પામ્યો તે ચિરકાળ માટે સુરક્ષિત બની ગયા. વળી, આવા ભંડારોનો વિદ્વાનો સહેલાઈથી ઉપયોગ કરી શકે એવી ગોઠવણ પણ જ્યાં શક્ય હોય ત્યાં કરવાનું તેઓ ચૂકતા નહીં: આ એમના જ્ઞાનભંડારોના ઉદ્ધારની બીજી વિશિષ્ટતા હતી.

**જ્ઞાનમંદિરોની સ્થાપના**–દાદાગુરુ અને ગુરુજીના પ્રયાસથી એ બંનેની જન્મભૂમિ વડોદરા અને છાણીમાં સમૃદ્ધ જ્ઞાનભંડારોની સ્થાપના છેક પોણોસો અને પચાસેક વર્ષ પહેલાં થઈ હતી. ઉપરાંત, તેઓના મહારાજશ્રીના તેમ જ આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના સંયુક્ત પ્રયાસથી પાટણમાં શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર નામે શાનદાર ગ્રંથભંડારની સ્થાપના થઈ હતી. અને તેનું ઉદ્ઘાટન, વિ. સં. ૧૯૯૫માં, શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીના હાથે થયું હતું. આને લીધે વિદ્વાનો અને અભ્યાસીઓ માટે પાટણમાં એક વિદ્યાની પરબ શરૂ થઈ છે, એમ કહેવું જોઈએ.

આ બધા ઉપર સુવર્ણકળશ ચડાવ્યો જૈનપુરી અમદાવાદે. જ્ઞાનતપસ્વી મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજની અપૂર્વ શ્રુતભક્તિ અને શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈની ઉદારતાના સંગમને તીરે લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરને નામે એક જાજરમાન વિદ્યાતીર્થની સ્થાપના વિ. સં. ૨૦૧૩ના વિજયાદશમીને શુભ દિવસે થઈ. મહારાજશ્રીએ પોતાના હસ્તલિખિત અને મુદ્રિત હજારો મૂલ્યવાન ગ્રંથોનો અમૂલ્ય ખજાનો એ સંસ્થાને ભેટ આપી દીધો હતો. ઉપરાંત, તેઓશ્રીની ભાવના મુજબ, તેઓના સ્વર્ગવાસ બાદ, તેઓશ્રીનો કળાનો સંગ્રહ પણ આ સંસ્થાને ભેટ મળી ગયો છે. આ સંગ્રહમાંની કળાસામગ્રી વિવિધ પ્રકારની, વિપુલ અને જેનું મૂલ્ય ન આંકી શકાય એવી છે. આ સામગ્રીની સમૃદ્ધિનો ખ્યાલ તો એનાં દર્શન કરવાથી જ આવી શકે. કળાનો આ ભંડાર મહારાજશ્રીની નિઃસ્પૃહતા, અનાસક્તિ અને લોકોપકારની વૃત્તિની કીર્તિગાથા હંમેશાં સંભળાવતો રહેશે. સમયના વહેવા સાથે આ સંસ્થા, પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયાના કુશળ અને ઉદાર સંચાલન નીચે, ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહી છે. ગુજરાતના ગૌરવ સમી આ સંસ્થા જૈન વિદ્યા અને ભારતીય વિદ્યાના દેશ-વિદેશના વિદ્યાર્થીઓ, વિદ્વાનો, અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓનું ધામાધામ બની રહેલ છે. આ સંસ્થા તરફથી પ્રગટ થયેલ ચાલીસ જેટલાં પ્રાચીન ગ્રંથો તથા જ્ઞાનભંડારોની સૂચીઓને લીધે દેશ–વિદેશમાં આ સંસ્થા વિશેષ નામાંકિત થઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજશ્રીના અંતરમાં એક બીજી ઝંખના પણ રમી રહી હતી, એનો નિર્દેશ પણ અહીં જ કરવો પ્રસંગોચિત છે. મહારાજશ્રીના મનોરથો હતા કે મૂળ આગમસૂત્રોની જે સુસંપાદિત–શુદ્ધ આવૃત્તિઓ તૈયાર થાય એના આધારે એક આગમમંદિરની રચના કરવામાં આવે. મહારાજશ્રીના મનોરથની સફળતામાં આપણને બેવડો લાભ થવાનો હતો: એક તો બધાં આગમસૂત્રોની સુસંશોધિત–વિશુદ્ધ આવૃત્તિઓ પ્રગટ થવાને લીધે એ બધા ધર્મગ્રંથો સદાને માટે સુવ્યવસ્થિત બની જાય; અને બીજો લાભ તે આવું આગમમંદિર ઊભું થાય તે. પણ હવે તો આવા ઉમદા મનોરથો સેવનાર પોતે જ આપણાથી સદાને માટે વિદાય થયા, એ દુઃખ કોને કહેવું!

**કળાની પરખ**—પ્રાચીન પ્રતો અને ગ્રંથભંડારોના સંરક્ષણની કળાની વિશિષ્ટ જાણકારીની સાથોસાથ પ્રતોને અને ગ્રંથસ્થ તેમ જ અન્ય ચિત્રસામગ્રી કે પ્રાચીન કળામય વસ્તુઓને પારખવાની મહારાજશ્રીની શક્તિ પણ અદ્ભુત હતી. ઉપરાંત, કઈ પ્રતનું, કઈ દૃષ્ટિએ, શું મૂલ્યાંકન કરી શકાય, એની પણ તેઓ સ્પષ્ટ સમજ ધરાવતા હતા. આવી વિરલ કળાસામગ્રી જાણે આપમેળે જ પોતાની કથા મહારાજશ્રીને કહી સંભળાવતી!

**વિદ્વાનોને સહકાર**—આ બધા ઉપરાંત મહારાજશ્રીની સૌથી ચડિયાતી અને અતિવિરલ કહી શકાય એવી વિશિષ્ટતા હતી વિદ્વાનો અને વિદ્યાના ખપીઓને જરૂરી બધી સહાય આપવાની તત્પરતા. જેમને છાપેલ પુસ્તકો, હસ્તલિખિત પ્રતો, એની માઈક્રોફિલ્મ કે ફોટોસ્ટેટ કોપી વગેરે જોઈએ તેને તે વસ્તુ તો તેઓ તરત જ સુલભ કરી આપતા, એટલું જ નહીં, કોઈ તેઓએ પોતે કરેલ કે બીજા પાસે કરાવેલ અને બીજી પ્રતોને આધારે સુધારેલ કોઈ પ્રાચીન ગ્રંથની તૈયાર પ્રેસકોપીની માગણી કરે તો તે પણ તેઓ જરાય ખમચાયા વિના પૂર્ણ ઉદારતાથી આપી દેતા; અને એમ કરીને પોતે કોઈના ઉપર અહેસાન કર્યું હોય એવો ભાવ ન તો જાતે અનુભવતા કે ન તો બીજાને એવો ભાવ દેખાવા દેતા. કોઈનું પણ કામ કરી આપવાની પરગજુ વૃત્તિ જાણે એમના જીવન સાથે સહજપણે વણાઈ ગઈ હતી.

એક વાર મારા મિત્ર શ્રી દલસુખભાઈ માલવણિયાએ બનારસના કોઈ વિદ્વાનને સ્યાદ્વાદરત્નાકરના બધા ભાગોની જરૂર હોવાની અને પૈસા ખરચવા છતાં પણ બજારમાંથી એ નહીં મળતા હોવાની સહજપણે વાત કરી. મહારાજશ્રીએ તરત જ કબાટ ઉઘાડીને એ પુસ્તકના બધા ભાગ દલસુખભાઈને આપવા અને એ વિદ્વાનને મોકલી આપવા સૂચવ્યું; અને વધારામાં ઉમેર્યું કે એ એનો ઉપયોગ કરશે, એ પણ લાભ જ છે ને! આપણે તો વળી ગમે ત્યાંથી મેળવી લઈશું. શોધવા ઇચ્છીએ તો આવા તો સંખ્યાબંધ પ્રસંગો મહારાજશ્રીના જીવનમાંથી સાંપડી શકે. આનો સાર એ છે કે જ્ઞાનોદ્ધારમાં અને જ્ઞાનપ્રસારમાં તેઓશ્રીને એવો જીવંત રસ હતો કે એ કામ તેઓ પોતે કરે કે બીજા કરે, એ એમને મન સરખું હતું. અને બીજાને એની જ્ઞાનોપાસનામાં બધી સગવડ મળી રહે એની તેઓ પૂરી ચિંતા રાખતા. પોતે ગમે તેવા ગંભીર કામમાં એકાગ્ર થયા હોય, પણ કોઈ જિજ્ઞાસુ આવે તો તેઓ લેશ પણ કૃપણતા કર્યા વગર આવનારને બરોબર સંતોષ થાય એ રીતે પૂરેપૂરો સમય આપતા. અને એમને કોઈ બાબતમાં જરાક પ્રશ્ન પૂછીએ તો એમની શતમુખે પાંગરેલી વિદ્યાપ્રતિભાનાં તરત જ દર્શન થતાં. એમનું બહુશ્રુતપણું કે શાસ્ત્રપારગામીપણું જોઈને કોઈ પણ આશ્ચર્યમુગ્ધ થયા વગર ન રહેતા.

**વિનમ્ર વિદ્વત્તા**—મહારાજશ્રી અનેક વિષયોના પારગામી વિદ્વાન હોવા છતાં તેઓ ક્યારેય પોતાની પંડિતાઈ કે વાક્ચાતુરીથી બીજાને આંજી નાખવાનો પ્રયત્ન ન કરતા. અંતરમાંથી વહેતી એમની સહજ સરળ વાણી જાણે સામી વ્યક્તિને વશ કરી લેતી. વિ. સં. ૧૯૨૪માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણમહોત્સવ પ્રસંગે આગમ પ્રકાશન યોજનાના પહેલા ગ્રંથ નંદિ-અનુયોગદ્વાર સૂત્રનું અમદાવાદમાં પ્રકાશન થયું તે વખતે (તા. ૨૬–૨–૧૯૬૮ના રોજ) એમણે ઉચ્ચારેલા આ ઉદ્ગારો તેઓની વિનમ્રતા, કૃતજ્ઞતા, ગુણગ્રાહક દૃષ્ટિ, પોતાની ભૂલોને જોવા–સ્વીકારવાની સહજ સરળતા અને સત્યપ્રિયતાની સાક્ષી પૂરે એવા છે:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"અહીંયાં વિદ્વાન વક્તાઓએ જે કંઈ કહેવું જોઈએ તે ઘણું કહ્યું છે; ને હવે બહુ કહેવાનું રહેતું નથી. તેમાં પણ મારે શું કહેવું એ એક મોટો પ્રશ્ન છે. હું તો ઇચ્છું કે અમે જે આ કામ કરીએ છીએ, તેમાં અમારી ત્રુટિ ક્યાં છે તે સૂચવનાર અમને મળે. મહેનત તો ઘણી કરવામાં આવી છે. તેમ છતાં પ્રસંગે પ્રસંગે વિચારવામાં આવે ત્યારે ત્રુટિ એટલી બધી દેખાય છે કે આટલા મહાભારત કામને નિર્દોષ રીતે, કેવી રીતે પાર પાડવું તે પણ એક મોટો પ્રશ્ન છે. તેમ છતાં આજે કેટલાંક સાધનોને લીધે, પ્રાચીન ભંડારોનાં અવલોકનોને લીધે, સાહિત્યની આલોચનાને લીધે અને વિદ્વાનોના સમાગમને લીધે, જે કંઈ સ્ફૂર્તિ જીવનમાં જાગી છે તેનો ઉપયોગ અહીં કરી લેવો એ દૃષ્ટિએ આ પ્રવૃત્તિ હાથ ધરી છે.

"દુનિયાના વિદ્વાનો ઉપર નજર કરીએ ત્યારે અમારું સંપાદન પૂર્ણ છે, એમ કહેવાની અમે હિંમત નથી કરતા. જોકે આ કામ હું એકલો નથી કરતો, બધા જાણતા હોય કે હું આ કામ એકલો કરું છું, તેમ છતાં પણ એમાં મારી સાથે આત્મીય ભાવે કામ કરનાર ઘણા મિત્રો છે: દલસુખભાઈ, પં૦ અમૃતલાલ વગેરે ઘણા ઘણા એવા વિદ્વાનો છે, જેઓ આ કાર્યમાં રાતદિવસ રચ્યાપચ્યા રહે છે. એને લઈને મારો ભાર ઓછો થઈ જાય છે. છેલ્લાં વર્ષોમાં મારી આંખો મોતિયાને લીધે અસમર્થ હતી, તે વેળા આ વિદ્વાનોએ જ કામને વેગ આપ્યો હતો.

"સાત વર્ષ વહી ગયાં. સાઠની સાલથી આ વિચાર થયો હતો. આટલાં વર્ષોમાં એક જ વોલ્યુમ બહાર પડ્યું, એથી એવો વિચાર આવે કે સાત વર્ષમાં એક જ વોલ્યુમ બહાર પડ્યું, તો બધું કામ ક્યારે પાર પડશે? બીજી તરફ દૃષ્ટિ કરવામાં આવે તો એકએક વિષય પર આજે વિદ્વાનો જે વિચારે છે, એ વિચારવાનો સમય નથી. કામ ઘણું મોટું છે. એટલે અમે મર્યાદા નક્કી કરી આગમો તૈયાર કરીએ છીએ.

"ડૉ૦ શુબ્રીંગ, ડૉ૦ લોયમન, ડૉ૦ આલ્સડોર્ફ એ બધાએ આગમો વિષે ઘણું વિચાર્યું છે. હમણાં ડૉ૦ આલ્સડોર્ફના બે આર્ટિકલ આવ્યા છે. એક તો ઇત્થીપરિન્ના વિષે હતો. આ ક્રિટિકલ પ્રકાશન તેમણે ત્યાંના જર્નલમાં પ્રકાશિત કર્યું હતું. આ લેખનો ગુજરાતી અનુવાદ મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવ ગ્રંથમાં પ્રગટ થયો છે. ઇત્થીપરિન્ના વિષે જૈન સાધુને પૂછવામાં આવે તોપણ તે બતાવી નહિ શકે કે તે કેવી વસ્તુ છે, ને તેનું કેટલું મહત્ત્વ છે. ડૉ૦ આલ્સડોર્ફે તેના અધ્યયનને કાવ્યમય બનાવ્યું છે. હું નથી ધારતો કે અમારામાંથી કોઈનેયે એનો ખ્યાલ હોય કે આ અધ્યયન કાવ્યમય છે કે તેના છંદોનો ખ્યાલ હોય. અમે ત્યાં સુધી પહોંચ્યા નથી.

"બધા આગમો ભેગા કરવામાં આવે તો સહકારથી અશુદ્ધિઓનું સંશોધન થાય; એ એકાએક શક્ય નથી. તેમ છતાં પ્રાચીન આદર્શો એકત્ર કરીએ તો કેટલીક વાર શુદ્ધ પાઠો મળે છે. એ આધારે અત્યારનું કાર્ય કરવામાં આવે છે. સામાન્ય રીતે અમારી દૃષ્ટિ કંઈક શ્રદ્ધાભિમુખ છે. કેટલીક વખત એમ કહેવામાં આવે છે કે શ્રદ્ધા મૌલિક વિચારોને રોકે છે. એમ બનતું હશે. પણ શ્રદ્ધાની મર્યાદા કરી બીજા પાઠભેદો વિચારતાં ઘણી વસ્તુઓ વિચારાય છે. માત્ર એક ગ્રંથના પ્રત્યંતરોના આધારે આ સંશોધન કરવામાં નથી આવતું, પણ તે ગ્રંથનાં અવતરણો, ઉદ્ધરણો ને પ્રાચીન પ્રમાણોનો અને આગમના પાઠોનો ટીકાકારો, ચૂર્ણિકારો, ટિપ્પણકારો ને વૃત્તિકારો—બધાએ જ્યાં જ્યાં નિર્દેશ કર્યો છે તે સ્થળોની તપાસ થાય છે. અત્યાર સુધી જે જે આગમો છપાયા છે તેને પ્રાચીન તાડપત્રીઓની જે જે પ્રતો મળી શકી તે પ્રતો સાથે સરખાવી શુદ્ધ કરી રાખ્યા છે. તેને આધારે પાઠોનો નિર્ણય કરીએ છીએ.

"ઘણી વાર એવું બને છે કે સંશોધનકારે સંશોધનમાં કોઈ સ્થળે, જરૂર જણાય ત્યાં, પાઠ દાખલ કરેલો હોય છે. તે યોગ્ય સ્થળે દાખલ થયો છે કે કેમ તે વિષે શંકા જાગે છે. અમારી આ મોટી મુશ્કેલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એટલે શુદ્ધ પાઠો નક્કી કરવા મુશ્કેલ છે. કોઈ પ્રતિમાં જોઈ પાઠો દાખલ કર્યા છે કે કેમ એ, જેસલમેર, પાટણ, ડેક્કન કૉલેજ, સૂરત, વડોદરાના ભંડારો જોઈને, તથા ખંભાતના ભંડારની પણ પ્રાચીન પ્રતિઓની તપાસ કરીને, નક્કી કરીએ છીએ પ્રાચીન કાળથી ત્યાં પાઠો પડી ગયા છે. આજ સુધી અમે એક જ કામ કર્યું છે : દરેક પ્રાચીન ગ્રંથોને અનેકાનેક પ્રતિઓ સાથે સરખાવ્યા છે. એને આધારે એક એક આગમનું સંપાદન થાય છે. ભવિષ્યે પણ એ જ પદ્ધતિ રહેશે.

"આ આગમો તૈયાર કરીએ છીએ, એ વિદ્વાનો તપાસે, તપાસીને સ્ખલના હોય તેમ જ સંપાદન-પદ્ધતિમાં દોષ હોય, તો તેનું ભાન કરાવશે તો અમે રાજી થઈશું. સ્તુતિ કરનાર તો ઘણા મળે છે, પરંતુ ત્રુટિઓ દેખાડે એવા વિદ્વાનો ઘણા ઓછા મળે છે. હું ઇચ્છું છું કે તેઓ ત્રુટિઓ બતાવે. અમે એ વસ્તુ લક્ષમાં લઈ તેનો ભવિષ્યે અમારાં સંપાદનોમાં ઉપયોગ કરશું.

"અત્યારે દલસુખભાઈ વગેરે અહીં છે નહિ. તે બધા સહકાર્યકરોનો આ કાર્યમાં સહકાર છે. આત્મીયભાવે પોતાનું જીવન એ ઓતપ્રોત કરીને રહેલ છે. એવા કાર્યકરો ન હોય તો આ કામ ન થાય.

"પ્રાચીન કાળમાં અભયદેવાચાર્યે પણ લખ્યું છે કે ટીકાઓ રચતાં પહેલાં દરેક આગમોની શુદ્ધ પ્રતો તૈયાર થતી; અનેક જાતના પાઠાંતરો જોઈ જવાતા. એવા પાઠાંતરો કે જેના પાઠભેદો મૂંઝવી નાંખે કે સેંકડો કૃતિઓના પાઠભેદોમાંથી કયો પાઠ સ્વીકારવો અને કયો જતો કરવો ? શ્રી અભયદેવાચાર્યને તેથી જ લખવું પડ્યું કે—

वाचनानामनेकत्वात्, पुस्तकानामशुद्धितः ।
सूत्राणामतिगाम्भीर्यात्, मतभेदाच्च कुत्रचित् ॥

"દરેક ગ્રંથમાં ક્યાંક થોડા ને ક્યાંક વધતા, ક્યાંક નાના ને ક્યાંક મોટા, ક્યાંક શુદ્ધ અને ક્યાંક અશુદ્ધ પાઠભેદો મળી આવે છે.

"સેંકડો વર્ષોથી લિપિના વિકારોથી, લહિયાઓ લિપિ સમજતા નહિ તેથી તેમ જ વિદ્વાનો ભાષા ન જાણે તેથી પાઠભેદો વધતા રહ્યા છે. બધાનો વિચાર કરવો દુષ્કર છે. તેમ છતાં અમે વીતરાગદેવના પ્રતાપે જે કંઈ બુદ્ધિનું બિંદુ મળ્યું છે તેનો આરાધનામાં ઉપયોગ કર્યો છે. વિદ્વાનો ત્રુટિઓ માટે ક્ષમા કરે."

(જ્ઞાનાંજલિ, પૃ. ૨૯૫-૨૯૬; શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો ૫૩મો વાર્ષિક રિપોર્ટ)

મહારાજશ્રીના આ ટૂંકા છતાં મુદ્દાસરના પ્રવચનમાં આગમ-સંશોધનની મુશ્કેલ પ્રક્રિયા કે પદ્ધતિનું નિરૂપણ તો જોવા મળે જ છે; ઉપરાંત, એમાં પોતાની ખામી બતાવનાર કોઈ નીકળે એવી સામે ચાલીને માગણી કરવી, કોઈ ખામી બતાવે તો તેથી દુઃખ લગાડવાને બદલે ઊલટું રાજી થવું, અને જાણેલી ખામીને ધ્યાનમાં લઈ ભવિષ્યમાં એનો ઉપયોગ કરવાની તત્પરતા બતાવવી—આવી ઉન્નત ભૂમિકા તો કોઈ ઉચ્ચાશયી, સત્ય-ધર્મ-નિષ્ઠ અને યોગસિદ્ધ આત્માને જ સંભવી શકે. એમ લાગે છે કે મહારાજશ્રીને એવી ભૂમિકા સાવ સહજપણે સિદ્ધ થઈ હતી.

વિદ્યાવાન કે કળાવાન વ્યક્તિ ગૃહસ્થ હોય તોપણ એનું સમુચિત સન્માન થવું જ જોઈએ એવી ઉદાર અને ગુણગ્રાહી મહારાજશ્રીની દૃષ્ટિ હતી. આ વાત જાણીતા ચિત્રકાર શ્રી ગોકુલદાસ કાપડિયાએ દોરેલ ભગવાન મહાવીરનાં સુંદર ચિત્રોના સંપુટના આમુખમાંના મહારાજશ્રીના નીચેના ઉદ્ગારોથી પણ જાણી શકાય છે. તેઓશ્રીએ લાગણીપૂર્વક, મુક્ત મને, લખ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ભાઈ શ્રી કાપડિયાએ અનેક વર્ષો સુધી આત્મીયભાવે અથાગ શ્રમ સેવી આપણને શ્રમણ ભગવાન મહાવીરની ચિત્રકથા ઉપહૃત કરી છે તે બદલ તેમને આપણા સૌનાં અંતરનાં અભિનંદન અને વંદન છે."

(જ્ઞાનાંજલિ, પૃ. ૨૨૭)

સાચે જ, આવી ઉદારતા અને ગુણગ્રાહક દૃષ્ટિનાં દર્શન અતિ દુર્લભ છે.

**જ્ઞાનપ્રસારની ઝંખના**—વિકાસ માટે વિદ્યાના આદર્શની જરૂર સમજાવતાં તેઓ કહે છે કે—

"જગત તરફ નજર કરીશું તો જણાશે કે, જે ધર્મ, જે સમાજ, જે પ્રજા કે જે રાષ્ટ્રમાં જેટલો વિદ્યાનો વિશાળ આદર્શ હશે, તેટલું જ તેનું વ્યક્તિત્વ જગત સમક્ષ વધારે પ્રમાણમાં ઝળકી ઊઠશે. અને જેટલી એના વિદ્યાના આદર્શમાં સંકુચિતતા કે ઓછાશ હશે એટલી એના વ્યક્તિત્વમાં ઊણપ જ આવવાની. એક કાળે જૈન શ્રમણસંસ્થાનું દરેકેદરેક બાબતમાં કેટલું વ્યક્તિત્વ હતું! આજે એ વ્યક્તિત્વ કયા પાતાળમાં જઈ રહ્યું છે?" (જ્ઞાનાંજલિ, પૃષ્ઠ ૨૧૩)

જૈન શ્રમણસમુદાયની અત્યારની નબળી જ્ઞાનભૂમિકા અંગે ખેદ દર્શાવતાં તેઓ કહે છે કે—

"પ્રાચીન ગ્રંથો તરફ નજર કરીએ ત્યારે ખુલ્લું જોઈ શકાય છે કે તે ગ્રંથોના પ્રણેતા આચાર્યાદિકોએ પોતાના જમાનાની વિદ્યાના કોઈ પણ અંગના અભ્યાસને છોડચો નથી, જ્યારે અત્યારના આપણા શ્રમણવર્ગની દશા એવી છે કે પોતે જે સંપ્રદાયના ધુરંધર તરીકે હોવાનો દાવો કરે છે, તે સંપ્રદાયનાં મૌલિક શાસ્ત્રોનો તેમનો અભ્યાસ પણ અતિ છીછરો અથવા નહિ જેવો જ હોય છે. આ સ્થિતિમાં આપણે એમના પાસેથી દરેક વિષયને લગતા ઊંડા અભ્યાસની આશા શી રીતે રાખી શકીએ?...એક સમય એવો હતો, જ્યારે જૈનાચાર્યો અને જૈનધર્મના અસ્તિત્વને સમર્થ વિદ્વાનોથી ગાજતી રાજસભાઓમાં સ્થાન હતું. આજે એમનો જ વારસો અને ગૌરવ ધરાવવાનો દાવો કરનાર જૈન શ્રમણોનું વિદ્યાના કોઈ પણ ક્ષેત્રમાં નજીવું સરખુંય સ્થાન અગર વ્યક્તિત્વ છે ખરું? જૈનેતર વિદ્વાનોનું વિદ્યાના વિવિધ વિભાગોમાં જે ગૌરવભર્યું સ્થાન આપણે જોઈ રહ્યા છીએ, તેમાંનું એક શતાંશ જેટલુંયે આજે આપણા જૈન શ્રમણોનું સ્થાન હોય એમ મારી દૃષ્ટિએ નથી લાગતું." (જ્ઞાનાંજલિ, પૃ. ૨૧૩-૨૧૫)

પ્રાચીન ગ્રંથોના જતન પ્રત્યેની આપણી ઉપેક્ષાવૃત્તિ અંગે ટકોર કરતાં મહારાજશ્રી કહે છે કે—

"જેમ જનતા દરેક બાબતમાં 'સાપ ગયા અને લીસોટા રહ્યા' એ નિયમાનુસાર દરેક રીત-રિવાજોમાંથી મૂળ ઉદ્દેશોને કિનારે મૂકી બાહ્ય આડંબરમાં ખૂંચી જાય છે, તેમ આ તહેવારને અંગે (જ્ઞાનપંચમી અંગે) પણ થયા સિવાય રહ્યું નથી. અર્થાત્ આ તહેવારને દિવસે પુસ્તકભંડારો તપાસવા, તેમાંનો કચરો સાફ કરવો, હવાઈ ગયેલ પુસ્તકોને તડકો દેખાડવો, ચોંટી ગયેલ પુસ્તકોને ઉખાડી સુધારી લેવાં, પુસ્તકસંગ્રહમાં જીવાત ન પડે તે માટે મૂકેલ ઘોડાવજ આદિની પોટલીઓને બદલવી આદિ કશું જ કરવામાં આવતું નથી. એટલે અત્યારે તો આ તહેવાર નામશેષ થયા જેવો જ ગણાય." (જ્ઞાનાંજલિ, પૃષ્ઠ ૫)

મહારાજશ્રીના આ બધા ઉદ્‌ગારો જ્ઞાનપ્રસારની અને જ્ઞાનોદ્ધારની એમની ભાવના કેટલી તીવ્ર હતી, એનું સૂચન કરે છે. અને માત્ર આવી ભાવના વ્યક્ત કરીને કે વર્તમાન પરિસ્થિતિની સામે રોષ કે અફસોસ જાહેર કરીને જ નિષ્ક્રિય બેસી ન રહેતાં એ દિશામાં તેઓ જીવનભર તન તોડીને, મન દઈને, પૂર્ણ નિષ્ઠાપૂર્વક કામ પણ કરતા રહ્યા, એ હકીકત જ એમને સાચા જ્ઞાનોદ્ધારક પુરવાર કરે છે.

## આગમ-સંશોધનનું વિરાટ કાર્ય

આગમસૂત્રો એ જૈનધર્મ અને સંસ્કૃતિની જીવાદોરી છે, અને વિવિધ વિષયને સ્પર્શતા વિપુલ જૈન સાહિત્યના સર્જનના મૂળમાં મુખ્યત્વે આ આગમસૂત્રો જ રહેલાં છે. મૂળ સૂત્રો અને એની સમજૂતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવાના ઉદ્દેશથી રચાયેલ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા–વૃત્તિને આગમ પંચાંગી તરીકે ઓળખવામાં આવે છે. મહારાજશ્રી બધાં આગમસૂત્રો અને સમગ્ર આગમિક સાહિત્યના નિષ્ણાત જ્ઞાતા તથા અસાધારણ સંશોધક હતા; તેમ જ તેઓની આગમભક્તિ પણ અસાધારણ હતી. મૂળ આગમો તેમ જ આગમિક સાહિત્યને સમજવાનું તેમ જ શુદ્ધ કરવાનું મહારાજશ્રીનું સિદ્ધહસ્તપણું જોઈને તો એમ જ લાગે કે એ તેઓની જન્મ-જન્માંતરની જ્ઞાનસાધનાનું જ ફળ હોઈ શકે.

તત્ત્વજિજ્ઞાસુઓ અને અભ્યાસીઓને સમગ્ર આગમિક સાહિત્ય મુદ્રિત રૂપમાં સુલભ કરી આપવાનું, શ્રી દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણના જેવું જ, પાયાનું મહાન સંશોધનકાર્ય આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે કર્યું અને તેઓ સાચા અર્થમાં 'આગમોદ્ધારક' કહેવાયા. આગમ-સંશોધનના આ કાર્યમાં જે કંઈ અશુદ્ધિઓ કે ખામીઓ રહી ગઈ તેને દૂર કરવાનું તેમ જ બાકી રહેલ આગમિક સાહિત્યને સંશોધિત કે મુદ્રિત કરવાનું યુગકાર્ય કરવાનો કાર્યયોગ જાણે મુનિ શ્રી પુણ્યવિજયજીએ પૂરો કરવાનો હતો. અને છેલ્લાં ચાલીસ–પિસ્તાલીસ વર્ષ સુધી આ કાર્ય કરતાં રહીને તેઓએ આગમ-સંશોધનનું કેટલું વિરાટ કાર્ય કર્યું હતું એનો ખ્યાલ તો તેઓને હાથે મુદ્રિત થયેલ, તેમ જ સંશોધન-સંપાદનની વૈજ્ઞાનિક પદ્ધતિથી શુદ્ધ થયા પછી પણ મુદ્રિત થવા બાકી રહેલ, સંખ્યાબંધ નાના-મોટા ગ્રંથોને જોવાથી જ આવી શકે. તેઓનું 'આગમ-પ્રભાકર' બિરુદ કેટલું બધું સાર્થક હતું! જે કોઈ ગ્રંથ તેઓના હાથે સંશોધિત-સંપાદિત થતો એને જાણે પ્રામાણિકતાની મહોરછાપ મળી જતી.

તેઓના સંપાદનની વિશેષતાને અંજલિ આપતાં, જૈન આગમોના અભ્યાસી અને સંશોધક, વિખ્યાત જર્મન વિદ્વાન ડૉ. વોલ્ટેર શુબ્રિંગે યોગ્ય જ કહ્યું છે કે—"તેઓએ સંપાદિત કરેલ બૃહત્કલ્પભાષ્યની કીર્તિમંદિર સમી આવૃત્તિનો નિર્દેશ હું અહીં કરવા ઇચ્છું છું. ભારતમાં જેઓ અત્યાર સુધી સંશોધિત નહીં થયેલ ગ્રંથોને પ્રકાશિત કરવાની તૈયારી કરી રહ્યા છે, તે સર્વને માટે આ આવૃત્તિ એક નમૂનાની ગરજ સારે એવી છે." *

મહારાજશ્રીના સંશોધન-કાર્યની પ્રામાણિકતાને બિરદાવતાં અને એ પ્રામાણિકતા તેઓમાં કેવી રીતે આવી તે સમજાવતાં પંડિતવર્ય શ્રી સુખલાલજીએ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આગમ પ્રકાશન સમારોહ પ્રસંગે, અમદાવાદમાં, તા. ૨૬–૨–૬૮ના રોજ કહ્યું હતું કે—

"પૂજ્ય પુણ્યવિજયજીએ આ કામમાં (આગમ-સંશોધનના કામમાં) આખી જિંદગી ખર્ચી છે. તેમની પાસે દૃષ્ટિ છે. એમ તો છેલ્લાં ચાલીસ વર્ષથી ઘણા સાધુઓ આવું કામ કરી રહ્યા છે એ હું જાણું છું. પણ પૂજ્ય પુણ્યવિજયજી મારા સ્નેહી-મિત્ર છે એટલા માટે નહિ પણ તટસ્થ ભાવે હું આ કહું છું કે તેમના નામ સાથે પ્રામાણિકતા સંકળાયેલી છે. કોઈ પણ પુસ્તક બહાર પડે અને સરતચૂકથી કોઈ તેમનું નામ છાપે અને લોકોને ખબર પડે કે આ પુસ્તક પુણ્યવિજયજીનું છે, તો લોકો માને છે કે આ પુસ્તક સામાન્ય નથી. તેમણે જેટલા પુસ્તકભંડારો ને સંગ્રહો જોયા છે, તેટલા ઘણા ઓછાએ જોયા હશે. તેમની દૃષ્ટિમાં ઉદારતા રહી છે; તેમની દૃષ્ટિ પંથથી પર છે. મારે ને એમને ૫૦ વર્ષ પહેલાંના સમયથી સંબંધ છે. નાની વયથી આજ સુધી જેમ સમય પસાર થતો ગયો તેમ તેમની દૃષ્ટિનો વિકાસ થતો ગયો. તેમને સાંપ્રદાયિક બંધન નથી ખપતાં, ગચ્છ-પરંપરાનો આગ્રહ નથી. આથી તેમના સંપાદનમાં પ્રામાણિકતા રહી છે. બીજી

---

* "I should like to mention his monumental edition of Brhatkalpabhasya which can serve as a model to all those in his country who are preparing the publication of works hitherto unedited."

—જ્ઞાનાંજલિ, અભિવાદન વિભાગ, પૃ૦ ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત તેમનો ગુણગ્રાહિતાનો ગુણ છે. દોષદર્શન તેમનામાં નથી. જૈન પરંપરાનો કોઈ પણ વિદ્વાન કે બીજી પરંપરાના વિદ્વાનો પણ તેમને મળવા આવે છે. એમને એમની સાથેની ચર્ચા કરતા જોઈએ તો લાગે છે કે સામાની વાત જુએ ને સાચી હોય તો તેનો સ્વીકાર કરે છે. મહેનતની પ્રામાણિકતાની સાથે તેમનામાં ધૈર્ય છે. દૃષ્ટિની આ વિશાળતાથી તેમનામાં પ્રામાણિકતા આવી છે.”

બધાં આગમસૂત્રો અને સમગ્ર આગમિક સાહિત્યની શુદ્ધ વાચનાઓ તૈયાર થાય એ મહારાજશ્રીની તીવ્ર ઝંખના હતી; આ કાર્યનું એમને મન જીવનકાર્ય જેટલું મહત્ત્વ હતું. એટલે એની પાછળ પોતાનાં સમગ્ર સમય અને શક્તિનો ઉપયોગ કરવામાં તેઓ ક્યારેય સંકોચ કરતા ન હતા. જ્ઞાનભંડારો અને પ્રાચીન ગ્રંથોના ઉદ્ધાર માટે તેઓ જે ઉલ્લાસથી કામ કરતા એની પાછળ તેઓની એક દૃષ્ટિ એવી પણ હતી કે કદાચ ક્યાંકથી કોઈક આગમને લગતો વધારે પ્રાચીન કે નવો ગ્રંથ મળી આવે, જેને આધારે ઉપલબ્ધ આગમના પાઠો વધુ શુદ્ધ કરી શકાય અથવા કોઈક અજ્ઞાત આગમિક ગ્રંથને પ્રકાશિત કરવાનું શક્ય બને.

**શ્રી જિનાગમ પ્રકાશિની સંસદ**—પાટણમાં રહીને મહારાજશ્રી આગમ-સંશોધનનું કાર્ય એકાગ્રતાથી કરી રહ્યા હતા, તે જોઈને પાટણના કેટલાક ભાવનાશીલ મહાનુભાવોના અંતરમાં તેઓને આ કાર્ય માટેની આર્થિક ચિંતાથી મુક્ત કરવાનો સુવિચાર આવ્યો. એમાંથી પાટણમાં વિ. સં. ૨૦૦૧માં ‘શ્રી જિનાગમ પ્રકાશિની સંસદ’ નામે એક સંસ્થાની સ્થાપના કરવાનું શક્ય બન્યું. આ સંસ્થા પાસે ફંડ પણ સારું ભેગું થયું હતું. પણ થોડા વખત પછી જ, આ સંસ્થાના મુખ્ય કાર્યવાહકોની મહારાજશ્રીના કાર્ય પ્રત્યેની શ્રદ્ધામાં, ગમે તે કારણે, ઓટ આવી; અને મહારાજશ્રીએ સંશોધિત કરેલ આગમ-સાહિત્યને મુદ્રિત કરવાનું કામ અટકી પડ્યું ! પોતાને ધર્મના—ધર્મશ્રદ્ધાના રખેવાળ પુરવાર કરવાના અંધશ્રદ્ધાથી ઘેરાયેલા વધારે પડતા ઉત્સાહમાં જો આ મહાનુભાવોએ મહારાજશ્રીના કાર્યમાં અશ્રદ્ધા—અવિશ્વાસ જન્માવીને એ પવિત્ર કાર્ય સ્થગિત થઈ જાય એવી મોટી ભૂલ કરવાને બદલે મહારાજશ્રીની સત્યપ્રિયતા, સાધુતા અને વિદ્વત્તા ઉપર વિશ્વાસ રાખીને આ કાર્યને આગળ વધવા દીધું હોત તો મહારાજશ્રીની હયાતીમાં અને તેઓના પોતાના જ હાથે આગમ-પંચાંગીના કેટલા બધા ગ્રંથો કેવા આદર્શ રૂપમાં પ્રગટ થઈ શક્યા હોત ! પણ જ્યાં આવા મહાન પુણ્ય-કાર્યના સાથી બનવાનું ભાગ્ય-વિધાન જ ન હોય, અને સારા કામમાં અંતરાયરૂપ જ બનવાનો નિમિત્તયોગ હોય, ત્યાં આવી ધર્મબુદ્ધિ જાગે પણ શી રીતે? અને ૧૮-૨૦ વર્ષ બાદ, મોડે મોડે, જ્યારે એમનામાં આવી સદ્‌બુદ્ધિ જાગી અને, વિ. સં. ૧૯૨૫માં, આ મહાનુભાવોએ ‘શ્રી જિનાગમ પ્રકાશિની સંસદ’માં આગમ-પ્રકાશન માટે ભેગી થયેલી રકમ મહારાજશ્રી દ્વારા સંપાદિત-સંશોધિત થતાં મૂળ આગમસૂત્રોના પ્રકાશન-મુદ્રણ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સોંપી ત્યારે એ કાર્યવાહકોના મનનો ભાર ભલે ઓછો થયો હોય, પણ એમાં એટલું બધું મોડું થયું હતું કે આ સહાયતાથી પોતાના આગમ-સંશોધનના કાર્યને વેગ મળે તે પહેલાં, બે વર્ષ બાદ જ, મહારાજશ્રી સ્વર્ગે સિધાવી ગયા ! કાનના કાચા અને શ્રદ્ધાના પોચા કાર્યકરો પોતાના હાથે જ ધર્મશાસનને કેટલું મોટું નુકસાન કરી બેસે છે, અને સેંકડો વર્ષ સુધી ઉપકારક બની શકનાર શકવર્તી પ્રવૃત્તિને કેવો લકવો લગાવી દે છે, એનો આ ઊંઘ ઉડાડી મૂકે એવો દાખલો છે. પૈસા પડી રહ્યા, બીજા પણ મળી રહેશે, બીજી બીજી સગવડ અને સામગ્રી પણ આવી મળશે; પણ પુણ્યચરિત પુણ્યવિજયજી ક્યાંથી મળવાના હતા ! આગમ-સંશોધન અંગની એમની સૂઝ, શક્તિ અને ભક્તિ હવે ક્યાં મળવાની હતી ? અંધશ્રદ્ધા, અંધવિશ્વાસ અને અંધભક્તિમાં આપણે ખોટનો કેવો સોદો કરી બેઠા !

પણ પુણ્યવિજયજી મહારાજને, યોગની સાધના કર્યા વગર જ, યોગની સિદ્ધિની સહજ બક્ષિસ મળી હતી. એટલે ગમે તેવા કપરા અને પ્રતિકૂળ સંજોગોમાં પણ તેઓ સ્વસ્થ, શાંત અને સ્થિર રહી શકતા હતા. એટલે જિનાગમ પ્રકાશિની સંસદના મુખ્ય કાર્યકરોના આવા દુઃખદ વલણ અંગે શોચ કે અફસોસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં કાળક્ષેપ કરીને મનને ઉદ્વિગ્ન બનાવવાને બદલે, જાણે કશું જ નથી બન્યું એમ માનીને, પોતે જે કંઈ આર્થિક સગવડ સંઘમાંથી મેળવી શક્યા તેટલા પ્રમાણમાં આગમ-સંશોધનનું પોતાનું જીવનકાર્ય આગળ વધારતા રહ્યા. અને પોતાની જાતે જે કાર્ય થઈ શકે એમ હતું એ માટે તો પૈસાની પણ ક્યાં જરૂર હતી? તેઓ તો મુદ્રિત થઈ ગયેલ આગમ સાહિત્યને, જે કંઈ નવી સામગ્રી મળતી રહી એને આધારે, શુદ્ધ કરતા રહ્યા અને જે કંઈ અપ્રગટ અને અજ્ઞાત આગમ સાહિત્ય ઉપલબ્ધ થતું ગયું એની સંશોધિત શુદ્ધ નકલો તૈયાર કરતા-કરાવતા જ રહ્યા. આટલી બધી સુધારેલી પ્રેસ-કૉપીઓનું મુદ્રણ ક્યારે થશે એની ચિંતા ક્યારેય એમના ચિત્તની સમાધિને ચલિત કરી શકી ન હતી. વળી, શ્રીસંઘ પોતાના કાર્યમાં જોઈતી મદદ નથી કરતો અથવા ઓછી મદદ કરે છે, એવી કશી ફરિયાદ તેઓ ક્યારેય કરતા નહીં. એમના નિકટના સંપર્કથી વિશ્વાસપૂર્વક એમ જરૂર કહી શકાય કે શ્રીસંઘ પ્રત્યે આવી અસંતોષ કે અણગમાની લાગણી એમના અંતરમાં ક્યારેય જન્મવા જ નહોતી પામતી; કારણ કે તેઓ જે કંઈ કાર્ય કરતા તે પૂર્ણ નિઃસ્વાર્થભાવે અને સાધુજીવનની નિર્મળ સાધનારૂપે જ કરતા. આટલું જ શા માટે, શ્રી જિનાગમ પ્રકાશિની સંસદના આવા અનિચ્છનીય વલણ અંગે પણ તેઓએ એના કોઈ પણ કાર્યવાહક પ્રત્યે ક્યારેય કડવાશ દર્શાવી હોય એવું બન્યું નથી; સૌને તેઓ ધર્મસ્નેહથી અને સમભાવપૂર્વક આવકારતા. એમ લાગે છે કે કડવાશના અંશને પણ એમના જીવનમાં સ્થાન ન હતું. મહારાજશ્રી સચ્ચિદાનંદમય સ્થિતિના અવતાર હતા.

**વિદ્યાલયની યોજના**—મહારાજશ્રીને મન આગમ-સંશોધનનું કાર્ય પણ નિર્મળ સંયમની આરાધના માટેનું ઉત્તમ સાધન હતું. અને એ કાર્યમાં (તેમ જ જ્ઞાનોદ્ધારનાં નાનાં-મોટાં બીજાં અનેક કાર્યોમાં) તેઓ સતત નિરત રહેતા. સને ૧૯૬૦ના અરસામાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના તે વખતના માનદમંત્રી શ્રીયુત ચંદુલાલ વર્ધમાન શાહને વિદ્યાલય તરફથી મૂળ આગમસૂત્રો પ્રગટ કરવાનો વિચાર આવ્યો. આ વિચાર તેઓએ મહારાજશ્રીને જણાવ્યો. મહારાજશ્રીએ પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયા વગેરે સાથે વિચારવિનિમય કરીને મૂળ આગમસૂત્રો પ્રકાશિત કરવાની યોજના તૈયાર કરી આપી, એટલું જ નહીં, આ યોજનાના મુખ્ય સંપાદક તરીકેની જવાબદારી પોતે તેમ જ શ્રી દલસુખભાઈ માલવણિયા સ્વીકારશે એમ પણ કહ્યું. વિદ્યાલયના સંચાલકોએ આ યોજનાને મંજૂર કરી; અને એ યોજના મુજબ કાર્યની શરૂઆત પણ કરી દેવામાં આવી. વિદ્યાલય પ્રત્યે મહારાજશ્રી સ્વાભાવિક રીતે જ ખૂબ અનુરાગ ધરાવતા હતા, અને એની વ્યવસ્થાશક્તિ એક આદર્શ સંસ્થાને છાજે એવી નમૂનેદાર છે, એ પણ જાણતા હતા. આવી માતબર અને પ્રતિષ્ઠિત સંસ્થા આગમ-પ્રકાશનની જવાબદારી સંભાળે એનાથી રૂડું બીજું શું? આ યોજના મુજબ ત્રણ ગ્રંથો પ્રકાશિત થયા અને મહારાજશ્રીનો સ્વર્ગવાસ થયો!

## બધું જ આગમ-પ્રકાશન માટે અર્પણ

આગમ-પ્રકાશનની બધી જવાબદારી વિદ્યાલય જેવી વગદાર અને શક્તિશાળી સંસ્થાએ સંભાળી હતી, એટલે એને માટે જરૂરી આર્થિક સહાય શ્રીસંઘમાંથી મેળવી આપવાનો કોઈ ભાર મહારાજશ્રી ઉપર ન હતો. છતાં તેઓ આ બાબત સતત ચિંતા સેવતા રહેતા અને અવસર આવ્યે પોતાથી બનતું કરવાનું ચૂકતા નહીં. નીચેના પ્રસંગો આ વાતની સાક્ષી પૂરે એવા છે—

**(૧) કપડવંજનો ઉત્સવ**—દીક્ષા લીધા ૫૩ વર્ષ વીતી ગયાં છતાં મહારાજશ્રીને પોતાના વતન કપડવંજમાં ચોમાસું કરવાનો અવસર જ નહોતો મળ્યો. છેવટે, વિ. સં. ૧૯૧૮માં, કપડવંજના શ્રીસંઘની ભાવના સફળ થઈ, અને ૫૩ વર્ષને અંતે ૫૪મું ચતુર્માસ મહારાજશ્રી કપડવંજમાં રહ્યા. શ્રીસંઘે પોતાનો આનંદ વ્યક્ત કરવા મહારાજશ્રીનો ૬૬મો જન્મદિવસ સુંદર રીતે ઊજવવાનો નિર્ણય કર્યો. આ વખતે કારતક સુદિ ૫ થી ૭ સુધીનો ત્રણ દિવસનો ઉત્સવ યોજવામાં આવ્યો હતો. અને મુખ્ય સમારોહ સુદિ ૭,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તા. ૪-૧૧-૬૨, રવિવારના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ સમારોહમાં પ્રમુખ તરીકે પંડિતવર્ય શ્રી સુખલાલજી અને અતિથિવિશેષ તરીકે શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ પધાર્યા હતા. આ પ્રસંગે કપડવંજ સંઘના અગ્રણીઓએ, મહારાજશ્રી ઇચ્છે તે કાર્યમાં ઉપયોગ કરવા માટે, વીસ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. મહારાજશ્રીએ, સાધુજીવનને શોભે એવે નિર્મમભાવ દાખવીને, એ રકમ આગમ-પ્રકાશનના કાર્ય માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને અર્પણ કરવાની ભલામણ કરી હતી.

**(૨) વડોદરાનો સમારોહ**—વિ. સં. ૨૦૨૪નું ચોમાસું મહારાજશ્રી વડોદરામાં રહ્યા. આ પ્રસંગની યાદરૂપે વડોદરાના શ્રીસંઘે વિ.સં. ૨૦૨૫ના માહ મહિનામાં, મહારાજશ્રીની દીક્ષાપર્યાયષષ્ટિપૂર્તિ નિમિત્તે, એક મોટો સમારોહ ઊજવવાનું નક્કી કર્યું.

આ માટે માહ સુદિ ૧૩ થી માહ વદિ ૭ સુધીનો ૧૦ દિવસનો ઉત્સવ રાખવામાં આવ્યો હતો. વદિ પાંચમ સુધી અઠ્ઠાઈ મહોત્સવ ઊજવાય. માહ વદિ ૬ના શ્રી આત્મારામજી જૈન જ્ઞાનમંદિરમાં પ્રાચીન સાહિત્યના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન વડોદરા યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર ડૉ. ચતુરભાઈ શંકરભાઈ પટેલે કર્યું હતું. મુખ્ય સમારોહ વદિ ૭, તા. ૯-૨-૧૯૬૯ રવિવારે સવારના રાખવામાં આવ્યો હતો. આ સમારોહમાં અગત્યનો કાર્યક્રમ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની શ્રી જૈન આગમ ગ્રંથમાળાના બીજા ગ્રંથ શ્રી પન્નવણાસુત્રના પહેલા ભાગનો તથા મહારાજશ્રીનાં લખાણો તથા મહારાજશ્રીને અંજલિ આપતા દેશ-વિદેશના વિદ્વાનોના લેખોના સંગ્રહરૂપ "જ્ઞાનાંજલિ" નામે ગ્રંથના પ્રકાશનવિધિનો હતો.

આ સમારોહનું પ્રમુખપદ જાણીતા ઉદ્યોગપતિ અને જૈન અગ્રણી શેઠ શ્રી અમૃતલાલ કાલીદાસ દોશીએ સંભાળ્યું હતું. પન્નવણાસુત્રના પહેલા ભાગનો પ્રકાશનવિધિ પણ તેઓએ જ કર્યો હતો. જાણીતા વિદ્વાન ડૉ. એ. એન. ઉપાધ્યેએ "જ્ઞાનાંજલિ" ગ્રંથનું પ્રકાશન કરીને એ મહારાજશ્રીને અર્પણ કર્યો હતો. અતિથિવિશેષ તરીકે શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ પધાર્યા હતા. આ પ્રસંગના સંભારણારૂપે વડોદરાના શ્રીસંઘે શ્રી પન્નવણાસુત્રના ખર્ચ માટે તેત્રીસ હજાર રૂપિયા વિદ્યાલયને ભેટ આપ્યા હતા. ઉપરાંત, જાણે સમય પાકી ગયો હોય એમ, પાટણની શ્રી જિનાગમ પ્રકાશિની સંસદના કાર્યકરોએ, સંસદ હસ્તકનું આશરે એક લાખ એત્રીસ હજાર રૂપિયા જેવું સારું ફંડ, મહારાજશ્રી દ્વારા થતા આગમ-સંશોધનના કાર્યમાં વાપરવા માટે, શ્રી મહાવીર જૈન વિદ્યાલયને અર્પણ કરવાની જાહેરાત કરી હતી.

**(૩) મુંબઈમાં ચાતુર્માસ પરિવર્તન**—મહારાજશ્રી વિ. સં. ૨૦૨૫નું ચોમાસું મુંબઈમાં રહ્યા હતા. વિ. સં. ૨૦૨૬ના કારતક સુદિ ૧૫ના રોજ મહારાજશ્રીના ચાતુર્માસ પરિવર્તનનો લાભ પાટણવાળા શ્રી પન્નાલાલ મફતલાલ શાહ, શ્રી કાંતિલાલ મફતલાલ શાહ અને શ્રી ચંપકલાલ મફતલાલ શાહ—એ ત્રણ ભાઈઓએ લીધો હતો; અને એ પ્રસંગે, પોતાના કુટુંબ તરફથી, શ્રી ભગવતીસુત્રના પહેલા ભાગના ખર્ચ માટે, પાંત્રીસ હજાર રૂપિયા જેવી મોટી રકમ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ભેટ આપવાની તેઓએ જાહેરાત કરી હતી.

આ ઉપરથી જોઈ શકાય છે કે મહારાજશ્રી કેવળ આગમ-સંશોધનના કાર્યની જ નહીં પણ એ માટે વિદ્યાલયને જરૂરી આર્થિક સહાયતા મળી રહે એની પણ ચિંતા રાખતા હતા; અને અવસર આવ્યે નિઃસ્વાર્થ-પણે એ માટે પ્રેરણા પણ આપવાનું ભૂલતા નહીં. કેવી આદર્શ, સક્રિય અને વિરલ શ્રુતભક્તિ !

## આગમ-સંશોધન-કાર્યને ઝડપી બનાવવાની ઝંખના

તેરાપંથના આચાર્ય શ્રી તુલસીજી વિ. સં. ૨૦૨૩નું ચોમાસું અમદાવાદમાં રહ્યા હતા. અમદાવાદમાં સ્થિરતા કરવાનો એમનો એક આશય આગમ-સંશોધનને લગતી જુદી જુદી પ્રવૃત્તિઓમાં રસ લેનાર વિદ્વાનોનો નિકટ પરિચય સાધીને વિચારવિનિમય કરવો, એ પણ હતો. એટલે એમાં મુનિરાજ શ્રી પુણ્યવિજયજીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળવાનો કાર્યક્રમનો સ્વાભાવિક રીતે જ સમાવેશ થઈ જતો હતો. આચાર્ય તુલસીજી તથા મહારાજશ્રીનું મિલન તો ન થયું, પણ એમના વિદ્વાન અને વિચારક શિષ્ય મુનિ શ્રી નથમલજી વગેરે મુનિવરો મહારાજશ્રીને એકેક વાર મળ્યા હતા. એમના આ મિલન વખતે મહારાજશ્રી અને મુનિ શ્રી નથમલજી વચ્ચે જે વાર્તાલાપ થયો, તે તેરાપંથી મહાસભાના સાપ્તાહિક હિંદી મુખપત્ર "જૈન ભારતી"ના તા. ૧૯-૧૧-૧૯૬૭ના અંકમાં છપાયો છે. તે જાણવા જેવો હોવાથી એ આખો મૂળ વાર્તાલાપ આ વિશેષાંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે. આ વાર્તાલાપમાંના નીચે આપેલ થોડાક સવાલ-જવાબ ઉપરથી પણ મહારાજશ્રીની આગમ-સંશોધન અંગેની પ્રવૃત્તિ, ઝંખના અને ચિંતાનો ખ્યાલ આવી શકે છે—

"સવાલ (મુનિ નથમલજી) : આજકાલ આપ શું કરો છો ?

"જવાબ (મહારાજશ્રી) : અત્યારે હું ટીકાઓ અને ચૂર્ણિઓની પ્રતોનું સંશોધન કરી રહ્યો છું. આપ જાણો છો કે જે ચૂર્ણિઓ અને ટીકાઓ છપાઈ છે, એ ખૂબ અશુદ્ધ છે. ઘણાં સ્થાનોમાં તો અનર્થ જેવું થઈ ગયું છે. હું માનું છું કે આ કામ મહત્ત્વનું છે અને એ પહેલાં કરવું જોઈએ.

"સવાલ : આપ આ કાર્યમાં ક્યારથી પરોવાયા છો ?

"જવાબ : આશરે પચીસ વર્ષથી હું આ કાર્યમાં લાગેલો છું.

"સવાલ : શું આપ છાપાં-સામાયિકો પણ વાંચો છો ?

"જવાબ : ના. વિશેષે કરીને હું આગમોમાં જ રચ્યો-પચ્યો રહું છું. એ જ મારા માટે છાપાં-સામાયિકો છે. હા, ક્યારેક કોઈ ખાસ નિબંધ-લેખ આવી જાય તો વાંચી લઉં છું.

"સવાલ : આપ કેટલા કલાક કામ કરો છો ?

"જવાબ : સમયની કોઈ મર્યાદા નથી; હું બધા વખતનો આ કામમાં જ ઉપયોગ કરું છું.

"સવાલ : આપની સાથે કેટલા મુનિઓ કામ કરે છે ?

"જવાબ : હું એકલો જ છું. મને ભારે નવાઈ ઊપજે છે કે ઘણા બધા મુનિઓને આગમના કામમાં રસ છે જ નહીં. એમને આ કામ જંજાળ જેવું લાગે છે. આમાં જેમને રસ પડે છે એવા વિરલ છે. મને આમાં ખૂબ આનંદ આવે છે. આ કામની આગળ બીજાં બધાં કામ મારે માટે ગૌણ છે. હું એકલો જેટલું કરી શકું એ મેં કર્યું છે. કેટલાક પંડિતો પણ કામ કરે છે. આ રીતે જૈન સાહિત્યની યત્કિંચિત્ સેવા થઈ શકે છે."

આ છેલ્લા જવાબમાં આપણા સાધુસમુદાયની આગમ-સંશોધનના કામ પ્રત્યેની ઉદાસીનતાની મહારાજશ્રીએ જે ટકોર કરી છે, એમાં મહારાજશ્રીએ પોતાની આ અંગેની દુઃખ અને ચિંતાની લાગણી વ્યક્ત કરી છે. બાકી તો, એ આગમધર મહાપુરુષ પોતાના આગમ-સંશોધનના કાર્યમાં એવા ઓતપ્રોત હતા કે જેથી એમને આવી વિશેષ ચિંતા કરવાનો ભાગ્યે જ અવકાશ મળતો.

આમ છતાં આગમ-સંશોધનના કામને સમર્પિત થયેલું એક નાનું સરખું પણ મુનિમંડળ રચાય અને આ કાર્ય મોટા પ્રમાણમાં ઝડપથી આગળ વધે એવા વિચારો મહારાજશ્રીને આવ્યા વગર રહે એ કેમ બને ? એમની આવી ભાવના અને લાગણી આપણા વિદ્વાન મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ ઉપર મહારાજશ્રીએ વિ. સં. ૨૦૦૬ની સાલમાં જેસલમેરથી લખેલા પત્રમાં પણ જોવા મળે છે. તેઓએ લખ્યું હતું કે—

"હવે તો મારી ઇચ્છા એ જ છે કે આપણે સત્વર મળીએ અને મહત્ત્વનાં કાર્યોને જીવનમાં પ્રારંભીને પૂર્ણ રૂપ આપીએ. આપણે એક એવા સંશોધનરસિક મુનિવરોનું મંડળ સ્થાપી શકીએ તો ઘણું સારું થાય."

(જ્ઞાનાંજલિ, પૃ. ૨૬૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શબ્દો લખાયા ત્યારે તો એના ભાવી સંકેતને કોણ પામી શકે એમ હતું ? પણ બેએક વર્ષ પહેલાં, મહારાજશ્રીના કાળધર્મ બાદ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સંચાલકોએ સંસ્થાની આગમ-પ્રકાશનની યોજનાને ચાલુ રાખવાની જવાબદારી સ્વીકારવાની વિનતિ, જેઓના ઉપર મહારાજશ્રીએ ઉપર મુજબ પત્ર લખ્યો હતો તે, મુનિવર્ય શ્રી જંબૂવિજયજી મહારાજને કરી અને મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજે એનો ઉલ્લાસપૂર્વક સ્વીકાર કર્યો. અત્યારે તેઓ આ કાર્યને આગળ વધારવાનો પ્રયત્ન કરી રહ્યા છે. મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે ઝંખેલું એવું મુનિમંડળ, આ કામ માટે, શ્રી જંબૂવિજયજી મહારાજને મળે તો કેવું સારું !

**ઇતર ગ્રંથોનું સંપાદન-પ્રકાશન**—મહારાજશ્રીની જ્ઞાનભક્તિ અને સંશોધનકળાનો લાભ કેવળ આગમ-સાહિત્યને જ મળ્યો હતો એમ માનવું બરાબર નથી; આગમ-સાહિત્ય સિવાયના બીજા અનેક નાના-મોટા જૈન તેમ જ અજૈન ગ્રંથોનું પણ તેઓએ સંશોધન-સંપાદન કર્યું હતું. (આ લેખને અંતે પુરવણી–૨ તરીકે મૂકવામાં આવેલી યાદી ઉપરથી મહારાજશ્રીએ સંપાદિત કરેલ ગ્રંથોની માહિતી મળી શકશે.)

**જ્ઞાનોપાસનાનું બહુમાન**—મહારાજશ્રીએ, પોતાની નિરભિમાન, સરળ અને ઉદાર જ્ઞાનસાધનાને કારણે, દેશ-વિદેશના વિદ્વાનોમાં જે ચાહના અને આદર મેળવ્યાં હતાં, તે ખરેખર વિરલ હતાં. નીચેની વિગતને મહારાજશ્રીની જ્ઞાનોપાસના તરફના બહુમાનના પ્રતીકરૂપ લેખી શકાય—

(૧) કોઈ જાતની ડિગ્રી નહીં હોવા છતાં મહારાજશ્રીને પીએચ. ડી. માટેના મહાનિબંધના પરીક્ષક નીમવામાં આવ્યા હતા.

(૨) ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૦મું અધિવેશન, સને ૧૯૫૯માં, અમદાવાદમાં, મળ્યું ત્યારે ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ તરીકે તેઓની વરણી કરવામાં આવી હતી.

(૩) ભાવનગરની શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાએ યોજેલ, વિ. સં. ૨૦૦૯ની સાલનો શ્રી વિજય-ધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક મહારાજશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો.

(૪) વિ. સં. ૨૦૧૦માં વડોદરાના શ્રીસંઘે તેઓને 'આગમપ્રભાકર'ની સાર્થક પદવી અર્પણ કરી હતી.

(૫) ઑલ ઇન્ડિયા ઑરિયેન્ટલ કોન્ફરન્સના, સને ૧૯૬૧માં, કાશ્મીરમાં મળેલ એકવીસમા અધિવેશનના પ્રાકૃત અને જૈનધર્મ વિભાગના અધ્યક્ષ તરીકે મહારાજશ્રીની વરણી કરવામાં આવી હતી.

(૬) સને ૧૯૭૦માં અમેરિકાની ધી અમેરિકન ઓરિયેન્ટલ સોસાયટીના માનદ સભ્ય બનવાનું વિરલ બહુમાન મહારાજશ્રીને મળ્યું હતું.

(૭) વિ. સં. ૨૦૨૭માં, મુંબઈમાં, વરલીમાં થયેલી પ્રતિષ્ઠા વખતે, ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે તેઓશ્રીને 'શ્રુતશીલવારિધિ'ની યથાર્થ પદવી આપી હતી.

મહારાજશ્રીની જીવનવ્યાપી નિર્મળ વિદ્યાપ્રવૃત્તિ, ધુરંધર અને પારગામી વિદ્વત્તા, જ્ઞાનોદ્ધારની અનેકવિધ સત્પ્રવૃત્તિ, આદર્શ સહૃદયતા અને ઊર્ધ્વગામી સાધુતાને જ આ હાર્દિક અંજલિ લેખવી જોઈએ. ધન્ય એ સાધુતા અને ધન્ય એ વિદ્વત્તા !

## જીવનસાધના અને વિમળ વ્યક્તિત્વ

જ્ઞાનની ઉપાસના કરતાં કરતાં શુષ્ક જ્ઞાની કે પોથીપંડિત ન બની જવાય, અથવા તો परोपदेशे पाण्डित्यंની જેમ વિદ્વત્તા અને ધર્મ જુદાં પડીને હૃદયને રીઢું ન બનાવી મૂકે, એની મહારાજશ્રી સતત ચિંતા અને જાગૃતિ રાખતા હતા અને કર્મબંધ ઓછા થાય, ભવના ફેરા ઓછા થાય અને કલેશો-કષાયો પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓછા થાય એવો પ્રયત્ન તેઓ સતત કરતા રહેતા; એમની સમગ્ર જીવનસાધનાનું આ જ કેન્દ્ર હતું અને આ જ અમૃત હતું.

પારકાની નિંદા-કૂથલીમાં તેઓ ક્યારેય પડતા નહીં; અને સામાના નાના સરખા ગુણને પણ મોટા કરી જાણવાનો એમનો સહજ સ્વભાવ હતો. એમનું જીવન શીલ અને પ્રજ્ઞાના દિવ્ય તેજ અને વૈભવથી સમૃદ્ધ હતું. જ્ઞાનની જેમ ચારિત્રને પણ તેઓ સદા પૂર્ણ યોગથી આવકારતા. સમભાવ એમના રોમરોમમાં વ્યાપેલો હતો. અને તેથી, પોતે અમુક ફિરકા અને અમુક ગચ્છના હોવા છતાં, પોતાના સમુદાયની જેમ બીજાના સમુદાયનો, પોતાના ગચ્છની જેમ બીજાના ગચ્છનો, પોતાના ફિરકાની જેમ બીજાના ફિરકાનો અને પોતાના ધર્મની જેમ બીજાના ધર્મનો હંમેશાં આદર કરી શકતા; અને, મધમાખીની જેમ, જ્યાંથી સાર મળી શકે ત્યાંથી સાર ગ્રહણ કરી લેતા. વિ. સં. ૨૦૦૮માં સાદડીમાં મળેલ સ્થાનકવાસી સાધુ સંમેલનમાં મહારાજશ્રી પ્રત્યે જે આદર અને પ્રેમ બતાવવામાં આવેલા, તે તેઓની આવી વિશાળ દૃષ્ટિને કારણે. એ પ્રસંગે મહારાજશ્રીના અને સ્થાનકવાસી શ્રમણસમુદાયનાં સામસામેથી આવતાં સામૈયાં, બે નદીઓનાં નીરની જેમ, જે રીતે એકરૂપ બની ગયાં હતાં એ દૃશ્ય યાદ રહી જાય એવું હતું. તેઓનો આ સમભાવ, આવું ગુણાનુરાગી વલણ, આવી સત્યગ્રાહક મનોવૃત્તિ, પોતાની તથા પોતાના પક્ષની ભૂલોને શોધવા-સમજવા-સ્વીકારવાની તત્પરતા તેમ જ અપાર સહનશીલતા જોતાં સહેજે આચાર્ય હરિભદ્રસૂરિનું સ્મરણ થઈ આવે છે.

તેઓ શાસ્ત્રોની અને શાસ્ત્રોને જાણવાનો દાવો કરનાર વ્યક્તિની, એમ બન્નેની મર્યાદા સારી રીતે જાણતા હતા. અને તેથી જ વખત આવે સમતાપૂર્વક કડવું સત્ય પણ ઉચ્ચારી શકતા હતા. તેમના કથનમાં સચ્ચાઈનો એવો રણકો રહેતો કે સામી વ્યક્તિ એનો પ્રતીકાર કરવા ભાગ્યે જ પ્રેરાય. વિ. સં. ૧૯૯૦ની સાલમાં અમદાવાદમાં મળેલ મુનિસમ્મેલન વખતે ચાર મુનિઓની કમિટીમાં અને અંતે સમ્મેલનને સફળ બનાવવામાં તેઓ જે કંઈ નિર્ણાયક કામગીરી બજાવી શક્યા હતા, એમાં એમના આ ગુણનો હિસ્સો નોંધપાત્ર હતો.

આપણા શ્રમણસંઘના જુદા જુદા સમુદાયો વચ્ચે જે વાડાબંધી જેવું થઈ ગયું છે, તેનાથી મહારાજશ્રી સાવ અલિપ્ત હતા. અને કોઈ પણ સમુદાય, ગચ્છ કે ફિરકાના સાધુઓ પાસે જતાં એમને ક્યારેય ક્ષોભ કે સંકોચ થતો નહીં; તેમ એમની પાસે આવવામાં પણ કોઈ પણ સમુદાય, ગચ્છ કે ફિરકાના સભ્યોને-સાધુઓને સંકોચ ન થતો. એમના અંતરનાં દ્વાર સૌને આવકારવા માટે સદા ખુલ્લાં જ રહેતાં. અને તેથી જ તેઓ ત્યાગ-વૈરાગ્યમય સંયમજીવનનો સાચો અને અપૂર્વ આનંદ અનુભવી શકતા.

મહારાજશ્રી જુનવાણીપણાની મર્યાદા અને નવા વિચારની ઉપયોગિતા બરાબર સમજી શકતા; છતાં રખે ને જ્ઞાનોદ્ધાર અને જ્ઞાનસાધનાના પોતાના જીવનકાર્યને ક્ષતિ પહોંચે, એટલા માટે જુનવાણીપણાની સાથે સંકળાઈ ગયેલા મોટા મોટા આડંબરભર્યા મહોત્સવોથી કે સુધારા માટેની જેહાદ જેવી ચળવળથી તેઓ સદા દૂર રહેતા; અને છતાં આ બાબતમાં એમના વિચારો સુસ્પષ્ટ હતા; અને અવસર આવ્યે તેઓ એને નિર્ભયપણે વ્યક્ત પણ કરતા.

તેઓને મન કોઈ કામ નાનું કે નજીવું ન હતું; કામ એ કામ જ છે—ભલે પછી દુનિયાની સ્થૂલ નજરે એ નાનું હોય—અને કામની રીતે જ એ કામ કરવું જોઈએ; એમાં ઉતાવળને અવકાશ ન જ હોય : આ દૃષ્ટિ મહારાજશ્રીની સમગ્ર પ્રવૃત્તિઓમાં પ્રસરી રહેતી. અને તેથી તેઓ દરેક કામને ચીવટપૂર્વક કરવા ટેવાયા હતા. પોતાની જ્ઞાનસાધના અને જીવનસાધનામાં તેઓને જે વિરલ સફળતા મળી એમાં આ દૃષ્ટિનો પણ ભાગ સમજવો ઘટે.

શિષ્યો વધારવાના, નામના મેળવવાના કે પદવી લેવાના વ્યામોહથી તેઓ તદ્દન અલિપ્ત અને અળગા હતા. આચાર્ય પદવી માટેની પાટણ શ્રીસંઘની આગ્રહભરી વિનતિનો તેઓએ વિનમ્રતા તેમ જ દૃઢતાપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇન્કાર કર્યો હતો. વિ. સં. ૨૦૧૦માં વડોદરાના શ્રીસંઘે તેઓને "આગમપ્રભાકર"નું બિરુદ આપ્યું તે પણ તેઓને પૂછયા વગર જ. વિ. સં. ૨૦૨૭માં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની જન્મશતાબ્દીની, મુંબઈમાં, અખિલ-ભારતીય ધોરણે ઉજવણી થઈ તે વખતે પણ મુંબઈના શ્રીસંઘે તથા અન્ય સ્થાનોના મહાનુભાવોએ મહારાજશ્રીને આચાર્ય પદવી માટે ખૂબ આગ્રહ કરેલો, પણ મહારાજશ્રીએ એ વખતે પણ એનો વિવેકપૂર્વક ઇન્કાર કર્યો હતો. છેવટે એ જ વર્ષમાં, મુંબઈમાં વરલીનાકિ નગરે જિનની પ્રતિષ્ઠા વખતે, આચાર્ય શ્રી વિજય-સમુદ્રસૂરિજી મહારાજે, પોતાના સંતોષ અને સંઘના આનંદ ખાતર, મહારાજશ્રીની જાણ બહાર, શ્રીસંઘ સમક્ષ, તેઓને "શ્રુતશીલવારિધિ"ની પદવી આપીને તેઓનું બહુમાન કર્યું હતું.

મહારાજશ્રી જેમ જ્ઞાનની લ્હાણી કરતા રહેતા, તેમ ધર્મની લ્હાણી પણ તેઓ સતત કરતા રહેતા. ગમે તેવાં ગંભીર કામો વચ્ચે પણ તેઓ બાળજીવોને ધર્મની વાત સમજાવવામાં ક્યારેય આનાકાની કે સમયનો લોભ ન કરતા. એમના અંતરમાં એ વાત બરાબર વસી ગઈ હતી કે જે વ્યક્તિ જે મેળવવા આપણી પાસે આવે તે તેને એની યોગ્યતા પ્રમાણે આપણે આપવી જ જોઈએ; કારણ કે એમનું જીવન અને ધર્મ એકાકાર બની ગયાં હતાં. એમને ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરતા કે દેરાસરમાં પ્રભુદર્શન-ચૈત્યવંદન કરતા જોવા એ એક લહાવો હતો. ત્યારે, લેશ પણ ઉતાવળ વગર, જાણે આત્મા અને પરમાત્મા વચ્ચે નિરાંતે વાતો થતી હોય એવી પ્રસન્નતા અને શાંતિ તેઓ અનુભવતા હોય, એમ જ આપણને લાગે.

તેઓનું અંતર ખૂબ કરુણાશીલનું હતું. કોઈનું પણ દુઃખ જોઈને એ દ્રવવા લાગતું. એમની પાસે કંઈક દુઃખી વ્યક્તિઓ સહાય માટે આવતી; અને એમના બારણેથી ખાલી હાથે કોઈ પાછો ગયો જાણ્યો નથી. જો સગવડ હોય તો લાખ રૂપિયા પણ દીન જનોનાં દુઃખ દૂર કરવા માટે થોડા સમયમાં વહેંચી નાખાવે એવો દયાળુ, ઉદાર અને પરગજુ એમનો સ્વભાવ હતો.

ગમે તેવી મૂંઝવણના સમયે કે સ્વજન-સાથીના વિયોગ વખતે પણ તેઓ સંસારના ભાવોને વિચારીને જે રીતે સ્વસ્થ અને શાંત રહી શકતા, તે એમણે સાધેલી સ્થિતપ્રજ્ઞતાનું ફળ હતું. વિ. સં. ૨૦૨૫ના મેરુતેરશના પર્વદિને (તા. ૧૬-૧-૧૯૬૯ના રોજ) તેઓના ચિરસાથી પંન્યાસજી મહારાજ શ્રી રમણીકવિજયજીના અણધાર્યા કાળધર્મ વખતે તેઓ જે સ્વસ્થતા જાળવી શક્યા, તે એમની જીવનસાધનાને શોભે જ. એ વખતે તેઓએ તા. ૨૭-૧-૬૯ના રોજ લખેલ એક પત્રમાં લખ્યું હતું કે—

"શ્રી રમણીક એકાએક અણધારી રીતે વિદાય લઈ ગયા! ઘણાં વર્ષનો આત્મીય સંબંધ એટલે સહજ ભાવે અંતરને લાગે તો ખરું જ. તે છતાં હૃદયનું ગાંભીર્ય ખોયું નથી. સંસારમાં આપણે સંસારી જેવા રહ્યા એટલે અંતરને ઊણપ લાગે તો ખરી જ. આમ છતાં હું સર્વથા સમાધિ અને શાંતિમાં છું."

સંયમ, ત્યાગ, વૈરાગ્યની નિર્મળ સાધના અને જીવનસ્પર્શી સાધુતાનાં દર્શન કરાવતા આ બોલ શ્રી પુણ્યવિજયજી મહારાજની જળકમળ જેવી સાધનાની સાક્ષી પૂરે છે. સ્વયં સમજપૂર્વક હળાહળનું પાન કરીને પોતાની સહનશીલતા, ગંભીરતા અને અનાસક્તિને ચરિતાર્થ કર્યાના કંઈક પ્રસંગો મહારાજશ્રીના જીવનમાં સહજ રીતે વણાઈ ગયા હતા.

અને મહારાજશ્રીની નિર્મમતા તો એમની પોતાની જ હતી! પેલું સાગરમાં તરતું બોયું જોયું છે? પાણી ગમે તેટલું વધે છતાં એ તો જળની ઉપર ને ઉપર જ રહે છે. મહારાજશ્રી પાસે પ્રાચીન પ્રતો, કળામય સામગ્રી અને પુરાતત્ત્વની વસ્તુઓનો કેવો ઉત્તમ સંગ્રહ હતો! છતાં એ ક્યારેય મોહ-માયાને જગાવીને એમના અકિંચનભાવને ખંડિત કરી નહોતો શક્યો. તેઓએ પ્રતિષ્ઠાઓ કરાવી હતી, દીક્ષાઓ આપી હતી, અવારનવાર જ્ઞાનનાં સાધનો અને કળાની સામગ્રીનાં પ્રદર્શનો યોજ્યાં હતાં (વિ. સં. ૨૦૦૯માં અમદાવાદમાં ઓરિએન્ટલ કોન્ફરન્સના અધિવેશન વખતે યોજેલું પ્રદર્શન ખૂબ મોટું અને ખૂબ આકર્ષક તેમ જ યાદગાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન્યું હતું ), નાના-મોટા ઉત્સવોમાં પણ ભાગ લીધો હતો, અને જીવનમાં કંઈક નાનાં-મોટાં યશનામી કામો કર્યાં હતાં, પણ એ બધું જ જળકમળની જેમ સાવ અલિપ્ત ભાવે ! એ માટે અહંભાવનું નામ નહીં.

નમ્રતા અને જ્ઞાની પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓ, વિ. સં. ૨૦૦૪ની સાલમાં, જૈન સંઘના વીસમી સદીના દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણ, આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી મહારાજને ખાસ વંદના કરવા અને શાતા પૂછવા સૂરત ગયા હતા—આચાર્ય મહારાજ ત્યારે માંદગીને બિછાને હતા. એ બન્ને આગમવેત્તાઓનું મિલન જેઓએ જોયું તેઓ ધન્ય બની ગયા.

ક્યારેક કોઈની સાથે નારાજ થવાનો કે કોઈના પ્રત્યે રોષ કરવાનો પ્રસંગ આવે તોપણ એવી લાગણી, જરાક પવન લાગતાં પાટી ઉપરથી રેતી સરી પડે એમ, તરત જ એમના મન ઉપરથી દૂર થઈ જતી. કષાયોનો ઘેરો રંગ કે આકરો ડંખ એમના ચિત્તને ક્યારેય કલુષિત કરી શકતો નહીં.

મહારાજશ્રીની કુણાશ તો જુઓ : વિ. સં. ૨૦૦૬ માં તેઓ જેસલમેર જઈ રહ્યા હતા. તે વખતે વરકાણામાં આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજીને મળવાનું થયું. એ એમનું આખરી મિલન હતું. એ વખતે આચાર્ય મહારાજની આંખોનાં તેજ શમી ગયાં હતાં. મહારાજશ્રીએ સહજભાવે લાગણીભીના સ્વરે કહ્યું : 'આપ તો સદા પ્રકાશમાન છો; આપનાં નેત્રોનું તેજ પાછું આવવું જોઈએ.' એ વાતને ત્રણેક વર્ષ વીતી ગયાં. મુંબઈમાં ડૉક્ટર ડગને આચાર્ય મહારાજની આંખે ઑપરેશન કર્યું; આંખોનું શમી ગયેલું તેજ ફરી જાગી ઊઠ્યું. આ સમાચાર મહારાજશ્રીને એક પત્રથી અમદાવાદમાં મળ્યા. પત્ર વાંચીને અને એમાં આચાર્ય મહારાજના પોતાના અક્ષરો જોઈને મહારાજશ્રીનું હૈયું ગદ્ગદ થઈ ગયું. મહારાજશ્રીની આંખો હર્ષનાં આંસુ વહાવી રહી. પ્રસન્ન વૈરાગ્ય અને સંવેદનશીલ હૃદયનું જ આ પરિણામ !

અનેક દુઃખી-ગરીબ ભાઈઓ-બહેનો તો મહારાજશ્રી પાસે આશ્વાસન અને સહાય મેળવવા આવતાં જ; પણ સાધ્વી-સમુદાયને માટે તો તેઓ વિશાળ વડલા અને વત્સલ વડીલ જેવા હતા. પોતાના સમુદાયનાં સાધ્વીજીઓને જ એમની મમતાનો લાભ મળતો એવું નથી. કોઈ પણ સમુદાય કે ગચ્છનાં સાધ્વીજીઓ એમની પાસે સંકોચ વગર જઈ શકતાં અને એમની પાસેથી દરેક જાતની સહાય મેળવી શકતાં, એટલું જ નહીં, પોતાની મૂંઝવણ, ભૂલ કે જરૂરિયાત વિશ્વાસપૂર્વક તેઓને કહી શકતાં. આવી બાબતમાં તેઓ સાગર સમા ગંભીર અને મેઘ સમા ઉપકારી હતા. જેઓને મહારાજશ્રીના નજીકના પરિચયમાં આવવાનો અવસર મળ્યો છે, તેઓ જાણે છે કે વયોવૃદ્ધ સાધ્વીજીઓના ધર્મપુત્ર, મોટાં સાધ્વીજીઓના ધર્મબંધુ અને નાની ઉંમરનાં સાધ્વીજીઓના ધર્મપિતા બનીને એમની દરેક રીતે સંભાળ રાખવી અને એમને પોતાનો વિકાસ સાધવાનું પ્રોત્સાહન આપવું એ મહારાજશ્રીને માટે બહુ સહજ હતું. આવી કે બીજી કોઈ પણ બાબતમાં જ્ઞાનીપણાનો ભાર એમના મમતાભર્યા વ્યવહારની આડે ન આવી શકતો.

સાધ્વી-સમુદાયના ઉત્કર્ષની વાત મહારાજશ્રીના હૈયે કેવી વસેલી હતી એ અંગે તેઓએ કહ્યું હતું કે—

" પાટણ, માતર આદિમાં સાધ્વી. મહત્તરાની પ્રાચીન મૂર્તિઓનાં દર્શન થાય છે, જ્યારે આશ્ચર્ય તો છે જ કે કોઈ પણ એવી શાસનપ્રભાવિકા મહત્તરા, ગણિની કે સાધ્વીની જીવનકથા આજે આપણા સામે નથી. એક રીતે જૈન વાઙ્મયમાં આ ખામી જ છે. અસ્તુ. વર્તમાન યુગમાં અનેક સાધ્વીઓનાં નાનાં-મોટાં જીવન-ચરિત્રો લખાઈ રહ્યાં છે એ હર્ષની વાત છે." ( જ્ઞાનાંજલિ, પૃ. ૨૬૨ )

વળી, આજ મુદ્દાને અનુલક્ષીને મહારાજશ્રીએ મુંબઈમાં, ભાયખલામાં, તા. ૨૨-૨-૧૯૭૧ના રોજ કહેલું કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"આચાર્ય ભગવાને (આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે) એક કાળે, શાસ્ત્રના એક આદેશને ધ્યાનમાં લઈને, સાધ્વીઓના વ્યાખ્યાનનો અને કલ્પસૂત્રના વાચનનો નિષેધ કર્યો હતો. અને પછી, બદલાયેલી પરિસ્થિતિનો અને લાભાલાભનો તેમ જ સાધ્વીસમુદાયના વિકાસનો વિચાર કરીને, તેઓએ પોતે જ એની પોતાના આજ્ઞાવર્તી સાધ્વીસમુદાયને અનુમતિ આપી હતી. આ વાતનું મહત્ત્વ સૌ કોઈએ આ દૃષ્ટિએ અવધારવું ઘટે. આચાર્ય મહારાજની સમયજ્ઞતા એવી વિવેકભરી અને જાગૃત હતી કે, જો એમને એમ લાગ્યું હોત કે, સાધ્વીવર્ગને આવી છૂટ આપવાથી શાસનને નુકસાન થવાનો સંભવ છે, તો આ છૂટને પાછી ખેંચી લેતાં તેઓ ખચકાત નહીં. પણ તેઓએ આવું કોઈ પગલું ભર્યું ન હતું. એટલે આપણા સાધ્વીસંઘને શ્રાવકસંઘની સમક્ષ પણ વ્યાખ્યાન આપવાની તેમ જ એને કલ્પસૂત્રનું વાચન કરવાની જે અનુમતિ તેઓએ આપી હતી તેથી એકંદરે જૈન સંઘને લાભ જ થયો છે." ('બે મહત્ત્વનાં પ્રવચનો', પૃ. ૭)

ધર્મને અને ધાર્મિકતાને વ્યાપક દૃષ્ટિએ સમજવાની જરૂરનું સૂચન કરતાં મહારાજશ્રીએ કહ્યું છે કે—

"આજે એ સમય આવી લાગ્યો છે, જ્યારે ધર્મમાત્ર વ્યાપક રીતે મનુષ્યને એના જીવનવિકાસમાં કઈ રીતે સહાયક બને એ દરેક વિજ્ઞ મનુષ્યે સ્થિતપ્રજ્ઞ બની વિચારવું જ જોઈએ અને તો જ ત્યાગ, તપ અને સમભાવરૂપ વાસ્તવિક ધર્મ અને ધાર્મિકતા આપણા જીવનમાં સ્થાન લઈ શકશે. એ સિવાય, પોતપોતાના માનેલા સંપ્રદાયની રીતિ પ્રમાણે, બાહ્ય ક્રિયાના વાઘા ગમે તેટલા નજરે દેખાય, પરંતુ સાચી ધાર્મિકતા તો મરી જ જશે. આજની આપણા સૌની જીવનચર્યાનો વિચાર કરવામાં આવે તો આપણને, કદાચ સાર્વત્રિક ન કહીએ તોપણ, આપણા મોટા ભાગની ધાર્મિકતા તો મરી ગયેલી જ દેખાશે. આનું મુખ્ય કારણ બીજું એકેય નથી, પણ આપણે સૌએ સાંપ્રદાયિક અને સામુદાયિકતાના સંકુચિત અને અતિસંકુચિત કૂવામાં પડીને આપણી વિજ્ઞાનવૃત્તિ અને સમભાવનાના વિશાળ તત્ત્વને જીવનમાંથી ભુલાવી દીધું છે, એ છે." (જ્ઞાનાંજલિ, પૃ. ૧૭૬)

આવી ધાર્મિકતાને સમજવા અને જીવનમાં ઉતારવા માટે મહારાજશ્રી સદાસર્વદા પ્રયત્નશીલ રહેતા અને કોઈ પણ નિમિત્તે આત્મધનનું અપહરણ કરી જનાર તસ્કર અંદરથી જાગી ન ઊઠે કે બહારથી પેસી ન જાય એ માટે નિરંતર જાગૃતિ રાખતા : એવું અપ્રમત્ત એમનું જીવન હતું.

બાળક જેવી નિર્દોષતા તેઓને સહજસિદ્ધ હતી. મહારાજશ્રીની અંતર્મુખદૃષ્ટિ અને જીવનજાગૃતિનો એક પ્રસંગ જાણવા જેવો છે : એક વાર મહારાજશ્રીને તાવ આવ્યો. તાવ ઘણો આકરો અને અસહ્ય બની જાય એટલો વધારે હતો. મહારાજશ્રી બેચેન બનીને ક્યારેક બૂમ પાડી ઊઠતા. એક વાર તો એ બોલી ઊઠ્યા કે 'આપણું અધ્યાત્મ ખોવાઈ ગયું! એ કેવું નબળું સમજવું!'

હું એ વખતે હાજર હતો. મને થયું, જેમને પોતાના અધ્યાત્મની શક્તિ-અશક્તિનો આટલો ખ્યાલ હોય એમનું અધ્યાત્મ નબળું કે ખોવાઈ ગયેલું કેવી રીતે ગણી શકાય? એ પ્રસંગ અંતરમાં કોતરાઈ ગયો.

## અંગત પરિચયની થોડીક વાત

મહારાજશ્રીનાં દર્શન પહેલવહેલાં ક્યારે કર્યાં એ તો સ્પષ્ટપણે સાંભરતું નથી; વિ. સં. ૧૯૯૦માં અમદાવાદમાં મુનિસંમેલન થયું તે વખતે, સંભવ છે, એમનાં દર્શન કરવાનો અવસર મળ્યો હોય. પણ એટલું બરાબર સાંભરે છે કે મુનિસંમેલને જે પટ્ટક તૈયાર કર્યો હતો, એનું મૂળ લખાણ મહારાજશ્રીના હસ્તાક્ષરમાં લખાયું હતું. અને એના ઉપર જ આઠ આચાર્યો અને એક મુનિવર, એમ નવ શ્રમણભગવંતોની સહીઓ લેવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંમેલને જૈનધર્મ ઉપર થતા આક્ષેપોનો પ્રતિકાર કરવા માટે 'શ્રી જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ' નામે એક સંસ્થાની સ્થાપના કરી હતી. અને આ સમિતિ તરફથી 'શ્રી જૈન સત્ય પ્રકાશ' નામે એક માસિક શરૂ કરવામાં આવ્યું હતું. ત્રિપુટી મહારાજ તરીકે જૈન સંઘમાં વિખ્યાત બનેલા વિદ્વાન મુનિરાજ શ્રી દર્શનવિજયજી આદિની ભલામણથી હું સમિતિ સાથે જોડાયો અને એના માસિકના સંચાલન-સંપાદનનું કામ સંભાળવા લાગ્યો. મને લાગે છે કે, આ નવી કામગીરી સંભાળતાં સંભાળતાં પત્રવ્યવહાર દ્વારા મહારાજશ્રીના સંપર્કમાં આવવાનું બન્યું. આ પછી બે-ત્રણ વર્ષે મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ વગેરે પાટણ ગયા ત્યારે હું પણ પાટણ ગયેલો. મહારાજજીનો કંઈક નિકટથી પરિચય મેળવવાનો મારે માટે એ પહેલો જ અવસર હતો. પણ એ વખતે તેઓએ એવું હેત દાખવ્યું કે જાણે હું લાંબા વખતથી એમનો પરિચિત ન હોઉં. મહારાજશ્રીને મન ન કોઈ પોતાનો છે, ન કોઈ પરાયો છે; ન કોઈ અપરિચિત; એમના આંગણ દ્વારે સૌને સદા વાત્સલ્ય અને ઉલ્લાસભર્યો સમાન આવકાર મળતો. મહારાજશ્રીએ કબાટો, પેટીઓ અને પોથીઓ ઉઘાડી ઉઘાડીને મને કંઈ કંઈ અવનવી વસ્તુઓ મમતાપૂર્વક બતાવેલી, એ આજે પણ સારી રીતે સાંભરે છે. પૂજ્ય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ તથા પૂજ્ય ચતુરવિજયજી મહારાજની અમીદૃષ્ટિનો લાભ પણ આ વખતે જ મળેલો.

આ પછી મહારાજશ્રીનો પરિચય ઉત્તરોત્તર વધતો ગયો. વિ. સં. ૨૦૦૬માં તેઓ જેસલમેર ગયા ત્યારે ત્યાંની કામગીરીની માહિતી આપતા પત્રો તેઓ અવારનવાર મને લખતા રહેતા. જેસલમેરથી પાછા ફરતા સ્થાનકમાર્ગી ફિરકાના ઉદાર, સહૃદય, વિદ્વાન અને સ્વતંત્ર ચિંતક સંત ઉપાધ્યાય શ્રી અમરમુનિજી (કવિજી મહારાજ) તથા શ્રી મદનલાલજી મહારાજ સાથે મહારાજશ્રીને જે ધર્મસ્નેહભર્યો હાર્દિક સંબંધ ગાઢ થયેલો એની વિગતો પાલનપુરમાં ખુદ શ્રી અમરમુનિજી તથા શ્રી મદનલાલજી મહારાજના મુખેથી સાંભળીને અંતર ગદ્‌ગદ થઈ ગયું અને લાગ્યું કે મહારાજશ્રીના હૃદયની વિશાળતા સાચે જ સાગર જેવી છે. એ વર્ષનો સંકેત તો એવો હતો કે મહારાજશ્રી તથા આ મુનિવરો પાલનપુરમાં સાથે જ ચોમાસું કરે અને આગમ-સંશોધન તથા બીજાં સાહિત્ય-કાર્યો અંગે વિચાર-વિનિમય કરે. પણ વચમાં કંઈક અણધાર્યો વિક્ષેપ એવો આવ્યો કે, આ શક્ય ન બન્યું. તેઓનું ચોમાસું પાલનપુરમાં થયું; મહારાજશ્રી અમદાવાદમાં ચોમાસું રહ્યા. વિ. સં. ૨૦૦૮ની આ વાત. આ પછી, વિ. સં. ૨૦૧૮નું ચોમાસું મહારાજશ્રીએ એમના વતન કપડવંજમાં કર્યું એ એક વર્ષને બાદ કરતાં, છેક વિ. સં. ૨૦૨૩ સુધીનાં બધાં ચોમાસાં મહારાજશ્રીએ અમદાવાદમાં કર્યાં, એટલે એમની વધુ નિકટમાં આવવાનો વિશેષ લાભ મળતો રહ્યો.

વિ. સં. ૨૦૧૭માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયે, મહારાજશ્રીના માર્ગદર્શન નીચે, મૂળ આગમસૂત્રો પ્રકાશિત કરવાની યોજના શરૂ કરી અને હું, એની વ્યવસ્થા સંભાળવા, સહમંત્રી તરીકે વિદ્યાલયમાં જોડાયો. આથી વિ. સં. ૨૦૧૭ થી ૨૦૨૭ સુધી મહારાજશ્રીને બહુ જ નીકટથી જોવા-જાણવાનો, એમના વાત્સલ્યના મહેરામણ સમા અંતરને અનુભવવાનો અને એમની વિદ્વત્તાથી સુરભિત સાધુતા અને સાધુતાથી શોભતી વિદ્વત્તાનાં દર્શન કરવાનો જે અવસર મળ્યો તે ખરેખર અપૂર્વ અને જિંદગીના અમૂલ્ય લહાવારૂપ છે. મોટે ભાગે તો, "ડુંગરા દૂરથી રળિયામણા" એ કહેવતની જેમ, સમાજમાં, ધર્મમાં કે દેશમાં મોટી ગણાતી વ્યક્તિઓમાં પણ મોટા ભાગની એવી હોય છે કે જેમ જેમ એમનો નિકટનો પરિચય થતો જાય તેમ તેમ એમની મોટાઈ અંગેની આપણી માન્યતા નકામી સાબિત થતી જાય છે અને તેઓ ખરે વખતે ફટકિયા મોતી જેવા પુરવાર થતા લાગે છે; એટલું જ નહીં, એમની કંઈ કંઈ ક્ષતિઓ આપણી આગળ છતી થતી જાય છે. પણ મહારાજશ્રીની બાબતમાં મારો તેમ જ એમના પરિચયમાં આવનાર સૌકોઈનો પણ અનુભવ આથી સાવ જુદો છે. જેમ જેમ એમનો વધુ ને વધુ નિકટનો પરિચય થતો ગયો, તેમ તેમ એમના વધુ ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધુ ગુણોની છાપ અંતર પર પડતી ગઈ. એમની નિખાલસતા તો એમની જ હતી! ઘણી વાર તો એમની રહેણીકરણી જોઈને એ જ સવાલ થઈ આવતો કે મહારાજશ્રીની સાધુતા વધે કે વિદ્વત્તા! સાચે જ, ચંદન જેમ વધુ ઘસાય તેમ વધુ સુગંધ પ્રસરાવે, એવું ભવ્ય અને દિવ્ય તેઓશ્રીનું જીવન હતું.

કોઈને પણ, ના પાડવાનો કે કોઈના નાના-મોટા ગમે તેવા કામ માટે પણ સમયની કૃપણતા કરવાનો મહારાજશ્રીનો સ્વભાવ જ ન હતો. આથી આગમ-સંશોધનના કામમાં વિક્ષેપ આવી જતો જોઈને હું અકળાઈ જતો, અને રૂબરૂમાં કે તેઓ બહારગામ હોય તો પત્ર લખીને, અવારનવાર ફરિયાદ કરતો જ રહેતો. પણ સંત પુરુષ પોતાને આંગણેથી કોને જાકારો આપે ભલા—જગતના સર્વ જીવોને પોતાના મિત્ર માનવાનું એમનું જીવનવ્રત હતું જો! એટલે મારી ફરિયાદને ભાગ્યે જ દાદ મળતી. છતાં ઘણી વાર મહારાજશ્રી આત્મવિશ્વાસપૂર્વક એવું આશ્વાસન આપતા કે આ બાબતમાં તું નકામી ચિંતા કરે છે. હું ચોર્યાશી વર્ષ જીવવાનો છું અને આગમ-સંશોધનનું કામ મારે હાથે જરૂર પૂરું થવાનું છે! એ શબ્દો ખાલી શબ્દો જ રહ્યા અને મહારાજશ્રી છ્યોતેર વર્ષની ઉંમરે જ સ્વર્ગવાસી થયા. એ વાતના વિચારથી હજી પણ જ્યારે મન ઉદાસ બની જાય છે, ત્યારે એક જ વિચારથી આશ્વાસન મળે છે કે આવા મહાન, વિદ્વાન અને પવિત્ર સંત પુરુષનો આટલો સત્સંગ થયો, એ કંઈ ઓછા સદ્ભાગ્યની વાત છે! બાકી તો, સંસારમાં કોનું ધાર્યું થયું છે અને કોની ઇચ્છાઓ પૂરી થઈ છે? સંસારનું નામ જ અસ્થિરતા!

## ખંભાતનો વિહાર; પં. શ્રી રમણીકવિજયજીનો સ્વર્ગવાસ

વિ. સં. ૨૦૨૪નું ચોમાસું પૂરું થયું એટલે આગમ-સંશોધનના કાર્યને વેગ આપવા મહારાજશ્રી અમદાવાદ પાછા ક્યારે ફરે એની અમે સૌ કાગના ડોળે રાહ જોતા હતા. પણ અમારી ભાવના સફળ ન થઈ શકે એવો આદર-સ્નેહભર્યો અને અમને પણ ગમી જાય એવો મીઠો અવરોધ વડોદરાના સંઘે ઊભો કર્યો એના અમે પણ ઉલ્લાસથી સહભાગી બન્યા હતા: એ જ વર્ષે, અનેક માસ બાદ, વિ. સં. ૨૦૨૫ના માહ વદિ પાંચમના રોજ, મહારાજશ્રીને દીક્ષા લીધાને ૬૦ વર્ષ પૂરાં થતાં હતાં, એ નિમિત્તે વડોદરાના સંઘે મહારાજશ્રીનો દીક્ષાપર્યાય-ષષ્ટિપૂર્તિ-સમારોહ ઊજવવાનું નક્કી કર્યું હતું. એટલે તે પહેલાં મહારાજશ્રી અમદાવાદ પાછા આવે એ શક્ય ન હતું. આ સામે અમારાથી તો કંઈ બોલી કે ફરિયાદ કરી શકાય એમ હતું જ નહીં. અમને પણ એનો ઘણો આનંદ અને ઉલ્લાસ હતો.

વચલા સમયમાં મહારાજશ્રીએ ખંભાતનો શ્રી શાંતિનાથ તાડપત્રીય ભંડાર તપાસીને વ્યવસ્થિત કરવા ખંભાત જવાનું નક્કી કર્યું; અને વચમાં તેઓના વયોવૃદ્ધ શિષ્ય મુનિરાજ શ્રી જયભદ્રવિજયજીના વતન ગંભીરા ગામના દેરાસરને ૧૦૦ વર્ષ પૂરાં થતાં હતાં, એ નિમિત્તે ત્યાં યોજવામાં આવેલ મહોત્સવમાં ઉપસ્થિત રહેવાનું નક્કી કર્યું. એ કામ પતાવીને મહારાજશ્રી ખંભાત ગયા. ત્યાં અનેક અઠવાડિયાં સ્થિરતા કરીને, ભંડારને સરખો કરવાનું કામ પતાવીને, તેઓએ વડોદરા તરફ વિહાર કર્યો. આ વખતે મહારાજશ્રીના ૬૦ વર્ષના દીક્ષાપર્યાયની સમાપ્તિ નિમિત્તે વડોદરામાં યોજાયેલ સમારોહ પ્રસંગે મહારાજશ્રીને અર્પણ કરવાના "જ્ઞાનાંજલિ" ગ્રંથના મુદ્રણનું કામ ચાલુ હતું. આ ગ્રંથ માટે મારે મહારાજશ્રીનો કંઈક વિસ્તૃત પરિચય લખવાનો હતો. એટલે એ અંગેની વિશેષ માહિતી મેળવવા હું બે દિવસ માટે ખંભાત ગયો અને મહારાજશ્રી તેમ જ પંન્યાસ શ્રી રમણીકવિજયજી પાસેથી બની તેટલી માહિતી મેં નોંધી લીધી.

મહારાજશ્રીને માટે પંન્યાસ શ્રી રમણીકવિજયજી મહારાજ તો, કાયાની છાયાની જેમ, અભિન્ન હતા અને મહારાજશ્રીની સંભાળ રાખવાનું સંવેપકારક કાર્ય તેઓ પૂરા આદર અને સ્નેહથી કરતા હતા. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યાભ્યાસંગી મુનિવર ખૂબ સરળ અને ઉદાર હતા. અમારા બે વચ્ચે ઠીક ઠીક ગાઢ ધર્મસ્નેહ રચાઈ ગયો હતો; મારા માટે તેઓ વાતના વિસામારૂપ હતા.

પંન્યાસ શ્રી રમણીકવિજયજીની તબિયત બરાબર રહેતી નહોતી. એમને કંઈક હૃદયની પણ તકલીફ હતી. ચોમાસું પૂરું થયું એ અરસામાં મુંબઈના કાર્યકરોએ શ્રી પુણ્યવિજયજી મહારાજને, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજની જન્મશતાબ્દીની ઉજવણી કરવાની યોજનાને વેગ મળે એટલા માટે, મુંબઈ પધારવાની વિનંતી કરવાનું નક્કી કર્યું હતું; અને એ માટે શરૂઆતમાં મહારાજશ્રીને કાગળો પણ લખ્યા હતા. આ રીતે મુંબઈ જવાનો એક નવો વિચાર શરૂ થયો એટલે પંન્યાસ શ્રી રમણીકવિજયજીને ક્યારેક થયું કે હૃદયની તકલીફના નિદાન અને ઉપચાર માટે મુંબઈ જવાનું થાય તો ઠીક. શ્રી પુણ્યવિજયજી મહારાજ તો, પોતાનાં અનેકવિધ સંશોધનકામોને લીધે, મુંબઈ જવાનો વિચાર સરખો કરે એમ ન હતા, પણ, પંન્યાસ શ્રી રમણીકવિજયજીની તબિયતની દૃષ્ટિએ, તેઓને પણ મુંબઈ જવાનો વિચાર ધ્યાન આપવા જેવો લાગ્યો. પણ એટલામાં ખંભાતથી પાછા ફરતાં, તેઓ વડોદરા પહોંચે તે પહેલાં જ, છાણી મુકામે, મેરુતેરશના પર્વદિને, પંન્યાસ શ્રી રમણીકવિજયજી મહારાજ એકાએક કાળધર્મ પામ્યા! પછી તો અમને તથા બીજાઓને પણ લાગ્યું કે હવે મહારાજશ્રી મુંબઈ તરફ વિહાર કરવાને બદલે અમદાવાદ તરફ જ વિહાર કરશે. વડોદરાનો મહારાજશ્રીની દીક્ષાના સાઠ વર્ષનો સમારોહ ક્યારે પૂરો થાય અને મહારાજશ્રી ક્યારે અમદાવાદ તરફ વિહાર કરે એની જ અમે પ્રતીક્ષા કરી રહ્યા.

## છેલ્લાં બે વર્ષ મુંબઈમાં

વડોદરાનો સમારોહ સુંદર રીતે પૂરો થયો એટલે શ્રી પોપટલાલ ભીખાચંદ, શ્રી જેસિંગલાલ લલ્લુભાઈ અને શ્રી જયંતીલાલ મણિલાલ ઘડિયાળી—એ મુંબઈના ત્રણ આગેવાનો મહારાજશ્રીને વિનંતિ કરવા તા. ૯-૩-૬૯ના રોજ વડોદરા પહોંચ્યા. વચલા સમયમાં મહારાજશ્રીના મનમાં મુંબઈ જવું કે નહીં એનું મંથન ચાલતું હતું; અને સામાન્ય રીતે અમને એવા સંકેત મળતા હતા કે તેઓનું મન મુંબઈ તરફ વિહાર કરવાનું નથી. પણ ભાવીનો સંકેત કંઈક જુદો જ હતો. ભવિતવ્યતાના એ ભેદને પામવાનું આપણું ગજું શું? આમાં પણ એમ જ થયું.

મુંબઈના આગેવાનો વડોદરા આવ્યા તે દિવસે મહારાજશ્રીએ મને પણ વડોદરા બોલાવ્યો. તેઓએ હજુ કશો નિર્ણય કર્યો ન હતો અને તેઓનું મન ખુલ્લું હતું; એટલે મુંબઈ તરફ વિહાર કરવા સામે મારે જે કંઈ કહેવું હોય એ કહેવાની તક આપવા માટે મને વડોદરા બોલાવ્યો હશે, એમ માનું છું. મને તો સતત એક જ વિચાર સતાવતો હતો કે આગમ-સંશોધનનું કામ શરૂ કર્યે નવેક વર્ષ થઈ જવા છતાં એ કામની પ્રગતિ ઠીક ઠીક ધીમી હતી, અને મહારાજશ્રીના હાથે અને તેઓની દેખરેખ નીચે એ કાર્ય જેટલું સર્વાંગ સંપૂર્ણ થઈ શકશે એટલું બીજાના હાથે નહીં જ થઈ શકે; આ કાર્ય માટે મહારાજશ્રી જેવી સજ્જતા, સૂઝ અને સમર્પણવૃત્તિ બીજા કોઈમાં હોય એમ મને લાગતું ન હતું. તેથી મારો મત તો સ્પષ્ટ હતો કે મહારાજશ્રીએ મુંબઈ તરફના વિહારનો વિચાર જતો કરીને બને તેટલાં વહેલાં અમદાવાદ પધારવું જોઈએ. મેં મારી વાત કંઈક આવેશ સાથે રજૂ કરી. આ બાબતમાં મને એક બીજા વિચારથી પણ બળ મળ્યું હતું : ત્રણ કે ચાર દિવસ પહેલાં મારે કોઈ કામસર શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ પાસે જવાનું થયેલું ત્યારે મેં તેઓને વિનંતિ કરી કે મહારાજશ્રી મુંબઈ તરફ વિહાર ન કરતાં અમદાવાદ પધારે એવી વિનંતિ આપ પત્ર લખીને કરો. તેઓએ મારી વિનંતિ માન્ય કરી અને બીજે દિવસે પત્ર પણ લખ્યો. હું વડોદરા રવિવારે ગયો હતો એટલે મને વિશ્વાસ હતો કે મારા વડોદરા પહોંચતાં પહેલાં શનિવારે મહારાજશ્રીને શેઠશ્રીનો પત્ર મળી જ ગયો હશે, એટલે હું મારી વાત ભારપૂર્વક રજૂ કરી શકીશ. તેથી મેં વડોદરા પહોંચીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજશ્રીને પહેલું આ કાગળ બાબત પૂછયું. તેઓએ ના કહી. જવાબ સાંભળીને હું નિરાશ થયો. પાછળથી જાણવા મળ્યું કે, મને મારી વાત રજૂ કરવામાં સહાયક થઈ પડે એવો, શ્રીયુત ફૂલચંદભાઈ શામજીએ મુંબઈથી મહારાજશ્રીને લખેલો પત્ર પણ તેઓને શનિવારે મળી જવો જોઈતો હતો તે નહોતો મળ્યો. આ કાગળમાં તેઓએ મહારાજશ્રીને મુંબઈ પધારવાની આગ્રહભરી વિનંતિ કરવાને બદલે આ બાબતમાં અનુકૂળ લાગે એવો નિર્ણય સુખેથી લેવાનું લખ્યું હતું. પણ બનવાકાળ જ જુદો હતો એટલે આ બંને કાગળો મોડા પડ્યા!

છતાં મેં મહારાજશ્રીને તથા મુંબઈના આગેવાનોને મારે જે કહેવું હતું તે સ્પષ્ટ રૂપે અને ભારપૂર્વક કહ્યું. મુંબઈના ભાઈઓ નારાજ થાય એવી કંઈક વાત પણ મારા મોંએથી નીકળી પડી! મને તો એમ જ થતું હતું કે શાસનને નુકસાન પહોંચે એવી આ કેવી વાત આપણે કરી રહ્યા છીએ! મુંબઈના ભાઈઓએ પોતાની વાત કરી. અમારી આ બધી વાત અમે મહારાજશ્રીની રૂબરૂ કરી અને અમારું કામ પૂરું થયું. મહારાજશ્રીએ પોતાનો નિર્ણય રાતના પ્રતિક્રમણ પછી જણાવવાનું કહ્યું. રાત્રે મહારાજશ્રીએ મુંબઈ તરફ વિહાર કરવાનો પોતાનો નિર્ણય જણાવ્યો. આ સાંભળીને હું તો, જાણે કોઈ હોનારત બની હોય એમ, સ્તબ્ધ થઈ ગયો. આવો નિર્ણય સાંભળવા મારું મન તૈયાર ન હતું. હું ખૂબ ખિન્ન અને નિરાશ થઈ ગયો. પણ હવે મનની વાત કે વેદનાને વ્યક્ત કરવાનો કોઈ અવકાશ ન હતો.

જેઓના સ્વાસ્થ્યને માટે મુંબઈ જવાનો વિચાર જન્મ્યો હતો, તે પંન્યાસ શ્રી રમણીકવિજયજીનો સ્વર્ગવાસ થવા છતાં મુંબઈ જવાનો નિર્ણય થયો એ ભવિતવ્યતાયોગ પણ કેવો અજબ કહેવાય! પણ હવે એ યોગને માથે ચડાવવો જ રહ્યો. મહારાજશ્રીએ તા. ૨૪-૩-૬૯ના રોજ મુંબઈ તરફ વિહાર કર્યો અને ત્રણેક મહિના બાદ, તા. ૨૬-૬-૬૯ના રોજ, તેઓ મુંબઈ પહોંચી ગયા. મહારાજશ્રી અડધી સદી કરતાં પણ વધુ સમય બાદ, બાવન વર્ષે, મુંબઈ પધાર્યા હતા. શ્રીસંઘે તેઓનું ભાવભર્યું સ્વાગત કર્યું, સંઘમાં આનંદ આનંદ પ્રવર્તી રહ્યો. તા. ૨૯-૬-૬૯ના રોજ તેઓ ગોડીજીના ઉપાશ્રયે પધાર્યા. મહારાજશ્રીનું ચાતુર્માસ વાલકેશ્વરમાં નક્કી થયું હતું. તેઓ તા. ૬-૭-૬૯ના રોજ વાલકેશ્વર પધાર્યા.

પહેલું ચોમાસું પૂરું થયા બાદ, તા. ૧૧-૧-૭૦ના રોજ સવારના, મહારાજશ્રીના સાંનિધ્યમાં, જન્મશતાબ્દીની ઉજવણીના કાર્યને વેગ આપવા મુંબઈના કાર્યકરો, બહારગામના પ્રતિનિધિઓ અને જન્મશતાબ્દી માટે કેટલાક મહિના પહેલાં રચાયેલ એડહોક કમીટીના સભ્યોની સભા મળી. આ સભા ઉજવણીના આકાર-પ્રકાર અને એ માટેની યોજનાને નિશ્ચિત રૂપ આપવા માટે ખૂબ ઉપયોગી બની રહી. આમાં એડહોક કમીટીનું વિસર્જન કરીને અખિલ-ભારતીય ધોરણે જન્મશતાબ્દી સમિતિની રચના કરવામાં આવી; એના સભ્યપદનું લવાજમ રૂ. ૫૧ નક્કી કરીને એ રકમ ઉજવણીના ખર્ચમાં વાપરવાનું ઠરાવવામાં આવ્યું; અને, આ પ્રસંગના રચનાત્મક કાર્યરૂપે 'આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ'ની સ્થાપના કરીને ત્રણ હજાર રૂપિયાને. એક એવા ટ્રસ્ટ-સ્કોલરો નોંધવાનું ઠરાવવામાં આવ્યું. આ સભાની પહેલાં અને પછી પણ કાર્યકરો અવારનવાર મહારાજશ્રી પાસેથી માર્ગદર્શન મેળવતા રહેતા.

મહારાજશ્રીનો જીવનરસ તો શાસ્ત્રસંશોધનનો હતો અને એનું એમને માટે શ્વાસ અને પ્રાણ જેટલું મૂલ્ય હતું; એટલે મુંબઈમાં પણ એ કામ તો ચાલતું જ રહ્યું. જન્મશતાબ્દીની તૈયારીના કામમાં તો તેઓ માગી સલાહ જ આપતા; પણ કાર્યકરોને માટે તો એમની હાજરી જ ઉત્સાહ પ્રેરવા માટે બસ હતી. પહેલું ચોમાસું તેઓએ સુખ-શાંતિથી પૂરું કર્યું; તબિયત પણ એકંદર સારી રહી. આ દરમ્યાન પયન્નાઓના સંશોધનનું કામ ચાલતું હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓનું બીજું ચોમાસું પણ વાલકેશ્વરમાં જ થયું. પણ મુંબઈના એક વર્ષના રહેવાસ પછી મહારાજશ્રીને શરીરમાં અવારનવાર નાની-મોટી ફરિયાદ થઈ આવતી; અને એના જરૂરી ઉપચાર પણ કરાવવામાં આવતા. પણ તેઓ આ માટે વિશેષ ચિંતા ન સેવતા. અને સંશોધનનું કામ તો ચાલતું જ રહેતું, પણ એ માટે પૂરતો સમય ભાગ્યે જ મળતો.

બીજું ચોમાસું પૂરું થવાનું હતું એ અરસામાં શરીરની અસ્વસ્થતાની ફરિયાદ કંઈક વધી ગઈ. મહારાજશ્રી ક્યારેક ક્યારેક એવી ફરિયાદ કરતા કે હમણાં હમણાં સ્ફૂર્તિ ઓછી દેખાય છે, સૂઈ રહેવાનું મન થાય છે અને કામમાં મન પૂરું લાગતું નથી. આનો પણ કંઈક ને કંઈક ઉપચાર તો થતો જ રહેતો. પણ મહારાજશ્રીએ, અમે કે બીજા કોઈએ પણ આ વાતને ગંભીર ન લેખી. પણ આજે લાગે છે કે એ ભૂલ હતી.

આ દરમ્યાન પણ પયન્નાઓના સંશોધનનું તથા પન્નવણાસૂત્રની પ્રસ્તાવનાને તપાસવા-સુધારવાનું કામ તો યથાસમય-શક્તિ ચાલુ જ હતું.

વિ. સં. ૨૦૨૭ના કારતક સુદિ બીજથી આઠ દિવસ માટે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દીનો નાનો ઉત્સવ ભાયખલાથી શરૂ કરી ગોડીજીના દેરાસર–ઉપાશ્રયમાં રાખવામાં આવ્યો હતો. મહારાજશ્રી આ કામ માટે જ મુંબઈ આવ્યા હતા એટલે આ બધા પ્રસંગોમાં તેઓ હાજર રહ્યા. દરમ્યાનમાં કારતક સુદિ ૫ ના (જ્ઞાનપંચમીના પર્વદિને) મહારાજશ્રીનો જન્મદિવસ હતો. એ દિવસે તેઓને ૭૫ વર્ષ પૂરાં થતાં હતાં, એટલે તેઓને અભિવાદન કરવાનો એક સાદો સમારોહ ગોડીજીના ઉપાશ્રયમાં, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજીના સાનિધ્યમાં, યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખાસ હાજર રહીને શ્રી અમૃતલાલ યાજ્ઞિક તથા ડૉ. પ્રો. વી. એમ. કુલકર્ણીએ મહારાજશ્રીને પોતાની ભાવભરી અંજલિ અર્પણ કરી હતી. આ સમારોહમાં હાજર રહેવાનો અને ભાગ લેવાનો મને પણ લાભ મળ્યો હતો.

આઠ દિવસનો ઉત્સવ પૂરો થતાં મહારાજશ્રી વાલકેશ્વર પાછા ફર્યા ત્યારે દેખાતું હતું કે એમની તબિયત જોઈએ તેવી ન હતી. વિ. સં. ૨૦૨૭ના કારતક સુદિ ૧૫ના રોજ, વાલકેશ્વરમાં જ, 'સમ્રાટ અશોક' સોસાયટીના મેમ્બર ભાઈઓની વિનંતિથી, પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ આદિની સાથે, પાટણવાળા શ્રી ચીમનલાલ વલમજી ઝવેરીના બંગલે ચાતુર્માસ પરિવર્તન કર્યું તો ખરું, પણ એ સ્થાને પહોંચીને વ્યાખ્યાન આપ્યા બાદ, પેશાબની રુકાવટની તકલીફ એકાએક વધી જવાને કારણે, તેઓને બોમ્બે મેડીકલ સેન્ટરમાં દાખલ કરવા પડ્યા. એમ લાગે છે કે મહારાજશ્રીની તબિયત ક્રમે ક્રમે ચિંતાકારક બનતી ગઈ એની શરૂઆત આ રીતે થઈ.

આ પછી તેઓને હરસની તકલીફ થઈ આવી. હરસને કારણે વેદના તો બહુ ન થતી, પણ અવારનવાર ઠલ્લામાં લોહી પડતું રહેતું; ક્યારેક તો લોહીની માત્રા ચિંતા થઈ આવે એટલી વધી જતી—જાણે ધીમે ધીમે શરીરની તંદુરસ્તી જોખમાતી જતી હતી અને એમાં અશક્તિ માળો ઘાલતી જતી હતી.

આ દરમ્યાન જન્મશતાબ્દીની અખિલ–ભારતીય ધોરણે ઉજવણી કરવાનો મુખ્ય અવસર આવી પહોંચ્યો. આ માટે સને ૧૯૭૦ના ડિસેમ્બર માસની ૨૪–૨૫–૨૬–૨૭ તારીખો નક્કી થઈ હતી; અને ઉજવણી માટે ક્રોસ મેદાનમાં વિશાળ 'વિજયવલ્લભ નગર'ની રચના કરવામાં આવી હતી. સમારોહમાં સહેલાઈથી હાજરી આપી શકાય એટલા માટે સાધુમહારાજોને રહેવાની સગવડ મુંબઈની સુપ્રસિદ્ધ શકુંતલા ગર્લ્સ હાઈસ્કૂલમાં કરવામાં આવી હતી. મહારાજશ્રીએ ઉજવણીના બધા કાર્યક્રમોમાં ઉલ્લાસથી ભાગ લીધો હતો. મુંબઈના સંઘે તથા આ નિમિત્તે બહારગામથી–જુદા જુદા પ્રદેશોમાંથી–આવેલ મહાનુભાવોએ એક દિવસ શ્રી શકુંતલા ગર્લ્સ હાઈસ્કૂલમાં ભેગા મળીને મહારાજશ્રીને આચાર્ય પદવીનો સ્વીકાર કરવાની ખૂબ લાગણીભરી વિનંતિ કરી; આ લાગણીનો ઇન્કાર કરવાનું કામ મુશ્કેલ હતું. પણ મહારાજશ્રીએ વિવેક અને દૃઢતાપૂર્વક એનો ઇન્કાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને, પોતાને આવા કોઈ બંધનમાં નાખ્યા વગર, પોતાની રીતે આગમ-સંશોધનનું કામ કરવા દેવા કહ્યું. મહારાજશ્રીને મન તો આગમ-સંશોધનના કામમાં જ બધી પદવીઓ, બધી સિદ્ધિઓ અને સર્વ બાબતો સમાઈ જતી હતી.

જન્મશતાબ્દીનો ઉત્સવ પૂરો થયો એટલે હવે મહારાજશ્રીનું મન જલદી ગુજરાત તરફ વિહાર કરવા ઈચ્છતું હતું. પણ અહીં પણ કોઈક વિલક્ષણ ભવિતવ્યતાયોગ વચમાં આવ્યો અને મહારાજશ્રીની તબિયતની અસ્વસ્થતા વધતી ગઈ; પરિણામે ગુજરાત તરફ વિહાર કરવાનું લંબાતું ગયું. ખરી રીતે આમાં વિલંબ નહોતો થતો, આ વિહાર હવે કદી થવાનો જ ન હતો! પણ અમારા જેવા ઠગારી આશાના દાસ આ કુદરતની કરામતને કેવી રીતે પામી શકે? સમય એમ ને એમ વહેતો રહ્યો.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સંચાલકો ઈચ્છતા હતા કે સંસ્થાની 'જૈન આગમ ગ્રંથમાળા'ના ત્રીજા ગ્રંથ પન્નવણાસૂત્રના બીજા ભાગનું પ્રકાશન મહારાજશ્રીની હાજરીમાં મુંબઈમાં કરવામાં આવે. આ માટે તેઓએ મહારાજશ્રીને વિનંતિ કરી. મહારાજશ્રીએ એ માન્ય કરી; અને એ માટેનો સમારોહ ફાગણ વદિ ૨, રવિવાર, તા. ૧૪-૩-૭૧ ના રોજ ભાયખલાના જિનમંદિરના સભામંડપમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું. મહારાજશ્રીની ભલામણ મુજબ આ પ્રકાશનવિધિ માટે દિગંબર જૈન સંઘના દેશ-વિદેશમાં જાણીતા અને ષટ્ખંડાગમ મૂલ તથા તેની ટીકા ધવલા જેવા મહાગ્રંથોના યશસ્વી સંપાદક ડૉ. હીરાલાલજી જૈનને આમંત્રણ આપવાનું ઠરાવવામાં આવ્યું. આ પસંદગી પણ મહારાજશ્રીનું મન કેવું ઉદાર, ગુણગ્રાહક અને જ્ઞાનપ્રેમી હતું એ વાતની સાક્ષી પૂરે છે.

દરમ્યાન વરલીમાં (મુંબઈમાં) આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ આદિના સાંનિધ્યમાં પ્રતિષ્ઠા, દીક્ષા તથા પદવીદાનનો સમારોહ યોજવામાં આવ્યો હતો, એ માટે મહારાજશ્રી વરલી પધાર્યા. આ મહોત્સવ વખતે, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે, ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ, મહારાજશ્રીને "શ્રુતશીલવારિધિ"નું બિરુદ આપ્યું.

તા. ૨૨-૨-૭૧ ના રોજ આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજે ભાયખલામાં બે મહત્ત્વનાં પ્રવચનો આપીને સાધુજીવનની શુદ્ધિ, સાધ્વીસંઘનો વિકાસ, એમને અધ્યયન તથા વ્યાખ્યાન કરવાની છૂટની અનિવાર્યતા, બોલીની આવકનો ઉપયોગ, શાસ્ત્રના વિધિ-નિષેધોની ઉપયોગિતા જેવા મુદ્દાઓ અંગે સ્પષ્ટતા કરી હતી. (પછી આ બન્ને પ્રવચનો છાપીને વહેંચવામાં આવ્યાં હતાં.)

આ પછી તા. ૧૪-૩-૭૧ના રોજ, ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં, ડૉ હીરાલાલજી જૈને પન્નવણા સૂત્રના બીજા ભાગનું પ્રકાશન કર્યું અને મહારાજશ્રીની જ્ઞાનોપાસનાને હાર્દિક અંજલિ આપી.

હજી પણ અમને આશા હતી કે મહારાજશ્રી ગુજરાત તરફ વિહાર કરી શકશે અને કદાચ અમદાવાદ નહિ પહોંચાય તોપણ સૂરત કે વડોદરા સુધી તો પહોંચી જશે. પણ કુદરત આ આશાને અનુકૂળ ન હતી! દરમ્યાનમાં બીજા બે વિચારો મહારાજશ્રીના મનમાં જાગ્યા: એક વિચાર પૂનાના સુપ્રસિદ્ધ વિદ્યાતીર્થ ભાંડારકર ઓરિયેન્ટલ ઇન્સ્ટીટ્યૂટની મુલાકાત લેવા પૂના તરફ વિહાર કરવો અને પોતાની દાયકાજૂની ભાવના પૂરી કરવી એ હતો. બીજો વિચાર હતો, ચિત્તોડગઢની તળેટીમાં, આપણા સુપ્રસિદ્ધ પુરાતત્ત્વાચાર્ય મુનિ શ્રી જિનવિજયજીએ, સુંદર અને વિશાળ શ્રી હરિભદ્રસૂરિ સ્મૃતિમંદિર બનાવરાવ્યું છે, તેની પ્રતિષ્ઠા મહારાજશ્રીની હાજરીમાં થાય એવી શ્રી જિનવિજયજીની ઇચ્છા પૂરી કરવા માટે, ગુજરાતની દિશામાં વિહાર કરીને વચ્ચેથી ચિત્તોડ તરફ વિહાર કરવો એ. સમતાભરી સાધુતા અને સમતાભરી વિદ્વત્તાની મૂર્તિ આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિ પ્રત્યે મહારાજશ્રી અનન્ય ભક્તિ ધરાવતા હતા, એટલે એમના અંતરમાં આવી ભાવના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાગે એ સ્વાભાવિક હતું. મારા જેવાને તો આ બન્ને વિચારો બેચેન બનાવે એવા હતા. મારી તો એક જ ઝંખના હતી કે મહારાજશ્રી બને તેટલા વહેલા અમદાવાદ પહોંચે. પણ આમાંની એક પણ ભાવના ક્યાં સફળ થવાની હતી ?

પછી તો, મહારાજશ્રીની તબિયત વધુ નબળી થતી ગઈ. પ્રોસ્ટેટ ગ્લેંડ મોટી થવાને કારણે તથા હરસને કારણે ઠલ્લા-માત્રાની તકલીફ હવે વધારે પરેશાન કરવા લાગી. હરસને લીધે લોહી પણ વધારે પડવા લાગ્યું અને શરીરની અશક્તિમાં વધારો થતો ગયો. આવી ચિંતાકારક સ્થિતિમાં પણ મહારાજશ્રીની પ્રસન્નતા તો એવી ને એવી જ હતી, એનો હું પણ સાક્ષી છું. આ બધા સમય દરમ્યાન કંઈક ને કંઈક ઉપચાર તો ચાલુ જ હતા, પણ એની ધારી કે કાયમી અસર ભાગ્યે જ થતી.

આ અરસામાં જાણવા મળ્યું કે મદ્રાસના કોઈક હકીમ હરસમસાને એવી કુશળતા અને સિફતથી કાઢી આપે છે કે જેથી દર્દીને ન તો કંઈ વેદના થાય છે કે ન તો એને લીધે લોહી પડે છે. (એને Painless and bloodless ઓપરેશન જ કહી શકાય.) જેમણે આવો ઉપચાર કરાવ્યો હતો એવા થોડાક દર્દીઓનો અનુભવ પૂછીને આ વાતની ખાતરી કરી લીધી અને મહારાજશ્રીના દૂઝતા હરસનો ઉપચાર આ હકીમ પાસે કરાવવાનું નક્કી કર્યું. તા. ૨૩-૩-૧૯૭૧ ના રોજ, વાલકેશ્વરમાં, આ હકીમે મહારાજશ્રીના હરસમસા કાઢી લીધા તે વખતે શ્રી દલસુખભાઈ તથા હું અમે બન્ને હાજર હતા. ન કોઈ જાતની વેદના, ન કશી બેચેની. આ પ્રયોગ પછી મહારાજશ્રી બિલકુલ સ્વસ્થ લાગ્યા. આ જોઈને અમે એક જાતની નિરાંત અનુભવી. છતાં શરીર ઠીક ઠીક અશક્ત થયું હતું અને વિહાર કરી શકાય એવી સ્થિતિ હવે રહી ન હતી, તેથી મહારાજશ્રીને ત્રીજું ચોમાસું પણ મુંબઈમાં જ રહેવાનું નક્કી કરવું પડ્યું.

પણ આ ઉપચાર સફળ ન થયો, આ રાહત બહુ અલ્પજીવી નીવડી અને લોહી પડવું ચાલુ રહ્યું, એટલે બીજા બીજા સૂઝ્યા અને યોગ્ય લાગ્યા તે ઉપચારો ચાલુ રાખવાનું અનિવાર્ય બની ગયું. પણ કોઈ ઉપચાર કારગત ન થયો—દર્દ પણ જાણે હઠીલું રૂપ લઈને આવ્યું હતું !

મારે એપ્રિલ માસમાં વિદ્યાલયના કામે મુંબઈ જવાનું થયું એટલે અમારા મિત્ર શ્રી કાંતિભાઈ કોરા તથા હું અવારનવાર મહારાજશ્રી પાસે જતા; એમની તબિયત જાતે જોવાની ચિત્તમાં, એ દિવસોમાં, એક જાતની સચિંત ઉત્સુકતા રહેતી; કારણ કે ઉપચારોની કશી ધારી અસર નહોતી થતી, અને અસ્વસ્થતા તથા અશક્તિ વધતી જતી હતી. છેલ્લે છેલ્લે મેં મહારાજશ્રીનાં દર્શન વિ. સં. ૨૦૨૭ના ચૈત્ર વદિ ૦)), તા. ૨૫-૪-૭૧ ને રવિવારના રોજ બપોરના બારેક વાગતા કર્યાં; તે પછી હું અમદાવાદ આવ્યો. એ વખતે કોણ જાણતું હતું કે જેમની સ્ફટિક સમી નિર્મળ અને હેતાળ સાધુતાનો સંપર્ક સાધવાનો લાભ આટલાં વર્ષોથી મળ્યો હતો, એમનું મારા માટે આ છેલ્લું દર્શન હતું ? રે વિધાતા !

## છેલ્લા દિવસો

જેમ વખત જતો ગયો તેમ મહારાજશ્રીને હરસમસાની અને મોટી થઈ ગયેલ પ્રોસ્ટેટ ગ્લૅન્ડની તકલીફ ઓછી થવાને બદલે વધતી ગઈ. અને એને કારણે ઝાડો અને પેશાબ—એ બન્ને કુદરતી હાજતોમાં અવારનવાર અવરોધ આવવા લાગ્યો. પરિણામે હરસમસામાંથી લોહી પડતું રહેવાને કારણે અશક્તિ અને બેચેની બન્નેમાં વધારો થતો ગયો. છેવટે લાગ્યું કે હોમિયોપેથી, આયુર્વેદિક કે બીજા આડા-અવળા ઉપચારોમાં કાળક્ષેપ કરવો એ જાણીજોઈને જોખમને નોતરવા જેવી ભૂલ છે. એટલે છેવટે એલોપેથીનો વ્યવસ્થિત ઉપચાર કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. ડૉ. પનાલાલ પતરાવાળા મહારાજશ્રીની સંભાળ ખૂબ ભક્તિપૂર્વક રાખતા હતા, એટલે જે કંઈ ઉપચારો કરાવવામાં આવતા તે એમને જણાવીને જ કરાવવામાં આવતા. પણ એનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઈ પરિણામ ન આવ્યું, તેથી તેઓ પણ સચિંત હતા. અને મહારાજશ્રીને તો ફક્ત એટલાથી જ સંતોષ હતો કે તાવતરિયાની કે શરીરના કોઈ પણ ભાગમાં સહન થઈ ન શકે એવા દુઃખાવાની વેદના ન થાય એટલે બસ. બાકી, શરીરની આળપંપાળની બાબતમાં કે જીવન કે મૃત્યુની બાબતમાં તેઓ, કોઈ યોગસિદ્ધ આત્માની જેમ, સાવ નચિંત, સમભાવી અને અલિપ્ત હતા. પણ બીજાઓને માટે આવી વાતના મૂક સાક્ષી બની ચૂપ બેસી રહેવું એ શક્ય ન હતું. છેવટે ડૉ. પતરાવાળા, શ્રીયુત ફૂલચંદભાઈ શામજી અને બીજાઓએ ડૉ. મુકંદભાઈ પરીખની સલાહ લેવાનું નક્કી કર્યું.

ડૉ. મુકુંદભાઈએ મહારાજશ્રીને તપાસ્યા. એમણે જોયું કે પેલા હકીમજીએ મહારાજશ્રીના હરસમસાનું જે ઑપરેશન કર્યું હતું તે સાવ ઉપર છલ્લું હતું અને દર્દના મૂળને સ્પર્શી સુધ્ધાં નહોતું શક્યું; પરિણામે લોહીના સ્રાવને બંધ કરવામાં એ નિષ્ફળ ગયું હતું. એમણે હરસમસાનું ઑપરેશન તરત જ કરાવી લેવાની સલાહ આપી.

નિષ્ણાત, ભક્તિશીલ અને મહારાજશ્રીની તાસીરના જાણકાર શ્રી મુકુંદભાઈ જેવા ડૉક્ટરની સ્પષ્ટ સલાહ મળી ગઈ હતી, અને હવે બીજો કોઈ વિકલ્પ વિચારવામાં થોડો પણ સમય ગુમાવવો પાલવે એમ ન હતો. એટલે તાત્કાલિક ઉપચાર શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું. મહારાજશ્રીએ સમ્મતિ આપી અને વૈશાખ વદિ ૧, તા. ૧૧–૫–૭૧ ના રોજ તેઓને બૉમ્બે મૅડિકલ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા. અને એના બીજા દિવસે ડૉ. મુકુંદભાઈ પરીખે હરસમસાનું ઑપરેશન કર્યું.

જે દિવસે ઑપરેશન થયું તે દિવસે પણ મહારાજશ્રી કેટલા સ્વસ્થ અને નિશ્ચિંત હતા, તે એમના પોતાના હાથે લખાયેલ એક પત્રથી પણ જાણી શકાય છે. આ પત્ર તેઓએ વિ. સં. ૨૦૨૭, વૈશાખ વદિ ૨, બુધવાર (તા. ૧૨–૫–૭૧)ના રોજ, હૉસ્પિટલમાંથી, વડોદરા પંન્યાસજી મહારાજ શ્રી નેમવિજયજી મહારાજ ઉપર લખ્યો હતો. કદાચ મહારાજશ્રીના હાથે લખાયેલો આ પત્ર છેલ્લો હશે; અથવા છેલ્લા થોડાક પત્રોમાંનો એક હશે. મહારાજશ્રીનો પત્ર આ પ્રમાણે છે—

"મુ. વડોદરા, પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શાન્ત્યાદિગુણગણભંડાર પરમગુરુદેવ પંન્યાસજી મહારાજ શ્રી નેમવિજયજી મહારાજજી તથા શ્રી પં. ચંદન વિ. મ. યોગ્ય સબહુમાન વંદના ૧૦૦૮ વાર. આપશ્રી સાતામાં હશો. હું પણ સાતામાં છું. આપના પ્રતાપે લીલાલહેર છે. આપનો કૃપાપત્ર મળ્યો છે. ઘણો આનંદ થયો છે. આપની કૃપાથી પરમ આનંદ છે.

"વિ. આપશ્રીના શરીરના સમાચાર જાણ્યા છે. આપની આટલી વૃદ્ધાવસ્થામાં બાહ્ય પીડાઓ વધે જ વધે. હવે સામાન્ય દવાથી જ જે થાય તે જ કરવાનું.

"વિ. પાંચ મહિનામાં ઘણા ઈલાજો કર્યા પણ મસામાંથી લોહી આવવું બંધ ન થવાથી હવે ઑપરેશન કરાવવાનું નક્કી કર્યું છે. ગઈ કાલે હૉસ્પિટલમાં આવ્યા છીએ. આજે નવ વાગે ઑપરેશન થવાનું છે. કોઈ વાતે ફિકર કરશો નહીં. હું દરેક રીતે સાતામાં છું. આપના પ્રતાપે સારું થઈ જશે. ઑપરેશન કોઈ ભારે નથી. શરીરમાં અશક્તિ છે, પણ બીજી પીડા નથી. તાવ કે કાંઈ નથી. આપ સાતામાં રહેજો. કૃપા રાખજો.

"લી. સેવક પુણ્યની ૧૦૦૮ વાર વંદના.

"શ્રી કર્પૂરશ્રીજી મ. વગેરેને, હસમુખ બહેન તથા રમણભાઈ વગેરેને સમાચાર કહેજો."

આ કાગળ રવાના કરતાં પહેલાં પૂ. સાધ્વીજી શ્રી ઓંકારશ્રીજીએ એમાં ઉમેર્યું હતું કે—"પ. પૂ. આગમપ્રભાકરશ્રીજી મ.નું ઑપરેશન સારી રીતે થઈ ગયું છે. આપશ્રી સુખશાતામાં હશો. ત્રણ મસા નીકળ્યા છે તે જાણશોજી."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજશ્રીએ અનેકવિધ કાર્યો કરવા છતાં એમનું ચિત્ત સદા સમાધિની સાધના માટે જ જાગ્રત અને પ્રયત્નશીલ હતું; અને તેથી જ તેઓ આવી અસાધારણ સમતા અને શાંતિ અનુભવી શકતા હતા.

મુંબઈના ઘણા મહાનુભાવો મહારાજશ્રીની સેવા માટે તત્પર હતા. મહારાજશ્રીને કેન્દ્રમાં રાખીને રચાયેલ અમારા મિત્રમંડળમાંથી શ્રી કાંતિભાઈ કોરા, ખડા સૈનિક શ્રી લક્ષ્મણભાઈ હીરાલાલ ભોજક અને મહારાજશ્રીના આજીવન સેવક શ્રી માધાભાઈ મહારાજશ્રીની સેવામાં રહ્યા. અમારે નસીબે તો મુંબઈથી ટપાલ કે કોલ મારફત મળતા સમાચારથી જ સંતોષ માનવાનું આવ્યું. આમ છતાં, એટલું યાદ આવે છે કે, શ્રી મહારાજને હૉસ્પિટલમાં દાખલ કર્યા બાદ એના છેલ્લા અઠવાડિયા દરમ્યાન અમારા મિત્ર શ્રી દલસુખભાઈ માલવણિયાને મુંબઈ જવાનું થયેલું, એટલે તેઓ સારવાર દરમ્યાન મહારાજશ્રીનાં દર્શન કરી શકેલા.

મહારાજશ્રીને ઓપરેશન કરવામાં આવ્યું તેના થોડા દિવસ બાદ મારા ઉપર ટપાલ લખતાં રહીને મહારાજશ્રીની તબિયતના નિયમિત સમાચાર આપતાં રહેવાનું પવિત્ર 'સંજયકાર્ય', અમારા નિષ્ઠાવાન સાથીઓમાંના એક, ભાઈ શ્રી લક્ષ્મણભાઈએ જે રીતે સંભાળ્યું, તે માટે હું એમનો ખૂબ આભારી છું. ઓપરેશન પછીની મહારાજશ્રીની તબિયતના સમાચાર તેઓના જ શબ્દોમાં જાણીએ—

તા. ૨૫-૫-૭૧ ના કાર્ડમાં તેઓએ લખ્યું હતું : "ગઈ કાલે સવારે ૧૦ વાગે ટોટી (કેથેટ્રલ) કઢાડ્યા પછી, ઘણી મુસીબતે, તોલો-બે તોલા માત્રુ આવતું હતું. સાંજે ૪ વાગતાં સુધીમાં તો પેઢું ભરાઈ ગયું અને પાણી સુધ્ધાં પીવાનું બંધ થઈ ગયું. ટીકડી આપી, શેક કર્યો, પણ કશો ફરક ન પડ્યો. છેવટે સાંજે સાત વાગે ટોટી ફરીથી ચઢાવી અને ચઢાવતાં જ બે બાટલા માત્રુથી ભરાઈ ગયા. તે પછી રાત સારી ગઈ. અત્યારે ટોટી ચઢાવેલી છે. મસાનું ઓપરેશન કર્યું છે તે ભાગ હજુ રૂઝાયો નથી. ઝાડો એનીમા આપીને જ કરાવવો પડે છે. શરીરમાં અશક્તિ પણ ઘણી છે. આજે સાંજે ડૉકટરના આવ્યા પછી ખબર પડે કે હવે આગળ શું કરવું ? મસાના ઓપરેશનવાળો ભાગ રૂઝાય નહીં ત્યાં સુધી પ્રોસ્ટેટ અંગે કશું નવું કરવાનું નથી."

આ એક જ કાગળમાં ચિંતા કરાવે એવી ઘણી બાબતો હતી. તેમાંય અશક્તિ ઘણી હોવાનું લખ્યું તે ચિહ્ન શરીરની આંતરિક શક્તિને સારો એવો ઘસારો લાગ્યાનું સૂચવતી હતી; છતાં સ્વજન માટે કે સામાન્ય જન માટે પણ અનિષ્ટની કલ્પના કરવાનું કોને ગમે ? અમે સારાની આશામાં રાચતા રહ્યા !

તા. ૨૬-૫-૭૧ ના અંતર્દેશીય પત્રમાં તેઓએ લખેલું : "પૂ. મહારાજ સાહેબનું પ્રોસ્ટેટનું ઓપરેશન કરવું પડશે તેવો ડૉકટર પરીખનો અભિપ્રાય છે...... આ બધું ક્યાં કરવું, કોની પાસે કરવું વગેરે માટે હજુ ફાઈનલ નિર્ણય થયો નથી. એક વિચાર એવો પણ છે કે ડૉ. કરંજીયાવાલા પાસે બોમ્બે હોસ્પિટલમાં કરાવવું. આજે સાંજે અથવા આવતી કાલે આ બાબતનો નિર્ણય થશે... સામાન્ય રીતે મહારાજશ્રી શાંતિમાં છે."

તા. ૨૭-૫-૭૧ ના અંતર્દેશીય પત્રમાં તેઓએ જણાવ્યું : "ગઈ કાલે પૂજ્ય મહારાજ સાહેબને એનીમા, ઓલીવ ઑઈલ તથા ગ્લેસેરીન આપેલ, પણ ઝાડો થયો નહીં. છેવટે ઘણી મહેનતે ગંઠાયેલો મળ નીકળ્યો અને પૂ. મહારાજ સાહેબ એકદમ ઢીલા થઈ ગયા. બપોરે ૩ વાગે ડૉકટર પતરાવાલાને બોલાવવા પડ્યા. ઈન્જેકશન આપ્યું છતાં સાંજ સુધી ગભરામણ જેવું ચાલુ રહ્યું. તે પછી રાત શાંતિમાં ગઈ છે. ગઈકાલે બપોર પછી કશું જ વાપર્યું ન હતું...... અત્યારે અશક્તિ ઘણી છે. અને તે જ કારણે પ્રોસ્ટેટનું ઓપરેશન કરવાની ઉતાવળ થઈ શકતી નથી."

આ કાગળ ઉપરથી જોઈ શકાય છે કે રોગનો પ્રતીકાર કરવાનું શરીરબળ ધીમે ધીમે ઘટતું જતું હતું; અને હવે તો, જાણે શરીર રોગના ઉપચારને ગાંઠવા માંગતું ન હોય એમ, નવી નવી ફરિયાદો ઊભી થવા લાગી હતી. પણ આ સમગ્ર સ્થિતિનું તારણ આપણે ન કાઢી શક્યા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તા. ૨૮–૫–૭૧ ના અંતર્દેશીય પત્રમાં એમણે સમાચાર આપ્યા : "પ્રોસ્ટેટનું ઓપરેશન તરત નહીં કરવા પાછળ એ પણ કારણ છે કે મહારાજજી હજુ ચત્તા સૂઈ શકતા નથી અને બેસી પણ શકતા નથી. ચાર-પાંચ દિવસમાં બેસતા થઈ જશે તેવી ધારણા છે."

તા. ૩૧–૫–૭૧ ના અંતર્દેશીય પત્રથી શ્રી લક્ષ્મણભાઈએ જણાવ્યું : "પૂ. મહારાજ સાહેબ શાતામાં છે. હવે દસ્ત એની મેળે થાય છે. એનીમા આપવું પડતું નથી. આહાર પણ લઈ શકાય છે અને ઊંઘ પણ આવે છે. આજે પલંખી વાળીને પાંચ-દસ મિનિટ બેસાર્યા હતા. હવે તબિયત સારી છે"

આ સમાચાર કંઈક ચિંતાને દૂર કરે એવા સારા હતા.

વચમાં ક્યારેક અમારા મિત્ર શ્રી કાંતિભાઈ કોરાના કાગળ કે ટ્રંક કૉલથી અથવા શ્રી લક્ષ્મણભાઈની ટપાલથી મહારાજશ્રીની તબિયતના જે સમાચાર મળતા રહ્યા, તે ઉપરથી સામાન્ય રીતે લાગ્યું કે હવે ખાસ ચિંતા કરવા જેવું નથી, અને તબિયત સુધરતી આવે છે.

તા. ૬–૬–૭૧ ના કાર્ડમાં એમણે સૂચવ્યું : "પૂજ્ય મહારાજ સાહેબ સુખ-શાતામાં છે. અને આપને ધર્મલાભ લખાવ્યા છે. પ્રોસ્ટેટ ગ્લેંડનું ઓપરેશન, શંકુતલા હાઈસ્કૂલ પાસે "બાચા નર્સીંગ હોમ"માં, ડૉ. મુકુંદભાઈ પરીખના હાથે, તા. ૮–૬–૭૧ મંગળવારે સવારે આઠ વાગે, કરવાનું નક્કી થયું છે. કોઈ જાતની ફિકરચિંતા કરશો નહીં. સોમવારે સવારે અમે બાચામાં દાખલ થઈશું."

૮ મી તારીખે ઓપરેશન થયાના સમાચાર શ્રી કાંતિભાઈ કોરાના ટ્રંકકૉલથી અમને મળ્યા અને અમે કંઈક નિરાંત અનુભવી; હરસમસાનું ઓપરેશન તો આ પહેલાં જ શાંતિથી થઈ ગયું હતું.

આ તારીખે વડોદરા પૂજ્ય પંન્યાસ શ્રી નેમવિજયજી મહારાજને લખેલ કાર્ડમાં શ્રી લક્ષ્મણભાઈએ જણાવ્યું હતું : "પૂજ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબનું પ્રોસ્ટેટ ગ્લેંડનું ઓપરેશન સારી રીતે થયું છે......તબિયત સારી છે. કોઈ જાતની ફિકરચિંતા કરશો નહીં."

આ ઓપરેશન નવી પદ્ધતિથી એવી રીતે કરવામાં આવ્યું હતું કે જેથી સામાન્ય રીતે પ્રોસ્ટેટ ગ્લેંડના ઓપરેશનમાં નાનું અને મોટું એમ બે ઓપરેશન કરવાં પડે છે તેના બદલે એક જ ઓપરેશનથી કામ પતે છે અને દર્દી વહેલો બેસતો-ફરતોહરતો થઈ જાય છે.

૧૦ મી જૂનના પોસ્ટકાર્ડમાં શ્રી લક્ષ્મણભાઈએ લખેલું : "પૂ. મહારાજ સાહેબની તબિયત સારી છે. આજથી મગનું પાણી અને એવી હળવી ચીજો આપવાનું શરૂ કર્યું છે. આજે ખુરશી ઉપર બેસાર્યા હતા. આવતી કાલે કેથેડ્રલ કહાડી નાંખવાની છે. કહાડયા પછી કુદરતી માત્રુ કેવું અને કેટલું આવે છે તે જોયા પછી સારા-ખોટાની ખબર પડે. અત્યારે તો કોઈ તકલીક નથી. ૪૮ કલાક ગેસની તકલીફ રહી. હવે સારું છે. અશક્તિ પુષ્કળ છે. અઠવાડિયામાં અહીંથી રજા મળશે એવી ધારણા છે."

એમનું ૧૨મીનું કાર્ડ કહેતું હતું : "પૂ. મહારાજ સાહેબને આજે કેથેડ્રલ કહાડી નાખી છે અને રૂમમાં ફરવાની છૂટ આપી છે. બેસવાની છૂટ તો પહેલે દિવસે જ આપી હતી. તેલ-મરચું-ખટાશ સિવાય ખાવા માટે પણ છૂટ છે. આજે રૂમમાં ફેરવ્યા હતા. અશક્તિ બહુ છે."

આ છે મહારાજશ્રીની શરીરસ્થિતિની અને દાક્તરી સારવારની ડાયરી.

આ ડાયરીનું જાણે છેલ્લું પાનું લખતા હોય એમ, ૧૪મી જૂનનું કાર્ડમાં લખીને ટપાલમાં નાખ્યું, એમાં શ્રી લક્ષ્મણભાઈએ મને જણાવ્યું હતું કે—

"પૂજ્ય મહારાજ સાહેબની તબિયત સારી છે. બે દિવસ ગેસની ટ્રબલ જોરદાર રહી. એક દવાનો ડોઝ આપતાં પણ તકલીફ પડે તેવું થયું. આજે ઘણો ફાયદો છે. સવારે હોસ્પિટલમાં થોડા ચલાવ્યા પણ ખરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સાબુદાણાની કાંજી વગેરે વપરાવ્યું પણ ખરું. એક-બે દિવસમાં અહીંથી રજા મળશે. હવે મસાની કે પ્રોસ્ટેટની કોઈ તકલીફ નથી. અશક્તિ ખૂબ છે એટલે આરામ માટે ઉપાશ્રય સિવાય બીજે રહેવું પડશે. જો ગેસ ટ્રબલ વધારે હશે તો પાછા મેડીકલ સેન્ટરમાં જવાનું થશે. એટલે એક્ષરે વગેરે ત્યાં લઈ શકાય. નહીંતર શ્રી મહાવીર વિદ્યાલય અથવા કોઈકના ઘેર રહેવાનું થશે."

આ અરસામાં શ્રી કોરા સાહેબે મને એક કાગળમાં લખેલું કે મહારાજશ્રી આહાર-પાણી-દવા જેવું કંઈક પણ લેવા જાય છે, ત્યારે કાળજામાં એવું અસહ્ય દર્દ થાય છે કે ક્યારેક તો મહારાજશ્રીની આંખોમાં જળજળિયાં આવી જાય છે.

આહાર, પાણી કે ઔષધ જેવું કંઈ પણ લેતી વખતે છેલ્લા બે દિવસ મહારાજશ્રીએ જે વેદનાનો અનુભવ કર્યો તેનો ચિતાર મહારાજશ્રીના અનન્ય ભક્ત શેઠ શ્રી ફૂલચંદભાઈ શામજીએ, મહારાશ્રીના સ્વર્ગવાસ બાદ, તા. ૧૬–૬–૭૧ના રોજ, પૂના, આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ ઉપર જે પત્ર લખ્યો હતો એમાં આપ્યો છે. એ પત્રમાં તેઓએ લખ્યું હતું કે—"તા. ૧૨ અને ૧૩, શનિ અને રવિ બન્ને દિવસો ચિંતાજનક અમારા માટે હતા, કારણ કે તે બન્ને દિવસોએ આગમપ્રભાકર સાહેબની તબિયત બરાબર નહતી. પેશાબના દર્દનું ઓપરેશન બહુ જ સારું થઈ ગયું; તેની કોઈ તકલીફ હતી નહીં, પરંતુ છાતીમાં જ્યાં પાણી તથા ખોરાક આંતરડામાં જાય છે ત્યાં, તેમને દરદ થતું હતું અને તે એટલું બધું કે તેમની આંખોમાં પાણી આવી જતાં. કોઈ પ્રવાહી અગર દૂધ-ચા-પાણી કાંઈ પણ લેતાં આ દરદ થતું હતું. રવિવારે આખો દિવસ રહ્યું. બધા નિષ્ણાત દાક્તરોને બોલાવ્યા અને બધાએ એકીઅવાજે કહ્યું કે ચિંતાનું કોઈ કારણ નથી, ગેસ્ટાઈન છે, એકાદ દિવસમાં સારું થઈ જશે."

અને ડૉક્ટરોનો આ અભિપ્રાય સાચો હતો. આ વાતનો ઉલ્લેખ કરતાં શ્રી ફૂલચંદભાઈએ જ પોતાના ઉક્ત કાગળમાં લખ્યું હતું કે —"તે મુજબ (દાક્તરોએ કહ્યા મુજબ) સોમવારે સવારે સારી રીતે દૂધ, ચા, મગનું પાણી, નારિયેળનું પાણી, પોપૈયું તેમ જ કાંજી વગેરે લીધું. સાંજે ખીંચડી લીધી. રૂમમાં પોતે જ દસ-બાર આંટા માર્યા. રૂમની બહાર ગેલેરીમાં ઠેઠ લાયબ્રેરી સુધી ગયા; ત્યાં લગભગ પચીસેક મિનિટ બેઠા; ખૂબ આનંદથી વાતો કરી. અને બધાને ખૂબ સંતોષ થયો. એકાદ દિવસમાં અહીંથી રજા મળશે પછી તેમને થોડા નરીશમેન્ટ માટે કઈ જગ્યાએ લઈ જવા તેની પણ વાતો નક્કી કરી અને સોમવારે સાંજે સાડાછએ હું જમવા ગયો."

આ રીતે ૧૪મી તારીખે તબિયત એકંદર સારી હતી એટલે દિવસભર ભાવિક જનો મહારાજશ્રીનાં દર્શન કરવા, એમને શાતા પૂછવા આવતા રહ્યાં અને, અશક્તિ વધુ લાગવા છતાં, મહારાજશ્રી પણ સૌને પ્રસન્નતાથી આવકારતા રહ્યા. શ્રી ફૂલચંદભાઈ શામજી સાંજ સુધી એમની પાસે હતા અને શ્રી કાંતિભાઈ કોરા તો મોડી સાંજે મહારાજશ્રી પ્રતિક્રમણ કરવા બેઠા તે પછી જ ઘેર ગયા હતા. આમ બધું સલામત, આનંદકારી અને ચિંતાને ઓછી કરે એવું હતું. પણ એ સલામતી અને એ આનંદ છેવટે છેતરામણાં નીવડ્યાં!

શ્રી લક્ષ્મણભાઈના છેલ્લા કાગળમાં કેવા સંતોષકારક અને સારા સમાચાર હતા! છતાં એક વાત તો તેઓના દરેક કાગળમાં રહેતી કે અશક્તિ બહુ છે. વારંવાર કહેવામાં આવતી આ વાત જરૂર ચિંતા ઉપજાવે એવી હતી; પણ છેલ્લા કાગળમાં સારા સમાચાર એટલા બધા હતા કે આપણી ચિંતા દૂર થઈ જાય, ઓછી થઈ જાય. પણ કયા સમાચારને કેટલું મહત્ત્વ આપવું એ માટેનો આપણો અને કુદરતનો ગજ જુદો હોય છે; અને છેવટે કુદરતના ગજનો ફેંસલો જ કાળા માથાના પામર માનવીએ શિરે ચડાવવો પડે છે!

અને...અને...અને થયું પણ એવું જ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડાયરીના છેલ્લા પાનારૂપ શ્રી લક્ષ્મણભાઈનું ઉપર સૂચવેલ છેલ્લું પોસ્ટકાર્ડ, રેલગાડીમાં બેસીને, પોતાની મજલ પૂરી કરીને, મારા હાથમાં આવે તે પહેલાં જ, રાત્રે સાડા નવના સુમારે, મુંબઈથી અમારા મિત્ર શ્રી કોરા સાહેબના પુત્ર ભાઈ અશોકે મને ટ્રંકકોલથી સમાચાર આપ્યા કે પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ એકાએક કાળધર્મ પામ્યા!

ન કલ્પી શકાય એવા આ સમાચાર હતા. એ સાંભળીને પળવાર તો અંતરને કળ ચડી ગઈ, ચિત્ત સૂનમૂન થઈ ગયું અને હૃદયમાં સ્તબ્ધતા છવાઈ ગઈ. શરીરમાં અશક્તિ હોવાની વાત તો શ્રી લક્ષ્મણભાઈ વારંવાર લખતા રહેતા હતા; પૂજ્ય મહારાજશ્રીએ પણ પંન્યાસ શ્રી નેમવિજયજી મહારાજ ઉપરના છેલ્લા પત્રમાં અશક્તિ હોવાનું સૂચવ્યું હતું. એ વાત જ છેવટે સાચી પડી, અને મહારાજશ્રી સદાને માટે વિદાય થયા!

વિ. સં. ૨૦૨૭ના જેઠ વદિ ૬, તા. ૧૪-૬-૭૧ સોમવારનો દિવસ; રાત્રિના ૮-૫૦નો સમય. મહારાજશ્રીએ પ્રતિક્રમણ કરીને સંથારાપોરસી ભણાવી લીધી; અને, જાણે પોતાનો કાર્યકાળ પૂરો થયો હોય અને હમેશને માટે સંથારો કરવા (પોઢી જવા) માગતા હોય એમ, શ્રી લક્ષ્મણભાઈ સાથે વાત કરતાં કરતાં, બે-ચાર મિનિટમાં જ, તેઓ સ્વર્ગવાસી થઈ ગયા! છેલ્લી પળો પૂરી સમાધિ, શાંતિ અને સ્વસ્થતામાં વીતી; ન કોઈ વેદના કે ન કશી માયા-મમતા. વીતરાગના ધર્મના સાધક વીતરાગભાવ કેળવી જાણીને પોતાના જીવનને ઉજ્જવળ અને ધન્ય બનાવી ગયા! ધન્ય મુનિરાજ!

પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજની ઇચ્છા મુજબ શ્રી લક્ષ્મણભાઈએ છેલ્લા કાગળમાં લખ્યું હતું કે—"અશક્તિ ખૂબ છે એટલે આરામ માટે ઉપાશ્રય સિવાય બીજે ક્યાંક રહેવું પડશે"—એ વાણી આપણા માટે કેવી વસમી રીતે સાચી પડી! ભવિતવ્યતાના ભેદ અને કુદરતના સંકેતને કોણ પામી શક્યું છે?

યુગદ્રષ્ટા આચાર્યપ્રવર શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના કાળધર્મ અંગે પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજે રાધનપુરનિવાસી મુંબઈમાં રહેતા ગુરુભક્ત શ્રી મણિલાલ ત્રિકમલાલ શાહ ઉપર, અમદાવાદથી, વિ. સં. ૨૦૧૦ના આસો સુદિ ૧૪ના રોજ લખેલ પત્રમાં લખ્યું હતું કે—"આવા મહાપુરુષો સ્વર્ગવાસી થાય ત્યારે હાથતાળી આપવા જેવું જ લાગે છે. પણ એવા પુરુષો માટેનું મરણ એવું જ હોવું ઘટે." પરમપૂજ્ય મહારાજશ્રીએ લખેલા આ શબ્દો એમને પોતાને જ કેવા લાગુ પડે છે! આપણે જોતા રહ્યા અને તેઓ હાથતાળી આપીને ચૂપચાપ ચાલતા થયા!

પરમપૂજ્ય શ્રી આગમપ્રભાકરજી મહારાજ માટે તો, વધુ ઉચ્ચ સ્થાન માટેનું આ એક સ્થળાંતરમાત્ર જ હતું; પણ આવા સમતા, સાધુતા અને સરળતાના સાક્ષાત્ અવતાર સમા અને જ્ઞાનજ્યોતિથી પોતાના અંતરને તથા પોતાની આસપાસના સૌ કોઈના અંતરને પ્રકાશમાન અને પ્રસન્ન કરી મૂકનાર સંત પુરુષના જવાથી આપણે કેટલા રંક બન્યા છીએ એનો અંદાજ મેળવવો શક્ય નથી.

પણ હવે તો એ જ્ઞાનજ્યોતિનું સ્મરણ, વંદન અને યથાશક્તિ અનુસરણ કરવું એ જ આપણા હાથની વાત છે.

**॥ नमो नमो नाणदिवायरस्स ॥**

[મહારાજશ્રીને દીક્ષા લીધે સાઠ વર્ષ થયાં તે નિમિત્તે, વડોદરામાં ઉત્સવ થયો તે પ્રસંગે, "જ્ઞાનાંજલિ" ગ્રંથ પ્રકાશિત થયો હતો. આ ગ્રંથમાં મેં "પૂજ્ય આગમપ્રભાકરશ્રીની જીવનરેખા" નામે મહારાજશ્રીનો કંઈક વિસ્તારથી પરિચય આપ્યો હતો. એમાં ઠીક ઠીક સુધારા-વધારા કરીને તેમ જ નવું લખાણ પણ સારા પ્રમાણમાં ઉમેરીને આ લખાણ તૈયાર કર્યું છે. ૬, અમૂલ સોસાયટી; અમદાવાદ-૭; વિ. સં. ૨૦૨૯, ચૈત્ર વદિ ૮, ગુરુવાર, તા. ૨૬-૪-૧૯૭૩. **-ર. દી. દેસાઈ**]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પુરવણી-૧

## પૂજ્ય પુણ્યવિજયજી મહારાજનાં ૬૨ ચાતુર્માસની યાદી

( કૌંસ બહારનો અંક ચાતુર્માસનું અને કૌંસમાંનો અંક વિ. સં. નું સૂચન કરે છે. )

**અમદાવાદ**–૩૭,૩૮ (૨૦૦૧,૨૦૦૨), ૪૧ (૨૦૦૫), ૪૪ થી ૫૩ ( ૨૦૦૮ થી ૨૦૧૭ ), ૫૫ થી ૫૯ ( ૨૦૧૯ થી ૨૦૨૩ ).

**કપડવંજ**–૫૪ ( ૨૦૧૮ ).

**ખેડા**–૪ ( ૧૯૬૮ ).

**જામનગર**–૧૬,૧૭ ( ૧૯૮૦, ૧૯૮૧ ).

**જેસલમેર**–૪૨ ( ૨૦૦૬ ).

**ડભોઈ–૧ ( ૧૯૬૫ )—પહેલું ચોમાસું.**

**પાટણ**–૫,૬,૭ ( ૧૯૬૯, ૧૯૭૦, ૧૯૭૧ ), ૨૦ થી ૩૬ ( ૧૯૮૪ થી ૨૦૦૦ ).

**પાલીતાણા**–૧૧,૧૨ ( ૧૯૭૫, ૧૯૭૬ ).

**બીકાનેર**–૪૩ ( ૨૦૦૭ ).

**ભાવનગર**–૧૩,૧૪ ( ૧૯૭૭, ૧૯૭૮ ).

**મુંબઈ**–૯ ( ૧૯૭૩ ), **૬૧, ૬૨ ( ૨૦૨૫, ૨૦૨૬ )—છેલ્લું ચોમાસું.**

**લીંબડી**–૧૫ ( ૧૯૭૯ ), ૧૯ ( ૧૯૮૩ ).

**વડોદરા**–૮ ( ૧૯૭૨ ), ૧૦ ( ૧૯૭૪ ), ૩૯,૪૦ (૨૦૦૩,૨૦૦૪ ), ૬૦ ( ૨૦૨૪ )

**વઢવાણકેમ્પ** ( સુરેન્દ્રનગર )–૧૮ ( ૧૯૮૨ ).

**સુરત**–૨,૩ (૧૯૬૬, ૧૯૬૭ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પુરવણી-૨

## પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી સંપાદિત ગ્રંથો

૧. મુનિ રામચન્દ્રકૃત કૌમુદીમિત્રાનંદનાટક ૧૯૧૭

૨. મુનિ રામભદ્રકૃત પ્રબુદ્ધરૌહિણેય નાટક ૧૯૧૮

૩. શ્રીમન્મેઘપ્રભાચાર્યવિરચિત ધર્માભ્યુદય (છાયાનાટક) ૧૯૧૮

*૪. ગુરુતત્ત્વવિનિશ્ચય ૧૯૨૫

૫. ઉપાધ્યાય શ્રી યશોવિજયકૃત ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા ૧૯૨૮

*૬. વાચક સંઘદાસગણિવિરચિત વસુદેવ-હિણ્ડિ ૧૯૩૦-૩૧

*૭. કર્મગ્રન્થ (ભાગ ૧-૨) ૧૯૩૪-૪૦

*૮. બૃહત્કલ્પસૂત્ર-નિર્યુક્તિભાષ્યવૃત્તિયુક્ત (ભાગ ૧-૬) ૧૯૩૩-૩૮ તથા ૧૯૪૨

૯. ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકલા. ૧૯૩૫

૧૦. પૂજ્ય શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણવિરચિત જીતકલ્પસૂત્ર સ્વોપજ્ઞભાષ્ય સહિત ૧૯૩૮

૧૧. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યપ્રણીત સકલાર્હત્સ્તોત્ર શ્રીકનકકુશલગણિવિરચિત વૃત્તિ યુક્ત ૧૯૪૨

૧૨. શ્રી દેવભદ્રસૂરિકૃત કથારત્નકોશ ૧૯૪૪

૧૩. શ્રી ઉદયપ્રભસૂરિકૃત ધર્માભ્યુદય-મહાકાવ્ય ૧૯૪૯

૧૪. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યપ્રણીત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર-મહાકાવ્ય (પર્વ ૨, ૩, ૪) ૧૯૫૦

૧૫. જેસલમેરની ચિત્રસમૃદ્ધિ ૧૯૫૧

૧૬. કલ્પસૂત્ર-નિર્યુક્તિ, ચૂર્ણિ, ટિપ્પણ, ગુર્જર અનુવાદ સહિત ૧૯૫૨

૧૭. અંગવિજ્જા ૧૯૫૭

૧૮. સોમેશ્વરકૃત કીર્તિકૌમુદી તથા અરિસિંહકૃત સુકૃતસંકીર્તન ૧૯૬૧

×૧૯. સુકૃતકીર્તિકલ્લોલિન્યાદિ વસ્તુપાલ-પ્રશસ્તિસંગ્રહ ૧૯૬૧

૨૦. સોમેશ્વરકૃત ઉલ્લાઘરાઘવનાટક ૧૯૬૧

૨૧. Descriptive Catalogue of palm-leaf Mss. in the Shantinath Bhandar Cambay, Vol. I-II ૧૯૬૧-૧૯૬૬

૨૨. Catalogue of Sanskrit and Parkrit Mss of L. D. Institute of Indology Parts I-IV ૧૯૬૩, ૧૯૬૫, ૧૯૬૮, ૧૯૭૨

૨૩. શ્રીનેમિચન્દ્રાચાર્યકૃત આખ્યાનકમણિકોશ, આમ્રદેવસૂરિકૃત વૃત્તિ સહિત ૧૯૬૨

×૨૪. શ્રી હરિભદ્રસૂરિકૃત યોગશતક સ્વોપજ્ઞ-વૃત્તિયુક્ત; તથા બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય ૧૯૬૫

૨૫. સોમેશ્વરકૃત રામશતક ૧૯૬૬

૨૬. નન્દીસૂત્ર—ચૂર્ણિસહિત ૧૯૬૬

૨૭. નન્દીસૂત્ર—વિવિધ વૃત્તિ યુક્ત ૧૯૬૬

+૨૮. આચાર્ય હેમચન્દ્રકૃત નિઘણ્ટુશેષ, શ્રી શ્રીવલ્લભગણિકૃત ટીકા સહિત ૧૯૬૮

+૨૯ નંદિસુત્તં અણુઓગદ્દારાઇં ચ ૧૯૬૮

૩૦. જ્ઞાનાંજલિ (મહારાજશ્રીના દીક્ષાપર્યાયષષ્ટિ-પૂર્તિ સમારોહ પ્રસંગે પ્રગટ થયેલ મહારાજશ્રીના લેખો તથા મહારાજશ્રીને અંજલિ આપતા લેખોનો સંગ્રહ) ૧૯૬૯

+૩૧. પન્નવણાસુત્ત (પ્રથમ ભાગ) ૧૯૬૯

+૩૨. ,, (દ્વિતીય ભાગ) ૧૯૭૧

૩૩. જેસલમેરજ્ઞાનભાણ્ડારસૂચિપત્ર ૧૯૭૨

૩૪. પત્તનજ્ઞાનભાણ્ડારસૂચિપત્ર ભાગ-૧ ૧૯૭૩

૩૫. દસકાલીયસુત્ત અગસ્ત્યસિંહ ચૂર્ણિ સહિત ૧૯૭૩

૩૬. સૂત્રકૃતાંગ ચૂર્ણિ ભાગ-૧ ૧૯૭૩

૩૭. કવિ રામચન્દ્રકૃતનાટકસંગ્રહ છપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરાંત મહારાજજીએ સંખ્યાબંધ આગમસૂત્રો તથા અન્ય ગ્રંથોની પ્રેસકોપીઓ કરાવીને એમાં પાઠાંતરો નોંધી રાખ્યા છે, તેમ જ છપાયેલા અનેક આગમિક તથા બીજા ગ્રંથોમાં પણ પાઠાંતરો નોંધીને ફરી છપાવતી વખતે શુદ્ધ છપાય એવી વિપુલ સામગ્રી તૈયાર કરી આપી છે.

* આ નિશાનીવાળા ગ્રંથોનું સંપાદન સદ્ગત ગુરુવર્ય શ્રી ચતુરવિજયજી મહારાજ સાથે કરેલું છે.

× આ નિશાનીવાળા ગ્રંથોનું સંપાદન ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા સાથે કરેલું છે.

+ આ નિશાનીવાળા ગ્રંથોનું સંપાદન પં. શ્રી દલસુખભાઈ માલવણિયા તથા પં. શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજક સાથે કરેલું છે.

# સાધનાનું અંતિમ ધ્યેય


જૈન તીર્થંકરોએ અને મહર્ષિઓએ ભવભ્રમણના અંતને એટલે કે મોક્ષપ્રાપ્તિને આત્મ-સાધનાનું એટલે કે અધ્યાત્મસાધનાનું અંતિમ ધ્યેય માનીને, એના મુખ્ય ઉપાય તરીકે, જીવનમાં અહિંસાની સાધના અને પ્રતિષ્ઠા કરવાનું ફરમાવ્યું છે, અને અહિંસાને સિદ્ધ કરવાના મુખ્ય સાધન તરીકે સંયમ અને તપની આરાધનાને સ્થાન આપ્યું છે. વળી, આપણા શાસ્ત્રકાર ભગવંતોએ उवसमसारं खु सामण्णं——શ્રમણજીવનનો સાર તો ઉપશમ એટલે કે શાંતિ અને સમતા છે—એમ કહીને ધર્મસાધનામાં સમતા કે સમભાવનું કેટલું મહત્ત્વનું સ્થાન છે, એ સમજાવ્યું છે. આ રીતે વિચારીએ તો સમતા એટલે કે સમભાવની પ્રાપ્તિ એ જ આત્મસાધના કે ધર્મસાધનાનું ધ્યેય કે કેન્દ્ર બની જાય છે. ઉપરાંત, માનસિક અહિંસાના પાલનના અને સત્યના નાના-મોટા એક-એક અંશને શોધી કાઢવાના અને સ્વીકારવાના એક અમોઘ ઉપાય તરીકે જૈનધર્મે નયવાદ અને સ્યાદ્વાદ એટલે કે અનેકાંતદષ્ટિની પ્રરૂપણા કરી છે. આ અનેકાંતવાદ એ આત્મસાધના અને તત્ત્વવિચારણાના ક્ષેત્રમાં જૈન દર્શનનું એક આગવું કહી શકાય એવું પ્રદાન છે. આ રીતે જૈનધર્મની સાધનાપ્રક્રિયામાં અહિંસા, સમભાવ અને અનેકાંતદષ્ટિ એ રત્નત્રયી કેન્દ્રસ્થાને બિરાજે છે, અથવા કહો કે એ પ્રક્રિયાનું એ જ અંતિમ સાધ્ય કે ધ્યેય છે.

(જ્ઞાનાંજલિ, પૃ. ૨૭૬) પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાનપત્રો અને સામયિકોની અંજલિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# Muni Shri Punyavijayaji

It is our sad duty to report the death on June 14 of Agamaprabhakar Sri Punyavijayaji. He had been elected to Honorary Membership in the Society in 1970. The dean of Sanskrit and Prakrit Jain studies, he was ever ready to interrupt his own valuable work to make available to student and scholar, alike, data and guidance necessary for their researches. The loss to Indological studies is immeasurable.

*Journal of the AMERICAN ORIENTAL SOCIETY*
*Volume 91/Number 3/July-September 1971.*

卐

On June 14, 1971, Jain studies, in particular, and Indological studies, in general, suffered an inestimable loss at the death of Agama Prabhakar Muni Sri Punya Vijayaji. His researches in Jain canonical texts and the ancillary literature demonstrated their value, attracting and encouraging interest in them as works hitherto unexplored. The critical editions prepared by him set models for Indian scholars subsequently undertaking editorial projects.

As a scholar, never confined by sectarian bias, he was ever ready to share with scholar and layman alike, the riches of his learning and experience. In 1970 he was elected to Honorary Membership in the Society.

*Journal of the AMERICAN ORIENTAL SOCIETY*
*Volume 92 / Number 3 / July-September, 1972*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## प्रज्ञापुरुष का विलय

कभी-कभी किसी लोकोपकारी पुरुष का आकस्मिक देहविलय मन में प्रलयपीडा-की–सी सिहरन पैदा कर देता है। यों तो विलय देह का धर्म है, कोई भी उसे नकार नहीं सकता, किंतु जिन परिस्थितियो में उसकी उपस्थिति की अत्यन्त आवश्यकता अनुभव की जाती है, उन्हीं परिस्थितियों में उसका विलीन हो जाना, सचमुच बहुत बड़े खेद एवं चिंता का विषय बन जाता है। आगमप्रभाकर ज्ञानमूर्ति मुनि श्री पुण्यविजयजी म० का देहविलय कुछ ऐसी ही स्थिति में हुआ हैं।

यों तो उनका स्वास्थ्य काफी समय से अस्वस्थ ही चल रहा था, किंतु गत दिनों बम्बई में हुए प्रोस्टेट के आप्रेशन के पश्चात् स्वास्थ्यसुधार की आशा की जा रही थी, किंतु सहसा ही १४ जून की कालरात्रि में उनका भौतिक शरीर अभौतिक आत्मा से विलग हो गया। यह दुखद समाचार जिसने भी सुना, वह सहसा शोक और पीडा की गहराई में डूब गया, नियति के क्रूर प्रहार से जैसे सिहर उठा।

मुनि श्री पुण्यविजयजी ज्ञान की जीती-जागती दिव्य ज्योति थे। उनकी सुदीर्घ एक-निष्ठ श्रुताराधना को देखकर ऐसा लगता था—उन्होंने ज्ञान को ही भगवान् माना हैं, ज्ञान ही उनके जीवन का आराध्य है, साध्य है, ज्ञान ही उनकी आराधना है, साधना है। श्रुताराधना में एकनिष्ठा से तन्मय हुआ ऐसा तपस्वी, साधक आज जैन समाज में तो दूसरा नहीं है, ऐसा कहा जा सकता है।

प्राचीन जैन वाङ्मय के पुनरुद्धार की उनकी विराट योजना थी। जैन आगम एवं अलब्धप्राय इतर वाङ्मय को नवीन शैली एवं शुद्ध संस्करण में प्रकाशित करने का भगीरथ कार्य उनके सुदृढ़ हाथों से सम्पन्न हो रहा था—विद्वद् जगत् इस महत्कार्य के प्रति अत्यन्त आशावान् था और उनके द्वारा संपादित एक-एक ग्रन्थ को बहुमूल्य रत्न की भाँति बटोर रहा था। आशा की जाती थी कि उनके निर्देशन में सम्पन्न होने वाला यह कार्य जैन साहित्य को इतिहास के नये दौर में पहुँचा देगा। किन्तु नियति का यह क्रूर व्यंग्य न सिर्फ उनके भक्तों के लिए, अपितु प्रत्येक ज्ञानपिपासु के लिए निराशा एवं वेदना या एक तीव्र दंश लेकर आया है।

राष्ट्रसंत उपाध्याय श्री अमरमुनिजी म० के साथ उनके बहुत ही आत्मीय सम्बन्ध थे। दोनों का एक बहुत पुराना संकल्प था—"आगम सम्पादन का कार्य दोनों एकसाथ मिलकर सम्पन्न करें।"–इसी संकल्प को मूर्तरूप देने के लिए कविश्रीजी ने उनके संकेत पर ही पालनपुर (गुजरात) में एक चातुर्मास भी किया था, किन्तु 'श्रेयांसि बहु विघ्नानि' की उक्ति प्रायः अनचाहे भी सच हो जाती है। संकल्प को मूर्त रूप नहीं दिया जा सका। आगमप्रभाकरजी को दुर्निवार परिस्थिति के कारण अहमदाबाद जाना पडा और कविश्रीजी को पालनपुर में रुक जाना पडा। पश्चात् अहमदाबाद से आगमप्रभाकरजी ने एक शिष्टमंडल भेजा था अहमदाबाद का निमन्त्रण देने, किन्तु कविश्रीजी श्रमण संघ के

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संगठनकार्यों में व्यस्त हो गये, अहमदाबाद न जा सके। काश ! दो प्रज्ञापुरुषों का यह महत्संकल्प पूरा हो पाता, तो जैन वाङ्मय निश्चय ही अपने दिव्य गौरव से पुनःमण्डित हो सकता।

आगमप्रभाकरजी के दुःखद अवसान की सूचना जब कविश्रीजी को मिली तो हमने देखा, इस मृत्युदंश की पिडा को अनुभव करते हुए वे कुछ क्षण अपने ही भीतर लीन हो गए, और फीर पीडा के गरल को पीते हुए बोले—"सचमुच, वह एक महान् विभूति थी ! इतनी एकनिष्ठ श्रुत-भक्ति, तदर्थ कठोर श्रम और सत्य की तडप किसी विरले में ही मिलती है। सरलता, विनम्रता और मधुरता तो उनसे सीखने जैसी थी। आज की परिस्थितियों में उस श्रुत-तपस्वी की अत्यन्त अपेक्षा थी। किन्तु नियति तो अन्धी होती है....।"

सन्मति ज्ञानपीठ परिवार उस स्व० महान् श्रुतसेवी साधक आत्मा के प्रति हृदय की असीम श्रद्धा अर्पण करता है और उनेक महान् कार्यों की अधूरी रही परम्परा को आगे बढ़ाते जाने के लिए समस्त श्रुत-प्रेमी बन्धुओं से आशाभरी प्रार्थना करता है। उनकी अनुपस्थिति को हम ऐसे ही किसी महान् संकल्प से पूरी कर सकते हैं और यही उस प्रज्ञापुरुष की सच्ची श्रद्धाञ्जलि होगी।

सन्मति ज्ञानपीठ परिवार
आगरा।
'श्री अमर भारती' (मासिक पत्रिका), जुलाई, १९७१

卐

## मुनि श्री पुण्यविजयजी के आकस्मिक निधन पर

मुनि श्री पुण्यविजयजी के स्वर्गवास का संवाद सुना तो सहसा मन में आया कि जिन लोगों को इस दुनिया में रहकर बहुत कुछ करना है, वे जल्दी क्यों चले जाते हैं ? वे श्रुतोपासना के जीवंत प्रतीक थे। उन्होंने अपना जीवन आगम-शोध के लिए समर्पित कर रखा था। उदारता, ऋजुता, गुणग्राहकता और समन्वय उनके सहज गुण थे। वे नाम और पद-प्रतिष्ठा के प्रति अनासक्त होकर अपना काम कर रहे थे। ऐसी विरल विशेषताओं के धनी का चले जाना सचमुच एक बडी क्षति है। हमारे आगम-कार्य में उनसे प्रतियों का यथेष्ट सहयोग मिलता रहा है। जैन शासन उनके प्रति सदा कृतज्ञ रहेगा। हम सब उनकी दिवंगत आत्मा की समाधि के लिए अपना शुभ संकल्प प्रकट करते हैं।

आचार्य तुलसी
(जैन श्वेताम्बर तेरापथी संघ के आचार्य)
लाडनूं; ५ जुलाई, १९७१ "जैन भारति" साप्ताहिक, कलकत्ता, ता. १८-७-७१

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાચી શ્રદ્ધાંજલિ

ડૉ. ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

*

આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી તા. ૧૪ જૂનના રોજ કાળધર્મ પામ્યા તેથી ઘણાને આઘાત થયો. એમની આજુબાજુનું એક મંડળ હતું. પં. સુખલાલજી જેવા ગુરુજનથી માંડીને, મુનિ શ્રી જિન-વિજયજી જેવા સંશોધક સ્નેહીઓથી માંડીને, નવી પેઢીના પં. દલસુખભાઈ, ડૉ. ભોગીલાલ સાંડેસરા, પં. અમૃતલાલ ભોજક, પ્રો. કુલકર્ણી વગેરે અનેક આ દેશના તેમજ પ્રો. બ્રાઉન, પ્રો. બેન્ડર, પ્રો. ચંદ્રભાલ ત્રિપાઠી આદિ પરદેશી કે પરદેશમાં વસેલા ભારતીય વિદ્વાનોનું મંડળ હતું. આ લખાણુ લખનારને પણ તેઓ પોતાના આ અંતરંગ મંડળમાં ગણતા. આ બધા આજે એક પ્રકારની અનાથ દશાનો, આઘાતનો અનુભવ કરી રહ્યા છે. અમને સતાવે છે તે પ્રશ્ન આ છે : હવે શું ?

આગમપ્રભાકરજીના સંશોધનકાર્યમાં મુખ્ય મુદ્દા નીચેના ત્રણ ગણાવી શકાય—(૧) પ્રાચીન હસ્તપ્રતોની જાળવણી, ખોજ અને પ્રાચીન જૈન ભંડારોની બ્યવસ્થિત ચકાસણી કરી, પ્રતોની યોગ્ય જાળવણી કરી, નવાં વેષ્ટનો વગેરે બાંધી. પત્રસંખ્યા વગેરે નિશ્ચિત કરી, સૂચીઓ તૈયાર કરવી. (૨) આગમોની જુદી જુદી પ્રતો મેળવી પાઠશુદ્ધ કરી આગમસાહિત્યના તમામ મુખ્ય ગ્રન્થોની સમીક્ષિત આવૃત્તિઓ તૈયાર કરવી. (૩) જૈન તેમ જ જૈનેતર, અપ્રસિદ્ધ અગત્યના તમામ ગ્રન્થો, જેની પ્રતો ભંડારોમાંથી જડે કે એઓશ્રીને ભેટ અથવા વેચાતી મળે, તેમાંથી શક્ય તેટલાનું સંપાદન કરવું અથવા તેના સંપાદનમાં અન્ય વિદ્વાનોને સહકાર આપવો.

હવે આ કાર્ય જૈન સમાજમાંથી કોણ ઉપાડી લેશે ? આગમોના સંપાદનમાં તો આપણને પ્રો. દલસુખભાઈ માલવણિયા જેવી સુયોગ્ય વ્યક્તિ મળેલી છે, જેઓ આ કાર્યમાં આગમપ્રભાકરજીના સહસંપાદક તરીકે કાર્ય કરતા જ આવ્યા છે. પણ એમને આ અંગે જરૂરી તમામ સગવડ, પ્રોત્સાહન અને સ્ટાફ પૂરો પાડવાની ફરજ જૈન સંઘની છે. જૈન સંઘ જો આ બાબતમાં નિષ્ક્રિય રહેશે તો ફરજ ચૂકશે અને જો યોગ્ય તમામ સહાય આપશે તો આગમપ્રભાકરજીને સાચી શ્રદ્ધાંજલિ અર્પી ગણાશે.

પ્રાચીન તેમ જ અર્વાચીન સંશોધનદષ્ટિ જેનામાં હોય, અર્વાચીન ભાષાવિજ્ઞાનના પણ જે જાણકાર હોય, જૈન પરંપરા-પરિપાટીથી સુપરિચિત હોય, સમગ્ર ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિનો જેને સારો ખ્યાલ અને અભ્યાસ હોય, એવો સુમેળ શ્રી દલસુખભાઈમાં છે. પણ એવી અનેક વ્યક્તિઓને એમણે આ કાર્યમાં જોડવી પડશે. એ માટે યોગ્ય વિચારણા કરી યોજના કરવી જોઈએ. શ્રી મહાવીર જૈન વિદ્યાલય તમામ આગમોની સમીક્ષિત આવૃત્તિ છાપનાર છે, પણ ફક્ત આગમોના પાઠ જ. પણ વધુ પ્રમાણમાં પાઠભેદોની નોંધ, સમીક્ષા, તે તે ચૂર્ણિઓ, ભાષ્યો, નિર્યુક્તિઓ વગેરે સાથેની સંપૂર્ણ વિશ્વનીય સમીક્ષિત આવૃત્તિઓ Prakrit Text Society જેવામાં છાપવાનો જે ખ્યાલ હતો તે કાર્ય ખૂબ જ જરૂરી છે.

બીજું મુખ્ય કાર્ય તે પ્રતોની–ભંડારોની જાળવણી વગેરે. આમાં સમગ્ર શ્વેતામ્બર જૈન સંઘ અને તેના શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ જેવા આગેવાનોએ અને વિદ્વાનોએ મળી કાંઈક તાકીદે કરવાની જરૂર છે. એનું કારણ નીચે મુજબ છે—

દેવશાના પાડાના કલ્પસૂત્રનાં ચોરાયેલાં પાનાં છડેચોક વેચાયાં છે. ક્યાંથી આવ્યાં એની વાતો પણ ખૂબ ચાલે છે. તાજેતરમાં તાડપત્રનાં કેટલાંક સચિત્ર પાનાં અમેરિકાના એક મ્યુઝિયમમાં પહોંચ્યાં તેના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફોટા જોવા મળ્યા હતા. અમાંનાં કેટલાંક પાનાંનાં ફોટા મેં કેટલાંક વર્ષો ઉપર પાડેલા, જેથી એ પાનાં ક્યાંનાં છે તે હું તરત ઓળખી શક્યો. મારી સમજ મુજબ આમાંનાં અમુક પાનાં પાટણના અમુક ભંડારની પ્રતોનાં છે. એકાદ વર્ષ પર એક જર્મન વિદ્વાન આવેલા. તેઓએ પાટણના અમુક ભંડારની અત્યંત શોચનીય સ્થિતિ જોઈ મને અને શ્રી દલસુખભાઈને એ વિષે ફરિયાદ કરેલી. પણ આ વખતે આગમપ્રભાકરજી મુંબઈ હતા અને એઓનું સ્વાસ્થ્ય ઠીક નહોતું રહેતું તેથી તેઓ ખાસ કાંઈ કરી શક્યા નહિ.

પાટણના આ જૈન ભંડાર કે ભંડારોના કે અન્ય સ્થળોના ભંડારોના વ્યસ્થાપક અને વહીવટકર્તા ગમે તે હોય, એ સમગ્ર જૈન સંઘનું મોઘું ધન છે, સમગ્ર ભારતીય સંસ્કૃતિનો મોંઘો ધનવારસો છે. એ ચીજો સુરક્ષિત–વ્યવસ્થિત રહે એ જોવાની જવાબદારી સમગ્ર સંઘની, સારા દેશની છે.

હમણાં જ સાંભળ્યું કે સુરતના એક ભંડારની સચિત્ર કલ્પસૂત્રની પ્રતિ આખી જ ગુમ થઈ ગઈ છે!

આ બધું કેમ કરી રોકવું? જૈન સમાજમાં આવાં કાર્યો કરનાર જે વ્યક્તિઓ હોય તેમને સમાજે રોકવા શું પગલાં લીધાં?

આનો એક ઇલાજ નીચે પ્રમાણે છે: આગમપ્રભાકરજીએ એ જાતનું કાર્ય પોતાની શક્તિ અને સમય મુજબ કરવા માંડેલું. આવા હરેક નાના-મોટા સંગ્રહને વિશ્વાસુ વ્યક્તિઓ વ્યવસ્થિત કરે, તેનાં સૂચીપત્રો તૈયાર કરે, તેની એક નકલ L. D. Institute માં રહે. સર્વ વિદ્વાનો એ સૂચીપત્ર જોઈ શકે. બીજી નકલ તે ભંડારમાં રહે. બીજું, પ્રત્યેક ભંડારમાં જે અગત્યની પ્રતિઓ જણાય તેની માઈક્રોફિલ્મ કરી અમદાવાદના શ્રી લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટીટ્યૂટમાં રાખવામાં આવે. ત્રીજું, જે ચિત્રિત પ્રતો હોય તેનાં તમામ ચિત્રોની માઈક્રોફિલ્મ થાય, અને અગત્યનાં રંગીન ચિત્રોની નમૂનારૂપ થોડી રંગીન સ્લાઈડ પણ બને. ચિત્રોની વ્યવસ્થિત નોંધ થાય. ગમે ત્યાં ગમે ત્યારે આવું ચિત્ર વેચાય તો ફોટા પરથી તે કયા ભંડારનું છે તે પકડી શકાય અને કેવી રીતે વેચાયું તેની તપાસ કરી શકાય.

દેવશાના પાડાના કલ્પસૂત્રનાં ચિત્રો બાબત જો તે વેચનારનો જવાબ લઈ, ધાર્યું હોત તો, સરકારી મદદથી, મૂળ વેચનારની ભાળ કહાઢી શકાઈ હોત. પણ એ માટે આગેવાન વ્યક્તિઓ અને સંઘે કાંઈ કર્યું નહિ! આ શોચનીય ગણાય.

અમદાવાદના L. D. Institute માં જો આવાં તમામ સૂચિપત્રો, માઈક્રોફિલ્મની નકલ વગેરેની એક એક નકલ વગેરે સચવાય તો આગમપ્રભાકરજીનું ત્રીજું કાર્ય જે હતું—એટલે કે સંપાદન અને વિદ્વાનોને સહાય—તે આપોઆપ ચાલુ રહે

મુનિ શ્રી પુણ્યવિજયજીની દૃષ્ટિ ઘણી વિશાળ હતી. એમની સંશોધનની આ બધી પ્રવૃત્તિઓ ચાલુ રહે, વેગ પકડે અને પાર પડે તો જ એમને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાય. આ કાર્યને કેન્દ્રિત કરી શકાય તે માટે જો કોઈ યોગ્ય સંસ્થા આપણી પાસે હોય તો તે લાલભાઈ દલપતભાઈ પ્રાચ્ય વિદ્યામંદિર–અમદાવાદ છે એમ મારું નમ્ર માનવું છે. પણ આ બધી યોજનામાં સાધુ-સાધ્વીસંઘ અને શ્રાવકસંઘનો સંપૂર્ણ સહકાર આવશ્યક છે.

આશા છે કે આ અંગે જરૂરી યોજના, વ્યવસ્થા કરવા માટે પૂ. પંડિત સુખલાલજી અને શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ જેવી વ્યક્તિઓ યોગ્ય વિચાર કરી તુરત કાંઈ ચર્ચાવિચારણા કરી આગળ પગલાં ભરશે. આમ થશે તો આગમપ્રભાકરજી એકલાને નહિ પણ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજશ્રી, પૂ. હંસવિજયજી મહારાજશ્રી, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી વગેરે સહુને ઉત્તમ અંજલિ આપી ગણાશે.

"જૈન" સાપ્તાહિક, પર્યુષણ અંક, ભાવનગર; વિ. સં. ૨૦૨૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મુનિ શ્રી પુણ્યવિજયજી

*

પૂજ્ય પંડિત સુખલાલજીએ જેમની 'કળિકાળસર્વજ્ઞ' હેમચંદ્રસૂરિના આત્મા સાથે સરખામણી કરી હતી અને જેઓ સાચા અર્થમાં 'આગમપ્રભાકર' હતા, તે મુનિ શ્રી પુણ્યવિજયજીના દેહાવસાનથી, માત્ર જૈન સમાજે જ નહિ, પરંતુ સમગ્ર ભારતના સુસંસ્કૃત સમાજે શું ગુમાવ્યું છે તેનો સાચો અને સંપૂર્ણ ખ્યાલ આવતાં તો સમય લાગશે. મુનિશ્રીને આદરની અંજલિ આપવા માટે કેટલીક સભાઓ યોજાઈ, વિદ્વાનોનાં પ્રવચનો થયાં, થોડાક લેખો લખાયા. આ બધું જોતાં-સાંભળતાં એમ લાગે છે કે રાષ્ટ્રીય ધોરણે ને સાંસ્કૃતિક ક્ષેત્રે કેવો મોટો દુઃખદાયક બનાવ બની ગયો છે તેની આપણને કદાચ પૂરી જાણ થઈ નથી. એક વ્યક્તિ તરીકે મુનિ શ્રી પુણ્યવિજયજી મહાન હતા. એમના જેવી સરળ, વિવેકી, જ્ઞાની, ઉદારચરિત અને ધર્મપરાયણ વ્યક્તિ જગતમાં બહુ ઓછી જોવા મળે છે. સાધુસમાજમાં પણ આચાર્યપદ પામવાનો કે શિષ્યો વધારવાનો લોભ એમનામાં હતો જ નહિ. આવી વિરલ વ્યક્તિના જીવનની સાધના, સત્યનું અને શાસ્ત્રોનું એમનું સંશોધન, એ માટે લગભગ અજોડ કહી શકાય એવો એ ક્ષેત્રનો પુરુષાર્થ વગેરે લક્ષમાં લેતાં એમ જ કહેવું પડે કે તેઓ વ્યક્તિ મટી જઈને સંસ્થા બની ગયા હતા. જ્ઞાનસાધનાની જ્યોત જેવું એમનું જીવન સંકેલાઈ જતાં જાણે પ્રભાકરની પ્રભા ઝાંખી પડી ગઈ !

મુનિ શ્રી પુણ્યવિજયજી સાથે અમારો પરિચય તો અતિ અલ્પ હતો. થોડાંક વર્ષો પહેલાં એમના વિપુલ સંશોધનના નમૂનારૂપ ગ્રંથો, ચિત્રો, હસ્તપ્રતોનું એક પ્રદર્શન અમદાવાદમાં યોજાયું હતું. પંડિત સુખલાલજીએ સ્નેહભાવે અમને એક પત્ર લખી જોઈ જવા માટે આગ્રહ કરતો પત્ર લખ્યો હતો. અમે સમયસર ત્યાં પહોંચી શક્યાં નહોતાં; પરંતુ બે-ચાર દિવસ પછી અમદાવાદ ગયેલાં ત્યારે મુનિશ્રી જ્યાં બિરાજતા હતા, ત્યાં તેમનાં દર્શન કરવા, એમના સંશોધનનો કંઈક પરિચય મેળવવા અને જ્ઞાનગ્રંથોની ઝાંખી કરવા ગયાં હતાં. એ વખતે એમની સાથે ગાળેલો સમય સ્મૃતિમાં બરાબર સંઘરાઈ રહ્યો છે. પરિશ્રમપૂર્વક મેળવેલી, જતનપૂર્વક જાળવેલી અને જ્ઞાન તથા પુરુષાર્થનાં કિરણો વડે પ્રકાશિત કરેલી જે ગ્રંથસામગ્રી અને દસ્તાવેજો અમે જોયાં તે કદી ભુલાય એવાં નહોતાં. અમારાં ચિત્ત પર ત્યારે પડેલો પ્રભાવ તે પછીનાં વર્ષોની એમની પ્રવૃત્તિથી ઉત્તરોત્તર વધતો જ રહ્યો હતો.

મુનિ શ્રી પુણ્યવિજયજીએ ૧૪ વર્ષની વયે દીક્ષા લીધી. એમના ગુરુજી અને દાદાગુરુ તરફથી ધર્મગ્રંથોનું જે સંશોધન થતું તે પરંપરા એમણે સ્વીકારી એટલું જ નહિ, પરંતુ તેમાં નવ પ્રાણ પૂર્યો અને તેનું ક્ષેત્ર પણ એમણે વિસ્તાર્યું. કપડવંજના મધ્યમ વર્ગના એક જૈન કુટુંબમાં જન્મેલા અને બાળપણમાં આગના અકસ્માતમાંથી ઊગરી ગયેલા મણિલાલ ડાહ્યાભાઈ નામના કિશોરે કાન્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિ શ્રી ચતુરવિજયજી પાસે કિશોર વયે જ્યારે દીક્ષા લીધી ત્યારે ભાગ્યે જ કોઈને કલ્પના આવી હશે કે આ સાધુ પોતાના ગુરુ અને દાદાગુરુના સંશોધનકાર્યને દીપાવશે, આગળ વધારશે અને દેશવિદેશના વિદ્વાનોની પ્રશંસા મેળવવા સાથે ધર્મગ્રંથો, જ્યોતિષગ્રંથો, આયુર્વેદ, વનસ્પતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને ઐતિહાસિક સામગ્રીથી ભરપૂર ગ્રંથોને પ્રકાશમાં આણી, તેનું સંશોધન અને સંપાદન કરી, આજની અને ભાવિ પેઢીને માટે અમૂલ્ય સામગ્રી સમાજને ચરણે ધરી દેશે. મુનિશ્રીએ પચાસેક ભંડારોના અને અન્ય સ્થળે વેરવિખેર પડેલા સંખ્યાબંધ ગ્રંથોનું કામ કર્યું છે. સંશોધનને ક્ષેત્રે પણ આ પ્રકારનું ધન કમાનારા તેના પર પોતાની ફેણ પસારીને બેસી જાય છે. આ સાધુએ રાતદિવસ પરિશ્રમ કરીને એકત્ર કરેલા, સુધારેલા અને સંપાદન કરેલા તાડપત્ર પર તેમ જ કાગળ પર લખેલા હજારો ગ્રંથોને સમાજના ચરણે ધરી દીધા. અમદાવાદમાં ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર નામની સંસ્થાને આ બધું અર્પણ થયું છે. સંસ્થાનું સંચાલન ગુજરાતના આ ક્ષેત્રના ગૌરવરૂપ પંડિત દલસુખભાઈ માલવણિયા કરે છે. મુનિ શ્રી પુણ્યવિજયજી એમની સાધનાના ફળરૂપ ગ્રંથો માટે આથી વધુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ સ્થળ અને ઉત્તમ વ્યક્તિ કદાચ ન મેળવી શકયા હોત. વિદ્યામંદિરમાં સંઘરાયેલી સામગ્રી જીવંત રહેશે અને વિદ્વાનોને ઉપયોગી પણ બનશે એવો વિશ્વાસ અવશ્ય રાખી શકાય.

દિલમાં એક વાતનો વસવસો રહે છે: આપણા દેશમાં રાજકારણનું અને તે પછી અર્થકારણનું મહત્ત્વ એટલું બધું વધી ગયું છે કે આવા ત્યાગી અને પુરુષાર્થી વિદ્વાનો, સત્યનિષ્ઠ સંશોધકો અને વિવેકી સંપાદકોની વિદાય તરફ દેશના નેતાઓ તેમ જ લોકોનું જોઈએ તેટલા પ્રમાણમાં ધ્યાન જતું નથી. આમ છતાં એવો અનુરોધ કરવાનું મન થાય છે કે પુણ્યવિજયજીના પુરુષાર્થમય પુણ્યનો પ્રવાહ અખંડ વહેતો રહે એવું કંઈક કરવા દેશનો સમજદાર વર્ગ આગળ આવે

"અભિનવ ભારતી" માસિક, મુંબઈ; ઓગસ્ટ, ૧૯૭૧

# આગમના જ્ઞાનને અજવાળનારા

## અધ્યાપક શ્રી સુરેન્દ્રભાઈ કાપડિયા

*

શ્રમણોની જ્ઞાનોપાસનાની પરંપરા બહુ જૂની છે. વ્યાપારપ્રધાન ગુજરાત-રાજસ્થાનમાં પ્રજ્વલતા જ્ઞાન-દીવાને જૈન શ્રમણોની પરંપરાએ પોતાના જીવનનો સ્નેહ સીંચ્યો છે. એમણે જ્ઞાનનાં અજવાળાં જાળવ્યાં છે; જાળવીને વધુ ઉજમાળાં બનાવ્યાં છે.

જ્ઞાનોપાસક શ્રમણોની આ પ્રાચીન પરંપરાને મુનિ શ્રી પુણ્યવિજયજીએ સુપેરે સાચવી હતી. હેમચન્દ્ર-સૂરિજી, શાલિભદ્રસૂરિજી અને યશોવિજયજીની ઉજ્જ્વલ પરંપરાને, પોતાની જ્ઞાનોપાસના દ્વારા, એમણે ઓપ આપ્યો હતો. સ્વાધ્યાય, સંશોધન અને પ્રકાશન દ્વારા એ આખીય પરંપરાને, અર્વાચીન સન્દર્ભમાં, સમૃદ્ધ અને શોભાપૂર્ણ બનાવી હતી.

છોંતેર વર્ષના જીવનકાળમાં પચાસથીય વધુ વર્ષ પુણ્યવિજયજીએ શ્રુતની સેવામાં સમર્પી દીધાં હતાં. સંગ્રહણી જેવા કષ્ટદાયક રોગથી, ઘણા લાંબા સમય સુધી, પરેશાન રહેવા છતાં એમણે અપ્રમત્ત રહીને શાસ્ત્રજ્ઞાનની સન્નિષ્ઠ ઉપાસના કરી હતી. સન ૧૯૧૭માં 'કૌમુદીમિત્રાનંદ નાટકમ્'ના સંપાદન-પ્રકાશનથી આરંભાયેલું એમનું જ્ઞાનકાર્ય સન ૧૯૭૧માં પ્રગટ થયેલા 'પન્નવણાસુત્ત' (ભાગ બીજો) સુધી પથરાયેલું છે. એમણે સંપાદિત કરેલા ગ્રન્થ હજુ તો પૂરા પ્રકાશિત થયા નથી, પરન્તુ એમનાં લેખન-સંપાદનવાળી, અત્યાર સુધીની લગભગ પિસ્તાલીશ જેટલી કૃતિઓ એમની શ્રુતોપાસનાની સાખ પૂરી રહે છે.

જીવનના ઉત્તર કાળમાં સાધ્વી બનેલાં શ્રાવિકા માતાની ધર્મભાવનાએ, જીવનના ઉગમકાળથી, એમનામાં વૈરાગ્યભાવના પ્રેરી. નાનપણમાં જ લગભગ ચૌદ વર્ષની વયે એમણે જૈન પ્રવ્રજ્યા અંગીકાર કરી. કાન્તિવિજયજી અને ચતુરવિજયજી જેવા સહૃદયી અને સંયમી ગુરુજનોના અન્તેવાસમાં એમની વૈરાગ્યભાવના સુદૃઢતા પામી અને જ્ઞાનોપાસના પાંગરી. એ પછી પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી અને મુનિ શ્રી જિનવિજયજી સમા વિદ્યાવાનોના સાન્નિધ્યમાં એમનાં અધ્યયન-મનન-પરિશીલન વિકસ્યાં અને દૃષ્ટિસંપન્ન બન્યાં. ઋજુ-સરલ મુનિ શ્રી પુણ્યવિજયજીનું જીવન પ્રજ્ઞા અને શીલના સમન્વયથી મંગલ અને પ્રેરણામય બની રહ્યું.

જૈન ભંડારોમાં ગોપિત બનીને રહેલા જ્ઞાનને ખપી જીવોના અને વિદ્વાનોના હાથમાં આવે એવું સુલભ બનાવવા મુનિશ્રીએ ભારે પરિશ્રમ કર્યો. લીંબડી, પાટણ, ખંભાત અને જેસલમેરના પ્રાચીન જ્ઞાનભંડારોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સચવાઈ રહેલી પણ સાથે સાથે જ અન્ય જનોને દુષ્પ્રાપ્ય અને મોટે ભાગે તો અપ્રાપ્ય જ બની ગયેલી અનેક પુરાતન હસ્તપ્રતોની વિગતવાર યાદીઓ ભારે જહેમત લઈને એમણે તૈયાર કરી.

આમ દુર્ગમ જ્ઞાનભંડારમાંની હસ્તપ્રતો અંગેની માહિતી મુનિશ્રીએ સુલભ બનાવી અને એ સાથે જ આવા ભંડારમાં રહેલી મોંઘામૂલી હસ્તપ્રતો સંશોધકો-પંડિતો જોવા-તપાસવા મેળવી શકે એવી વ્યવસ્થા કરવા પણ પ્રયાસ કર્યો. આવા અનેક, નાનામોટા ભંડારોને ભેગા મેળવીને એક મધ્યવર્તી જ્ઞાનભંડાર રચવા મુનિશ્રીએ આપેલી પ્રેરણામાંથી જ 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ની રચના થઈ.

વિદ્યાર્થીઓને અને વિદ્યાવાનોને પ્રાચીન સાહિત્ય-સંસ્કૃતિના અધ્યયન-સંશોધનની સર્વ સામગ્રી હાથવગી બની રહે એવી જ્ઞાનસંસ્થા જોગવવાનું કાર્ય મુનિશ્રીનું એક 'મિશન' હતું. એમ જ એમના જીવનનું એક બીજું પણ 'મિશન' હતું—જૈન શાસ્ત્રોનું-આગમોનું શુદ્ધ અને સુરૂપ પ્રકાશન. ગોપ્ય અને એથી અપ્રકાશ્ય મનાયેલાં વિશિષ્ટ આગમસૂત્રો-છેદસૂત્રોનાં મુદ્રણ અને પ્રકાશનની સામે જૈન સમાજના કેટલાક ભાગનો આક્રમક ઊહાપોહ અને ભારે વિરોધ હતો. એવી વેળાએ, શાન્ત પણ સુદૃઢ નિર્ભીકતાથી, એમણે ગોપ્યાતિગોપ્ય મનાયેલા છેદસૂત્રમાંના 'બૃહત્કલ્પ'નું સંપાદન કરીને પ્રકાશન કરાવ્યું. આ 'બૃહત્કલ્પ'ની પ્રસ્તાવનામાં મુનિશ્રીની નિર્ભીકતા, તાર્કિકતા અને તેજસ્વિતા ચમકી ઊઠે છે. મુનિશ્રીએ કરેલું આગમોના સંરક્ષણનું, સંપાદનનું અને પ્રકાશનનું ભગીરથ કાર્ય આપણને દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણની યાદ આપી રહે છે.

સંપાદનની સૂઝ મુનિશ્રી પામ્યા હતા. પાઠાન્તરોની નોંધ માટે ભારે આગ્રહ એ રાખતા હતા. પાઠની વિશુદ્ધતા માટે પૂરી કાળજી એ લેતા હતા. કાગળ, બીબાં અને છપાઈ અંગેની વિશેષ રુચિ અને સમજને કારણે એમની દેખરેખ પામેલાં પ્રકાશનો શુદ્ધ, સ્વચ્છ અને સુરૂપ બનીને પ્રગટતાં હતાં. 'વાસુદેવહિણ્ડિ' કે 'અંગવિજ્જા' જેવાં એમનાં સંપાદનો જોનારા-વાંચનારાને આ હકીકત બરાબર જણાઈ-સમજાઈ રહેશે.

સરળ, નમ્ર અને વિદ્યાનિષ્ઠ આ મુનિશ્રીને અંગે જૈન સમાજના કેટલાક ભાગમાં ક્યારેક અણગમો દેખાતો હતો. આમ છતાંય પરંપરાપૂજક વૃદ્ધ શ્રેષ્ઠીજનોનો અને આધુનિકતા પામેલી નવી પેઢીનો એક સરખો આદર મુનિશ્રી, એકંદરે, પામી રહ્યા હતા. મુનિશ્રીની નિષ્કામતા, સરળતા અને જ્ઞાનનિરતતા જ આવા આદરનાં કારણ હતાં.

આવા મુનિશ્રી હવે આપણી વચ્ચે નથી રહ્યા અને એમનો દેહ કાળધર્મને પામ્યો છે એ વાતનું ઊંડું દુઃખ જૈન સમાજની સાથે સારોય વિદ્યોપાસક સમાજ અનુભવી રહેશે. અર્ધમાગધી ભાષાના, પ્રાચીન ભાષાઓના અને સાહિત્ય-સંસ્કૃતિના વિદ્યાર્થીઓ, પંડિતો, સહૃદયો અને સંશોધકો મુનિ શ્રી પુણ્યવિજયજી દ્વારા ઉપલબ્ધ થયેલી-પ્રાપ્ય બનેલી-વિવિધ અને વિપુલ જ્ઞાનસામગ્રીને જોતાં, જોગવતાં અને ખપમાં લેતાં વારંવાર મુનિશ્રીને શ્રદ્ધા, આદર અને ભક્તિપૂર્ણ ભાવાંજલિ સમર્પી રહેશે.

'બુદ્ધિપ્રકાશ' માસિક, અમદાવાદ; જુલાઈ, ૧૯૭૧

## આગમપ્રભાકર સ્વ. પૂ. મુનિ શ્રી પુણ્યવિજયજી

### પં. શ્રી દલસુખભાઈ માલવણિયા

*

ઈ. સ. ૧૯૩૫થી પૂ. મહારાજશ્રી પુણ્યવિજયજીના પરિચયમાં આવ્યો ત્યારથી મારા ઉપર તેમના નમ્ર અને વિદ્યાનિષ્ઠ જીવનની જે છાપ પડી છે તે છેલ્લી ઘડી સુધી ઉત્તરોત્તર પ્રબળ બનતી ગઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમણે પોતે અનેક ઉચ્ચ કોટિના ગ્રંથો, જેવા કે વસુદેવહિન્ડિ, અંગવિજ્જા, બૃહત્કલ્પ આદિનું સંપાદન કર્યું છે અને તે એવા છે જે અન્ય દ્વારા સંપાદિત થવાનો સંભવ ઓછો જ હતો. કેવળ વિદ્યાને વરેલા જ એ ગ્રંથોનું સંશોધન કરી શકે, અન્ય નહિ. તેમણે જ્યારે છેદસૂત્રમાંના બૃહત્કલ્પનું સંપાદન શરૂ કર્યું ત્યારે ઘણા આગમજ્ઞોનો વિરોધ હતો, છતાં પણ ભારતીય વિદ્યાના એક અંગરૂપ એવા મહાન ગ્રન્થો પ્રકાશિત ન થાય તે તેમને ગમ્યું ન હતું અને વિરોધ છતાં તેમણે બૃહત્કલ્પનું સંપાદન કર્યું. અને તેમણે જે રૂપે એનું સંપાદન કર્યું છે તે રૂપને પહોંચવાની અન્યમાં તાકાત દુલર્ભ છે. તે તો ત્યાર પછી એવું સંપાદન હજી સુધી થઈ શક્યું નથી તે જ બતાવી આપે છે.

છેલ્લાં પચાસ વર્ષથી તેમના મુખ્ય બે કામો રહ્યાં છે : આપણાં જૂનાં હસ્તલિખિત પુસ્તકોનુ સંરક્ષણ અને આગમગ્રંથોની વિશુદ્ધ વાચના તૈયાર કરવી તે. તેમણે લીંબડી, પાટણ, ભાવનગર, જેસલમેર જેવા જાણીતા ભંડારોની હસ્તપ્રતોનો ઉદ્ધાર કરી સૂચીઓ બનાવી આપી છે અને આવશ્યક એવી સંરક્ષણની વ્યવસ્થા પણ કરી આપી છે. અને તે ઉપરાંત જ્યાં પણ તે ગયા ત્યાંના ભંડારની સુવ્યવસ્થા થાય તેની ચિંતા હંમેશાં તેમણે સેવી છે. પરિણામ એ છે કે આજે જે પશ્ચિમના વિદ્વાનો એમ કહેતા હતા કે જૈન ભંડારમાંથી પુસ્તક તો મળી જ ન શકે, તેઓ હવે કહેતા થયા છે કે જૈન ભંડારમાંથી પુસ્તક મેળવવું હોય તો શ્રી પુણ્યવિજયજી જ એકમાત્ર સહાયક છે. આજે જ્યારે તેમનો સ્વર્ગવાસ થયો ત્યારે વિદ્વાનોની એક જ ચિંતા છે કે હવે આ બધા ભંડારોમાંથી હસ્તપ્રત કોણ ઉપલબ્ધ કરી આપશે ? હા, એક ઉપાય તેઓ કરતા જ ગયા છે અને તે એ કે અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની સ્થાપના શ્રી કસ્તુરભાઈ લાલભાઈને પ્રેરણા આપીને કરાવી. અને તેમાં પૂ. મુનિશ્રી પુણ્યવિજયજીનો પોતાનો સંગ્રહ, જે દશ હજાર પ્રતોનો છે, તે ઉપરાંત તેમણે બીજી જે ૨૭૦૦૦ હસ્તપ્રતો મેળવી આપી છે, તે દ્વારા વિદ્વાનોને હસ્તપ્રતો સુલભ કરી આપી છે. પરંતુ એ પણ પર્યાપ્ત નથી. અન્ય ભંડારના સંચાલકો જો વિદ્યામંદિરને સહકાર આપે, અને તેના દ્વારા વિદ્વાનોને હસ્તપ્રતો સુલભ કરી આપે, તો જ પૂ. મુનિશ્રીની આ પ્રવૃત્તિ ચાલુ રહી શકશે અને તેના યથાર્થ રૂપમાં ચાલુ રહી શકશે. ગ્રંથભંડારો માત્ર સાચવી રાખવા એ પર્યાપ્ત નથી. પણ તેનાં પુસ્તકોનો વધારેમાં વધારે ઉપયોગ કેમ થાય એવી વ્યવસ્થા પણ કરવી જોઈએ. અન્યથા એ ભંડારનો કશો જ ઉપયોગ નથી; માત્ર ઉધઈનો ખોરાક બની જશે.

પૂ. મુનિશ્રી જ્યાં પણ જતા ત્યાં આગમોની કોઈ પણ પ્રાચીન હસ્તપ્રત જોતાં તો તેને આધારે પોતાની મુદ્રિત આગમની આવૃત્તિમાં પાઠાંતર નોંધી લેતા. આમ છેલ્લાં પચાસ વર્ષથી તેમણે આગમોની વિશુદ્ધ આવૃત્તિ તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે તેમના દ્વારા સંપાદિત વિશુદ્ધ આગમગ્રંથોના પ્રકાશનનું કાર્ય હાથ ધર્યું છે, અને ત્રણ આગમો પ્રકાશિત પણ થઈ ગયા છે. શેષ આગમો તેમણે જે રીતે વિશુદ્ધ કરી રાખ્યા છે તેના સંપાદન-પ્રકાશનની જવાબદારી એ મોટી જવાબદારી છે. તે કેમ પાર પડશે તે આજે સૌની ચિંતાનો વિષય થઈ પડ્યો છે.

વિદ્યાની મહત્ત્વની પ્રવૃત્તિમાં રોકાયેલા છતાં તેમણે પોતાનો સમય શ્રાવકના નાના બાળકથી માંડીને અનેક સાધુ-સાધ્વી અને શ્રાવકોને આપવામાં જરા પણ સંકોચ રાખ્યો નથી. એક બાળકની સાથે બાળક બની વાત કરતા તેમને જેમણે જોયા હશે તેઓને ખ્યાલ હશે કે આ ખરેખર ધર્મની પરિણતિવાળા મહાત્મા છે. અમે હંમેશા ફરિયાદ કરતા કે મહારાજ, આપ આપની વિદ્યા ઉપરાંતની પ્રવૃત્તિમાં કાપ મૂકો. પણ તેમનો તો એક જ જવાબ હતો કે કોણ ક્યારે ધર્મ પામશે એની શી ખાતરી ? માટે મારે તો મારી પાસે આવનારને નિરાશ કરવા નથી. મુંબઈમાં તેમનો ઘણો સમય વાસક્ષેપ નાખવામાં જતો. તે બાબતમાં પણ તેમનો એક જ ખુલાસો હતો કે ભાઈ, શ્રદ્ધાથી લેનારને શાંતિ મળતી હોય તો મારો સમય ભલે તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જતો. આમ દિવસે નિરાંત નહિ એટલે તેમનું શાસ્ત્રીય વિદ્યાનું કામ જ્યારે સૌ ઊંઘી જાય ત્યારે ચાલતું અને છતાં જીવનમાં સદૈવ અપ્રમત્ત હોઈ તેઓ જે પ્રકારના અને જેટલા વિશિષ્ટ ગ્રંથો સંપાદન કરી શક્યા છે તે આશ્ચર્ય ઉપજાવે તેવા છે. અને વિદ્વજ્જગતમાં તેથી તેમનું નામ થયું છે. હજી ગયા જ વર્ષે અમેરિકાની ઓરિએન્ટલ સોસાયટીએ તેમને પોતાના માનદ સભ્ય ચૂંટી કાઢ્યા હતા. કદાચ આવું માન મેળવનાર એ પ્રથમ ભારતીય હતા.

જેનો કયાંય આશ્રય નહિ એવા કોઈ સાધુ કે સાધ્વીના એ આધાર હતા. તેમની જરૂરિયાતોનું ધ્યાન રાખતા, આશ્રયની વ્યવસ્થા કરતા અને બીજી જરૂરિયાતો પણ પૂરી થાય તેની ચિન્તા સેવતા. જ્યારે તેઓ હવે આપણી વચ્ચે નથી ત્યારે રડી રહેલાં એવાં સાધુ-સાધ્વીની ચિંતા સેવવી એ પૂ. મહારાજશ્રી પ્રત્યેનું ઋણ અદા કરવાનો એક પ્રકાર બની રહેવો જોઈએ.

ઘણા ધનિકો પૂ. મહારાજશ્રીને કહેતા કે મહારાજ, કાંઈ જરૂર હોય તો કહેજો. પણ તેઓ તો કોઈએ કહ્યું માટે કાંઈ માગી લેવું એમ માનનારા હતા નહિ. જ્યારે પણ જરૂર ઊભી થાય ત્યારે જ તેઓ કોઈને કાંઈ કહેતા.

વિદ્યામંદિરમાં આવીને તેઓ રહે કે નહિ તેની ચર્ચા પ્રસંગે તેમણે જણાવ્યું કે મને તો મારા આ શ્રાવકભક્તોની વચ્ચે જ રહેવું ગમે છે. તેમની મને હૂંફ છે, મારી તેમને છે.

જૈન આચાર-વિચારમાં દૃઢ છતાં જ્યાં અપવાદ જરૂરી જણાય ત્યાં તે કરતા સંકોચ અનુભવતા નહિ. પરમાર્થ ચારિત્ર્યના એ આરાધક હતા. ખોટા આડંબરમાં કદી રાચ્યા નથી. તેમનાથી ઓછી યોગ્યતાવાળા અનેક આચાર્યો બની ગયા; અને અનેક વાર વિનંતિ છતાં મુનિ શ્રી પુણ્યવિજયજી મુનિશ્રી જ રહ્યા; આચાર્ય થવાનું પસંદ કર્યું નહિ. આગમના પરિશીલન દ્વારા એમને જ્ઞાન હતું કે આચાર્ય થવું એટલે કેટલી મોટી જવાબદારી ઉપાડવી. આવી મોટી જવાબદારીથી મુક્ત રહેવામાં જ તેમણે પોતાનું શ્રેય જોયું હતું. આચાર્ય તો નહિ પણ વિદ્વત્તાના પ્રતિકરૂપે અપાતી પંન્યાસ પદવી પણ તેમણે સ્વીકારી નહિ તે તેમની કેટલી નમ્રતા હતી તે સૂચવે છે.

છેલ્લે તેમને હરસનું દર્દ હતું તેનું ઓપરેશન થયું. તેમાંથી વળી પ્રોસ્ટેટનું ઓપરેશન કરાવવું પડ્યું. તેમાં તેમના જીવનનો ૭૬ વર્ષની ઉમરે અંત થયો. પરંતુ મહારાજશ્રીને પોતાને તો વિશ્વાસ હતો કે તેઓ ૮૪ વર્ષ તો જીવવાના જ છે અને અધૂરાં કામો પૂરાં કરવાના જ છે. પણ કુદરતે બીજું ધાર્યું હતું. તેમના અધૂરાં કામો અધૂરાં જ રહ્યાં. પણ ખરેખર જ તે અધૂરાં છે? જે કાંઈ તેમણે જ્યારે કર્યું છે તે પૂર્ણ રૂપમાં જ કરવાનો આગ્રહ સેવ્યો છે. એટલે તે જે કાંઈ કરી ગયા છે તે પૂર્ણ જ છે. અધૂરાં તો આપણે તેમની પાસેથી અપેક્ષા રાખી હોય તેથી લાગે. પણ તેઓ તો પૂર્ણતાના જ ઉપાસક હતા, અને પોતાનાં કાર્યો પૂર્ણ કરીને જ ગયા છે.

જીવનમાં સમભાવની સાધના એ જ શ્રમણનું લક્ષણ છે, અને તેની તાદૃશ મૂર્તિનાં દર્શન મને સ્વ. પૂ. પુણ્યવિજયજીમાં થયાં છે. છેક ઈ. ૧૯૩૫થી સંગ્રહણીના દરદી છતાં તેમના સ્વભાવમાં જે શાંતિ દેખાતી તે દુર્લભ હતી. છેલ્લા દિવસોમાં બન્ને ઓપરેશન વેળા પણ તેમણે દુઃખ સહન કરવાની જે તાકાત દાખવી છે તેનાં દર્શન પણ દુર્લભ છે. બાળક કે મોટા ધનિક તે બન્નેની સમક્ષ મહારાજશ્રીનું એક જ રૂપ: તે તેમની નિખાલસ વૃત્તિનાં દર્શન કરાવે છે. મોટા મોટા શેઠો ભક્તો છતાં, અભિમાનનો છાંટો મળે નહિ. આવી આત્મપરિણતિ અન્યત્ર દુર્લભ જ છે. મહારાજ પાસે સાહિત્યિક સામગ્રી કે અન્ય સામગ્રી હોય અને કોઈ માપીને ન આપી હોય તેવું બન્યું નથી. આવી નિર્મોહી કે અપરિગ્રહવૃત્તિ જે આત્મામાં હોય તે સાચો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રમણ ન હોય તો પછી બીજો કોણ હોય? અને છતાં આપણા સમાજમાં એવા સાધુ પડ્યા છે જે તેમને શ્રમણ માનવા પણ તૈયાર ન હતા! તેમનાં દર્શન કરવામાં તેમને મિથ્યાત્વ લાગી જવાનો ડર હતો! આ જૈન ધર્મના હ્રાસનું કારણ ન હોય તો બીજું શું હોય? 'બાહ્ય આડંબર વધારો અને સાચા સાધુમાં ખપો' —આ આજે સાધુતાનું ધોરણ થયું છે. અને છતાં એ ધોરણનો અસ્વીકાર કરી, સદૈવ માન-અપમાનની પરવા કર્યા વિના, પોતાની રીતે સાધુજીવન ગાળીને, પૂ. મુનિશ્રી પોતાનું જીવન ધન્ય કરી ગયા છે અને સાધુતા શું હોઈ શકે તેનું નિદર્શન પણ કરી ગયા છે. તે આપણા માટે સદૈવ ધ્રુવતારક બની રહે એ જ અભ્યર્થના.

"પ્રબુદ્ધજીવન" પાક્ષિક, મુંબઈ; તા. ૧-૭-૧૯૭૧

# पुण्यलोक श्री पुण्यविजयजी महाराज

श्री शान्तिलाल वनमाली सेठ

*

गत वर्ष जब मैं बम्बई गया था तब भारत के अग्रगण्य पुरातत्वविद् मुनि श्री पुण्यविजयजी के दर्शन करने का एवं उनकी ज्ञान-गरिमा का रसास्वाद लेने का शुभावसर मिला था। इस ज्ञान-तपस्वी का दर्शन करके और उनके तपःपूत स्वाध्याय-रत जीवन का अन्तःदर्शन करके मैं वास्तवमें धन्य-धन्य हो गया। इतने ज्ञान-वृद्ध होते हुए भी कितने सरल, सौम्य एवं स्वाध्यायरत थे। जैन तत्त्वों के अमूल्य ज्ञान-भण्डार में छिपे हुए रत्नों को बाहर निकालने का शोधन-कार्य वे वर्षों से कर रहे थे। उन्होंने स्वाध्याय, शोध-कार्य एवं अनुसंधान-कार्य करने में अपना जीवन-सर्वस्व समर्पित कर दिया था और स्वाध्यायतप में ऐसे तल्लीन हो गये थे कि दिन-रात स्वाध्याय, संशोधन एवं अनुसंधान यह उनका जीवनव्यवसाय ही बन गया था। उन्होंने अपूर्व संशोधनकार्य करके जो जैन शासन की सेवा की है भारतीय इतिहास में स्वर्णाक्षरों में सदा के लिए अंकित रहेगी। हमारे प्राचीन ज्ञानभाण्डार तालों में जकड़े हुए थे, जीर्ण-शीर्ण अवस्था में वह प्राचीन साहित्य बिखरा हुआ पडा था। उसका उद्घाटन करके प्रत्येक हस्तलिखित पत्रको व्यवस्थित करके एवं प्राचीन जैन साहित्य के ग्रथ-रत्नों का संपादन करके जैन साहित्य की जो सेवा की है वह यावच्चन्द्रदिवाकरौ चिरस्थायी रहेगी।

पुण्यलोक श्री पुण्यविजयजी म० की पुण्य-स्मृति युग-युगान्तर तक अपने कार्यकलापों द्वारा चिरस्थायी हो गई है। आवश्यकता है उनके प्रशस्त पथ पर चलने वाले विद्वानों की। पू० मुनि-जी ने अनेक विद्वानों को इस पथ पर चलने की न केवल प्रेरणा ही दी है, अपितु, अपने प्रगाढ पांडित्य के साथ वात्सल्य का परिचय देकर, विद्वानों को, जिज्ञासुओं को इस पथ पर चलने का प्रबल प्रोत्साहन भी दिया है। पुण्यश्लोक पुण्यविजयजी म० का पुण्य स्मारक यही होगा कि उनके अधूरे कार्य को पूरा किया जाय। जैन संघ का यह पवित्र कर्तव्य है कि वह उनके अधूरे स्वप्नों को, एवं कार्य-कलापों को मूर्त स्वरूप देने का सक्रिय प्रयत्न करे। यही उनके प्रति सच्ची श्रद्धांजलि होगी। स्वर्गीय पुण्यात्मा को चिरशान्ति प्राप्त हो, यही प्रार्थना है।

"जैन प्रकाश" साप्ताहिक, नई दिल्ही; ता. १-७-७१

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ખોટ

*

ભારતીય વિદ્યાના ક્ષેત્રમાં અને ખાસ કરીને જૈન વિદ્યાના સંશોધન-સંપાદનના ક્ષેત્રમાં દેશ-વિદેશમાં ખૂબ વિખ્યાત બનેલા મુનિ શ્રી પુણ્યવિજયજીનો જીવનરસ જ્ઞાનની તલસ્પર્શી અને સર્વસ્પર્શી સાધનાની સાથે સાથે જૈનધર્મ મુજબ જીવનસાધના કરવાનો હતો. પ્રાચીન ગ્રંથોના ઉદ્ધારક તરીકે તેઓએ ભારતીય સાહિત્યની શ્રેષ્ઠ સેવા બજાવી હતી. એમના હાથે હજારો પ્રાચીન જીર્ણ હસ્તલિખિત પ્રતોનો ઉદ્ધાર થયો હતો. રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના અનેક જ્ઞાનભંડારોનો તેઓના હાથે નમૂનેદાર ઉદ્ધાર થયો હતો. પ્રાચીન અઘરામાં અઘરી હસ્તલિખિત પ્રતોને ઉકેલવાની તેઓની શક્તિ અસાધારણ હતી. પ્રાચીન ગ્રંથોનું સંશોધન કરવાની એમની પદ્ધતિ પણ જેમ અનોખી હતી તેમ સત્યલક્ષી હતી. ગ્રંથસંશોધનના કાર્યમાં તેમ જ જ્ઞાનોપાસનાના કાર્યમાં તેઓને કોઈ પણ જાતની સાંપ્રદાયિક કે રૂઢ માન્યતારૂપ સંકુચિતતા સ્પર્શી જ શકતી ન હતી. તેઓના હાથે સંપાદિત થયેલા પ્રાચીન ગ્રંથો સંપાદનની દૃષ્ટિએ આજે પણ આદર્શ ગણાય છે. કોઈ પણ પ્રાચીન ગ્રંથના સંશોધન વખતે એક એક વાકચ, એક એક શબ્દ અને એક એક અક્ષરને ઉકેલવામાં તેઓ જે ખંત, ધીરજ, કુશાગ્રબુદ્ધિ અને સૂઝથી કામ કરતા હતા તેમાં તેઓની ઉત્કટ જ્ઞાનભક્તિ વ્યક્ત થતી હતી.

તેઓની જ્ઞાનોદ્ધારની પ્રવૃત્તિની સાક્ષી છેક જેસલમેરથી લઈને ભાવનગર સુધીના અનેક જ્ઞાનભંડારો આપે છે. જેસલમેરના ભંડારના ઉદ્ધારના કામ માટે તેઓએ જે જહેમત ઉઠાવી છે, તેની વિશ્વના વિદ્વાનો પ્રશંસા કરે છે. પાટણના જાણીતા શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરની સ્થાપનામાં અને તેને સમૃદ્ધ બનાવવામાં મહારાજશ્રીએ ભારતીય સાહિત્યની વિરલ સેવા બજાવી છે. જૈનધર્મનાં આગમસૂત્રોના તો તેઓ મર્મસ્પર્શી અજોડ જ્ઞાતા હતા. એમના હાથે સંપાદિત થયેલા આગમગ્રંથો આજે પણ બેનમૂન ગણાય છે. તેઓની આ વિદ્વત્તાને કારણે જ તેઓને ભારતભરમાં આગમપ્રભાકર તરીકે ઓળખવામાં આવે છે. પાછલાં વર્ષોમાં તેઓ આગમસંશોધનના કામમાં ખૂબ એકાગ્ર હતા. અને એમના આ પ્રયત્નને ગ્રંથરૂપે પ્રકાશિત કરવાની યોજના શ્રી મહાવીર જૈન વિદ્યાલયે શરૂ કરી હતી અને તેમાં ત્રણ આગમો તો પ્રકાશિત થઈ ચૂકયા છે અને બીજા તૈયાર છે.

પ્રાચ્ય વિદ્યાના ભારતના તેમ જ દુનિયાના વિદ્વાનો અને જિજ્ઞાસુઓને માટે વિદ્યાતીર્થરૂપ બનેલ અમદાવાદનું લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર તેઓશ્રીની પ્રેરણાથી જ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ સ્થાપ્યું હતું. આ સંસ્થામાં જે હસ્તલિખિત તેમ જ છાપેલા ગ્રંથોનો અમૂલ્ય સંગ્રહ છે, તેમાં મુનિ શ્રી પુણ્યવિજયજીના હસ્તલિખિત તેમ જ છાપેલા મળીને વીસેક હજાર ગ્રંથોનો સમાવેશ થાય છે. આ જ બતાવે છે કે તેઓ જ્ઞાનના કેટલા મોટા ઉપાસક હતા.

જિજ્ઞાસુઓ, વિદ્યાર્થીઓ અને વિદ્વાનો એ બધાને માટે એમનાં દ્વાર સદાને માટે ખુલ્લાં રહેતાં હતાં. જરૂરી માહિતી મેળવવા માટેની તો તેઓ એક મોટી પરબ જ હતા—જાણે કે તેઓ જ્ઞાનના મીઠા મહેરામણ હતા. પોતાની પાસેની કીમતીમાં કીમતી કે ખૂબ મહેનત લઈને તૈયાર કરેલી સામગ્રી પણ એના ખપીને આપવામાં તેઓએ ક્યારેય લેશ પણ સંકોચ કર્યો નથી, અને ઉદારતાપૂર્વક સામે ચાલીને આપી છે.

૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજી ગયે જ વર્ષે અમેરિકાની ઓરિએન્ટલ સોસાયટીએ પોતાનું માનદ સભ્યપદ આપીને તેઓ પ્રત્યે પોતાની ઊંડી કૃતજ્ઞતા દર્શાવવાની સાથે તેઓની વિદ્વત્તાનું વિરલ એવું બહુમાન કર્યું હતું.

તેઓની આટલી વિદ્વત્તા અને જ્ઞાનોપાસનાની સાથોસાથ તેઓમાં નમ્રતા, નિરભિમાનવૃત્તિ, નિખાલસતા, પ્રસન્નતા અને બાળકસહજ સરળતા જોઈને તેઓની આગળ કોઈનું પણ માથું નમી જતું. તેઓએ જીવન-ભર સાધુતાની જે સહજ અને નિર્વ્યાજ ઉપાસના કરી હતી, તેનું જ આ પરિણામ લેખી શકાય.

આવા એક પ્રજ્ઞા અને શીલસંપન્ન મહામુનિવરની મહાયાત્રા એ ભારતની નહિ પણ દુનિયાભરની સાધુતા અને વિદ્વત્તાના ક્ષેત્રમાં ન પૂરી શકાય તેવી ખોટ બની રહેશે.

'ગુજરાત સમાચાર' દૈનિક, અમદાવાદ; તા. ૧૫-૬-૭૧.

# Agama–Prabhakara Muni Shri Punyavijayaji

## Dr. Umakant P. Shah

Agama-Prabhakara Muni Shri Punyavijayaji, the eminent Prakrit scholar and a versatile Jaina monk, expired on 14th June, 1971 about ten days after a successful operation in Bombay. All Oriental Scholars in India remember very well the wealth of Jaina manucripts that he brought to our notice in the exhibition ( the only of its type so far organised in any Oriental Conference ) that he organised and arranged at the time of the 17th session of the All–India Oriental Conference which met in 1953 at Ahmedabad. It showed that he was interested in all branches of Indian literature contributed not only by the Jainas, but by Hindus and Buddhists as well.

It was due to the strong support and backing of the learned Muni that the Prakrit Text Society of India came into being under the patronage of the then Rashtrapati Babu Rajendra Prasad. It was with the nucleus of ten thousand rare manuscripts, including several important illustrated ones, donated by the Muni that the now famous Lalbhai Dalpatbhai Institute of Indology was started at Ahmedabad with large donations of Sheth Kasturbhai Lalbhai.

The Muni inherited from his Guru's guru (Pravartaka Shri Kantivijaya) and even the letter's guru—the famous Acharya Vijayananda Suri (Atmaramaji Maharaja) the love of learning, and a broad liberal outlook which went beyond narrow sectarian boundaries.

An erudite scholat of Sanskrit, Prakrits, Apabhramsa and Old Gujarati, the Muni has examined and catalogued and preserved lakhs of manuscripts in the various Jaina Bhandaras of Gujarat and Rajasthan, especially those

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમપૂજ્ય આગમપ્રભાકર, શ્રુતશીલવારિધિ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ
(છબી : વડોદરા : વિ. સં. ૨૦૨૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



at Patan, Cambay, Limbdi and Jesalmer. He discovered several important rare texts from these collections. He edited these texts in a masterly scientific way. His edition of the वसुदेवहिन्डी, the earliest available version (in Prakrit of c. 5th cent. A. D.), of the lost बृहत्कथा written in Paishachi Prakrit by Gunadhya, and his editions of the बृहत्कल्पभाष्य with टीका and चूर्णि and of the अंगविज्जा which is an unparalleled storehouse of information on material culture of India in the late Kshatrapa and early Gupta age are sufficient to ensure for him a permanent place amongst Orientalists. Single-handed, he planned and carried out the work of preparing critical editions of all the Jaina Canonical texts. The Prakrit Text Society, patronised by the President of India was started mainly to publish all these texts, and many other rare works from Jaina Bhandaras which were made available through the learned Muniji. He was in fact the main life-line of this project.

The Muniji was elected President of the Prakrits and Jainism section of the 21st session of the All-India Oriental Conference which met in Shrinagar in 1961.

He, however, shirked all worldly honours. He refused to accept the coveted position of an Acharya in Jaina hierarchy of monks, so willingly offered to him by his elders. But till the last, his opinion and interpretation of the Jaina religion were respected by all monks of the highest order and nobody dared to challenge him, even though he preferred to remain a mere Muni.

Muniji was born at Kapadavanja (Gujarat) in 1895 A. D. (V. S. 1952). He obtained Diksha at the age of 14 in Chhani near Baroda, and left this human body in Bombay on 14–6–71.

May his soul obtain the ever cherished goal of Moksha!

—*Journal of the Oriental Institute.*
*Baroda; June, 1971.*

## ધર્મમય જ્ઞાનજ્યોતિને વંદના

*

અહિંસાલક્ષી જીવનસાધના અને સત્યલક્ષી જ્ઞાનોપાસના એ જ આત્મસાધના કે આત્મસાક્ષાત્કારનો એટલે કે અંતરને સત્-ચિત્ આનંદમય બનાવવાનો સફળ ઉપાય છે. મતલબ કે જે સાધના અહિંસા અને કરુણાના મંગલમય માર્ગે આત્માને નિર્મળ અને સર્વમિત્ર બનાવવામાં સહાયરૂપ ન થાય એ સાચી જીવનસાધના નહીં; અને જે ઉપાસના પોતાની જાતના અને વિશ્વના સત્ય સ્વરૂપનું સુરેખ દર્શન કરાવવામાં ઉપયોગી ન થાય એ યથાર્થ જ્ઞાનોપાસના નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાતઃસ્મરણીય આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ આવા જ એક જીવનસાધક અને જ્ઞાનોપાસક ધર્મપુરુષ હતા. તેઓનું જીવન ધર્મની સર્વમંગલકારી ભાવનાથી સુરભિત અને જ્ઞાનની જ્યોતિથી સદાય પ્રકાશમાન હતું. તેઓની જ્ઞાનોપાસના એવી અખંડ અને ઉત્કટ હતી કે તેઓના રોમરોમમાં જાણે સાચા જ્ઞાનની ગુણગ્રાહક અને સત્યગ્રાહક વૃત્તિ સદાય ધબકતી રહેતી હતી; તેઓ સ્વયં જ્ઞાનજ્યોતિ જ હતા.

તેઓશ્રીનો થોડોક પણ નિકટનો પરિચય થતાં સહેજે મનમાં એક આનંદકારી સવાલ ઊઠતો કે આ મહાપુરુષની સાધુતા વધે કે વિદ્વત્તા વધે ? અને એનો એવો જ આહ્લાદકારી ઉત્તર મળે કે તેઓની સાધુતા વિદ્વત્તાથી વિશેષ શોભાયમાન બની હતી; તેઓની વિદ્વત્તા સાધુતાના પારસસ્પર્શથી વિશેષ કલ્યાણકારી બની હતી; અને આવી વિમળ સાધુતા અને નિર્ભેળ વિદ્વત્તાના સુભગ સમન્વયને લીધે તેઓનું જીવન સમભાવપૂર્ણ, પ્રભાવશાળી અને ઉચ્ચાશયી બન્યું હતું.

શ્રી આગમપ્રભાકરજી મહારાજના યશોજ્જ્વલ વ્યક્તિત્વનો વિચાર કરીએ છીએ અને એક આદર્શ શ્રમણશ્રેષ્ઠની ભવ્ય છબીનાં મંગલકારી દર્શન થાય છે. ન કોઈની નિંદા-કૂથલીમાં પડવાનું; ન કોઈના પ્રત્યે વૈર કે દ્વેષ ધરવાનો; ન કોઈની ઈર્ષ્યા–અદેખાઈ કરવાની; અભિમાન–અહંકારથી સદાય દૂર રહેવાનું; નામના–કીર્તિનો મોહ અંતરને અભડાવી કે રંક બનાવી ન જાય એની તેમ જ વિનય, વિવેક અને વિનમ્રતામાં ક્યારેય ખામી આવવા ન પામે એની સતત જાગૃતિ રાખવાની; નાના કે મોટા, ભણેલ કે અભણ, પાપી કે પુણ્યવંત, સાધુ કે ગૃહસ્થ, શ્રીમંત કે ગરીબ, સ્ત્રી કે પુરુષ સૌ પ્રત્યે સમાન હેત અને આદરભાવ દર્શાવવાનો; પ્રશંસાથી ન કદી ફુલાઈ જવાનું કે નિંદાથી ન ક્યારેય વિલાઈ જવાનું; ધર્મજીવન કે સાધુજીવનના પાયારૂપ નિર્દંભવૃત્તિનું જતન કરીને છળપ્રપંચ કે માયાભાવથી સદાય અલિપ્ત રહેવાનું; રાગ-દ્વેષ, ડંખ કે મારા-તારાપણાથી અળગા રહીને નિષ્કષાયપણાને જીવન સાથે વણી લેવા સતત પ્રયત્નશીલ રહેવાનું; કોઈનું પણ કામ કરી આપવાની પરગજુવૃત્તિ; દીન-દુઃખી પ્રત્યે અપાર અને સક્રિય કરુણા; ઋણસ્વીકારની તત્પરતા—આવા આવા અનેક ગુણોની વિભુતિને લીધે તેઓનું જીવન અપ્રમત્ત સંયતના જીવન જેવું ખૂબ ઉન્નત અને પવિત્ર બન્યું હતું, અને છતાં પોતાના આવા ઉન્નતપણાનો કે મોટાપણાનો લેશ પણ ખ્યાલ એમના અંતરને સ્પર્શી શક્યો ન હતો, એ બિના મહારાજશ્રીની અંતર્મુખ જીવનસાધનાની કીર્તિગાથા બની રહે એવી છે; એ તેઓની આત્મસાધનાની વિરલ વિશેષતા છે. જન્મજન્માંતરની અખંડ સાધનાને લીધે જાણે અહિંસા, સંયમ અને તપમય કે જ્ઞાન-ચારિત્રમય ધર્મની આરાધના એમને માટે બિલકુલ સહજ અને સ્વાભાવિક બની ગઈ હતી. એમની આસપાસ સદાય ધર્મભાવનાનું માધુર્ય પ્રસરેલું રહેતું અને એમની પાસે જનારના અંતરને પાવન કરતું.

તેઓનું જીવન તપ, ત્યાગ, સંયમ, વૈરાગ્ય અને તિતિક્ષાને વરેલા એક ધર્મગુરુનું જીવન હતું; અને છતાં ઉદાસીનતા કે અણગમો એમની પ્રસન્નતાને જરા પણ ઓછી કરી શક્યાં ન હતાં, એ પણ એમની સંયમસાધનાની એક વિશિષ્ટતા જ લેખાવી જોઈએ. ઘરના કે બહારના ગમે તેવા ગંભીર પ્રશ્નો સામે આવીને ઊભા હોય, પરિસ્થિતિ ઘેરી ચિંતા કરાવે એવી હોય કે શરીર અસ્વસ્થ બન્યું હોય, છતાં એમની પ્રસન્નતા ભાગ્યે જ ખંડિત થતી. ગમે તેવા વિષમ સંયોગોમાં પણ પ્રસન્નતાપૂર્વક પોતાની સંયમયાત્રાને આગળ વધારવાની કળા જાણે તેઓને સહજસિદ્ધ હતી. જેઓએ મહારાજશ્રીની હાસ્ય–ઉલ્લાસ વેરતી પ્રસન્નતાનો થોડો પણ અનુભવ કર્યો હશે તેઓ એને ક્યારેય વીસરી નહીં શકે.

અને મહારાજશ્રીના અંતરની વિશાળતા અને ઉદારતા તો મોટા મહેરામણનું સ્મરણ કરાવે એવી હતી—સાચે જ તેઓ દરિયાવદિલ મહાપુરુષ હતા. સૌકોઈને માટે એમનાં અંતરનાં દ્વાર ઉઘાડાં રહેતાં; સૌ-કોઈને એમની પાસે સદાય ઉમળકાભર્યો આવકાર મળતો. એમને માટે ન કોઈ પોતાનું હતું કે ન કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરાયું હતું; સૌ એમને મન સ્વજના સમા પ્રિયા હતા; અને સૌને એમના નિર્વ્યાજ વાત્સલ્યની ભેટ મળ્યા કરતી. વળી, તેઓ વિચક્ષણ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવના ઊંડા જાણકાર અને સમયના પ્રવાહોને સારી રીતે પિછાનનાર હતા. એટલે કંઈક સાધુ-સાધ્વીઓ અને-શ્રાવક-શ્રાવિકાઓને માટે તેઓ શિરછત્રરૂપ હતા. તેઓના ધીર અને સાગરગંભીર હૃદયમાં કેટકેટલી વ્યક્તિઓનાં દુઃખ અને વેદના સમાયાં હતાં અને કેટકેટલી વ્યક્તિઓ એમની પાસેથી આશ્વાસન પામતી રહેતી હતી ! તેઓની સંવેદનશીલતા, હિતચિંતા અને સાચી શાણી સલાહ અનેક ચિંતાગ્રસ્ત અને દુઃખી વ્યક્તિઓને માટે દુઃખનિવારણની સંજીવનીની ગરજ સારતી. કોઈ પણ સમુદાયની સાધ્વીજીઓ પ્રત્યેની તેઓની લાગણી તો દાખલારૂપ બની રહે એવી હતી. અનેક સાધ્વીઓને માટે તેઓ ધર્મગુરુ હોવાની સાથે સાથે ધર્મપિતારૂપ હતા. મહારાજશ્રી પાસે પ્રાચીન હસ્તપ્રતો, કળાના ઉત્તમ નમૂનાઓ અને બીજી સામગ્રીનો જે વિપુલ અને કીમતી સંગ્રહ થઈ શક્યો હતો તેમાં મહારાજશ્રીની સાધ્વી-ભગિનીઓએ ગુરુભક્તિ નિમિત્તે મોકલેલ સામગ્રીનો હિસ્સો પણ નોંધપાત્ર ગણી શકાય એવો છે. મહારાજશ્રી પ્રત્યે આદર–ભક્તિ ધરાવનાર આ સાધ્વીવર્ગ આજે જે ઊંડું દુઃખ અને નિરાધારી અનુભવે છે, તે ઉપરથી પણ મહારાજશ્રી તેઓના જ્ઞાન-ચારિત્રની આરાધના અંગે અને બીજી બાબતો અંગે, એક મમતાળુ વડીલ તરીકે, કેટલી ચિંતા સેવતા હતા તેનો ખ્યાલ આવી શકે છે. સૌને સ્નેહ, શાંતિ અને સુખની શીતળ છાયામાં આવરી લે એવું, વટવૃક્ષ જેવું વિશાળ એમનું અંતર હતું. આજે એ વાત્સલ્યસભર વડલાની છાયા સદાને માટે સંકેલાઈ ગઈ !

વળી અપ્રમત્તા, નિસ્પૃહતા, નિખાલસતા, સહૃદયતા અને બાળકસહજ સરળતા જેવા અનેક ગુણરત્નોથી તેઓની સાધુતા વિશેષ શોભાયમાન બની હતી. માનવજીવનને સફળ બનાવનારા ઉચ્ચમાં ઉચ્ચ આદર્શો એમના જીવનમાં સાકાર બન્યા હતા. તેઓની એકેએક વૃત્તિ અને પ્રવૃત્તિમાં આદર્શ માનવતા અને સારમાણસાઈનું રસાયણ જોવા મળતું; અને તેઓ કેવા મોટા માનવ બન્યા હતા એની સાક્ષી પૂરતું. વિશ્વના વિરલ મહા-માનવોમાં મહારાજશ્રીનું સ્થાન સદાય આગળ પડતું અને ગૌરવભર્યું રહેશે એમાં શક નથી. મુનિ શ્રી પુણ્યવિજયજીએ પ્રગટાવી જાણેલી કે જીવી જાણેલી માનવતા હંમેશને માટે માનવ-જન્મની મહત્તાની કીર્તિ-ગાથા સંભળાવતી રહેશે.

મહારાજશ્રી ગુણોના સાચા ચાહક અને ગ્રાહક હતા. ગુણગ્રહણ કરવામાં તેઓને સમુદાય, ગચ્છ, ગણ, સંપ્રદાય, ધર્મ, સમાજ કે દેશનાં કોઈ સીમાડા કે બંધનો ક્યારેય નડતાં ન હતાં. સાચા હીરાનો પારખુ ગમે ત્યાંથી હીરાનો સ્વીકાર કરવામાં ક્યારેય સંકોચ કરતો નથી : ગુણો પ્રત્યેની મહારાજશ્રીની દૃષ્ટિ પણ આવી જ ઉદાત્ત અને ઉમદા હતી. અને ગુણની કે સત્યની શોધ કરવા જતાં ક્યારેક પોતાની માન્યતાનો ત્યાગ કરવાનો કે કડવા સત્યનો સ્વીકાર કરવાનો વખત આવતો ત્યારે એવી આકરી કસોટીમાંથી પણ તેઓ અતિ સહજ રીતે પાર ઊતરતા. કદાગ્રહ કે હઠાગ્રહનો અભાવ અને અનાગ્રહી મનોવૃત્તિ એ મહારાજશ્રીની સત્યભક્તિ અને ભવભીરુ વૃત્તિનું જ સુપરિણામ હતું એમ કહેવું જોઈએ. આ ઉપરથી સહેજે સમજી શકાય એમ છે કે જૈનધર્મની અનેકાંતદૃષ્ટિનું અમૃત મહારાજશ્રીના રોમરોમમાં પ્રસરેલું હતું. તેઓ જીવંત અને પ્રયોગાત્મક અનેકાંતવાદરૂપ જ હતા.

આ તો બધો મહારાજશ્રીના ધર્મમય આત્માનો મહિમા થયો. જ્યારે મહારાજશ્રીના જ્ઞાનમય આત્માના વિકાસનો વિચાર કરીએ છીએ ત્યારે જ્ઞાનની જ્યોતિથી જળહળતા એક વિરાટ વ્યક્તિત્વનાં દર્શન થાય છે. એમ પણ હોય કે જ્ઞાનની આટલી સિદ્ધિ જ આવી ઉત્કટ ધર્મપરાયણતાની પ્રેરક બની હોય. છેવટે તો જ્ઞાન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ધર્મ બન્નેનો એક જ આત્મામાં વાસ છે, અને બન્ને એકરૂપ બને છે ત્યારે જ આત્મસાક્ષાત્કાર થઈ શકે છે.

એક મોટા જ્ઞાની કે શાસ્ત્રપારગામી મોટા વિદ્વાન તરીકેની મહારાજશ્રીની સફળતાનો વિચાર કરીએ છીએ ત્યારે પણ એમ જ માનવું પડે છે કે આ પણ જન્મજન્માંતરની નિષ્ઠાભરી શ્રુતભક્તિનું જ સુપરિણામ હોવું જોઈએ.

મહારાજશ્રીએ ધર્મમય જીવન જીવવાની સાથે સાથે આ યુગમાં શાસ્ત્રોના રક્ષક અને ઉદ્ધારક તરીકે જે શ્રુતભક્તિ કરી છે, એનું મૂલ્ય આંકવાનું આપણું ગજું જ નથી. મહારાજજીની ધર્મસાધનાની જેમ એમની જ્ઞાનોપાસનાની પણ એ જ વિશેષતા હતી કે એમાં પણ તેઓને મન મારા-તારાપણાના કોઈ ભેદ ન હતો. વિદ્યામાત્ર પ્રત્યે તેઓ સમાન આદરભાવ ધરાવતા હતા અને તેથી જ તેઓ જૈન-જૈનેતર, દેશી-વિદેશી વિદ્દ્વર્ગની સમાન ચાહના અને ભક્તિ મેળવી શકયા હતા.

પદ્ધતિસર અભ્યાસ કરવાની તક બહુ ઓછી મળેલી; મોટે ભાગે પોતાના દાદાગુરુ આદર્શ શ્રમણ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ અને વિદ્યામૂર્તિ ગુરુવર્ય શ્રી ચતુરવિજયજીની છત્રછાયામાં અભ્યાસ અને વિદ્યાકાર્ય સાથે સાથે જ ચાલતાં રહ્યાં. તેઓએ વિદ્યાસાધના અને જ્ઞાનોદ્ધારના વિવિધ ક્ષેત્રે જે અસાધારણ સિદ્ધિ મેળવી, તે હેરત પમાડે એવી છે.

વેરવિખેર થયેલા પ્રાચીન જ્ઞાનભંડારોના ઉદ્ધારક તરીકે, જૈન આગમસૂત્રો, બીજા શાસ્ત્રીય ગ્રંથો અને અન્ય પુસ્તકોના ઉદ્ધારક તરીકે અને દેશ-વિદેશના વિદ્વાનોના ઉદાર સહાયક તરીકે દાયકાઓ સુધી મહારાજશ્રીએ જે કામગીરી બજાવી છે, તેને સૌકોઈ કૃતજ્ઞતાપૂર્વક ચિરકાળ સુધી સંભારતા રહેશે. તેઓના તથા એમના ગુરુશ્રીના હાથે સંશોધિત-સંપાદિત થયેલા ગ્રંથો સંપાદનવિદ્યાનો ઉત્તમ નમૂનો પૂરો પાડવા સાથે તેઓની સત્યપ્રિયતા અને તલસ્પર્શી અને વ્યાપક વિદ્વત્તાની સાક્ષી ભરતા રહેશે.

મહારાજશ્રીએ શરૂ કરેલો જ્ઞાનોદ્ધારનો યજ્ઞ આજે થંભી ગયો! તેઓશ્રીના કાળધર્મથી જૈન પ્રવચનને પડેલી મોટી ખોટ કયારે કોના દ્વારા પૂરી થશે એની તો આજે કલ્પના પણ થઈ શકતી નથી. આ ખોટ ભારતીય અને જૈન વિદ્યાના અધ્યયન-સંશોધનની દૃષ્ટિએ વિશ્વખોટ બની રહે એટલી મોટી છે.

પણ આથી નિરાશ થઈને બેસી રહીએ, એ આપણને કોઈ રીતે પાલવે એમ નથી. તેઓના જીવન અને કાર્યને નજર સામે રાખીને એ દિશામાં પુરુષાર્થ કરવો એ જ એ દિવંગત આત્માને સાચી શ્રદ્ધાંજલિ છે.

એ ધર્મમય જ્ઞાનજ્યોતિને આપણી અનેકાનેક વંદના હો!

"જૈન" સાપ્તાહિક, ભાવનગર; તા. ૧૯-૬-૭૧

## જ્ઞાનોદ્ધારનું કપરું કામ

*

આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ જ્ઞાનોદ્ધારનાં જુદાં જુદાં અનેક ક્ષેત્રે, એકલે હાથે, જે કામ કરી ગયા, તે સાચે જ અચરજ ઉપજાવે એવું વિરાટ છે. અને એનું મૂલ્યાંકન કરવાનું તો આપણું ગજું જ નથી. જેમ જેમ સમય વીતતો જશે તેમ તેમ તેઓશ્રીના કાર્યનું મૂલ્ય જૈન સંઘને અને ભારતીય વિદ્યાના અધ્યયન-સંશોધન ક્ષેત્રે કામ કરતા દેશ-વિદેશના વિદ્વાનોને વધુ ને વધુ સમજાતું જશે અને તેઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વર્ગવાસથી કેટલી મોટી ખોટ પડી છે એનો ખ્યાલ વધારે ને વધારે આવતો જશે. એ ખોટ ક્યારે, કોના દ્વારા, કેવી રીતે પુરાવાની છે, એ જ્ઞાની જાણે. આજે તો એવી આશાની કોઈ રેખા ક્ષિતિજમાં નજરે પડતી નથી. કંઈક નિરાશ થઈ જવાય એવી મોટી આ ખોટ છે!

આમ છતાં આ હકીકતને, એટલે કે મુનિરાજ શ્રી પુણ્યવિજયજીના જીવન અને કાર્યને, કંઈક આશા જગાવે એવી બીજી રીતે પણ વિચારી શકાય એમ છે. ધર્મસાધકો અને ધર્મશાસ્ત્રોએ આત્માની શક્તિ અનંત–અખૂટ હોવાનું વારંવાર ઠેરઠેર કહ્યું છે. મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી કે એમના જેવા નિષ્ઠાવાન ધર્મપુરુષો કે માનવજાતના સેવકો, પોતાના જીવનકાળ દરમ્યાન, જે ન કલ્પી શકાય એટલી કાર્યસિદ્ધિ કરી ગયા, તે આત્માની શક્તિ અખૂટ હોવાની વાતની સચ્ચાઈની સાક્ષીરૂપ બની રહે એવી છે. આ હકીકતમાંથી આપણે કંઈક આશા અને આશ્વાસન મેળવી શકીએ. પણ એ વાતની વિશેષ ચર્ચા જવા દઈએ અને નજર સામેની પરિસ્થિતિનો જ વિચાર કરીને જૈન સંઘે જ્ઞાનોદ્ધારનો પુણ્યયજ્ઞ ચાલુ રાખવા શું કરવું જોઈએ એનો જ વિચાર કરીએ.

શ્રી આગમપ્રભાકરજી મહારાજે જ્ઞાનના ઉદ્ધારના ક્ષેત્રે જે વિરલ અને વિપુલ કામગીરી બજાવી છે, એની વિગતો કંઈક આ પ્રમાણે આપી શકાય—

(૧) મહારાજશ્રીએ, પોતાના દાદાગુરુ શ્રી કાંતિવિજયજી મહારાજ તથા ગુરુ મુનિવર્ય શ્રી ચતુરવિજયજી મહારાજની સાથે, અને તેઓના સ્વર્ગવાસ બાદ તેઓના પગલે પગલે, જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ હસ્તકના સંખ્યાબંધ પ્રાચીન હસ્તલિખિત જ્ઞાનભંડારોનો નમૂનેદાર જીર્ણોદ્ધાર કર્યો-કરાવ્યો હતો. આ જીર્ણોદ્ધારમાં માત્ર હસ્તલિખિત પ્રતોને સુરક્ષિત બનાવીને જ સંતોષ માનવાને બદલે એ પુસ્તકોનું માહિતીપૂર્ણ સૂચીપત્ર તૈયાર કરીને એ પુસ્તકો એનો ઉપયોગ કરવા ઇચ્છતા વિદ્વાનોને ઓછામાં ઓછી મુશ્કેલીથી મળી શકે, એવી વ્યવસ્થા પણ તેઓએ કરાવી હતી. અને કેટલાક જ્ઞાનભંડારોમાંનાં પુસ્તકોની સૂચીઓ તો તેઓએ ખૂબ મહેનત લઈને મુદ્રિત પણ કરી છે, જેથી દેશ-વિદેશના જુદાં જુદાં સ્થાનોમાં રહેતા વિદ્વાનોને માટે કયા ભંડારમાં કેવાં કેવાં પુસ્તકો છે, તેની માહિતી ઘેરબેઠા મેળવવાનું સહેલું થઈ પડતું. આ ઉપરથી એમ સહેજે કહી શકાય કે મહારાજશ્રીને જ્ઞાનભંડારોને સુરક્ષિત બનાવવાની જેટલી ધગશ હતી એટલી ધગશ તેઓને જ્ઞાનભંડારનો ઉપયોગ સહેલાઈથી થઈ શકે એવી વ્યવસ્થા કરવાની હતી. આ માટે મહારાજશ્રીએ કેટલી જહેમત ઉઠાવી હતી, એની તો કેવળ કલ્પના જ કરવી રહી. એમ લાગે છે કે શ્રી પુણ્યવિજયજી મહારાજના દાદાગુરુના ગુરુ યુગપ્રભાવક મહાપુરુષ શ્રી આત્મારામજી ( આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ) મહારાજને જ્ઞાનપ્રચાર અને જ્ઞાનોદ્ધારની જે ઉત્કટ ઝંખના હતી, એ પરંપરાનું જ સાતત્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે સવાઈ રીતે સાચવી અને શોભાવી જાણ્યું હતું.

(૨) જ્ઞાનભંડારોના ઉદ્ધારમાં હસ્તપ્રતોનો ઉદ્ધાર તો સ્વયમેવ સમાઈ જાય છે. આમ છતાં શ્રી પુણ્યવિજયજી મહારાજે હજારો પ્રાચીન જીર્ણ હસ્તપ્રતોને સુરક્ષિત બનાવવા માટે, માતા જેવી મમતાથી, એમની જે માવજત કરી હતી, તેનો જુદો નિર્દેશ કરવો ઉચિત છે. જુદી જુદી પ્રતોનાં ભેગાં થઈ ગયેલાં પાનાંઓને તપાસી તપાસીને છૂટાં પાડીને એમને સળંગ પુસ્તકરૂપે વ્યવસ્થિત કરવાની, પુસ્તકોનો વિષય સમજી જવાની, છૂટાંછવાયાં પરચૂરણ પાનાંઓને જોઈને એક એક પાનાની ઉપયોગિતા નક્કી કરવાની, ફાટીતૂટી કે વળી ગયેલ પ્રતને સરખી કરવાની, પ્રતોમાંના પુસ્તકની મહત્તાને પિછાની જવાની, વિશિષ્ટ મહાપુરુષોના હસ્તાક્ષરોને ઓળખી કાઢવાની અને અન્ય સાહિત્યનાં પુસ્તકોની વિશેષતાને પણ પામી જવાની મહારાજશ્રીની ચકોર દૃષ્ટિ, આવડત અને સૂઝ ખરેખર અનોખી હતી. પ્રાચીન પ્રતોની કિંમત પણ તેઓ બરાબર આંકી શકતા. આવાં પુસ્તકો વેચનારાઓ પાસેથી તેઓએ જે હસ્તપ્રતો ખરીદાવી હતી એની સંખ્યા હજારો ઉપર પહોંચી જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી મોટી છે. આવી જૂની કે કળાના નમૂનારૂપ વસ્તુઓ વેચનારને યોગ્ય વળતર મળી રહે, એ માટેની મહારાજશ્રીની ચીવટ તેઓના જીવન સાથે એકરૂપ બની ગયેલ ઉદારતા અને ભવ્યતાનું જ પરિણામ કહી શકાય.

(૩) પોતાના ગુરુવર્ય સાથે, બીજા વિદ્વાનો સાથે તેમ જ એકલે હાથે મહારાજશ્રીએ જૈન આગમો, અન્ય પ્રાચીન જટિલ જૈન શાસ્ત્રીય તેમ જ બીજા ગ્રંથો અને ઇતર સાહિત્યના ગ્રંથોનું જે સંશોધન-સંપાદન કર્યું છે, તે તેઓની મધ્યસ્થવૃત્તિ, સમભાવપૂર્ણતા, સત્યની શોધની તાલાવેલી અને પ્રાચીન કઠિન ગ્રંથોને સમજવાની સિદ્ધહસ્તતાનું સૂચન કરે એવું છે. તેઓએ સંશોધિત-સંપાદિત કરેલ ગ્રંથોએ દુનિયાના વિદ્વાનોની પ્રશંસા મેળવવા સાથે સંશોધનકળાના શ્રેષ્ઠ નમૂના તરીકે પણ નામના મેળવી છે. તેમાંય જૈન-આગમો અંગેનું મહારાજશ્રીનું જ્ઞાન તો જેટલું ઊંડું એટલું જ વ્યાપક અને એટલું જ મૂળગામી હતું. એકબીજાં આગમસૂત્રો વચ્ચેના આંતર પ્રવાહોના તો તેઓ અનન્ય જ્ઞાતા જ હતા.

જ્ઞાનભંડારોના ઉદ્ધારનું, પ્રાચીન હસ્તપ્રતોની સાચવણીનું અને પ્રાચીન શાસ્ત્રીય ગ્રંથોના સંશોધનનું કામ તો, ધૂળધોયાના ધંધાની જેમ, ઉત્કટ ખંત, અપાર ધીરજ અને અનન્ય શ્રુતભક્તિ માગી લે એવું અતિમુશ્કેલ કામ ગણાય. મહારાજશ્રીમાં આ ગુણો પૂરી માત્રામાં પ્રગટ્યા હતા. બીજાં બીજાં કામોની ગમે તેવી ભીંસ વચ્ચે પણ આ કામોને તેઓ, લેશ પણ ઉતાવળ કર્યા વગર, પૂરી સ્વસ્થતાથી ન્યાય આપવા ટેવાયા હતા. તેઓની વિરલ સફળતાની આ જ ચાવી હતી.

(૪) વળી, પ્રાચીન-અર્વાચીન ચિત્રો, નાની-મોટી મૂર્તિઓ, સચિત્ર હસ્તપ્રતો, શિલ્પ-સ્થાપત્યના નમૂનાઓ અને લાકડા કે ધાતુની કે બીજી કળાસામગ્રીનું મૂલ્યાંકન કરવાની તેઓશ્રીની કોઠાસૂઝ અને એ બધાનો સંગ્રહ કરીને એને સુરક્ષિત બનાવવાની વૃત્તિ, અને સાથે સાથે એ બધી સામગ્રી પ્રત્યેની અલિપ્તતા તેઓના પ્રત્યે વિશેષ આદર પ્રેરે એવી હતી.

(૫) અને જૈન વિદ્યા કે ભારતીય વિદ્યાના વિદ્વાનો, વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓ માટે તો તેઓ જ્ઞાનકોષ કે જ્ઞાનતીર્થરૂપ જ હતા. તેઓને જોઈતી માહિતી, સામગ્રી અને ક્યારેક તો ખર્ચમાં પૂરક થઈ રહે એવી સહાય પણ મહારાજશ્રી પાસેથી મળતી; ઉપરાંત, કોઈ કોઈ ગ્રંથની વિરલ હસ્તપ્રત પણ મહારાજ-શ્રીની પોતાની જવાબદારી ઉપર જ્ઞાનભંડારોમાંથી મળી રહેતી. મહારાજશ્રીની હંમેશાં એ ઝંખના રહેતી કે કોઈ પણ વિદ્યાના સાધકની સાધના જરૂરી માહિતી, સામગ્રી કે સહાયના અભાવે રૂંધાવી ન જોઈએ. આ ક્ષેત્રની મહારાજશ્રીની કામગીરી ઉદારતાનો એક ઉત્તમ નમૂનો બની રહે એવી છે. જૈન વિદ્યાના અધ્યયન-સંશોધનમાં દેશ-વિદેશના વિદ્વાનોને ઉદારતાથી સહાય કરવાની જે ઉપયોગી પ્રવૃત્તિ સ્વર્ગસ્થ આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે વ્યવસ્થિતપણે શરૂ કરી હતી, તેનું સાતત્ય મુનિ શ્રી પુણ્યવિજયજીએ સાચવ્યું હતું.

(૬) જ્ઞાનોદ્ધારના કાર્યમાં જેના વગર ચાલે નહીં એવા લહિયાઓ તૈયાર કરવાની દિશામાં પણ મહા-રાજશ્રીએ, તેમ જ એમના ગુરુશ્રી અને દાદાગુરુશ્રીએ, જે કામગીરી બજાવી હતી તે તેઓની દીર્ઘદૃષ્ટિ અને વિદ્યાસાધનાની તીવ્ર ઝંખનાનું સૂચન કરે એવી છે. મુશ્કેલીથી ઉકેલી શકાય એવી લિપિઓમાં લખાયેલી શાસ્ત્રીય તેમ જ બીજા અનેક વિષયોની પ્રાચીન હસ્તપ્રતોને ઉકેલવાનું અને એની શુદ્ધ અને સ્વચ્છ નકલ કરવાનું કામ ખૂબ જ મુશ્કેલ છે. આજે તો આવા નિપુણ લહિયાઓની સંખ્યા દિવસે દિવસે ઓછી થતી જાય છે; અને નવા લહિયાઓ તૈયાર કરવા માટે કોઈ પ્રયાસ થતો દેખાતો નથી.

મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે કુશળ વિદ્વાનોનું એક જૂથ જે કામ ન કરી શકે એટલું બધું કાર્ય એકલે હાથે કરેલું હોવા છતાં જ્ઞાનભંડારોના રક્ષણ, જ્ઞાનપ્રસાર અને આગમસૂત્રો અને સમગ્ર આગમિક સાહિત્યના ઉદ્ધારની દિશામાં હજી પણ ઘણું ઘણું કરવાનું બાકી છે. અને જો આ કાર્ય સરખી રીતે આગળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારવું હોય તો મુનિવર્ય શ્રી પુણ્યવિજયજીના હાથે થયેલ ઉપર સૂચવેલ છયે છ પ્રવૃત્તિઓ આગળ ચલાવ્યા વગર આપણને ચલાવવાનું નથી. આ પ્રવૃત્તિઓ કેવી રીતે ચાલુ રહે અને વિકાસ પામે એની વિચારણા અને યોજના જૈન સંઘે—શ્રમણસમુદાયના અગ્રણીઓએ અને શ્રાવકસંઘના અગ્રણીઓએ—સત્વર કરવી જોઈએ.

આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ તથા તેઓના શિષ્યોના પ્રયાસથી, આચાર્ય શ્રી વિજયજંબૂસૂરીશ્વરજીના પ્રયાસથી, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી, મુનિરાજ ચતુરવિજયજી તથા મુનિ શ્રી પુણ્યવિજયજીના પ્રયાસથી, આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી અને એમના શિષ્યોના પ્રયાસથી તેમ જ બીજા પણ કેટલાક આચાર્યો કે મુનિવરોના પ્રયાસથી અનેક સમૃદ્ધ જ્ઞાનભંડારો અસ્તિત્વમાં આવ્યા છે, તે રાજી થવા જેવું છે. પણ આમાંના કેટલાક ભંડારોની વિગતવાર સૂચીઓ તૈયાર થવી અને એમાંની સામગ્રીનો અભ્યાસીઓ સહેલાઈથી ઉપયોગ કરી શકે એવી વ્યવસ્થા થવી બાકી છે. આવી સૂચીઓ અને આવી વ્યવસ્થાના અભાવમાં, આ ભંડારોનો ઉપયોગ કૃપણના ધનની જેમ, અતિ મુશ્કેલ કે અશક્ય ન બની જાય, તે આપણે જોવું જોઈએ. નહીં તો છતી સામગ્રીએ આપણે વિદ્વાનો અને જિજ્ઞાસુઓ આગળ દરિદ્ર દેખાઈશું.

પ્રાચીન પુસ્તકોનું સંશોધન-પ્રકાશન કરવાનો રસ પણ આપણા શ્રમણસમુદાયમાં સારા પ્રમાણમાં જોવા મળે છે; અને જૂનાં-નવાં પુસ્તકોના પ્રકાશનમાં જૈન સંઘ દર વર્ષે અઢળક દ્રવ્ય પણ ઉદારતાથી ખરચે છે.

આ બધું જ છે, છતાં એ બધામાં જે વ્યવસ્થા અને સળંગસૂત્રતા હોવી જોઈએ તે નહીં હોવાને લીધે, આ બધા પ્રયત્નો અને ખર્ચનું જોઈએ તેવું સારું પરિણામ આવતું નથી.

આ બધા કથનનો સાર એ છે કે હવે પછીની જ્ઞાનોદ્ધાર અને જ્ઞાનપ્રચારની આપણી કોઈ પણ પ્રવૃત્તિ કેવળ જૈન સંઘને જ લક્ષમાં રાખીને નહીં પણ દેશ-વિદેશના વિદ્વાનોને અને અત્યારની વૈજ્ઞાનિક સંશોધન-પદ્ધતિને ધ્યાનમાં રાખીને ચાલવી જોઈએ. આ કામ જરૂર કપરું—અતિ કપરું છે, પણ અશક્ય તો નથી જ. મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી તથા અન્ય વિદ્વાન આચાર્યો, મુનિવરો અને ગૃહસ્થોની કામગીરી આ બાબતમાં સારી રીતે માર્ગદર્શક બની શકે એમ છે. જે રીતે બની શકે એ રીતે જ્ઞાનોદ્ધારના મુશ્કેલ કાર્યને આગળ વધારવા જૈન સંઘ સજ્જ બને એ જ અભ્યર્થના.

"જૈન" સાપ્તાહિક, ભાવનગર; તા. ૨૬-૬-૭૧

# स्व० मुनि श्री पुण्यविजयजी महाराज

## मुनि श्री नेमिचन्द्जी

*

साधुजीवन में ज्ञान-दर्शन-चारित्र की उत्कृष्ट आराधना निश्चिन्ततापूर्वक हो सकती है, क्योंकि साधु को परिवार के भरणपोषण की चिन्ता नहीं है, वह रत्नत्रय की उत्कृष्ट आराधना के लिए ही साधु बना है और उसके पास समय भी पर्याप्त है. जिसके पास अनेको गृहस्थी के झंझट हों, उसे समय नहीं मिल पाता. परंतु साधु के जीवन में न ऊधो का लेना हैं, न माधो का देना है.

मगर इस भौतिक युग का असर साधुसमाज पर भी होने से साधुसमाज में निश्चिन्तता और समय की कमी आ गई है. साधुओं के पास दर्शनार्थी भक्तों का तांता लगाना, मिनिस्टरों से



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मिलना, जगह्-जगह् मिनिस्टरों की उपस्थिति में सार्वजनिक प्रवचनों का आयोजन करना, प्रत्येक संस्थाओं के चलाने आदि के लिए प्रेरणा करना आदि कार्यकलाप ऐसे हैं, जिनसे साधु की मस्ती और निश्चिंतता (समय और आजीविका भी) भंग हो जाती है.

लेकिन आपको यह जान कर आश्चर्य होगा कि आगमप्रभारक स्व० पुण्यविजयजी महाराज, इतने प्रसिद्ध और आगमज्ञ साधु होते हुए भी, इन प्रपंचों से काफी दूर थे. वे अपनी ज्ञानसाधना में रत रहते थे. प्रसिद्धि और आडम्बर से कोसों दूर रह कर वे अपनी ज्ञानसाधना अहर्निश करते रहते थे.

सन् १९५६ की बात है. मैं और मेरे बडे गुरुभ्राता पू० मुनि श्री डुंगरसिंहजी महाराज सर्वधर्म-समन्वयी धर्ममय समाजरचना के प्रयोगकार मुनि श्री संतबालजी महाराज के दर्शन करने, उनको प्रत्यक्ष मिलने गए और उनके द्वारा प्रेरित प्रयोग को प्रत्यक्ष देखने के हेतु गुजरात पहुंचे थे. इस सिलसिले में हम अहमदाबाद पहुंचे थे. अहमदाबाद में हम प्रसिद्ध-प्रसिद्ध व्यक्तियों और विचारकों से मिल रहे थे. एक दिन पू० आगमप्रभाकर मुनि श्री पुण्यविजय महाराज से भी मिले. उस समय वे लूणसावाडा के उपाश्रय में विराजमान थे. हम दोनों उनके सान्निध्य में पहुंचे. उनके बन्दन-दर्शन किए, उन्हें बन्दना की. वे बडी ही नम्रता और मृदुता से मिले. उन्होंने, हमारे पास आसन होते हुए, बैठने के लिए अपना आसन दिया. बड़े ही प्रसन्न और मृदु स्वभाव देख कर हमें आश्चर्य हुआ. फिर उन्होंने अपनी धीर गम्भीर वाणी में हमसे आगमन का प्रयोजन पूछा. हमने अपने गुजरात आगमन का हेतु और साधुजीवन में नये मोड लेने का जिक्र किया. उन्होंने हमारी बात बडी ही शान्ति और धैर्य से सुनी और उस पर अपनी सहमति प्रकट करते हुए कहा—"आपका विचार बहुत अच्छा है. मैं आपके विचारों का अभिनंदन करता हूँ. वास्तव में साधुसमाज में जो निष्क्रियता छा गई है, उसे दूर करने के लिए आपने उत्तम मार्ग ग्रहण करने का विचार किया है." हमने उनसे कहा—"महाराजश्री! हम तो आपका आशीर्वाद लेने आए हैं. आप आगमों के धुरंधर विद्वान् हैं, साथ ही समयज्ञ भी हैं, अतः कृपा करके हमें इस विषय में मार्गदर्शन दीजिए." उन्होंने अपनी नम्रता प्रगट करते हुए कहा—"देखो मुनिजी! मैं इस समय ज्ञानयोग की साधना में रत हूँ. आप जिस सुमार्ग पर जाना चाहते हैं वह एक नया मोड है, कर्मयोग का पथ है, मुझे उसका विशेष अनुभव नहीं है. परंतु आपसे मेरी एक नम्र विनती है कि आप इस मार्ग पर अपनी साधुमर्यादा में रहते हुए बेशक चलिए. परन्तु इसमें कोई भी छूट लेना चाहें तो संघ के सामने अपनी बात नम्रता से रख कर लें; शास्त्रों की दुहाई देकर किसी चीज को खींचतान कर सिद्ध करने की कोशिश न करें. इससे आपकी संघ के प्रति कृतज्ञता की भावना भी बनी रहेगी और संघ भी आपके विकास और समय की रक्षा का पूरा ध्यान रखेगा." हमने उनकी हितशिक्षा शिरोधार्य की और उन्हें आश्वस्त किया कि ऐसा ही करने का विचार है.

वे अपने जीवन में बडे कर्मठ थे, जरा भी प्रमाद नहीं करते थे. आगमों के दोहन करने और उनका ठीक ढंग से सम्पादन करने में आप सिद्धहस्त थे. प्राचीन भण्डारों की आगम-साहित्य-निधि की सुरक्षा करने में आपने बडा पुरुषार्थ किया है.

ऐसे दिवंगत पुण्यात्मा के प्रति मैं श्रद्धांजलि अर्पित करता हुं.

"विजयानन्द" मासिक (श्री आत्मानन्द जैन महासभा, पंजाब का मुखपत्र)
अगस्त, १९७२

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્કટ જિજ્ઞાસા અને ઉદ્દીપ્ત શ્રમસાધનાના અવિરત જલસિંચન વડે પોતાની તેજસ્વી બુદ્ધિપ્રતિભાને ફલદાયિની બનાવનાર શ્રમશીલ સંશોધક, દૃષ્ટિસંપન્ન સંપાદક ને વિનમ્ર વિદ્વદ્વર્ય**

# આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી

**શ્રી ધીરુભાઈ પરીખ**

*

આજથી લગભગ પોણો સો વર્ષ પહેલાંની વાત છે. કપડવણજ ગામમાં ત્યારે ભારે આગ લાગેલી. ચિંતામણિ પાર્શ્વનાથની ખડકીમાં એક મકાન ભડકે બળતું હતું. એ વખતે ત્યાંથી પસાર થતા, એક મુસલમાન વહોરા ભાઈએ મકાનમાંથી આવતો કોઈ બાળકના રુદનનો સ્વર સાંભળ્યો—અને ક્ષણનો પણ વિલંબ કર્યા વગર એ એમાં ધસી ગયા! જોયું તો, ચારેક માસનો એક બાળક અગનજ્વાળાઓ વચ્ચે પારણામાં પડ્યો પડ્યો રડતો હતો. બાળકને લઈને એ વહોરા ભાઈ બહાર નીકળી ગયા. હિંદુનું બાળક હતું એટલે કોઈ હિંદુને ત્યાંથી પાણી લાવીને એને પાયું અને દૂધ પાઈ એક દિવસ રાખ્યું. બીજે દિવસે એમણે એ બાળકના વાલીની ખોજ આદરી.

આ તરફ નદીએ કપડાં ધોવા ગએલી માતા પાછી ફરી. આગમાં ભરખાએલું પોતાનું મકાન નજર સામે પડયું અને તરત જ પારણામાં સુવાડીને ગએલી તે પોતાનો નાનકડો પુત્ર આંખ સામે તરવરી રહ્યો. માનું હૃદય ભાંગી પડયું! એણે માની લીધું કે પોતાનો પુત્ર જરૂર આગમાં સ્વાહા થઈ ગયો હશે. ત્યાં તો બીજે દિવસે પેલા પરોપકારી અને સાહસિક વહોરા ભાઈએ એ માતાનો પુત્ર એના હાથમાં મૂક્યો અને એના જીવમાં જીવ આવ્યો. રામનાં રખવાળાં ખરેખર અકળ હોય છે!

એ બાળક તે જ મુનિ શ્રી પુણ્યવિજયજી. એ વખતે બાળકને આમ અકસ્માતમાંથી ઉગારી લેવા પાછળ ભાવિમાં વિદ્વદ્વર્ય વિભૂતિના પ્રાકટ્યનો દૈવી સંકેત કોણ કળી શકયું હશે?

આવા મુનિજીનો જન્મ ઈ. ૧૮૯૫ ને સત્તાવીશમી ઑકટોબર રવિવારે થએલો. વિ. સં. પ્રમાણે એ દિવસ કાર્તિક સુદ પાંચમનો. જૈનધર્મ પ્રમાણે એ જ્ઞાનપંચમી. આમ, જ્ઞાનપંચમીને દિવસે જન્મેલા પુણ્યવિજયજીએ આજીવન તીવ્ર જ્ઞાનોપાસના કરીને જન્મદિનને સાર્થક કર્યો.

પુણ્યવિજયજી તો એમનું દીક્ષાનામ; એમનું જન્મનામ તો હતું મણિલાલ. પિતાનું નામ ડાહ્યાભાઈ દોશી. પત્ની તથા પુત્રને કપડવણજમાં મૂકી એમણે મુંબાઈમાં નસીબ અજમાવવું શરૂ કરેલું; ત્યાં જ આ આગનો અકસ્માત બન્યો; એટલે તરત જ એ વતન આવી, પત્ની માણેકબેન અને પુત્ર મણિલાલને પોતાની પાસે મુંબાઈ લઈ ગયા. આ રીતે પુણ્યવિજયજીનાં બાળપણ અને કિશોરકાળ મુંબાઈમાં વીત્યાં.

પિતા ડાહ્યાભાઈ ધંધાર્થી છતાં ય ધર્મબુદ્ધિવાળા. માતા માણેકબેન તો પૂરેપૂરાં ધર્મનિષ્ઠ સન્નારી. એમના જમાનામાં જ્યારે કન્યા-કેળવણી નામવત્ હતી ત્યારે માણેકબેને ગુજરાતી છ ધોરણનો અભ્યાસ કરેલો. માતાનું આ વિદ્યાબીજ જ પુત્ર મણિલાલમાં છેવટે વિકસીને વટવૃક્ષ બન્યું.

મુંબાઈમાં પિતૃછાયા નીચે અંગ્રેજી છ ધોરણ સુધી અભ્યાસ કર્યો ત્યાં જ પિતાનું અવસાન થયું. ધર્મનિષ્ઠ વિધવા માતાને હવે દીક્ષા લેવા પ્રબળ ઇચ્છા થઈ. પરંતુ પુત્રની બાળ વય જોઈ વિચારમાં પડી ગયાં. આખરે પુત્રને પણ દીક્ષા લેવડાવવામાં જ એમણે શ્રેય માન્યું. પાલીતાણામાં ચતુર્માસ ગાળી, ત્યાંની નવ્વાણું ધર્મયાત્રા વિધિપૂર્વક પતાવી, માતા માણેકબેન વડોદરા પાસેના છાણી ગામમાં આવી પહોંચ્યાં. ત્યાં પોતાના પુત્ર મણિલાલને શ્રી કાંતિવિજયજીના મુનિમંડળને ચરણે સોંપ્યો. ગુરુ ચતુરવિજયજીએ મણિલાલને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ. સં. ૧૯૬૫ના મહા વદ પાંચમે, એટલે કે ઈ. ૧૯૦૯ના ફેબ્રુઆરી માસમાં દીક્ષા આપી. એ વખતે મણિલાલની વય તેર-ચૌદ વર્ષની. હવે બાળક મણિલાલ દીક્ષિત પુણ્યવિજય બન્યા.

એમની સાચી કેળવણીનો પ્રારંભ દીક્ષિત જીવનના આરંભથી જ થયો કહેવાય. જોકે એકધારો સળંગ વ્યવસ્થિત અભ્યાસ કરવાનું તો ક્યારે ય બન્યું જ નહોતું, છતાં ય પ્રગુરુ કાંતિવિજયજી ને ગુરુ ચતુરવિજયજીએ નવદીક્ષિત પુણ્યવિજયજીમાં ઊંડો રસ લઈ એમને કેળવણીની કેડીએ લાવી મૂક્યો. એમના અભ્યાસ માટે જે બે-ચાર શિક્ષકો વિદ્યાદાન કરતા તેમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી મોખરે હતા. પાછળથી તો આ ગુરુ-શિષ્ય સંબંધ ગાઢ મૈત્રીમાં પરિણમેલો. વળી, ગુરુ ચતુરવિજયજી તો સંશોધન અને સંપાદનના પણ જબરા શોખીન. એમના જ સહવાસથી પુણ્યવિજયજીમાં સંશોધનની જિજ્ઞાસા મહોરી ઊઠી, જેનાં મીઠાં ફળ એમની સુદીર્ઘ સંશોધનપ્રવૃત્તિમાં જોઈ શકાય છે.

પ્રગુરુ કાંતિવિજયજીની વૃદ્ધાવસ્થા હોઈ પ્રશિષ્ય પુણ્યવિજયજીને લાગલાગટ અઢાર વર્ષ એમની પાસે સેવાર્થે પાટણમાં જ રહેવાનું થયું. આ વખતે પણ એમના જ્ઞાનપિપાસુ આત્માએ મળેલી તકનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો. સૈકાઓથી સંઘરાએલી, વિવિધ જ્ઞાનથી ખચિત હસ્તલિખિત પોથીઓથી સમૃદ્ધ એવા પાટણના બધા જ જ્ઞાનભંડારોનું એમણે એ દરમ્યાન અવલોકન કર્યું. પછી જુદા જુદા જ્ઞાનભંડારોની અવ્યવસ્થામાં વ્યવસ્થા લાવવાનો એમને વિચાર આવ્યો, અને અત્યંત પરિશ્રમ ઉઠાવી એમણે એ ભંડારોનાં સુદીર્ઘ સૂચિપત્રો જાતે જ તૈયાર કર્યાં. અંતે એમના પ્રયાસથી પાટણમાં 'હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર'ની સ્થાપના થઈ.

દીક્ષાના પ્રથમ વર્ષે જ પ્રગુરુ અને ગુરુ પાસે એમણે બધાં પ્રકરણોનો અભ્યાસ કરી લીધો. ત્યાર બાદ બીજે વર્ષે ખેડા જિલ્લાના વસો ગામના શ્રાવક ભાઈલાલ પાસે સંસ્કૃત 'માર્ગોપદેશિકા'નો અભ્યાસ કર્યો પછી પંડિત શ્રી નિત્યાનંદજી શાસ્ત્રીની નિશ્રામાં 'સિદ્ધહેમ લઘુવૃત્તિ,, 'હેમલઘુપ્રક્રિયા,' 'ચંદ્રપ્રભા વ્યાકરણ,' 'હિતોપદેશ,' 'દશકુમારચરિત' વગેરે શાસ્ત્રો અને સર્વ ગ્રંથોનું પરિશીલન કર્યું. ત્યાર પછી તો પાળિયાદ નિવાસી પંડિત શ્રી વીરચંદભાઈ મેઘજી પાસે એમણે 'લઘુવૃત્તિ'નો અધૂરો રહેલો અભ્યાસ પૂરો કરવા ઉપરાંત કાવ્યોનું પણ વાચન કર્યું, તો જૈન તત્ત્વજ્ઞાન અને ભારતીય દર્શનશાસ્ત્રના પારગામી પંડિત સુખલાલજી પાસે વિ. સં. ૧૯૭૧-'૭૨માં, અનુક્રમે પાટણ અને વડોદરામાં, 'કાવ્યાનુશાસન,' 'તિલકમંજરી,' 'તર્કસંગ્રહ' તેમ જ 'છંદોનુશાસન' જેવા પ્રશિષ્ટ અભ્યાસગ્રંથોનું વિગતે પરિશીલન કર્યું. આ બધા અભ્યાસે એમના જ્ઞાનની ક્ષિતિજોનો અને દૃષ્ટિકોણોનો અદ્ભુત વિકાસ કર્યો. એમના આ અભ્યાસકાળમાં આપણને એક સત્ત્વનિષ્ઠ અને સત્યનિષ્ઠ જ્ઞાનસાધકનાં દર્શન થાય છે. એક સાચા વિદ્યા-અર્થીને છાજે તેવી ઉત્કટ જિજ્ઞાસા, ઉચ્ચ બુદ્ધિમત્તા, ઉષ્માયુક્ત જ્ઞાનોપાસના, ઉદ્દીપ્ત શ્રમસાધના અને ઉદાહરણીય વિનમ્રતાનાં પુણ્યવિજયજીમાં જે દર્શન થાય છે તે આજના યુગના પરીક્ષાલક્ષી 'વિદ્યાર્થી'ને માટે અનુકરણીય અને અનુસરણીય છે.

એમની આ વિદ્યાભ્યાસની ધારા સાથે શાસ્ત્ર-સંશોધનની ધારા પણ ચાલતી જ રહી. સંશોધન અને કેળવણી અન્યોન્ય પૂરક થઈ પડયાં. એમની સંશોધન-પ્રવૃત્તિનો આરંભ મુનિ રામચંદ્ર રચિત સંસ્કૃત 'કૌમુદી-મિત્રાનંદ-નાટક'નું ઈ. ૧૯૧૭માં સંપાદન કર્યું ત્યારથી ગણી શકાય; ત્યાર પછીના જ વર્ષે, ૧૩મી સદીમાં થએલા મુનિ રામભદ્રના 'પ્રબુદ્ધ રૌહિણેય નાટક'નું સંપાદન કર્યું. એ જ અરસામાં આચાર્ય મેઘપ્રભનું 'ધર્માભ્યુદય-છાયા નાટક' સંપાદિત કર્યું. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત 'ઐન્દ્રસ્તુતિ-ચતુર્વિંશતિકા'નું સંપાદન એમણે ૧૯૨૮માં કર્યું. આ રીતે એમણે અભ્યાસ સાથે સંપાદનમાં પણ પોતાની પ્રતિભા કોળાવી. એમની સકલ જ્ઞાનપ્રતિભા ત્રણ માર્ગે કાર્યરત રહી છે: (અ) પ્રાચીન સાહિત્ય-સંસ્કૃતિના સંશોધન-સંપાદનમાં, (બ) પ્રાચીન ગ્રંથભંડારોના વિશ્લેષણ અને વ્યવસ્થાકાર્યમાં, (ક) દેશી-પરદેશી જ્ઞાનપિપાસુઓ અને અભ્યાસીઓના સંશોધનકાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયભૂત થવામાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપાદક તરીકેની એમની ખ્યાતિ મુખ્યત્વે ૧૯૩૩ થી '૪૨ સુધીમાં પ્રગટ થએલ 'બૃહત્કલ્પસૂત્ર'ના નિર્યુક્તિ અને ટીકા સાથેના છ ભાગ, 'વસુદેવ હિંડી'ના બે ભાગ, તથા 'અંગવિજ્જા,' 'આખ્યાનક-મણિકોશ,' 'કલ્પસૂત્ર', 'નંદિસૂત્ર' વગેરે પર આધારિત છે. આ ઉપરાંત એમણે પાટણ, ખંભાત, લીંબડી, જેસલમેર, બિકાનેર, જોધપુર, ભાવનગર, પાલીતાણા, વડોદરા, અમદાવાદ આદિના જ્ઞાનભંડારોની ચીવટપૂર્વક તૈયાર કરેલી ગ્રંથસૂચિઓ એમની અથાક શ્રમશીલતા ને અદ્ભુત ધીરજની દ્યોતક છે. એમાંય જેસલમેરના ગ્રંથભંડારની પ્રવૃત્તિ તો દાદ માગી લે તેવી છે.

આશરે ઈ. ૧૯૫૦નો સમય. જેસલમેરના વિશાળ અને વિકટ ગણાતા ગ્રંથભંડારનું સંશોધન કરવાના અડગ નિર્ધારથી એમણે અમદાવાદથી રેલ્વેના પાટે પાટે પદયાત્રા આરંભી. હજુ પ્હો ફાટતાં પહેલાંનું અંધારું હતું. ચાલતાં ચાલતાં તેઓશ્રી પંદર-સત્તર ફૂટ ઊંડા એક ગરનાળામાં પછડાયા! પરંતુ દૈવ કૃપાએ આબાદ રીતે ઊગરી ગયા અને ઊભા થઈ વળી પાછો એમણે લગભગ તેર માઈલનો પગપાળા પ્રવાસ કાપ્યો. જેસલ-મેરની કષ્ટયાત્રાનો આ તો આરંભ જ હતો!

અંતે એઓ ત્યાં પહોંચ્યા ત્યારે પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો. મરુભોમમાં વેરવિખેર ગામડાં, અબુધ પ્રજાજનો સાથે પનારો પડવો, બળબળતી રેતીમાં ખુલ્લે પગે પ્રવાસ ખેડવો, જ્ઞાનભંડારના નિયમજડ રક્ષકોને રીઝવવા: આ બધું જ સહીને એમણે જેસલમેરના જ્ઞાનભંડારમાં સંશોધનના શ્રીગણેશ માંડ્યા. ત્યાં દોઢેક વર્ષ રહ્યા એ દરમ્યાન ખાવાપીવાની પણ પ્રતિકૂળતા. મકાઈના રોટલા ને જાડી દાળ પર જ એમણે દિવસો ગુજારવા માંડ્યા. ક્યારેક તો પીવાના પાણીની પણ ભારે તંગી પડે. પરંતુ આ સંકટમય સંજોગોનાં ઝાપટાં એમના અખંડ પ્રજ્વલિત જ્ઞાનદીપને સહેજ પણ હતપ્રભ કરી શક્યાં નહિ. આ કષ્ટોના કંટકોએ એમની અવિરત કર્મયાત્રાને સહેજ પણ થંભાવી નહિ. બલ્કે આ મુસીબતોએ એમને વધારે મહેનતુ બનાવ્યા, આફતોએ વધુ આશાવાદી બનાવ્યા ને પ્રતિકૂળતાની ધોંસે એમને વિશેષ ધૈર્યવાન બનાવ્યા. આખા ભંડારને એમણે પુનર્વ્યવસ્થિત કર્યો તેમજ શ્રમસાધ્ય વિસ્તૃત સૂચિ તૈયાર કરી. દુષ્પ્રાપ્ય હસ્તપ્રતોની જાળ-વણી કેમ થાય એનું એમણે સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું. ત્યાંની અમૂલ્ય તાડપત્રીઓની એમણે માઈક્રો ફિલ્મ લેવડાવી કે જેથી પછીના કાળમાં સહુ એનો ઉપયોગ કરી શકે. અને તદનુસાર આ તાડપત્રીઓનો ભારતના તેમજ ભારત બહારના અનેક અભ્યાસીઓએ ઉપયોગ કર્યો પણ છે. એમનું જેસલમેરનું કાર્ય એમની તીવ્ર જ્ઞાનોપાસના, દૂરંદેશીપણું અને અપાર ખંત તેમજ ધીરજની ગવાહી પૂરે છે.

પણ આ સૌમાં જૈન આગમોનો અદ્યતન ઢબે અભ્યાસ કરી તેની પુનર્વાચનાઓ તૈયાર કરવાનો એમનો પુરુષાર્થ શિરમોર જેવો છે. પિસ્તાળીશ જેટલાં જૈન આગમોનો, એની નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય અને ટીકા-ઓનો, પ્રથમ તો કેટલાંક વર્ષો સુધી એમણે મૂક અભ્યાસ કર્યો. પછી બે-ત્રણ સંનિષ્ઠ લહિયાઓની મદદથી એમણે સંપાદનો તૈયાર કરવા માંડ્યાં. પરંતુ આ વખતે એ લહિયાઓને ચૂકવવાના પૂરા પૈસાની પણ સગવડ નહિ. છતાંય પોતાનું અજાચક વ્રત એમણે છોડ્યું નહિ. ઈ ૧૯૪૭-૪૮માં શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈને આ વાતની ખબર પડી. એમણે મુનિશ્રીનું કાર્ય નિહાળ્યું અને પ્રસન્ન થઈ લહિયાઓનું લહેણું ભરપાઈ કરી આપ્યું. એટલું જ નહિ પણ મુનિજીને પોતાનું સંશોધનકાર્ય આગળ ધપાવવામાં સર્વ રીતે સહાય કરવાનું એમણે વચન આપ્યું. આ આગમોની છેલ્લી વાચનાઓ આજથી લગભગ પંદર સો વર્ષ પૂર્વે વલભીપુરમાં શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના માર્ગદર્શન નીચે તૈયાર થએલી; ત્યાર પછી છેક આ કાળે મુનિશ્રી પુણ્યવિજયજીએ અપાર પુરુષાર્થથી જે નવી વાચનાઓ તૈયાર કરી તે જૈનધર્મમાં અને આ સદીના સંપાદન-ક્ષેત્રમાં અમૂલ્ય અને અદ્વિતીય પ્રદાન લેખાશે. આમાંના બે ગ્રંથો—ચૂર્ણિ સાથેનું 'નંદીસૂત્રમ્' અને વિવિધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટીકાઓ સાથેનું 'નંદીસૂત્રમ્'–તો અનુક્રમે ઈ. ૧૯૬૬ અને ૧૯૬૮માં છપાઈને પ્રકટ પણ થયાં છે. એમના આ ભગીરથ પ્રયાસને અનુલક્ષીને એમને 'આગમપ્રભાકર' કહેવામાં આવ્યા છે તે ઉચિત જ છે.

સંપાદન ઉપરાંત હસ્તપ્રતો ભેગી કરવી, ગોઠવવી, તેની અન્વીક્ષા કરવી, એ પણ એમની પ્રિય પ્રવૃત્તિ રહી. તે અંગેનો ઈ. ૧૯૩૫માં પ્રગટ થએલો 'ભારતીય શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા' નામક દીર્ઘ નિબંધ આ વાતની સાખ પૂરે છે. વિવિધ કાળની હસ્તપ્રતો વાંચવાની આ પ્રવૃત્તિને પરિણામે એમણે દેવનાગરી પહેલાંની બ્રાહ્મી લિપિ ઉકેલવાનું તેમજ દેવનાગરીના સદીએ સદીએ બદલાએલા મરોડ ઉકેલવાનું કાર્ય આત્મસાત્ કર્યું. સાથેસાથે વિવિધ સૈકાની દેવનાગરી લિપિ લખવામાં પણ એમણે નિપુણતા મેળવી લીધી. પ્રાચીન ચિત્રકળા, લિપિશાસ્ત્ર, સિક્કા, મૂર્તિઓ વગેરે પુરાતત્ત્વ વિષયોના પણ એ અચ્છા જ્ઞાતા હતા. લિપિશાસ્ત્રના તો એ એવા અસાધારણ અભ્યાસી હતા કે લિપિ પરથી કઈ હસ્તપ્રત કઈ સદીની હશે તેનું ચોક્કસ અનુમાન કરી શકતા.

સંશોધક તરીકે સાંપ્રદાયિક અને છતાં વ્યક્તિગત મત-માન્યતાઓથી મુક્ત એવી ઐતિહાસિક દૃષ્ટિ તેમની પાસે હતી. તુલનાત્મક અભ્યાસરીતિ અને સત્યાન્વેશી સંશોધનપ્રીતિ એમને સહજ હતાં. આથી જ એઓ પોતાના સંશોધન હેઠળની કૃતિની ખૂબી-ખામીનું તાટસ્થ્યપૂર્ણ દર્શન કરી શકતા. ગુણગ્રાહક દૃષ્ટિએ એમનામાં કોમળતા અને સહાનુભૂતિ પ્રગટાવ્યાં હતાં, તો સત્યોપાસનાએ નિર્ભયતા અને નિષ્પક્ષપાત ખીલવ્યાં હતાં. એમની સર્વાંગી અન્વેષણાત્મક દૃષ્ટિએ એમની પાસે અણિશુદ્ધ સંપાદનો કરાવ્યાં છે. માઈક્રો ફિલ્મ, ફોટોસ્ટેટ તેમજ એન્લાર્જમેન્ટ જેવી વૈજ્ઞાનિક સાધનપદ્ધતિનો પણ એમણે સંશોધક તરીકે પૂરતો ઉપયોગ કર્યો છે.

આવા જ્ઞાનવીર સાધુપુરુષનું વ્યક્તિત્વ પણ આકર્ષક અને અદ્‌ભુત હતું. ચિત્તની નિર્વિકાર અવસ્થામાંથી પ્રગટેલી મુદ્રા હરહમેશ એમના વદન પર અંકિત રહેતી. નિર્ભેળ જ્ઞાનસાધનાએ એમના વ્યક્તિત્વને અત્યુચ્ચ બનાવ્યું હતું. પરિણામે એમની વિરતિ રસહીન કે ઉદાસ નહોતી, પણ સદા પ્રસન્નતાથી છલકાતી રહેતી. એમની સરળતા ને સમતા એમનાં વાણી-વર્તનમાં સદા નર્તન કર્યા કરતી. એમની અનાસક્તિએ એમને કઠોર નહિ પણ કોમળ બનાવ્યા હતા. કોઈનું પણ દુઃખ જોઈ એમનું દિલ દ્રવી જતું. એમની પાસે આવનાર કોઈ પણ દુખિયું પ્રશાંત થયાં વગર પાછું ફરતું નહિ.

હસ્તપ્રતોનો એમનો પરિગ્રહ પણ ઉદારતા અને પરોપકારનો પ્રેર્યો હતો. આથી જ કોઈ પણ અભ્યાસી કે વિદ્વાન એમની પાસે આવે કે તરત જ પોતાના સંગ્રહમાંથી, સહેજ પણ સંકોચ વગર, એ આવનારને ઉપયોગી સામગ્રી પૂરી પાડતા. આશંકા કે અવિશ્વાસનું સહેજ પણ નામ નહિ. એમની આ વૃત્તિ જ સામેની વ્યક્તિમાં પણ વિશ્વાસનું વાવેતર કરતી. વિશ્વાસથી જ વિશ્વાસ કેળવાય છે એની પ્રતીતિ એમણે પોતાના વર્તન દ્વારા કરાવી આપી હતી.

ઉદારતા પણ એવી જ અનુકરણીય. અમદાવાદમાં 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ના આરંભમાં એમણે જ પોતાની દસ હજાર હસ્તપ્રતો તદ્દન નિર્મમપણે કાઢી આપી હતી. નિખાલસતા અને નમ્રતા પણ એમના વ્યક્તિત્વને દીપ્તિમંત કરતાં. અને એમની વત્સલતાથી તો કોઈ અનભિજ્ઞ નથી. જૈન કે જૈનેતર, નિરક્ષર કે સાક્ષર, ધનિક કે નિર્ધન સૌના પ્રત્યે એ પૂરો સમભાવ રાખતા.

એઓ રૂઢિગ્રસ્ત આચારવિચારની મર્યાદા જાણતા, તો નવીનની ઉપયોગિતાને પણ પિછાણતા. આથી જ ક્ષીરનીર-વિવેક એઓ જાળવી શકતા. શ્રમણસંઘના ભિન્નભિન્ન સમુદાયો વચ્ચે જે વાડાબંધી જેવું હોય છે તેનાથી તેઓ સર્વદા અલિપ્ત રહેતા. કોઈ પણ ગચ્છના અનુયાયીનો એમને છોછ નહોતો. આ રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમણે એક આદર્શ શ્રમણનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. પરનિંદાથી પર પુણ્યવિજયજીએ સામી વ્યક્તિના નાનામાં નાના ગુણને પણ મોટા ગણી સન્માન્યો હતો.

જ્ઞાનની જેમ એમણે ચારિત્ર્ય પર પણ ખૂબ ભાર મૂક્યો હતો. શીલ અને પ્રજ્ઞા જ ઉચ્ચ વ્યક્તિત્વનાં ઘડતર બળો છે એમ એમના જીવન પરથી કોઈ પણ કળી શકતું. એમની વિદ્યાને અહંકારનો ઓપ નહોતો દીધો.

પોતાના અવિરત જ્ઞાનયજ્ઞનો ભંગ ન થવા દેવા માટે એમણે જુનવાણી કક્ષાના મોટામોટા આડંબરી મહોત્સવો ટાળ્યા હતા, તેમ એ જ ઇરાદાથી સુધારાના બહાના નીચે ઉપાડવામાં આવતી ઊહાપોહયુક્ત ચળવળથી પણ એઓ સદા દૂર રહ્યા હતા. પદવી કે પદની એમણે કદાપિ આકાંક્ષા રાખી નહોતી. શિષ્યો કે નામના મેળવવા પાછળ પણ એમણે નજર રાખી નહોતી. આથી જ આવા સાંસારિક વ્યામોહથી પર રહી એઓ એકધારી જ્ઞાનસાધના અને આત્મસાધના કરી શક્યા હતા. 'મુનિ' તો જૈન સૂરિઓમાં સામાન્ય પદવી છે, જ્યારે 'આચાર્ય'ની પદવી અતિ માનવંતી છે. વડીલ સૂરિઓ અને પાટણના શ્રીસંઘે એમને 'આચાર્ય' પદથી વિભૂષિત કરવાનું ઠરાવ્યું ત્યારે એમણે નમ્રતાપૂર્વક એ પદનો પણ અસ્વીકાર કર્યો. વિદ્વત્તાના પ્રતીકરૂપ અપાતી 'પંન્યાસ' પદવીનો પણ એમણે અસ્વીકાર કરેલો. વડોદરાના શ્રીસંઘે તો એમને પૂછ્યા વગર જ વિ. સં. ૨૦૧૦માં 'આગમપ્રભાકર'નું બિરુદ આપી દીધેલું. પરંતુ આનું કશું ય વળગણ એમને નહોતું.

દેશી-પરદેશી અનેક વિદ્વાનોએ એમની રાહબરી નીચે સંશોધન કર્યું છે. છતાં ય ગુરુપદનો લેશ પણ મદ ક્યાંય કળી શકાશે નહિ. ઉચ્ચતમ ઉપાધિ પીએચ. ડી. ના પરીક્ષક તરીકે પણ એમણે એટલી જ નિર્લેપતાથી કામગીરી કરી હતી. ઈ. સ. ૧૯૫૯માં અમદાવાદ ખાતે મળેલા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના વીસમા અધિવેશનના ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગના એઓ પ્રમુખ વરાએલા. ઈ. ૧૯૬૧માં કાશ્મીર ખાતે મળેલા 'ઑલ-ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સ'ના એકવીસમા અધિવેશનમાં 'પ્રાકૃત અને જૈન ધર્મ' વિભાગના અધ્યક્ષ તરીકે એ પસંદ થએલા. ઈ. ૧૯૭૦માં અમેરિકાની 'ઓરિયેન્ટલ સોસાએટી'એ એમને માનાર્હ સભ્ય તરીકે ચૂંટી કાઢ્યા હતા. આવું માન મેળવનાર કદાચ એઓ પ્રથમ જ હિંદી હશે. એમના પાંડિત્યનો આ કંઈ ઓછો પુરાવો નથી. આથી જ પ્રો. ડૉ. ડબ્લ્યુ. નૉર્મન બ્રાઉનના શબ્દો યથાર્થ લાગે છે: (He is) a worthy representative of the best Indian tradition of learning and teaching. (તેઓ ઉત્તમ ભારતીય અધ્યયન-અધ્યાપન-પ્રણાલીના એક આદરણીય પ્રતિનિધિ છે.)

એમની જ્ઞાનપ્રવૃત્તિનાં બે સુફળ તે પાટણના 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન મંદિર'ની તેમજ અમદાવાદના 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ની સ્થાપના. અનેક વિદ્વાનો અને અભ્યાસીઓને માટે આ બંને સંસ્થા આશીર્વાદ રૂપ બની છે. એમની સક્રિય પ્રવૃત્તિની તેમજ પ્રાચીન જ્ઞાનવિસ્તરણ વૃત્તિની આ ન ભુલાય તેવી દેણગી છે. અનેક વ્યક્તિઓ અને વિદ્વાનોથી ઘેરાએલા પુણ્યવિજયજી એક વ્યક્તિ નહિ પણ સ્વયં સંસ્થારૂપ હતા.

વિદ્યાવ્યાસંગમાં તો એઓ વ્યાધિને પણ વીસરી જતા. ઈ. ૧૯૫૫ની વર્ષાઋતુના દિવસો હતા. સંગ્રહણીના રોગે એમને ઘેરી લીધા. વ્યાધિ ઉગ્ર સ્વરૂપ પકડતો ગયો. લગભગ દોઢ વર્ષ સુધી એઓ પીડાયા; પરંતુ તે દરમિયાન એમને સધિયારો આપ્યો શાસ્ત્રવ્યાસંગે. 'કથારત્નકોષ'નું સંપાદન અને 'નિશીથચૂર્ણિ'નું અધ્યયન એમણે આ નાદુરસ્ત તબિયતે જ કર્યું. એમની જ્ઞાનભક્તિ અને ચિત્તની સ્વસ્થતા અહીં પ્રગટ થયા વગર રહેતાં નથી.

આવા આત્મસાધક સંત પોતે અનેકાંતવાદની સાક્ષાત્ પ્રતિમા હતા. પોતાની તેજસ્વી બુદ્ધિને સ્વાશ્રયના જળસિંચનથી એમણે અવિરત ફળદાયિની બનાવી હતી. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ને જૂની ગુજરાતીના આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાંડ પંડિત પાંડિત્યદંભથી હમેશાં દૂર રહેતા. કદાપિ વિકાર ન પામી શકે એવી ચિત્તવૃત્તિવાળા એઓ સાચા આધ્યાત્મિક પુરુષ હતા. વિપરિત સંજોગો પણ એમના દઢોત્સાહને કદાપિ વિચલિત નહોતા કરી શકયા. બાસઠ વર્ષનું એમનું દીક્ષાજીવન એટલે અવિરત કર્મયાત્રા અને અખંડ જ્ઞાનયજ્ઞ. પોતાની સાધના સાથે સાથે એમણે અનેકોને અધ્યાત્મજ્ઞાન આપ્યું હતું. એઓ શાસ્ત્રીય દષ્ટિસંપન્ન સંપાદક, શ્રમશીલ સંશોધક, વિનમ્ર વિદ્વાન, આદર્શ શ્રમણ અને ગુણગ્રાહી વત્સલ વ્યક્તિ હતા. એક સાચા વિદ્વાનને છાજે એ રીતે એઓ આજીવન વિદ્યા-અર્થી જ રહ્યા. પુણ્યવિજયજી એટલે જ નખશિખ વિદ્યાર્થી. એમની વિદ્યાપ્રીતિ અને વ્યવહારરીતિ નિરાડંબરી અને નિખાલસ હતાં. ૭૬ વર્ષની ઉંમરે મુંબાઈમાં 'પ્રોસ્ટેટ'ની શસ્ત્રક્રિયા બાદ ૧૪મી જૂન ૧૯૭૧ના રોજ રાત્રે સાડા આઠ કલાકે આવા મનીષી સંત, પ્રજ્ઞાપુરુષ અને આજીવન અક્ષર-સાધક સમ્યક્‌રીતે જ ક્ષરને ત્યજી અ-ક્ષરત્વ પામ્યા. એમની જ્ઞાનસાધનાનો સ્રોત અસ્ખલિત રીતે અનેકોને પ્રેરણાવારિ પાતો રહે એ જ એમને સાચી અંજલિ હો!

"કુમાર" માસિક, અમદાવાદ; ફેબ્રુઆરી, ૧૯૭૨

**A savant among saints and a saint among savants :**

# Muni Punyavijayji

## B. M. Singhi

A true specimen of the Jaina monkhood and a worthy representative of the Jaina tradition and heritage of the Jaina fold, Muni Punyavijayji, who died in Bombay on June 14, 1971 was a life-long traveller in the realms of knowledge. He had an insatiable yearning for exploration of the wisdom of the past. It is absolutely true that but for his ceaseless efforts in the direction of research and scholarship, the vast treasures of knowledge would have remained locked up in the *bhandaras* of the Jaina temples. Initiated and inspired by Muni Chaturvijayji and taught and encouraged by Pandit Sukhlalji, he devoted his whole life to bring to light hundreds of valuable manuscripts written on palm-leaves and preserved in the Jaina *bhandaras* of Jaisalmer, Patan, Cambay, Baroda, Ahmedabad, Bikaner, Jodhpur, Limbdi, etc. At initiation, he was not a great scholar, but he soon developed under the inspiring leadership and guidance of his master Muni Chaturvijayji a passion for learning and threw himself heart and soul in the direction of seeking and acquiring knowledge and learning. It was here that Pandit Sukhalalji helped him. He was indeed fortunate in having an inspiring preceptor in Muni Chaturvijayji and an encouraging teacher and guide in Pandit Sukhlalji. He made the best of what he learnt and acquired from both of them and always acknowledged his gratitude and indebtedness to both. He called Muni Chaturvijayji as his 'दीक्षागुरु' and Pandit

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Sukhlalji as his 'विद्यागुरु' throughout his life. He had great respect for both of them and received great affection and admiration from them.

Muniji's contribution to research and learning in the field of Indology was supreme. He made concerted efforts to bring out the old manuscripts in Prakrit, Sanskrit and Apabhramsa from the traditionally closed *bhandaras* through the influence, ingenuity and industry of his *Guru* Chaturvijayji and his own. He took long and arduous journeys in places far off to discover and recover the manuscripts which were treasure-houses of knowledge and learning. He knew no obstacles in his pathway towards the goal he had set out for himself. He did all this single-handed and undeterred by opposition and difficulties which came in his way. He had great conviction of the importance of the scholastic work he had undertaken and a great confidence in his ability to pursue the path he had chosen. It was his great 'व्रत' to make the hitherto hidden sources of knowledge open and available to scholars and research-workers of the world. It is indeed true that but for him, Jainology would have remained deprived of many important and valuable springs of knowledge in its area. Muniji was an individual but his work proved that he was an institution and what he achieved through his incessant endeavours would have been considered absolutely miraculous even for an institution. Pandit Sukhlalji had once remarked, "What several *sadhus* of either Sthanakvasi, Murtipujak or other sects combined could not do and achieve, was achieved by Muni Punyavijayji." Not only in quantum his work was great but also in quality and standard of perfection it was great. He was a perfectionist and would never leave his i's undotted and t's uncut. He had no parallel in this respect. He could do this because he had a real mastery over all the three languages of the oriental विद्या, viz, Sanskrit, Prakrit and Apabhramsa.

What was really astonishing was that his passion, pursuit and perseverence did not make him flinch in any way from the disciplined life enjoined upon him by the rules and practices of monkhood. He was a saint first and a saint last. His erudition of knowledge was only an additional embellishment to his sainthood. All through his life, he followed meticulously all *vratas* (व्रत) of a Jaina monk which he was required to observe. Truly, he had right perception, right knowledge and right conduct. He was great in scholarship, he was greater still in his character based on religious piety and non-attachment to



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



worldly possessions of any kind. Whatever came to him as a token of respect and appreciation for him and his work from his *shravakas* (श्रावक) was ploughed back in his farm of knowledge to plant more and reap more.

By birth and by initiation he belonged to the Svetambara Murtipujak sect of the Jainas, but he was no where secterian in his approach and views. He was a scholar with open mind in every respect, and his field was open to every one who cared to come to him for any help and guidance in the direction of his specialized study. He was generous in extending all help to all. He never had any reservation or reticence of any kind in the sphere of knowledge. Thus, by giving more and more and requiring less and less, he fulfilled the basic duties and responsibilities af a Jaina साधु in the truest sense. Even among scholars, we find quite often a spirit of isolation, a sense of arrogance and envy and a habit of holding secrets of knowledge themselves, but Muni Punyavijayji believed in sharing of knowledge and keeping the realm of knowledge free from bounds. He was an embodiment of 'सा विद्या या विमुक्तये'. This was a rare quality which Muniji had imbibed from his *Gurus* and handed over to his disciples and followers. His broad and catholic outlook, his perfact devotion to the true and the good and his absolutely unassuming behaviour with both equals and unequals was exemplary and en-nobling. Inspite of his interest in and attachment to the ancient works of learning, his commentaries, introductions and other writings bear the mark of his modern outlook. His findings were arranged, organised and accomodated in such a way that they could meet the requirements of the modern scholars.

His field of work did not confine to and end with the discovery, collection research, editing and publication of the manuscripts. As an adjunct to his involvement in this field he also developed interest in paintings, inscriptions and coins, etc. He was also a connoisseur of the Jaina paintings and numismatics and was always ready to solve the problem if and when the same arose in these fields. He was actually a versatile scholar, always keen to seek, to understand, to apply and to achieve whenever and in whatever pastures he had the chance to enter. He was in the first line of the scholars of Prakrit texts and it was on account of his knowledge and ability and devotion to the study of Prakrit texts that the Prakrit Text Soceiety was formed by late Dr. Rajendra Prasad when he was President of India. To have a comprehensive view and make a comparative study of Indian religion and Indian culture, he went for the study of the relevant and important texts

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



of the Hindu and Buddhist religions also. This equipped him for a real scholastic and intellectual treatment of the subjects he took for study.

Muniji who was called Manilal before he was initiated in February 1909 was born in Kapadvanj in Gujarat on 27th October 1895, but had his primary education in Bombay, where his father Dahyabhai Doshi had gone for earning his livelihood. Unfortunately his father died when Manilal was only ten years old. His mother, thus widowed at the young age of only 27 years, was left alone with this son of ten years. She was very religious minded from the very beginning but this calamity made her far more indifferent to and detached from the worldy affairs. She sought to take दीक्षा and become a nun. But the question was: What to do with Manilal ? However, the desired happened and Manilal also developed an attitude and temperament to be consecrated as a monk. Muni Shri Chaturvijayji initiated him into monkhood. Within three days, after the son thus took to monkhood assuming the new name of Punyavijaya, the mother also became a nun and was called Sadhvi Ratanshri. Thereafter mother and son both lived in the fold, serving the Jaina faith and liberating their lives from *karma.*

Following the traditions of collection and research into the field of oriental learning, laid down by his *Guru's Guru* kantivijayji and his *Guru* Shri Chaturvijayji, he edited the Sanskrit play called कौमुदीमित्रानन्द, a drama of Muni Ramacandra, in 1917, just within eight years of his दीक्षापर्याय. Thereafter during the last 54 years, he edited, collected and published several important works of many Acaryas of the earlier times. बृहत्कल्पभाष्य which he edited jointly with his गुरु Muni Chaturvijayji with निर्युक्ति and टीका was published in 6 volumes between the years 1933 and 1942. This was one of the most important works of Munishri. Among his other works which impressed the scholars in the country and abroad can be mentioed वसुदेवहिन्डी, नन्दीसूत्र, अंगविज्जा, जीतकल्पसूत्र, पवित्रकल्पसूत्र, कीर्तिकौमुदी, योगशतकम् , रामशतकम् , निघण्टुशेष and आख्यानकमणिकोष etc. His two volumes of the *Catalogue of palam-leaf Manuscripts* and three volumes of *Catalogue of Sanskrit and prakrit Manuscripts* provide valuable references for scholars. The last but not the least in the series of his contributions was the editing of the Jaina *Agamas*. It was at his initiative that the Mahavir Jain Vidyalaya of Bombay undertook a project to publish critical texts of the Jaina *Agamas* under the joint editorship of himself and Prof. Dalsukh Malvania. This scheme would epitomise the vast collection of his works. It was indeed a very comprehensive and

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



bold scheme to revise the text of the Jaina canonical literature in the light of the new materials now available as a result of recent research. As is well-known, the last वाचना of the *Agamas* was carried out nearly 1500 years ago under the guidance of Shri Devardhi Gani Kshamashramana. It was in recognition of this great undertaking that the Jaina community honoured him with the title of 'आगमप्रभाकर', although he never cared for any title or epithet as he did not even accept the title of 'सूरि' and 'आचार्य'. Work was his worship and was the greatest reward by itself. In 1959, Muniji was elected President of the sectional conference on History and Ancient Indian Culture on the occassion of the twentieth session of the Gujarati Sahitya Parishad at Ahmedabad and two years later, he was elected President of the Prakrit and Jainism section of the twentyfirst session of the All-India Oriential Conference which had met at Shrinagar in Kashmir.

In February 1969, when Muniji completed sixty years of his life after initiation as साधु, felicitations were extended to him in a volume (ज्ञानांजलि) containing his own writings and an account of his life and works together with appreciations from scholars here and abroad. While paying respectful tributes to Muniji Prof. Klaus Bruhn of Germany had said, "Muni Punyavijayji is perhaps the greatest living specialist in the field of Jaina literature but he is not a specialist in the sense that he devoted all his life-time to the study of one particular section of the material. He had a rare instinct for urgency which compelled him to shift his interest from one field to another, as soon as he felt that the most urgent work had been completed and that new and different tasks awaited for his attention." Similarly, Prof. W. Norman Brown of the University of Pensylvania, U. S A., had said, "He has been throughout his whole career a worthy representative of the best Indian tradition of learning and teaching." Prof. Dr. Ludwig Alsdorf, Professor of Indology in the University of Hamburg called him, "A model monk and true scholar of wide interests."

I have said earlier in this article and will say again that it was in his devotion to work and dynamism of thought that the true greatness of Muniji lay. He was never swept away with either appreciation or opposition and what was most astonishingly revealing about him was that even though deeply absorbed and closely closetted with the works of the past, he was not closed in his mind and in his approach and that gave him the vision of a true साधु and a religiously upright man. He attached great impo-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



rtance to education, which, to him, was the real foundation for progress. In so far as religion was concerned he was of the opinion that religion should help man in his progress. He had once written, "The time has come when every sensible person should dispassionately see and think how religion can help in the human progress and uplift. Only when religion fulfills this part it will be possible for the religion and religiosity to find a worthy place in our life; otherwise in spite of all the rites and rituals of different sects of our faith and religion, true religion is bound to decay and die."

Let the above be taken as the Muni's message for us all, whether the consecrated or the laity. Religion to live and to help men to live more sublime and more purposeful and meaningful lives must have a clear and undivided vision and dynamism in order to meet the challenge of the times.

Munishri Punyavijayji is dead, no doubt; his message and example are not dead, no doubt.

—"*Jain Journal*," *Quarterly; Calcutta; October, 1971.*

# भारतकी एक विरल विभूति

अगरचन्द नाहटा

*

भारतीय साधना-प्रणालीमें ज्ञानोपासनाका बडा महत्व है। ज्ञानको प्रकाश और प्रज्ञानको प्रन्थकार कहा गया है। ज्ञानके बिना मनुष्य पशुके समान है। कर्तव्य-अकर्तव्यका बोध ज्ञानके बिना नहीं होता और जिसमें हिताहितका ज्ञान नहीं, वह संसारके लिए भारभूत है।

समय-समय पर ऐसे अनेक महापुरुष उत्पन्न होते हैं, जो जीवनभर ज्ञानोपासना करके केवल अपना ही उद्धार नहीं करते पर मानवमात्रके लिए मार्ग-दर्शक या प्रकाशस्तम्भ बन जाते हैं। परम्परागत ज्ञानका विस्तार करते हुए वे अपनी अनुभूतियोंसे कल्याणपथ प्रदर्शित करते हुए ऐसा कार्य कर जाते हैं, जिससे भावी पीढ़ीको भी ज्ञानका प्रकाश मिलता रहे। ज्ञानकी वे ऐसी ज्योति जगा जाते हैं, जिससे भूले-भटके हुए प्राणियोंको सही मार्गका ज्ञान सहज ही हो जाता है। अभी-अभी दि. १४ जूनकी रातको ८–३० बजे एक ऐसी ही विभूति हमसे तिरोहित हो चुकी है, जिन्होंने अपना सारा जीवन ज्ञानोपासनामें लगाया और अनेकों व्यक्तियोंको सहयोग देकर इस क्षेत्रमें आगे बढ़ाया। उनका शुभ नाम है :—"मुनि श्री पुण्यविजयजी।" ७६ वर्षकी आयुमें बम्बईमें उनके स्वर्गवास होनेकी सूचना मिली है। उनका यहां संक्षिप्त परिचय दिया जा रहा है :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुजरातके कपडवंज नामक स्थानमें संवत् १९५२ के कार्ती सुदी ५ (ज्ञानपंचमी) को आपका जन्म हुआ। आपका नाम मणिलाल रखा गया। आपके पिताका नाम डाह्याभाई व माताका नाम माणिक बहन था, जो आगे चलकर जैन साध्वी हो गईं और अपने पुत्रको केवल १३ वर्षकी आयुमें संयम –चारित्र और ज्ञानोपासनाके मार्गमें अग्रसर कर दिया। ६२ वर्ष तक मुनिश्रीने जैन साधुकी चर्यामें रहकर अपनी आत्माका कल्याण करते हुए हजारोंको धर्म–अध्यात्मकी सत्प्रेरणा दी।

कहा जाता है कि जब आप केवल दो-चार महीनेके ही थे आपके पिता व्यापारके लिए बम्बई गए हुए थे और माता कपड़े धोनेके लिए तालाब गई हुई थी; पीछेसे जिस मोहल्लेमें आपका घर था, उसमें आग लग गई और आपका घर भी उसकी लपेटमें आ गया। छोटासा बालक एकाकी घरमें पालनेपर झूल रहा था। चारों ओर तीव्र गतिसे आग फैल रही थी। बालकका रोना सुनकर एक मुसलमान बोहरेने इनके घरमें प्रवेश करके किसी तरहसे इनको निकाला और अपने घर पर ले जाकर उनकी रक्षा की। इधर जब माताको आग लगनके समाचार मिले तो दौडी हुई आई। अपने बच्चेके लिए किस माँका दिल उमड नहीं पडता? आकर देखा तो घर जल चुका था। अतः बच्चेकी जीते रहनेकी कोई आशा नहीं रह गई थी। मार्मिक दुःख हुआ, पर क्या किया जाए? दूसरे दिन बालकके रक्षक बोहरेने उसके माता-पिताका पता लगाते हुए इनकी माँको लाकर सुपूर्द किया तो उसके आनन्दका पार नहीं रहा। कहते है :—'जाको राखे साईया, बाल न बाँका हो' जिसकी आयु प्रबल है उसे बडीसे बडी विपत्ति भी जीवनरोध नहीं कर सकती। इस बालकसे धर्म और देशका बहुत बडा कार्य होनेवाला था। इसलिए बडी विपत्ति आने पर भी रक्षा हो गई।

पिताश्रीको जब यह समाचार मिला, तो वे बम्बईसे आए और बच्चे एवं माताको बम्बई ले गए। योग्य उम्र होने पर इनकी पढ़ाई प्रारम्भ हुई। पर थोड़े वर्षों बाद ही इनके पिताजीका निधन हो गया। माँको बडी चिन्ता हुई और साथ ही वैरागीकी भावना भी उदित हुई। उनको जैन साध्वीकी दीक्षा लेनेकी भावना हो गई, पर बच्चेके भविष्यका प्रश्न सामने था। पुण्योदयसे बालक भी दीक्षा लेनेको तैयार हो गया। शत्रुंजय महातीर्थकी यात्रा करके वे बडौदामें प्रवर्तक कान्ति-विजयजीके पास पहुँचे। बालक दीक्षित होकर कांतिविजयजीके शिष्य चतुरविजयजीके शिष्य बने और दो दिन बाद ही उनकी माताने भी साध्विओंके पास जाकर दीक्षा ले ली। उनका दीक्षानाम रत्नश्री था। ५७ वर्ष तक साधुधर्म पालन कर सं. २०२२ में वे स्वर्ग सिधारे। बालक मणिलालका दीक्षा नाम रखा गया—पुण्यविजय।

दीक्षाके बाद प्रगुरु कांतिविजयजी और गुरु श्री चतुरविजयजीने आपके अध्ययनकी बडी अच्छी व्यवस्था कर दी। अनेक विषयोंके अधिकारी विद्वानोंसे आपको शिक्षा दिलाई गई और साथ ही साथ मुनिचर्या और अपने गुरुओंकी ज्ञानोपासनाकी शिक्षा स्वतः मिलती गई। मुनि श्री चतुर-विजयजीने अनेकों ग्रन्थोंका सम्पादन व संशोधन किया। ज्ञानभण्डारोंकी हस्तलिखित प्रतियोंको देखने, उनकी लिपिको पढ़ने और विषयको समझनेमें आपकी रुचि जाग्रत हुई। अतः थोड़े ही वर्षोंमें आप भी अपने गुरुश्रीके कार्योंमें सहयोग देने लगे और योग्य विद्वान बन गए।

संवत् १९८४ में लीम्बडीके जैन ज्ञानभण्डारकी सूची तैयार करनेमें अपने गुरु श्री चतुरविजयजीको आपने विशेष सहयोग दिया और इसकी महत्वपूर्ण प्रस्तावना भी आपने लिखी। पाटण आदिके

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्ञानभण्डारोंकी हजारों ताडपत्रीय और कागजकी प्रतियोंके अवलोकनसे प्राचीन लिपियों, भाषाओं और लेखनशैलियों आदि महत्वपूर्ण विषयोंकी जानकारी बढ़ी। अहमदाबादके श्री साराभाई मणिभाई नवाबका जैन चित्रकल्पद्रुम नामक महत्वपूर्ण ग्रन्थ सं. १९८८२ में प्रकाशित हुआ। इसके प्रारम्भमें "भारतीय जैन श्रमण संस्कृति अने लेखनकला" नामक एक महत्वपूर्ण करीब डेढ़ सौ पृष्ठोंका गुजरातीमें आपका रचित निबन्ध प्रकाशित हुआ, जो अपने ढंगका एक ही निबन्ध है। इस विषयमें उतनी जानकारी और किसी भी विद्वानने आज तक नहीं दी, क्योंकि इसके लिए वर्षोंका श्रम और अनुभव अपेक्षित है। इस निबन्धका हिन्दी व अँग्रेजी अनुवाद होना वांछनीय है। समय-समय पर आपने कई ग्रन्थोंकी प्रस्तावना आदिके रूपमें और भी ज्ञानवर्धक और शोधपूर्ण निबन्ध लिखे हैं, जिनका एक संकलन आपके दीक्षा-पर्यायके साठ वर्ष पूर्ण होनेके उपलक्ष्यमें बडौदासे प्रकाशित 'ज्ञानांजलि' नामक ग्रन्थमें किया गया है।

आपके सम्पादित करीब चालीस ग्रन्थ प्रकाशित हो चुके हैं और अनेकों ग्रन्थ तैयार पडे हैं, जिनमेंसे कुछ तो छप भी गए, पर प्रस्तावना आदिके लिए प्रकाशित नहीं हो पाए। ऐसे ग्रन्थोंमें जैसलमेर और पाटण भण्डारकी हस्तलिखित ग्रन्थसूची विशेष रूपसे उल्लेखनीय है।

सन् १९१७ से लेकर अब तक निरन्तर आपका सम्पादनकार्य चलता रहा। 'बृहत्कल्पसूत्र' निर्युक्ति-भाष्य-वृत्ति सहित छः भाग, कर्मग्रन्थ छः भाग, वसुदेवहिण्डी, अंगविज्जा, कथारत्नकोष, धर्माभ्युदय महाकाव्य, त्रिशष्टिशलाकापुरुषचरित्र महाकाव्य,-नन्दी-अनुयोगद्वार, पन्नवणा, आख्यानक-मणिकोश आदि जैन ग्रन्थोंके अतिरिक्त सोमेश्वरकृत उल्लाघराघव नाटक और रामशतक आदि जैनेतर नाटकों तथा कौमुदीमित्रानन्द, प्रबुद्ध राहिणेय, धर्माभ्युदय आदि जैन नाटकोंका भी आपने सम्पादन किया है। खम्भातके ताडपत्रीय जैन भण्डार सूचीके दो भाग और अन्य अहमदाबादके लालभाई भारतीय संस्कृति विद्यामन्दिरके विवरणात्मक सूची-पत्र तीन भाग आपके सम्पादित प्रकाशित हो चुके हैं। आचार्य हरिभद्रके योगशतक और उसकी स्वोपज्ञ टीका नामक अज्ञात ग्रन्थकी भी आपने खोज ही नहीं की, बल्कि संपादन करके प्रकाशित भी करवा दिया। हजारों जैन-जैनेतर (बौद्ध-वैदिक) अलभ्य और दुर्लभ ग्रन्थोंको आपने जैन ज्ञानभण्डारोंसे खोज निकाला, जिनकी किसीको जानकारी नहीं थी।

अपने दादागुरुकी अस्वस्थता एवं दीर्घायुके कारण आपको उनकी सेवामें अठारह वर्ष पाटणमें रहनेका सुयोग मिला तो आपने वहाँ कई ज्ञानभण्डारोंका एकत्रीकरण करके 'श्री हेमचन्द्रसूरि ज्ञान-मन्दिर'की स्थापना की। उसमें सैकडों ताडपत्रीय और बीस हजारसे भी अधिक कागज पर लिखी हुई महत्वपूर्ण प्राचीन प्रतियाँ हैं। इसके बाद आप जैसलमेर पधारें तो वहाँके अव्यवस्थित ज्ञान-भण्डारको बडे परिश्रमसे व्यवस्थित किया। रातको बारह बजे तक आप निरंतर आगम आदि मुद्रित ग्रन्थोंको ताडपत्रीय प्रतियोंसे मिलाकर संशोधित करते। आपने अनेकों ग्रन्थोंकी प्रेसकापियाँ करवा ली एवं प्राचीन और महत्वपूर्ण २१४ प्रतियोंको तो दिल्ली भेजकर माइक्रोफील्म करवा ली गई, जिससे जहाँ कहीं भी उनका उपयोग हो सके। ताडपत्रीय प्रतियोंके साईजके ही अल्मोनियमकी पेटियाँ बनाई गई। दर्शनीय प्रतियोंको शो-केसमें रखा गया और एक-एक पन्नेको देखकर नई सूची तैयार की गई। हमारे प्राचीन साहित्यकी सुरक्षा और सुव्यवस्था कैसी करनी चाहिए, इसका उदाहरण मुनिश्रीने जैसलमेरमें उपस्थित किया है। काश, हम उससे शिक्षा ग्रहण करके अन्य स्थानोंके ग्रन्थभण्डारोंको

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भी इसी तरह सुरक्षित व सुव्यवस्थित करनेका प्रयत्न करते तो हमारे पूर्वजोंकी ख्याति इस प्रकार नष्ट न होती। विद्वत्‌जगतसे आपको सदा सम्मान मिलता रहा है। गुजरात साहित्य परिषदके इतिहास विभाग एवं ओरिएण्टल कोन्फ्रेन्सके प्राकृत विभागके आप अध्यक्ष चुने गए थे। अमेरिकाकी एक संस्थाने भी आपको सम्मानित किया था।

मुनिश्रीकी अखण्ड ज्ञानोपासना दूसरोंके लिए भी बडी प्रेरणादाई रही है। गुजरातमें आपके अनेकों विद्वान शिष्य हैं, जो आपके कार्यमें भी सहयोग देते रहे हैं और स्वयं अच्छे सम्पादक और पण्डित बन गए। आशा है, मुनिश्रीने जो ज्ञानयज्ञ चालू किया उसे निरन्तर जारी रखा जाएगा।

मुनिश्रीकी अनेक विशेषताओंमें से कुछका उल्लेख यहाँ पर देना आवश्यक है।

इतने बडे विद्वान होने पर भी अभिमान उन्हें छू तक नहीं गया था। बच्चेसे लेकर बूढों सभीसे बडे प्रेमपूर्वक मिलते। सभीकी बातोंको ध्यानसे सुनकर उन्हें पथप्रदर्शन करते और सहयोग देते। सदा हंसमुख और प्रसन्न चेहरा। इतनी व्यस्तताके बावजूद भी वे अपने कार्योंको छोडकर भी आए हुए व्यक्ति का काम पहले कर देते। दिनभर उनके पास श्रावक-श्राविकाओं, नवयुवकों व विद्वानोंका तांता लगा रहता। फलतः वे ग्रन्थसंपादन-लेखनका कार्य रातको व प्रातः करते थे; आए हुए व्यक्तिको किसीको भी नाराज नहीं करते। कहते थे कि अपना काम तो चलता ही रहेगा, इनको भी सन्तोष देना ही चाहिए।

जैसलमेरमें मैं उनके साथ करीब बीस दिन रहा। हर समय उन्हें कार्यमें संलग्न देखकर कई बातें पूछनेकी इच्छा होने पर भी मुझे संकोच होता था। एक दिन जब मैंने उनसे अपने मनोभाव व्यक्त किए तो उन्होंने कहा कि आप जैसे व्यक्तियोंके लिए ही तो मैं रातदिन, ग्रन्थसंशोधन आदिका कार्य कर रहा हूँ यह तो जीवनभर चलता ही रहेगा। इसलिए आप तनिक भी संकोच न करके जिस समय जो पूछना हो मेरे पास आ जाया करें। और तबसे मैंने ज्ञानचर्चाका लाभ उठाना प्रारम्भ कर दिया और बीकानेर पधारनेका भी निमन्त्रण दिया, जो उन्होंने सहर्ष स्वीकार किया।

प्रायः विद्वान लोग अपने श्रमका दूसरों द्वारा उपयोगे होते देखकर खिन्न हो जाते हैं। परंतु मुनिश्री इसके सर्वथा अपवाद थे। बहुत परिश्रमसे संशोधित किए हुए ग्रन्थोंको भी वे दूसरोंके उपयोगके लिए सहज ही दे देते थे। इस तरह देश-विदेशके अनेकों विद्वानोंको साहित्य-साधनामें उन्होंने अपूर्व योग दिया है। गच्छ-सम्प्रदायकी संकुचित भावनासे आप ऊँचे उठ चुके थे। जो भी आया, सभी को सहयोग दिया। सौजन्य, उदारता एवं प्रेमकी साक्षात् मूर्ति थे।

पहेले-पहेले उनको संग्रहणीकी बीमारी भी काफी वर्षों तक रही, फिर भी वे अपने काममें जुटे ही रहते। इधर स्वास्थ्य, वृद्ध होनेपर भी, काफी ठीक दिखाई दे रहा था। ७५ वर्षकी आयुमें भी ये युवकोचित उत्साह और श्रम करते रहते। कुछ महीने पहले मैं बम्बई वालकेश्वर जैन मंदिरमें उनके दर्शनार्थ गया तो कहा कि देखिए नाहटाजी, यह "पयन्ना" का सम्पादनकार्य पूरा किया है। उसके बाद अभी मार्चमें गया तो उन्हें ज्वर आया हुआ था। फिर भी बडी प्रसन्नतासे बातचीत की। उनकी सेवामें रहनेवाला लक्ष्मण भोजक वहीं पास बैठा हुआ था। उसने कहा, अब अहमदाबाद जल्दी ही पूज्यश्री को पहुँचना है। फिर भी आपरेशन हुआ, वह भी सफल रहा। पर विधिको बम्बईसे विहार करना मंजूर नहीं था। अतः दिनांक १४ जूनको रात्रिके साढे आठ बजे समाधिपूर्वक आपका यहीं स्वर्गवास हो गया।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वैसे तो आपने अनेकों महत्वपूर्ण ग्रन्थोंकी प्रेस-कापियां करवा रखी है और कुछका तो संशोधन-सम्पादन भी कर रखा है। पर सबसे महत्वपूर्ण कार्य आपका जैनागमोंके सुसम्पादित संस्कारणोंके प्रकाशनका है। मूल आगमोंका प्रकाशन महावीर जैन विद्यालय बम्बईसे प्रारम्भ हो गया है। पर अभी तक केवल नन्दी, अनुयोगद्वार और प्रज्ञापना तीन आगमसूत्र ही प्रकाशित हो सके हैं। पैंतालीस मूल आगमोंके साथ-साथ आपने उनपर प्राप्त निर्युक्ति, चूर्णि, भाष्य एवं टीकाओंका भी प्राचीन प्रतियोंसे मिलाकरके संशोधन कर रखा है। उन सबके प्रकाशनमें काफी समय और अर्थ चाहिए। पर आप सदा यही कहा करते कि मुझे इसकी चिन्ता नहीं है। अच्छे कामके लिए पैसा तो मिलता ही रहेगा। प्राकृत साहित्य परिषदकी (प्राकृत टेक्स्ट सोसायटीकी) स्थापना भी आपके प्रभाव व प्रेरणासे हुई थी, जिसमें बीसों महत्वपूर्ण ग्रन्थ छप चुके हैं। ला. द. भारतीय संस्कृति विद्यामंदिरसे भी काफी छपे हैं।

आपका दूसरा महत्वपूर्ण कार्य सेठ कस्तूरभाई लालभाई द्वारा स्थापित और संचालित भारतीय संस्कृति विद्यामन्दिर है, जिसे सर्वप्रथम आपने अपने द्वारा संग्रहीत करीब दस हजार हस्तलिखित प्रतियाँ देकर शोधके लिए महत्वपूर्ण संस्थाकी स्थापना करवाई। फिर तो अन्य कई भण्डार भी इस संस्थाको मिले और मुनिश्रीकी देखरेखमें बहुत-सी मूल्यवान सामग्री खरीदी भी गई। फलतः आज करीब चालीस हजार हस्तलिखित प्रतियोंका यह बडा संग्रहालय हैं, जिनमें बहुत-सी कलापूर्ण प्राचीन मूर्तियाँ एवं चित्रकलाकी सामग्री भी दर्शनीय हैं। वर्षोंसे बडे प्रयत्नपूर्वक जिन प्रतियोंका संग्रह किया था, उन सबको इस तरह दे देना कितनी बडी उदारता व विशाल हृदयता है। इनके अतिरिक्त भी आपके संग्रहमें हजारों फुटकर पत्र, गुटके, विशिष्ट प्रतियाँ और महत्वपूर्ण सामग्री है, जिसका ठीकसे उपयोग किए जानेसे अनेकों नवीन तथ्य प्रकाशमें आएंगे। आशा है, मुनिश्रीके बडे परिश्रम व सूझबूझसे एकत्र की हुई समस्त सामग्री सुरक्षित एवं सुव्यवस्थित की जाएगी। अच्छा हो, उनके नामसे एक बडी संस्था स्थापित हो, जो उनके अधूरे कामोंको पूरा करे, महत्वपूर्ण सामग्रीको प्रकाशमें लाए और सबको उसका लाभ मिल सके, ऐसी व्यवस्था करें।

बम्बईके समाचारोंके अनुसार आपके अन्तिम दर्शनके लिए ४०००० जनता उमड पडी थी। अनेक बाजार ता. १४ जूनको बन्द रहे। आपकी श्रद्धांजलि-सभामें आपके कार्योंको आगे बढानेके लिये एक फण्ड स्थापित करनेका निश्चिय किया गया, जिसमें ५०००० तो उसी समय लिखा दिए गए है। वास्तवमें नामानुरूप आप तो बडे ही पुण्यशाली थे। जीवनभर ज्ञानदान देकर व सबको उचित सहयोग देकर आपने महान पुण्यका अर्जन किया। उनका कार्य इतना ठीक एवं महत्वपूर्ण है कि युग-युगों तक आपकी याद बनी ही रहेगी।

"राष्ट्रवीणा" मासिक, अहमदाबाद; अगस्त, १९७१

## સ્વ. મુનિ શ્રી પુણ્યવિજયજી

શ્રી "ધર્મપ્રિય"

*

મુ. શ્રી પુણ્યવિજયજીને સંશોધનકાર્ય માટે અનહદ રસ હતો. પોતાને સંગ્રહણીનું દર્દ હોવા છતાં, અને તે વખતે પાટણનું પાણી તેમની તબિયતને અનુકૂળ નહોતું તોપણ, સંશોધનકાર્ય માટે લાગલાગટ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોળ વર્ષ સુધી પાટણમાં રહ્યા હતા. શ્રી જિનાગમોના સંશોધનમાં તેમણે આપેલ ફાળાથી આકર્ષાઈ અમેરિકાની ઓરીએન્ટલ સોસાયટીએ તેમની માનદસભ્ય તરીકે નીમણૂક કરી તેમનું સન્માન કર્યું હતું. જેસલમેર તથા ખંભાતના સંઘના ભંડારોમાં રહેલ સંખ્યાબંધ ગ્રંથોને વ્યવસ્થિત કરી તેની સૂચિ તૈયાર કરવાનું અને જીર્ણશીર્ણ પ્રતોની માઈક્રો ફિલ્મ તૈયાર કરાવી તેની જાળવણી કરવાનું કાર્ય તેમણે હમણાં જ પૂરું કર્યું હતું. અમદાવાદની લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટીટયુટની સ્થાપના અને સંચાલનમાં તેઓશ્રીનો મહત્ત્વનો ફાળો હતો.

મુ. શ્રી પુણ્યવિજયજીએ, કેટલાક સંઘોએ વિનંતી કરવા છતાં, ગણિપદ, પંન્યાસપદ, ઉપાધ્યાયપદ–એવી કોઈ પણ પદવી સ્વીકારવા માટે પોતે તૈયારી બતાવી નહોતી અને એવી વિનંતીઓનો સવિનય ઇન્કાર કર્યો હતો. જાહેરાતનો તેમને બિલકુલ મોહ ન હતો. તેઓશ્રી કહેતા કે મારે કોઈ પદ કે પદવી જોઈતી નથી. મેં જે મુનિપદ લીધું છે તે જ સાચવી રાખું એટલે બસ.

લગભગ બાસઠ વર્ષની સંયમયાત્રા દરમ્યાન તેમણે કોઈ જગાએ ઉપધાન કે ઉજમણાં કરાવ્યાં નથી. તેમ સંઘને કોઈ પણ પ્રકારના ખર્ચના ખાડામાં ઊતરવું પડે એવી પ્રવૃત્તિ કે પ્રેરણા કરી નથી. માત્ર જ્ઞાનની આરાધનામાં જ તેઓ મસ્ત રહેતા. આજે સાધુઓમાં જે શિષ્યવ્યામોહ જોવામાં આવે છે તે પણ તેમનામાં ન હતો. તેમના શિષ્ય થવા માટે સ્વયં આવેલા પૈકી માત્ર બે કે ત્રણને જ તેમણે દીક્ષા આપી છે.

સામાન્ય જ્ઞાન વધે ત્યારે અભિમાન વધે અને આચારમાં સ્ખલના આવે, પરંતુ મુનિ શ્રી પુણ્યવિજયજીએ એ કથન પોતાના સંબંધમાં ખોટું પાડયું હતું. સાધુધર્મના આચારોનું તેઓ ખૂબ આદરપૂર્વક પાલન કરતા અને એ આચારોનું સાધુઓએ શાસ્ત્રવિહિતપણે પાલન કરવું જોઈએ એમ કહેતા. એ આચારસંહિતાના નિયમોમાં પોતાનાથી કોઈ વખતે કાંઈ ભૂલ થઈ હોય તો એકરાર પણ કરતા.

"મુંબઈ સમાચાર" દૈનિક, "જયજિનેન્દ્ર" વિભાગ, મુંબઈ; તા. ૨૩-૬-૧૯૭૧


# પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રદ્ધાંજલિ

*

આગમો એ જ આપણું આલંબન છે. આવી આગમોની વાણીને મહેનત કરી, લીંબડી, જેસલમેર, પાટણ, વડોદરા, છાણી, ખંભાત, ભાવનગર વગેરે જ્ઞાનભંડારોમાંથી ચીવટપૂર્વક સંશોધન કરનાર; આ બધા જૈન, હિંદુ, બૌદ્ધ ધર્મના ગ્રંથો, જેમાં ધર્મ, સાહિત્ય, કળા, ઇતિહાસ, જ્યોતિષ વિષે સમૃદ્ધ જ્ઞાનનો ભંડાર છે, એનાં ચોટી ગયેલાં પાનાંઓને સંભાળીને ઉખેડવાં, એનાં તૂટી ગયેલાં પાનાંઓના ટુકડા પ્લાસ્ટીક અસ્તરોમાં રાખી સાચવવા, જોડવા; એમાં લખાયેલી સંસ્કૃત, પ્રાકૃત, માગધી, મધ્યયુગની ગુજરાતી ભાષાને સમજવી; તેનાં અર્થ-પ્રકાશનો કરવાં; એનાં સૂચીપત્રો બનાવવાં; એની ફોટોસ્ટેટ કોપી, માઈક્રો ફિલ્મ કોપી કરાવવી; એનાં પ્રદર્શનો યોજવાં; એ ગ્રંથોના જ્ઞાનની લહાણી જ્ઞાનપિપાસુ દેશ પરદેશના વિદ્વાનોને કરી, અનેક સંશોધકોને ઘડવા; અનેકોમાં જ્ઞાનની સંજીવની છાંટવી; અને આ બધું શોધેલું-સંગ્રહેલું જરૂર પડતાં, ગમે તેવા દામ આપી ખરીદાવેલું; આ પ્રાચીન તાડપત્રો, ચિત્રસામગ્રીઓ, કળાના બેનમૂન નમૂનાઓને સંગ્રહવા; જ્ઞાન-ભંડારો, પાટણમાં શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર, અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર સ્થાપવાં અને જ્ઞાનપિપાસુને ગમે તેવી કીમતી પ્રતો વિના સંકોચે અપાવનાર; આ વિશ્વના વિદ્વાનોના પ્રેમી; વિશ્વમાનવ; આગમોના ખજાનચી; તત્ત્વશીલ પ્રભાવિક વ્યાખ્યાતા; ચંદ્ર જેવા શીતલ; સાગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજશ્રીના સદાના સાથી
પરમપૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી રમણીકવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવા ગંભીર; રાત-દિવસ સતત કામમાં રહેનાર; સદા પ્રસન્ન મુખવાળા, નમ્ર, આચાર્ય પદવી લેવાનો ઇન્કાર કરનાર; ગમે તે ફિરકા કે સંપ્રદાયને હેતથી આવકારનાર ને દુઃખિયાઓના દુઃખથી કરુણાભીના થનાર; ગમે તે સમયે ગમે તેવા સખત કામમાં પણ ખપીને બોધ આપવા ખાતર તત્પર રહેનાર; ગરીબ-તવંગરને સમદષ્ટિથી જોનાર; નાના બાળક કે વિદ્વાનને હેતથી આવકારનાર; મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આગમોના પ્રકાશનની યોજનાના પ્રાણસ્વરૂપ; નિષ્કામ સેવાભાવી; ત્યાગમૂર્તિ; પરમપૂજ્ય ગુરુદેવ આત્મારામજી મહારાજના જ્ઞાની શિષ્યરત્ન પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી દાદાના શિષ્યરત્ન પૂ. ચતુરવિજયજી મહારાજના શિષ્ય; ૭૬ વર્ષના બાલબ્રહ્મચારી; પુણ્યપુરુષ આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ જેઠ વદી ૬ સોમવારે મુંબઈમાં કાળધર્મ પામ્યા હતા. તેમનો જન્મ કપડવંજમાં સં. ૧૯૫૨માં જ્ઞાનપંચમીના પવિત્ર દિને થયો હતો. નાની ઉંમરમાં ધર્મને રંગે રંગાઈ ૧૯૬૫માં દીક્ષા લીધી હતી. તેઓ જૈન શાસ્ત્રોના અધિકૃત જ્ઞાતા હતા, અને જૈન આગમોના તો પરમજ્ઞાની હતા. તાજેતરમાં અમેરિકી ઓરીએન્ટલ સોસાયટી તરફથી તેમને માનદ સભ્ય નિયુક્ત કરવામાં આવેલ. જ્ઞાનભંડારોના ઉદ્ધારોની સાથોસાથ તેઓ જીર્ણશીર્ણ થઈ ગયેલ પ્રાચીન હસ્તલિખિત પ્રતોની જાળવણીમાં સિદ્ધહસ્ત હતા.

"જૈન સેવક" માસિક, મુંબઈ; જૂન, ૧૯૭૧.

# દિવંગત મુનિશ્રીને શ્રદ્ધાંજલિ

**શ્રી "રક્તતેજ"**

*

कृतं येन महत्कार्यं, ज्ञानदीपप्रकाशनम् ।
यश्च महदुपकारकः, पुण्याय तस्मै नमोऽस्तु मे ॥
—"रक्ततेजः"

પ્રાચ્ય સાહિત્ય-સંશોધન ક્ષેત્રનો એક તારક સં. ૨૦૨૭ના જેઠ વદી છઠ્ઠ ને સોમવારના દિવસે વિલીન થયો. વિશ્વે એક આદર્શ-ચરિત સંતને ગુમાવ્યા. જૈન સમાજે ઉચ્ચ આદર્શ પુરુષ અને સાહિત્યસેવીને ગુમાવ્યા. આગમ સાહિત્યના ક્ષેત્રને એક વિરલ વિભૂતિની ખોટ પડી.

આગમપ્રભાકર, શીલના ઉપાસક, દીર્ઘતપસ્વી, મૂક સાહિત્યસેવી વિદ્વાન મુનિરત્ન શ્રી પુણ્યવિજયજીની ચિરવિદાયથી આપણને કેટલી ખોટ પડી છે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. એમના જવાથી જૈન સમાજે એક મહામૂલું રત્ન ગુમાવ્યું છે.

એમના જીવન અને કાર્ય પર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે આપણને સમજાય છે કે આપણને કેવી વિરલ અને પરમ ઉપકારક વિભૂતિની ખોટ પડી છે.

પૂજ્ય મુનિ પુણ્યવિજયજીના દાદાગુરુ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી તેમ જ તેમના ગુરુ શ્રી ચતુરવિજયજી મહારાજ આ બન્ને મહાપુરુષો જ્ઞાનના સાચા ઉપાસક હતા. આ બન્ને વિદ્વાન મુનિવરોએ પ્રાચીન સાહિત્ય-સંશોધન તેમ જ સાહિત્ય-પ્રકાશનમાં ઊંડો રસ લઈ ઉત્તમ કોટીનું કાર્ય કર્યું છે. પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજીએ પણ આ બન્ને મહાપુરુષોની પ્રેરણા અને આશીર્વાદથી એમણે આપેલા વારસાને દીપાવ્યો અને વિકસાવ્યો હતો.

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમપૂજ્ય, આગમપ્રભાકર
શ્રુતશીલવારિધિ મુનિરાજ
શ્રી પુણ્યવિજયજી મહારાજ
(છબી: કપડવંજ : વિ. સં. ૨૦૧૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજશ્રીના ગુરુજીના દાદાગુરુજી, પરમપૂજ્ય, યુગદિવાકર, ન્યાયાંભોનિધિ
આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી) મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજશ્રીના દાદાગુરુજી
પરમપૂજ્ય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




મહારાજશ્રીના ગુરુજી
પરમપૂજ્ય મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ



શાંતમૂર્તિ
પરમપૂજ્ય મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમપૂજ્ય યુગદ્રષ્ટા
આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજી, દાદાગુરુજી, ગુરુજી આદિ વિશાળ સમુદાય સાથે પરમપૂજ્ય પુણ્યવિજયજી મહારાજ
(છબીમાં છેલ્લી હરોળમાં તેઓ જમણી બાજુથી ત્રીજા ઊભા છે) (છબી : પાટણ, મણિયાતી પાડામાં : વિ. સં. ૧૯૯૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજશ્રીનાં માતા-સાધ્વી
પરમપૂજ્ય સાધ્વીજી મહારાજ શ્રી રત્નશ્રીજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિ શ્રી પુણ્યવિજયજીએ ગુરુ અને દાદાગુરુના પગલે પગલે સાહિત્ય-સંશોધન અંગે અનેકવિધ કાર્ય કર્યું છે. પ્રાચીન સાહિત્યનું પ્રકાશન અણીશુદ્ધ અને ભૂલ વગરનું થાય તે માટે મુનિજીએ બધા જ પ્રકારની ચીવટ રાખી છે. તે માટે જરૂરી હસ્તપ્રતો એકત્રિત કરી, અસ્તવ્યસ્ત અને જીર્ણ થયેલી હસ્તપ્રતો વ્યવસ્થિત અને સુરક્ષિત કરી અને જરૂરી પ્રતો ફરી લખાવી તૈયાર કરાવી. આ કાર્ય માટે અનેક જૈન ભંડારોમાં કલાકો સુધી બેસી જ્ઞાનભંડારો પણ વ્યવસ્થિત કર્યા, હસ્તપ્રતોનાં સૂચિપત્રો તૈયાર કર્યાં અને મહત્ત્વની હસ્તપ્રતોની માઈક્રો ફિલ્મ પણ લેવરાવી. આ રીતે આપણો પ્રાચીન સાહિત્યનો અમર વારસો જાળવી રાખવામાં એમનો ફાળો અમૂલ્ય છે.

એમણે સંપાદિત કરેલા ગ્રન્થો તેમના ઉચ્ચ પ્રકારના સંપાદનકાર્ય તેમ જ વિદ્વત્તાના દ્યોતક છે. તેઓ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ભાષાઓ તેમ જ જૂની ગુજરાતી ભાષાના સારા અભ્યાસી હતા. દર્શનશાસ્ત્રો, છન્દશાસ્ત્ર, તેમ જ વ્યાકરણ વગેરેનું પણ તેમનું જ્ઞાન ઊંડુ અને તલસ્પર્શી હતું.

પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજીએ તેમના ગુરુ સાથે કરેલું વસુદેવહિન્ડીનું સંપાદન તેમનામાં રહેલી ઉચ્ચ પ્રકારની સંશોધનશક્તિ અને વિદ્વત્તા તેમ જ ખંતની સાક્ષી પૂરે છે.

તેમનાં અન્ય સંપાદનો જેવાં કે કૌમુદીમિત્રાનંદ નાટક, પ્રબુદ્ધરૌહિણેય નાટક, ધર્માભ્યુદય નાટક વગેરે અનેક ગ્રંથોમાં તેમની ચીવટ તેમ જ વિદ્વત્તા જણાઈ આવે છે.

એમનાં મહત્ત્વનાં સંપાદનોમાં બૃહત્કલ્પભાષ્ય, જીતકલ્પસૂત્ર, કથારત્નકોષ, ધર્માભ્યુદય મહાકાવ્ય વગેરે ગણાવી શકાય. આવા બધા ગ્રન્થોનું સંશોધનકાર્ય ખરેખર ઘણી જ વિદ્વત્તા, ચીવટ તેમ જ કુશળતા માંગી લે છે.

તેમનું ઘણું જ મહત્ત્વનું કાર્ય આગમોના પ્રકાશનનું છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય તેમ જ દાતાઓના સહકારથી તેમણે ૪૫ આગમોનું સંપાદનકાર્ય આરંભેલું, પણ દૈવયોગે ત્રણ આગમ સુધી જ એ કાર્ય આજે પહોચ્યું છે. તે કાર્ય ચાલુ રહે એ જોવાની જૈન સમાજના દાનવીરો, સંસ્થાઓ, સંઘો અને વિદ્વાનોની ફરજ છે. એ કાર્યમાં સૌએ યથાશક્તિ સહકાર આપવો જરૂરી છે.

જૈન નગરી અમદાવાદમાં આવેલી શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરનો અત્રે ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય. પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજીની પ્રેરણા અને સહકારથી તેમ જ દાનવીર, વિદ્યાપ્રેમી કસ્તુરભાઈની ઉદારતા અને સાહિત્યાભિરુચિથી આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થા આ બન્ને વ્યક્તિઓમાં રહેલી દીર્ઘદૃષ્ટિ અને વિચક્ષણતાનું દર્શન કરાવે છે. પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજીએ પોતાના ગ્રન્થોનો આખો સંગ્રહ આ સંસ્થાને ભેટ આપી પોતાની અનન્ય ઉદારતા અને વિશાળતા દર્શાવ્યાં છે. આ સંસ્થાને પુણ્યયોગે એવી જ એક બીજી વ્યક્તિનો સંપૂર્ણ સહકાર સાંપડયો છે; એ છે વિદ્વદ્રત્ન પંડિત શ્રી દલસુખભાઈ માલવણીયા. પં. શ્રી દલસુખભાઈ જેવા પ્રખર અભ્યાસી અને ઉપાસક સંચાલક આ સંસ્થાને મળ્યા એ સસ્થાનું ઉજ્જવળ ભાવિ સૂચવે છે.

આવી ઉત્તમ શક્તિ અને અનેકવિધ ક્ષેત્રમાં કેટલું અનન્ય કાર્ય છતાં પૂજ્ય પુણ્યવિજયજીના સ્વભાવમાં કદી આડંબર કે અહંકાર પ્રવેશી શકયા નથી. તેઓ સ્વભાવે શાન્ત, સરળ અને જીવનમાં સાદા જ રહીને જીવનનો અંત સુધી જ્ઞાનની ઉપાસનાનું કાર્ય કરતા જ રહ્યા.

આવી ઉત્તમ વિભૂતિની ચિરવિદાયથી ખરેખર આપણને કદી ન પુરાય એવી ખોટ પડી છે.

"જૈન ધર્મ પ્રકાશ" માસિક, ભાવનગર; જુલાઈ, ૧૯૭૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# Agama-Prabhakara Muni Punyavijayaji

D. D. Malvania

*

On June 14th 1971 at night 8–45, Agama-Prabhakara Muni Shri Punyavijayaji left this world at the age of 75. In his death the world of the learned has lost not only a saint-scholar but a real humanitarian soul who was ready to help in so many ways not only to scholars but all who saught his help. During his more than sixty years of saintly life he had no rest, always engaged in some type of literary work—editing and correcting the old texts or dealing with the mss or advising some one—from early morning till late night not negleting his monestic duties. In his premonestic life he was known as Manilal whose birth took place in V. S. 1952, Kartaka Shukla Panchami which is the day for the worship of knowledge. His father Dahyabhai and mother Manekben were resident of Kapadvanj in Gujarat. When he was only of three months and his mother was out of home suddenly the fire broke out in the street where they were living and their home was not spared. When the mother came back she found her home fully burnt and she though that the child Manilal also must have been burnt. But as luck have it a Muslim of Vora community during the home-burning hours took away the child Manilal and the next morning he handed over the child to Manekben whose joy knew no bound finding that her son was alive. At the age of 27 Manekben lost her husband and both the mother and son Manilal accepted the ascetic life in V. S. 1965.

Manilal was admitted in the Jaina ascetic life by Muni Shri Chaturavijayaji whose Guru was welknown Pravartaka Kantivijayaji. He was given new name Punyavijayaji at the time of renunciation of the worldly relations. This Trio of Jaina ascetics throughout the life was engaged in rehabilitation work of the Jaina Bhandaras having thousands of mss collected in them but utterly neglected by the community. And as a result in Patan the Hemachandra Jnanamandir is established where most of the mss of various Jaina Bhandaras of Patan are collected and restored for the use of the scholars who were previously unable even to see those mss. The Jaina Bhandara of Limbadi was also restored by this trio, and lately the famous Jaina Bhandaras of Cambay and Jesalmera were visited by Muni Shri Punyavijayaji and reformation was conducted by him alone. Not only these famous collections were properly restored but wherever Muni Punyavijayaji went during his travels in

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Rajasthan, Gujarat, Malva and Maharashtra he made it a point to visit the mss-collection if any and to make the proper arrangement for the protection of the mss. We can say that in India he was a unique scholar in the field of manuscriptology.

This trio collected for themselves many important valuable mss and printed books. This whole collection is presented to L D. Institute of Indology, Ahmedabad by Shri Punyavijayaji during his life-time and from this nucleus now the Institute has developed a vast library containing more than 35000 mss and 20000 printed books.

Muniji had prepared press-copies of many works. During his life-time he presented many out of them to the deserving scholars to edit them. He himself has edited many important texts Among them most important are- Vasudevahindi, Brhatkalpa-Bhasya, Hemacandra's Trisasti, Angavijja, Kalpasutra, Akhyanakamanikosa, etc.

For the last forty years he was engaged in preparing the critical edition of the Jaina canonical texts. Wherever he went and if he found the mss of the canonical text he will note down the variants in his printed text of the cannon. Mahavira Vidyalaya of Bombay undertook to publish all the canonical texts critically edited by Muniji. The Vidyalaya is able to publish three texts—Nandi, Anuyoga and Prajnapana. The rest will be published in due course.

He was able to publish the Catalogues of mss of Limdi, Cambay and of his own collection. Catalogue of Jesalmer is already printed and that of Patan is also printed (partly), but they are not published.

The Jaina Sangha requested him many-a-times to accept the award of Acharya-ship, but he was satisfied with his own humble Muni-ship. On continuous request he accepted the title of Agamaprabhakara. Muniji was elected as president of Jaina section of Oriental Conference in Shrinagar in 1961 and was awarded the Honarary membership of the American Oriental Society 1970.

'Jnananjali' is published in 1969 A. D. in his honour on the occasion of his completion of sixty years of his ascetic life. And from that we can find out how much he was respected by and how much indeted are the Indian and foreign scholars to him.

May his soul rest in peace.

—*Vishveshvarananda Indological Journal,*
*Vol X, 1972, Hoshiarpur.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रुतसाधक मुनि पुण्यविजयजी

श्री ऋषभदासजी रांका

*

पिछली बार भडौच में मित्रवर स्व. परमानन्दभाई के निधन के दुःखद समाचार मिले; फिर वहीं दूसरे प्रवास में आगमप्रभाकर मुनि पुण्यविजयजी के स्वर्गवास के दुःखदायी समाचार पढने को मिले। मुनि पुण्यविजयजी जैन समाज के ही नहीं भारतीय साहित्य के भी उज्ज्वल तारे थे, जिनकी कीर्ति देश ही नहीं पर विदेशों में भी थी; जिन्होंने साठ साल से भी अधिक काल सतत प्राचीन शास्त्रों के अध्ययन, संशोधन और सम्पादन में लगाया। जब जब मिलना होता चारों तरफ फैले हुए ग्रंथों के बीच अध्ययन करते ही पाया। सौम्य किन्तु प्रसन्न मुखमुद्रा, वाणी ऐसी लगती मानो सरस्वती ही बोल रही है। लगन और निष्ठापूर्वक ज्ञानार्जन किए इस ऋषि के बोलने में कहीं आग्रह या अहंकार छू तक नहीं जाता। वे सत्य के शोधक थे। उनमें किसी प्रकार का पक्षपात नहीं था, पर जहां भी जो सत्य होता उसके शोधन के लिए तत्पर रहते थे। संप्रदाय का अभिनिवेश न होने के कारण ही अपने शास्त्र-शोधन के कार्य में अन्य संप्रदाय के विद्वानों का सहयोग लेते। इतना ही नहीं, वे उनका उचित मूल्यांकन भी करते। अभी अभी पन्नवणा सूत्र के प्रकाशन का समारोह हुआ था, जिसका प्रकाशन दिगम्बर जैन विद्वान् डा. हीरालालजी जैन से कराया था। ऐसी उदारता बहुत कम देखने को मिलती है।

वे जैसे व्यापक दृष्टिकोणवाले विद्वान् थे वैसे ही उनका विनय भी उच्च कोटि का था। उन्होंने दीर्घ काल तक साहित्य की उपासना की, किन्तु उसमें दिखावे या आत्मप्रतिष्ठा को जरा भी स्थान नहीं दिया। आज के इस विज्ञापन और दिखावे के युग में ऐसा निरभिमानी देखने को नहीं मिलता। जहां सत्ता या बडप्पन की होड या प्रतिस्पर्धा दिखाई देती हैं, श्वेताम्बर समाज में जहाँ आचार्य बनने की होड लगी रहती है, वहाँ वारबार आग्रह करने पर भी वे आचार्य पद न लेकर अपने कार्य में लगे रहे। उन्हें संघ और आचार्य श्री विजयसमुद्रसूरिजी की ओर से जो अभी अभी सम्मान दिया जानेवाला था वह उन्होंने नहीं लिया। ऐसे वे निःस्पृह सन्त, साधक और शोधक थे।

वे निरन्तर साहित्य-साधना में लगे रहते थे। इतना श्रम करते कि उनके परिश्रम को देखकर युवाओं को भी शरमाना पडे। इतने सरल और गुणग्राहक थे कि कभी उनके मुंह से किसी के प्रति अनादर की बात भी नहीं सुनी गई तो निन्दा की तो बात दूर ही रही। वे मानों विनय और सौजन्य की मूर्ति हो।

मुनि श्री पुण्यविजयजी का जन्म कपडवंज ग्राम में वि. स. १९५२ की ज्ञानपंचमी को हुआ था। बचपन का नाम मणीलाल था। पिता सेठ श्री डाह्याभाई की छत्रछाया बाल्यकाल में ही, जब वे गुजराती पाठशाला की छठी श्रेणी में पढते थे, उठ गई। माता माणिक बहन धार्मिक वृत्ति की महिला थी। उनके संस्कारों के कारण ही आचार्य श्री विजयवल्लभसूरि के समुदाय में बडोदा के निकट छाणी ग्राम में कुल १३ वर्षकी अल्प वय में वि. सं. १९६५ में जैन दीक्षा अंगीकार की। दीक्षा के बाद इस छोटी उम्र में ही व्याकरण, साहित्य, संस्कृत, प्राकृत आदि का गहन अध्ययन प्रारम्भ किया। प्रवर्तक मुनि कांतिविजयजी के शिष्य मुनि श्री चतुरविजयजी से आप दीक्षित हुए थे, जहाँ प्राचीन ग्रन्थो के संपादन एवं संशोधन की परम्परा चली आ रही थी।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अध्ययन के बाद आपका लक्ष्य ज्ञान और उसमें भी विशेषकर प्राचीन हस्तलिखित ग्रंथो के उद्धार का बना। अध्ययन के क्रम में ही उन्होंने "वसुदेवहिन्डी" जैसे महत्वपूर्ण ग्रन्थ का संपादन किया। प्राचीन ग्रन्थों और आगमों का संशोधन एवं सम्पादन वे अपनी ७६ वर्ष की आयु में भी उसी उत्साह और लगन के साथ करते रहे। स्वयं अनेक ग्रन्थों का सम्पादन और संयोजन किया, और अपने निर्देशन में अन्य विद्वानों द्वारा भी करवाया। उनकी सबसे बडी देन जैन आगमों के लिए विद्वानों को तैयार करने की है। अनेक विदेशी विद्वानों को भी इस दिशा में मार्गदर्शन किया। कलास ब्रुन जैसे जर्मन के प्रसिद्ध विद्वानों को उनका मार्गदर्शन और सहयोग प्राप्त था।

गुजरात में पाटण का ज्ञान-भण्डार, खंभात और लिम्बडी के ज्ञान-भण्डार और अन्य अनेक छोटे छोटे ज्ञानभण्डारों का व्यवस्थित आकलन और संकलन आपश्री ने किया। जैसलमेर जैसे प्रदेश में डेढ वर्ष तक रहकर, निरन्तर १६-१७ घण्टों का परिश्रम करते हुए, आपने वहाँ के उद्धार का कार्य किया।

विदेशों में प्राच्य विद्या के संशोधनकार्य में आपका महान योगदान है और उसीकी कृतज्ञता स्वरूप हाल ही में अमेरिकन ओरेयण्टल सोसायटी के मानद मंत्रीने मुनिश्री को अभिनन्दन भेजा।

प्राचीन भारतीय साहित्य के संशोधन, संपादन और रक्षण के लिए मुनिश्री ने ही प्रेरणा देकर सेठ श्री कस्तूरभाई लालभाई द्वारा "लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर" की स्थापना करवाई। प्राकृत टेक्स्ट सोसायटी और श्री महावीर जैन विद्यालय की आगम-प्रकाशन योजना के तो वे प्राण ही थे। गुजराती साहित्य परिषद, अहमदाबाद अधिवेशन के इतिहास विभाग और सन १९६१ की आल इंडिया ओरियण्टल कान्फरन्स के प्राकृत विभाग के वे अध्यक्ष रह चुके थे।

सतत साधना में संलग्न रहकर ज्ञान की अखंड आराधना करनेवाले ऐसे महान सन्त का अचानक दिनांक १४-६-७१ को बंबई में दिवंगत हो जाना एक ऐसी क्षति है जो न केवल जैन समाज की ही अपितु साहित्य और संस्कृतिक्षेत्र की क्षति है। उन्होंने ज्ञान की जो ज्योति जगाई है उसे निरन्तर जलते रखना और उनके कार्य को आगे बढाना हम सबका कर्तव्य है।

हम भारत जैन महामण्डल और "जैन जगत" परिवार की ओर से मुनिश्री को भावभीनी श्रद्धांजलि अर्पित करते हैं।

"जैन जगत" मासिक (भारत जैन महामण्डल का मुखपत्र), बम्बई; जुलाई, ११७१

## આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી

**શ્રી રવીન્દ્ર ભટ્ટ,** "જન્મભૂમિ" પત્રોના મુખ્ય પ્રતિનિધિ, **અમદાવાદ.**

*

પૌરસ્ત્ય જ્ઞાનના પંડિત, પ્રાચીન જ્ઞાનભંડારો અને જ્ઞાનગ્રંથોના ઉદ્ધારક તથા ભારતીય પ્રાચીન ભાષાઓના એક પ્રખર વિદ્વાન, અદ્વિતીય સંશોધક, પ્રજ્ઞા, શ્રદ્ધા, કર્મનિષ્ઠા તથા ધર્મનિષ્ઠાના પ્રતીક, આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજના ગયે મહિને થયેલા દેહાવસાન સાથે હેમચંદ્રસૂરિની કક્ષાનો એક મહાન આત્મા આપણી વચ્ચેથી ચાલ્યો ગયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અઢારસો પંચાણુના ઓકટોબરની સત્તાવીસમી તારીખે ખેડા જિલ્લાના કપડવંજ ગામે એક મધ્યમ વર્ગના જૈન કુટુંબમાં જન્મેલા અને બાળવયે જ, એટલે કે બે-ચાર મહિનાની ઉંમરે જ, આગની લપટમાંથી એક વહોરા સજ્જનને હાથે જીવતદાન પામેલ મણિલાલ ડાહ્યાભાઈએ ચૌદ વર્ષની બાળવયે મુનિ શ્રી ચતુરવિજયજી પાસે વડોદરા નજીક છાણી ખાતે દીક્ષા ગ્રહણ કરી, પુણ્યવિજયજી બની આરંભેલ જ્ઞાનયજ્ઞની કદાચ દુનિયાના ઇતિહાસમાં જોડ મળવી મુશ્કેલ છે.

જ્ઞાનોદ્ધાર જેનું જીવનકાર્ય બની ગયું હતું, તેવા મુનિ શ્રી પુણ્યવિજયજી, તેમના દાદાગુરુ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ અને ગુરુ શ્રી ચતુરવિજયજી મહારાજની ત્રિપુટીએ છેલ્લાં સાઠ-સિત્તેર વર્ષ દરમિયાન જ્ઞાનોદ્ધારની જે એક એકથી ચડિયાતી પ્રવૃત્તિ કરી છે તે બદલ કેવળ જૈન સંઘ જ નહિ પણ જૈન વિદ્યા અને ભારતીય વિદ્યાના દેશ-પરદેશના વિદ્વાનો અને અભ્યાસીઓ તેમના સદાય ઋણી રહેશે.

મુનિશ્રીએ સૌરાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનનાં જુદાં જુદાં ચાલીસ ગામોના જૈન ભંડારોને વ્યવસ્થિત કરવાનું તથા પચાસ જેટલા ભંડારોમાં બેસી સંશોધન કરવાનું કામ કર્યું હતું. તેમણે લગભગ ત્રણ હજાર તાડપત્રીય જ્ઞાનગ્રંથો તથા બે લાખથી વધુ કાગળ પર લખેલા જ્ઞાનગ્રંથોનો અભ્યાસ કર્યો હતો.

## સુખલાલજી શું કહે છે?

મહારાજશ્રીએ જેમને પોતાના વિદ્યાગુરુ તરીકે ઘટાવ્યા છે તે પંડિત સુખલાલજી મુનિશ્રીને શાસ્ત્રોદ્ધાર તથા ભંડારોદ્ધારના કર્મયોગી તરીકે ઓળખાવતાં કહે છે કે, "તેમણે શાસ્ત્રો અને ભંડારોના મુખ્ય કેન્દ્ર ગણાતા ગુજરાત અને રાજસ્થાનનાં કેવળ પ્રસિદ્ધ શહેરોમાં જ જઈ તેમ જ રહી તે અંગે વ્યવસ્થિત કામ નથી કર્યું, પણ નજીક કે દૂર, નાનાં ગામડાંમાં કે ઉપેક્ષિત એવાં સ્થળોમાં નાનાં-મોટાં શાસ્ત્રસંગ્રહની વાત સાંભળી ત્યાં પણ જાતે પહોંચીને તે શાસ્ત્રસંગ્રહ અંગે બધું જ ઘટતું કર્યું છે. આ બધું કામ અંગત શાસ્ત્રસંગ્રહ વધારવા માટે નહિ પણ તે તે ભંડારો અને શાસ્ત્રો વધારે સુરક્ષિત કેમ રહે અને વધારે સુલભ કેમ બને અને છતાંય તેમાંથી કશું ગૂમ ન થાય તે દૃષ્ટિએ તેઓએ કર્યું છે. આ કામ એટલું બધું વિશાળ, શ્રમસાધ્ય અને કંટાળો ઉપજાવનારું છે, છતાં તેમણે એ પ્રસન્ન ચિત્તે કર્યું છે. સ્થાનકવાસી, મૂર્તિપૂજક કે ઈતર પરંપરાગત અનેક સાધુઓ કે વિદ્વાનોએ મળીને પણ જે, જેવું અને જેટલું કામ નથી કર્યું તે, તેવું અને તેટલું કામ એકલે હાથે મુનિ શ્રી પુણ્યવિજયજીએ કર્યું છે."

મુનિશ્રીએ જ્ઞાનભંડારો તથા ગ્રંથોને વ્યવસ્થિત, સુરક્ષિત અને અદ્યતન બનાવવાનું જ માત્ર કામ કર્યું હોત તોપણ તેમનો ફાળો અદ્વિતીય ગણાત; પરંતુ મુનિશ્રીએ તો, તેથી આગળ વધી, અગાઉ માત્ર ઉધાઈ કે જીવાત જેવાં વિનાશક તત્ત્વો જ પહોંચી શકે તેવા એ જ્ઞાનગ્રંથો જ્ઞાનોપાસકો માટે ઉપલબ્ધ કરવાનુંય કામ કર્યું છે.

મુનિ શ્રી આગમપ્રભાકરજીએ પોતાની ત્રણ પેઢીનો હસ્તપ્રત-સંગ્રહ અમદાવાદના 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ને સોંપી દીધો છે. માત્ર હસ્તપ્રતો જ નહિ પણ પોતે જિંદગીભર ચૂંટી ચૂંટીને સંઘરેલાં સાત-આઠ હજાર મુદ્રિત પુસ્તકો પણ તેમણે આ સંસ્થાને સોંપી દીધાં છે. મુનિશ્રીએ સંસ્થાને સોંપેલી દસ હજારથી વધુ હસ્તપ્રતોના સંગ્રહમાં બીજી પચીસેક હજારથી વધુ પ્રતો તેમની જ ભલામણથી સંસ્થાને મળી છે.

વિદ્યામંદિરના નિયામક શ્રી દલસુખભાઈ માલવણિયા મુનિશ્રીની આ ઉદારતા યાદ કરતાં જણાવે છે કે, "મેં અનુભવ્યું છે કે, ક્યારેય પણ 'એ પ્રતો મારી છે' એ પ્રકારનો અહમ્ મેં તેમનામાં જોયો નથી. તેમ જ તે સોંપી દઈને પોતે મોટો ઉપકાર કર્યો છે એવી ભાવના પણ મેં તેમનામાં જોઈ નથી."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિ શ્રી પુણ્યવિજયજી તેમના જીવનનાં છેલ્લાં ચાલીસ-બેંતાળીસ વર્ષ દરમિયાન જૈન આગમોના સંશોધન-સંપાદનના કામમાં રત હતા. મહારાજશ્રીનો એ મનોરથ હતો કે જૈનધર્મના આ પ્રમાણભૂત ગ્રંથોની સુસંપાદિત આવૃત્તિઓ તૈયાર થાય તથા તેના આધારે અમદાવાદમાં એક "આગમમંદિર"ની રચના કરવામાં આવે.

## ગ્રંથોનું સંપાદનકાર્ય

પરંતુ ગ્રંથો અને ગ્રંથભંડારોને સુરક્ષિત તથા વ્યવસ્થિત કરવા, જ્ઞાનપિપાસુઓને સહાય અને માર્ગ-દર્શન આપવું, આગમોનું સંશોધન તથા સંપાદન કરવું, એટલું જ કરીને પુણ્યવિજયજી બેસી નથી રહ્યા. તેઓએ અનેક ગ્રંથોનું સંપાદન પણ કર્યું છે. અને તેમના દ્વારા સંપાદિત ગ્રંથો વિદ્વદ્જગતમાં વિશ્વસનીય આવૃત્તિ ગણાય છે.

વળી, તેમની તીક્ષ્ણ દૃષ્ટિ પુસ્તકનું મહત્ત્વ પારખી શકતી હોવાને કારણે તેમણે જે કાંઈ સંપાદિત કર્યું છે તે મહત્ત્વનું હોય છે. "બૃહત્કલ્પ" જેવો મહાગ્રંથ, જૈન આચાર્યો અને આગમધરોના વિરોધ છતાં, તેઓએ સંપાદિત કર્યો અને એ ગ્રંથનું મહત્ત્વ વિદ્વદ્જગતમાં અંકાયું. તેવો જ બીજો ગ્રંથ "વસુદેવ-હિણ્ડી"; તે જ્યારથી પ્રકાશિત થયો છે ત્યારથી આજ સુધી સતત વિદ્વાનો તે વિશે કાંઈ ને કાંઈ લખતા રહ્યા છે. ભાષાની દૃષ્ટિએ અને કથાવસ્તુની દૃષ્ટિએ તથા ગુણાઢ્યની "બૃહત્કથા" જે અત્યારે અનુપલબ્ધ છે, તેની સામગ્રીનો ઉપયોગ "વસુદેવહિણ્ડી"માં થયો હોઈ તેની વિશેષતા વિદ્વાનોને મન ઘણી છે. "અંગવિજ્જા" નામનો ગ્રંથ આમ તો નિમિત્તશાસ્ત્રનો ગ્રંથ છે, પણ તેમાં જે ભારતીય સંસ્કૃતિ વિશેની સામગ્રી ભરી પડી છે તે ધ્યાન ખેંચે તેવી છે. "અંગવિજ્જા" ભારતીય સાહિત્યમાં એના પ્રકારનો એક અપૂર્વ મહાકાય ગ્રંથ છે. સાઠ અધ્યાય અને નવ હજાર શ્લોકોમાં પથરાયેલા આ ગ્રંથમાં ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે તથા જન્મ-કુંડળીના બદલે માનવીની સહજ પ્રવૃત્તિ—હલન-ચલન, રહન સહન—ના આધારે ફલાદેશનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

શ્રી પુણ્યવિજયજીએ પોતે આ ગ્રંથની સંપાદકીય નોંધમાં લખ્યું છે કે, "કોઈ વૈજ્ઞાનિક દૃષ્ટિવાળી વ્યક્તિ, ફલાદેશની અપેક્ષા સાથે, આ શાસ્ત્રનું અધ્યયન કરે તો આ ગ્રંથ બહુ જ કીમતી છે." આ ગ્રંથનો આ ઉપરાંત આયુર્વેદ, વનસ્પતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, તેમ જ ઇતિહાસની દૃષ્ટિએ અભ્યાસ કરાય તોપણ તેમાંથી ઘણું નવું જ્ઞાન લાધી શકે તેમ છે,

## વ્યક્તિત્વની ઝાંખી

અંતમાં મુનિ શ્રી યશોવિજયજી મહારાજના શબ્દોમાં પુણ્યવિજયજીનું ચારિત્ર્યચિત્રણ કરી આ ભાવાંજલિ પૂરી કરીશ. તેમણે જણાવ્યું છે કે "ચંદ્ર જેવું શીતળ અને સમુદ્ર જેવું ગંભીર જીવન જોવું હોય, નમ્રતા, સરળતા અને પુરુષાર્થની મૂર્તિ જોવી હોય, જીવનના મુખ્ય પાયા જેવા "વવ્વા" એટલે કે વિનય અને વિવેકના આદર્શો જોવા હોય, 'જ્ઞાને મૌન"ની ઉક્તિનાં યથાર્થ દર્શન કરવાં હોય, કાર્યના અનેક બોજ વચ્ચે પણ સદાય પ્રસન્ન રહેતી મુખમુદ્રાનું દર્શન કરવું હોય, તો મુનિશ્રીને જુઓ અને તમને ઉપરોક્ત તેમ જ બીજા અનેક ગુણોનું દર્શન લાધશે."

આવો આ પવિત્ર, કર્મનિષ્ઠ, ધર્મનિષ્ઠ, વિદ્વાન, સરલ અને ઉદાર આત્મા આપણી વચ્ચેથી ચાલ્યો ગયો છે, ત્યારે અમદાવાદમાં તેમના માનમાં યોજાયેલી સભામાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ઉમાશંકર જોષીએ કહ્યું હતું તેમ, આવી વિભૂતિને ફરી જન્મ આપવાની આપણા સમાજને શક્તિ આપે એવી જગન્નિયંતા પાસે પ્રાર્થના કરવાથી વધુ શું થઈ શકે તેમ છે?

"જન્મભૂમિ" દૈનિક, મુંબઈ; તા. ૪–૭–૭૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખંભાતના શ્રી તાડપત્રીય ભંડારનો

# પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજે કરેલ ઉદ્ધાર

### શ્રી નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટ

*

પ્રાચીન ગ્રંથોના ઉદ્ધારક, આર્ય સંસ્કૃતિના પ્રેમી, પાટણ, જેસલમીર, લીંમડી, અમદાવાદ, કચ્છ વગેરે અનેક સ્થળોના જૈન જ્ઞાનભંડારોના ઉદ્ધારક આગમપ્રભાકર પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજ સને ૧૯૫૩માં ખંભાત પધાર્યા. તેમનું ચોમાસું અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં થયું. તેમણે શ્રી શાંતિનાથ તાડપત્રીય જ્ઞાનભંડારનાં એક એક પુસ્તકો હાથ પર લીધાં. અસ્તવ્યસ્ત દશામાં, વેરવિખેર હાલતમાં પડેલા ગ્રંથોનાં પાનેપાનું મેળવ્યાં. દરેક ગ્રંથ કેટલાં પાનાંનો છે, દરેકમાં કેટલી લીટી છે, કઈ ભાષાનો છે, કયા વિષયનો છે, તે ગ્રંથનું માપ કેટલું છે, તેમાં ચિત્રો છે કે કેમ, તેનો લેખક કોણ છે, કોણે લખાવ્યો છે, લખ્યા મિતિઓ કઈ છે, તે વખતે રાજા કોણ હતો, તેની નકલ કોણે કરી છે વગેરે અનેક વિષયોનું સૂક્ષ્મ અવલોકન કરી તેમણે એક ગ્રંથસૂચી તૈયારી કરી. પુસ્તકોનું રક્ષણ થાય તે માટે નવાં કપડાંથી તેને બાંધવામાં આવ્યાં. તેમાં જંતુ પ્રવેશ ન કરે તેની સંપૂર્ણ કાળજી રાખવામાં આવી. એલ્યુમિનિયમની પેટીઓ–પુસ્તકના આકારની લાંબી–તથા લાકડાની કરાવીને તેમાં તેને મૂકવામાં આવ્યાં. પેટીમાં કયાં કયાં પુસ્તકો મૂકયાં છે, તેનાં નામ પેટી ઉપર લખાવ્યાં; તેમ પોથી ઉપર પણ પોથીનું નામ અને નંબર લખાવ્યાં, કે જેથી સરળતાથી પુસ્તક મળી શકે.

**ગ્રંથસૂચિની પ્રસિદ્ધિ :** અથાગ પરિશ્રમ વેઠી તૈયાર કરેલી જ્ઞાનસામગ્રીને પ્રસિદ્ધિમાં મૂકવાનો મહાવિકટ પ્રશ્ન હતો. પરંતુ પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજનું આ મહાન કાર્ય વિદ્વાનો, યુનિવર્સિટીઓ તથા પ્રકાશક સંસ્થાઓથી અજાણ્યું ન હતું. વડોદરાની ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ–મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બરોડાએ કામ ઉપાડી લીધું અને તેનો પહેલો ભાગ સને ૧૯૬૧માં સીરીઝમાં નં. ૧૩૫માં છપાવ્યો, અને બીજો ભાગ સને ૧૯૬૬માં સીરીઝ નં. ૧૪૯માં છપાવ્યો. દરેકની કિંમત અનુક્રમે રૂ. ૨૫ અને રૂ. ૨૪ રાખવામાં આવી.

આ ભગીરથ કાર્ય મહાન સમર્થ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, માગધી વગેરે અનેક ભાષાઓ જાણનાર પંડિત વગર થઈ શકે જ નહિ; અનેક ગ્રંથોનું અવલોકન કરનાર, લિપિના મરોડ જાણનાર, વિવિધ પ્રકારનું જ્ઞાન હોય તે જ સુંદર રીતે કરી શકે. આ સઘળું કાર્ય કરનાર તપસ્વી અને ત્યાગી, સતત કાર્યશીલ, પૂ. શ્રી પુણ્યવિજયજી હતા. તેમના હાથે ખંભાતના તાડપત્રીય જ્ઞાનભંડારનો ઉદ્ધાર થયો, તે ખંભાતનું મહત્ સદ્ભાગ્ય છે.

તેઓશ્રી છેલ્લા વિ. સં. ૨૦૨૫ (ઈ. સ. ૧૯૬૯)ના પ્રારંભમાં ખંભાત પધારેલા. જ્ઞાનભંડારના મકાનનું નિરીક્ષણ કરેલું; શાળાના વિદ્યાર્થીઓને તા. ૭–૧–૬૯ના રોજ ઉદ્બોધન કરેલું; તેમ જ અન્ય સ્થળોના વિદ્યાવ્યાસંગીઓને લાભ આપેલો; દેરાસરના શિલાલેખોનું અવલોકન કરેલું; જ્ઞાનભંડારોની મુલાકાત લીધેલી; જિજ્ઞાસુ અને જ્ઞાનપિપાસુઓને તૃપ્તિ અને શાંતિ આપેલી. તેઓની સમદષ્ટિ હોવાથી જૈન અને જૈનેતર તેમના સમાગમમાં નિરંતર આવતા. આ તેજસ્વી તારલાની જ્યોત તો સદા જ્વલંત જ રહેશે.

"નવસંસ્કાર" સાપ્તાહિક, ખંભાત; ૨૪–૬–૭૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## प्राच्य भाषाओं के प्रसिद्ध न जैविद्वान मुनि का निधन

आप जैन दर्शन तथा प्राच्य भाषाओं के ख्यातिप्राप्त विद्वान गिने जाते थे। ताडपत्रों में लिखे साहित्य पर आपने बडी शोध की। कई अलभ्य ग्रंथ आपके ही प्रयास से प्रकाश में आए। कई प्राचीन हस्तलिखित ग्रन्थों का अनुवाद एवं सम्पादन किया। आपकी ही प्रेरणा से अहमदाबाद के प्रसिद्ध उद्योगपति सेठ कस्तूरभाई लालभाई ने भारतीय विद्यामन्दिर की स्थापना की, जिसमें हजारो प्राचीन ग्रंथोंका संग्रह है। आपने वर्षों तक परिश्रम कर जैसल्मेर ज्ञानभंडार को सुव्यवस्थित करने में योगदान दिया व सूची तैयार की।

आपके निधन से देशका एक प्रसिद्ध प्राच्यभाषाशास्त्री खो गया। जैन समाज को आपके निधन से गहरा आघात हुआ है, जिसकी पूर्ति भविष्य में होना कठिन है।

हम स्वर्गस्थ आत्मा के प्रति श्रद्धांजलि अर्पित करते हुए प्रभु से प्रार्थना करते हैं कि दिवंगत आत्मा को शांति हो।

"श्वेताम्बर जैन" साप्ताहिक, आगरा; ता. २४-७-७१

## પ્રાચ્યભાષાવિશારદ મુનિશ્રી

સદ્‌ગત મુનિશ્રીનો જન્મ ઈ. સ. ૧૮૯૩માં કપડવંજમાં થયો હતો. તેઓએ માત્ર ૧૪ વર્ષની વયે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી. ગુરુવર્યની છાયામાં રહીને જૈન આગમો તથા અનેક જૈન-જૈનેતર ગ્રન્થોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. જૈન સમાજમાં પ્રાચ્યભાષાવિશારદ તરીકે ખ્યાતિ પામ્યા હતા. અનેક અલભ્ય ગ્રન્થો અને અનેક હસ્તલિખિત પ્રતો તેઓશ્રીના પરિશ્રમે સંશોધિત-અનુવાદિત થઈ પ્રકાશિત થવા પામેલ છે. તેઓએ ખંભાત ઉપરાંત જેસલમીરમાં રહી ત્યાંના ભંડારોમાં સંગ્રહાયેલું અને તાડપત્રો પર લખાયેલું સાહિત્ય વ્યવસ્થિત કર્યું હતું. અમદાવાદમાં શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ દ્વારા સ્થાપિત થયેલ "ભારતીય વિદ્યા-મંદિર", જેમાં હજારો પ્રાચીન ગ્રન્થોનો સંગ્રહ છે તે, પૂ. મ. શ્રીની પ્રેરણાને આભારી છે. જૈન સમાજે એક પ્રખર વિદ્વાન અને પ્રાચીન ભાષાવિશારદ જૈન મુનિ ગુમાવેલ છે, તેની ખોટ પુરાવી અતિ મુશ્કેલ છે. સદ્‌ગતના આત્માને શાસનદેવ ચિર શાંતિ અર્પે એ પ્રાર્થના.

"સ્થાનકવાસી જૈન" પાક્ષિક, અમદાવાદ; તા. ૫-૭-૭૧

## આગમનો આત્મા

તેઓએ નાની ઉંમરમાં ધર્મના રંગે રંગાઈ ૧૯૬૫માં ભાગવતી દીક્ષા લીધી હતી. તેઓ જૈન શાસ્ત્રોના અધિકૃત જ્ઞાતા હતા અને જૈન આગમોના બહુશ્રુત વિદ્વાન હતા. તેઓ છેલ્લાં કેટલાંયે વર્ષોથી આગમ-સંશોધનના કાર્યમાં ઓતપ્રોત રહેતા હતા. પોતાની માંદગીના કારણે આગમ-સંશોધનનું કાર્ય પોતાનાથી બરાબર થઈ શકતું ન હોવાથી તેમના હૃદયમાં ઘણું દુઃખ થયા કરતું હતું. તેઓ આચાર્યપદને યોગ્ય હોવા છતાં અને અનેક ગામોના સંઘોએ અનેક વાર આગ્રહભરી વિનંતિઓ કરતાં તેમજ પૂ. આ. **શ્રી સમુદ્રસૂરીશ્વરજી** મહારાજ આદિ અનેક મહારાજ સાહેબોએ વારંવાર સમજાવવા છતાં તેમણે કોઈ પણ પદનો સ્વીકાર કરવાનું બિલકુલ પસંદ ન કર્યું અને તેઓ જીવનના અંત સુધી **'આગમપ્રભાકર મુનિશ્રી'**ના નામે જ ઓળખાતા રહ્યા.

સ્વ. આચાર્ય **શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજ પછી આગમ-સંશોધનનું કાર્ય કરનાર ચતુર્વિધ સંઘમાં એકમાત્ર તેઓ જ હતા. તેમના અવસાનથી ચતુર્વિધ સંઘને કદી પણ ન પુરાય એવી બહુ ભારે ખોટ પડી છે. ખરેખર, એક આગમનો આત્મા ગયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વર્ગસ્થના આત્માને આપણી અંતરની ભાવભરી વંદના હો અને તેમના આત્માને પરમ શાંતિ અર્પો એવી શાસનદેવ પ્રત્યેની પ્રાર્થના સાથે તેમનાં અધૂરાં રહેલાં કાર્યો ચતુર્વિધ સંઘ પૂરાં કરવા સદાય પ્રયત્નશીલ રહે એવી ભાવનાપૂર્વક અમો અમારી શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, મુંબઈ; "જૈન શિક્ષણ-સાહિત્ય પત્રિકા" માસિક, મુંબઈ; જૂન, ૧૯૭૧

## આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી

મુનિ શ્રી પુણ્યવિજયજીની બહુશ્રુતતા, અવિરત સંશોધનવૃત્તિ અને સ્વભાવભૂત વિદ્યાપ્રીતિ સર્વ-વિદિત છે...... દીક્ષા બાદ નાની ઉંમરમાં જ પંડિતો પાસે વ્યાકરણ, સાહિત્ય વગેરે જુદાં જુદાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ત્યારબાદ યુવાન વયથી જ એમનો રસ વિદ્યામાં, એમાં પણ વિશેષ સંશોધનમાં સારો હોઈ એમના પ્રગુરુ પ્રવર્તક મુનિ શ્રી કાન્તિવિજયજી તથા ગુરુવર્યશ્રી મુનિ શ્રી ચતુરવિજયજીની પ્રેરણાથી હસ્ત-પ્રતોના ઉદ્ધારના કાર્યમાં ઝંપલાવ્યું અને અનુભવ તથા એકધારી સાધના દ્વારા સારું એવું નૈપુણ્ય પ્રાપ્ત કર્યું હતું.

મુનિશ્રીએ ૭૫ વર્ષની વયે પણ એક યુવાનને પ્રેરણા આપે એ ગતિથી સંશોધન તથા સંપાદનનું કામ ચાલું રાખ્યું હતું. આ કામના પરિપાકરૂપે જૈન આગમોના અનેક ગ્રંથોનું શાસ્ત્રીય સંપાદન એમના પ્રત્યક્ષ માર્ગદર્શન નીચે થવા ઉપરાંત બીજા પણ અનેક ગ્રંથોનું શાસ્ત્રીય સંપાદન એમના કુશળ હાથે થયું છે. ભારતીય તેમ જ વિદેશના વિદ્વાનો હસ્તપ્રતોનો ઉપયોગ કરી શકે એવી વ્યવસ્થા તેઓશ્રીએ કરી છે.

ગુજરાતમાં પાટણનો જ્ઞાનભંડાર, ખંભાત અને લીંબડીનો જ્ઞાનભંડાર તથા બીજા નાના-મોટા ભંડારોનું વ્યવસ્થિત આકલન તેમ જ સંકલન કરેલ છે. આ ક્ષેત્રમાં કોઈ પણ સંશોધક વિદ્વાનને આશ્ચર્યમુગ્ધ કરી નાખે એવું કામ તે જેસલમેર જેવા પ્રદેશમાં દોઢ વર્ષ રહી ત્યાંની અનેક મુશ્કેલીઓ વચ્ચે દરરોજ ૧૬થી ૧૭ કલાક સુધી ત્યાંના જ્ઞાનભંડારના ઉદ્ધારનું કામ કર્યું હતું.

ભારતના તેમ જ પરદેશના શિખાઉથી માંડીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા અનેક વિદ્વાનો અને સંશોધકો અત્યંત ઉદારતાથી વિવિધ પ્રકારની સહાય મુનિશ્રી પાસેથી મેળવતા હતા. અત્યંત નોંધપાત્ર મહત્ત્વની વાત તો એ છે કે એમણે અનેક વિદ્વાનોને તૈયાર કરી આ ક્ષેત્રમાં જીવનભર રહે એ રીતે તેઓની મમતાભરી માવજત કરી છે. વિદેશમાં થઈ રહેલા પ્રાચ્ય વિદ્યાના સંશોધનકાર્યમાં એમનો હિસ્સો ઘણો મોટો છે અને તેથી જ તાજેતરમાં અમેરિકન ઓરિયન્ટલ સોસાયટીના માનદ સભ્યપદનું માનભર્યું બિરુદ મુનિશ્રીને આપવામાં આવ્યું હતું.

પ્રાચીન ભારતીય સાહિત્યના સંશોધન-સંપાદનને વેગ મળે, અપ્રગટ કૃતિઓ પ્રગટ થાય, જ્યાં વિદ્વાન સંશોધકોને એક જ સ્થળે સંશોધન-સામગ્રી સુલભ થાય એ માટે મુનિશ્રીની પ્રેરણાથી શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રયાસથી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની સ્થાપના કરેલ છે. પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીના તેઓ પ્રણેતા હતા અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયની આગમ પ્રકાશન યોજનાના તેઓ પ્રાણ હતા. ગુજરાતી સાહિત્ય પરિષદ ( અમદાવાદ અધિવેશન )ના ઇતિહાસ વિભાગના તેમ જ ઓલ-ઈન્ડીયા ઓરિએન્ટલ કોન્ફરન્સ (૧૯૬૧)ના પ્રાકૃત વિભાગના અધ્યક્ષપદે વિરાજી ચૂકેલા મુનિશ્રી ઈતિહાસ, લિપિશાસ્ત્ર, પ્રાકૃત, સંસ્કૃત, જૂની ગુજરાતી, રાજસ્થાની વગેરેના અઠંગ અભ્યાસી વિદ્વાન હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિશ્રી એક ઊંચી કોટિના વકતા, પ્રભાવક વ્યાખ્યાતા હતા, તેમ જ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિષયોનાં પાસાંઓને દીપ્ત કરનાર હતા. એમની વાણી ઋતંભરા, અર્થપ્રબોધી અને અહંભાવ વગરની હતી. આવા નિઃસ્પૃહી જ્ઞાનીને આચાર્ય પદવી આપવાની વારંવાર વિનંતિ થવા છતાં, તેમણે વિનય અને નમ્રતાથી તેના અસ્વીકાર કરી ત્યાગની ભાવના મૂર્તિમંત કરી હતી. એમના મુનિજીવનના યમ-નિયમ-સંયમથી વીર્યવાન બનેલી બુદ્ધિશક્તિ અને ધનના અપરિગ્રહને લઈને મળેલી ઉદારતાનો લાભ વિદ્યાક્ષેત્રને જે મળ્યો છે, તે અનોખો છે.

"જનશક્તિ" દૈનિક, મુંબઈ; ૧૯–૬-૭૧

# મુનિ શ્રી પુણ્યવિજયજીનો સ્વર્ગવાસ

આજીવન જ્ઞાનતપસ્વી, આગમપ્રભાકર, મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ મુંબઈમાં, સોમવારે, તા. ૧૪–૬–૭૧ની રાત્રે ૮–૫૦ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. પૂ. મુનિશ્રી યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના સમુદાયના આજીવન જ્ઞાનતપસ્વી હતા. તેમનું જીવન નિર્ભેળ જ્ઞાનસાધના અને નિર્મળ જીવનસાધનાને સમર્પિત થયેલું હતું. તેઓ જૈન શાસ્ત્રોના અધિકૃત જ્ઞાતા અને જૈન આગમોના તો પારગામી વિદ્વાન હતા. તેઓશ્રીએ ખંભાત, પાટણ, જેસલમેરના ગ્રંથભંડારોનું સર્વાંગીણ સંશોધનનું કામ કર્યું હતું. પ્રાચીન ચિત્રકળા, લિપિશાસ્ત્ર, સિક્કા, મૂર્તિઓ વગેરે પુરાતત્ત્વના વિષયોના તેઓ નિષ્ણાત અને જાણકાર હતા. તેઓની ઉત્કટ જ્ઞાનભક્તિની અમરકથા ઉપરથી એમ કહેવું જોઈએ કે પ્રાચીન શાસ્ત્રીય ગ્રંથોના સંશોધન અને જ્ઞાનભંડારોના ઉદ્ધાર માટે જ તેઓ જન્મ્યા અને અમર બની ગયા.

તેઓશ્રીની પ્રેરણાથી પાટણમાં હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરની, અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની સ્થાપના થઈ હતી. શ્રી મહાવીર જૈન વિદ્યાલય મારફત ચાલતી આગમ પ્રકાશન યોજનાના મુખ્ય સંપાદક હતા. આવા પારગામી વિદ્વાન મુનિશ્રીને તાજેતરમાં અમેરિકન ઓરીએન્ટલ સોસાયટીના માનદ સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

"સંદેશ" દૈનિક, અમદાવાદ; તા. ૧૬–૬–૭૧

# An Inestimable Loss

**Ernest Bender**

Professor, Indo-Aryan Languages and Literatures,
University of Pennsylvania;
Editor, Journal of the American Oriental Society.

On June 14, 1971, Jain studies, in particular, and Indological studies, in general, suffered an inestimable loss at the death of Agama Prabhakar Muni Shri Punyavijayaji. The legacy he has left testifies to this, as would also everyone who had enjoyed the privilege of meeting and working with the Muniji. ( I employ the seemingly familiar appellation with no intent of disrespect, for he, himself, preferred the simpler term to the formal title bestowed on him by the Community in reverend appreciation of his works.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



His researches in Jain canonical texts and the ancillary literature composed in Apabhramsa and Old Gujarati, as well as in the classical languages, Prakrit and Sanskrit, demonstrated their value, attracting and encouraging interest in them as works hitherto unexplored. Moreover, the critical editions of texts prepared by him set models for those subsequently undertaking editorial projeets.

Too much cannot be said of his scholarly activities. He organized and reorganized the contents of Jain Bhandars in Gujarat and Rajasthan. In the process of cataloguing their collections, he rescued a number of rare texts, many of them of inestimable value to students of Indian art for the quality of their illustrations. His appreciation of the merit of such illustrated manuscripts and recognition of the need for their preservation and exploration encouraged their study and made possible important contributions to the knowledge of Indian miniature painting. His own collection of thousands of manuscripts, for the maintenance and preservation of which he trained assistants and which he donated to the L.D. Institute of Indology of Ahmedabad, forms the foundation of its admirable collection.

As a scholar the Muniji, never confined by sectarian bias, was everready to share with scholar and layman, alike, the riches of his learning and experience. His influence on Indian literature and art will long be felt and his memory preserved with reverence and affection.

## मुनि श्री पुण्यविजयजी महाराजका देहावसान

प्रो. पृथ्वीराज जैन

*

भारतीय भाषाओं एवं जैन धर्मके प्रकाण्ड विद्वान् परमपूज्य आगमप्रभाकर मुनि श्री पुण्यविजयजी का ता. १४ जून ७१ को वालकेश्वर जैनमंदिर बम्बईमें देहावसानका समाचार प्राप्त होते ही सारे देशमें शोककी लहर दौड गई। आपश्री आचार्य विजयवल्लभ सूरीश्वरजी महाराजके आज्ञानुवर्तियोंमें से थे तथा जीवन पर्यन्त जैन आगम साहित्यके संशोधन एवं सम्पादनमें लगे रहे। आपने जो अपूर्व साहित्य-साधना की उसका उदाहरण पिछले तीन-चार सौ वर्षमें भी नहीं मिलेगा। काफी दिनों तक संगहणीसे पीडित भी रहे, फिर भी आगम-संशोधन-सम्पादनका कार्य आप अविराम करते रहे। आपकी साहित्यिक सेवाओंसे प्रभावित होकर १९५३ में जैनसंघ बडौदाने आपको 'आगम-प्रभाकर' की उपाधिसे विभूषित किया। आप स्वभावसे नम्र मृदुभाषी और मिलनसार थे। ऐसे उच्च कोटिके विद्वान् एवं जैनशासनकी प्रभावना करने वाले आपश्रीजी के निधनका समाचार पाते ही

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लाखों भक्त आपके अन्तिम दर्शन करनेके लिये वालकेश्वर मन्दिरजीमें उमड पडे, शौकविह्वल भक्तोंने आपके दर्शनके बाद विधिपूर्वक चंदनादिसे आपका संस्कार कर दिया। तत्पश्चात् देववन्दनादि कार्य हुये, मुनिश्रीजी की आत्माकी शान्तिके लिए हरजगह प्रार्थनाएं की गई।

"विजयानन्द" मासिक (श्री आत्मानन्द जैन महासभा, पंजाबका मुखपत्र)

अंबाला सिटी; अक्तूबर, १९७१

## થોડીક અંજલિઓ

**"जैन सन्देश" :** શ્રી ભારતવર્ષીય દિગંબર જૈનસંઘના મથુરાથી પ્રગટ થતા, સાપ્તાહિક હિન્દી મુખપત્ર "जैन सन्देश"ના તા. ૫–૮–'૭૧ના અંકમાં જાણીતા લેખક શ્રી અગરચન્દજી નાહટાનો "सौजन्यमूर्ति मुनि श्री पुण्यविजयजी" નામે લેખ છપાયો છે. આ લેખ વડોદરામાં ઊજવાયેલ મહારાજશ્રીના દીક્ષાપર્યાયષષ્ટિપૂર્તિ સમારોહ વખતે પ્રગટ કરવામાં આવેલ "જ્ઞાનાંજલિ" નામે અભિવાદન-ગ્રંથમાં છપાયેલ શ્રી નાહટાજીના લેખને મળતો હોવાથી આ વિશેષાંકમાં પ્રગટ કરવામાં આવ્યો નથી. "जैन सन्देश"ના તંત્રીશ્રીએ શ્રી નાહટાજીના આ લેખ દ્વારા મહારાજશ્રીને અંજલિ આપી એ વાતની અહીં નોંધ લેવી ઘટે છે.

ઉપરાંત, સ્થાનિકવાસી જૈન કોન્ફરન્સના દિલ્લીથી પ્રગટ થતા સાપ્તાહિક હિંદી મુખપત્ર "जैन प्रकाश"ના તા. ૧–૭–૭૧ના અંકમાં તેમ જ અંબાલાસિટીથી પ્રગટ થતા 'विजयानन्द' માસિકના ઑક્ટોબર, ૧૯૭૧ના અંકમાં પણ શ્રી નાહટાજીનો આ લેખ છપાયો છે.

**"જૈન" :** ભાવનગરથી પ્રગટ થતા "જૈન" સાપ્તાહિકના તા. ૧૯–૬–૭૧, ૨૬–૬–૭૧ અને ૩–૭–૭૧ના અંકોમાં "પૂજ્ય આગમપ્રભાકરશ્રીની જીવનરેખા" નામે રતિલાલ દીપચંદ દેસાઈએ લખેલ વિસ્તૃત પરિચય છપાયો છે.


**"ગુજરાત સમાચાર" :** અમદાવાદથી પ્રગટ થતા આ પ્રસિદ્ધ દૈનિકે તા. ૧૫–૬–૭૧ના રોજ મહારાજશ્રીના સ્વર્ગવાસના સમાચાર સાથે એમનો ટૂંક પરિચય આપ્યો હતો. આ ઉપરાંત આ પત્રના તા. ૧૭–૬–૭૧ તથા તા. ૨૪–૬–૭૧ના અંકોના "ઈંટ અને ઈમારત" નામે કોલમમાં, એ કોલમના સંપાદક શ્રી કુમારપાળ દેસાઈએ, મહારાજશ્રીના જીવન અને કાર્યનો ભાવવાહી પરિચય આપ્યો હતો.

**"જિનસંદેશ" :** મુંબઈથી પ્રગટ થતા આ પાક્ષિક પત્રે તો, એનો તા. ૧૬–૭-૭૧નો અંક, "મુનિશ્રી પુણ્યવિજયજી સંસ્મરણ અંક" નામે ખાસ અંક તરીકે પ્રગટ કર્યો હતો. એ અંકના સંપાદકીય નિવેદનમાં મહારાજશ્રીને અંજલિ આપતાં કહેવામાં આવ્યું છે કે—"પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે આગમ-સંશોધનનો જ્ઞાનયજ્ઞ પ્રારંભ્યો હોવા છતાંય તેઓશ્રી માત્ર આ જ પ્રવૃત્તિ પકડીને એકાંગી નહોતા રહ્યા. તેમની મહાનતા અને વિરલતા માત્ર આ જ પ્રવૃત્તિને લીધે ન હતી, પરંતુ પોતાના જીવનના રોજ-બ-રોજના વ્યવહારમાં અને સામાન્ય પ્રસંગોમાં તેમ જ સામાન્યમાં સામાન્ય વ્યક્તિઓના પરિચયમાં જે નાજુક સંવેદના અને સ્નેહથી વર્તતા તેને વધુ આભારી છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંઘો તથા સંસ્થાઓના ઠરાવો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતની વિદ્યાસંસ્થાઓ

ગુજરાતની જાણીતી વિદ્યાસંસ્થાઓ—ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત વિદ્યાસભા, ગુજરાતી સાહિત્ય પરિષદ, લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, ગુજરાત સાહિત્ય સભા અને ગુજરાત ઇતિહાસ પરિષદ—ના સંયુક્ત ઉપક્રમે, તા. ૨૭–૬–૭૧ના રોજ, મહારાજશ્રીને શોકાંજલિ અર્પણ કરવાની સભા, એચ. કે. કોલેજના સભાખંડમાં, જાણીતા વિદ્વાન શ્રી રસિકલાલ છોટાલાલ પરીખના પ્રમુખપદે મળી હતી. સભામાં જુદા જુદા વક્તાઓએ મહારાજશ્રીને અંજલિ અર્પણ કર્યા બાદ તેઓશ્રીના જીવ અને કાર્યને શ્રદ્ધાંજલિ અર્પણ કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવની નકલ મેળવવાનો પ્રયત્ન કરવા છતાં અમને એ નથી મળી શકી. આ સભાની કાર્યવાહીનો ટૂંકો અહેવાલ, વક્તાઓનાં વક્તવ્યના મુખ્ય મુદ્દા તથા શોક-ઠરાવના થોડાક લખાણ સાથે, ભાવનગરથી પ્રગટ થતા "જૈન" સાપ્તાહિકના તા. ૧૦–૭–૭૧ના અંકમાં છપાયો છે, તે સામાન્ય ફેરફાર સાથે અહીં સાભાર રજૂ કરવામાં આવે છે.

પંડિતવર્ય શ્રી બેચરદાસજી દોશીએ મુનિશ્રીની તેજસ્વિતા અને સતત જાગૃતિને બિરદાવતાં કહ્યું કે મેં એમના જેવા બીજા સાધુ જોયા નથી.

ગુજરાત વિદ્યાસભાના પ્રમુખ શ્રી ચીનુભાઈ ચીમનલાલે કહ્યું હતું કે, મુનિશ્રીએ જૈન જ્ઞાન-ભંડારમાં પડી રહેલા જ્ઞાનગ્રંથોને વ્યવસ્થિત કરવાનું અને અથાગ મહેનત, ઝીણવટથી તથા એકાગ્ર ચિત્તથી તેનું સંશોધન કરવાનું જે કામ કર્યું છે તે ચિરસ્થાયી છે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ઉમાશંકર જોષીએ જણાવ્યું હતું કે, મુનિશ્રી પુણ્યવિજયજી જતાં ગુજરાતના જ નહીં પરંતુ રાષ્ટ્રના સાંસ્કૃતિક જીવનને ખોટ પડી છે. તેમનું જીવન ચન્દ્રના પ્રકાશ જેવું દિલને ભરી દે તેવું આહ્‌લાદક હતું.

વડોદરાના પ્રાચ્ય વિદ્યા મંદિરના ડાયરેકટર ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કહ્યું કે, મુનિશ્રી જ્ઞાનભક્તિના મહાન પ્રવર્તક હતા. ભારતીય વિદ્યા અને સંસ્કૃતિ ઉપર તેમણે નવો પ્રકાશ ફેંક્યો છે.

શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ કહ્યું હતું કે, તેઓ એક જીવંત વિદ્યાપીઠમાં બેઠેલા જીવંત સાધકની કલ્પનાને પણ વટાવી જાય તેવું વ્યક્તિત્વ ધરાવતા હતા. જ્ઞાનોદ્ધારની સાથોસાથ તેમણે માનવરાહત અને માનવઉદ્ધારના ક્ષેત્રે પણ કામ કર્યું હતું.

શ્રી રસિકલાલ પરીખે આગમપ્રભાકરજીને એક સંત અને સુસ્કોલર તરીકે ઓળખાવીને કહ્યું હતું કે, તેમના જેવી વિભૂતિ આખા દેશમાં મળવી મુશ્કેલ છે.

સભાએ પસાર કરેલ ઠરાવવામાં કહેવામાં આવ્યું છે કે—

છેલ્લાં કેટલાંક વર્ષોથી આગમ-વાચનાનું ભગીરથ કાર્ય તેમણે હાથ ધર્યું હતું અને એ કાર્ય કરતાં કરતાં જ તેઓ કાળધર્મ પામ્યા. કાળધર્મ પ્રકૃતિનો સ્વભાવ છે, પરંતુ મહારાજશ્રીના જવાથી ભારતીય વિદ્યાના ક્ષેત્રમાં પડેલી ભારે ખોટ પૂરવી અત્યારે તો અશક્ય જણાય છે. તેઓશ્રીનું જીવનકાર્ય આ ક્ષેત્રના સર્વ ઉપાસકોને લાંબા સમય સુધી પ્રેરણા આપશે એ નિઃસંદેહ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૬મું અધિવેશન, મદ્રાસ

આરંભમાં હું આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજીના થયેલા દુઃખદ અવસાન પરત્વે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરું છું. તેમના જવાથી આપણું અલ્પધન સંશોધનક્ષેત્ર વધુ દરિદ્ર બન્યું છે. તેમનામાં પ્રકાંડ વિદ્વત્તા, ઉદાર વિદ્વત્પ્રીતિ અને આજીવન સંશોધનનિષ્ઠાનો જે વિરલ સુયોગ હતો તેની ખોટ નજીકના ભવિષ્યમાં પુરાવાની નથી. (એપ્રિલ, ૧૯૭૨)

ડૉ. હરિવલ્લભ ભાયાણી, પ્રમુખ, સંશોધન વિભાગ

# મુંબઈ શ્રીસંઘની શ્રદ્ધાંજલિ

મુંબઈની જુદી જુદી એકાવન સંસ્થાઓ તરફથી, તા. ૨૦-૬-૭૧ રવિવારના રોજ, મુંબઈના વાલકેશ્વર ઉપરના શ્રી આદીશ્વર જૈન દેરાસર સાથેના ઉપાશ્રયમાં, પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ આદિની નિશ્રામાં, ચતુર્વિધ સંઘની સભા મળી હતી. સભામાં જુદા જુદા વક્તાઓએ મહારાજશ્રીને ભાવભરી અંજલિ આપતાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ વક્તવ્યોના મુખ્ય મુદ્દા ભાવનગરના "જૈન" પત્રના તા. ૨૬-૬-૭૧ના અંકમાં, સભાના અહેવાલમાં, રજૂ કરવામાં આવ્યા છે. તે અહીં સાભાર ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.

આચાર્ય મહારાજના મંગલાચરણ બાદ પ્રારંભમાં આગમપ્રભાકરજીના વ્યાખ્યાનની ટેપ કરેલ રેકર્ડનો અમુક ભાગ સંભળાવવામાં આવતાં, મુનિશ્રીના શબ્દોથી સૌનાં મન લાગણીભીનાં બની ગયાં હતાં. તે પછી શ્રી જયંતીલાલ રતનચંદ શાહે આજની સભાનું આયોજન અને ભૂમિકા સમજાવી મુનિશ્રીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ઉપાધ્યાય શ્રી સુરેન્દ્રવિજયજી મહારાજ: નમ્ર અને સૌજન્યશીલ એવા જ્ઞાની પુરુષની વિદાય એ અમારા સમુદાયની ભારે ખોટ બની રહે એવી છે.

ઉપાધ્યાય શ્રી પ્રકાશવિજયજી મહારાજ: આગમપ્રભાકરજીએ દાદાગુરુ પ્રવર્તક મુનિ શ્રી કાન્તિવિજયજી તથા ગુરુવર્ય શ્રી ચતુરવિજયજી મહારાજની પ્રેરણાથી હસ્તપ્રતોના ઉદ્ધારના કાર્યમાં નાની ઉંમરથી જ ઝંપલાવ્યું હતું અને અનુભવ તથા એકધારી સાધના દ્વારા તેઓ આગળ આવ્યા હતા.

મુંબઈના શેરીફ શ્રી શાદીલાલ જૈન: વિદ્યાક્ષેત્રે જેમણે ચિરંજીવ અર્પણ કર્યું છે, તેવા આ મહાન જ્ઞાની પુરુષના સ્વર્ગવાસથી માત્ર જૈનોને જ નહિ પણ આપણા દેશને અને પ્રાચ્યવિદ્યા સંશોધનને મોટી ખોટ પડી છે.

શેઠ શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી: દેહનો વિલય એ સ્વાભાવિક છે, પણ આવા જ્ઞાની પુરુષ કે જેઓને વિદ્યાનો જરા પણ અહંકાર ન હતો, તેવા મુનિશ્રીનો સ્વર્ગવાસ એ આપણા સૌ માટે ભારે ખોટ બની રહે છે.

મુનિ શ્રી પદ્મસાગરજી: વિનમ્રતા અને આદર્શતાની જીવંત મૂર્તિ સમા મહાપુરુષ ચાલ્યા ગયા છે.

પંન્યાસજી શ્રી ભાનુચંદ્રવિજયજી: રાગદ્વેષનો તેઓને સ્પર્શ પણ થયો ન હતો. અને એમનું જીવન સરિતાના વહેતા નિર્મળ જળપ્રવાહ જેવું હતું.

બાલમુનિ શ્રી અરુણવિજયજી: આગમોના સંશોધનનું કામ એમના રોમેરોમમાં વસેલું હતું. જિજ્ઞાસુઓને તેઓ આદર આપતા એટલું જ નહિ, બાલસુલભ અમારા જેવા સાધુઓ પ્રત્યે મમતાભરી લાગણી રાખતા. આ મહાપુરુષના કાળધર્મથી શ્રમણસંસ્થાને ભારે ખોટ પડી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*મુનિ શ્રી પૂર્ણાનંદવિજયજી, મુનિ શ્રી કાંતિવિજયજી, પંન્યાસજી સુબોધવિજયજી આદિ મુનિરાજોએ શ્રદ્ધાંજલિ અર્પતાં વક્તાવ્યો કરી તેઓશ્રીનાં જીવનમાંથી પ્રેરણા લેવા અનુરોધ કર્યો હતો.*

શ્રી દલસુખભાઈ માલવણિયા : મુનિશ્રીએ જ્ઞાનભંડારોના ઉદ્ધારનું, સંશોધનનું અને આગમપ્રકાશનનું જે કામ કર્યું છે તે તો અજોડ છે. તેઓમાં વિદ્યાપ્રીતિનો આદર અનન્ય હતો. આજે પરિગ્રહનું બંધન વધતા-ઓછા અંશે સર્વને સ્પર્શે છે, પણ મુનિશ્રીએ કોઈ પણ વસ્તુનો સંગ્રહ કર્યો નથી. તેઓશ્રીને આચાર્યપદવી આપવા વારંવાર વિનતિ કરવા છતાં, તેમણે વિનય અને નમ્રતાથી તેનો અસ્વીકાર કરી ત્યાગની ભાવના મૂર્તિમંત બનાવી છે. આજે મારી જે નામના છે અને કેનેડા પણ જવાનું થયું તે તેઓશ્રીને જ આભારી છે. આવા પુરુષને માટે નિર્વાણ જ હોઈ શકે!

શ્રી કેશવલાલ કિલાચંદ : આગમોના અધ્યયન અને તે અંગેના સંશોધનમાં મુનિ શ્રી પુણ્યવિજયજીએ જે સિદ્ધ કરેલ છે તે, અતિશયોક્તિ વગર કહું તો, પાંચસો વર્ષમાં અન્ય કોઈએ નથી કર્યું. તેઓ સ્વભાવભૂત વિદ્યાપ્રીતિથી સ્વયંપ્રભાકર બની ગયા હતા. અને આમ તેઓ આગમપ્રભાકર બની ગયા હતા.

પ્રોફેસર કુલકર્ણી : મુનિશ્રી માત્ર જૈનોના કે ગુજરાતના જ ન હતા, પણ ભારતીય સંસ્કૃતિના અજોડ વિદ્વાન પુરુષ હતા. તેઓશ્રીની વિદ્વત્તાનો લાભ ભારતના તેમ જ પરદેશના શિખાઉથી માંડીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા અનેક વિદ્વાનો અને સંશોધકોને મળ્યો છે.

શ્રી ફૂલચંદભાઈ શામજીભાઈએ અશ્રુભીના અવાજે કહ્યું : પવિત્ર, નિખાલસ અને નિઃસ્પૃહી જ્ઞાની માટે હું શું બોલી શકું? તેમનું જીવન સૌને માટે પ્રેરણારૂપ બનો.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પ્રમુખ શ્રી હીરાલાલ એલ. શાહ : જેસલમેર જેવા પ્રદેશમાં દોઢ વર્ષ રહી અનેક મુશ્કેલીઓ વચ્ચે ત્યાંના જ્ઞાનભંડારના ઉદ્ધારનું કામ તેઓએ કર્યું હતું. આ માટે કોન્ફરન્સે પણ સારો રસ લીધો હતો.

શ્રી કાન્તાબેન કપડવંજવાળાએ મહારાજશ્રીની બાલ્યાવસ્થાનો પરિચય આપતાં કહ્યુ : તેઓશ્રીનું જન્મ-સ્થળ કપડવંજ હતું. તેમનું સંસારી નામ મણિભાઈ હતું. મણિલાલ ચારેક મહિનાના હતા ત્યારે તેમનાં માતા માણેકબેન બાળકને ઘરમાં મૂકીને નદીએ કપડાં ધોવા ગયાં. પાછળથી ઘરને આગ લાગી. આજુબાજુનાં ઘણાં મકાનો સળગી ગયાં. પણ એક વહોરા ગૃહસ્થે સાહસ કરીને બાળકને બચાવી લીધેલ, તે આ મહાપુરુષ બન્યા. તેમની માતાએ પણ દીક્ષા લઈ આદર્શ પૂરો પાડ્યો છે.

બાબુ અમીચંદ પન્નાલાલ દેરાસરના ટ્રસ્ટી શ્રી શાંતિલાલ કેશવલાલ : મુનિશ્રી આ કળિયુગમાં વિવાદાસ્પદ પ્રશ્નોથી હંમેશા પર રહ્યા હતા. તેઓશ્રીની અખંડ જ્ઞાનસાધનાનું બાકી રહેલું કામ કરવા સાધુમુનિરાજો અને સંઘ પ્રયત્નશીલ બનશે એવી ભાવના ભાવું છું.

શ્રી ફૂલચંદભાઈ દોશી : મુનિ શ્રી જંબૂવિજયજીની ઇચ્છા મહારાજશ્રીને મળીને સાહિત્ય-સંશોધનના કામ માટે માર્ગદર્શન મેળવવાની હતી, પણ તે અધૂરી રહી.

શ્રી જયંતીલાલ રતનચંદ શાહે પૂ. મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજની કાયમી યાદગીરી માટે યુનિવર્સિટીમાં જૈન ચેર રહે તે માટે અગર સરસ્વતીના ઉપાસકને છાજે તેવું સ્મારક કરવા અપીલ કરતાં પચાસેક હજાર જેવો નિધિ તુરત થઈ ગયો હતો. આ અંગે જૈન આગેવાનોની એક કમિટી નિયુક્ત કરવામાં આવેલ. અને તેની કાર્યવાહી આગળ ચલાવવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપસંહાર કરતાં આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે કહ્યું કે, જેમણે સાહિત્યની સતત સેવા કરી છે તેવા ઉચ્ચ કોટીના મુનિવર્યની ખોટ જૈનોને અને ભારતને પણ સાલશે. તેમના સ્મારકને માટે જે પ્રયાસો થયા છે તે આવકારદાયી છે. તેમની સમતા, શાંતિ અને તન્મયતા નજરે નિહાળતાં જે ભાવોલ્લાસ પ્રગટતો તે હવે જોવા નથી મળવાનો, તેથી દુઃખ થાય છે. આ મહાપુરુષની સેવા–સુશ્રૂષા કરનાર ઘણા સુખી આગેવાનો હતા; પણ તેમાંયે લક્ષ્મણભાઈ, માણેકભાઈ, ભૂપેન્દ્રભાઈએ જે સેવા કરી છે તે પ્રશંસનીય છે. સાધ્વીજી શ્રી ઓંકારશ્રીજીનો ઉલ્લેખ કરતાં આચાર્યશ્રીએ જણાવેલ કે, આગમના કામમાં આ સાધ્વીજીએ પણ ઘણો સાથ આપ્યો છે.

## श्री भारतवर्षीय दिगम्बर जैन विद्वत्परिषद्

अखिल भारतवर्षीय दि० जैन विद्वत्परिषद्की कार्यकारिणी समिति सर्वसम्मतिसे आगमोद्धारक तथा संस्कृत, प्राकृत, प्राच्य भारतीय इतिहास, पुरातत्त्व एवं संस्कृति के मूर्धन्य विद्वान् पद्मश्री मुनि श्री पुण्यविजयजी महाराज के असामयिक निधन पर हार्दिक शोक व्यक्त करती है तथा अनुभव करती है कि साहित्य-परम्परा एवं शिक्षा जगत् का अद्वितीय सूर्य अस्त हो गया है।

मुनिश्री सर्वप्रथम विद्वान् थे जिन्होंने प्राचीन हस्तलिखित ग्रन्थोंके सम्पादन एवं पाठालोचनकी परम्परा स्थापित की। इस अवसर पर यह परिषद् उनके अभावमें शोकाभिभूत है तथा अपनी हार्दिक शोकांजलियां अर्पित करती है। (सागर; ता. २८–६–७१)

## રાજનગર શ્રીસંઘ, અમદાવાદ

રાજનગર–અમદાવાદ સકળ સંઘના નગરશેઠ, અગ્રણીઓ તથા કાર્યકરોની સહીથી, સ્વ. મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજના ગુણાનુવાદ માટે, શ્રી ચતુર્વિધ શ્રીસંઘની સભા, પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનંદનસૂરિજી મહારાજની નિશ્રામાં, તા. ૨૦–૬–૭૧, રવિવારના સવારના, શ્રી પ્રકાશ હાઈસ્કૂલના સભાગૃહમાં મળી હતી. સભામાં આચાર્ય મહારાજે, મુનિરાજે તથા સંઘના અગ્રણીઓ તથા કાર્યકરોએ મહારાજશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ આપ્યા બાદ સભાએ નીચે મુજબ ઠરાવ પસાર કર્યો હતો :

### ઠરાવ

પરમપૂજ્ય શાંતિમૂર્તિ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય પરમપૂજ્ય મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજના શિષ્ય પરમપૂજ્ય આગમપ્રભાકર શ્રુતશીલવારિધિ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજનો મુંબઈમાં, વિ. સં. ૨૦૨૭ના જેઠ વદી ૬, તા. ૧૪–૬–૭૧ના રોજ, સ્વર્ગવાસ થતાં જૈન સંઘને એક શ્રુતપારગામી, સમભાવી મુનિવરની અને જૈન વિદ્યા તેમ જ ભારતીય વિદ્યાના દેશ-વિદેશના વિદ્વાનો અને જિજ્ઞાસુઓને એક ઉદાર સહાયકની ન પુરાય તેવી ખોટ પડી છે. સ્વર્ગસ્થ મુનિરાજશ્રી જૈન આગમ-સૂત્રોના વિશિષ્ટ મર્મજ્ઞ જ્ઞાતા હોવા ઉપરાંત સમગ્ર જૈન સાહિત્યના પણ ઊંડા અભ્યાસી હતા અને ભારતીય વિદ્યાના અધ્યયન-સંશોધનના ક્ષેત્રમાં પણ તેઓનો ફાળો નોંધપાત્ર હતો.

દેશમાં જુદાં જુદાં સ્થાનોમાં રહેલા શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ હસ્તકના અનેક પ્રાચીન હસ્તલિખિત જ્ઞાનભંડારોને સુરક્ષિત બનાવવા માટે, જૈન-જૈનેતર પ્રાચીન સાહિત્યની હજારો હસ્તપ્રતોની સાચવણી માટે તેમ જ જૈન આગમો તથા અન્ય પ્રાચીન ગ્રંથોના સંશોધન-સંપાદન-પ્રકાશન માટે, પોતાના દાદાગુરુશ્રી તથા ગુરુવર્યના પગલે પગલે, પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે ખંત અને ધીરજથી જે અવિરત પુરુષાર્થ કર્યો હતો તે માટે જૈન સંઘ તેમ જ ભારતીય વિદ્યાના અભ્યાસીઓ સદાને માટે તેઓશ્રીના ઋણી રહેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમદાવાદના શ્રી ચતુર્વિધ સંઘની આ સભા આવા એક જ્ઞાનચારિત્રના આરાધક મુનિવરના સ્વર્ગવાસ અંગે ઊંડા દુઃખની લાગણી અનુભવે છે, તેઓશ્રીની શાસનસેવાની અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ અનુમોદના કરે છે અને તેઓશ્રીના પવિત્ર આત્માને ભાવપૂર્વક વંદના કરે છે.

પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજના કાળધર્મથી જૈન સંસ્કૃતિએ એક અમૂલ્ય રત્ન ગુમાવી દીધું છે. જેસલમેર, પાટણ, ખંભાત, અમદાવાદ વગેરે સ્થાનોના જૈન પુસ્તક ભંડારોને સુવ્યવસ્થિત કરવાની તાકાત તેમના સિવાય બીજા કોઈની ન હતી. નામનાથી સદા દૂર રહીને તેઓ સતત કાર્યમાં જ ગૂંથાયેલા રહેતા હતા. આચાર્ય પદવી લેવા માટે તેઓને અનેક વાર વિનંતી કરવામાં આવી હતી, પણ તેઓએ એનો સ્વીકાર કર્યો ન હતો. તેઓના કામને લીધે પરદેશમાં પણ તેઓની નામના થઈ હતી. પૂજ્ય પુણ્યવિજયજી મહારાજે આગમોનું સંશોધન કરવાનું સ્વીકાર્યું અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયે એ યોજનાને પૂરી કરવાની તૈયારી બતાવી એ બહુ સારું થયું. પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ અત્યાર સુધીમાં સાડા ત્રણ આગમોના સંશોધન (પ્રકાશન) જેટલું કામ કરી શક્યા હતા. આગમ-સંશોધનનું કામ આગળ ધપાવવું ઘણું જરૂરી છે. અને એ માટે પૂજ્ય મુનિ શ્રી જંબૂવિજયજી સિવાય બીજા કોઈ એ કામ કરી શકે એમ મને લાગતું નથી.

(અમદાવાદ શ્રીસંઘની સભામાં કરેલ વક્તવ્યમાંથી) **શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ**

## जैन संघ, जैसलमेर

प्रातःस्मरणीय आगमप्रभाकर मुनिवर्य श्री पुण्यविजयजी महाराजके निधनसे जैसलमेरीय जैन समाज अत्यधिक शोकाभिभूत है। इसके कारण हुई रिक्तताकी पूर्ति नितान्त असंभव है। यद्यपि मुनिवर्यका पार्थिव शरीर हमारे बीच नहीं है, पर वे अपने यशःशरीरसे हमारे बीच सदैव रहेंगे। जैसलमेरका भण्डार उनका अमर स्मारक है। जिस लगन, कर्मठतासे उन्होंने भण्डारकी समुचित व्यवस्था कर उसे आधुनिकतम रूप प्रदान किया, वह ज्ञान व शोधके क्षेत्रमें अविस्मरणीय रहेगा।

जैसलमेरीय जैन समाज उनका चिरकाल तक ऋणी रहेगा। यह महाराजश्रीकी प्रकाण्ड विद्वत्ता व अनथक प्रयासका ही सुपरिणाम है कि ज्ञानभडारकी प्राशस्ति चतुर्दिक ऐसी है और वह ज्ञान-पिपासुओं व अनुसंधित्सुओंके आकर्षणका केन्द्र बना हुआ है। ज्ञानकी इस अमूल्य धरोहरको अक्षुण्ण कर महाराजश्री वस्तुतः अमरत्वको प्राप्त कर गये हैं।

उस अन्यतम दुर्लभ विभूतिके प्रति श्रद्धायुक्त यही विनम्र भाव है कि उनकी दिवंगत आत्माको शान्ति प्राप्त हो। (ता. १५-६-७१)

## શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

મહારાજશ્રી કાળધર્મ પામ્યાના તાર-સમાચાર મળતાં સભાએ શોકની ઊંડી લાગણી અનુભવી હતી, અને તેઓશ્રીના માનમાં સભાની કાર્યવાહી બે દિવસ માટે બંધ રાખવામાં આવી હતી. સભા મહારાજશ્રીની અનેક કર્મભૂમિઓમાંની એક હતી, અને એના તરફ તેઓને અપાર મમતા હતી. તેઓ સભાનું સાચું બળ હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તા. ૧૬–૬–૭૧ બુધવારે સાંજના પાંચ વાગતાં સભાના પ્રમુખ શ્રીયુત ખીમચંદ ચાંપશી શાહના પ્રમુખપણા નીચે, સભાની શ્રદ્ધાંજલિ સભા મળતાં પ્રમુખશ્રીએ સદ્ગતની જ્ઞાનોપાસના અને આ સભાના ઉત્કર્ષમાં તેઓશ્રીએ આપેલ અપૂર્વ સહકાર અંગે પ્રાસંગિક વિવેચન કર્યું હતું. અને તે પછી સદ્ગતને અંજલિ આપતો નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો—

## ઠરાવ

આગમપ્રભાકર, શ્રુતશીલવારિધિ, મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ, જેઠ વદી છઠ, તા ૧૪–૬–૧૯૭૧ સોમવારના રોજ રાત્રિના ૮–૫૦ કલાકે, મુંબઈ મુકામે, લગભગ બાસઠ વર્ષનો નિરતિચારપણે દીર્ઘ ચારિત્ર-પર્યાય પાળી, સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે તેની નોંધ લેતાં આ સભા ઘેરા શોકની ઊંડી લાગણી અનુભવે છે.

પોણોસો ઉપરાંત વર્ષનું એ જ્ઞાનતપસ્વી મુનિવર્યનું જીવન જ્ઞાનોપાસનાની અનેક સિદ્ધિઓથી સભર છે. પ્રાચીન ગ્રંથભંડારોનો ઉદ્ધાર અને તેની સુરક્ષણ-વ્યવસ્થા તથા આગમસાહિત્યનું વૈજ્ઞાનિક સંશોધન એ તેમના પ્રિય વિષય હતા. જેસલમેર, પાટણ, લીંબડી વગેરે અનેક સ્થળોના અસ્તવ્યસ્ત થઈ ગયેલા જ્ઞાનભંડારોનો તેઓશ્રીએ સતત પરિશ્રમ લઈ ઉદ્ધાર કર્યો છે અને આધુનિક ઢબે તેનાં સૂચિપત્રો પ્રગટ કરાવ્યાં છે અને તેમનો વ્યાપક ઉપયોગ થઈ શકે તે દૃષ્ટિથી માઈક્રો ફિલ્મ અને ફોટોસ્ટાટ કોપી દ્વારા સંખ્યાબંધ પ્રતિઓ સર્વસુલભ બનાવવા માટે ભગીરથ પ્રયત્ન કર્યો છે. એ તેમની સિદ્ધિ અજોડ છે. આગમોને શકય તેટલી બધી રીતે સંશોધિત કરી પ્રકાશિત કરવાનું તેઓશ્રીનુ જીવનસ્વપ્ન હતું. આ મહાન કાર્ય સિદ્ધ કરવા માટે છેલ્લાં કેટલાંક વર્ષોથી અવિશ્રાંતપણે સતત કાર્યશીલ રહેતા હતા અને તેના ફલસ્વરૂપે શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આગમ પ્રકાશનના શુભ કાર્યની તેઓશ્રી મંગળ શરૂઆત કરાવી શકયા હતા.

આ સભા ઉપર તેમની અસીમ કૃપા હતી, અને આ સભાના ઉત્કર્ષમાં તેઓશ્રીનો ફાળો ઘણો જ મહત્ત્વનો છે. આ સભાએ જે જે સંસ્કૃત તથા પ્રાકૃત ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે તેનું સંશોધન કરી અથવા કરાવી તેઓશ્રીએ તે ગ્રંથો પ્રગટ કરવાની સુવિધા કરી આપેલી અને સભાના ગૌરવમાં વધારો કરાવેલો, તે તેઓશ્રીની સભા પરત્વે પ્રેમભરી ઊંડી લાગણીને જ આભારી છે.

આવા એક જ્ઞાનતપસ્વી અને શુદ્ધ ચારિત્રશીલ મુનિવર્યના સ્વર્ગવાસથી જગતના વિદ્વદ્વર્ગને એક મોટી ખોટ પડી છે, જૈન સમાજને વર્ષો સુધી ન પુરાય તેવી જબ્બર ખોટ પડી છે અને આ સભાનો તો એક આધાર-સ્તંભ તૂટી પડયો છે.

તેઓશ્રીની જ્ઞાનોપાસના તો અમર રહેશે. સ્વર્ગસ્થના આત્માને શાસનદેવ અનંત અને અખંડ શાંતિ આપે તેવી આ સભા પ્રાર્થના કરે છે. (તા. ૧૬–૬–૭૧)

## Research Institute of Prakrit, Jainology and Ahimsa, Vaishali

Agamaprabhakara Muni Punyavijayaji was a great Guru passionately loved and venerated by his disciples. He was a versatile scholar, and could secure access to the vast collections of manuscripts lying hidden in the Jnanabhandaras of Rajasthan and Gujarat, jealously guarded by their custodians, and was successful in devising ways and means for their proper preservation and propagation. His knowledge of the Jaina lore was vast and deep, and he discovered a large number of valuable manuscripts, some of

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



which he himself edited and published, and unhesitatingly supplied a great many of them, in original or in copies, to scholars working in the field. Our Institute was also one of the beneficiaries in this respect. He laboured indefatigably with insatiable curiosity. His contributions to the field of Jaina learning will ever remain worthy of admiration and emulation.

The sudden death of the great Muni has come as a rude shock to the seholarly world which was eagerly waiting for the successful completion of the Jaina Agama Texts Series started by him in collaboration with other eminent scholars, under the auspices of Shri Mahavira Jaina Vidyalya, Bombay. He was an institution by himself and it would be in the fitness of things if a centre of advanced study in Jainology be founded in the sacred memory of the great saint and scholar. Indologists in general, and scholars of Jainism in particular, owe a deep debt of gratitude to him, which they should be able to redeem by the establishment of such centre through the munificence of his affluent devotees who are spread all over the country and abroad.

(12-7-71)

## પ્રાચ્ય વિદ્યા મંદિર, વડોદરા

વડોદરા યુનિવર્સિટીના પ્રાચ્ય વિદ્યા મંદિર સંસ્કૃત વિભાગ, ગુજરાતી વિભાગ તથા આર્કયોલોજી વિભાગના અધ્યાપકો, સંશોધકો, કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓની આ સંયુક્ત સભા તા. ૧૪-૬-૭૧ની રાત્રે મુંબઈ મુકામે આગમપ્રભાકર પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજના કાળધર્મ પામ્યાના સમાચાર જાણીને ઊંડા શોકની લાગણી અનુભવે છે. અર્ધશતાબ્દી કરતાંયે વધુ સમયથી પૂજ્ય મુનિશ્રીએ એમનું જીવન જ્ઞાનભક્તિને સમર્પ્યું હતું. એમના દાદાગુરુ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજના સમયથી ચાલતી આવેલી જ્ઞાનભંડારના ઉદ્ધારની પરમ્પરાને તેમણે વધુ ને વધુ દીપાવી હતી. ગુજરાત અને રાજસ્થાનના અનેક પ્રાચીન પુસ્તકભંડારોનો સમુદ્ધાર કરવા ઉપરાંત તેમણે પોતે ગ્રન્થલેખન અને સમ્પાદનનાં અનેક કાર્યો કર્યાં હતાં. આપણા દેશના તેમ જ પરદેશના અનેક વિદ્વાનોને ભારતીય વિદ્યાનાં વિવિધ ક્ષેત્રોમાં મૌલિક કાર્ય કરવા માટે તેમના તરફથી ઉદારભાવે સહાય અને માર્ગદર્શન મળ્યા કરતાં હતાં. છેલ્લાં કેટલાંક વર્ષો થયાં જૈન આગમોની સમીક્ષિત વાચનાનું ભગીરથ કાર્ય મુનિશ્રીએ હાથ ધર્યું હતું. તથા તે વાચનાના કેટલાક ગ્રન્થો અત્યાર સુધીમાં પ્રગટ થઈ ગયા છે.

પ્રાચ્ય વિદ્યા મંદિર સાથે તેમનો અને તેમના ગુરુઓનો અત્યન્ત નિકટનો સંબંધ હતો.

સદ્ગત ચીમનલાલ દલાલે પૂજ્ય પ્રવર્તકજી મહારાજની સહાયથી પાટણના ભંડારોની તપાસ કરી અને એને પરિણામે જ ગાયકવાડ ઓરિયન્ટલ સિરીઝનો આરંભ થયો. રામાયણના સંશોધનકાર્યમાં પણ મુનિશ્રી તરફથી હસ્તપ્રતોની સહાય મળતી રહી છે. આજ દિન સુધી પ્રાચ્ય વિદ્યા મન્દિરનાં સંશોધન અને પ્રકાશનનાં વિવિધ કાર્યોમાં તેમનો સહકાર સતત મળ્યાં કર્યો છે. આવા પરમ સાત્ત્વિક વિદ્વાન અને સંતપુરુષના સ્વર્ગવાસથી ભારતીય વિદ્યાના ક્ષેત્રે કદી ન પુરાય એવી ખોટ પડી છે. કાળધર્મ એ તો પ્રકૃતિનો સ્વભાવ છે, પણ મુનિશ્રીનું જીવનકાર્ય આ ક્ષેત્રના સર્વ કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ થશે એ નિશ્ચિત છે.

(તા. ૧૫-૬-૭૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## श्री जैन श्वेताम्बर महासभा उत्तर प्रदेश, हस्तिनापुर (जिला मेरठ)

श्री जैन श्वेताम्बर महासभा उ. प्र. की कार्यकारिणी समिति की यह विशेष बैठक परमपूज्य श्री आगमप्रभाकर श्री १००८ पुण्यविजयजी महराज के निधन पर हार्दिक शोक व गहन दुःख व्यक्त करती है। आप महान् शास्त्रज्ञ, प्रकाण्ड विद्वान्, जैनधर्मावलम्बी, गुरुभक्त तथा धर्मप्रेरक थे। समाज आपके त्याग व तपस्या की प्रेरणा के लिए बहुत आभारी है। महासभा उ. प्र. आपके निधन से जैन समाज की काफी क्षतिका अनुभव करती है। शासनदेवजी से प्रार्थना करती है कि समाज को इस क्षति को सहन करने की शक्ति व दिवंगत आत्मा को चिरशान्ति प्रदान करे।

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ

પરમપૂજ્ય, પ્રાતઃસ્મરણીય, આગમપ્રભાકર, શ્રુતશીલવારિધિ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજનું સ્થાન અને માન ભારતીય વિદ્યા અને જૈન વિદ્યાના દેશ-વિદેશના વિદ્વાનોમાં અનન્ય હતું. જૈન શ્રુતના તેઓ પારગામી વિદ્વાન હોવા ઉપરાંત સમગ્ર જૈન વાઙ્મયના પણ મર્મગ્રાહી અને સર્વસ્પર્શી વિશેષજ્ઞ વિદ્વાન હતા. ઉપરાંત, તેઓએ ભારતીય સાહિત્યનું પણ ખૂબ આદર અને ભક્તિથી અવગાહન કર્યું હતું. શાસ્ત્રીય તેમ જ ઈતર સાહિત્યનું તેઓશ્રીનું અધ્યયન તેમ જ સંશોધન સાંપ્રદાયિક કદાગ્રહથી સર્વથા મુક્ત તેમ જ સત્યગ્રાહી હતું: તેઓશ્રીની જ્ઞાનોપાસનાની આવી વિરલ વિશેષતા હતી, અને તેથી જ તેઓ વિદ્વદ્‌જગતમાં ખૂબ આદર અને ચાહના મેળવી શક્યા હતા.

તેઓ સાચા અને સંપૂર્ણ અર્થમાં જ્ઞાનોદ્ધારક હતા. પ્રાચીન જૈન જ્ઞાનભંડારોના સમુદ્ધારનું, પ્રાચીન જીર્ણ વિરલ પ્રતોને ચિરજીવી બનાવવાનું, જૈન આગમસૂત્રો તેમ જ અન્ય દુર્ગમ પ્રાચીન ગ્રંથોના સંશોધન-સંપાદન કરવાનું, અને દેશ-વિદેશના વિદ્વાનોને પૂરી ઉદારતા અને સહૃદયતા સાથે દરેક પ્રકારની સહાય કરવાનું મહારાજશ્રીનું કાર્ય આદર્શ, બેનમૂન અને શકવર્તી કહી શકાય એવું હતું. મહારાજશ્રીનું જ્ઞાનોદ્ધારનું આ કાર્ય તેઓશ્રીના પરમપૂજ્ય દાદાગુરુ પ્રશાંતમૂર્તિ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ તથા પરમપૂજ્ય આજીવન વિદ્યાસેવી ગુરુવર્ય શ્રી ચતુરવિજયજી મહારાજે શરૂ કરેલી શ્રુતભક્તિની પરંપરાનું ખૂબ ગૌરવ વધારે એવું હતું. પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજે જ્ઞાનોદ્ધારના ક્ષેત્રમાં કરેલું કાર્ય એટલું વિરાટ છે અને તેઓશ્રીના સ્વર્ગવાસથી આ ક્ષેત્રમાં એટલી મોટી ખોટ ઊભી થઈ છે કે તે ક્યારે કેવી રીતે પૂરી થશે તેની કલ્પના કરવી પણ આજે મુશ્કેલ લાગે છે. એક સતત કાર્યશીલ સંસ્થા કરી શકે એટલું મોટું કાર્ય તેઓશ્રીએ કર્યું છે. તેઓશ્રીના જીવન સાથે વણાઈ ગયેલી અપ્રમત્તતા અને ઉત્કટ શ્રુતભક્તિનું જ આ સુપરિણામ છે.

જ્ઞાનોપાસક વિદ્વાન હોવા ઉપરાંત મહારાજશ્રી શ્રમણધર્મના ઉદ્દેશ અને સારરૂપ આત્મસાધનામાં પણ એવા જ મગ્ન અને સતત જાગરૂક હતા. નિર્મળ સંયમની આરાધના તેઓના જીવન સાથે સાવ સહજપણે એવી ઓતપ્રોત બની ગઈ હતી કે એની મધુર અને પવિત્ર છાપ તેઓના વિચારોમાં, કથનમાં અને વર્તનમાં જોવા મળતી હતી. નિર્દંભપણું, નિર્દંશપણું, નિરભિમાનતા, સરળતા, નિખાલસતા, સૌમ્ય નિર્ભયતા, સમભાવ, કરુણાપરાયણતા, પરોપકારિતા, નમ્રતા, વિવેકશીલતા જેવા અનેકાનેક ગુણોથી તેઓશ્રીના જીવન અને વ્યવહાર સ્ફટિક સમાં વિમળ બન્યાં હતાં. તેઓ આદર્શ સાધુતાની મૂર્તિ અને શ્રમણજીવનના શ્રેષ્ઠ પ્રતીક હતા.

આપણી સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય સાથેના તેઓના આત્મીયતાભર્યા ધર્મસ્નેહનો અને તેઓએ સંસ્થા ઉપર કરેલા ઉપકારોનો વિચાર કરીએ છીએ ત્યારે તો જાણે ઋણસ્વીકાર માટેના મોટામાં મોટા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શબ્દો પણ ઓછા પડતા હોય એમ લાગે છે. તેઓશ્રીની પ્રેરણાથી જ સંસ્થાએ આપણાં બધાં પવિત્ર મૂળ આગમસૂત્રોને પ્રગટ કરવાની યોજના શરૂ કરવાની હિંમત કરી હતી. અને આ બાબતમાં માત્ર સલાહ કે માર્ગદર્શન આપીને જ સંતોષ ન માનતાં એ યોજનાને અમલી બનાવવા માટે જૈન આગમ ગ્રંથમાળાના મુખ્ય સંપાદક તરીકેની જવાબદારી પણ તેઓશ્રીએ ઉલ્લાસપૂર્વક સ્વીકારી હતી. આવા મોટા કાર્યની જવાબદારી સ્વીકારીને મહારાજશ્રીએ ન કેવળ આપણી સંસ્થા ઉપર કે જૈન સમાજ ઉપર જ ઉપકાર કર્યો છે; ખરી રીતે એથી જૈન વિદ્યા અને ભારતીય વિદ્યાના દેશ-વિદેશના વિદ્વાનો અને જિજ્ઞાસુઓ પણ ઉપકૃત બન્યા છે. તેઓની આ નિઃસ્વાર્થ જ્ઞાનસેવાનો લાભ સૌને સદાને માટે મળતો રહેશે, એમાં શક નથી. વળી, આપણી સંસ્થાના એક હિતચિંતક તરીકે તેઓશ્રી જે ચિંતા સેવતા રહેતા હતા એથી તો તેઓ સંસ્થાના એક શિરછત્ર જ બન્યા હતા.

આવા એક જ્ઞાનતપસ્વી અને જ્ઞાનગરિમાથી શોભતા, સંતપ્રકૃતિના પ્રભાવક મુનિવરનો મુંબઈમાં વિ. સં. ૨૦૨૭ના જેઠ વદિ ૬, તા. ૧૪-૬-૭૧, સોમવારના રોજ, સ્વર્ગવાસ થતાં આપણી સંસ્થાને, જૈન સંઘને અને દેશ-વિદેશના વિદ્વત્સમાજને ભાગ્યે જ પૂરી શકાય એવી મોટી ખોટ પડી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની આ સભા જ્ઞાન-ચારિત્રથી શોભતી આવી ઉચ્ચ કોટિની વિભૂતિના ઉપકારોનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરે છે, અને તેઓશ્રીને ભાવપૂર્વક અનેકાનેક વંદના કરીને તેઓશ્રીનાં અધૂરાં કાર્યો પૂરાં કરવાની શક્તિ અને ભાવના આ સંસ્થામાં તેમ જ શ્રીસંઘમાં પ્રગટે એવી પ્રાર્થના કરે છે. (તા. ૧૪-૩-૭૧)

## ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ

સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યના અસામાન્ય પ્રકારના વિદ્વાન, લિપિવિદ્યાના ઉચ્ચ કોટિના જ્ઞાતા, વિદ્વદ્‌ધુરીણ, આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજના અણધારેલા અવસાનથી માત્ર ગુજરાતે નહિ, સમગ્ર ભારતે પૌરસ્ત્યવિદ્યાના એક ધુરંધર સારસ્વતની ન પુરાય તેવી ખોટ અનુભવી છે. આ સભા એમના અવસાન માટે ભારે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે. (તા. ૩૦-૬-૭૧)

## श्री आत्मानन्द जैन सभा, सामाना (पटियाला)

श्री श्री श्री आगमप्रभाकर श्रुतशीलवारिधि मुनिराज महान् ज्योति श्री पुण्यविजयजी महाराज साहेब बम्बई में जेठ वदि छट रात्रि के साढे आठ बजे प्रतिक्रमण करने के बाद देवलोक हो गये। यह समाचार सुनकर सामाना श्रीसंघ ही नहीं बल्कि सारे जैन समाज को बडा भारी आघात पहुँचा है। उनके जाने से जैन समाज ही नहीं बल्कि विश्व के विद्वानों में एक बडा भारी खल्ला पैदा हो गया है, जिसकी पूर्ति होनी मुश्किल है। आगमों का संशोधन करना व प्रकाशित करना यह महान कार्य इन ही महापुरुष का काम था। इस प्रकार जैन समाज एक ऐसे महान् ज्योति से वंचित हो गया है। सामाना की श्री आत्मानन्द जैन सभा के सभी सदस्य दुःख के साथ शोकप्रस्ताव पास करते हुए और उनके चरणकमल में श्रद्धांजलि अपर्ण करते हुए शासनदेव से प्रार्थना करते हैं कि वह देवलोक में भी बैठे हुए जैन समाज पर अपनी करुणादृष्टि रखेंगे। यही प्रार्थना है। (ता. २-७-७१)

## શ્રી જૈન સંઘ, પૂના

તા. ૧૫-૬-૭૧ના રોજ સવારના, મહારાજશ્રીના કાળધર્મ નિમિત્તે સામૂહિક દેવવંદન કર્યા બાદ, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજના સાંનિધ્યમાં ચતુર્વિધ શ્રીસંઘની સભા મળી હતી. સભામાં મુનિ શ્રી વલ્લભદત્તવિજયજી, મુનિ શ્રી ન્યાયવિજયજી તથા મુનિ શ્રી જયવિજયજીએ મહારાજશ્રીને ગદ્‌ગદ્ ભાવે પોતાની શ્રદ્ધાંજલિ આપી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રસંગે જાણીતા જૈન કાર્યકર શ્રી પોપટલાલ રામચંદ શાહે જણાવેલ કે, જ્ઞાનભંડારના ઉદ્ધાર માટે મુનિશ્રીએ જે શ્રમ લીધો છે અને જેસલમેરના ભંડારનું જે કામ કર્યું છે તે અજોડ છે.

શ્રી કેસરીમલજી લલવાણીએ કહ્યું કે, પૂનાનો જ્ઞાનભંડાર તપાસવા આવવા અમે ખૂબ વિનંતી કરેલી, પણ તેઓ અહીં આવે તે પહેલાં જ ચાલ્યા ગયા તેથી ખૂબ દુઃખ થાય છે.

આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજીએ વેદના ભરેલા હૈયે કહ્યું : શ્રી પુણ્યવિજયજી મહારાજના સ્વર્ગવાસથી સમગ્ર ભારતના જૈન સંઘને સાહિત્યના સતત અને ઊંડા અભ્યાસી પુણ્યાત્માની ખોટ પડી છે. જૈન આગમાદિ ધર્મશાસ્ત્રોનું સંશોધન-સંપાદન કરવાના પવિત્ર કાર્યમાં આ કાળમાં તેઓ પ્રથમ નંબરના સાધુપુરુષ હતા. આવા પુણ્ય પુરુષની સેંકડો વર્ષ બાદ શાસનને મળેલ ભેટ આમ અચાનક અદૃશ્ય થવાથી ભારે દુઃખ અને ગ્લાનિ થાય છે. તેઓશ્રીનું અધૂરું કામ આગળ ચલાવવા વિદ્વાનો તૈયાર થાય એવી આશા રાખું છું.

સભામાં બંગાળના નિરાશ્રિતો માટે ફાળો કરવાનું તથા શ્રી પુણ્યવિજયજી મહારાજના સ્મારક માટે મુંબઈ તાર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ("જૈન", તા. ૨૬-૬-૭૧ના અંકને આધારે.)

## श्री जैसलमेर लोद्रवपुर पार्श्वनाथ जैन श्वेताम्बर ट्रस्ट, जैसलमेर

श्री जैसलमेर लोद्रवपुर पार्श्वनाथ जैन श्वेताम्बर ट्रस्ट परमपूज्य श्री पुण्यविजयजी महाराज साहेबके स्वर्गवास पर अत्यन्त दुःख अनुभव करता है और उनकी स्मृतिमें अपनी श्रद्धांजलि अर्पित करता है। उनके निधनसे जैन समाजका एक महान् पथप्रदर्शक, विद्वान गुरु इस लोकसे उठ गया है, जिसकी क्षति पूर्ति होना सम्भव नहीं है। श्री जिनभद्रसूरि ज्ञानभंडार, जैसलमेरको सुव्यवस्थित करनेमें उनका विशेष योगदान रहा है, जिसके लिये यह ट्रस्ट उनका आभारी रहेगा। (ता. १५-९-७१)

## શ્રી પંજાબ જૈન ભ્રાતૃસભા, ખાર (મુંબઈ)

ખારની શ્રી પંજાબ જૈન ભ્રાતૃસભાના ઉપક્રમે, વિદુષી સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજીના સાંનિધ્યમાં તા. ૧૧-૭-૭૧ ને રવિવારના રોજ સવારના ૯ વાગતાં, અહિંસા હૉલમાં, મહારાજશ્રીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે, ગુણાનુવાદ સભા રાખવામાં આવી હતી. આ સભાનો અહેવાલ "જૈન" સાપ્તાહિકના તા. ૧૭-૭-૭૧ના અંકમાં છપાયો હતો, તે ઉપરથી સભાની કાર્યવાહીની વિગતો અહીં સાભાર રજૂ કરવામાં આવી છે.

પ્રારંભમાં જાણીતા વિદ્યાનુરાગી શેઠ શ્રી અમૃતલાલ કાલિદાસ દોશીએ જણાવેલ કે, કાળધર્મ એ પ્રકૃતિનો સ્વભાવ છે, પરન્તુ પ્રાચ્ય સાહિત્ય-સંશોધન ક્ષેત્રનો જે તારક આપણે ગુમાવ્યો છે, તે અસહ્ય છે. આ વિરલ વિભૂતિની ખોટ પૂરી શકાશે કે કેમ એ શંકા છે. એમના જીવન અને કાર્ય પર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે, તેમનાં ગમે તેટલાં ગુણગાન કરીએ તોપણ તે ઓછાં લાગે છે. પણ હવે ગુણગાન ગાવાને બદલે તેમનાં બાકીનાં કામો પૂરાં કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ. આપણી પ્રાચીન હસ્તપ્રતો પ્રાયઃ ૩૦ લાખ છે. તેમાંથી ત્રણ લાખ પ્રતોમાં શું લખાયું છે તે તપાસી, વ્યવસ્થિત કરવાનું કામ મુનિશ્રીએ કરેલ છે. હજુ ૨૭ લાખ પ્રતો એમ જ પડી છે. આપણાં સાધુ-સાધ્વીજી મહારાજોની સંખ્યા વિશાળ છે, પણ તેમાં થોડા જ સાહિત્ય-પ્રવૃત્તિ તરફ પ્રેરાયા છે. શ્રમણસંસ્થા આ કાર્યમાં રસ દાખવે તો જગતને જૈનો ઘણું આપી શકે. સંશોધન-પ્રવૃત્તિમાં આજે સૌની નજર પૂ. મુનિ શ્રી જંબુવિજયજી મહારાજ તરફ છે. પૂ. પુણ્યવિજયજી મહારાજે ઉપાડેલ ૪૫ આગમોનું સંશોધનકાર્ય અતિ મહત્ત્વનું છે. આજે આ કાર્યને પૂરો ન્યાય કોણ આપી શકશે તેનો વિચાર કરતાં મોટી મૂંઝવણ અનુભવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજશ્રીની સંશોધન-સંપાદનની તેજસ્વિતાને બિરદાવીને ગુજરાતના પ્રૌઢ સાહિત્યકાર શ્રી રામપ્રસાદ બક્ષીએ કહ્યું કે—તેઓશ્રીના સ્વર્ગવાસથી માત્ર ગુજરાતને જ નહીં પણ સાહિત્યક, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે આપણને સૌને ન પુરાય તેવી ખોટ પડી છે. બક્ષીસાહેબે મુનિશ્રીને 'બૃહસ્પતિ' તરીકે ઓળખાવ્યા હતા.

મીઠીબાઈ કોલેજના પ્રિન્સીપાલ શ્રી અમૃતલાલ યાજ્ઞિકે જણાવ્યું કે—વીસ વરસથી હું મુનિશ્રીની સાહિત્ય અને સંશોધન-પ્રવૃત્તિથી આકર્ષાયો છું. તેઓ માત્ર મુનિ, સાહિત્યકાર અને સંશોધક જ નહીં પણ સર્વવ્યાપી સંસ્થા જેવા હતા. સ્વભાવે બહુ નમ્ર અને સંશોધનક્ષેત્રે હરહંમેશ ઉપયોગી થવા તેઓ ઝંખતા. સાહિત્ય-સંશોધનનો અમૂલ્ય વારસો વધુ પ્રમાણમાં વિસ્તરે તેવી તેઓશ્રીની ભાવના હતી; અને તેને પુષ્ટિ આપવા તેઓ હંમેશ તત્પર રહેતા. તેઓની તીવ્ર સંશોધનવૃત્તિથી પરદેશના વિદ્વાનો પણ ખૂબ આકર્ષાયા હતા. તેમણે સંપાદિત કરેલા ગ્રન્થો તેમના ઉચ્ચ પ્રકારના સંપાદનકાર્યના તેમ જ વિદ્વત્તાના દ્યોતક છે. બૃહત્કલ્પ જેવો મહાગ્રન્થ તેઓએ સંપાદિત કર્યો છે. આ ગ્રન્થનું મહત્ત્વ વિદ્વદ્જગતમાં અંકાયું છે. તેવો જ બીજો ગ્રન્થ 'વસુદેવહિન્ડી' કથાવસ્તુ તથા ગુણાઢ્યની દૃષ્ટિએ અનુપમ છે. પ્રાચીન સાહિત્યનો આ વારસો જગતમાં પ્રસરે તે માટે મુંબઈ યુનિવર્સિટીમાં જૈન ચેરની સ્થાપના કરી મુનિશ્રીનું સ્મારક રચી શકાય. આ કામ જૈનો સહેલાઈથી કરી શકશે.

ઈસ્માઈલ યુસુફ કોલેજના સંસ્કૃતના પ્રોફેસર ડૉ. વી. એમ. કુલકર્ણીએ મુનિશ્રીને ભારતીય સંસ્કૃતિના મહાન સંત તરીકે ઓળખાવી કહેલ કે મહામુનિવરની મહાયાત્રા એ ભારતની જ નહિ પણ દુનિયાભરની વિદ્વત્તાના ક્ષેત્રમાં ન પૂરી શકાય તેવી ખોટ બની રહેશે.

પ્રોફેસર શ્રી રમણલાલ સી. શાહે મુનિશ્રીના સંપર્કમાં આવ્યા પછીનાં સંસ્મરણોનો ઉલ્લેખ કરતાં કહેલ કે—મુનિશ્રીની સંયમસાધના ઊંચી હતી. અને તેના બળે તેઓ રાત્રિના બે વાગ્યા સુધી કાર્ય કરતા અને પાછા વહેલા પાંચેક વાગ્યે સ્વસ્થ રીતે સાધુધર્મની ક્રિયાઓ કરતા. આમ છતાં કોઈ દિવસ, દિવસના આરામ લેતા નહિ. સંઘ કે સમાજને ખોટા ખર્ચ કરાવવાથી તેઓ અલિપ્ત જ રહેતા. આજે આપણે જોઈએ છીએ કે મોટી વ્યક્તિને મળવું હોય તો કેટલી વિધિમાંથી પસાર થવું પડે છે, જ્યારે જૈન શ્રમણો અને તેમાંયે આવા વિદ્વાન મુનિશ્રી, આટલી મોટી અને ઝીણવટભરી પ્રવૃત્તિમાં પણ, પોતાનો સમય નાના-મોટા સૌને વિના સંકોચે આપતા. તેઓ ખરેખરા ધર્મની પરિણતિવાળા મહાત્મા હતા.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના પ્રમુખ શ્રી હીરાલાલ એલ. શાહે જણાવેલ કે જેસલમેરના જ્ઞાનભંડારનો ઉદ્ધાર કરવામાં જે શ્રમ લીધો છે, તેની પ્રશંસા વિશ્વના વિદ્વાનો પણ કરે છે. જ્ઞાનભંડારોના ઉદ્ધારમાં અને તેને સમૃદ્ધ બનાવવામાં મુનિશ્રીએ ભારતીય સાહિત્યની વિરલ સેવા બજાવી છે.

શ્રી કુલચંદભાઈ દોશીએ જણાવેલ કે—આવી મહાન વિભૂતિનું સ્મારક પાંચ–પચાસ હજારની રકમ એકત્ર કરવાથી જાળવી ન શકાય; આવી ઉત્તમ વિભૂતિનું સ્મારક તો નાલંદા કે તક્ષશિલા જેવી પુણ્યવિદ્યાપીઠ અને જ્ઞાનવિહારની સ્થાપના કરવાથી જ જાળવી શકાય.

શ્રી પંજાબ જૈન ભ્રાતૃસભાના પ્રમુખ અને મુંબઈના શેરીફ શ્રી શાદીલાલજી જૈને જણાવેલ કે પંજાબ-કેશરી વિજયવલ્લભસૂરિજી મહારાજની ભાવના સાંપ્રદાયિકતા દૂર કરી દરેક જૈનો એક થાય તેવી હતી, તેના પુરસ્કર્તા મુનિશ્રી હતા. તેઓ સાંપ્રદાયિકતાથી પર રહીને દરેકને સમાન ભાવે નિહાળતા. તેઓશ્રીને સાચી શ્રદ્ધાંજલિ ત્યારે જ આપી ગણાય જ્યારે આપણે સૌ ભેદભાવ ભૂલી ભગવાન મહાવીરના ઝંડા નીચે એક થઈએ.

છેલ્લે પૂ. વિદુષી સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજીએ જણાવેલ કે આ મહાપુરુષના ગુણોની તુલના હું શું કરી શકું ? તેઓશ્રીના જ્ઞાન અને હૃદયની વિશાળતાનો મને તાજેતરમાં સવિશષ અનુભવ થયો છે. આ મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનીએ જ્ઞાનની ઉપાસના માટે અપૂર્વ કામ કર્યું છે. તે અંગે કેટલો પરિશ્રમ સેવતા હશે તેનો ખ્યાલ આવવો કઠીન છે. તેમની સંશોધનશૈલી પણ ગંભીર અને સમદર્શી હતી. તેઓશ્રી સાહિત્ય-સંશોધનની વિપુલ સામગ્રી આપણી સમક્ષ મૂકી ગયા છે. તેમનું સત્ત્વગુણી અને સમદર્શી જીવન સૌને પ્રેરણા આપે તેવું છે. આ વિભૂતિ ૪૬-૪૭ વરસે મુંબઈમાં પધારી, બે વર્ષ જેટલી સ્થિરતા કરી; પણ તેઓશ્રીની વિદ્વત્તાનો અને જ્ઞાન, સમતા અને બીજા અદ્વિતીય સદ્‌ગુણોથી ભરપૂર એવા સાચી સાધુતાના પ્રતિકરૂપ મહાપુરુષનો પૂરો લાભ ન લઈ શકયા એટલું જ નહીં પણ, તેઓશ્રીને સમજવાનો કે ઓળખવાનો પણ શ્રીસંઘે પ્રયાસ કર્યો નહીં.

## श्री आत्मवल्लभ जैन पंजाबी संघ, आगरा

जैन समाजको इस विभूतिके निधनसे जो क्षति पहुंची है, अखिल जैन समाज इस क्षतिकी पूर्ति नहीं कर सकता। मुनि श्री पुण्यविजयजी महाराजने प्राचीन ताडपत्रों पर हस्तलिखित शास्त्रोंका शोध करके शास्त्रभंडारोंको जो नवीनता दी है और उससे जैन एवं जैनेतर विद्वानोंने जो ज्ञान प्राप्त किया है, विद्वान जन एवं समाज उनके इस कार्यसे उऋण नहीं हो सकती। हम सकल जैन समाज शासनदेवसे प्रार्थना करते हैं कि मुनि श्री पुण्यविजयजी महाराजकी स्वर्गस्थ आत्माको शान्ति प्रदान करें। ॐ शान्ति शान्ति शान्ति। (ता. १६–६–७१)

## Seminar in Prakrit Studies

( *Undre the auspices of University of Bombay* )

This Seminar in Prakrit Studies expresses deep sorrow over the loss of a great scholar and savant of Prakrit studies, Munishri punyavijayaji in the month of June, 1971. This Seminar recalls his great services to the cause of Parkrit studies in particular and Indological studies in general. He had obliged many scholars by opening the Jain Bhandaras and supplying them the necessary manuscripts for their study. He himself was the editor of many important Sanskrit and Parkrit texts. Even at the last hour, he was engaged in editing critically the Jain canonical works. The death of this saint and scholar is a great loss to the scholarly world.

May his soul rest in peace. ( Bombay, 27-10-1971 )

## श्री आत्मानन्द जैन सभा, दिल्ली

श्री आत्मानन्द जैन सभा दिल्लीके सदस्य आगमप्रभाकर, श्रुतशीलवारिधि मुनि श्री पुण्यविजयजी महाराज साहेबके कालधर्म पाने पर गहरा दुःख प्रगट करते हैं। आपश्रीने अपने जीवनकालमें जैन-शासनसेवा, जैनागमोद्धार, प्राचीन हस्तलिखित जैन शास्त्रभंडारोंको व्यवस्थित, सुरक्षित करने तथा शिक्षण सम्बन्धी विविध क्षेत्रोंमें जो कार्य किये हैं, उनका उदाहरण पिछले तीन-चार सौ वर्षोंसे नहीं मिलता। जैन शासनमें आपकी क्षति निकट भविष्यमें पूरी होना कठिन है। शासनदेवसे प्रार्थना है कि दिवंगत आत्माको शान्ति प्रदान करे। (ता. १५–६–७१)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વડોદરાનો શ્રીસંઘ તથા જૈન તેમ જ અન્ય સાર્વજનિક સંસ્થાઓ

વડોદરાના જુદા જુદા સંઘો, જૈન સંસ્થાઓ તથા અન્ય સાર્વજનિક સંસ્થાઓ તરફથી, તા. ૨૦-૬-૭૧ને રોજ સવારમાં, શ્રી આત્માનન્દ જૈન ઉપાશ્રયમાં, આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી તથા વયોવૃદ્ધ પંન્યાસ શ્રી નેમવિજયજી મહારાજના સાંનિધ્યમાં, સકળ સંઘની શોકસભા બોલાવવામાં આવી હતી. સભામાં ચતુર્વિધ સંઘે તથા અન્ય વિદ્વાનોએ મહારાજશ્રીને શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો—

### ઠરાવ

વડોદરાના શ્રી જૈન સકળ સંઘની વિવિધ સંસ્થાઓ, પ્રગતિ મંડળો, પ્રાચ્ય વિદ્યા મંદિર, પ્રેમાનંદ સાહિત્ય સભા, સંસ્કૃત વિદ્વત્સભા વગેરે સત્તાવીસ સંસ્થાઓના ઉપક્રમે મળેલ સંયુક્ત સભા તા. ૧૪-૬-૭૧ને રોજ મુંબઈ મુકામે આગમપ્રભાકર પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ રાત્રે ૮-૫૦ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાના સમાચાર જાણીને ઊંડા શોકની લાગણી અનુભવે છે.

અર્ધશતાબ્દી કરતાંયે વધુ સમય પૂ. મુનિશ્રીએ તેમનું જીવન જ્ઞાનભક્તિને સમર્પ્યું હતું. આગમ સંશોધન અને આગમ-પ્રકાશનનું ભગીરથ કાર્ય તેમનો જીવનમંત્ર બની ગયાં હતાં. પરમપૂજ્ય શાંતમૂર્તિ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના સમયથી ચાલતી આવતી જ્ઞાનભંડારોના ઉદ્ધારની પરંપરાને તેમણે વધુ વેગવંતી બનાવી પાટણ, જેસલમેર, વડોદરા, અમદાવાદ અને અનેક સ્થળોના પુસ્તકભંડારોને નવો ઓપ આપી વ્યવસ્થિત કરવા ઉપરાંત તેમણે પોતે ગ્રંથલેખન અને સંપાદનનાં અનેક કાર્યો કર્યાં હતાં. ભારત તેમ જ પરદેશના અનેક વિદ્વાનોને, ભારતીય વિદ્યાનાં વિવિધ ક્ષેત્રોમાં મૌલિક કાર્ય કરવા માટે, તેમના તરફથી ઉદાર ભાવે સહાય અને માર્ગદર્શન મળ્યાં કરતાં હતાં.

આવા પરમ સાત્ત્વિક વિદ્વાન મુનિશ્રીના સ્વર્ગવાસથી જૈન અને ભારતીય વિદ્યાના ક્ષેત્રે કદીય ન પુરાય તેવી ખોટ પડી છે. કાળધર્મ એ જીવનનો ક્રમ છે. પણ મુનિશ્રીનું જીવનકાર્ય આ ક્ષેત્રોમાં કાર્ય કરતા સર્વ મુનિશ્રીઓ, વિદ્વાનો, કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ થશે. પૂજ્યશ્રીને આ સભા ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે.

## श्री आत्मानन्द जैन सभा, मालेरकोटला (पंजाब)

श्री संघ मालेरकोटलाके लिए यह अत्यन्त शोकका विषय है कि भारतीय विद्याके प्रकाण्ड विद्वान्, आगमप्रभाकर, परमपूजनीय, वन्दनीय, मुनि श्री पुण्यविजयजी महाराजके अचानक स्वर्गस्थ होनेके समाचारको तार द्वारा पढकर, सकल श्रीसंघके हृदयको तीव्र आघात पहुँचा।

परमवन्दनीय, मुनिश्रीजी संस्कृत, प्राकृत, अपभ्रंश व प्राचीन गुजराती आदि अनेक भाषाओंके प्रतिष्ठित विद्वान थे। उन्होंने अनेक प्राचीन जैन आगमों, शास्त्रोंके प्रकाशनका परिश्रम पूर्वक व विद्वत्तापूर्ण सम्पादन किया था। जैन भण्डारोंके हस्तलिखित शास्त्रोंके संकलन तथा सूचीकरणमें उनकी सेवाएँ अत्यन्त महत्वपूर्ण व अपूर्व हैं। देश व विदेशोंके विद्वानोंने उनकी मुक्त कण्ठसे भूरि भूरि प्रशंसा की है।

लाखों शास्त्र-भण्डारोंकी खोज और समुचित व्यवस्था उनके जीवनका एक अंग बन चुका था। अनेक विद्वान् और जिज्ञासु उनसे मार्ग-दर्शन प्राप्त करते थे। महान् साहित्यिक कार्यमें तल्लीन होने पर भी वे एक कर्त्तव्यपरायण "जैन श्रमण" थे।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सन् १९५३ ई. में श्री जैन संघ बडौदाने उन्हें "आगमप्रभाकर" की सार्थक पदवीसे विभूषित किया। उन्हें अपने नाम व कीर्तिकी बिल्कुल इच्छा न थी। इसी कारण उन्होंने "आचार्यपद" को स्वीकार नहीं किया था।

ऐसे उच्च कोटिके व प्रकाण्ड विद्वान्के निधनसे न केवल श्रीसंघ मालेरकोटलाको, अपितु अखिल भारतवर्षीय जैन समाजको, अत्यधिक गहरा आघात पहुंचा है। गत वर्षोंमें न कोई ऐसे चोटी के विद्वान् हुए तथा न ही निकट भविष्यमें होनेकी कोई आशा है। अतः उन द्वारा रिक्त हुए स्थानकी पूर्ति होने में भी पूर्ण सन्देह है।

प्रातःस्मरणीय, श्री अरिहन्त भगवान्जीसे करयुगल जोड, नत-मस्तक हो, हम प्रार्थना करते हैं कि वे उनकी आत्माको सद्गति प्रदान करें तथा सकल भारतके चतुर्विध संघको इस महान् कष्टको सहन करनेकी शक्ति देनेकी कृपा करें॥ ॐ शान्ति॥ (ता. १७–६–७१)

## શ્રી જૈન સંઘ, સૂરત

સૂરત જૈન સંઘ તરફથી ડૉ. નગરશેઠના પ્રમુખપદે એક ગુણાનુવાદ સભા, સૂરત દેસાઈ પોળ જૈન પેઢીમાં, તા. ૨૬–૬–૭૨ના રોજ, રાખવામાં આવી હતી. સભામાં શ્રી નગરશેઠ, સુરચંદભાઈ ઝવેરી, સુભાષભાઈ ઝવેરી અને જીવરાજ ટોપીવાલાએ પુણ્યાત્માને તેમના આગમસૂત્રના સંશોધન માટે, જ્ઞાનભંડારોને વ્યવસ્થિત કરવા માટે, સાહિત્ય, ઇતિહાસ અને સમાજસેવાના સુકાર્ય માટે ભવ્ય અંજલિ આપી હતી. તેમના સંશોધનકાર્યથી પ્રભાવિત થઈ શેઠ કસ્તુરભાઈએ રાજનગરના આંગણે જૈનદર્શન, સંશોધન-કાર્ય-કેન્દ્ર શરૂ કરી, તેમના કાર્યને પ્રોત્સાહન આપ્યું હતું.

તેમનો જન્મ કપડવંજમાં જ્ઞાનપંચમીના શુભ દિને થયો હતો. બાળપણમાં દીક્ષા અંગીકાર કરી (૬૨ વરસ) જીવનભર તેમણે જ્ઞાનની-"આગમ"સૂત્રની-આરાધના કરી, આગમદિવાકરની ઉપાધિ મેળવી, જીવનને મોક્ષગામી બનાવ્યું. તેઓ પૂ. આચાર્ય દેવ શ્રી સાગરાનંદસૂરિના સાચા અનુગામી હતા. આપણે સૌએ તેમના પુનિત માર્ગે જ્ઞાન-ધ્યાન-ક્રિયાનો સુમેળ સાધી, જીવન ધન્ય બનાવવું જોઈએ.

## श्री हस्तिनापुर जैन श्वेताम्बर तीर्थ समिति, दिल्ली

श्री हस्तिनापुर जैन श्वेताम्बर तीर्थ समिति, आगमप्रभाकर श्रुतशीलवारिधि मुनि श्री पुण्यविजयजी महाराजके बम्बईमें दिनांक १४–६–७१, आषाढ वदि ६ वीं के दिन आकस्मिक समाधि-निधान पर गहरा शोक प्रकट करती है और शासनदेवसे प्रार्थना करती है कि उनकी दिवंगत आत्माको पूर्ण शान्ति दें।

आगमप्रभाकरजीने जीवन पर्यन्त अपने दादागुरु पूज्य प्रवर्तक कान्तिविजयजी महाराज तथा गुरु पूज्य मुनि श्री चतुरविजयजी महाराजकी परम्पराका अनुकरण करते हुए अपना समस्त जीवन शास्त्रोंके उद्धारमें ही अर्पण कर दिया। यह ऐसी खोट है, जिसकी पूर्ति असम्भव-सी प्रतीत होती है। (ता. ३०–६–७१)

## શ્રી જૈન સંઘ, ભાવનગર

શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાસંઘની બેઠક તા. ૨૨–૬–૭૧ના રોજ રાત્રીના નવ વાગે શ્રી મોટા દેરાસરના ઉપાશ્રયે પરમપૂજ્ય આગમપ્રભાકર શ્રુતશીલવારિધિ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રી કાળધર્મ પામતાં, તેઓશ્રીના ગુણાનુવાદ કરવા, શેઠ શ્રી ભોગીલાલભાઈ મગનલાલ શાહના પ્રમુખપદે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળી હતી. સભામાં શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, શ્રી અમરચંદ માવજી શાહ, શ્રી ખીમચંદભાઈ ચાંપશી શાહ, શ્રી ભાયચંદ અમરચંદ શાહ, શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, શ્રી છોટાલાલ ગિરધરલાલ શાહ તથા સભાના પ્રમુખ શ્રી ભોગીલાલ મગનલાલ શાહે મહારાજશ્રીને પોતાની હાર્દિક શ્રદ્ધાંજલિ આપ્યા બાદ નીચે મુજબ ઠરાવ પસાર કરવામાં આવ્યો :

## શોક-ઠરાવ

પરમપૂજ્ય આગમપ્રભાકર શ્રુતશીલવારિધિ, મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબ જેઠ વદ ૬, તા. ૧૪-૬-૧૯૭૧ સોમવારના રોજ રાત્રિના ૮-૫૦ કલાકે મુંબઈ મુકામે બાસઠ વર્ષનો નિરતિચારપણે દીર્ઘ ચારિત્રપર્યાય પાળી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

આપણા જૈનધર્મમાં "જ્ઞાન"ને સહુથી ઉત્તમ સ્થાન આપ્યું છે. પ્રાચીન શ્રમણ સંસ્કૃતિનાં ઉચ્ચ મૂલ્યો જૈન આગમોમાં સંગ્રહાયેલાં છે. તેનું શુદ્ધ પ્રકાશન કરવામાં, જુદા જુદા જૈન ભંડારોને વ્યવસ્થિત બનાવી તેનું સંરક્ષણ કરવાના કાર્યને જીવનની મુખ્ય પ્રવૃત્તિ બનાવી, જેઓશ્રીએ સકળ સંઘ ઉપર પરમ ઉપકાર કર્યો છે, તે પૂજ્ય મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ, જેઓશ્રી નિરભિમાની, નિરતિચારી, નિઃસ્પૃહવૃત્તિના શાંતમૂર્તિ, સમભાવી હતા, તે મહારાજશ્રીના સ્વર્ગવાસથી જૈન સમાજને જ નહિ પરંતુ સમસ્ત પ્રજાને આધ્યાત્મિક સત્ય અને ગહન શાસનનાં તત્ત્વો સમજાવનાર એક ગુરુવર્યની મહાન ખોટ પડી છે. તેઓશ્રીનાં પ્રકાશનો તથા જૈન સાહિત્યસેવાની પ્રવૃત્તિ દ્વારા તેઓશ્રીએ કરેલ સેવા ચિરકાળ સુધી અવિસ્મરણીય રહેશે, તેમ આજે શ્રી જૈન શ્વે. મૂ. તપાસંઘની મળેલ સભા માને છે; અને તેઓશ્રીનાં ઉપદેશેલાં સત્યો જીવનમાં ઉતારવાની આપણને સહુને શક્તિ મળે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે, અને તેઓશ્રીના આત્માની પરમ શાંતિ ઈચ્છે છે. (તા. ૨૨-૬-૭૧)

## जैन समाज, इन्दौर

इन्दौर नगरके जैन समाजकी यह सभा श्रुतशीलवारिधि आगमप्रभाकर मुनिराज श्री पुण्यविजयजीके असामयिक निधनका समाचार सुनकर स्तब्ध है तथा अपने आपमें एक महान शोधककी रिक्तता अनुभव करती है। पूज्य महाराज साहेब पुण्यविजयजीके निधनसे जो क्षति हुई है उसकी पूर्ति युगों तक होना संभव नहीं है।

यह सभा पूज्य महाराज साहेब पुण्यविजयजीके निधन पर हार्दिक शोक प्रकट करती है तथा जिनेश्वर देवसे प्रार्थना करती है कि पूज्य महाराज साहेबकी आत्माको पूर्ण शान्ति प्राप्त हो तथा हमारे समाजको उनकी क्षति सहन करनेकी शक्ति प्रदान करें। (ता. १७-६-७१)

(यह सभा सर्वधर्मसमन्वयी मुनिवर्य श्री जनकविजयजी महाराजकी अध्यक्षतामें मिली थी)

## લાલભાઈ દલપતરાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ

પ્રજ્ઞા-શીલસંપન્ન પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજીના કાળધર્મ પામ્યાના સમાચારે અમે લા. દ. વિદ્યામંદિરની સંચાલક સમિતિના સભ્યો શોકની ઘેરી લાગણી અનુભવીએ છીએ.

પૂ. મુનિશ્રીએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલ ભારતીય અસ્મિતાના પ્રાણભૂત સાહિત્યની ગુણવત્તા અને ધ્યત્તાને પ્રગટ કરી ભારત ઉપર અનેરો ઉપકાર કર્યો છે. તેઓશ્રીએ અનેક જ્ઞાનભંડારોને વ્યવસ્થિત કરવાનું શ્રમસાધ્ય કાર્ય કર્યું છે, સન્નિષ્ઠ સંશોધકને છાજે એવાં સંપાદનો આપ્યાં છે. અમૂલ્ય હસ્તપ્રતોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માઈક્રો ફિલ્મો લેવડાવીને વિદ્વાનોને તે સામગ્રી સુલભ થઈ પડે અને સંશોધનકાર્યને વેગ મળે એ ખાતર તેઓએ લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની સ્થાપના કરાવી, તેના મૂળ પ્રણેતા બન્યા અને પોતાનો કીમતી સંગ્રહ સંસ્થાને ભેટ ધર્યો. તેઓશ્રી લા. દ. વિદ્યામંદિરના પ્રાણભૂત હતા. તેમના જવાથી વિદ્યામંદિરને ન પુરાય એવી ખોટ પડી છે. તેઓશ્રી, તેમનાં છેલ્લાં વર્ષોમાં, જૈન આગમોની સુસંપાદિત સંપૂર્ણ ગ્રંથમાળા તૈયાર કરવામાં એકાગ્ર હતા. તેમાં ત્રણ આગમો પ્રકાશિત પણ થયાં. પરંતુ તે કાર્ય તેમના જવાથી અધૂરું રહ્યું. તેમનો એ સંકલ્પ પૂરો કરવાની વિદ્યાસ્થાનો અને વિદ્વાનોને શક્તિ મળો, એમણે શરૂ કરેલો જ્ઞાનયજ્ઞ સુદીર્ઘ કાળ ચાલો અને એ પુણ્યવિજયજીનો પુણ્ય આત્મા ઉત્તરોત્તર આધ્યાત્મિક વિકાસ સાધી ઉચ્ચત્તમ શિખરે વિરાજે એ જ અમારી અંતરની અભિલાષા છે. (તા. ૨૯-૬-૭૧)

## લુણસાવાડા, મોટી પોળ જૈન સંઘ, અમદાવાદ

અમદાવાદ લુણસાવાડા, મોટી પોળના જૈન સમસ્ત સંઘ ઉપર શ્રી વિજયાનંદસૂરીશ્વરજીને નામે દેશ-પરદેશમાં ખ્યાતિ પામેલા જૈનાચાર્ય બહુશ્રુત, ચારિત્રચૂડામણિ પરમપૂજ્ય શ્રી આત્મારામજી મહારાજની અને તેમની પરંપરાના વિદ્વાન અને નિર્મળ ચારિત્રના ધણી એવા અનેક મુનિમહારાજોની કૃપાદૃષ્ટિ રહ્યા કરી છે; તેમાં પરમપૂજ્ય શ્રી પ્રવર્તકજી કાન્તિવિજયજી મહારાજની તથા પરમપૂજ્ય શાન્તમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજની આ સંઘ ઉપર વિશેષ અમી દૃષ્ટિ રહેલી છે, અને તેને લીધે આ સંઘ પોતાને મહા ભાગ્યવંત માને છે.

અમારા આ જૈન સંઘના અપૂર્વ પુણ્યોદયને લીધે, જોગાનુજોગે, પૂજ્ય શ્રી પ્રવર્તકજી મહારાજના પ્રશિષ્ય અને આત્માનંદ ગ્રંથમાળાના સંપાદક પંડિતપ્રવર મુનિરાજ શ્રી ચતુરવિજયજીના વિદ્વાન શિષ્ય શ્રી આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજી મહારાજ આગમો તથા શાસ્ત્રોના સંશોધનનું ઘણું જ ગંભીર કામ હાથ ઉપર લઈને આજથી આશરે ૨૫-૨૬ વર્ષ પહેલાં એટલે ઈ. સ. ૧૯૪૫-૪૬માં આ હમારી મોટી પોળ લુણસાવાડાના જૈન સંઘના ઉપાશ્રયમાં પધારેલા અને આ જ ઉપાશ્રયમાં તેમણે ૨૫-૨૬ વર્ષ સુધી એક આસને બેસીને, પોતાના શરીરની પણ પરવા કર્યા વિના, જૈન શાસ્ત્રોના સંશોધન-સંપાદનનું કામ કરેલું. ભલે તેઓશ્રી વચ્ચે વચ્ચે થોડો સમય બહાર જઈ આવે અને જેસલમેર, ખંભાત, કપડવંજ અને વડોદરા જેવાં શહેરોમાં જ્ઞાનભંડારોના સંશોધનનાં કાર્યો માટે ચોમાસું પણ કરે, છતાં તેઓ છેવટે પોતાના મૂળ સ્થાનરૂપ આ ઉપાશ્રયે જ પધારી પોતાનું કામ ચાલુ કરતા. અને અમારા જ સંઘના એક સભ્યે મુનિપદ સ્વીકારીને તેમની સાથે મિત્રભાવે અને સેવકભાવે આજીવન રહેવાનું સ્વીકારેલું એ બાબત પણ અમારા સંઘને ગૌરવ આપે એવી છે. એ મુનિરાજ પંન્યાસ રમણિકવિજયજી અમારા સંઘમાં વિશેષ આદરપાત્ર બનેલા. પણ દૈવયોગે તે મુનિરાજશ્રી તો શ્રી આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજીની પહેલાં જ, તેમની સાથે વિહારમાં, છાણી મુકામે કાળધર્મ પામી ગયા, એ વાતનો નિર્દેશ કરતાં અમને ભારે દુઃખ થાય છે. આમ આ મુનિયુગલની જોડીને લીધે અને તેમની જ્ઞાનધ્યાનની સાધનાને લીધે અમારો આ ઉપાશ્રય સદા ધર્મના ઘોષથી ગાજતો અને ભર્યોભર્યો રહેતો તથા અમારા સંઘના દરેક સભ્યને એટલે દરેક ભાઈ-બહેનને અને બાળકો સુધ્ધાંને આ મુનિરાજોનો સદાય લાભ મળ્યા કરતો, એને લીધે અમારા સંઘમાં ધર્મસંસ્કાર સદા જાગતા થયેલા અને જાગતા રહેતા.

આવા ઉત્તમ પ્રકારના મુનિપંડિતો અમારા આ ઉપાશ્રયમાં રહેતા હોવાથી તેમના આકર્ષણથી બીજા બીજા મુનિઓ અને બીજા ગચ્છના મુનિઓ પણ આ જ ઉપાશ્રયમાં પોતાની જ્ઞાનધ્યાનની સાધના માટે આવીને રહેતા, જેથી અમારા સંઘને ઘણો આનંદ-પ્રમોદ રહેતો અને એ મુનિઓની સેવાનો થોડા-ઘણો લાભ પણ મળ્યા કરતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરાંત મુનિરાજ શ્રી પુણ્યવિજયજી વગેરેની વિદ્વત્તા, સજ્જનતા અને નમ્રતાના ગુણથી આકર્ષાઈ આ દેશના તેમ જ પરદેશના જિજ્ઞાસુઓ, વિદ્વાનો, સંશોધકો, લેખકો, કવિઓ વગેરે જાતજાતના પંડિતો હમારા આ ઉપાશ્રયમાં ખેંચાઈ આવીને વિવિધ પ્રકારની જ્ઞાનચર્ચાઓ કરતા અને આ બધું જોઈને, જાણીને અને સાંભળીને અમારા સંઘની પ્રજામાં જ્ઞાનના અને ધર્મના ઘણા ઊંડા સંસ્કારો પડતા, એ જોઈ અમારો આ સંઘ હંમેશા પ્રમુદિત રહેતો.

હવે આપણા કમનસીબે આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજી તો મુંબઈમાં કાળધર્મ પામ્યા અને જે રીતે તેઓ ઉપાશ્રયને પોતાની હાજરીથી શોભાવતા તે આપણે ફરી જોવા પામવાના નથી! અને જેમને લીધે આ ઉપાશ્રયનો એક વિશેષ મોભો જામેલો એ ટકી શકશે કે કેમ? એવો પ્રશ્ન મનમાં આવતાં જ અમારો આ સંઘ ભારે ક્ષોભ પામે છે અને આઘાત પામે છે, અને વિશેષ દુઃખી દુઃખી થઈ જાય છે. અમારા આ આંતર ક્ષોભને વાચા આપવા અમે આ બધું કહીએ છીએ અને કાંઈક હળવાશ અનુભવીએ તે સારુ અહીં ભેગા મળ્યા છીએ.

ભાઈઓ! કાળની ગતિ ગહન છે. શ્રી તીર્થંકરો જેવા મહાન આત્માઓને પણ કાળે છોડયા નથી; એતો એ જાતનો જ સ્વભાવ છે, એમ વિચારીને આપણે સાન્ત્વન મેળવવું જોઈએ. આગમપ્રભાકરજી અને પંન્યાસજીના જવાથી આપણને તો ભારે ખોટ પડી છે, જે હવે કદી પુરાય એવું દેખાતું નથી, એટલું જ નહિ, પણ આગમપ્રભાકરજીના જવાથી તો સમગ્ર જૈન સંઘને બહુ મોટી ખોટ પડેલ છે. અને આગમપ્રભાકરજીએ જે કામ આદરેલું તેને કેમ કરીને પૂરું કરવું એવી વિશેષ ચિંતા જૈન સંઘને થઈ આવી છે. છેવટે આગમ-પ્રભાકરજી જેવા નિર્મળ, પવિત્ર અને સરળ વિદ્વાન મુનિરાજ તો પોતાની કરણી અને રહેણીથી શાન્તિ જ પામેલા છે, પણ વહેવારની દૃષ્ટિએ આ સંઘ એમ પ્રાર્થના કરે છે કે-નિર્વાણ પામેલા આગમપ્રભાકરજીને ભગવાન મહાવીર સદાને માટે શાન્તિ આપો અને જૈન સંઘને પડેલી આ ખોટને શાસનદેવ પૂરી કરો. (તા. ૨૧-૬-૭૧)

## श्री जैन श्वेताम्बर मूर्तिपूजक संघ, बडौत (मेरठ) (यू. पी.)

आगमप्रभाकर श्रुतशीलवारिधि मुनिराज श्री पुण्यविजयजी महाराज साहेबके अकस्मात ही स्वर्गवास हो जानेसे जैन समाजकी ही नहीं अपितु पूर्ण मानव जातिकी अपार क्षति हुई। उनके निधनसे जैन समाजका स्तम्भ टूट गया। उनके द्वारा जो स्थान रिक्त हुवा उसकी पूर्ति नितांत असम्भव है।

मुनिराज द्वारा आगमोंका संशोधन एवम् प्रकाशन जैन समाजके लिए अमूल्य भेंट थी। बद-किस्मतीसे जो कार्य अपूर्ण रहा है उसका पूर्ण होना बहुत असम्भव कार्य है। श्रीसंघ बडौत उनके आकस्मिक निधनसे अत्यन्त दुःखी हुवा है। उनकी अपार सेवायें हर दिल-दिमाग पर सदैव अंकित रहेंगी। जैन समाज ही नहीं, पूर्ण मानवजाति हमेशा उनकी चिरऋणी रहेगी। श्रीसंघ बडौत उन महान विश्वविभूतिके प्रति अपनी सच्ची श्रद्धांजलि अर्पित करता है और शासनदेवसे प्रार्थना करता है कि उस महान आत्माको शान्ति मिले।

"बहुत गौरसे सुन रहा था जमाना,
तुम्हीं सो गये दासतां कहते कहते"

(ता. १-७-७१)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કપડવણજ નગરપાલિકાની બોર્ડની સાધારણ સામાન્ય સભા, કપડવણજ

કપડવણજ નગરપાલિકાની બોર્ડની આજની આ સભા તા. ૧૪ જૂન, ૧૯૭૧ ના રોજ રાતના ૮-૫૦ મિનિટે મુંબાઈ મુકામે જ્ઞાનતપસ્વી, શ્રુતશીલવારિધિ, આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રી ૭૫ વરસની વયે કાળધર્મ પામ્યા છે તેથી સમસ્ત જૈન સંઘે ઘણો જ ઊંડો આઘાત અનુભવ્યો છે, તે ઊંડા દુઃખની લાગણી સાથે નોંધ લે છે.

તેઓશ્રીનો જન્મ કપડવણજ શહેર એટલે કે આપણા જ શહેરમાં વિક્રમ સંવત ૧૯૫૨ના કારતક સુદ ૫ના રોજ થયો હતો. તેઓએ તેમના જીવનકાળ દરમ્યાન જ્ઞાનભંડારોનું સંશોધનકાર્ય કરી તેને વ્યવસ્થિત કરવામાં સમય વ્યતીત કરેલ છે. તેઓશ્રીએ વ્યવસ્થિત કરેલ જ્ઞાનભંડારો પૈકીના જેસલમેર, પાટણ, ખંભાત વિગેરેના જ્ઞાનભંડારો છે. આ બધા જ્ઞાનભંડારો મહારાજા શ્રી કુમારપાલના સમયમાં મુનિ શ્રી હેમચંદ્ર-સૂરીશ્વરજી મહારાજના લખેલા ગ્રંથોમાંથી ઉપસ્થિત થયેલા છે. અને મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીનું પ્રાકૃત અને સંસ્કૃત ભાષાનું જ્ઞાન અદ્વિતીય હતું. તેઓશ્રીના પ્રયાસથી અમદાવાદમાં શ્રી લાલભાઈ દલપત-ભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર અસ્તિત્વમાં આવેલ છે. પ્રાચીન વિદ્યાનાં સંશોધનો, જે વિદેશોમાં અને પશ્ચિમના દેશોમાં જાય છે, તેમાં તેઓશ્રીનો ઘણો જ મોટો ફાળો છે. અને તેઓશ્રીના આ અવિરત અને ઉજ્જવલ કાર્યોનો પ્રકાશપુંજ અમેરિકાના ધ્યાન ઉપર આવતાં અમેરિકાની ઓરીએન્ટલ સોસાયટીએ તેઓ-શ્રીને માનદ સભ્યપદ સને ૧૯૭૦માં આપીને તેઓશ્રીની વિદ્વત્તાનું વિરલ એવું બહુમાન કરેલ છે. આવા અને શીલસંપન્ન મહામુનિવરની મહાયાત્રા એ ભારતની જ નહિ પણ વિશ્વભરની સાધુતા અને વિદ્વત્તાના ક્ષેત્રમાં ન પુરાય અને ન ભુલાય તેવી ખોટ છે. અને આગમપ્રભાકર મુનિશ્રીના જીવનનાં યશોગાન ગાઈને તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

પ્રભુ તેઓશ્રીના આત્માને નિર્વાણપદ આપે એવી સહૃદય પ્રાર્થના તેઓશ્રીના માનમાં ઊભા થઈને બે મિનિટ મૌન પાળીને કરવામાં આવે છે. (તા. ૨૪-૭-૧૯૭૧)

## પાટણના નાગરિકોની જાહેર સભા

પૂજ્યપાદ મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ, તેઓના ગુરુ પરમપૂજ્ય મુનિ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા તેઓના ગુરુ પરમપૂજ્ય પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજે વર્ષો સુધી પાટણમાં જ્ઞાનની તેમ જ સંયમની વિમળ સાધના કરતાં રહીને ગુજરાતની ગૌરવશાળી પાટણનગરીને પોતાની કર્મભૂમિનું ગૌરવ આપ્યું હતું. મહારાજશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે, પાટણની સંખ્યાબંધ જૈન તેમ જ અન્ય સંસ્થાઓના ઉપક્રમે, તા. ૨૨-૬-૭૧ના રોજ રાતના, જાહેર સભા બોલાવવામાં આપી હતી સભાનું પ્રમુખસ્થાન પાટણની સાયન્સ અને આર્ટ્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી બી. એમ. ઉપાધ્યાયે સંભાળ્યું હતું. જુદા જુદા વક્તાઓએ મહારાજશ્રીના જીવન અને કાર્યને હાર્દિક અંજલિ આપ્યા બાદ નીચે મુજબ ઠરાવ સભામાં પસાર કરવામાં આવ્યો હતો :

### ઠરાવ

પ્રાતઃ સ્મરણીય, આગમપ્રભાકર, શ્રુતશીલવારિધિ મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીના, મુંબઈ મુકામે, તા. ૧૪-૬-૭૧ ના રોજ, સમાધિપૂર્વક થયેલા કાળધર્મથી પાટણના નાગરિકોની આ સભા ઊંડા ખેદ અને દુઃખની લાગણી વ્યક્ત કરે છે. તેઓશ્રીના જવાથી જૈન સમાજ અને વિદ્વતજગતને મહાન ખોટ પડી છે. આ પુણ્યશ્લોક મહાત્માનું કાયમી સ્મારક જાળવવા, જ્ઞાનમંદિરના વિકાસ માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા પાટણના નાગરિકોને આ સભા સર્વાનુમતે વિનંતી કરે છે. (તા. ૨૨-૬-૭૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા, પાટણ

આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીના સ્વર્ગવાસ બદલ આજની આ સભા ઊંડો ખેદ વ્યક્ત કરે છે અને તેઓશ્રીના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે. (તા. ૧૪-૨-૭૨)

## श्री जैन श्वेताम्बर तपागच्छ संघ, जयपुर

श्री जैन श्वेताम्बर संघकी यह आम सभा विदुषी साध्वीजी म. श्री निर्मलाश्रीजी एम. ए. साहित्यरत्नकी निश्रामें, आगमप्रभाकर मुनिराज श्री पुण्यविजयजी महाराज सा. के आकस्मिक स्वर्गवास पर हार्दिक दुःख प्रकट करती है। आपके निधनसे जैन शासनकी ही नहीं पर प्राच्य विद्याके क्षेत्रमें सारे विश्वकी अपार क्षति हुई है।

आपकी सौजन्यता, सरलता व समन्वयवादी दृष्टिकोणने सब ही को प्रभावित किया था।

आगमोंकी शोध-खोज एवं जैसलमेर, पाटन आदिके प्राचीन भण्डारोंके संरक्षणमें आपश्रीका योगादान अपूर्व व महान था।

शासनदेव आपकी आत्माको शान्ति प्रदान करे एवं आपकी शासनके प्रति अपार सेवा, श्रमण संघको आप द्वारा प्रारम्भ किये गये कार्योंको पूर्ण करनेकी क्षमता प्रदान करे। इसी भावनाके साथ जयपुरका जैन श्वे. संघ आपकी सेवामें हार्दिक श्रद्धांजलि प्रस्तुक करता है। (ता. ६-७-७१)

## પ્રાકૃત વિદ્યા મંડળ, અમદાવાદ

આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજીના અચાનક અવસાનથી આ સભા શોકની ઘેરી લાગણી અનુભવે છે. પૂજ્ય મુનિજી પ્રાકૃત વિદ્યા મંડળના સંમાન્ય સભ્ય હતા અને પ્રારંભથી જ તેમણે પ્રાકૃત વિદ્યા મંડળને સમૃદ્ધ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેમના અવસાનથી પ્રાકૃત વિદ્યા મંડળને જે ખોટ પડી છે તે પુરાવા સંભવ નથી. તેઓના જવાથી જૈન સાહિત્યની સંરક્ષાનું કાર્ય જે અધૂરું પડયું છે તે કોણ કરશે તે સમાજને મૂંઝવતો પ્રશ્ન બની ગયો છે. તેઓએ અનેક ગ્રંથોનું સંપાદન કર્યું છે તે નમૂનેદાર હતું અને અનેકોને પ્રેરણાદાયી બન્યું છે. અનેક વર્ષોથી આગમ સંપાદનના કામમાં તેઓ રત હતા અને હવે તેમના જવાથી આ કાર્યનો ભાર ઉપાડી શકે તેવા વિદ્વાનો દુર્લભ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો.

(તા. ૧૧-૯-૭૧, સામાન્ય સભાનો ઠરાવ)

## श्री वर्धमान युवक मण्डल, बिरलाग्राम–नागदा

श्री वर्धमान युवक मण्डल विरलागांम-नागदाकी यह विशेष बैठक आगमप्रभाकर मुनिपुंगव श्री श्री १०८ श्री पुण्यविजयजीके १४–६–७१ को बम्बईमें, देवलोक गमन पर हार्दिक दुःख और शोक प्रकट करती है। उनके निधनसे समाज, राष्ट्र और साहित्यक जगतमें जो स्थान रिक्त हुआ है, उसकी पूर्ति निकट भविष्यमें शक्य नहीं।

बन्दनीय मुनिराज जहां सरल स्वभाव, स्मित मुख, कठोर संयमसाधक और अध्यात्म-आराधक थे, वहां संस्कृत, प्राकृत, गुजराती, पुरातत्त्व, जैनधर्म-दर्शन एवं आगमके अधिकारी प्रकाण्ड विद्वान

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थे। प्राचीन जैन भण्डारोंके उद्धार, संशोधन, प्रकाशन और रक्षणका उन्होंने सफल भागीरथ प्रयास किया। जैन शासनकी समुन्नतिके लिये उनकी सेवाएं सदैव सुवर्णाक्षरोंमें अंकित रहेगी।

शासनदेवसे प्रार्थना है कि उनकी भव्य आत्माको अमर शान्ति प्राप्त हो और समाज उनकी साहित्यिक प्रवृत्तियोंको अविच्छिन्न रखनेमें सफल हो। (ता. १९-६-७१)

## શ્રી જૈન પ્રાચ્ય વિદ્યા ભવન, અમદાવાદ

પરમપૂજ્ય, આગમપ્રભાકર, શ્રુતશીલવારિધિ મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ શ્રુતપરાગમી વિદ્વાન મુનિવર હતા. અને તેઓશ્રીની જ્ઞાનોદ્ધારને લગતી અનેકવિધ પ્રવૃત્તિઓ તેઓની આદર્શ શ્રુતભક્તિની કીર્તિગાથા બની રહે એવી હતી. તેઓએ પોતાના ૬૨ વરસ જેટલા દીર્ઘ દીક્ષાપર્યાય દરમ્યાન, જીવનભર જ્ઞાનોપાસના, શાસ્ત્રસંશોધન, જ્ઞાનપ્રચાર અને જ્ઞાનની બહુમૂલ્ય સામગ્રીના રક્ષણનું સંઘોપકારક કાર્ય પૂરી નિષ્ઠા અને એકાગ્રતાથી કરતાં રહીને, પોતાના દાદાગુરુશ્રીના તથા ગુરુશ્રીના જ્ઞાનોદ્ધારના સંસ્કારવારસાને વિશેષ ગૌરવશાળી બનાવ્યો હતો. તેઓની વિદ્વત્તા અને જ્ઞાનોદ્ધારની પ્રવૃત્તિનો લાભ દેશ-વિદેશના વિદ્વાનોને બહોળા પ્રમાણમાં મળતો રહેતો હતો. અને તેથી તેઓશ્રીની સુવાસ વિદેશ સુધી પ્રસરી હતી.

વળી, શ્રમણજીવનના સારરૂપ સમભાવ તેમ જ નિખાલસતા, ઉદારતા, સરળતા, નિરભિમાનવૃત્તિ, સત્યપ્રિયતા જેવા સદ્ગુણોથી તેઓનું જીવન વિશેષ ઉપકારક અને શોભાયમાન બન્યું હતું.

આવા એક જ્ઞાન-ચારિત્રસંપન્ન મુનિવરનો મુંબઈમાં, વિ. સં. ૨૦૨૭ના જેઠ વદિ ૬, તા. ૧૪-૬-૧૯૭૧ સોમવારના રોજ, સ્વર્ગવાસ થતાં જૈન સંઘને તથા ભારતીય વિદ્યાના દેશ-વિદેશના વિદ્વાનોને બહુ મોટી ખોટ પડી છે. સ્વર્ગસ્થ પૂજ્ય મુનિવરની સલાહ અને દોરવણીનો લાભ આપણા શ્રી જૈન પ્રાચ્ય વિદ્યા ભવનને પણ મળતો રહેતો હતો. શ્રી જૈન પ્રાચ્ય વિદ્યા ભવનની આ સભા પરમપૂજ્ય આગમપ્રભાકરજી મહારાજના સ્વર્ગવાસ અંગે પોતાના ઊંડા દુઃખની લાગણી દર્શાવે છે અને તેઓશ્રીને ભાવપૂર્વક અનેકાનેક વંદના કરીને તેઓશ્રીની વિરલ શાસનસેવાઓને પોતાની હાર્દિક શ્રદ્ધાંજલિ આપે છે. (તા. ૨૭-૬-૭૧)

## श्री आत्मानन्द जैन सभा, लुधियाना

श्री आत्मानंद जैन सभा (रजिस्टर्ड) लुधियानाकी यह बैठक परमोपकारी, आगमरत्नाकर मुनि श्री पुण्यविजयजी महाराजके अकस्मात स्वर्गवास हो जाने पर जो असह्य हानि हुई है, उस पर गहरे दुःखका अनुभव करती है। मुनिसम्मेलनमें आपकी आगमविद्वत्ताकी गूंज उठी थी और हस्तलिखित प्राचीन ग्रंथोंके अनुसंधानका जो प्रशंसनीय कार्य आपने किया है उसकी समुच्चय जैन समाज और विद्वानोंने मुक्त कण्ठसे सराहना की है। हम अनुभव करते हैं कि आपके निधनसे प्राचीन ग्रंथोंको प्रकाशमें लानेवाली ज्योति बुझ गई और अखिल भारतवर्ष अपने एक महान् सपूत, रिसर्च विद्वान्, आगमदिवाकरसे सदाके लिये महरूम हो गया। आपका वियोग उस समय हुआ जब कि समाजको आपकी परम आवश्यकता थी। आपके देवलोकगमनसे जो क्षति हो गई है उसकी पूर्ति असम्भव है। शासनदेवसे प्रार्थना है कि स्वर्गीय आत्माको शान्ति और समाजको उनके अधूरे कार्यकी पूर्तिके लिये शक्ति प्रदान करें। (ता. २२-६-७१)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર

પરમપૂજ્ય, આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ બાસઠ વર્ષનો દીક્ષા પર્યાય પાળી, સંવત ૨૦૨૭ના જેઠ વદિ ૬ને સોમવારના રોજ, મુંબઈ ખાતે, સ્વર્ગસ્થ થયા, તે નિમિત્તે તેઓશ્રીને શ્રદ્ધાંજલિ અર્પવા શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાની કાર્યવાહક સમિતિ તા. ૧-૭-૭૧ ગુરુવારના રોજ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહના પ્રમુખસ્થાને મળી હતી. સભામાં સ્વર્ગસ્થના આગમોનું અને જૈન ગ્રંથોનું સંશોધન કરવાના તથા પ્રાચીન પ્રતોના ભંડારોને વ્યવસ્થિત કરવાના જિંદગીભરના પ્રયાસો માટે શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ, સવાઈલાલભાઈ રાયચંદ, ડાહ્યાભાઈ છોટાલાલ તથા કાન્તિલાલ જ. દોશીએ ગુણાનુવાદ કરી શ્રદ્ધાંજલિ અર્પિ હતી. ત્યારબાદ ત્રણ નવકાર ગણી નીચેનો ઠરાવ પસાર કર્યો હતો—

### ઠરાવ

સ્વ. આગમપ્રભાકર મુનિરાજ શ્રી આગમસાહિત્યના સંશોધક તેમ જ પ્રાચ્ય વિદ્યાના ઉદ્ધારક હતા. આગમ સાહિત્યના અણિશુદ્ધ પ્રકાશન અને સંશોધનનું તેમણે જિંદગીના અંત સુધી કરેલું કામ અદ્વિતીય અને પ્રશંસનીય છે. તેઓશ્રી એક પરમ વિદ્વાન અને સાચા જ્ઞાનપ્રચારક હોવા છતાં સ્વભાવે શાન્ત, સરળ અને નિરભિમાની હતા.

આ સંસ્થાએ આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજના સાહિત્ય-સંશોધનના ઉત્તમ કાર્યને બિરદાવવા તેઓશ્રીને ચન્દ્રક અર્પણ કરવા ઠરાવ કરેલો હતો. તે અંગે તેમનું બહુમાન કરવા માટે તેઓ સમક્ષ વારંવાર વિચારો રજૂ કર્યા હતા, પરંતુ તેઓશ્રીએ નમ્ર ભાવે તેમનો અસ્વીકાર કર્યો, છતાં સંસ્થાનો એ પ્રયાસ ચાલુ હતો. પરંતુ દુઃખની વાત છે કે તે સફળ થાય તે પહેલાં તેઓશ્રી આપણા વચ્ચેથી વિદાય થયા. તેઓશ્રીના સ્વર્ગવાસથી સમગ્ર જૈન સમાજને ન પુરાય તેવી ખોટ પડતાં આ સભા ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરે છે અને તેમના નિર્મળ આત્માને પરમ શાન્તિ મળે એમ પ્રાર્થે છે. (તા. ૧-૭-૭૧)

## श्री आत्मानन्द जैन सभा, नकोदर

श्री आत्मानन्द जैन सभा, नकोदर—श्री आगमप्रभाकर, श्रुतशीलवारिधि मुनिराज श्री पुण्यविजयजी महाराज साहेबके अकाल मृत्युकी खबर बडे दुःखसे सुनी गई। और इस पर सभा बडा शोक व दुःख प्रगट करती है। इससे श्री जैन संघ नकोदरको बडा भारी आघात पहूँचा है। आगमोंका संशोधन करना व प्रकाशन करना यह महान् कार्य इन्हीं समर्थ महापुरुषका था। यह बडी भारी खामी समाजमें पडी है, जिसकी पूर्ति होनी कठिन है। मगर कालके आगे चारा नहीं। हमारी शासन-भगवानसे विनीत प्रार्थना है कि इनकी आत्माको स्वर्गमें जगह देकर शान्ति प्रदान करें और साधु-समुदायको इस दुःखको सहन करनेकी शक्ति देवें। यह सभा अपनी श्रद्धांजलि प्रगट करती हैं।

## શ્રી આત્માનંદ જૈન સભા, અમૃતસર

આગમપ્રભાકર શ્રીમાન પુણ્યવિજયજી મહારાજશ્રી જેવા આગમોના ઉદ્ધારક તેમ જ અન્ય અનેક ગ્રંથભંડારોના નિર્માતા વિદ્વાન મહારાજશ્રીના સ્વર્ગવાસથી શ્રીસંઘ અમૃતસર બહુ જ દુઃખી થયેલ છે. જૈન સમાજને એ ગુરુદેવના જવાથી મહાન ખોટ પડેલી છે, જે અપૂરણીય છે. (તા. ૫-૭-૭૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ, જગડીઆ

આજ રોજ જગડીઆના શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના કાર્યવાહક કમિટિના મેમ્બરો તથા ગુરુકુળના વિદ્યાર્થીઓને પરમપૂજ્ય શાસનઉદ્ધારક મહારાજ સાહેબ પંન્યાસજી શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબના અકાળ અવસાનના સમાચારથી ઘણો જ ખેદ થયો છે અને જૈન શાસનને કળિકાળમાં ઉચ્ચ કોટિના જૈન મુનિની ખાસ જરૂર છે, ત્યારે આ બન્યું છે, તેથી ઘણું જ દુઃખ થાય છે. પરમકૃપાળુ જિનશાસનદેવ એમના આત્માને કાયમી ચિરશાંતિ બક્ષે એવી પ્રાર્થના. (તા. ૧૭–૬–૭૧)

## श्री आत्मानन्द जैन सभा, जण्डियाला गुरु (अमृतसर)

श्री आत्मानन्द जैन सभा जण्डियाला गुरु (पंजाब) की २४–६–७१ की विशेष बैठक आगम-प्रभाकर श्रुतशीलवारिधि १०८ जैन मुनि श्री पुण्यविजयजीके अचानक देवलोकगमन पर हार्दिक शोक प्रकट करती है। इनके देवलोकगमनसे जैन जगत तथा संसारके महान् विद्वानोंको भारी आघात पहूंचा है।

शासनदेव इन महात्माकी आत्माको शान्ति प्रदान करें।

## પાલીતાણા જૈન સંઘની શ્રદ્ધાંજલિ

નગરશેઠ શ્રી ચુનીલાલ વનમાળીદાસના પ્રમુખપદે, મોતીશા શેઠની ધર્મશાળામાં મળેલ, ગુણાનુવાદ સભામાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો—

પાલીતાણા સમસ્ત જૈન સંઘની આજની મળેલી આ સભા પંજાબકેસરી યુગદિવાકર પ. પૂ. આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના પ્રવર્તક શ્રી કાંતિવિજયજી દાદાના પ્રશિષ્ય આગમ-પ્રભાકર પરમપૂજ્ય પુણ્યવિજયજી મહારાજ સાહેબ મુંબઈ મુકામે કાળધર્મ પામતાં ઊંડી દિલગીરી વ્યક્ત કરે છે. સદ્‌ગતના જવાથી એક તેજસ્વી હીરલાની આપણા સમાજમાં ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સદ્‌ગતશ્રીએ આગમ સાહિત્ય અને પ્રકાશનક્ષેત્રે જે સેવા કરી છે તે માટે જૈન સમાજ તેમનો ઋણી રહેશે.

શાસનદેવ સદ્‌ગતશ્રીના પવિત્ર આત્માને ચિરશાંતિ અર્પે અને તેમના જીવનના સદ્‌ગુણો યત્કિંચિત આપણામાં ઊતરે એવી પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિપૂર્વક આ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

(તા. ૧૭–૬–૭૧)

## શ્રી રજની પારેખ આર્ટ્‌સ અને શ્રી કેશવલાલ બુલાખીદાસ કામર્સ કૉલેજ, ખંભાત

શ્રી રજની પારેખ આર્ટ્‌સ અને શ્રી કેશવલાલ બુલાખીદાસ કૉમર્સ કૉલેજ ખંભાતના આચાર્યશ્રી, અધ્યાપકગણ અને વિદ્યાર્થીવર્ગની શોકસભા પ્રાચીન શાસ્ત્રોના પ્રચંડ વિદ્વાન તથા અગ્રગણ્ય પુરાતત્ત્વવિદ મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજના એકાએક અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. તેઓશ્રીના અવસાનથી ગુજરાતના સંશોધનક્ષેત્રે ન પુરાય તેવી ખોટ પડી છે. એમના આત્માને પરમ શાંતિ મળો એવી પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના છે.

## श्रीसंघ, शिवपुरी

यह खबर बडे दुःखसे सुनी गई कि आगमप्रभाकर श्री पुण्यविजयजी महाराजका १४–६–७१ को बम्बईमें देवलोक हो गया है। उनके निधनसे न केवल समाजको ही आघात पहुंचा है, बल्कि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आगमकी शोध करने वाले एक महान् विद्वान् महात्माका इस लोकसे देवलोक चले जानेसे जो धार्मिक कार्य और शोधक्षेत्रको व समाजको आघात पहुंचा है उसकी पूर्ति होना कठिन ही नहीं बहुत असम्भव है। श्री शासनदेवजीसे प्रार्थना है, ऐसी महान् दिव्य आत्माको शान्ति प्रदान करें। और उनके कार्यको चलानेकी किसी महान् व्यक्तिको शक्ति देवें, जिससे समाज और धर्मके कार्य चलते रहें।

(ता. १–७–७१)

## શ્રી જૈન સોસાયટી જૈન સંઘ, અમદાવાદ

પરમપૂજ્ય, આગમપ્રભાકર, શ્રુતશીલવારિધિ મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ શ્રુતપારગામી વિદ્વાન મુનિવર હતા, અને તેઓશ્રીની જ્ઞાનોદ્ધારને લગતી અનેકવિધ પ્રવૃત્તિઓ તેઓની આદર્શ શ્રુતભક્તિની કીર્તિગાથા બની રહે એવી હતી. તેઓએ પોતાનાં ૬૨ વરસ જેટલા દીર્ઘ દીક્ષાપર્યાય દરમ્યાન જીવનભર જ્ઞાનોપાસના, શાસ્ત્રસંશોધન, જ્ઞાનપ્રચાર અને જ્ઞાનની બહુમૂલ્ય સામગ્રીના રક્ષણનું સંતોષકારક કાર્ય પૂરી નિષ્ઠા અને એકાગ્રતાથી કરતાં રહીને, પોતાના દાદાગુરુશ્રી તથા ગુરુશ્રીના જ્ઞાનોદ્ધારના સંસ્કારવારસાને વિશેષ ગૌરવશાળી બનાવ્યો હતો. તેઓની વિદ્વત્તા અને જ્ઞાનોદ્ધારની પ્રવૃત્તિનો લાભ દેશ-વિદેશના વિદ્વાનોને બહોળા પ્રમાણમાં મળતો રહેતો હતો. અને તેથી તેઓશ્રીની સુવાસ વિદેશ સુધી પ્રસરી હતી.

વળી, શ્રમણજીવનના સારરૂપ સમભાવથી તેમ જ નિખાલસતા, ઉદારતા, સરળતા, નિરભિમાનવૃત્તિ, સત્યપ્રિયતા જેવા સદ્‌ગુણોથી તેઓનું જીવન વિશેષ ઉપકારક અને શોભાયમાન બન્યું હતું. આવા એક જ્ઞાનચારિત્રસંપન્ન મુનિવરનો મુંબઈમાં વિ. સં. ૨૦૨૭ના જેઠ વદિ ૬, તા–૧૪–૬–૭૧ સોમવારના રોજ સ્વર્ગવાસ થતાં જૈન સોસાયટી જૈન સંઘને તથા ભારતીય વિદ્યાના દેશ-વિદેશના વિદ્વાનોને બહુ મોટી ખોટ પડી છે.

સ્વર્ગસ્થ પૂજ્ય મુનિવરશ્રીએ આપણા જૈન સોસાયટી જૈન સંઘની વિનંતીથી આપણી સોસાયટીમાં બે ચાતુર્માસ કર્યાં હતાં, તે દરમ્યાન તેઓની વિદ્વત્તા અને હૃદયસ્પર્શી ધર્મદેશનાનો ઘણો લાભ મળ્યો હતો. તેઓનો આ ઉપકાર આપણે વીસરી શકીએ એમ નથી. શ્રી જૈન સોસાયટી જૈન સંઘની આ સભા પરમપૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના સ્વર્ગવાસ અંગે ઊંડી વેદનાની લાગણી દર્શાવે છે. અને તેઓશ્રીની અનેકવિધ શાસનસેવાઓની ખૂબ ખૂબ અનુમોદના કરવા સાથે તેઓશ્રીને ભાવપૂર્વક વંદન કરે છે અને પ્રાર્થના કરે છે કે તેઓના પગલે ચાલવાની બુદ્ધિ, શક્તિ અને ભાવના જૈન સંઘમાં પ્રગટે. (તા. ૫–૭–૭૧)

## श्री आत्मानन्द जैन सभा, होशियारपुर

सकल श्रीसंघ होशियारपुर अपने परमपूज्य महामुनि विद्याभूषण, जैनरत्न, महान् साहित्यकार, आगमप्रभाकर मुनि श्री पुण्यविजयजी महाराजके देवलोक-गमनके समाचार पर महान् हार्दिक संवेदना प्रकट करता है। गुरुवरका सारा जीवन त्याग, तप और महान् साधनाका जीवन रहा। आपका साहित्यप्रेम और महान् साहित्यसेवा अद्वितीय है, जिसके लिए जैन समाज आपका महान् ऋणी है। जैन-जैनेतर सभी विद्वान् आपका हार्दिक मान करते थे। आप ज्ञान और गुणोंके भंडार थे। आपके वियोगसे जैन समाजको ऐसा आघात पहुंचा है, जिसकी क्षतिपूर्ति होनी असम्भव है। अत: सकल संघ गुरुवरके प्रति अपनी हार्दिक श्रद्धांजलि अर्पित करता है और शासनदेवसे उनकी आत्माको शान्तिकी प्रार्थना करता है। गुरुवर अमर रहें। (ता. १७–६–७१)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન પ્રગતિ મંડળ, પાલીતાણા

પ્રાચીન ભંડારોના ઉદ્ધારક વિદ્વાન મુનિવર્ય શ્રી આગમપ્રભાકર પૂજ્ય પુણ્યવિજયજી મહારાજશ્રી મુંબઈ મુકામે કાળધર્મ પામતાં આ સંસ્થા ઊંડા શોકની લાગણી અનુભવે છે. સ્વ. મુનિવર્યશ્રીએ પ્રાચીન ગ્રંથોના સંશોધન-પ્રકાશન માટે જીવન અર્પણ કર્યું હતું. શ્રુતજ્ઞાનના પુરસ્કર્તા અને પુનરુદ્ધારક સ્વ. વિદ્વાન મુનિવર્યશ્રીના નિધનથી જૈન સમાજને અને શાસનને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પૂજ્યશ્રીના પવિત્ર આત્માને શાસનદેવ ચિરશાંતિ અર્પે. (તા. ૧૬–૬–૭૧)

## નવગુજરાત કૉલેજ-પરિવાર, અમદાવાદ

પ્રજ્ઞા અને શીલસંપન્ન મહામુનિવર, આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજના કાળધર્મના સમાચાર સાંભળીને નવગુજરાત કૉલેજ-પરિવાર ઊંડા દુઃખની લાગણી અનુભવે છે. તેઓશ્રીએ જૈનધર્મ અને સંસ્કૃતિના શાસ્ત્રવારસાને જગત સમક્ષ રજૂ કરીને ભારતીય સાહિત્યની અપૂર્વ સેવા કરી હતી. જેસલમેરથી માંડીને ભાવનગર સુધીના ગ્રંથભંડારોને વ્યવસ્થિત કરી, એના તલસ્પર્શી અવગાહન દ્વારા સૂચિ બનાવીને કેટલાય અજ્ઞાત ગ્રંથોની દેશ-વિદેશના અભ્યાસીઓને અમૂલ્ય માહિતી પૂરી પાડી હતી.

પ્રાચીન જૈન ગ્રંથોના ઉદ્ધારક તરીકેની તેમની સેવા કદીય ભુલાશે નહીં. તેમના હાથે સંપાદિત થયેલા પ્રાચીન ગ્રંથો સંપાદનની દૃષ્ટિએ આજે પણ આદર્શ ગણાય છે. વિશેષ તો, આગમગ્રંથોનું ખૂબ પરિશ્રમપૂર્વક સંપાદન કર્યું, ને એથી જ સહુએ "આગમપ્રભાકર" બિરુદથી એમને નવાજી દીધા હતા. જ્ઞાનના આ વિરલ ઉપાસક પાસે હસ્તલિખિત અને છાપેલાં ત્રીસ હજાર જેટલા ગ્રંથો હતા. એમની આ સેવા જોઈને ગયે વર્ષે અમેરિકાની ઓરીએન્ટલ સોસાયટીએ માનદ સભ્યપદ આપીને એમના સંશોધનકાર્ય પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ઊંડા દુઃખની લાગણી અનુભવતા નવગુજરાત કૉલેજ-પરિવારને લાગે છે કે એમની નિર્વ્યાજ સાધુતા અને પ્રકાંડ વિદ્વત્તાની ખોટ માત્ર ગુજરાતને જ નહીં, પણ ભારતને અને વિદ્યાપ્રેમી જગતને સાલશે, એ નિઃશંક છે. (તા. ૧૫-૬-૧૯૭૧)

## શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર બોઘા (અમદાવાદ)

આગમપ્રભાકર પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબના કાળધર્મના સમાચાર સાંભળી અમારો સંઘ અત્યંત દુઃખમય આઘાતની લાગણી અનુભવે છે. કાળક્રમે નષ્ટપ્રાય થતા જતા જૈનદર્શનનો અને આગમસાહિત્યનો દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે કરેલ ઉદ્ધાર પછી તેના જેવું અને તેથીય કદાચ વિકટ કાર્ય પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજીએ આરંભ્યું હતું. દરેક આગમની શુદ્ધ વાચનાઓ સંશોધન પછી તૈયાર કરવી, અસ્તવ્યસ્ત થઈ ગયેલ પુસ્તકોને વ્યવસ્થિત ક્રમમાં ગોઠવવાં, પુસ્તકોનાં પાનાં, જે એકબીજામાં મિશ્ર થઈ ગયાં હોય, ઉધઈ ખાઈ ગઈ હોય કે ચોટી ગયાં હોય, શાસ્ત્રાનુસાર તેમને વ્યવસ્થિત રીતે ગોઠવવાં, શુદ્ધ ગાથાઓ અને તેના અર્થને બરાબર ગોઠવવાં વગેરે કાર્ય કંઈ નાનુંસૂનું ન હતું, કારણ કે જૈન શાસ્ત્રો તો સાગરથીય વિશાળ છે. અને તેય પાછું એકાદ જ્ઞાનભંડારને અનુલક્ષીને નહીં, પરંતુ જેટલા જેટલા પ્રાચીન જૈન ભંડારો હતા—પાટણ, ખંભાત, જેસલમેર વગેરે વગેરે—તે બધાનો પણ જીર્ણોદ્ધાર કરવો એ કપરું કાર્ય હતું. શક્ય તેટલો વધુમાં વધુ સમય પૂજ્યશ્રીએ આ કાર્ય પાછળ ખર્ચીને પોતાનું જીવન તો જ્ઞાનયજ્ઞમાં આપીને સ્વકલ્યાણ કરી ગયા છે જ, પરંતુ સાથે સાથે આપણા માટે જ્ઞાનનો શુદ્ધ વારસો મૂકી આપણા કલ્યાણ માટે પણ રસ્તો ખોલતા ગયા છે. પૂજ્યશ્રીના કાર્યને આગળ ધપાવી અને પૂર્ણ કરવામાં યથાશક્તિ ભોગ આપીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. (તા. ૨૪–૬–૭૧)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## Prakrit Text Society, Ahmedabad

Agamaprabhakara Muni Shri Punyavijayji's death is a great loss to the Prakrit Text Society. He was not only one of the founders of the Society but was the soul of the Society. Most of the books published by the Society are edited by him. Not only the Society but the scholars of Indian culture have lost by his death, a sympathetic and profound guide in various fields of Ancient and Medieval Indian Studies He was always ready to help any of the scholars from India and abroad, especially by providing them the mss whieh were not available to them otherwise. The members of the Managing body of the Society pray that his soul may be in peace. (16-8-73)

## શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર, પાલીતાણા

જૈન આગમોનું સંશોધન કરનાર અને પ્રાચીન પુસ્તકોનો જીર્ણોદ્ધાર કરનાર આગમપ્રભાકર મુનિવર્ય-શ્રી મુંબઈ મુકામે કાળધર્મ પામતાં જૈન ઉદ્યોગ કેન્દ્ર ઊંડો આઘાત અનુભવે છે અને ખેદ વ્યક્ત કરે છે. વિદ્વાન મુનિવર્યના અવસાનથી સાહિત્ય અને જ્ઞાનક્ષેત્રે ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પૂજ્ય મુનિવર્યશ્રીના પુણ્યાત્માને શાસનદેવ ચિરશાંતિ બક્ષો. (તા. ૧૬-૬-૭૧)

## श्री आत्मानन्द जैन हायर सैकण्डरी स्कूल, लुधिआना

हम श्री आत्मानन्द जैन हायर सैकण्डरी स्कूलकी कार्यकारिणीके समस्त सदस्य आगमप्रभाकर, प्रवरगीतार्थ, आगमसेवी, शासनोद्दीपक मुनिपुंगव श्री पुण्यविजयजी महाराजके असामयिक निधन पर हार्दिक शोक प्रकट करते हैं। गुरुदेव जैन शासनके एक अतीव प्रकाशमान नक्षत्र थे। व उनकी साहित्यिक सेवायें चिरस्मरणीय रहेंगी। ऐसी कर्मठ विभूतिकी क्षतिपूर्ति सर्वथा असंभव है। शासनदेव दिवंगत सन्तशिरोमणिकी वियुक्त आत्माको शान्ति प्रदान करें।

## જૈન સંઘ, અંધેરી (મુંબઈ)

તા. ૨૭-૬-૭૧, રવિવારના રોજ સવારના શ્રી અંધેરી જૈન સંઘની સભા, જૈન ઉપાશ્રયમાં, પંન્યાસ શ્રી બલવંતવિજયજીના સાંનિધ્યમાં મળી હતી. સભામાં મુનિવરો તથા અન્ય વક્તાઓએ મહારાજશ્રીને પોતાની શ્રદ્ધાંજલિ આપી હતી.

## જૈન સંઘ, ગોરેગાંવ (મુંબઈ)

તા. ૨૪-૬-૭૧, ગુરુવારના રોજ રાતના શ્રી ગોરેગાંવ શ્રીસંઘની સભા શ્રી શનાભાઈ તલકચંદના પ્રમુખપદે મળી હતી. શરૂઆતમાં સંઘના ટ્રસ્ટી અને મહારાજશ્રીના વયોવૃદ્ધ શિષ્ય મુનિ શ્રી જયભદ્રવિજયજીના પુત્ર શ્રી રમણુભાઈ શાહ, શ્રી જૂઠાભાઈ, જનશક્તિવાળી શ્રી ચીમનભાઈએ મહારાજશ્રીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શ્રી રમણુભાઈએ મહારાજશ્રીની નમ્રતા અને સાધુતાનો ઉલ્લેખ કરી જણાવેલું કે મારા પિતા-શ્રીએ ગુરુદેવ પાસે મોટી ઉંમરે દીક્ષા લીધી હતી અને તેઓ એમના શિષ્ય હતા, છતાં મહારાજશ્રીનો એમની સાથેનો વ્યવહાર એક ભાઈના જેવો હતો. પ્રમુખશ્રીના વક્તવ્ય બાદ સભા પૂરી થઈ હતી.

("જનશક્તિ" દૈનિક, મુંબઈના તા. ૨૬-૬-૭૧ના અંકના આધારે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્થાઓ, સંઘો તથા વ્યક્તિઓનાં
# કાગળો અને તારોમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## American Oriental Society, Yale Station, New Haven

A few days ago, this office received the sad news of the death last month of Muni Punyavijayaji, who was an honorary member of the American Oriental Society.

On behalf of the Society, I would like to express condolences to you, as a leading member of his Jaina Samgha. We were greatly honored at his willingness to associate his name with ours, and we are most grieved at his passing.

*Hugh M. Stimson*
*Secretary-Treasurer; 12-7-71.*

## Oriental Institute, Baroda

### Notice

The Oriental Institute will remain closed to-day after 2-30 p. m. as a mark of homage to the late Agamaprabhakar Munishri Punyavijayaji Maharaj, great scholar of Prakrits and Ancient Manuscripts.

*B. J. Sandesara*
*Director; 15-6-71.*

## Shri Sohanlal Jaindharma Pracharak Samiti, Amritsar

I, on behalf of myself and the Samiti, offer our condolence on the passing away of the Agam Prabhakar Shree Punya Vijaya ji. He was a great scholar especially learned in Jaina Agamas. He leaves a void not to be easily filled.

*Harjas Rai Jain*
*Hony. Secretary; 6-7-71.*

## The Stock Exchange, Ahmedabad

We are in receipt of your telegram intimating sad demise of Munishri Punyavijayaji. The members of our Stock Exchange paid homage to Munishri Punyavijayaji by closing the Market one hour earlier than schedule time.

*Mahendrakumar Chandulal*
*President; 15-6-1971.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સંસ્થાઓ તથા સંઘોના પત્રોમાંથી—

### राजस्थान प्राच्यविद्या प्रतिष्ठान, जोधपुर

यह समाचार पढकर हमें हार्दिक दुःख हुवा कि श्रीमान् पूज्य मुनि पुण्यविजयजीका निधन हो गया। प्रतिष्ठानसे मुनिजी महाराजका संबंध इसके स्थापना-कालसे ही रहा है और उनके सहयोगसे अनेक महत्त्वपूर्ण कार्य संपादित किये गये हैं। प्रतिष्ठान-परिवार दिवंगत आत्माको शान्तिके लिए प्रार्थना करता है।

( पुरुषोत्तमलाल मेनारीआ; १७-६-७१ )

### શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

આગમપ્રભાકર શ્રુતશીલવારિધિ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના કાળધર્મ પામ્યાના અત્યંત દુઃખદ સમાચાર તારથી મળ્યા. આ સભાનો તો એક આધારસ્તંભ તૂટી પડ્યો. જગતના વિદ્વાનોને એક મહાન સંશોધકની ખોટ પડી છે. જૈન સમાજને એક મહાન માર્ગદર્શક મુનિવરની લાંબા સમય સુધી ન પુરાય તેવી ખોટ પડી છે અને આ સભા ઉપર તો વજ્રાઘાત જેવું થયું છે. તેઓશ્રીની પુણ્ય સ્મૃતિમાં એકાદ પુસ્તક બહાર પાડવા અમારી ઇચ્છા છે. અમે આપ સહુ ગુરુદેવોના આશીર્વાદ અને સહકાર માગીએ છીએ.

( પૂ. આ. શ્રી. વિજયસમુદ્રસૂરિજી મહારાજ ઉપર લખેલ પત્રમાંથી)
( ખીમચંદ ચાંપશી શાહ, પ્રમુખ; તા. ૨૪-૬-૭૧)

### श्रीसंघ तथा श्री आत्मानन्द जैन सभा, सामाना

श्री आगमप्रभाकर श्रुतशीलवारिधि मुनिराज श्री पुण्यविजयजी महाराज साहेबका बम्बइमें देवलोक हो गया। हम जैन समाजके लिये यह घटना कितनी भारी थी जो कि हमारे दिलोंसे दूर नहीं हो सकती। वह एक जैन समाजकी महान् ज्योति थे, जिससे जैन समाज वंचित हो गया है। क्या किया जाये? कोई पेश नहीं चलती। उन्होनें एक महान् ज्ञानके उपलक्ष्यमें पुण्य पर विजय पा ली थी। हमारे प्रधानजी ला० सागरचन्दजीने बम्बईमें उनसे कुछ शास्त्रके मुतालिक मामूली बातें की थी। उनकी मधुर वाणी और उनकी सीरियतसे भरी हुई गर्जना थी वो हमारे दिलों पर अबतक याद हैं। ऐसे महापुरुष कम मिलते हैं। दुर्भाग्यकी बात है, ऐसे बेवक्त उनका चला जाना। जैन समाज वह जगह पूरी नहीं कर सकेगा। बहुत दिनोंकी बात है, सामानाके भंडारको देखनेके लिये एक पंजाबी सरदार साहिब आये; उनसे बातचीत होते समय उन्होंनें जिकर किया कि मैं श्री पुण्यविजय महाराजजीको मिलकर आया हूँ। वह महाराज पुण्यविजयजीकी बहुत तारीफ करते थे। हम समझते हैं, वो जैन समाज के विद्वान् नहीं थे बल्कि विश्वके विद्वान् थे। वो देवलोकमें भी जैन समाजकी अपनी करुण दृष्टिसे मेहरकी नजर रखेंगे। वो एक महान् पुरुष थे, Reformer थे, विश्वके विद्वानोंमें उनका नाम था।

( ता. १-७-७१ )

### श्री आत्मवल्लभ जैन पंजाबी संघ, आगरा

समाचार पत्रोंमें आगमप्रभाकर मुनि श्री पुण्यविजयजी महाराजका बम्बइमें निधन पढकर बहुत दुःख हुआ। जैन समाजको बहुत बडा धक्का लगा है।

( रघुवीरकुमार जैन, मंत्री; ता. १९-६-७१ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર

પરમપૂજ્ય આગમપ્રભાકર, શાંતમૂર્તિ મુનિમહારાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના સ્વર્ગવાસથી દિલને ભારે આંચકો લાગ્યો. તેઓશ્રીની વિદ્વત્તા, સહૃદયતા, ઉમદા વિચારશ્રેણી તથા જિંદગીભર જૈન આગમો, તેને લગતાં સાહિત્યપ્રવૃત્તિનાં કાર્યો અને ગ્રંથભંડારોને વ્યવસ્થિત કરવાની અમૂલ્ય સેવા આંખ સામે તરવરી રહેલ છે. ધન્ય એ મહાપુરુષને! તેમણે તો જિંદગીની બરાબર સાર્થકતા કરી જાણી. તેઓશ્રીની ગેરહાજરીથી આપના સમુદાયમાં તો ખોટ પડી છે, પણ સમગ્ર જૈન સમાજને તેઓશ્રીની જે મોટી ખોટ પડી છે તે પુરાશે કે કેમ તે વિચારવા લાયક પ્રશ્ન છે.

( ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, પ્રમુખ; તા. ૧-૭-૭૧ )

## શ્રી દેશાઈપોલ જૈન પેઢી, સૂરત

પૂજ્ય આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજના કાળધર્મના સમાચાર શહેરમાં વિજળીવેગે પ્રસરી જતાં સૂરત જૈન સંઘ શોકસાગરમાં ડૂબી ગયો છે. એમના આત્માને શાન્તિ પ્રાપ્ત થાઓ. એમના નિધનથી જૈન સમાજ વધુ ગરીબ બન્યો છે, જે ખોટ લાંબા સમય સુધી સાલશે.

( કિશોરભાઈ વી. શાહ, મેનેજર; તા. ૧૫-૬-૭૧ )

## श्रीसंघ (श्री आत्मानन्द जैन महासभा), चण्डीगढ

महाराज श्री पुण्यविजयजीके जैन जगतसे अचानक अलैदा हो जानेकी सख्त दुःखभरी खबर पढी। पढकर बेहद दुःख पहुंचा। इसमें जराभर भी शक नहीं कि आज जैन जगत इस अनमोल रत्नसे महरूम हो गया है, जिसने जैन इतिहासको चार चांद लगायें और इतिहासके जीवनको अमर बनानेके लिए अपना जीवनका जीवन दे दिया। श्री महाराज साहिबकी जुदायगी पर आज तो इतिहासका पन्ना पन्ना दुःखके सागरमें डूबा हुआ होगा, मगर कालके आगे पेश नहीं चलती। हम तो यकीन करते हैं कि उनकी आत्मा और आत्माके पवित्र नयन सदा हमारे इतिहासकी साथ-सम्भालमें रहेंगे और सदा जैन जगतको अपने प्यार और महान विद्वत्ताका अमृत पिलाते रहेंगे।

( नाजरचन्द, वाइस प्रेसीडेन्ड; ता. ३०-६-७१ )

## શ્રી સંઘ, રાંદેર

સમાચાર મંગળવારે ગામમાં વિજળીવેગે પ્રસરી જતાં જૈન સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. તેમના નિધનથી જૈન સમાજને ન પુરાય એવી ખોટ પડી છે, જે ખોટ લાંબો સમય સુધી સમાજને સાલશે.

( રતિલાલ ચુનિલાલ સંઘવી, ઉપપ્રમુખ; તા. ૧૬-૬-૭૧ )

## श्री आत्मानन्द जैन महासभा पंजाब, अम्बाला शहर

यह जानकर कि हमारे पूज्य मुनि श्री पुण्यविजयजी महाराजका स्वर्गवास हो गया है, समस्त श्रीसंघ शोकमग्न हो गया। उनके कारण पंजाब श्रीसंघको सामाजिक जागृति एवं धर्मप्रभावनाकी अपूर्व प्रेरणा मिलती रहती थी। आज जो पंजाबमें जैन समाजका विकास हुआ है उसके पीछे महाराजश्रीजीकी प्रेरणा और आशिषका बल था। आज उनके स्वर्गवासका समाचार सुनकर तो श्रीसंघ अपने आपको अनाथ-सा समझने लगा है। (ता. १९-६-७१)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન મોટી ટોળી, પાલીતાણા

પૂજ્ય શાસનદીપક, આગમપ્રભાકર પૂ. પુણ્યવિજયજી મ. સા. ના કાળધર્મના સમાચાર જાણી અત્યંત આઘાત થયો છે. શાસનનો એક ભવ્ય તેજસ્વી દીવડો બુઝાઈ જતાં શાસન વિશેષ રંક બન્યું છે. સાહિત્ય-ક્ષેત્રે પૂજ્યશ્રીએ કરેલ કાર્ય માટે જૈન સમાજ હમેશાં તેમનો ઋણી રહેશે. સદ્‌ગતના સ્વર્ગગમનથી આપણને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

( રતિલાલ વેલચંદ ઝવેરી; વ્રજલાલ પાનાચંદ વોરા; શાંતિલાલ ચત્રભુજ ગાંધી; ગોરધનદાસ દેવચંદ ધામી; તા. ૧૫–૬–૭૧ )

# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ધંધુકા

તેઓશ્રીના કાળધર્મના દુઃખદ સમાચારથી અમારો શ્રીસંઘ ખૂબ ઊંડા દુઃખની લાગણી અનુભવે છે. તેઓશ્રીની અમારા શ્રીસંઘ પ્રત્યે ખૂબ લાગણી હતી. અત્રેના શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર અને પૌષધશાળાના મકાનનું ઉદ્‌ઘાટન શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના શુભ હસ્તે થયેલ તે પ્રસંગે તેઓશ્રી અત્રે પધારેલા, તેથી વિશેષ પરિચય થયેલો. જેમણે આખી જિંદગી શ્રુતજ્ઞાનની ભક્તિ અને ઉપાસના કરી જૈન શાસન ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેઓશ્રી જતાં જૈન શાસનમાં ન પુરાય એવી ખોટ પડી છે.

( ગાંધી પોપટલાલ પાનાચંદ; શા. લહેરચંદ નાગરદાસ; ચીમનલાલ ચત્રભુજ બેલાણી; તા. ૧૬–૬–૭૧ )

# श्री जैन श्वेताम्बर मूर्तिपूजक संघ, अंबाला शहर

आगमप्रभाकर शान्तमूर्ति श्रुतशीलवारिधि मुनि श्री पुण्यविजयजीके देवलोकगमन पर श्रीसंघ अम्बाला शहर हार्दिक शोक प्रकट करता है। इनके चले जानेसे बडी भारी कमी हो गई है। इनके चले जानेसे जैन समाजको ही नहीं बल्कि विश्वभरके विद्वानोंमें बडी भारी कमी हो गई है। और आगम-संशोधन और प्रकाशनमें बडी भारी रुकावट पड जानेका अन्देशा है। ये जगह पूरन होनी असम्भव है।

( रिखवदास जैन, मन्त्री; ता. २६–६–७१ )

# શેઠ શાન્તિલાલ વર્ધમાનની પેઢી, પાલેજ

પૂજ્ય આગમપ્રભાકરના સ્વર્ગવાસના સમાચાર સાંભળી આખા ગામમાં ખૂબ શોક છવાઈ ગયો છે. મર્હૂમના માનમાં કાલે સવારે શોકસભા રાખવામાં આવી છે. અને તેમના નિમિત્તે ધર્મક્રિયા અને બીજા યોગ્ય કાર્યક્રમ રાખવામાં આવશે.

( ચીમનલાલ છોટાલાલ પાટણવાળા, સેક્રેટરી; તા. ૧૫–૬–૭૧ )

# श्री आत्मानन्द जैन सभा, रोपड

संस्कृतियोंके इन मार्गों पर प्रकाण्ड विद्वान् और लोकरक्षक महापुरुष और लोकरंजक देवता और कलाके उपासक आये और ऐसी दिव्य विभूतिओंके भी इन मार्गों पर दर्शन हुवे, जिनके तपोमय जीवनने, जिनकी संयम-साधनाने, जिनकी प्रखर प्रतिभाने जगजीवोंके उद्धारमें योगदान दिया। ऐसे ही संयमोपासक, तपस्वी, प्रतिभाशाली, आगमप्रभाकर, आचार्य श्री पुण्यविजयजी महाराज हुये हैं, जिनका कि आषाढ वदि षष्ठीको बम्बईमें देवलोकगमन हुआ। इस समाचारको सुनकर रोपडमें शोक छा गया है। उनके जानेसे जैन समाजमें हीं नहीं बल्कि विश्वभरके विद्वानोंमें बडी भारी कमी हो गई है। आगमोंका संशोधन करना व प्रकाशित करना, महान् कार्य इन्हीं समृद्ध महापुरुषका था।

( केवलचन्द जैन; ता. १८–७–७१ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી આત્માનંદ જૈન ગુરુકુલ, ઝઘડિયા

આપશ્રીના તરફથી પરમપૂજ્ય પરમોપકારી આગમપ્રભાકર પુણ્યવિજયજી મહારાજ સાહેબના કાળધર્મ પામ્યાના સમાચાર તારથી જાણી શ્રી જૈન સંઘ સમસ્તને તેમ જ હમોને અંગત તથા ઝઘડિયા શ્રી આત્માનંદ જૈન ગુરુકુળની કમિટિના સભ્યોને ઘણો આઘાત થયો છે. એમના કાળધર્મ પામ્યાથી આખા જૈન સમાજને ઘણી મોટી ખોટ પડશે. સંઘ તરફથી આવતી કાલે શોકસભા રાખવામાં આવી છે. આપણા પૌરાણિક પુસ્તકોનો, વૃદ્ધાવસ્થા તેમ જ શારીરિક અશક્તિ હોવા છતાં, ઉદ્ધાર કરવામાં તેઓશ્રીએ જે જહેમત ઉઠાવી છે તે ઉપકાર ચિરંજીવ રહેશે.

( શા. મૂલચંદ લક્ષ્મીચંદ; તા. ૧૫–૬–૭૧ )

## श्री आत्मानन्द जैन हाईस्कूल, अम्बाला सीटी

जैन भण्डारों और हस्तलिखित ग्रथोंकी शोध करने वाले, जैन इतिहास व आगमके प्रतिष्ठित विद्वान्, आगमप्रभाकर मुनिपुंगव श्री पुण्यविजयजीके देवलोक-गमन पर प्रबन्ध समिति हार्दिक दुःख तथा शोक प्रकट करती है। उन्होंने जैन शासनकी सराहनीय सेवा की। ( ता. २८–७–७१ )

## શ્રી ભરૂચ જૈનધર્મ ફંડ પેઢી, ભરૂચ

પરમપૂજ્ય આગમપ્રભાકર, પુરાતત્ત્વવેત્તા, પૂજ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબના કાળધર્મ પામ્યાના સમાચાર જાણી અત્રેના સકળ સંઘે ખૂબ જ આઘાત અનુભવ્યો છે.

પૂજ્યશ્રી આપણા મહાવિદ્વાન સાધુસમુદાય પૈકીની આગલી હરોળના વિદ્વાન હતા, અને આપણા આગમનાસંશોધન ક્ષેત્રે તેઓશ્રીએ આપેલ ફાળો અમૂલ્ય છે. તદુપરાંત પણ તેઓશ્રીએ અનેક ક્ષેત્રોમાં સંશોધન કરેલ છે.

પૂજ્યશ્રીની અજોડ વિદ્વત્તા તથા અનેકવિધ શાસનસેવાનાં કાર્યોથી તેઓશ્રીનું નામ જૈન શાસનના ગગનમાં સદાય ચમકતું અને પ્રકાશતું રહેશે. અને તેઓશ્રીની ખોટ પુરાવી અતિ મુશ્કેલ છે.

( સુરેશ ગટુભાઈ નાણાવટી; તા. ૧૬–૬–૭૧ )

## श्री आत्मवल्लभ प्रेम भवन प्रवन्धक कमेटी, दिल्ली

श्री आत्मवल्लभ प्रेम भवन (तपागच्छीय उपाश्रय) प्रबन्धक कमेटी व श्री जैन श्वेताम्बर तपागच्छ संघ दिल्लीकी यह सभा आगमप्रभाकर मुनि श्री पुण्यविजयश्रीजी महाराजके देवलोकका समाचार ज्ञात कर हार्दिक दुःख प्रकट करते हैं।

( अक्षयकुमार जैन, मन्त्री; ता. २६–६–७१ )

## श्री आत्मानन्द जैन हायर सैकडन्री स्कूल, लुधियाना

आगमप्रभाकर, गीतार्थप्रवर, सन्तशिरोमणिके स्वर्गारोहणका समाचार हमारे लिए तथा समस्त जैन शासनके लिए वज्रपातके समान हैं। उनकी असंख्य सेवाएं चिरस्मरणीय रहेंगी। आज उनके चले जानेसे एकवार फिर जैनसमाज अपने आपको अनाथ-सा महसूस कर रहा है। सचमुच, वे जैन-शासनके पुंजीभूत गौरव थे। उनकी क्षतिपूर्ति असंभव है।

( राजकुमार जैन, मंत्री; ता. ९–७–७१ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી તપગચ્છ જૈન સંઘ, વાંકાનેર

પૂજ્ય આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે તે જાણીને શ્રીસંઘને દુઃખ થયેલ છે. શ્રીસંઘમાં આવા પવિત્ર અને આગમપ્રભાકર મુનિરાજની ખોટ પડેલ છે.

(જીવરાજ સૌભાગ્યચંદ મહેતા; તા. ૧૬–૬–૭૧)

## श्री जैसलमेर लौद्रवपुर पार्श्वनाथ जैन श्वेताम्बर ट्रस्ट, जैसलमेर

यह नहीं समझा था कि एकाएक गुरुदेव हमारे बीचसे चले जायेंगे। बल्कि भावना थी कि एक दफा जैसलमेर फिर लाना। भवितव्यताको कोई टाल नहीं सकता।

(मानमल चोरडिया; ता. ६–७–७१)

## શ્રી ઊંઝા જૈન સંઘ, ઊંઝા

પુણ્યાત્મા આગમપ્રભાકર, મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીના સ્વર્ગગમનના સમાચાર સાંભળી અમારા શ્રી સકળ સંઘમાં ઘેરી શોકની લાગણી પ્રસરિત થઈ છે. પૂજ્ય મુનિશ્રીનું આગમનું કામ અધૂરું જ રહ્યું તેથી વિશેષ ખેદનું કારણ છે.

(શા. પૂનમચંદ વાડીલાલ; તા. ૧૬–૬–૭૧)

### તારસંદેશા

[જૈન સંઘો તથા સંસ્થાઓ તરફથી આવેલ તારસંદેશા પૂનામાં પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી આત્માનંદ જૈન સભા અને શ્રી વાલકેશ્વર જૈન સંઘ ઉપર આવ્યા હતા. એમાંથી થોડાક તારો અને બાકીના તારો મોકલનારાઓની યાદી અહીં આપી છે.]

The Institute deeply mourns the Nirvana of the reverend Punyavijayaji Maharaj.

*—Dr. Vaidya, Bhandarkar Institute, Poona.*

We Jains in Ahmedabad are extremely shoeked to received the news of eternal Samadhi of Pujya Agamprabhakar Shri Punyavijayaji Maharajshri. We pay our homage and profound reverance to the great learned scholar of Jain Sadhu Samaj.

*—Jain Sangh, Ahmedabad.*

Extremely grieved to hear sad demise of Pujya Shree Punyavijayji, a jewel of Jain Sangh for last 500 years and for work done of 500 years. We are specially grieved as Kapadwanj was his birth-place. May his soul rest in peace.

*—Jain Sangh, Kapadwanj.*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Shocked to hear sudden unexpected death of Pujya Shri Punyavijayaji. Jain Community of India, Indian and foreign research scholars are highly indebted to him. Services rendered by him in research of Agamsutras and other religious Granthas are highly memorable. Jain community and entire nation has lost a world-famous research magnet May god bestow on him eternal peace.

*—Jain Sangh, Atmanand Jain Upashraya,*
*Mahavir Jain Vidyalaya, Baroda.*

Received wire. Whole Jain community at a loss by losing Shri Punyavijayji. His devotion to ancient scripts and literature was unique. May his soul rest in peace.

*—Dr. Mahasukhlal Mehta and*
*Jain Sangh, Junagadh.*

Sad demise of Agamprabhakar Shri Punyavijayaji Maharaj a great loss to Jain community and students of Jainology and Indology. Void difficult to fill in. Pray eternal rest to the departed soul.

*—Atmanand Jain Sabha, Delhi.*

Hearing about passing away of Pujya Agamprabhakar Shri Punyavijayji Maharaj we have done Devavandan. We have really lost a holy learned saint. His is an unbearable loss to Jain society and nation at large. Wish his soul may enjoy eternal peace

*—Jain Sangh, Limbdi.*

Heard news Agamaprabhakar's sad demise with profound regret. Jain Samaj has lost most learned philosopher whose gap will remain unfilled. May his soul rest in bliss.

*—Jain Samaj, Dr. Vallabhdas, Morvi.*

Received. Pujya Agamprabhakar Punyavijayji has done unforgettable deed to the Jain community. His name will remain till eternity. May the departed soul remain in peace.

*—Atmanand Jain Sabha, Amritsar.*

Extremely grieved for Kaldharam of Agamprabhakar Punyavijayaji Maharaj. Jain Shasan deprived of invaluable jewel. May his soul rest in peace.

*—Shri Chandraprabhu old temple, Mysore.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તારોની યાદી

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, વલ્લભવિદ્યાનગર શાખાની સ્થાનિક કમીટી, ગૃહપતિ અને વિદ્યાર્થીઓ.
શ્રી સ્તંભતીર્થ તપગચ્છ જૈન સંઘ, ખંભાત.
શેઠ અંબાલાલ પાનાચંદ જૈન ધર્મશાળાસંઘ, ખંભાત.
શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ, ઝગડિયા અને એના મંત્રી શ્રી ચીમનલાલ છોટાલાલ, પાલેજ.
શ્રીસંઘ, અંબાલા સીટી.
શ્રીસંઘ, નાગોર (રાજસ્થાન)
શ્રીસંઘ, જલંદર.
શ્રી જૈન સંઘ, મૈસૂર.
શ્રીસંઘ તથા ભુરાભાઈ ફૂલચંદ, વળાદ.
જૈન પંજાબી શ્રીસંઘ, આગરા.
શ્રી આત્માનંદ જૈન સભા, સામાના.
પાટણ જૈન ભોજક જ્ઞાતિ, પાટણ.
શ્રી સાગર જૈન ઉપાશ્રય, પાટણ.
જૈન સંઘ, મહુધા.
શ્રી રાજસ્થાન જૈન સંઘ, કોઈમ્બતુર.
જૈન સંઘ, કોઈમ્બતુર.
શ્રી તપાગચ્છ સંઘ, જયપુર.
જૈન સંઘ, પિંડવાડા.
જૈન સંઘ, વલસાડ.
જૈન સંઘ, કરચેલિયા.
જૈન સંઘ, પાલનપુર.
જૈન સંઘ, નવસારી.
શ્રી મહાજન અને ચુનીભાઈ શેઠ, પાલીતાણા.
શ્રી તપગચ્છ જૈન સંઘ, મહુવા.
શ્રી નવાપુરા જૈન સંઘ તથા મુનિ શ્રી ક્ષમાસાગરજી મહારાજ, સૂરત.
પરમાર ક્ષત્રિય જૈન સભા, બોડેલી.
જૈન સંઘ, ભાવનગર.
શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
જૈન સંઘ તથા આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી, વડોદરા.
શ્રી મીઠાભાઈ કલ્યાણચંદ જૈન સંઘ, કપડવંજ.
શ્રી જૈન તીર્થ કમીટી તળાજા.
શ્રી જૈન ખરતરગચ્છ સંઘ તથા સાધ્વીજી શ્રી વિચક્ષણશ્રીજી, દિલ્લી.
શ્રી જૈન શ્વેતાંબર સંઘ, અજમેર.
શ્રી વિજયદેવસૂરિ સંઘ, ડભોઈ.

## પૂજ્ય શ્રમણ-સમુદાયના પત્રોમાંથી

**પૂ. આ. મ. શ્રી માણેકસાગરસૂરિજી મહારાજ :** મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના સ્વર્ગવાસ થયાના સમાચાર મુંબઈ સમાચારમાં વાંચ્યા. તેઓશ્રી મિલનસાર અને સરલ આત્મા હતા. તેઓની ખોટ પડી છે. ( નંદરબાર; જેઠ વદિ ૮ )

**પૂ. આ. મ. શ્રી વિજયપ્રતાપસૂરિજી મ., પૂ. આ. મ. શ્રી વિજયધર્મસૂરિજી મ. તથા પૂ. મુ. શ્રી યશોવિજયજી મહારાજ :** જૈન શ્રમણસંઘમાં રત્ન સમાન શ્રીમાન્ આગમપ્રભાકરજી પુણ્યવિજયજી મહારાજના કાળધર્મના સમાચાર જાણીને અમોને અત્યંત દુઃખ થયેલ છે. પ્રાચીન હસ્તલિખિત ભંડારોને વ્યવસ્થિત કરવાના અને જૈન આગમાદિ ધર્મશાસ્ત્રોનું સંશોધન-સંપાદન કરવાના પવિત્ર કાર્યમાં આ કાળમાં તેઓ પ્રથમ નંબરના શિરોમણિ સાધુપુરુષ હતા. શ્રુતની કિંવા સમ્યગ્જ્ઞાનની ઉપાસનામાં સમગ્ર જીવનને સમર્પિત કરનાર આવા પુણ્ય પુરુષની સેંકડો વર્ષો બાદ શાસનને મળેલ ભેટ અદશ્ય થવાથી જૈન સંઘને ન પુરાય તેવી મહાન ખોટ પડેલ છે. તેઓશ્રીનો નમ્ર અને સરલ સ્વભાવ તેમ જ સજ્જનતાની સુવાસ કોઈ પણ વ્યક્તિથી ભુલાય તેમ નથી. અમારી સાથે તેઓશ્રીનો ધર્મસ્નેહ ઘણો વધુ પ્રમાણમાં હોવાથી તેઓશ્રીની ભવ્ય મૂર્તિ અમારા હૃદય સમક્ષ વારંવાર ખડી થાય છે, અને અમારી આંખો અશ્રુભીની બને છે. આવતી કાલના ગુણાનુવાદ સાથે શ્રદ્ધાંજલિ સમર્પણ કરવાના પ્રસંગમાં અમારા તરફની પણ શ્રદ્ધાંજલિ સ્વીકારશો. અને એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ. પુણ્યાત્માને શાસનદેવ જ્યાં હોય ત્યાં અપૂર્વ શાન્તિ અર્પણ કરે એ અમારા દિલની ભાવના જાણશો. દ. ધર્મવિ.ના ધર્મલાભ.

યશોવિજયના ધર્મલાભ સાથે–મારું દિલ અને દિમાગ સ્તબ્ધ બની ગયું છે, જેથી કંઈ જ સૂઝતું નથી, જેથી પૂ. ગુરુજીએ જે લખ્યું છે તેમાં અત્યારે તો મારો સૂર પુરાવું છું. તેઓશ્રીનો આત્મા ફરીથી આ સૈકાને અંતે આગમનું કામ પૂરું કરે તેવા સ્થળે ઉત્પન્ન થયો હોય તેવી ઝંખના કરું છું.

મારા ધર્મલાભ સાથે ઉપર લખેલ શ્રદ્ધાંજલિ અમારી સહુની સંયુક્ત ગણી લેશો. દઃ પ્રતાપવિ. (પ્રતાપસૂરિ).

(વાલકેશ્વરની ગુણાનુવાદ સભા પ્રસંગે વાલકેશ્વર દેરાસરના ટ્રસ્ટીઓ ઉપર મોકલેલ સંદેશ. મુંબઈ, બોરીવલી પૂર્વ; તા. ૧૯–૬–૭૧).

**પૂ. આ. મ. શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ :** આ સમાચારથી આપણને તો શું પરંતુ સૌકોઈ સાંભળનારને મહાદુઃખ થયા વિના ન રહે. એઓશ્રીજીની ખોટ પૂરી શકાય એમ નથી. આપણા સમુદાયમાં નહિ પરંતુ જૈન સમાજમાં એક મહાન વિદ્વાન મહાપુરુષ હતા. એઓશ્રીજીનું અધૂરું રહેલું કાર્ય કોઈ પૂરું કરી શકે એમ નથી, પણ કાળની આગળ કોઈનું કાંઈ પણ ચાલતું નથી. એઓશ્રીજીના વિરહમાં અમો સંવેદના પ્રગટ કરીએ છીએ. આજે ચતુર્વિધ શ્રીસંઘ સાથે દેવવંદન કર્યું અને અઠ્ઠાઈ મહોત્સવ કરાવવાનું નક્કી કર્યું. આવતી કાલે શોકસભા રાખી છે. (શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કાર્યકરો તથા શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા ઉપરના પત્રમાંથી. પૂના; તા. ૧૫–૬–૭૧)

સ્વયં પ્રખર પ્રૌઢ વિદ્વાન હોવા છતાં વિવેકશીલ, નમ્રતા અને વિવેક આદિ ઘણા ગુણો જોવા મળ્યા. દીક્ષાપર્યાયમાં મારા કરતાં બે વર્ષ મોટા હતા અને ગુણોના ભંડાર હતા, છતાં મારું માન બરાબર સાચવતા હતા. જ્યાં બિરાજતા હતા ત્યાંથી હું નીકળું તો તરત જ હાથ જોડી ઊભા થઈ જતા હતા અને હું પણ આવી જ રીતે એમનું માન સાચવતો હતો. ખાસ જરૂરત પડે તો તેઓશ્રીજીની સલાહ પણ લેતો હતો અને એઓશ્રીજી ઉદાર દિલે સલાહ આપતા હતા. ગુરુદેવની જન્મશતાબ્દી પ્રસંગે સારો સહકાર આપ્યો હતો. ગુરુદેવના પ્રત્યે તો એઓમાં બહુમાન અને ભાવભક્તિ હતી. એઓશ્રીજીની તબિયત નાદુરસ્ત રહેવા છતાં શાસ્ત્રસંશોધનનું કામ તો સતત કર્યા જ કરતા હતા. આગમસંશોધનના કાર્યમાં એવા તો મસ્ત રહેતા હતા કે આહાર, પાણી વગેરેનો ખ્યાલ પણ ન રહે. અમદાવાદમાં સંવત ૧૯૯૦માં વિશાળ મુનિસંમેલન થયું હતું તેમાં પણ તેઓ અગ્રગણ્ય ભાગ લેતા હતા. ભાયખલામાં એક કચ્છી બહેનની દીક્ષા થઈ હતી, ત્યારે તેઓશ્રી પધાર્યા હતા ને સાધ્વીઓના વ્યાખ્યાન સંબંધી સુંદર મહત્ત્વશાળી વ્યાખ્યાન આપ્યું હતું. ભાયખલાથી અમો બંને ઉપાશ્રય બહાર નીકળ્યા અને હું દેરાસરમાં દર્શન કરવા ગયો અને એઓશ્રી મારી વાટ જોતા ત્યાં બિરાજી રહ્યા. પછી અમો બંનેએ એકસાથે વિહાર કર્યો. જ્યાં સુધી એક રસ્તો હતો ત્યાં સુધી અમે સાથે રહ્યા; પછી રસ્તો પલટાતાં અમો બંનેએ પરસ્પર સ્નેહભાવથી મળી સુખશાતા પૂછી. એઓએ વાલકેશ્વર તરફ વિહાર કર્યો ને મેં પૂના તરફ વિહાર કર્યો. અમો બંને જુદા પડયા ત્યારે બન્નેની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. પણ કોને ખબર હતી કે અમે બન્ને હંમેશને માટે જુદા પડી રહ્યા છીએ! એઓશ્રીજી વિનય, વિવેક, ગંભીરતા, વિશાળતા, ઉદારતા, સમયજ્ઞતા, વિદ્વત્તા આદિ ગુણોથી ભરપૂર હતા. એઓશ્રીના વિષયમાં લખનાર હોય તો મોટું પુસ્તક થઈ જાય. એઓની ખોટ વિદ્વાનોને ખટકી રહી છે. એ ખોટ પુરાય એમ નથી. જૈન સમાજને એક અમૂલ્ય વ્યક્તિની ખોટ પડી ગઈ; એ ખોટ પુરાય એમ નથી. (રતિલાલ દીપચંદ દેસાઈ ઉપરના પત્રમાંથી. પૂના; તા. ૪–૭–૭૧).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પૂ. આ. મ. શ્રી હેમસાગરસૂરિજી મહારાજ :** જૈન સાહિત્યના સતત અભ્યાસી મુનિરાજ શ્રી પુણ્યવિજયજીના સ્વર્ગવાસથી સમગ્ર ભારતના સંઘમાં એવા પુણ્યાત્માની મહાખોટ પડેલી અનુભવાય છે. એમના પોતાના સમગ્ર લાંબા દીક્ષાપર્યાયમાં હસ્તલિખિત પુસ્તકોના ભંડારોનો ઉદ્ધાર, તેવા અપ્રસિદ્ધ સાહિત્યને સંશોધનાદિ વિધિમાં પસાર કરી આધુનિક રીતે પ્રસિદ્ધ કરાવવા ઇત્યાદિક સાહિત્યવિષયક જૈન શાસનને અને જૈન સંઘને મોટો વારસો આપેલો છે; તેમની પછી તે વારસો સંભાળનાર તેવા કોઈ નજરમાં આવતા નથી, છતાં બહુરત્ના વસુંધરા ન્યાયે અને શાસન હજુ લાંબા કાળ સુધી અવિચ્છિન્ન પરંપરા પ્રમાણે વર્તવાનું છે. આજના એકત્રિત થયેલા ચતુર્વિધ શ્રીસંઘને આવા તેમના જેવા હસ્તલિખિત ગ્રંથો વાંચવા-લખવા, પ્રેસ કોપીઓ તૈયાર કરાવી સંશોધન-મુદ્રણાદિ કાર્યો કરી શકે તેવા વિદ્વાનો તૈયાર થાય તે માટે ઉપસ્થિત શ્રમણપ્રધાન શ્રી જૈન સંઘને અભ્યર્થના કરું છું. વળી, સ્વર્ગસ્થ આત્માના સમગ્ર જીવનની જૈન સાહિત્યની કરેલી સેવાની અનુમોદના કરી તેમનો આત્મા ચિરશાંતિ અનુભવે તેવી શ્રદ્ધાંજલિ આ ટૂંકા પત્ર દ્વારા મોકલી કૃતાર્થ થાઉં છું. (વાલકેશ્વરની ગુણાનુવાદ સભા પ્રસંગે મોકલેલ સંદેશ. મુંબઈ; તા. ૧૯–૬–૭૧.)

**પૂ. આ. મ. શ્રી વિજયઉદયરત્નસૂરિજી મહારાજ :** મુંબઈ આગમપ્રભાકર પુણ્યવાન, પુણ્યવિજયજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યાના ઘણા જ દુઃખમય સમાચાર જાણી આત્માને ઘણું જ દુઃખ થયું છે. આજરોજ અમો બન્નેએ આચાર્ય મહારાજ શ્રી કસ્તૂરસૂરિજી મહારાજ આદિ ઠાણા ૧૪ સહિત દેવવંદન કર્યું છે. (અમદાવાદ, સાબરમતી; તા. ૧૫-૬–૭૧)

**પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ આદિ :** આજે નવ વાગે દૈનિક પત્ર "જનશક્તિ" તથા "મુંબઈ સમાચાર" છાપામાં આગમપ્રભાકરજી મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના કાલધર્મના સમાચાર વાંચી અત્યંત દિલગીરી થઈ. ચતુર્વિધ શ્રીસંઘ સાથે દેવવંદન કર્યું. શાસનદેવ તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ આપો તેવી પ્રાર્થના કરીએ છીએ. તેઓશ્રીના કાળધર્મ પામવાથી જૈન સંઘમાં જ્ઞાની મુનિભગવંતની ન પુરાય તેવી ખોટ પડી છે. (કુર્લા; જેઠ વદિ ૭, મંગળવાર, વિ સં. ૨૦૨૭)

**પૂ. મુ. શ્રી જંબૂવિજયજી મહારાજ :** આજનો દિવસ મારે માટે ઘણો આઘાતજનક અને વેદનામય બન્યો છે. અમે માંડવી પાસે રાયણ નામે ગામડામાં હમણાં છીએ. એક ભાઈએ માંડવીથી ફોન દ્વારા સમાચાર મોકલ્યા કે 'કચ્છમિત્ર નામના કચ્છના છાપામાં સમાચાર છે કે પુણ્ય વિ. મ. નો મુંબઈમાં સ્વર્ગવાસ થયો છે.' આ સમાચાર સાંભળી મને અનેક રીતે આઘાત–સખત આઘાત–થયો. છવ્વીસ-છવ્વીસ વર્ષોનો ગાઢ સંબંધ અને એમાં થયેલા એમના વ્યક્તિત્વના અનુભવો આંખ સામે ખડા થયા. હમણાં તો લક્ષ્મણભાઈનો મને પત્ર હતો કે હોસ્પીટલમાં છે અને આરામ થઈ જશે. ત્યાં આ અચાનક સમાચારથી સખત આંચકો જ લાગ્યો. શું લખું? કેટલું લખું? મારા અંગત જીવનમાંથી કોઈ મહત્ત્વનું વિશિષ્ટ અંગ કપાઈ ગયું હોય એવું મને લાગે છે. જ્ઞાનસાગરમાં જીવનભર ડૂબી રહેનાર અને અગાધ જ્ઞાનના અજોડ ભંડાર એવા આ મહાપુરુષ પાસેથી ઘણી ઘણી અપેક્ષા અને આશા સંઘને હતી ત્યારે જ એ ચાલ્યા ગયા. તમને સૌને ઘણું દુઃખ તો હોય જ. સંઘમાં પણ અમારા જેવા અનેકને આ મોટો દુઃખનો વિષય છે. જૈન સંઘને આ ન પુરાય એવી મહાન ખોટ પડી છે. હસ્તલિખિત પ્રાચીન ગ્રંથોનો–શાસ્ત્રોનો અગાધ અનુભવ હવે કયા મુખેથી સાંભળવા મળશે? આગમ સાહિત્યની અનેક આશાઓ તૂટી પડી. પ્રભુ તેમના આત્માને પરમશાંતિ અને મુક્તિ આપે. (પૂ. પુણ્યવિજયજી મહારાજના શિષ્યગણને સંબોધીને લખેલ પત્રમાંથી. રાયણ (કચ્છ); તા. ૧૬–૬–૭૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પૂ. ઉ. શ્રી સૂરેન્દ્રવિજયજી મહારાજ :** ગઈ કાલે તા. ૪-૭-૭૧ના, વાલકેશ્વર શ્રી આદિનાથ ભગવાનના દેરાસરમાં લઘુ શાન્તિસ્નાત્ર બહુ જ સારી રીતે ભણાવાઈ ગયું. સાધુ-સાધ્વીઓમાં આપણો સમુદાય તથા પૂ. શ્રી નેમિસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયના પં., ગણી, મુનિરાજ તેમ જ શ્રી યશોવિજયજી મ. તરફથી મુનિરાજ શ્રી વાચસ્પતિવિજયજી આવ્યા હતા. લોકોની સંખ્યા સારી હતી. શાન્તિસ્નાત્ર પૂજા ભણાવતી વખતે પણ પૂ. મહારાજશ્રીના અતિનિકટ પરિચિતોનાં હૃદયો ભરાઈ આવ્યાં હતાં. જેમને એમનો અલ્પ પણ પરિચય કરવાનો પ્રસંગ સાંપડ્યો છે, તેમના દિલમાંથી તેમની યાદ વીસરાતી નથી. તેમની ઓરડામાં બેસવાની પાટ હજી સુધી એમ ને એમ સૂની પડેલી જોતાં જ ત્યાં પૂજ્યશ્રીજીની મનોહર મૂર્તિ આંખ સામે ખડી થાય છે. જાણે જીવનમાં વૈધવ્ય આવી ગયું હોય તેમ ભાસે છે. આજે અહીં દાદરમાં પણ ગુણાનુવાદ થઈ ગયો. લોકો ઠીક ઠીક હતા. ( મુંબઈ, દાદર; તા. ૫-૭-૭૧ )

**પૂ. મુ. શ્રી અભયસાગરજી મહારાજ :** કાલે સવારે ૬॥ વાગે મુંબઈથી કોલથી વજ્રાઘાત જેવા સમાચાર મળ્યા કે પૂ. પુણ્યવિ. મ. સ્વર્ગત થયા. ઘડીભર સમાચાર સાચા ન માન્યા, કેમ કે મેં પૂજ્યશ્રીના ઓપરેશનની સુખશાતાનો પત્ર લખેલ, જેનો જવાબ તા. ૧૨-૬-૭૧ નો લખેલ મળેલ, જેમાં તબિયત સારી છે, સુધારા પર છે. કલ્પના પણ નહીં, પણ ખરેખર સમાચાર સાચા નીકળ્યા, કેમકે ૭ વાગે પેપર હાથમાં આવ્યું, 'જનસત્તા'માં, 'ગુજરાત સમાચાર'માં ખૂબ વિગતથી સમાચાર હતા. હૈયું દ્રવી ગયું. તુર્ત સકલ સંઘ સાથે ૮॥ વાગે દેવવંદન કર્યું. શોકસભા કરી શ્રદ્ધાંજલિ અર્પી. બપોરે પૂજા રાખી.

ખરેખર, હસ્તલિખિત સાહિત્યના સંશોધન ક્ષેત્રે તેજસ્વી સૂર્યનો અસ્ત થયો. પૂ. પુણ્યવિજયજી મ.-શ્રીની મારા ઉપર ખૂબ જ કૃપાદૃષ્ટિ હતી. હું એક અદનો, સંશોધનકાર્યમાં પાપા પગલી માંડતો, છતાં ખૂબ જ લાગણી, સહૃદયતા, સૌજન્યનાં દર્શન પૂજ્યશ્રીએ કરાવેલ.

હું જ્યારે જતો ત્યારે કલાકો સુધી પોતાનાં મહત્ત્વનાં કાર્યો પડતાં મૂકી મારી જિજ્ઞાસાઓ તૃપ્ત કરતા. શતશઃ હાર્દિક શ્રદ્ધાંજલિ. ( કપડવંજ; તા. ૧૬-૬-૭૧ )

**पू. मु. श्री नेमिचन्द्रजी (स्थानकवासी) :** पूज्य आगमप्रभाकर श्री पुण्यविजयजी महाराजके निधनका समाचार ता. ५ जुलाईको "श्वे. जैन" में पहेले पहल पढा। दुःखद समाचार पढकर हृदयको वेदना हुई। ज्ञानकी सुदीर्घ आराधना करनेवाला ऐसा महापुरुष जैन समाजमें इस युगमें देखनेमें नहि आया। वे सरलस्वभावी, मृदुल व्यवहारवाले पुरुष थे। उनके निधनसे जैन समाज ही नहि, भारतीय समाजकी एक महान् क्षति हुई है। प्रभु दिवंगत आत्माको शान्ति प्रदान करें।
(मेरठ; ता. ८-७-७१)

**પૂ. પં. શ્રી નેમવિજયજી ગણિ તથા પૂ. પં. શ્રી ચંદનવિજયજી ગણિ :** આ સમાચાર જાણીને ઘણું જ દુઃખ થયું. તે હજી બી યાદ આવે છે ને હૃદયમાં ચિરાડ પડે છે. શ્રી આગમપ્રભાકર જેકે આપણા બધાની વચમાંથી પધારી ગયા એ મોટું દુઃખ થયું, પણ પંડિતમરણ થયું જાણી હું તો રાજી થયો. અંત વખતે કોઈ બી વેદના જ નહીં. બાકી આપણે બધાને પૂછવાનું, કોઈ બી નિર્ણય કરવા સલાહ-સૂચનનું સ્થાન ચાલી ગયું! હમોને ઊંડે ચોમાસે મળવાની એમની ને હમારી ખૂબ જ ભાવના હતી અને મળવા માટે પત્રો બી આવેલ છે. પણ જ્ઞાની ભગવંતે આવું બનવાનું જ દેખેલ હશે. ભાવી ભાવ આગળ આપણું કોઈનું ચાલતું નથી. ( વડોદરા; તા. ૧૯-૬-૭૧ )

**पू. मु. श्री पद्मसागरजी महाराज :** श्रीमान् आदरणीय पूज्यपाद आगमप्रभाकर मुनिप्रवर श्री पुण्यविजयजी म. सा. का कालधर्म जैन संघके लिये एक महान् क्षति है। उनकी श्रुतभक्ति–आगम-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सेवाके–कार्य सदा उनकी स्मृति कायम रखेंगे। शासनदेवसे प्रार्थना है कि उनकी पुण्य आत्माको शान्ति प्राप्त हो। (वालकेश्वरकी गुणानुवाद सभामें भेजा गया संदेश, बम्बई, माटुंगा; ता. १९–६–७१)

**પૂ. પં. શ્રી પ્રભાવવિજયજી મહારાજ :** આગમપ્રભાકર પૂ. મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ જૈન સમાજ, જૈન શાસનમાં એક અજોડ જ્ઞાની હતા અને તેઓશ્રી મિલનસાર, સરળસ્વભાવી, આત્માર્થી હતા. તેમની ખોટ ખરેખર સમાજને તેમ જ લાલભાઈ દલપતભાઈ જ્ઞાનોદ્ધાર સંસ્થાને ખૂબ જ સાલશે. કાળ-બળ આગળ કોઈનું ચાલતું નથી. શાસનદેવ તેમના આત્માને શાન્તિ આપે. (વાલકેશ્વરની ગુણાનુવાદ સભા પ્રસંગે મોકલેલ સંદેશ. મુંબઈ, ઘાટકોપર; તા. ૧૯–૬–૭૧)

पू. मु. श्री पद्मशेखरविजयजी तथा वर्धमानविजयजी महाराज : हमने कलरोज 'जन्मभूमि' पेपर बम्बईका पढा, उसमें परमपूज्य आगमप्रभाकर श्री पुण्यविजयजी महाराज साहेबका स्वर्गवास हो गया, ऐसा समाचार जानते ही हमने देववन्दन किये। और तो उन महान आत्माके लिये क्या लिखना, अपनमेंसे ज्योतिपुंज सूर्य अस्त हो गया। महाप्राज्ञचक्रशिरोमणि, महान् ग्रन्थों के प्रणेता, अनन्त ज्ञान, अनन्त दर्शन और अनन्त बलसे संपन्न, कर्मठ कर्णधार, महान् मर्मज्ञ मनीषी, धर्म, दर्शन एवं संस्कृतिके मूर्धन्य विद्वान, प्रकाण्ड, पण्डित, सौम्य, गुण-ग्राहक, शुचिता, सत्यता, शिवत्वसम्मत सुललित व्यक्तित्व; आपने समस्त शास्त्रोंका समन्वयकी दृष्टिसे सांगोपांग अध्ययन किया और सच्चे जिज्ञासुओं, समीक्षकों और थोथे तर्कवादियोंको सटीक समझा देनेकी शक्ति पूर्वाप्त—ऐसे महान् आत्मा तो विरला ही होतें हैं। (वालापुर; ता. १७–६–७१)

## પૂજ્ય સાધ્વી-સમુદાયના પત્રોમાંથી

**પૂ. સા. શ્રી કુસુમશ્રીજી, ૐકારશ્રીજી, પ્રબોધશ્રીજી, કનકપ્રભાશ્રીજી, દિવ્યપ્રભાશ્રીજી આદિ :** આપે સર્વ સમાચાર જાણ્યા હશે. પણ પૂજ્ય આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીનો એકદમ સ્વર્ગવાસ થઈ ગયો તેથી સર્વ સંઘમાં હાહાકાર વર્તી ગયો છે. આપણા સાધુસમુદાય અને સાધ્વીસમુદાયમાં તો ખોટ પડી, પણ આખા સંઘમાં ઘણી જ ખોટ પડી. અને આપને પણ ઘણો જ આઘાત લાગ્યો હશે. એ તો જ્ઞાની પુરુષ અને ઉચ્ચ કોટિનો આત્મા હતો અને કાંઈ લાંબું આયુષ્ય હોત તો ઘણું જ જ્ઞાનનું કામ કરત, પરંતુ વિચારીએ કાંઈ અને થાય કાંઈ. કુદરતમાં લખ્યું હોય તેમ થાય; ત્યાં કોઈનું ચાલતું નથી. એ આત્મા જ્યાં જશે ત્યાં જ્ઞાનનું કામ કરશે, પણ અહીં આપણને સંઘમાં ખરી ખોટ પડી. અહીં પણ સાધુ-સમુદાયને અને સાધ્વીસમુદાયને ઘણો જ આઘાત લાગ્યો છે, પણ કોઈનું ત્યાં ચાલતું નથી. બધા જ રડી-રોઈને બેસવાના છે. એ આત્મા પરલોક સિધાવી ગયો. અમે છઠ સોમવારના દિવસે હૉસ્પીટાલમાં ગયાં હતાં, અર્ધા કલાક સુધી અમારી સાથે સારી રીતે વાત કરી અને મેં ઊઠવા માંડયું એટલે પોતે કહે છે કે બેસ, આજ તો બોલું છું એટલે બેસો. અમને કોઈને આવી કલ્પના પણ ન હતી કે એકદમ આવું થશે. તે દિવસે આમ સારું દેખાડીને એકદમ જ્ઞાનદીપક બુઝાઈ ગયો અને એ આત્માએ અહીંથી વિદાય લઈ લીધી. (પૂ. આ. મ. શ્રી. વિજયસમુદ્રસૂરિજી ઉપરના પત્રમાંથી. મુંબઈ; તા. ૧૬–૬–૭૧)

**પૂ. સા. શ્રી તિલકશ્રીજી, વિદ્યાશ્રીજી, વિનયશ્રીજી, સુધર્માશ્રીજી, પ્રવીણશ્રીજી, પ્રકાશશ્રીજી આદિ :** મુંબઈમાં આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબનો સ્વર્ગવાસ સાંભળી અમોને ઘણો જ આઘાત થયો છે. અમારે તો સમુદાયમાંથી રત્નોની ખાણ ચાલી ગઈ. અમારું ભાગ્ય કેવું હીન કે દર્શનનો લાભ પણ ન મળ્યો! કાળરાજા આગળ કોઈનું ચાલતું નથી. સમજીએ છીએ પણ હૃદય કામ નથી કરતું. અમારા ઉપરનું દુઃખ સહન કરવાની શક્તિ શાસનદેવ આપે, શાશનરત્ન પેદા કરે કે એમનાં અધૂરાં કાર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂરાં થાય. અહીં પૂજ્ય નીતિપ્રભવિજયજી તથા ડેલાવાળા પંન્યાસ રામવિજયજી સાથે પંજાબી ધર્મશાળામાં દેવવંદન કર્યું છે. જીવદયાની ટીપ તથા ઓચ્છવ પણ કરવા વિચાર છે. નક્કી ક્યારે કરવો તે લખીશું. અહીં પાટણનાં તારામતી બહેન, ભોળાનાં મણીબહેન, પાલેજવાળા ડાહ્યા ભવાનનું કુટુંબ યાત્રાએ આવેલું છે, તે બધાંને સમાચાર કહ્યા. તે બધાં તેમના ઉપર ઘણી ભક્તિવાળા હોવાથી તેમને પણ ખૂબ જ આઘાત લાગ્યો છે, કારણ કે પાટણ તેમના અસીમ જ્ઞાનોદ્ધારને કેમ ભૂલે? (પાલીતાણા; તા. ૧૫–૬–૭૧)

**પૂ. સા. શ્રી વિચક્ષણાશ્રીજી તથા સદ્‌ગુણાશ્રીજી :** પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી મહારાજ સ્વર્ગવાસી થયા છે તે વાંચી મનને ઘણું દુઃખ થયું છે. આવા મહાન પુરુષોની ખોટ જૈન શાસનમાં ઘણી જ પડી છે. ખરેખર, આપણા સમુદાયમાં હાલ ભારે ખોટ પડી છે શું તેમનો આનંદી સ્વભાવ, શું તે જ્ઞાનના ભંડાર! રાતદિવસ જ્ઞાનધ્યાનમાં જ મગ્ન રહેનાર. આજે એક જ્ઞાનનો દીપક જ જૈન શાસનમાં બુઝાઈ ગયો છે. (ચાણસ્મા)

**પૂ. સા. શ્રી સુભદ્રાશ્રીજી તથા નંદાશ્રીજી :** પૂજ્ય આગમપ્રભાકરજી મહારાજ સાહેબ એકાએક કાળધર્મ પામ્યા તે આપણા જૈન શાસનમાં બહુ ખોટ પડી ગઈ, પણ આયુષ્યનો બંધ પૂર્ણ થઈ ગયો એટલે કોઈનું ચાલતું નથી. એમના આત્માને શાન્તિ રહો. બધાને માટે આ રસ્તો છે, પણ કોઈનું ચાલતું નથી.
( થાણા; તા. ૧૮–૬–૭૧ )

**પૂ. સા. શ્રી ચરણશ્રીજી તથા અનંતશ્રીજી :** આગમપ્રભાકર પુણ્યવિજયજી મહારાજ સ્વર્ગવાસ થયાના સમાચાર જાણીને ઘણો જ આઘાત થયો છે, ન પુરાય તેવી ખોટ પડી છે. જયાનંદસૂરિ મહારાજના સાન્નિધ્યમાં ચતુર્વિધ સંઘે પંજાબી ધર્મશાળામાં દેવવંદન કર્યાં હતાં તે જાણવા લખ્યું છે. પંજાબીમાં ઓચ્છવ કરવાનું નક્કી થયું છે. દિવસ ચોક્કસ કર્યો નથી, પછી જણાવશું. દેવવંદનમાં જીવદયાનો તથા પૂજાનો ફાળો કર્યો હતો. ( પાલીતાણા; જેઠ વદિ ૯, વિ. સં. ૨૦૨૭ )

**પૂ. સા. શ્રી રાજેન્દ્રશ્રીજી, ચંદ્રોદયશ્રીજી, હિતજ્ઞાશ્રીજી, નયપ્રજ્ઞાશ્રીજી આદિ** જ્ઞાનજ્યોતિ બુઝાઈ ગઈ તેથી સાવ શૂન્ય જેવું લાગે છે. ઓંકારશ્રીજી મહારાજનું ચોમાસું પણ શાન્તિનાથમાં છે તે જાણશો. તેમને તો ઘણો આઘાત લાગ્યો છે. આ તો એક સ્વપ્ના જેવી વાત બની ગઈ. બધાંને હવે તો મુંબઈમાં ગમતું પણ નથી. ( વરલી, મુંબઈ; અષાડ સુદિ ૧૫, વિ. સં. ૨૦૨૭ )

**પૂ. સા. શ્રી જયશ્રીજી, યશઃપ્રભાશ્રીજી, નિર્મળાશ્રીજી આદિ :** આગમપ્રભાકર ગુરુદેવના સમાચાર જાણી અમને બહુ જ આઘાત થયો છે. આપણને તથા શાસનને ઘણી ખોટ પડી છે. આવું જાણતાં હોય તો અમે નીકળત જ નહિ. પાંચ દિવસ માટે દર્શનથી વંચિત રહી ગયાં. તે તો તેમના આત્માનું કલ્યાણ કરી ગયા. ( મલાડ, મુંબઈ )

**પૂ. સા. શ્રી વલ્લભશ્રીજી, વિમળશ્રીજી, જ્ઞાનશ્રીજી આદિ :** ખરેખર, આપણા આખા સમાજને આજે ન પુરાય તેવી ખોટ પડી છે. વિશાળતા, ઉદારતા, કામ કરવાની તીવ્ર જિજ્ઞાસા, જ્ઞાનભંડારોનું ખૂબ ચોકસાઈથી રક્ષણ કરવું, તેની સાથે નિરભિમાનતા, નિખાલસતા અને સર્વ પ્રત્યે સમાનતા—આ બધા એમના સહજ ગુણોને યાદ કરતાં હૃદય ગદ્‌ગદ બની જાય છે. પરમાત્મા પાસે આપણે સૌ પ્રાર્થના કરીએ, પ્રભુ એ મહાપુરુષનો અમર આત્મા જ્યાં હોય ત્યાં એને અંખડ શાન્તિ મળો. અને ફરી ફરી જૈન શાસનમાં આવા ધર્મવીરોની ઉત્પત્તિ થાઓ. ( પાલીતાણા; તા. ૧૭–૬–૭૩ )

**પૂ. સા. શ્રી સમતાશ્રીજી તથા દર્શનશ્રીજી :** મુંબઈ ખાતે આપણા શ્રી આગમપ્રભાકર શ્રી પ. પૂ. પુણ્યવિજયજી મ. સા. જી કાળધર્મ પામ્યા છે તે વિશે આપણા સમુદાયમાં એક અમૂલ્ય રત્નની મોટી ખોટ પડી છે, જેથી આપના આત્માને તો દુઃખ થયું છે તે તો કેવલી ભગવંત જાણે છે, પરંતુ આખા સમાજને પણ મહાન આઘાત થયેલ છે, છતાં સંજોગીઓના વિયોગો છે જ એમ જાણી મન વારવું પડયું છે.
( પાટણ; તા. ૨૨–૬–૭૧ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રમણ-સમુદાયના તારસંદેશા

Received telegram Praying for eternal peace of the departed soul of Agamprabhakar Shri Punyavijayaji. Done Devvandan.

**—Vijayanandansuri, Yashobhadrasuri; Ahmedabad.**

Swarga-gaman of Agamprabhakarji Punyavijayji Maharaj heard with deep sorrow. Bombay Shri Sangh make sound programme to his honourable memory as duty.

**—Samudrasuri; Poona.**

Regret sad demise of Pujyashri Punyavijayji Maharaj, noble-hearted scholler of sacred Jain scripture. May his soul rest in Peace.

**—Ghasilalji Maharaj**
C/o Sthanakwasi Jain Upashray,
Saraspur, **Ahmedabad.**

समाचार पाते ही स्तब्ध हो गया हूँ । स्वर्गस्थ आत्माको शान्ति चाहते हैं ।

—मुनि धुरंधरविजयजी, पिण्डवाडा

## તારોની યાદી

પૂ. મુ. શ્રી જંબૂવિજયજી મહારાજ, માંડવી.
પૂ. પં. શ્રી નેમવિજયજી મહારાજ તથા શ્રી રમણભાઈ, વડોદરા.
પૂ. મુ. શ્રી અભયસાગરજી તથા પૂ. મુ. શ્રી સૂર્યોદયસાગરજી મહારાજ, કપડવંજ.
પૂ. મુ. શ્રી મલયવિજયજી મહારાજ, અમદાવાદ.
પૂ. મુ. શ્રી ચંદ્રોદયવિજયજી મહારાજ તથા શ્રી અંબાલાલ શેઠ, વડોદરા.
પૂ. મુ. શ્રી આનંદવિજયજી મહારાજ, પાલેજ.
પૂ. મુ. શ્રી અમરેન્દ્રસાગરજી મહારાજ, વિજાપુર

## સાધ્વીજીઓના તાર

પૂ. સા. શ્રી નિર્મલાશ્રીજી, જયપુર
પૂ. સા. શ્રી દમયંતીશ્રીજી, બીકાનેર.
પૂ. સા. શ્રી કપૂરશ્રીજી તથા પુણ્યશ્રીજી, વડોદરા.
પૂ. સા. શ્રી પદ્મલતાશ્રીજી, કોઈમ્બતુર
પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી તથા વિદ્યાશ્રીજી, પાલીતાણા
પૂ. સા. શ્રી ચંપાશ્રીજી, તિલકશ્રીજી તથા ભગતજી, પાલીતાણા.
પૂ. સા. શ્રી ભદ્રાશ્રીજી, જામનગર.
પૂ. સા. શ્રી હેતશ્રીજી, અમદાવાદ.
પૂ. સા. શ્રી મુક્તિશ્રીજી, જુન્નર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિદ્વાનો તથા ગૃહસ્થોના પત્રોમાંથી

**Dy. H. L. Jain :** The News of expiry of Agamaprabhakara Muni Punya-Vijayaji Maharaj has come to me as a terrible shock. He was a torch-bearer of Jaina learning and literary renaissance in the modern age. The gap caused by his sudden departure is very difficult to be filled. I still recall the glow of spiritual light and wisdom on his face when I met him in Bombay only three months back when we assembled there to celebrate the publication of his critical edition of Pannavana Sutta Vol II. The made he was giving to us, the more and more was our thurst for his literary contributions. He has now attained the light of divinity and we are plunged in the darkness of sorrow. I however hope that the literary wealth left behind by him will continue to inspire us and illuminate our path. May his soul continue to enjoy spiritual peace and glory of inner lelf.

(Balaghat, 16-6-'71)

**श्री केदारनाथजी (नाथजी) :** मुनि श्री पुण्यविजयजी महाराजके देहांतकी खबर मिलते ही मेरे मन पर आघात-सा लगा। वे पुण्य पुरुष सज्जन थे। मेरा उनका संबंध सन १९३४ सालसे मैं पाटण गया था उस वख्त आया। वे दो-तीन बार मुझे मिले। उनके साथ बात करनेसे मुझे उनकी सज्जनता और विद्वत्ता मालूम हुई। ऐसे श्रेष्ठ पुरुष जानेसे मन पर बहुत आघात हो जाता है। परमात्मा उनकी आत्माको जरूर शांति दें। (बम्बई)

**શ્રી બાપાલાલ ગ. વૈદ્ય :** આગમરાજ મુનિ શ્રી પુણ્યવિજયજીના પંચત્વના સમાચાર વાંચી ઘડીભર તો સ્તબ્ધ બની જવાયું. એઓશ્રી બીમાર હતા કે નહીં તેની મને ખબર ન હતી એટલે આ સમાચાર વજ્રપાત જેવા લાગ્યા. સરસ્વતીના ઉપાસકોએ તો સરસ્વતીનો ઉત્તમ ઉપાસક ગુમાવ્યો છે. ગુજરાતે એક પનોતો પુત્ર ગુમાવ્યો છે. દેશ એમના જેવાના જવાથી દરિદ્ર બન્યો છે. એક હરતી-ફરતી વિદ્યા પરવારી ગઈ કહીએ તો ચાલે. કરુણાવિમુખ મૃત્યુએ એમના જેવાને હરી લઈને આપણું ઘણું હરી લીધું છે. સ્વર્ગસ્થ તો કૃતાર્થ થઈ ગયા છે. ઘણું કીમતી સાહિત્ય તેઓ આપી ગયા છે. એમના જેવા પરિશ્રમી વિદ્વાન આ યુગમાં બહુ ઓછા હશે. વધુ શું લખું? ( સુરત; તા. ૨૧-૬-૭૧ )

**Prof. Dr. L. Alsdorf :** The sad news of Munimaharaj Punyavijaya's untimely death has grearly moved me. I have met him only a very few times, but he made a deep impression on me as a man, a monk and a devoted scholar The services he rendered to his community and to Indology can never be forgotten. I owe him a personal debt of gratitude, particularly for his hospitality at Jaisalmere—one of the most remarkable and impressive experiences I have had in India—, but also for subsequent help and unfailing friendship. I do hope that those numerous manuscripts he had to leave unpublished will soon be edited and made available to Jainologists and Indologists in general. (Hamburg, den; 27-10-1971)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી રવિશંકર મ. રાવળ :** આ સમાચાર જાણી ક્ષુબ્ધ થયો હતો. ખરેખર, જ્ઞાનની પવિત્ર જ્યોતિ સમા પુણ્યવિજયજી વિશ્વવંદ્ય વ્યક્તિઓમાંના મહાત્માની હતા. તેમના સમાગમમાં કદી સાંપ્રદાયિક લઘુતાનું જરાયે ભાન થતું નહોતું. જ્ઞાન અને વિદ્યા માટે તેમની ઉદ્યમશીલતા સંસારી તેમ જ સાધુજનોને દૃષ્ટાંતરૂપ રહેશે. તેમની વિપુલ વિદ્યાસાધનાનો પરિચય આપતા તેમના સંશોધનકાર્યનો રજેરજ હેવાલ અને તેમણે પ્રાચીન હસ્તપ્રતોમાં ઉદ્ધારેલા ગ્રંથોનું સ્વરૂપદર્શન અને ગુણાનુવાદ કરવા એક વિદ્વાન સમિતિને કામ સોંપાવું જોઈએ. તેમના જ ગ્રંથોમાંથી પ્રાપ્ત થયેલા શબ્દો, પર્યાયો વિચારક્ષેત્રમાં અને માનસ ક્ષેત્રમાં બહુ ઉપયોગી થવા પાત્ર છે. એમની પરમ વિભૂતિને મારાં શતશત વંદન. ( અમદાવાદ; તા. ૧૬-૬-૭૧ )

**પ્રો. અમૃત વસંત પંડ્યા :** ભારતના દિગ્ગજ વિદ્વાન, આ યુગના સૌથી શ્રેષ્ઠ ગુજરાતી વિદ્વાન, પરમપૂજ્ય આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબના સ્વર્ગવાસના અચાનક સમાચાર મળતાં હું અત્યંત શોક અને દુઃખની લાગણી અનુભવી રહ્યો છું. એવા શબ્દપ્રવર્તક મહાપંડિત એકાએક આ રીતે આપણી વચ્ચેથી વિદાય લેશે આ વાત અકલ્પ્ય હતી. એમની ખોટ કદી પુરાય એવી નથી.

( વલ્લભવિદ્યાનગર; તા. ૧૫-૬-૭૧ )

**ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા :** પૂ. પુણ્યવિજયજી મહારાજ સાહેબનો મારે શિષ્ય તરીકેનો સંપર્ક ૪૦ વર્ષ પહેલાં પાટણમાં થયો હતો, અને તે ઉત્તરોત્તર નિકટનો બન્યો હતો. તેમનું સ્વાસ્થ્ય સારું નહોતું પણ આટલી જલદીથી તેઓ આપણામાંથી ચાલ્યા જશે તે અકલ્પ્ય હતું. મને અને મારા સહકાર્યકરોને અને મિત્રોને ઓશિયાળાપણાનો અનુભવ થાય છે. ગઈ કાલે સવારે દુઃખદ સમાચાર જાણીને જે લાગણી થઈ એ મારે માટે શબ્દોમાં મૂકી શકાય નથી. આવા વિદ્વાન પુરુષ કેટલી સદીઓમાં એક વાર થાય છે. આપણે એમના સમકાલીનો જ નહીં પણ નિકટના કાર્યસાથીઓ હતા એ આપણું સદ્ભાગ્ય હતું. ( વડોદરા; તા. ૧૬-૬-૭૧ )

**Professor Ernest Bender :** I am deeply saddened by the news of the Muniji's sudden death. The loss to Indological scholarship is immeasurable, I cannot find the words to express my personal feeling. Several years ago I had decided to dedicate and was hoping to have the privilege of presenting to him my book, **The Dhanyashalibhadracarita,** the work on which he had encouraged and helped me so much. Please convey my sympathy to the Jaina Samgha. ( Philadelphia, Pa. U. S. A.; 22-6-1971 )

**ડૉ. ચંદ્રભાલ ત્રિપાઠી :** પૂ. મુનિ શ્રી પુણ્યવિજયજીના નિર્વાણના સમાચાર સાચે જ દુઃખદ હતા ને છે. એ નશ્વરદેહે નહીં પણ અક્ષરરૂપે એ આપણને સૌને પથ-પ્રદર્શક બની રહેશે, એવો મારો વિશ્વાસ છે. એમનાં અધૂરાં કાર્યો પૂરાં થવાં જોઈએ એ તો અમારી પણ ઇચ્છા. આપ સૂચવે. તે રીતે મદદ કરવા હું તથા હું તૈયાર છીએ. ( બર્લિન; તા. ૨૪-૯-૭૧ ).

**શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ :** પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી મહારાજ કાળધર્મ પામ્યાના ખબર શ્રી રતિલાલ દેસાઈએ આપ્યા હતા. એકાએક આ ખબર જાણી ઘણો આઘાત થયો. પૂજ્ય મહારાજશ્રીએ જૈનધર્મની બજાવેલી સેવા સૈકાઓ સુધી યાદગાર રહેશે. ( અમદાવાદ; તા. ૧૬-૬-૭૧ )

**Dr. A. N. Upadhye :** The telegram has pushed me into a mood of respectful sorrow. The fund of knowledge personified in Agama Prabhakara Muni Shri Punyavijayaji is engulfed by Time. He was an embodiment of piety and learning; he was a fountaino f information which he gladly shared with

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



others; and his methods of study were exemplary. Indian literary heritage still lies in old Mss. lying neglected here and there; and what he has done in this regard is indeed unique. His Samadhimarana is a fulfilment of a great mission in life on which he had embarked. May his soul rest in Peace! I had received much help from him in my studies; and just a couple of weeks back I had received Dharmalabha from him in the Hospital. This sad demise is a big set-back for the Agama publication!

[The following are the words addressed by Dr. A. N. Upadhye to Pt. Dalsukhbhai: I never thought, that evening, that the Dharmalabha was the last. You may be required to go to Bombay, if you had not already gone there. Many thoughts are crowding my mind—the great vision of the Agama publication is much blurred! (Mysore, 16-6-'71)

**શ્રી ફૂલચંદભાઈ શ્યામજી :** આગમપ્રભાકર સાહેબની બાબતમાં ન માની શકાય તેમ જ ન કલ્પી શકાય તેવી સ્થિતિ બની છે। તા. ૧૨ અને ૧૩ શનિ અને રવિ બન્ને દિવસો અમારા માટે ચિંતાજનક હતા, કારણ કે તે બન્ને દિવસોએ આગમપ્રભાકર સાહેબની તબિયત બરાબર ન હતી. પેશાબના દરદનું ઓપરેશન બહુ જ સારું થઈ ગયું; તેની કોઈ તકલીફ હતી નહિ, પરંતુ છાતીમાં જ્યાં પાણી તથા ખોરાક આંતરડામાં જાય છે ત્યાં તેમને દરદ થતું હતું અને તે એટલું બધું કે તેમની આંખોમાં પાણી આવી જતાં. કોઈ પ્રવાહી અગર દૂધ, ચા, પાણી કાંઈ પણ લેતાં આ દરદ થતું હતું. રવિવારે આખો દિવસ રહ્યું. બધા નિષ્ણાત દાક્તરોને બોલાવ્યા અને બધાએ એકીઅવાજે કહ્યું કે ચિંતાનું કોઈ કારણ નથી. ગેસ્ટાઈન છે, એકાદ દિવસમાં સારું થઈ જશે. તે મુજબ સોમવારે સવારે સારી રીતે દૂધ, ચા, મગનું પાણી, નાળિયેરનું પાણી, પોપૈયું તેમ જ કાંજી વગેરે લીધું. સાંજના ખીચડી લીધી. રૂમમાં પોતે જ દશથી બાર આંટા માર્યા. રૂમની બહાર ગેલેરીમાં ઠેઠ લાયબ્રેરી સુધી ગયા. ત્યાં લગભગ પચીસેક મિનિટ બેઠા. ખૂબ આનંદથી વાતો કરી. અને બધાને ખૂબ જ સંતોષ થયો. એકાદ દિવસમાં અહીંથી રજા મળશે પછી તેમને થોડા નરીશમેન્ટ માટે કઈ જગ્યાએ લઈ જવા તેની પણ વાતો નક્કી કરી અને સોમવારે સાંજના સાડા છએ હું જમવા ગયો. જમીને થોડું ફરી સાડા આઠ વાગ્યે પાછો ઘરમાં પગ મૂકું છું કે તરત ડોરાનો ટેલીફોન આવ્યો કે સાહેબજીની તબિયત બગડવાના ખબર મળ્યા છે તો તુરત જ દવાખાને જાવ. હું અને વસંત તુરત જ દવાખાને પહોંચ્યા, પરંતુ, અમારા કહો કે સમાજના કમનસીબે, અમે પહોંચ્યા પહેલાં જ તેઓ સ્વર્ગમાં પહોંચી ગયા હતા! તેમની સારવારમાં ડોક્ટરો, નર્સો તેમ જ દવાખાનાના માણસો સિવાય આપણા તરફથી લક્ષ્મણ, માધુ અને ભૂપેન્દ્ર રાત્રિ-દિવસ ત્યાં જ રહેતા હતા. ઓંકારશ્રીજી સાધ્વી મહારાજ આખો દિવસ ત્યાં જ દેખરેખ રાખતાં હતાં. આ બધાં ઉપર કુદરત જ નિર્દય બની! સાંજનું પ્રતિક્રમણ પહેલી વાર બેસીને કર્યું. પ્રતિક્રમણ કર્યા પછી તુરત જ બેઠા બેઠા ડોકું ખોળામાં નાખી દીધું. આખી ઘટના ખૂબ જ ચમત્કારિક તેમ જ અચંબો ઉપજાવે તેવી છે. ગઈ કાલે બરાબર બાર વાગ્યે ગોડીજીથી સ્વર્ગયાત્રા શરૂ થઈ. લગભગ પાંચ વાગ્યે બાણગંગા પહોંચ્યા. સાડા પાંચે અગ્નિદાહનો, રૂ. ૨૦,૦૦૧ વીસ હજાર એકમાં, જામનગરના ધરમદાસભાઈ તે ત્રિકમદાસ દામજીવાળાએ લાભ લીધો હતો. બીજી પરચૂરણ પરચૂરણ લગભગ પચીસેક હજારની બોલીઓ બોલાવી હતી. રાત્રિના આઠેક વાગ્યે બધા આવ્યા અને આ મહાત્માને છેલ્લા દર્શન, અંજલિ જે કહીએ તે આપી સૌ સૌને ઘેર ગયા. સ્મારક માટેની અપીલ તેમના ગુણાનુવાદની સભા જે મળશે તે વખતે કરવાનું નક્કી કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્મારકમાં શું કરવું તે હજુ સુધી કાંઈ નક્કી કરી શકયું નથી. આપનું માર્ગદર્શન બહુ જ ઉપયોગી થશે, તો કૃપા કરીને સ્મારકમાં શું કરવું તે જણાવવા મહેરબાની કરશો. સમાજને અને ખાસ કરીને આપણા સંઘાડાના મુનિભગવંતો, આચાર્યો વગેરેને ખૂબ જ ખોટ પડી! સમાજમાંથી સાહિત્યનો દીવો બુઝાઈ ગયો. આમ અચાનક દીવો બુઝાઈ જશે તેવું તો સ્વપ્ને પણ ધાર્યું ન હતું. ખેર, પ્રભુની ઇચ્છા! મનુષ્ય તદ્દન પામર પ્રાણી છે. હવે તો એક જ પ્રાર્થના કે તેઓ જે દેવલોકમાં પહોંચ્યા હોય ત્યાં અમારી કોટિ કોટિ વંદના. ( પૂ. આ. મ. શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ ઉપરના પત્રમાંથી, મુંબઈ; તા. ૧૬-૬-૭૧ )

**Dr. W. B. Bollee :** thank yor for your letter of June 16. The message it contained of the death of Muniraja Shri Punyavijayaji is a very sad one indeed. His demise must strike you who have known him personally even more than many of us abroad whom it was not given to meet him. I for one twice experienced his kindness and readiness to help even unknown foreign scholars and I do hope that his fellow Indologists as a token of gratitude and respect will continue his work and complete what he was forced to leave undone.

You may be sure of my sincere feelings of sympathy at the loss of your Guru. ( Lilienthalstrasse (West-Germany); 1-7-'71 )

**डॉ. जगदीशचन्दजी जैन :** शिवाजी पार्कसे कल समाचार मिला मुनि पुण्यविजयजीके देहावसानका। दुःख हुआ। जैन आगमसाहित्यका एक उद्भट विद्वान् हमारे बीचमेंसे अचानक ही चला गया! साधु-परंपराके नियमोंका पालन करते हुए जैन संस्कृति और साहित्यकी सेवामें अनवरत संलग्न रहना यह हर किसीके बलबूतेका कार्य नहीं। बृहत्कल्पसूत्र भाष्य, वसुदेवहिंडी आदि अनेकानेक प्राकृत और संस्कृतके ग्रन्थोंको प्रकाशमें लाना, यह कार्य मुनिजी जैसे पुरुषार्थी विद्वान् द्वारा ही संभव था। मैं श्रद्धावनत हूं इस महान् दिवंगत आत्माके प्रति। ( किल (पश्चिम जर्मनी); ता. ३०-६-७१ )

**Prof. Dr. Kl. Bruhn :** As I learnt from my friend Kantilal D. Kora, Muni Punyavijayaji has passed away on the 14th of June.

This is a heavy loss for the Jaina community. It is also a heavy loss for all students of Jainism and of India's spiritual heritage. I trust that the great work on the Jaina Agama started by the Muniji will be continued by his co-workers. Personally I can assure you that the memory of the late Muniji will be cherished by German Indologists and that his scholarly works will inspire further research in my country. ( Berlin; 11-7-'71 )

**શ્રી વાડીલાલ મગનલાલ વૈદ્ય :** પૂજ્યશ્રીના દેહવિલયથી ભારતવર્ષના શ્રી જૈન સમાજ તેમ જ જૈન સાહિત્યના સંશોધન-સંપાદન ક્ષેત્રમાં ના પુરાય તેવી ખોટ પડી છે. આગમોના પ્રકાશનનું કાર્ય, જે શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા પૂજ્યશ્રી કરી રહ્યા હતા, તે કાર્યમાં તેમની ના પુરાય તેવી ખોટ સંસ્થાને પડી છે. તે કાર્ય હવે પંડિત માલવણિયાજી વગેરેની સહાયથી પરિપૂર્ણ કરવું રહ્યું. જૈન સમાજે આજીવન સાહિત્યોપાસક જ્ઞાનદિવાકર ગુમાવ્યો છે એવું મારું અંગત મંતવ્ય છે. અનેક સ્થળોનાં જ્ઞાનમંદિરો એ એમના જીવનની સ્થાયી સ્મૃતિ છે. (વડોદરા; તા. ૧૫-૬-૭૧ )

For Private And Personal Use Only

**श्री मानिकचन्दजी बेताला :** यह समाचार पढकर बहुत आघात हुआ। जैन शासनका एक अमूल्य रत्न खो गया है, जिसकी पूर्ति होना बहुत कठिन है। आगमप्रभाकर श्री पुण्यविजयजी महाराज साहेबके स्वर्गवाससे पूरे जैन समाजको आघात पहुंचा है। वे एक महान् विद्वान् पुरुष थे, जिनकी पूर्ति होना अति दुर्लभ है। ( मद्रास: ता. २०-६-७१ तथा २७-६-७१ )

**શ્રી ઉમેદમલજી હજારીમલજી :** આવા મહાન આત્માને મુંબઈની ભૂમિમાં લઈ આવ્યા અને સેવા કરી શક્ય. નહીં અને જૈન સમાજમાંથી ચાલ્યા ગયા। એવી ખોટ પૂરી શકાય એવી નથી. આવા નાના દરદમાંથી મોટું સ્વરૂપ પકડીને આપણા વચમાંથી ચાલ્યા ગયા છે. એ ખોટ પુરાય એવી નથી. આ મહાન પુરુષને જૈન સમાજ ઓળખી શક્યો નથી. સમાજનાં કિસ્મત બહુ જ નબળાં છે! ( ભીમપુર (રાજસ્થાન); તા. ૧૬-૬-૭૧ )

**श्री गुलजारीमल सुदर्शनकुमार जैन :** नवभारत टाइम्समें पढा, पढते ही बडा दुःख प्राप्त हुआ कि आगमप्रभाकर, प्राचीन ग्रन्थोंके उद्धारक, महान् योगी श्री पुण्यविजयजी महाराज बम्बईमें स्वर्ग पधार गये हैं। ऐसी महान् आत्माकी इस युगमें बडी ही जरूरत है कि जब देशमें ऊंचीसे ऊंची विज्ञानकी खोज हो रही है, चन्द्रलोक तक पहुंच गये हैं और आगे बढनेका यत्न हो रहा है तो ऐसे समयमें जैनके प्राचीनतम लेखोंसे जैनधर्मका नाम ऊंचा करनेमें आप जैसी विद्वान् महान् आत्माकी बहुत जरूरत थी। आपकी इस कमीसे जैन समाजको बहुत हानि हुई है। ( शिवपुरी; ता. २-७-७१ )

**પંડિત શ્રી ભગવાનદાસજી જૈન :** જૈન સિદ્ધાન્તના નિષ્ણાત આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ સા. ના સ્વર્ગવાસથી ઘણો જ અફસોસ થાય છે. જૈન શાસનના મહાન દિવાકર હતા. તેઓના નિર્વાણથી જૈન શાસનને ઘણો જ આઘાત થયેલ છે. તેઓની પૂર્તિ થવી સંભવ જણાતી નથી. ( જયપુર; તા. ૨૯-૬-૭૧ )

**શ્રી પોપટલાલ ભીખાચંદ :** પરમપૂજ્ય આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ અચાનક હાર્ટએટેક આવવાથી કાળધર્મ પામ્યા છે. આ સમાચારે જૈન આલમમાં આંચકો લાગી ગયો. મુંબઈના ઝવેરીબજાર, હીરા બજાર, હાર્ડવેર બજાર તેમ જ બીજી ઘણી મારકેટો તેમના માનમાં બંધ રહ્યા હતા. ( મુંબઈ; તા. ૨૯-૬-૭૧ )

**શ્રી પં. લાલચન્દ્ર ભગવાન ગાંધી :** સ્વ. વિદ્વદ્વર્ય મુનિરાજે પોતાના ૭૫ વર્ષ જેટલા જીવનકાળમાં, ૬૨ વર્ષ જેટલા સાધુજીવનમાં, એમણે જે જ્ઞાનોપાસના કરી, સાહિત્ય-સેવાની સાધના કરી, તેનું યથાયોગ્ય વર્ણન થઈ શકે નહિ. તેમની પરમ વિદ્વત્તા હોવા છતાં નમ્રતા, ગંભીરતા પ્રશંસનીય હતી. વિદ્વાનોને સહાયતા, સહાનુભૂતિ કરવામાં ઘણા ઉદાર હતા. તેવા ભારતવર્ષના અત્યુચ્ચ કોટિના વિદ્વાન સંશોધક, સંસ્કૃત-પ્રાકૃત-ભાષાના વિશારદ, પ્રાચીન લિપિના વિશિષ્ટ વિદ્વાનની ખોટ જૈન સમાજને જ નહિ, ભારતવર્ષને અને અમેરિકા જેવા પરદેશને પણ જણાશે. જેમને સાહિત્યની અનુપમ સેવામાંથી અન્ય કાર્યોમાં લક્ષ્ય આપવા પણ અવકાશ મળતો ન હતો, તે ઉચ્ચ કોટિના વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી ચિરનિદ્રામાં પોઢી ગયા છે, પરંતુ જ્ઞાન-સેવા, સાહિત્ય-સેવા જેવાં અત્યુત્તમ પ્રશસ્ત કાર્યો કરી ગયા છે, તેથી યશોદેહે સદા અમર છે.

( વડોદરા; તા. ૧૫-૬-૭૧ )

**શ્રી શિવલાલ નેમચંદ શાહ પંડિત :** પરમપૂજ્ય મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબે આપણા જૈન જ્ઞાનભંડારોની પ્રતિઓ વ્યવસ્થિત મેળવીને સુરક્ષિત રહે તે રીતે જ્ઞાનભંડારોમાં સ્થાપિત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેલ છે. આ કાર્યમાં તેમ જ આગમોની પ્રતિઓનું સુવિશુદ્ધ પ્રકાશન કરવામાં પૂજ્ય મહારાજશ્રીએ, આજીવન, જે અથાગ પરિશ્રમ સેવ્યો છે, તે તો તે વિષયના જ્ઞાતાઓ જ જાણી શકે. પૂજ્ય મહારાજશ્રી સૌજન્યમૂર્તિ હતા. તેઓશ્રીએ બાળ વયમાં દીક્ષા ગ્રહણ કરીને દર્શન, જ્ઞાન, ચારિત્રની અનુપમ સાધના કરી જીવનને ધન્ય બનાવ્યું છે. પૂજ્ય મહારાજશ્રીના દેહવિલયથી જૈન સંઘને ન પુરાય તેવી મોટી ખોટ પડી છે.

( પાટણ; તા. ૧૭-૬-૭૧ )

**श्री लाला सुन्दरलालजी :** पूज्य आगमप्रभाकरजी मुनि श्री पुण्यविजयजी महाराजके निधनकी खोट सारे समाजको ही नहीं वरन विद्वानोंको भी बहुत अखरेगी। ऐसा विद्वान् मिलना कठिन है। समाजमें तो है ही नहीं। किस प्रकार दिनरात सारा जीवन शास्त्रोंके अनुसंधानमें ही लगाया। जो विरासित में पूज्य प्रवर्तकजी व अपने गुरु श्री मुनि चतुरविजयजीसे पाया सो पूरी तरह निभाया। समाजमें कोई भी व्यक्ति उनका स्थान लेनेको नजर नहीं आता। उनका कार्य सदा जीवित रहेगा। ( दिल्ली; ११-७-७१ )

**શ્રીમતીબહેન શૃંગાર :** આજ પુણ્યવિજયજી મહારાજના કાળ કર્યાના સમાચારથી મન બહુ દુભાયું. એમનું પાંડિત્ય, મહોળું હૃદય અને જ્ઞાનપિપાસા અજબ હતાં. તેમની ખોટ જૈન સમાજને તો પુરાય તેવી જ નથી. ( કલકત્તા; તા. ૧૬-૬-૭૧ ).

**શ્રી નવનીત ભા. ગોધારી :** પ. પૂ. ગુરુદેવ તો જીવન-મુક્ત હતા. અને જે અત્યંત ઉમદા કાર્યમાં તેઓશ્રીએ જીવન વિતાવ્યું છે, તે જ તેઓશ્રીનું પ્રેરક સ્મારક બને છે. તેઓશ્રી જેવા જીવનધર્મી અને કર્મ-ધર્મીને સમાધિમરણ જ કલ્પે. આપ સૌ તેઓશ્રીની અંતિમ ઘડી સુધી સેવા-શુશ્રૂષામાં ખડે પગે રહેવા ભાગ્યશાળી બની શક્યા તે બદલ ધન્યવાદપાત્ર છો, એમ અંતઃકરણથી માનું છું, અને મુજ જેવા હતભાગીને એ સોનેરી તક જીવનભર ક્યારેય નહીં મળે તે બદલ સંતાપ અનુભવું છું. એક પ્રાર્થના કરું છું; સ્વીકારી શકો તો અત્યંત આભારી થઈશ. પ. પૂ. ગુરુદેવશ્રીનાં જે અવશિષ્ટ સાધનો કે ઉપકરણો હોય તેમાંથી એકાદ નાનકડું "પુણ્ય"મય સ્મરણ મને મોકલી શકશો તો જીવંત સ્મૃતિ જાળવી શકીશ. કશું અનધિકાર કે અવિનયી લાગે તો ન મોકલશોજી. ( ભાવનગર; તા. ૨૫-૬-૭૧ )

**प्रो. पृथ्वीराजजी जैन :** आगमप्रभाकरजीके देवलोकगमनका समाचार पढकर मैं अतीव स्तब्ध रह गया। दुःख और शोकके आवेगका शब्दोंमें वर्णन करना शक्य नहीं। आज जैन समाज ही नहीं, भारत ही नहीं, विश्व एक ऐसी महान् विभूतिसे वञ्चित हो गया है, जो आदर्श चारित्रशीलता तथा अगाध विद्वत्ताकी साक्षात् मूर्ति थी। प्राच्य विद्या-शोधमें रुचि रखनेवाला कोई भी सुशिक्षित उनकी साहित्यिक सेवाओंको विस्मृत नहीं कर सकता। भण्डारोंकी खोज और उनके पुनरुद्धारमें उन्होंने अद्वितीय कार्य किया। जैन आगमसाहित्यके वे सर्वप्रतिष्ठित अधिकारी विद्वान् थे। उनकी सरलता, लोकप्रियता, वक्तृता, लेखनशक्ति, उदार दृष्टिकोण तथा अनेकान्तदृष्टिने जैनधर्म, प्राकृत साहित्य और शासनकी अनुपम सेवा की है। आज साहित्यिक जगत् मानो अनाथ हो गया है। वैसे तो उनके शासनसेवाके कार्योंकी गणना शक्य नहीं, किन्तु जैसलमेरके भण्डारका साहित्यिक जगत्को परिचय कराना उनकी सबसे बडी देन है। ( बिरलाग्राम-नागदा; ता. १६-६-७१ )

**શ્રી ફૂલચંદ હરિચંદ દોશી :** આગમપ્રભાકર મુનિરત્ન શ્રીપુણ્યવિજયજી મહારાજશ્રીના એકાએક સ્વર્ગગમનથી જૈન સમાજ, જૈન સાહિત્ય, જૈન જગત, વિદ્વાનો અને આગમ-પ્રકાશન-કાર્યને ન પુરાય તેવી ખોટ પડી છે. આ જ્ઞાનવારિધિ, આગમપ્રભાકરનું ભવ્ય યાદગાર સ્મારક થવું જોઈએ. તે માટે એક સમિતિ નીમવી જોઈએ. દશ લાખનું લક્ષ્યાંક રાખવું જોઈએ. ( મુંબઈ; તા. ૧૭-૬-૭૧ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રતિલાલ દીપચંદ દેસાઈ :** પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજના સ્વર્ગવાસનો આઘાત એવો ઊંડો લાગ્યો છે કે હજી પણ એની કળ વળી નથી. એમની ભવ્ય છબી અને મધુર સ્મૃતિ મન ઉપરથી જાણે દૂર થતી જ નથી. વિદ્વત્તા, સાધુતા અને પરોપકારિતાના ક્ષેત્રે તેઓશ્રીનું જીવન એક આદર્શ શ્રમણશ્રેષ્ઠને શોભે એવું ઉચ્ચ ભવ્ય હતું ! તેઓશ્રીના સ્વર્ગવાસને લીધે આપણને અને વિદ્યાસેવીઓને લાગે જ પુરાય એવી અસાધારણ ખોટ ગઈ છે. હવે તો તેઓશ્રીનું પુણ્ય સ્મરણ કરીને જ મનને આશ્વાસન આપવું રહ્યું. તેઓશ્રીનાં અધૂરાં કામો પૂરાં થાય, એ માટે આપણા તરફથી પૂરો પ્રયત્ન અને પુરુષાર્થ કરવામાં આવશે જ. આ રીતે પ્રયત્ન કરશો એ જ તેઓને સાચી શ્રદ્ધાંજલિ છે. ( પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરિજી ઉપર લખેલા પત્રમાંથી. અમદાવાદ; તા. ૨-૭-૭૧ )

**શ્રી મણિલાલ નરસીદાસ દોશી :** આજ સવારે અમદાવાદના દૈનિક છાપાનાંથી ઘણા દુઃખદાયક સમાચાર વાંચવામાં આવ્યા, એટલે મેં આપને તાર કરેલો છે, તે મુજબ મારા તરફથી પાલખીમાં સુખડ અથવા આ પ્રસંગના કોઈ પણ દાનના કામમાં રૂા. ૧૦૦] એકસો વાપરવા જણાવેલ છે. ખરેખર, જૈન સમાજનો એક કાર્યરત ચમકતો તારો ખરી પડ્યો છે, જે ખોટ કદી ન પુરાય તેમ છે. ( આણંદ; તા. ૧૫-૬-૭૧ )

**શ્રી શામજીભાઈ ભાયચંદ માસ્તર :** જૈન શાસનની એક મહાન જ્યોતિ હતી. શાસનનો દીપક બુઝાઈ ગયો છે. આવા આત્માઓ જૈન શાસનમાં બહુ જ ઓછા છે, જેમના હાથે ઘણાં જ શાસનનાં કાર્યો થયાં હતાં. જૈન શાસનનો એક જળહળતો સિતારો ખરી પડ્યો છે. શાસ્ત્રો ને ગ્રંથોના સંશોધન અને જીર્ણોદ્ધાર ક્ષેત્રે એક મહાન ખોટ પડી છે આવી વિભૂતિ જૈન સમાજમાં નથી, જેનામાં વિશ્વપ્રેમની ભાવના હતી. ભગવાન મહાવીરના શાસન અનુસાર તે ચાલેલા છે. સતી જીવ કરું શાસનરસી. જે લખેલ છે તે પ્રમાણે તેમણે બધાને પોતાના જ માનેલ છે મારો ને એમનો પરિચય બહુ જ નજીકનો હતો. કોઈ શ્રાવક આવે તેને તે પોતાના જ માનતા, જેનામાં ગચ્છનો ભેદ ન હતો. મહાવીર જૈન વિદ્યાલયને મહાન ખોટ પડી છે. આવી વિભૂતિની પશ્ચાતે જૈન સમાજે એવું સ્મારક કરવું જોઈએ કે ગુરુદેવનું નામ અમર રહે—જો કે તેમણે તો એવાં જૈન શાસનનાં કામો કરેલાં છે ને થશે છે, જેનાથી પોતે અમર છે. છતાં આપણી ફરજ આપણે બજાવવાની છે. ( પાલીતાણા; તા. ૧૫-૬-૭૧ )

**ડો. સરસ્વતી સુ. શેઠ :** પરમપૂજ્ય, વંદનીય, જ્ઞાની મહારાજ શ્રી પુણ્યવિજયજીના અવસાનના સમાચાર જાણીને ઘણું દુઃખ થયું. તે મહારાજશ્રી એક મહાન જ્ઞાની હતા. આપણને લાગે છે કે એક જ્ઞાનનો સિતારો ખરી પડ્યો, એક પરદુઃખભંજને આ દુનિયામાંથી વિદાય લીધી, એક પરોપકારી આત્મા સાધુ-સમાજમાંથી અદૃશ્ય થયા, શાસ્ત્રસંશોધનકાર્યમાં નિપુણ વ્યક્તિની સમાજને ખોટ પડી. તેમના સહવાસમાં જે જે વ્યક્તિ આવેલ છે, તેને તેમનું ભલાભોળાપણું હંમેશ યાદ રહેશે. તેમના જેવા સરળ અને નિરભિમાની આત્મા મળવા મુશ્કેલ છે. તેમનું જીવન દિવ્ય હતું અને તેમના જીવનની સુંદર સુવાસ તેઓ મૂકી ગયા છે.
( અમદાવાદ; તા. ૧૭-૬-૭૧ )

**ડો. મહાસુખલાલ વી. મહેતા :** તેઓશ્રીનો સમગ્ર સમય જૈન હસ્તલિખિત પ્રતો તથા ગ્રંથોના સંશોધનમાં વિતાવી જૈન શાસનની તેઓએ અમૂલ્ય સેવા બજાવી છે. તેઓશ્રીની કામ કરવાની ધગશ અદ્‌ભુત હતી અને ૭૭ વર્ષની મોટી ઉંમરે પણ તેઓશ્રી સતત આ શુભ કાર્યમાં પ્રવૃત્ત રહેતા, એ ખરેખર આપણા સૌ માટે એક દાખલારૂપ વસ્તુ છે. શરીરથી તેઓ આપણાથી દૂર થયા હોવા છતાં તેઓની પ્રવૃત્તિઓથી તેઓ સદા અમર રહેશે અને જૈન ઇતિહાસમાં તેઓશ્રીનું જીવન સોનેરી અક્ષરે લખાશે. તેઓશ્રીની ખોટ આપણા સમાજને ખૂબ સાલશે. ધન્ય જીવન ! ( જૂનાગઢ; તા. ૧૬-૬-૭૧ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી રસિકલાલ હીરાલાલ ભોજક :** પરમપૂજ્ય, પરમઉપકારી, પરમજ્ઞાનયોગી, આગમપ્રભાકર મુનિમહારાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબના કાળધર્મ પામ્યાના સમાચાર જાણી ખૂબ દિલગીર થયા છીએ. પાટણની ભોજક જ્ઞાતિના દરેક ભાઈઓ આ દુઃખદ સમાચારથી શોકમગ્ન બન્યા છે. તેઓશ્રીજીના ઉપકારો કદાપિ ભુલાય એમ નથી. (પાટણ; તા. ૧૬-૬-૭૧)

**શ્રી મોતીલાલ વીરચંદ શાહ :** આગમનું સંશોધન કરનારા આ સદીના વિરલ પુરુષ અસ્ત થયા છે. થોડા મહિના પહેલાં જેસલમેર ગયો હતો. તેમનું કાર્ય જોઈ આશ્ચર્ય થયું. જૈન શાસનનું તેમના જવાથી મહાન નુકશાન થયું છે. (માલેગાંવ; તા. ૧૬-૬-૭૧)

**શ્રી ગુલાબચંદ દેવચંદ શેઠ, તંત્રી "જૈન" :** આપના તરફથી પૂજ્ય આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રી કાળધર્મ પામ્યાના સમાચાર જાણી ઘણા જ દિલગીર થયા છીએ. જૈન સમાજે સુંદર, શાંત તેમ જ તટસ્થ જ્ઞાનપ્રેમી વ્યક્તિ ગુમાવી છે, જેની ખોટ પૂરી શકાય તેમ નથી. (ભાવનગર; તા. ૧૬-૬-૭૧)

**શ્રી ભુરાભાઈ ફૂલચંદ શાહ :** ન પુરાય તેવી તેમની ખોટ પડી છે. પણ ભાવિ આગળ શું થાય? અહીં નસ્કતી માર્કેટ તથા પાંજરાપોળ મહાજને પાખી પાળી હતી. આમ તો આચાર્ય મહારાજ કોઈ પણ કાળધર્મ પામે તેમની જ પાખી પડે છે, પણ આ મહાન વિદ્વાન્ મહારાજશ્રીની પાખી પહેલી વાર પડી છે. (અમદાવાદ; તા. ૧૬-૬-૭૧)

**શ્રી જયંતીલાલ મોહનલાલ શાહ :** સાહિત્યક્ષેત્રે પૂજ્યશ્રીએ જે સંશોધન અને સેવા આપી છે તે માટે જૈન સમાજ તેનું ઋણી રહેશે. સદ્‌ગતના જવાથી જૈન શાસનને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. (પાલીતાણા; તા. ૧૫-૬-૭૧)

**श्री लाला निरंजनलाल जैन :** तथा महिमावंती जैन: ऐसी महान् आत्मा श्री श्री श्री पुण्यविजयजी महाराजका अकस्मात् जुदा होना हमारे लिये, जैन समाजके लिये इससे बडी दुर्भाग्यकी क्या बात है? यह ऐसी चोट पडी है, ऐसा घाव पडा है, जो कि कभी भर नहीं सकता। हमारे प्रति जो उनका स्नेह था वह हम अपने आखरी श्वास तक भूल नहीं सकते! (अम्बाला शहर; ता. १८-६-७१)

**ડૉ. ભાઈલાલ એમ. બાવીશી :** દુઃખદ હકીકત જાણી માત્ર તમને-અમને જ નહિ, સારાયે જૈન સમાજને, ભારતભરના જૈન સંઘોને, અને સાહિત્ય-ક્ષેત્રે દેશભરના સંશોધકોને ભારે આઘાત થયો છે! પૂ. મુ. શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રી આપણા જ્ઞાનભંડારોના અને શાસ્ત્રગ્રંથોના એક સન્નિષ્ઠ સંશોધક અને પ્રખર પુનરુદ્ધારક હતા. આજે એઓશ્રીના અભાવે સંશોધન-જીર્ણોદ્ધાર ક્ષેત્રે એક ન પુરાય એવી મહાન ખોટ પડી છે! પૂજ્યશ્રીનો સરળ સ્વભાવ, નમ્રતાભર્યું વલણ, નિરપેક્ષ કાર્ય-પદ્ધતિ, અને તન-મનને ભોગે પણ શ્રુતજ્ઞાનની અચળ-અખંડ સેવા—એ બધું એઓશ્રી એક સાચા સંત હોવાની સાક્ષી પૂરે છે. (પાલીતાણા; તા. ૧૬-૬-૭૧)

**શ્રી સિરાજ ઈબ્રાહીમ બીવીજી :** અફસોસ કે આ જગતના નિયમાનુસાર આપણા વચ્ચેથી એક સમસ્ત જૈન કોમનું હીરરત્ન (શમ્સુલ-ફુતુબે-દીન) આગમપ્રભાકર પુણ્યવિજયજી મહારાજે વિદાય લીધી! આ પાંચમા વિષમ કાળમાં જો મોક્ષ હોત તો, મને ખાત્રી છે કે, તેઓને જરૂર મળતે. પરંતુ સદ્‌ગતિ તો ચોક્કસ જ છે એમાં સંશય-સંદેહ નહિ. (મુંબઈ; તા. ૧-૬-૭૧)

## પત્રોની યાદી

| | |
|---|---|
| શ્રી ચીમનલાલ છોટાલાલ પાટણવાળા, પાલેજ. | શ્રી નિરંજનદાસ, તરશચંદ આદિ, બડૌત. |
| શ્રી હિંમતલાલ મગનલાલ શાહ પાલેજવાળા, ભાવનગર. | શ્રીમતી કનકબહેન, પાલીતાણા. |
| શ્રી ચતુરદાસ નગીનદાસ શાહ, બેલગામ. | શ્રી અચલમલજી મોદી, સિરોહી. |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી શનુભાઈ દીપચંદ, ખંભાત.

શ્રી વિદ્યાવતીલાલ, મહીન્દ્રસિંહ, રાજકુમાર, મુન્નીલાલ, કશ્મીરીલાલ, નરેન્દ્રકુમાર, આગરા.

શ્રી લાભચંદજી, આગરા.

શ્રી પં. રામકુમાર જૈન, દિલ્લી.

શ્રી નાઝરચંદ જૈન, ચંડિગઢ.

શ્રી સોહનલાલજી જૈન, લુધિયાના.

શ્રી હસમુખલાલ ચુનીલાલ વ.સદવાળા, ડભોઈ.

શ્રી આનંદલાલ ભોજક, અમદાવાદ.

શ્રી અગરચંદજી નાહટા, બિકાનેર.

## તારસંદેશા

Very grieved to learn the sad demise of the great sage and scholar revered Punyavijayaji —**Rasiklal Chhotalal Parikh, Ahmedabad.**

Passing away of Punyavijayaji Maharaj is the end of an era of scholarly pursucts among Jain monks. A fitting memorial will be continuation of his research on Jain canon by trained scholars. —**Prabodh Pandit, Delhi.**

Sudden heavenly abode of profound scholar, great saint Agamprabhakar Shri Punyavijayaji gravely hurts all. The void cannot be filled.

—**Rajvaid Jaswant Rai Jain, Calcutta**

Nirvan of His Holiness Maharaj Saheb Shri Punyavijayji has untimely taken away the brightest star of Jainism from this troubled world. His preachings will be guiding light for us mortals for all time to come.

—**Jaisukhalal Raichand Kothari, Bombay.**

Kaldharma of Muni Shri Punyavijayji is great loss to Jain Samaj. Please utilise one hundred rupesces in funeral ceremony. —**Manilal Doshi, Anand**

## તારોની યાદી

શ્રી માનિકચંદજી બેતાલા, મદ્રાસ.

શ્રી સંપતલાલજી પદમચંદજી અમદાવાદવાળા, મદ્રાસ.

શ્રી બાબુભાઈ ઉત્તમચંદ, સૂરત.

શ્રી દીનેશ, શાંતાબહેન અમદાવાદવાળા, કોઈમ્બતુર.

વૃન્દાવન બ્રધર્સ, કોઈમ્બતુર.

શ્રી સૂરજમલ વકીલ, ચાણસ્મા.

શ્રી ઉમેદમલજી હજારીમલજી, ફાલના.

શ્રી ચંદ્રકાંત બકુભાઈ તથા શ્રી રમેશભાઈ બકુભાઈ, અમદાવાદ.

શ્રી વીરચંદભાઈ મૂલચંદભાઈ, અમદાવાદ.

શ્રી બાબુભાઈ ભાવનગરીનાં કુટુંબીજનો, અમદાવાદ.

શ્રી નરોત્તમદાસ મયાભાઈ, અમદાવાદ.

શ્રી શાંતિલાલ પુંજાભાઈ તથા શ્રી વિનોદચંદ્ર શાહ, અમદાવાદ.

શ્રી ચુનીલાલ જે. શાહ, નવસારી.

શ્રી પનાલાલ, હિંમતલાલ ગાંધી અને ડૉ. સુમન શાહ, મહુવા.

શ્રી આર. કે. પરીખ, વડોદરા.

શ્રી વાડીલાલ વૈદ્ય, શ્રી ચંપકભાઈ, શ્રી વિનોદિની તથા શ્રી હસમુખબહેન ઝવેરી, વડોદરા.

શ્રી સોમચંદ હરગોવિંદદાસ, છાણી.

શ્રી મોતીલાલ બનારસીદાસ, દિલ્લી.

જયંત સાયકલ કંપની તથા શ્રી અસલાજી હીરાચંદજી, મૈસૂર.

શ્રી રમણલાલ ઝવેરી, પટના સિટી.

શ્રી કનકબહેન, પાલીતાણા.

શ્રી સૂરજકુમારી સેઠિયા, બિકાનેર.


શ્રી મણિલાલ મગનલાલ, ધ્રાંગધ્રા.

શ્રી રતનચંદજી સચેતી, અજમેર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેટલાક લેખો
અને
# થોડાંક કાવ્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાન ઉપકાર

સ્વર્ગસ્થ આગમપ્રભાકર પરમપૂજ્ય મુનિમહારાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ અને શ્રી જૈન આત્માનંદ સભાના સંબંધની રૂપરેખા લખવા બેઠો. પણ આ સભા ઉપર તેઓશ્રીનો એટલો બધો મહાન ઉપકાર છે કે તે આલેખવાને શબ્દો જડતા નથી; ખરેખર, એ શબ્દાતીત છે. માબાપના સ્નેહ, શુભેચ્છા, લાગણી અને આશીર્વાદથી ભરેલા ભાવોનું વર્ણન કરી શકાય નહિ. તેવી જ રીતે અમારી સભા અને તેઓશ્રી વચ્ચેનો સંબંધ ન વર્ણવી શકાય એવો આત્મીય હતો. સભાના તેઓ હૃદય હતા. અંતરના તાણાવાણાથી ગૂંથાયેલી એ લાગણીઓને કેવી રીતે વર્ણવી શકાય ?

આ સભાના પ્રગટ થયેલા અને અત્યારે અલભ્ય બનેલા સંસ્કૃત-માગધી ભાષામાં લગભગ સો જેટલાં પુસ્તકોના પ્રકાશનમાં મોટા ભાગના ગ્રંથોને તેમની સત્યલક્ષી અને સહૃદયતાભરી વિદ્વત્તાના સંપાદનનો અપૂર્વ લાભ મળ્યો હતો. તેને અંગેના તેમના અવિરત શ્રમનું વિવેચન થઈ શકે તેમ નથી. પ્રેસકોપી કરવી, તેની શુદ્ધિ માટે કેટલાંય પુસ્તક-પાનાં જોવાં-મેળવવાં, પ્રુફો તપાસવાં, એ કેવું ભગીરથ કામ છે તે તો વિદ્વાનો જ સમજી શકે તેમ છે. આ ઉપરાંત પ્રકાશન અંગેના ખર્ચની પણ તેઓ સાહેબ પૂરતી કાળજી રાખી મદદ કરાવતા હતા. તેઓશ્રીએ તેમના દેહવિલયના અંત સુધી સભાને અમૂલ્ય સહાય કરી છે.

તેઓશ્રીના શાંત, સમતારસભર્યાં નિર્દોષ મુખકમળનું સ્મરણ-ચિંતનરૂપે દર્શન કરીને જ હવે તો સંતોષ માનવો રહ્યો ! આ વિચાર જેટલો વાસ્તવિક છે તેટલો જ ચિત્તને વિષાદમય બનાવી મૂકે એવો છે. પણ શું થાય ?

તેઓશ્રીના અને સભાના સંબંધની ટૂંકી વ્યાખ્યા કરીએ તો એમ કહેવું જોઈએ કે અમારી સભા એટલે પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજ અને પરમપૂજ્ય પુણ્યવિજયજી મહારાજ એટલે અમારી સભા.

કૃપાનિધાન શ્રી પુણ્યવિજયજી મહારાજનું નામ અને કામ શ્રી જૈન આત્માનંદ સભા સાથે સદા અમર રહેશે. એ પરમ ઉપકારી સંતપુરુષને મારી ભક્તિભરી વંદના. ૐ શાંતિ...

**ભાવનગર**
તા. ૧૯-૬-૧૯૭૩

**ગુલાબચંદ લલ્લુભાઈ શાહ**
ઉપપ્રમુખ
**શ્રી જૈન આત્માનંદ સભા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજ્યપાદ મહારાજશ્રી અને અમારી સભા

લેખક–શ્રી ખીમચંદ ચાંપશી શાહ

પ્રમુખ, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

*

પરમપૂજ્ય ગુરુદેવ, આગમપ્રભાકર, શ્રુતશીલવારિધિ, મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ અમારી શ્રી જૈન આત્માનંદ સભા સાથે એવા ગાઢ રીતે સંકળાયેલા હતા કે તેઓને સભાના આત્મા જ કહી શકાય. તેઓએ સંસ્થાને સંભાળવામાં અને ઉચ્ચ જૈન સાહિત્યના ક્ષેત્રે સમૃદ્ધ અને વિખ્યાત બનાવવામાં જે ચિંતા સેવી હતી અને જહેમત ઉઠાવી હતી, એનું મૂલ્ય આંકી શકાય એમ નથી. તેઓશ્રીના અગણિત ઉપકારોનું સ્મરણ કરીએ છીએ, અને તેઓની પુણ્યસ્મૃતિથી અંતર ગદ્ગદ બની જાય છે.

પ્રાચીન જૈન સાહિત્ય ખૂબ સમૃદ્ધ અને વિશાળ છે. જૈન પૂર્વાચાર્યો, વિદ્વાનો અને સાહિત્યકારોએ ધર્મ, દર્શન, ઇતિહાસ, સાહિત્ય, કળા, જ્યોતિષ વગેરે વિધવિધ વિષયો પર વિપુલ પ્રમાણમાં ગ્રંથો રચ્યા છે. જૈન ચરિત્રકથાઓ અને બોધકથાઓ, તેમની અનોખી શૈલીના લીધે, વાચકોને હૃદયંગમ બની છે. ભારતના કથાસાહિત્યના વિકાસમાં જૈન કથાઓ અને રાસાઓનો ફાળો નોંધપાત્ર છે. જૈનોએ આ સાહિત્ય પોતાના ભંડારોમાં ખૂબ કાળજીપૂર્વક સાચવી રાખ્યું છે, પરંતુ સમયના વહેણ સાથે તે અવ્યવસ્થિત બની ગયું છે. આ સાહિત્યનું વ્યવસ્થિત સંશોધન અને પ્રકાશન થાય તો જૈન સમાજને, તથા અભ્યાસીઓને અને વિદ્વાનોને જૈનધર્મનો વિશેષ પરિચય થાય અને જૈન સાહિત્ય તરફ વિશેષ અભિરુચિ વધે, આ હેતુથી આ સાહિત્યનું સંશોધન અને પ્રકાશન અત્યંત જરૂરી બન્યું છે. મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે આ દિશામાં ઘણું જ પ્રશંસનીય કાર્ય કર્યું છે. પ્રાચીન જૈન સાહિત્ય અને આગમોનું સંશોધન કરી તેનું પ્રકાશન કરવામાં તેઓએ બજાવેલી કામગીરી અદ્વિતીય છે. લીંબડી, પાટણ, જેસલમેર, ખંભાત, વડોદરા વગેરે સ્થળોએ સંઘરાયેલા ગ્રંથોનું જે ખંતથી, જે ઊંડી સૂઝથી અને જે અભ્યાસપૂર્ણ વિદ્વદ્દષ્ટિથી તેમણે સંશોધન કર્યું છે અને તેના સંરક્ષણ માટે તથા મહત્ત્વના ગ્રંથોની માઇક્રોફિલ્મ ઉતારી વિદ્વાનોને સુલભ કરવા માટે તેમણે જે જહેમત ઉઠાવી છે તેની પ્રશંસા કરવા પૂરતા શબ્દો જડે તેમ નથી. તેમનું આ કાર્ય ચિરકાળ સુધી યાદ રહેશે. આ કાર્ય પંડિતવર્ય શ્રી સુખલાલજીએ કહ્યું છે તેમ "ન કેવળ જૈન પરંપરા સાથે સંબંધ રાખે છે; ન કેવળ ભારતીય પરંપરા સાથે સંબંધ ધરાવે છે; પરંતુ માનવ સંસ્કૃતિની દૃષ્ટિએ પણ એ ઉપયોગી છે."

પરમપૂજ્ય મહાપ્રાભાવિક, મહાન જ્યોતિર્ધર ન્યાયાંભોનિધિ આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ એક મહાન ક્રાંતિકારી યુગપુરુષ હતા. તેઓશ્રીના સ્વર્ગવાસ પછી તરત જ, વિ. સં. ૧૯૫૨માં, તેઓની સ્મૃતિમાં, સભાની સ્થાપના કરવામાં આવી હતી. તેમના સમયમાં જૈન સમાજમાં અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા, કુરૂઢિઓ વગેરે ઘર કરી ગયાં હતાં. તે બધાંને દૂર કરવા તેમણે ભગીરથ પુરુષાર્થ કર્યો હતો અને પંજાબ, મારવાડ, ગુજરાત વગેરે પ્રદેશોમાં સતત વિહાર કરી જૈન સમાજનાં નેત્રો જ્ઞાનરૂપી અંજનશલાકા વડે ખોલ્યાં હતાં. તેમના ભવ્ય ઉપદેશની અસર તળે સમાજ જ્ઞાનપૂર્વકની ક્રિયા અને ક્રિયા સહિતના જ્ઞાન વડે રંગાવા માંડ્યો હતો, અને જૈન ધર્મ, દર્શન, સાહિત્ય તથા શિક્ષણ માટે કંઈક નવું આયોજન કરવાની તમન્ના તેનામાં જાગી હતી. તેમના શિષ્ય સમતામૂર્તિ પરમપૂજ્ય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ જૈનધર્મ અને સાહિત્ય પ્રત્યે અપૂર્વ પ્રેમ ધરાવતા હતા. તેમની સંશોધનદૃષ્ટિ પણ અનોખી હતી. તેમના પ્રબળ પુરુષાર્થથી પાટણ અને લીંબડીના વિશાળ ગ્રંથભંડારોનો ઉદ્ધાર થયો હતો અને વડોદરા તથા છાણીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ એક એક વિશાળ ગ્રંથભંડારની સ્થાપના થઈ હતી. તેમના શિષ્ય પરમપૂજ્ય મુનિરત્ન શ્રી ચતુરવિજયજી મહારાજ પણ મહાન વિદ્વાન અને પ્રાચીન ગ્રંથોના નિષ્ણાત સંશોધક અને સંપાદક હતા. તેમણે પોતાના ગુરુ શ્રી કાંતિવિજયજી મહારાજને ગ્રંથભંડારોનો ઉદ્ધાર કરી સુવ્યવસ્થિત કરવામાં સંપૂર્ણ મદદ કરી હતી. તેમના શિષ્ય પૂજ્યપાદ આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે, ચૌદ વર્ષની નાની ઉંમરે દીક્ષા લઈ, દાદાગુરુ પ્રવર્તકજી મહારાજ તથા ગુરુદેવ શ્રી ચતુરવિજયજી મહારાજ પાસેથી પ્રાચીન ગ્રંથોના સંરક્ષણ, સંશોધન અને સંપાદનની ઉત્તમ તાલીમ લીધી. અને તે બંનેના કાળધર્મ પામ્યા પછી તેઓએ શરૂ કરેલું કાર્ય તેઓ તરફની તેમ જ શાસન અને શ્રુત પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને એકલે હાથે ઉપાડી લીધું, એટલું જ નહિ, પણ તે કાર્યને વિદ્દ્જ્જગતમાં ખ્યાતનામ બનાવી દીધું, એ જ તેમની યશકલગી છે.

ઉપર સૂચવ્યું તેમ, ભાવનગરમાં શ્રી જૈન આત્માનંદ સભાની સ્થાપના પરમપૂજ્ય આત્મારામજી મહારાજના સ્વર્ગવાસ પછી પચીસમા જ દિવસે, એટલે કે વિ. સં. ૧૯૫૨ના બીજા જેઠ સુદિ બીજ, તા. ૧૩–૬–૧૮૯૬ના રોજ, તેઓશ્રીના અનુયાયીઓ અને પ્રશંસકોએ, ભક્તિભાવ નિમિત્તે, તેઓશ્રીની સ્મૃતિ કાયમ જળવાઈ રહે તે હેતુથી કરી હતી. શરૂઆતથી જ આ સભા પ્રત્યે તેઓશ્રીના સમુદાયના મુનિમહારાજોની કૃપાદૃષ્ટિ રહી છે; અને તેમના તરફથી પ્રસંગે પ્રસંગે કીમતી સહયોગ મળતો રહ્યો છે. પરંતુ તેમાંયે ખાસ કરીને પૂજ્ય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, મુનિરત્ન શ્રી ચતુરવિજયજી મહારાજ અને આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની અમીભરી દૃષ્ટિ તો સભા માટે સંજીવની સમી નીવડી છે. આ સભાનો એક મુખ્ય હેતુ પૂર્વાચાર્યોએ રચેલ જૈન સાહિત્યના સંશોધન, પ્રકાશન અને પ્રચારનો છે. તે કાર્યનો પ્રારંભ કરવામાં અને તેને વેગવંત કરી પ્રશસ્ત બનાવવામાં આ ગુરુ-શિષ્ય-પ્રશિષ્યની ત્રિપુટીનો પુરુષાર્થ અસાધારણ છે.

પૂજ્ય પ્રવર્તકશ્રીજીની પ્રેરણાથી આ સભાએ સૌપ્રથમ પરમપૂજ્ય આચાર્ય શ્રી આત્મારામજી મહારાજે હિંદીમાં લખેલા ગ્રંથ 'જૈન તત્ત્વાદર્શ'ના ગુજરાતી અનુવાદથી પુસ્તક-પ્રકાશનનો આરંભ વિ. સં. ૧૯૫૬માં કર્યો. પરંતુ સંસ્થાના પ્રકાશનકાર્યને વેગ તો ત્યારે જ મળ્યો કે જ્યારે તેમના શિષ્ય શ્રી ચતુરવિજયજી મહારાજે, વિ. સં. ૧૯૬૬માં, સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી વગેરે ભાષાઓમાં પૂર્વાચાર્યોએ લખેલા આગમ, દર્શન, કર્મવાદ, અનુયોગવિષયક ગ્રંથો મૂળ, ભાષ્ય, ટીકા, અવચૂરિ વગેરે સહિત સંશોધિત કરીને પ્રસિદ્ધ કરવાની યોજના ઘડી અને તે યોજનાને 'શ્રી જૈન આત્માનંદ ગ્રંથરત્નમાલા' એવું નામ આપીને તેને સફળ બનાવવાનો ભાર પોતે જ ઉપાડી લીધો. જ્યારે આ યોજના ઘડાઈને અમલમાં મુકાતી હતી, ત્યારે શ્રી પુણ્યવિજયજી મહારાજની ઉંમર માત્ર ચૌદ-પંદર વર્ષની હતી અને તેમણે તાજી જ દીક્ષા લીધી હતી. પરંતુ વય અને અભ્યાસ વધતાં તેઓ ગુરુદેવ સાથે આ કાર્યમાં જોડાયા અને, વિ. સં. ૧૯૯૬માં ગુરુદેવના કાળધર્મ પામ્યા પછી, આ ગ્રંથરત્નમાલાના પ્રકાશનની સઘળી જવાબદારી તેમણે સ્વીકારી લીધી. આ સંબંધમાં તેઓ કહે છે કે "આ સભાના સેક્રેટરી શ્રી વલ્લભદાસભાઈ વગેરે ગુરુદેવ શ્રી ચતુરવિજયજી મહારાજ પાસે આવતા અને આ સાહિત્ય-પ્રવૃત્તિ માટે ચર્ચાવિચારણા કરતા. હું બાળકની જેમ આ બધું સાંભળતો, પણ સમજતો નહીં. એમ છતાં આછોપાતળો ખ્યાલ ખરો કે કાંઈક મહત્ત્વની વસ્તુ થાય છે. તે સમયે મને કલ્પના ન હતી કે મારે આ સભા સાથે સંબંધ થશે અને મારે આ જવાબદારી ઉપાડી લેવી પડશે."

આ શ્રી જૈન આત્માનંદ ગ્રંથરત્નમાલામાં નાનાંમાં નાનાં અને મોટાંમાં મોટાં અજોડ મહત્ત્વના ગ્રંથો પ્રકાશિત થયા છે. નાનાં-મોટાં સંખ્યાબંધ શાસ્ત્રીય પ્રકરણોનો સમૂહ તેમાં પ્રસિદ્ધ થયો છે એ તેની ખાસ વિશેષતા છે. આ પ્રકરણો દ્વારા જૈન શ્રમણ-શ્રમણીઓને ખૂબ જ લાભ થયો છે. જે પ્રકરણોનાં નામ મેળવવાં કે સાંભળવાં પણ એકાએક મુશ્કેલ હતાં, એ પ્રકરણો તેમને માટે આથી સુલભ થઈ ગયાં છે. આગમિક, દાર્શનિક, ઐતિહાસિક, કાવ્ય-નાટકવિષયક વિધવિધ સાહિત્યના કુલ ૯૨ ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. તેમાંના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણા મોટા ભાગના ગ્રંથોના સંપાદન અને પ્રકાશનની સંપૂર્ણ કાર્યવાહી ગુરુ-શિષ્યની આ બેલડીને આભારી છે. બૃહત્કલ્પસૂત્ર (છ ભાગમાં), છ કર્મગ્રંથો (બે ભાગમાં), ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમહાકાવ્ય (ચાર પર્વ, બે ભાગમાં), વસુદેવહિંડી (બે ભાગમાં) અને અન્ય એવા અતિ કઠિન ગ્રંથોનું તેમનું સંશોધન-સંપાદન સર્વાંગવિશુદ્ધ અને શાસ્ત્રીય છે, અને તે ગ્રંથોની પ્રસ્તાવના તેમ જ એનાં પરિશિષ્ટો અભ્યાસપૂર્ણ અને અન્ય સંશોધન-કાર્યમાં અતિ ઉપયોગી થઈ પડે તેવાં છે. પૂર્વના તેમ જ પશ્ચિમના પ્રખ્યાત વિદ્વાનોએ આ સંપાદનોની મુક્તકંઠે પ્રશંસા કરી છે એ બીના શ્રી પુણ્યવિજયજી મહારાજની વિદ્વત્તા અને પ્રતિભાની કીર્તિગાથા બની રહે એવી છે.

## મણિમહોત્સવમાં હાજરી

વિ. સ. ૨૦૨૨માં સભાને ૭૦ વર્ષ પૂરાં થયાં હોવાથી વિ. સં. ૨૦૨૩ની સાલમાં સભાનો મણિમહોત્સવ ઊજવવાનું વિચારવામાં આવ્યું હતું. મણિમહોત્સવની ઉજવણીના આ વિચારની સાથોસાથ જ આ મહોત્સવ પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં જ ઊજવાવો જોઈએ એવો વિચાર પણ અમને આવ્યો. તેઓનો સંસ્થા સાથે એવો આત્મીયતાભર્યો સંબંધ હતો અને એને કારણે અમારો તેઓશ્રીના ઉપર એવો પ્રેમ-આદરભર્યો હક્ક હતો કે અમને આવો વિચાર ન આવ્યો હોત તો જ નવાઈ ગણાત. પણ તેઓ પોતાની જ્ઞાનસાધનામાં અને ખાસ કરીને શ્રી મહાવીર જૈન વિદ્યાલયે શરૂ કરેલ આગમ-સંશોધનના કાર્યમાં એવા નિમગ્ન હતા કે એમાંથી તેઓને ભાવનગર પધારવાની અમારી વિનંતી માન્ય કરવા સમજાવવાનું કાર્ય સહેલું ન હતું; એક રીતે કહીએ તો, આવી વિનંતી કરતાં અમને પોતાને પણ કંઈક સંકોચ થતો હતો. અને છતાં તેઓની ગેરહાજરીમાં મણિમહોત્સવ ઊજવવાનું પણ અમને મંજૂર ન હતું. છેવટે અમારી ભક્તિભરી ભાવના સફળ થઈ : મહારાજશ્રીએ, પોતાનાં અનેક કાર્યોમાંથી પણ સમય કાઢીને, ખાસ મણિમહોત્સવ માટે જ ભાવનગર આવવાની અમારી વિનતિ માન્ય રાખી. આથી કેવળ સભાના કાર્યકરોમાં જ નહીં પણ ભાવનગર સંઘના અગ્રણીઓ અને કાર્યકરોમાં પણ ઉત્સાહની ચેતના જાગી. અને અમે સૌ પૂરા ઉમંગથી ઉત્સવની તૈયારીમાં લાગી ગયા.

વિ. સં. ૨૦૨૩માં જ મહારાજશ્રીને મોતિયાનું ઑપરેશન કરાવવું પડ્યું હતું. પણ ઑપરેશન સારી રીતે સફળ થયું અને આંખનું તેજ કંઈક સ્થિર થયું એટલે પછી, વિશેષ સમય ન વિતાવતાં, વિ. સં. ૨૦૨૩ના ફાગણ સુદી એકમના રોજ મહારાજશ્રીએ અમદાવાદથી ભાવનગર માટે વિહાર કર્યો. વચમાં ધંધુકામાં નવા બંધાયેલ શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરનું, તેઓશ્રીના સાંનિધ્યમાં, શ્રેષ્ઠીવર્ય શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ ઉદ્ઘાટન કર્યું તે પ્રસંગ ઊજવી તેમ જ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિની યાત્રા કરી ચૈત્ર સુદિ નોમના રોજ મહારાજશ્રી ભાવનગર પધાર્યા. ભાવનગર સંઘે તેઓશ્રીનું અંતરના ઉમળકાથી સ્વાગત કર્યું. અને અમે મહોત્સવની ઉજવણીની છેલ્લી તૈયારીના કામમાં બમણા ઉત્સાહથી જોડાઈ ગયા.

અને છેવટે એ ધન્ય અવસર પણ આવી પહોંચ્યો. મણિમહોત્સવની ઉજવણી માટે વિ. સં. ૨૦૨૩ના ચૈત્ર વદિ ૭ તથા ૮ (તા. ૩૦-૪-૬૭ તથા તા. ૧-૫-૬૭) રવિ-સોમ એ બે દિવસ નક્કી થયા હતા. આ સમારોહના પ્રમુખ તરીકે જૈન સંઘના મુખ્ય અગ્રણી શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને અતિથિવિશેષ તરીકે જાણીતા વિદ્યાપ્રેમી ઉદ્યોગપતિ શેઠ શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી પધાર્યા હતા. તેમ જ પૂજ્ય વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજે સંપાદિત કરેલ "द्वादशारं नयचक्रं" ગ્રંથના પહેલા ભાગના પ્રકાશન-વિધિ માટે સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉ. આદિનાથ નેમિનાથ ઉપાધ્યેને આમંત્રણ આપવામાં આવ્યું હતું. મહોત્સવની સ્વાગત સમિતિના પ્રમુખ તરીકેની જવાબદારી ભાવનગર સંઘના પ્રમુખ શેઠ શ્રી ભોગીલાલભાઈ મગનલાલ શાહે સ્વીકારી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા અનેક વિશિષ્ટ મહાનુભાવોની તેમ જ ગામ-પરગામથી પધારેલ અનેક વિદ્વાનો અને મહેમાનોની ઉપસ્થિતિમાં મણિમહોત્સવની શાનદાર ઉજવણી થઈ, તેથી અમને ખૂબ હર્ષ અને સંતોષ થયો. અમે સૌ અમારા મનના મનોરથ સફળ થયાનો અનેરો આહ્‌લાદ અનુભવી રહ્યા.

આ મહોત્સવ અમારી સભાના ઇતિહાસમાં તો, સોનેરી અક્ષરે નોંધી શકાય એવો યાદગાર બની ગયો છે જ; પણ સાથે સાથે ભાવનગરના શ્રીસંઘને માટે તેમ જ અમુક પ્રમાણમાં સમગ્ર જૈન સંઘની દૃષ્ટિએ પણ એ ચિરસ્મરણીય બની ગયો. આ પ્રસંગ આવી સુંદર રીતે ઊજવાયો તેનું મોટા ભાગનું શ્રેય પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજ સાહેબની ઉપસ્થિતિને જ ઘટે છે, એ કહેવાની જરૂર નથી. આ પ્રસંગે મહારાજશ્રીએ સભાની કાર્યવાહીને અનુલક્ષીને કોઈ લાંબું પ્રવચન કરવાને બદલે બહુ જ મુદ્દાસરનું અને ટૂંકું છતાં સારગર્ભિત પ્રવચન કર્યું હતું. (તેઓનું પ્રવચન આ વિશેષાંકમાં પરિશિષ્ટમાં આપવામાં આવ્યું છે.) અમારા માટે તો વિમળ અને પવિત્ર જીવનનો પ્રકાશ ફેલાવતી તેઓશ્રીની ઉપસ્થિતિ જ પૂરતી હતી.

પૂજ્યપાદ મહારાજશ્રી મણિમહોત્સવ પ્રસંગે ભાવનગર પધાર્યા તેથી અમે કેટલા હર્ષિત તેમ જ તેઓશ્રીના ઓશિંગણ થયા, એ શબ્દોથી વર્ણવી શકાય એમ નથી. તેઓની આ ઉપકારક વૃત્તિને અમે જીવનના એક અમૂલ્ય અને દિવ્ય નિધિરૂપે સદાને માટે અમારા અંતરમાં સંઘરી રાખીશું.

## વિનમ્ર, ઉદાર જ્ઞાનતપસ્વી

મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ ખરેખર, જ્ઞાનની સાધના કરનાર મહાન તપસ્વી હતા. ૭૬ વર્ષની ઉંમરે પણ તેમની જ્ઞાનસાધના પૂર્ણ ઉત્સાહ, પૂર્ણ એકાગ્રતા, પૂર્ણ એકનિષ્ઠાથી ચાલતી હતી. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની મૂળ આગમોની સંપૂર્ણ સંશોધિત આવૃત્તિ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની યોજનાના પાયામાં તેઓ પોતે હતા. અને અવિરતપણે તેઓ તે કાર્ય માટે જે જહેમત ઉઠાવી રહ્યા હતા તે આપણને આશ્ચર્યચકિત કરી દે એવી હતી.

આટલી બધી વિદ્વત્તા હોવા છતાં આ જ્ઞાનતપસ્વીમાં જરા પણ અહંભાવ ન હતો. તેઓ હંમેશાં જિજ્ઞાસુઓની જ્ઞાનપિપાસા તૃપ્ત કરવા તૈયાર જ રહેતા, અને તે માટે પોતાને પડતા પરિશ્રમ કે પોતાના કામમાં પડતી ખલેલની જરા પણ દરકાર કરતા ન હતા. ઘણી વાર જિજ્ઞાસુઓ અને મુલાકાતીઓનો પ્રવાહ સતત વહેતો રહેતો અને તેથી તેમના હાથ ઉપરના કામમાં વિક્ષેપ થતો. છતાં જરા પણ અચકાયા વિના તેઓ સૌને પ્રસન્ન વદને મળતા, અને સૌને સંતોષ આપતા. તેમની આ સૌમ્યતા ખરેખર પ્રશંસનીય છે. નિરહંકારતાની સાથે સાથે તેઓ નમ્ર અને ઉદાર હતા. પોતાના મોટા કાર્યને નજીવું ગણવાની અને બીજાએ કરેલા નાના કાર્યને મોટું બતાવવાની ઉમદા વૃત્તિ તેઓ ધરાવતા હતા. શ્રી આત્માનંદ સભાના તો તેઓ પ્રાણ જ હતા, છતાં સભાના મણિમહોત્સવ પ્રસંગે પોતાના કાર્યને એક બિંદુ સમાન ગણાવતાં તેમણે કહ્યું હતું કે, "ગુરુદેવ શ્રી ચતુરવિજયજી મહારાજના સ્વર્ગવાસ પછી આત્માનંદ સભા માટે સાહિત્ય પ્રગટ કરવા અંગેની જવાબદારી અમારી ઉપર આવી છે. સભાએ જે સેવા કરી છે તેમાં અમે પણ બિંદુ મેળવ્યું છે તે અમારા આનંદની વસ્તુ છે."

તેઓશ્રીની સત્યનિષ્ઠા પણ અજોડ હતી. સત્ય વસ્તુ સ્વીકારતાં જરા પણ અચકાતા ન હતા, એટલું જ નહીં, પણ અપ્રિય હોય તેવું સત્ય વિવેકપૂર્ણ ભાષામાં કહી દેતાં પણ જરાયે ક્ષોભ અનુભવતા ન હતા. આ બાબતમાં બૃહત્કલ્પસૂત્રના પહેલા ભાગની પ્રસ્તાવનામાં આપવાદિક બાબતોની તેમણે જે વિશદ ચર્ચા કરી છે અને શાસ્ત્રસંમત આધારો ટાંકીને તે વખતની ઉચ્છૃંખલતાભરી દીક્ષાપ્રવૃત્તિની જે આકરી ટીકા કરી છે તે તેમની સત્યનિષ્ઠાની પ્રતીતિ કરાવે એવી છે.

શીલ-પ્રજ્ઞાની નિર્મળ અને અખંડ સાધનાથી પોતાના જીવનને ધન્ય કરી જાણનાર એ મુનિભગવંતને આપણી કોટી કોટી વંદના હો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सितारे भी थे, सहारे भी थे

लेखक—पूज्य देवेन्द्र मुनि शास्त्री, साहित्यरत्न

*

आगमप्रभाकर प्रज्ञास्कंध पण्डितप्रवर परमश्रद्धेय श्री पुण्यविजयजी महाराजके आकस्मिक स्वर्गवासके समाचारोंको सुनकर मुझे तथा मेरे सद्‌गुरुवर्य राजस्थानकेशरी पं. पुष्कर मुनिजी महाराजको हार्दिक आघात लगा।

श्री पुण्यविजयजी महाराजसे मेरा अनेक आगमिक प्रश्नोंको लेकर पत्राचार हुआ है। उन्होंनें मुझे समय-समय पर अपने मौलिक सुझाव दिये हैं। पत्रकी प्रत्येक पंक्तिमें उनके हृदयकी विराटता झलक रही है, कहीं पर भी अहंकारकी गंध नहीं है। मेरे जैसे छोटे साधुको व अन्य सम्प्रदायके साधुको पत्रोंमें वन्दना लिखनेमें भी वे संकोच नहीं करते थे। मैंने उनको अनेक बार निवेदन किया कि आपके जैसे दीक्षास्थविर, ज्ञानस्थविर और वयस्थविरको इस प्रकार लिखना उचित नहीं है, पर उन्होंने उधर कभी भी ध्यान ही नहीं दिया।

बम्बईमें गत दो वर्षोंमें अनेक बार मैं उनकी सेवामें गया; जब भी गया, तब भी वे उसी स्नेह और सद्‌भावनाके साथ मिले। अपना आवश्यक संशोधन व लेखनका कार्य छोडकर पांच-पांच, छह-छह घटों तक अनेक विषयों पर वार्तालाप किया। मैं साधिकार कह सकता हुं कि वे एक सच्चे महापुरुष थे। महापुरुषोंकी परिभाषा करते हुये कारलाइलने सच ही लिखा है कि—"किसी भी महापुरुषकी महानताका पता लगाना है तो यह देखना चाहिए कि वह अपने छोटोंके साथ कैसा वर्ताव करता है।" प्रस्तुत परिभाषाकी कसौटी पर पुण्यविजयजी महाराज पूर्ण रूपसे खरे उतरते थे। उनके विचार सम्प्रदायवादसे ऊपर उठे हुये थे। वे प्रभावशाली और प्रतिभाशाली दोनों थे। उनसे मिलने और वार्तालाप करनेमें अपार आनन्दका अनुभव होता था। वे सूझ और बूझके धनी थे। ज्ञानी भी थे औ अनुभवी भी थे। संशोधकोंके लिये सितारे भी थे और सहारे भी थे। वे प्रेमकी पुनित प्रतिमा थे। सरलता, सरसताकी अनमोल निधि थे, ज्ञानकी सच्ची प्याऊ थे, जो भी प्यासा जाता तृप्त होकर लौटता। जो भी ग्रन्थ चाहिए उसे वे विना संकोच देते। पासमें ग्रन्थ होने पर कभी इन्कार नहीं होते, चाहे कितना भी अप्राप्य व अनमोल ग्रन्थ क्यों न हो। मैंने अनुभव किया हैं, उनमें स्नेहका सागर उछाले मार रहा था। वे तनसे वृद्ध थे, कुछ शरीरमें व्याधियाँ भी थीं, पर उनमें अपार जोश था। मनके अणु-अणुमें कार्य करनेकी तीव्र लगन थी। कार्य करते समय ऐसा प्रतीत होता था कि वे पूर्ण नौजवान है। वर्षों तक दिनभर बैठकर, रात्रि जागरण कर, सर्दी, गर्मी और वर्षाकी विना चिन्ता किये, उन्होंने जो आगम, निर्युक्ति, चूर्णि तथा अन्य साहित्यका संशोधन-सम्पादन किया उसे कौन आगम व साहित्यप्रेमी विस्मृत हो सकेगा? उनकी एकनिष्ठापूर्वक की गई आगम व साहित्यसेवा चिरस्मरणीय रहेगी।

खेद है कि जैन समाज उनके जीवनकालमें उनके द्वारा संशोधित-सम्पादित सभी आगम, निर्युक्ति, चूर्णि साहित्य प्रकाशित नहीं करवा सका, और न जैसी चाहिए उस प्रकार उनके कार्यकी कद्र ही कर सका। अब वह महत्त्वपूर्ण कार्य पं. दलसुख मालवणिया, पं. अमृतलाल मोहनलाल भोजकके माध्यमसे शीघ्र ही सम्पन्न कराया जाय, यही उस महापुरुषके प्रति सच्ची श्रद्धांजलि होगी।

२०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્વનામધન્ય, સજ્જનમૂર્ધન્ય, આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી

(શ્રદ્ધાંજલિ-ગીત)

### રચયિતા—પૂજ્ય મુનિ શ્રી પ્રદ્યુમ્નવિજયજી

*

(અમૃત ભરેલું અંતર જેનું—આંધળી માનો કાગળ)

પુણ્યવિજયજી નામ સોભાગી, સ્મરણે આવે આજ;
આયખું આખું વિતાવ્યું લેખે, શ્રુતસેવાને કાજ;
રખેવાળ જ્ઞાનકોષોનો,
ટાળનાર ભ્રમદોષોનો........(૧)

કપડવંજની પુણ્યભૂમિ પર, જનમ્યાં એ નર-રતન;
કિશોર વયમાં દીક્ષા ગ્રહીને, કીધું આત્મ-જતન;
સાધી જેણે સાધના સારી,
બન્યા અવધૂત અલગારી........(૨)

ગુણિયણ ગુરુની સેવા કરીને, ફોરવ્યું વીર્ય અમાપ;
જ્ઞાન-ધ્યાનની ધૂન મચાવી, અવગાહ્યાં શાસ્ત્ર તમામ;
દીપાવ્યો વારસો રૂડો,
પ્રગટાવ્યો જ્ઞાનનો દીવો........(૩)

મુખ પ્રસન્ન ને નમણાં નયણાં, વયણાં મધુરાં જાસ;
ખળ ખળ સરિતા જળ-શું વહેતું, જીવન પૂર્ણ પ્રકાશ;
પરાણે પ્રીત કરાવે,
પળે પળે પ્રેમ જગાવે........(૪)

જાઓ ભલે ને ગમે તે વેળા, જ્ઞાન-ગંગાની પાસ;
આસપાસ ચોપાસ દીસે ત્યાં, હસ્તપ્રતોનો રાશ;
દર્શનથી દિલડું રીઝે,
મનના સવી સંશયો છીજે........(૫)

લાખ મૂલ્યની હોય ભલે ને, પ્રાચીન પ્રતિ કોય;
નિજ-પરના ભેદભાવ વિસારી, યોગ્યને આપે સોય;
સરવાણી સ્નેહની મીઠી,
આંખે આવી ક્યાંય ન દીઠી.......(૬)

જેઠની અંધારી છઠ્ઠની રાતે, સાધી આત્મકલ્યાણ;
જીવનલીલા સંકેલી જેણે, કીધું સ્વર્ગ-પ્રયાણ;
જીવતર જેણે જીવી જાણ્યું,
હસતે મુખે મોતને માણ્યું........(૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મબલખ પુષ્પો ખીલ્યાં જેના, જીવન-ઉપવન માંહ્ય;
પ્રસરશે સુવાસ નિરંતર, જગમાં જયજયકાર;
લળી લળી વંદના ભાવે,
કરી ગુણ આજ સૌ ગાવે........(૮)

(અમદાવાદમાં પ્રકાશ હાઈસ્કૂલમાં, તા. ૨૦-૬-૭૧, રવિવારના રોજ યોજાયેલ ગુણાનુવાદ સભામાં ગવાયેલું કાવ્ય.)

# જીવંત સંસ્થા

**લેખક :**

પરમપૂજ્ય સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરપદરેણુ

**પૂજ્ય મુનિ શ્રી કીર્તિચંદ્રવિજયજી**

*

ધામધુમ અને ધમાધમના આ યુગમાં લગભગ અર્ધી શતાબ્દી સુધી ચાલેલી એમની નિષ્ઠાભરી અખંડ જ્ઞાનોપાસના, અનેક અતિ પ્રાચીન હસ્તલિખિત ગ્રંથભંડારોનો એમના હાથે થયેલો આદર્શ જીર્ણોદ્ધાર, જૈન સંઘને માટે પરમશ્રદ્ધેય એવાં આગમસૂત્રોની શુદ્ધતમ વાચના તૈયાર કરવાના એમના મનોરથો અને એ મનોરથોને સાકાર બનાવવા માટે એમણે જીવનભર કરેલા વિવિધ પ્રયત્નો, પ્રાકૃત અને સંસ્કૃત ભાષાના અનેક અપ્રગટ અને મહત્ત્વના ગણાતા મહાકાય ગ્રંથોનું એમના સિદ્ધ હસ્તે થયેલું સંશોધન-સંપાદન, તથા બીજા અનેકાનેક નામી-અનામી વિદ્વાનોને એમના વિદ્યોપાસનાના કાર્યમાં, ઉદાર દિલે, ઉદાર હાથે, આત્મીયતાપૂર્વક એમણે કરેલી અમૂલ્ય સહાય વગેરેની વાતો જૈન સંઘમાં કે વિદ્વદ્જગતમાં હવે કાંઈ અજાણી નથી રહી. એ વિષે કંઈ લખવું એ તો પુનરુક્તિ કરવા જેવું જ ગણાય.

એમની ઉપરોક્ત વિશેષતા કરતાંયે એમના અલ્પ પરિચયમાં આવનાર વ્યક્તિને પણ ધ્યાનમાં આવ્યા વિના ન રહે એવી એમની જે બીજી વિશેષતા હતી, તે એમનો અત્યંત સૌજન્યપૂર્ણ વ્યવહાર. નમ્રતા, નિખાલસતા, ઉદારતા, ગુણગ્રાહિતા અને સહુ કોઈના વિકાસમાં નિઃસ્વાર્થભાવે સહાયક થવાની ઉચ્ચ ભાવના-પરાર્થવ્યસનિતા વગેરે અનેકાનેક ગુણપુષ્પોથી એમનું જીવન સદા મહેકતું રહ્યું હતું. એ સુગંધથી ખેંચાઈને અનેક જિજ્ઞાસુ અને ગુણરસિક ભમરો એમની પાસે આવતા જ રહેતા...આવતા જ રહેતા...અને પોતાની શક્તિ મુજબ કંઈક ને કંઈક ગ્રહણ કરીને જતા.

તેઓ માત્ર એક વ્યક્તિ નહિ પણ જીવંત સંસ્થારૂપ હતા. એમની ચિરવિદાયથી જૈન શ્રમણસંઘમાં અને ગુજરાતના વિદ્વદ્જગતમાં જે અસાધારણ ખોટ પડી છે તેને પૂરી કરવા માટે કંઈક અસાધારણ પ્રયત્ન કર્યા વિના ખાલી શ્રદ્ધાંજલિ-વિશેષાંક કાઢીને સંતોષ માની ન લેવાય એ જરૂરી છે.

સ્વર્ગસ્થના આત્માને અત્યંત પ્રિય એવું મહાન કાર્ય હતું પરમપવિત્ર શ્રી જૈનાગમોની શુદ્ધતમ વાચના (ઉપલબ્ધ સર્વ સામગ્રીના આધારે) તૈયાર કરવાનું. એમનું એ અધૂરું રહેલું કાર્ય વહેલામાં વહેલી તકે પૂર્ણ થાય એ માટે સતત જાગ્રત રહીને પ્રયત્ન કરવાની જેમની જવાબદારી છે તે સહુ પોતાની એ જવાબદારીને અદા કરી એ કાર્યને પૂર્ણતાને આરે પહોંચાડી સ્વર્ગસ્થને સાચી શ્રદ્ધાંજલિ સમર્પણ કર્યાનું સદ્ભાગ્ય માણે એમ હું અંતરથી ઇચ્છું છું. વધુ તો શું લખું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ

## લેખક—શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ

*

પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ આ સદીની એક અલૌકિક વ્યક્તિ હતા.

કોઈ પણ જાતની મોટાઈના મોહથી દૂર રહીને તેઓએ એક સામાન્ય મુનિની જેમ જ જીવવામાં સંતોષ માન્યો હતો, અને સંયમની નિર્મળ આરાધના કરતાં કરતાં મહાન ગુણો મેળવ્યા હતા. તેમનું જીવન ઘણું જ સાદું અને નિર્મળ હતું. તેમને આચાર્યપદ આપવા સારુ બે-ત્રણ વખત પ્રયત્ન થયેલા, પણ તેમને કોઈ પણ પદવીની ઇચ્છા બિલકુલ ન હતી, એટલે અંતકાળ સુધી તેઓ એક મુનિ તરીકે જ રહ્યા. આવા અનેક ગુણોને લીધે એમનું જીવન એક આદર્શ શ્રમણભગવંતના જેવું ઊંચું બન્યું હતું. એમનામાં કેટલાક ગુણો તો એવા હતા કે જે અલૌકિક જ લાગે.

મને એમનો પચીસ કરતાં વધુ વર્ષોથી પરિચય હતો, અને એ વિશેષ આદરભર્યો અને ગાઢ બનતો ગયો હતો. લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિરની સ્થાપના પછી મારે તેઓની પાસે અવારનવાર જવાનું થતું. આ સંસ્થાની સ્થાપનામાં તેઓનો ફાળો અસાધારણ હતો. એમણે પોતાનો હસ્તલિખિત પ્રતો, છાપેલાં પુસ્તકો અને વિપુલ કળાસામગ્રીનો જે સંગ્રહ આ સંસ્થાને ભેટ આપ્યો છે એની કિંમત થઈ શકે એમ નથી. આમાં એમની સાધુ તરીકેની જે અનાસક્તિ અને લોકોપકારની ભાવના જોવા મળે છે, એનો જોટો મળવો મુશ્કેલ છે. વિદ્યામંદિરના વિકાસ માટે તેઓ સતત ચિંતા સેવતા હતા.

એમણે જે પદ્ધતિથી આગમોનું સંશોધન કર્યું છે તેવું બહુ થોડાએ જ કર્યું હશે. જ્યારે પણ તમે તેમની વંદના અર્થે જાઓ ત્યારે તેઓ આગમસૂત્રો અથવા તો બીજા કોઈ ગ્રંથના સંશોધનમાં જ રોકાયેલા હોય. કયારેક તો તેઓ આ કાર્યમાં એવા એકાગ્ર થઈ જતા કે જેથી કોણ આવ્યું અને કોણ ગયું એનો એમને ખ્યાલ પણ આવતો નહીં. આ મારા જાતઅનુભવની વાત છે. જ્ઞાનની આવી ઉપાસના ભાગ્યે જ જોવા મળે છે.

સત્યને પામવાની તથા પમાડવાની તેઓની ઝંખના બહુ તીવ્ર હતી. અને તેથી જ તેઓએ શ્રુતભક્તિ, જ્ઞાનની પ્રભાવના અને જૂના ગ્રંથો અને ગ્રંથભંડારોની સાચવણી માટે જીવનભર ખૂબ જહેમત ઉઠાવી હતી, અને વિદ્વાનોને દરેક જાતની સહાયતા કરી હતી.

તેઓનું જ્ઞાન જીવન સાથે એકરૂપ થઈ ગયું હતું. અને તેથી નમ્રતા, સરળતા, સમતા, ઉદારતા, વિવેક, ગુણોને ગ્રહણ કરવાની દૃષ્ટિ, સહનશીલતા જેવા સાધુજીવનની શોભા જેવા અનેક ગુણો એમનામાં જોવા મળતા હતા. અભિમાન કે અહંકારનો એમનામાં અંશ પણ ન હતો એટલે જ્યાંથી જે કંઈ પણ ઉપયોગી વાત જાણી શકાય એમ હોય તે જાણવા તેઓ નમ્રતાથી હંમેશાં તત્પર રહેતા. 'સાચું તે મારું' એ એમનું જીવનસૂત્ર હતું. મારે તેઓની સાથે આટલો નિકટનો પરિચય હતો, છતાં પોતાના અંગત કામ માટે તેઓએ મને ભાગ્યે જ વાત કરી હતી. તેઓ લોભ અને સ્વાર્થથી મુક્ત એક ઉચ્ચ કોટિના સાધુ હતા.

સંસાર છોડીને સાધુપણાનો સ્વીકાર કરવો અથવા સાધુવેશને ધારણ કરવો એ એક વાત છે, અને સંયમની શુદ્ધ આરાધના કરીને જીવનને શુદ્ધ બનાવવું એ જુદી વાત છે. જ્ઞાન અને ચારિત્રની સમાન રીતે આરાધના કરવાથી જ આ થઈ શકે છે. આવી વ્યક્તિઓ બહુ ઓછી જોવા મળે છે. પૂજ્ય આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજનું સ્થાન આવી ઉત્તમ વ્યક્તિઓમાં આગલી હરોળમાં શોભે એવું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશાળ દૃષ્ટિ કેળવીને તેઓએ સમભાવને જીવનમાં ઉતાર્યો હતો; અને એમ કરીને રાગદ્વેષ અને કષાયો ઉપર કાબૂ મેળવ્યો હતો.

જૈન પરંપરામાં, છેલ્લાં બે હજાર વર્ષમાં, અનેક પ્રભાવક મહાપુરુષો થઈ ગયા. એમાં જ્ઞાન અને સંયમ એ બન્નેની આરાધનાની દૃષ્ટિએ બે આચાર્ય મહારાજો અને એક ઉપાધ્યાયજી મહારાજ એમ ત્રણ શ્રમણભગવંતો આપણું વિશેષ ધ્યાન ખેંચે છે, જે આ પ્રમાણે છે—

પહેલા છે, આચાર્ય મહારાજ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ. તેઓ વિક્રમની આઠમી નવમી સદીમાં થઈ ગયા.

બીજા, વિક્રમની બારમી-તેરમી સદીના મહાન પ્રભાવક પુરુષ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય.

અને જૈન શાસનના ત્રીજા જ્યોતિર્ધર તે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ. તેઓ વિક્રમની સત્તરમી-અઢારમી સદીમાં થઈ ગયા.

પરમપૂજ્ય પુણ્યવિજયજી મહારાજ આ મહાન વિભૂતિઓ નજીક આવી શકે એવી વિરલ વિભૂતિ હતા.

# પુણ્યમૂર્તિનાં કેટલાંક સંસ્મરણો

## લેખક—પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજક

*

પૂજ્યપાદ આગમપ્રભાકરજી વિદ્વદ્વર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબનાં અહીં જણાવેલાં સંસ્મરણોમાં તેઓશ્રીને લક્ષીને 'પૂ. પા. મહારાજજી' શબ્દનો પ્રયોગ કર્યો છે—હું સદાને માટે તેઓશ્રી પ્રત્યે આ ઉચ્ચારણ જ કરતો. તથા જ્યાં જ્યાં 'પૂ. પા. ગુરુજી' અને 'ગુરુજી' શબ્દનો પ્રયોગ કર્યો છે ત્યાં ત્યાં 'વિદ્વદ્વર મુનિવર્ય શ્રી ચતુરવિજયજી મહારાજ' (પૂ. પા. મહારાજજીના ગુરુશ્રીજી) સમજવા—તેઓશ્રી, સાથે રહેલા શ્રમણસમુદાયગત તેમનાર્થી નાના મુનિઓમાં અને નિકટના ગૃહસ્થવર્ગમાં 'ગુરુજી'ના નામે જ સંબોધાતા.

પૂ. પા. મહારાજજી સાથેના સુદીર્ઘ (વિ. સં. ૧૯૮૯ થી ૨૦૨૭) સહવાસનાં સ્મરણોનું પ્રમાણ ઘણું હોય તે સ્વાભાવિક છે, છતાં આજે લખવાનો પ્રસંગ આવ્યો છે ત્યારે જેટલાં સ્મરણો યાદ આવ્યાં છે તેટલાં સંખ્યાની દૃષ્ટિએ બહુ ન કહેવાય. અલબત્ત, એવો જ કોઈ પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે તદનુરૂપ મહારાજજીનું જે કોઈ સ્મરણ હોય તે અચૂક થઈ આવે.

અહીં જણાવેલાં સ્મરણોમાં ક્રમભંગ પણ થયો હશે.

પ્રારંભનાં ત્રણ વર્ષ (વિ. સં. ૧૯૮૯ થી ૧૯૯૨) સુધી હું પૂ. પા. ગુરુજીની પાસે પ્રાચીન ગ્રન્થોના પાઠભેદ લેવા બેસતો અને પ્રાચીન ગ્રંથોની પ્રેસકોપી કરવાનું કાર્ય તેઓશ્રીની નિશ્રામાં અલગ બેસીને કરતો. આ સમયમાં પૂ. પા. મહારાજજી પાસે જવું હોય ત્યારે મને મનમાં ખૂબ જ ક્ષોભ તથા સંકોચ થતો. તેમની સમક્ષ જેટલું અને જેમ કહેવું હોય તેટલું તેવી રીતે કહી શકતો પણ નહીં. આનું મુખ્ય કારણ પૂ. પા. મહારાજજીને એટલા બધા ઓતપ્રોતપણે કાર્યરત જોતો, જેથી તેમને બોલાવવા કેમ, એ મારે માટે સમસ્યા થઈ જતી, એ હતું; એટલું જ નહીં, હું જેટલો સમય ઉપાશ્રયમાં બેસતો તે દરમ્યાન પૂ. પા. મહારાજજીને તેમના સંશોધનકાર્ય સિવાય અન્ય કાર્યોમાં નિષ્કારણ સમય આપતા જોતો જ નહોતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ. સં. ૧૯૯૩માં જ્યારે મને શ્રી નિશીથસૂત્રની ચૂર્ણીની પ્રેસકોપી કરવાનું કાર્ય સોંપ્યું ત્યારે હું મહારાજજીની પાસે શંકાઓનું સમાધાન મેળવવા વારંવાર જતો. અને મહારાજજી મને શાંતિથી સમજાવતા. આથી મને પણ તેમની પાસે બેસવા-બોલવાની હિંમત આવી, એટલું જ નહીં, ક્રમે ક્રમે મારી પ્રત્યેક જિજ્ઞાસાને સમજાવવામાં કોઈ કોઈ વાર બે-ત્રણ કલાક જેટલો સમય પણ તેઓ આપતા. આ દિવસો જ્યારે જ્યારે યાદ આવે છે ત્યારે ધન્યતા અનુભવાય છે.

૧. પૂજ્યપાદ ગુરુજીના દેહવિલય ( વિ. સં. ૧૯૯૬ ) પછી પ્રારંભમાં તો મહારાજજીને પોતાનો વ્યવહાર કેમ નભશે એની કંઈક ચિંતા અને વિમાસણ થયેલી; પણ આવા જ્ઞાનયોગી ગુરુને સમજનાર શ્રાવકો પણ કેટલીક અનુકૂળતા કરી આપે અને તેમને બોલતા પણ કરે. તે સમયના સાગર ગચ્છના ઉપાશ્રય (પાટણ)ના વહીવટકર્તા શેઠ શ્રી અમૃતલાલભાઈ સૂરજમલ ઝવેરીએ પૂ. પા. મહારાજજીને જે કોઈ ચીજ–વસ્તુની આવશ્યકતા હોય તે સંબંધમાં નિશ્ચિંત રહેવા જણાવ્યું હતું. ધીમે ધીમે મહારાજજી, તેમની પાસે આવનાર આબાલવૃદ્ધ જનોની સાથે યોગ્ય વાર્તાલાપ કરતા થયા. ઉત્તરોત્તર સમય જતાં પરિવર્તન એ આવ્યું કે ક્રમે ક્રમે મહારાજજીનો સમય અન્યાન્ય કાર્યોમાં રોકાવા લાગ્યો, તેથી તેઓ સંશોધનકાર્ય મોડી રાત સુધી કરવા લાગ્યા. ચોમાસાના દિવસોમાં મહારાજજી વહેલાં સૂઈ જતા અને રાત્રે બે–ત્રણ વાગે ઊઠીને કામ કરતા, જેથી ઊડતા જંતુઓ માર્ગની બત્તીઓ આગળ કૂદાકૂદ કરીને થાકી જવાથી કામ કરતાં અડચણરૂપ થતા નહીં. આમ છતાં જો કોઈ વાર એવાં પતંગિયાં વગેરે મોડી રાત્રે પણ આવતાં તો મહારાજજી બત્તીનો ઉપયોગ બંધ કરીને માળા કરતા. ટૂંકમાં, સંશોધનકાર્ય આવશ્યક હોવા છતાં તેમને જીવહિંસાના વિવેકમાં પણ એટલો જ ઉપયોગ હતો.

રાત્રે બત્તીથી કામ કરવા સંબંધમાં સમાજમાં ક્યારેક થતી ટીકારૂપ ચર્ચાઓ જાણીને એક વખતે મેં મહારાજજીને કહ્યું કે બત્તીના લેંપને દિવસે કોઈ જોઈ ન શકે તેવી રીતે કપડાથી ઢાંકી રાખીએ તો કેમ? મહારાજજીએ મને અતિસ્વસ્થતાથી જણાવ્યું કે જેવા હોઈએ તેવા દેખાવું; છુપાવવું તે તો આત્મવંચના છે. બત્તીના સંબંધમાં તો પાટણ છોડીને મહારાજજી અમદાવાદ આવ્યા તે પછીનાં વર્ષોમાં અમદાવાદના કેટલાક સહૃદય ઉપાસક ગૃહસ્થોએ મહારાજજીને કેવળ જિજ્ઞાસાથી પૂછેલું કે રાત્રે બત્તી રાખી શકાય ખરી? મહારાજજીએ પણ એટલી જ સહૃદયતાથી જણાવેલું કે–"સવારે વ્યાખ્યાન આપવું અને દિવસના શેષ ભાગમાં જ્યારે કોઈ મુનિ કે ગૃહસ્થ શાસ્ત્રાદિ સંબંધી હકીકતો જિજ્ઞાસાથી પૂછે ત્યારે તે સંબંધમાં તેમની સાથે ઉચિત વાર્તા કરવી એમાં બેવડો લાભ છે, તેથી તે અનિવાર્ય બની જાય છે. અમે જીવનમાં જે કંઈ વાંચ્યું–જાણ્યું–વિચાર્યું છે તે જિજ્ઞાસુને જણાવવાની અમારી ધર્મફરજ છે. આથી મારું સંશોધનકાર્ય કાં તો રાત્રે કરું અથવા દિવસનાં રોકાણો સદંતર બંધ કરું–આ બે વિકલ્પ હોવાથી અને બેમાંથી એકને પણ છોડવો ઉચિત નહીં જણાવાથી મારા માટે રાત્રે કામ કરવું એ અનિવાર્ય થઈ ગયું છે. જો મારી પાસે દિવસે કોઈ ન આવે એવો પ્રબંધ થાય તો હું રાત્રે કામ કરવાનું તરત જ બંધ કરું."

૨. માર્ગમાં ચાલતાં આજુબાજુ અને ઊંચા મસ્તકે સામે પણ જોવાની ટેવ મહારાજજીમાં ન હતી. આથી તેઓ નીચી દૃષ્ટિ રાખીને જ માર્ગમાં ચાલતા. એક વખત માર્ગમાં મહારાજજીની સામી બાજુથી ગુરુજી આવતા હશે. મહારાજજી તો તેમના કાયમી ક્રમ મુજબ ચાલતા હોવાથી તેઓ ગુરુજીને જોઈ શકયા નહીં. ઉપાશ્રયમાં ( સાગરનો ઉપાશ્રય–પાટણ ) આવ્યા પછી ખૂબ જ સંતોષ અને વાત્સલ્યથી ગુરુજીએ મહારાજજીને વિનોદમાં કહ્યું કે–પુણ્યવિજય! જો માર્ગમાં તારા વંદનની અપેક્ષા રાખીએ તો તે ખોટી ઠરે!

૩. મહારાજજી પાટણમાં રહ્યા તે સમયમાં સ્થંડિલભૂમિ જવા માટે વર્તમાન પાટણથી બે માઈલના અંતર સુધી જૂના પાટણની જુદી જુદી ભૂમિમાં જતા. માર્ગમાં, જૂના અવશેષો શોધવાની દૃષ્ટિને લીધે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓશ્રી અનેક પાષાણશિલ્પો અને શિલાલેખોની ભાળ મેળવતા; અને ડૉ. પંડ્યા અભ્યાસગૃહના મુખ્ય નિયામક શ્રી દવે સાહેબને જણાવીને તે તે શિલ્પો ડૉ. પંડ્યા અભ્યાસગૃહના નાનકડા સંગ્રહાલયમાં મુકાવતા.

એક વખત પાટણ સુધરાઈ તરફથી વર્તમાન પાટણની બહાર શ્રી કાલિકામાતાના મંદિર પાસેની ખાઈમાં, જરા આગળ, જૂના પાટણના કિલ્લા આગળની ઊંચી ભૂમિમાંથી પથ્થરો કાઢીને, તેને ત્યાં ને ત્યાં જ તોડી સડક બનાવવા માટે નાના ટુકડા કરાવવામાં આવતા હતા. આવા ટુકડાનો ઢગલો મહારાજજીએ કણસડા દરવાજાના બહારના ભાગમાં જોયો. તેમાં સુંદર શિલ્પના ટુકડા જોવાથી, શ્રી દવે સાહેબને જણાવીને, તેમના દ્વારા તે વખતના પાટણ સુધરાઈના ચેરમેન શ્રી વસનજીભાઈ દ્વારા જેમાં શિલ્પકળા હોય તે પથ્થરો નહીં તોડવાનો અમલ કરાવ્યો હતો.

રોજના ક્રમ મુજબ મહારાજજી એક વખત વર્તમાન પાટણથી આસરે એક માઈલ દૂર સરસ્વતી નદીના કાંઠા ઉપર આવેલા શેખ ફરીદના રોજામાં ગયા. આ રોજામાં ઇતિહાસપ્રસિદ્ધ બહેરામખાનની પણ કબર છે. આ રોજાના મુખ્ય પીરસાહેબની કબરની બિલકુલ નજીકમાં એક કાળા પથ્થરની ઉપરથી ગોળ અને નીચેથી ચોરસ એવી લાંબી શિલાને પણ તેમણે જોઈ. ઉપાશ્રયે આવીને બપોરે મહારાજજીએ મને કહ્યું કે "શેખ ફરીદના રોજામાં મુખ્ય કબરની નજીક લાંબી મૂર્તિ ઊંધી પાડેલી હોય એમ લાગે છે. આ માટે હું પ્રયત્ન કરું છું. પણ તે પહેલાં તું ત્યાં જઈને જોઈ લે." બે-ચાર દિવસ પછી મહારાજજીએ તે સમયના વહીવટદાર સાહેબ (મામલતદાર)ને સૂચના કરી. વહીવટદાર સાહેબે જણાવ્યું કે મુખ્ય કબરને કશું જ નુકસાન થાય તેમ ન હોય તો તે શિલા ઉપાડીને જોઈ શકાશે, અને તે જો મૂર્તિ હશે તો ત્યાંથી ખસેડી પણ શકાશે. ત્યાર બાદ બીજે દિવસે મને વહીવટદાર સાહેબની સાથે મોકલ્યો. મહારાજજીએ સૂચવેલી કાળી શિલા ઉપાડી તો તે ખંડિત મસ્તકવાળી વિષ્ણુ ભગવાનની મૂર્તિ નીકળી. આ મૂર્તિને તે વખતે વહીવટદાર સાહેબની કચેરી પાસે મુકાવી હતી.

૪. પાટણમાં શ્રી હૈમસારસ્વત સત્ર પ્રસંગે પૂ. પા. મહારાજજીએ માઈક આગળ બોલીને વ્યાખ્યાન આપેલું. ઉપાશ્રયે આવ્યા પછી મહારાજજીના ખાસ ઉપાસક પાટણના સ્થાનિક આગેવાન વયોવૃદ્ધ બે શ્રેષ્ઠીઓએ મહારાજજીને પૂછ્યું કે માઈક આગળ સાધુથી બોલી શકાય? આ સમયે મહારાજજી ધારત તો શાસ્ત્રની પરિભાષાથી, અપેક્ષાભેદે, પ્રસંગને ઘટાવી શકત. પણ મહારાજજીએ તો ઉત્તરમાં એટલું જ કહ્યું કે "મને મારા માટે ઉચિત લાગ્યું તેથી બોલ્યો છું. આમ છતાં આમાં શ્રીસંઘને હું દોષિત લાગતો હોઉં તો શ્રીસંઘ મને જે કંઈ દંડ ફરમાવશે, તે ભોગવવાની મારી આવશ્યકીય ફરજ ગણીશ."

૫. એક નવા યુગના વિચારક ગણાતા ભાઈએ મહારાજજીને એક સુધારક મુનિસ્વરૂપે માનીને મહારાજજીને જણાવ્યું કે "માકુભાઈ શેઠે-શેઠ શ્રી માણેકલાલ મનસુખભાઈએ-સંઘ કાઢીને પૈસાનો ખોટો ધુમાડો કર્યો; આ છે આપણા જૈન સમાજની સ્થિતિ!" આ સાંભળીને મહારાજજીએ ગંભીરતાથી જણાવ્યું કે "હું એમ પૂછું છું કે માકુભાઈ શેઠે સંઘ ન કાઢ્યો હોત અને નાચ-ગાન કે રંગ-રાગમાં લાખો રૂપિયા ઉડાવ્યા હોત તો તમે મને કહેવા આવત? અને આવી વિલાસી ઉડાઉગીરી મોટા જૈન ધનિકોમાં સર્વથા નથી એમ તમે માનો છો? જો નથી માનતા તો, એવા જે કોઈ હોય તેમના રૂપિયાના ધુમાડાની વાત શા માટે થતી નથી? મને તો એમ જણાય છે કે જ્યારે જ્યારે કોઈ ગૃહસ્થ ધાર્મિક કાર્યમાં દ્રવ્યવ્યય કરે છે ત્યારે જ નવયુગના કેટલાક ભાઈઓ તેમના તે દ્રવ્યવ્યયને નિરર્થક કહે છે."

૬. એક વખતે સમાજના સક્રિય હિતચિંતક શેઠ શ્રી કાંતિલાલભાઈ ઈશ્વરલાલ પાટણમાં પૂ. પા. મહારાજજી પાસે આવેલા. તેમણે જણાવ્યું કે જૈન યુનિવર્સિટી કરવા માટે અમે મુંબઈમાં વિચારીએ છીએ, જેથી જૈન વિદ્યાર્થીઓને વર્તમાન રાજકીય-રાષ્ટ્રીય વ્યાવહારિક શિક્ષણ ઉપરાંત ધાર્મિક શિક્ષણ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારી રીતે આપી શકાય; દેવપૂજા, પ્રતિક્રમણ, શક્તિ મુજબ તપસ્યા તેમ જ કંદમૂળાદિ ભોજનનો અને રાત્રી ભોજનનો ત્યાગ વગેરે નિયમોનું દરેક વિદ્યાર્થિને ફરજિયાત નિયમથી પાલન કરાવી શકાય. આ જણાવ્યા પછી શ્રી કાંતિલાલભાઈએ મહારાજજીનો અભિપ્રાય પૂછયો, ત્યારે મહારાજજીએ જણાવ્યું કે "બહુ મોટું કામ છે, તે સંબંધમાં તમે વિચારીને યોગ્ય કરશો જ. પણ તમારી કોઈ પણ સંસ્થામાં તમે કોઈ અમુક જ સાધુ મહારાજને મુખ્ય રાખશો નહિ. જો તમે અમને તેમાં લાવશો તો તે સંસ્થાની સ્થિરતા જોખમાશે. વિદ્યાર્થીઓના ધાર્મિક નિયમપાલનની વાત યોગ્ય છે. છતાં એટલું ચોક્કસ સમજજો કે ધાર્મિક આચાર પ્રત્યેના નિયમોને વિદ્યાર્થીઓ કેવળ એક પ્રકારના બોજરૂપે ગણે તેવું ન બને તેનો ખ્યાલ રાખી તે પ્રત્યે તેમની અંતરની લાગણી દૃઢ થાય તેવો પ્રબંધ ખાસ કરજો. અહીં એક વાત જણાવી દઉં કે આગેવાન ગૃહસ્થો તેમના બાળકોને જો આ રીતે સંસ્કારો આપવામાં ઉદાસીન હશે અને તે વાત જો સમાજની સંસ્થાના વિદ્યાર્થીઓ જાણશે તો વિદ્યાર્થીઓ આગેવાનોને જુદી રીતે જોશે, એવો સંભવ ખરો."

૭. એક વખતે કામ કરીને મહારાજજી પાસે બેઠેલો ત્યારે તેમની દીક્ષાનાં પ્રારંભનાં વર્ષોની એક વાત મહારાજજીએ કહી: "પ્રકરણગ્રંથની પ્રત, દશવૈકાલિક સૂત્રની પ્રત, એક-બે ચરિત્રની પ્રત, આવા થોડા ગ્રંથો મારી પાસે રહેતા, તેને હું લાકડાના ડબામાં મૂકતો, અને જો કોઈ છાપાં આવતાં તેમાંથી ચિત્રો જુદાં કાઢીને હું મારા ડબામાં રાખતો." મેં કહ્યું: "આપની કલાસામગ્રીની પારખનું મૂળ આપની બચપણાની ચિત્રસંગ્રહની આવી લગન હોય એમ લાગે છે." મહારાજજીએ કહ્યું: "એ તો એવું છે ભાઈ!"

૮. મહારાજજી જ્યારે પણ સંશોધનકાર્ય કરતા ત્યારે તેઓ મન-વચન-કાયાથી કાર્યમાં તલ્લીન થઈ જતા, આ હકીકત મેં પહેલાં જણાવી જ છે. આ અનુભવ મહારાજજી પાસે જનાર વ્યક્તિઓને પણ થયો હશે જ. અહીં આ સંબંધનો એક પ્રસંગ જણાવું છું. ગુજરાતના પ્રસિદ્ધ નટ પદ્મશ્રી શ્રી જયશંકરભાઈ (સુંદરી) એક વાર પાટણ આવેલા. આ દિવસોમાં તેઓ અમદાવાદ રહેતા હતા અને પૂ. પા. મહારાજજી પણ અમદાવાદમાં હતા. આથી મેં સહજભાવે શ્રી જયશંકરભાઈને પૂછ્યું કે કોઈ વાર મહારાજજી પાસે જાઓ છો? શ્રી જયશંકરભાઈએ જણાવ્યું કે "મહારાજજીનાં દર્શન કરવા જવા માટે ઘણી વાર મન થાય, પણ એક જ વાર હું વંદન કરવા ગયો. યોગાનુયોગે બીજા મુનિમહારાજ ક્યાંક ગયા હશે અને મહારાજજી તેમના કાર્યમાં મગ્ન હતા. કાર્યરત મહારાજજીને જોઈને હું ખૂબ પ્રભાવિત થયો. પાંચેક મિનિટ દૂર ઊભો રહ્યો અને મને મનમાં થયું કે 'જયશંકર! તારે કોઈ ખાસ કામ તો છે જ નહીં, દર્શન તો થયાં જ છે, હવે મહારાજજીના મહત્ત્વના કાર્યમાં અંતરાય શા માટે આપવો?' બસ, આટલું વિચારીને હું ત્યાંથી મારા ઠેકાણે ગયેલો."

૯. હું રોજના નિયમ પ્રમાણે મહારાજજીને વંદન કરીને કામ કરવા બેસતો. તે મુજબ એક દિવસ (પ્રાયઃ વિ. સં. ૧૯૯૩-૯૪માં) વંદન કરવા ગયો ત્યારે મહારાજજી જાપાનની બનાવટની દંતમંજનની લાકડાની ડબી તોડીને તેના ભાગો તપાસી રહ્યા હતા. મેં વંદન કરીને પૂછ્યું કે "મહારાજજી! આપ શું તપાસો છો?" મહારાજજીએ જણાવ્યું કે "આ ડબી પાવડર સાથે એક આનાની આવે છે. બે પૈસાનો પાવડર ગણીએ તો ખાલી ડબી બે પૈસાની ગણાય. મારે એ જાણવું હતું કે આ ડબીનું ઢાંકણું ઊઘડવાના બદલે ધક્કો લગાવવાથી અંદર શી રીતે જાય છે? હવે તેની રીત સમજાઈ એટલે બે પૈસામાં આટલું જાણ્યું."

આ પ્રસંગ પછી આશરે ૧૫-૧૭ વર્ષ પછી એક દિવસ મહારાજજી વિનોદમાં બેઠા હતા ત્યારે તેમણે મને પૂછ્યું કે "અમૃત! મેં દીક્ષા ન લીધી હોત તો હું શું થયો હોત?" આ સાંભળી પ્રથમ તો મારાથી હસી જવાયું. છતાં મારી દૃષ્ટિએ મારા પાસે જવાબ હતો તેથી મેં કહ્યું કે "આપ યંત્રો બનાવવા જેવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈક ઉદ્યોગ કરતા હોત." તરત જ મહારાજજીએ કહ્યું કે "શાથી કહે છે?" મેં ઉપર જણાવેલા ડબી તોડવાના પ્રસંગની યાદ આપી. મહારાજજી પણ હસ્યા અને બોલ્યા કે "બહુ જૂની વાત યાદ કરી!"

૧૦. સાગરના ઉપાશ્રય (પાટણ)માં હું મહારાજજીની સાથે સંશોધનકાર્યમાં બેઠો હતો ત્યારે બીજા ઉપાશ્રયેથી પધારેલા એક મુનિ મહારાજ (મને નામનું સ્મરણ નથી) આવ્યા અને મહારાજજીને વંદન કરવા લાગ્યા. આગંતુક મુનિશ્રીએ એક ખમાસમણ દીધું, ત્યાં તો મહારાજજીએ જણાવ્યું કે "આપ મને વંદન ન કરશો, હું આપની પાસે પાઠશાળામાં ભણેલો છું. આપ મારા ગુરુસ્થાનીય છો." આટલું કહીને મહારાજજીએ જણાવ્યું કે "આપ પૂર્વાવસ્થામાં જસરાજભાઈ માસ્તર ખરા ને?" (મને સ્મરણ છે ત્યાં સુધી માસ્તર સાહેબનું નામ જસરાજભાઈ કહેલું.) આવનાર મુનિશ્રીએ 'હા' કહી અને આનંદિત થઈને જણાવ્યું કે "આપની બાલ્યાવસ્થાની સ્મૃતિ પણ કેવી યથાવત્ રહી છે!" અહીં વિદ્યાદાતા પ્રત્યે મહારાજજીનો બહુમાનભાવ સ્પષ્ટ થાય છે.

૧૧. પાટણ-સાગરના ઉપાશ્રયમાં પં. શ્રી ધર્મવિજયજી મહારાજ પણ હતા. પગે કંઈક ખામી હોવાથી ચાલતાં તેમનો પગ લંઘાતો. એક સાંજે હું કામ કરીને ઘેર જતાં પહેલાં મહારાજજી પાસે બેઠો હતો; તે વખતે શ્રી ધર્મવિજયજી મહારાજ પણ થોડી હળવી આનંદની વાતો કરીને ઊઠ્યા, ચાલવા માંડ્યા, ત્યારે પગ લંઘાતો હતો. તે જોઈને મહારાજજી વિનોદમાં બોલ્યા કે धर्मस्य लंगडा गतिः । આ સાંભળી શ્રી ધર્મવિજયજી મહારાજ ખૂબ હસ્યા અને બોલ્યા કે "ના, ના સાહેબ, જુઓ धर्मस्य त्वरिता गतिः છે!" આમ કહીને ઉતાવળે ચાલી બતાવ્યું. આવો કોઈ કોઈ વિનોદનો પ્રસંગ પણ બનતો.

૧૨. બૃહત્કલ્પસૂત્રના મુદ્રણ સમયમાં જ્યારે મુંબઈથી પ્રુફ આવે ત્યારે તેને હસ્તલિખિત પ્રતિઓ સાથે મેળવીને સુધારવા માટે પૂ. પા. ગુરુજી અને મહારાજજીની સાથે હું પણ બેસતો. એક એક હસ્તલિખિત પ્રતિ ગુરુજી અને મારી પાસે રહેતી, બીજી પાંચ પ્રતિઓનાં પાનાં પણ સાથે જ બાજુમાં ચટાઈ ઉપર રાખતા. એક દિવસ આ કામ ચાલતું હતું અને પ. પૂ. શ્રી રવિવિજયજી મહારાજ (બાપજી મહારાજ) પાણીની ઘડી લઈને ગુરુજીની પાસે મૂકવા આવ્યા. ઘડી કાચી માટીની હશે કે ગમે તેમ પણ બાપજી મહારાજના હાથમાં કાંઠલો રહ્યો અને ઘડીનો શેષ ભાગ પાણી સાથે નીચે ચટાઈ ઉપર મૂકેલી તાડપત્રીય પ્રતિ ઉપર પડ્યો. મહારાજજીએ અતિ સ્વસ્થતાથી, જરાય આકુળતા વગર, પોતે અને તેમની સૂચનાથી મેં બધાં પાનાં લઈને બ્લાટીંગ પેપરનું પેડ તોડીને તરત જ તેનાથી પ્રતિનાં પાનાં ઉપરનું પાણી ચુસાવી લીધું અને પ્રતિ યથાવત્ કરી. મહારાજજીને જરાય અકળામણ કે અણગમો ન થયો. બાપજી મહારાજને શાંતિથી જણાવ્યું કે હવે ઘડી લાવો ત્યારે નીચે પોથી મૂકી હોય તેના ઉપર ન આવે એ રીતે લાવજો.

૧૩. પૂ. પા. મહારાજજી જ્યારે પણ ઉપાશ્રયની બહાર જતા ત્યારે તેઓ દાદાગુરુશ્રી પૂ. પા. પ્રવર્તકજી મહારાજજીને જણાવી તેમની અનુમતિ લઈને જ જતા. પ્રવર્તકજી મહારાજજીના કાળધર્મ પછી તેઓ પૂ. પા. ગુરુજીને જણાવી તેમની અનુમતિ લઈને જતા. પૂ. પા. ગુરુજીના કાળધર્મ પછી પોતાના વડીલ ગુરુભાઈ આચાર્ય શ્રી વિજયમેઘસૂરિજી મહારાજને જણાવીને જતા, અને તેમના પણ કાળધર્મ પછી પોતાથી નાના મુનિઓને પણ જણાવ્યા સિવાય મહારાજજી કોઈ દિવસ ઉપાશ્રયની બહાર જતા નહીં. મહારાજજી જ્યારે ઉપાશ્રયની બહાર જતા ત્યારે નિરપવાદરૂપે લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજી મહારાજનું એકવીસ વાર નામસ્મરણ કરીને જ જતા.

૧૪. પાટણનિવાસી શેઠ શ્રી જીવણલાલ લલ્લુભાઈનાં બાળવિધવા બહેન શ્રી મંગુબહેન મહારાજજી પાસે લાંબા સમય સુધી ભણેલાં અને અભ્યાસના પરિણામે ક્રમે કરીને શ્રી મંગુબહેને દીક્ષા લેવાનો નિર્ણય કર્યો અને તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય સમુદાયનાં સાધ્વીજી પાસે. તેમણે પૂ. પા. મહારાજજીને પોતાની દીક્ષા લેવાની ભાવના અને સમુદાયની રુચિ જણાવી; અને વિશેષમાં જણાવ્યું કે દીક્ષા તો આપના હસ્તે જ લેવી છે. ત્યારે મહારાજજીએ પોતાના શ્રીહસ્તે મંગુબહેન તેમને અભીષ્ટ સમુદાયનાં શિષ્યા થાય તે મુજબની જ દીક્ષા આપી. શ્રી મંગુબહેન બીજા સમુદાયનાં સાધ્વી થાય તે બાબત સાથેના કોઈક મુનિઓને ગમતી ન હતી, પણ તે મુનિઓનો આગ્રહ વહોરીને પણ મહારાજજીએ જ દીક્ષાવિધિ કરાવી હતી. આ મંગુબહેન તે વિદુષી સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીનાં શિષ્યા સાધ્વીજી શ્રી પદ્મયશાશ્રીજી.

૧૫. વિ. સં. ૧૯૯૬માં હું સત્તરીચૂર્ણિનું સંશોધન-સંપાદન કરતો હતો. આ ગ્રંથમાં આવતા ઉપશમ-શ્રેણિ–ક્ષપકશ્રેણિના સ્વરૂપને સમજવું મારા માટે મુશ્કેલ હતું. આથી પૂ. પા. મહારાજજીને મેં વિનંતિ કરી કે સત્તરીચૂર્ણિમાં આવતું ઉપશમશ્રેણિ–ક્ષપકશ્રેણિનું સ્વરૂપ સમજવું છે, તો હું આપની પાસે ક્યારે આવું? મહારાજજીએ કહ્યું કે રોજ રાતના ૮ાા વાગ્યા પછી આવજે. હું રોજ રાતના મહારાજજી પાસે જતો અને રાતના ૧૨–૧૨ાા વાગ્યા સુધી બેસતો. બધું સમજ્યા પછી મહારાજજીએ જણાવ્યું કે આ વિષય એવો છે કે આપણે સમજીએ, પણ તેનું દૃઢ પરિશીલન ન રહે તો, તે ફરી દુર્ગમ બની જાય છે. બે જ વર્ષમાં મારા માટે પણ એવું જ બન્યું, અને મેં મહારાજજીને જણાવ્યું કે ઉપશમશ્રેણી–ક્ષપકશ્રેણીના સંબંધમાં આપશ્રીએ કહ્યું હતું તેવું જ મારા માટે થયું. અસ્તુ. આ વાચનના દિવસો દરમ્યાન સાગરના ઉપાશ્રયની સામે રહેતા શ્રી લહેરૂભાઈ નિહાલચંદ નામના વયોવૃદ્ધ ઉપાસક, તેમના રોજના ક્રમ મુજબ, રાત્રે મહારાજજીની પાસે બેસતા. મહારાજજી કામ કરતાં વિસામો લે તે સમયમાં શ્રી લહેરૂભાઈ સાથે તદનુરૂપ વાતચીત કરતા. હું અહીં જણાવેલ હકીકત સમજવા બેસતો ત્યારે જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી હું તે સંબંધમાં પુનઃ પુનઃ પૂછતો. આથી એક દિવસ શ્રી લહેરૂકાકાએ મહારાજજીને કહ્યું કે "સાહેબ! મારું માનો તો અમૃતને જો આપ દીક્ષા આપો તો આપની પાટ દીપાવશે." જવાબમાં મહારાજજીએ કહ્યું કે "જો અમૃત તેના આંતરિક વૈરાગ્યથી દીક્ષા લેવાનું કહે તો આ દિવસો ચાતુર્માસના છે અને રાતના બાર વાગ્યા છે, તોપણ હું તેને અત્યારે દીક્ષા આપું, અને એ માટે જે કંઈ નિયમનું ઉલ્લંઘન થાય તે માટે હું ગુરુવર્ગ પાસે પ્રાયશ્ચિત્ત લઉં." મારા ઉપર મહારાજજીની આવી અંતરની કૃપા હતી અને તે છેવટ સુધી ટકી રહી એ મારું મોટું સદ્‌ભાગ્ય માનું છું.

૧૬. પૂ. પા. મહારાજજી સાથે કામ કરતાં પ્રાસંગિક રીતે મને અનેક વાર ઉપયોગી માહિતીઓ અને શિખામણો મળતી રહેતી. પણ તેઓશ્રી પાસેથી ઉપદેશ મેળવવાનો કેવળ એક જ પ્રસંગ બનેલો અને તે મારે મન ચમત્કારિક પ્રસંગ બની ગયો. આ પ્રસંગ આ પ્રમાણે છે: વિ. સં. ૧૯૯૮ના કાર્તક સુદ ૧ (બેસતા વર્ષ)ની વહેલી સવારે હું, દર વર્ષના નિયમ મુજબ, સાગરના ઉપાશ્રયે (પાટણ) મહારાજજીને વંદન કરવા ગયો. વંદન કરીને સાતા પૂછ્યા પછી મહારાજજીએ કહ્યું: "અમૃત! ભગવાને કહ્યું છે કે સાંસારિક ભાવોને તમે છોડો. જો નહીં છોડો તો એવો એક દિવસ અચૂક આવશે કે જે દિવસે આ સાંસારિક ભાવો તમને તો અચૂક છોડશે." બન્યું એવું કે વિ. સં. ૧૯૯૮ના પોષ સુદ ૧ ના દિવસે હું વિધુર થયો. કેટલાક મહિનાઓ ગયા પછી મહારાજજીને મેં કહેલું કે "સાહેબ! આપે મને આટલાં વર્ષોમાં એક જ વાર ઉપદેશ આપ્યો અને તેનો અનુભવ પણ થયો." મહારાજજીએ કહ્યું: "ભાઈ! ગઈ દિવાળીની રાત્રે હું આચારાંગસૂત્ર વાંચતો હતો, વાંચતાં જે કંઈ ચિંતન થયેલું તેનો નિષ્કર્ષ, તું વહેલી સવારે આવ્યો ત્યારે, મેં તને સહજભાવે કહ્યો હતો."

૧૭. એક વિચક્ષણ સંપન્ન દીક્ષાર્થી બહેન 'પોતે દીક્ષા કોની પાસે લેવી?' તેના નિર્ણય માટે અન્યાન્ય સાધ્વીજી મહારાજના સમુદાયોમાં જતાં અને ત્યાં લાંબો સમય રહેતાં. આ ક્રમ પ્રમાણે તે બહેન પાટણમાં પણ રહેલાં, પોતાને જે સમુદાયમાં દીક્ષા લેવી હોય તે સમુદાયની ચકાસણી માટે આ બહેન શક્ય બધી જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપાસ કરતાં. પોષ્ટમેનનો સદ્ભાવ સંપાદિત કરીને તે તે સાધ્વીજી મહારાજની ટપાલ પણ લેતાં, એટલું જ નહીં, તે ટપાલ કવરમાં હોય તો તેને સિફતથી ખોલીને વાંચી લઈ પુનઃ યથાવત્ કરીને મૂળ માલિકને સોંપતાં, તો કોઈક પત્ર પોતાની પાસે પણ રાખી લેતાં! દીક્ષાર્થી એટલે પાપભીરુ તો હોય જ, પણ દીક્ષા લીધા પછી પોતાની સંયમ-સાધનામાં અજંપો ન રહે તે માટે આ બહેન આવી આવી ચિકિત્સા કરતાં. આવું જ કંઈક પાટણમાં પણ થયું. સાંવત્સરિક પ્રતિક્રમણમાં પોતાના અપરાધોની સવિનય ક્ષમા માગતાં ગુરુણીજી તરફથી આ બહેનની ખૂબ જ અસહ્ય નિર્ભર્ત્સના થઈ. સવારે આ બહેન મહારાજજી પાસે આવ્યાં, પોતાને થયેલા દુઃખની વાત કરીને જણાવ્યું કે "સાહેબ! મેં એક પત્ર છુપાવી રાખ્યો છે તે જો હું જાહેર કરું તો તેમની (સાધ્વીજી મહારાજની) કેટલી અવહેલના થાય, તે આપ આ પત્ર જોઈને જાણી શકશો." સામે મહારાજજીએ જણાવ્યું કે, "બહેન! તારે સંયમની આરાધના કરવી છે, તો પછી આ કીચડને (પત્રને) લઈને કાં ફરે? તેનો નાશ કર અને તને જ્યાં સંપૂર્ણ અનુકૂળતા લાગે તે સમુદાયમાં રહીને આત્મકલ્યાણ કર; એ જ સાચો માર્ગ છે." આ મતલબના મહારાજજીના વક્તવ્યની અસર આ બહેન ઉપર ખૂબ જ થઈ અને તે બહેને પોતાને સાચી પ્રેરણા મળ્યા બદલ ધન્યતા અનુભવી.

૧૮ પૂ. પા. પ્રવર્તકજી મહારાજ સાહેબ, પૂ. પા. ગુરુજી અને પૂ. પા. મહારાજજીની પાસે રહેનાર માણસોને બીજાં સ્થાનોમાં થોડી વધારે આર્થિક પ્રાપ્તિ મળતી હોય તોપણ, તેમનું વાત્સલ્ય એટલું રહેતું કે તેમને છોડીને કોઈ માણસ બીજા સ્થાનમાં જતો નહિ. એવા પણ પ્રસંગો બન્યા છે કે જ્યારે કોઈ લહિયાની માંદગી વખતે તેઓએ એની પૂરી સંભાળ લીધી હોય અને કોઈ મુસીબત વખતે પગારની રકમની ગણતરી કર્યા વગર, લાગણી ભીના બનીને, એને જરૂરી સહાય વખતસર પહોંચાડી હોય. તેઓ લહિયાઓ તરફ પુત્ર જેવી કૂણી લાગણી હંમેશાં ધરાવતા. તો પછી એમની પાસેથી જવાનું કોને ગમે? સદાય માણસાઈભર્યું વર્તન, એ આ ત્રણે પૂજ્યોની અતિવિરલ વિશેષતા હતી.

૧૯. કોઈનો પણ નિંદક કે ટીકાખોર મહારાજજી સમક્ષ કંઈ કહેવા આવ્યો હોય ત્યારે પ્રથમ તો તેને પરનિંદાથી પર રહેવા અને શુભ પ્રવૃત્તિઓ કરવા તેઓશ્રી સૂચન કરતા. પણ જ્યારે કોઈ તેની પરનિંદાની વાત ચાલુ જ રાખે તો બહુ ગંભીર અને સહજ ગરમ સ્વરથી તેને દાદર ઊતરી જવાનું કહ્યાનો પણ પ્રસંગ બનતો. ટૂંકમાં, મહારાજજીનું પરગુણગ્રાહી અંતર પરદોષકથન જરાય સહી શકતું ન હતું. આ સંબંધમાં મને એક વખત જણાવેલું કે જ્યારે કોઈ માણસ આપણી પાસે પારકાની ટીકા–નિંદા કરે ત્યારે આપણે પ્રથમ તો એમ વિચારવું કે આ માણસ આવી વાત કહેવા કેમ આવ્યો? અહીં એ ચોક્કસ છે કે જે માણસની તેણે નિંદા કરી હોય તે ખરાબ હશે કે સારો?–એમાં વિકલ્પ છે જ, પણ આવનાર નિંદકની તો કોટી ઊંચી નથી જ. સમજદાર માણસે વ્યવહારમાં આ વાત વિચારવા જેવી છે.

૨૦. મહારાજજી વડોદરામાં બિરાજમાન હતા (પ્રાયઃ વિ. સં. ૧૯૯૯ પછી). તે વખતે હું શ્રી જિનાગમ પ્રકાશિની સંસદ્ના કાર્ય અન્વયે વડોદરા ગયેલો. આખો દિવસ મહારાજજી પાસે બેઠો હતો. દિવસ દરમ્યાન અંતરે અંતરે મુંબઈ વગેરે સ્થળોનાં કેટલાંક કુટુંબો મહારાજજીને વંદન કરવા આવ્યાં હતાં. આમાંના મુખ્ય ભાઈઓ પૈકી એક ભાઈએ દસ હજાર રૂપિયા સુધીના અને એક ભાઈએ ચાર હજાર રૂપિયા સુધીના કામ માટે અને અન્ય ભાઈઓએ પણ કોઈ પણ કાર્ય માટે ખર્ચ કરવાની ભાવના બતાવી હતી. મહારાજજીએ જણાવેલું કે કામ હશે ત્યારે જણાવીશ; તેઓએ તાત્કાલિક ખર્ચ માટે કશું જ જણાવ્યું નહીં! રાત્રે હું મહારાજજી પાસે બેઠો ત્યારે મેં સહજભાવે જણાવેલું કે "કોઈ પણ પ્રેરણા વિના આજે પોતાની ભાવનાથી ખર્ચ કરવાનું કેટલાક ભાઈઓએ જણાવ્યું તો આપશ્રીએ કોઈને કશું જ કેમ ન કહ્યું?" મહારાજજીએ કહ્યું: "અત્યારે કશું જ કામ નથી." મેં ફરી જણાવ્યું કે "કોઈ યોગ્ય ગૃહસ્થના ત્યાં રકમ મુકાવીએ તો ભવિષ્યમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ જરૂરી કામ માટે તેનો ઉપયોગ કરી શકાય, આ હેતુએ તેમને કંઈક સૂચવ્યું હોત તો કેમ ?" મહારાજજી ખૂબ જ ગંભીર થઈને બોલ્યા કે "અમૃત ! મારા કામનું મહત્ત્વ હશે તો તે માટેના ખર્ચનો પ્રબંધ જે તે સમયે થશે જ, એટલી દઢ માન્યતા છે. બાકી, ઉપાસકોની રકમ અગાઉથી એકત્રિત કરીને કોઈ એક વ્યક્તિના ત્યાં જમા કરાવવાનાં પરિણામ સારાં આવ્યાં નથી. આ સંબંધમાં મારી પાસે કેટલાક દાખલા પણ છે. આથી જ આવી રકમો એકત્રિત કરીને મારે પેઢાં (પેઢીઓ) ચલાવીને અર્થના વમળમાં અટવાઈ જ્ઞાનના કાર્યને ખલેલ પાડવી નથી. આવી બાબતો સાધુજીવનને તો બાધક છે જ, ઉપરાંત ભાવિક ઉપાસકોને ક્રમશઃ અશ્રદ્ધાને માર્ગે દોરનારી છે એ નિશ્ચિત સમજજે." ખરેખર, મહારાજજીએ પોતાના કાર્ય માટે પૈસાની ચિંતા ભાગ્યે જ કરી હશે.

૨૧. મહારાજજી અતિ મહત્ત્વના સંશોધનકાર્યમાં તલ્લીન થયા હોય તે સમયમાં પણ કોઈ મુનિ કે ગૃહસ્થની અંતિમ બીમારીના પ્રસંગમાં કોઈ આરાધના કરાવવા માટે બોલાવવા આવે તો મહારાજજી, ક્ષણનો પણ વિલંબ કર્યા વિના, તરત જ જતા અને તે તે બીમાર વ્યક્તિના ચિત્તની શાંતિ થાય તે રીતે આરાધના સંભળાવતા. આ કર્તવ્યની યાદ આપતાં મહારાજજીએ મને એક દિવસ કહેલું કે આ મોટા શેઠિયાઓના ત્યાં, જ્યારે અંતિમ બીમારી હોય ત્યારે, મોટે ભાગે તો ડૉક્ટરોની સૂચના જ એવી હોય છે કે બીમારની પાસે કોઈ જઈ જ ન શકે. આ સ્થિતિમાં આ વસ્તુ પ્રાયઃ આપણી પરંપરાથી અને પારમાર્થિક રીતે પણ સંગત નથી.

આવા પ્રકારની કર્તવ્યનિષ્ઠાનો એક પ્રસંગ જણાવું છું.

અમદાવાદમાં લુણસાવાડા-મોટી પોળના ઉપાશ્રયે રોજના ક્રમ મુજબ એક દિવસ હું ગયો. મહારાજજીને વંદન કરીને બેઠો ને તરત જ મહારાજજીએ કહ્યું કે "ચાલ, આપણે ચીમનભાઈ કડિયાના ત્યાં જવું છે." (આ દિવસોમાં શ્રી ચીમનલાલ કડિયા કેન્સરની અસાધ્ય બીમારીમાં હતા.) મેં પૂછ્યું : "કોઈએ કહેવરાવ્યું છે ?" મહારાજજીએ જણાવ્યું : "એમાં કહેરાવવાનું શું ? જે જીવોની સાથે પ્રસંગવશ બોલવા-લખવાનો પ્રસંગ બન્યો હોય તેમની સાથે, જ્ઞાનીઓએ ચીંધેલા માર્ગને અનુસરીને, મનઃસમાધાન અને ખામણાં કરવાં જ જોઈએ. આ હકીકત ભગવાનના ઉપદેશની મહત્ત્વની મુખ્ય બાબતોમાંની એક છે." પછી અમે બે શેખના પાડામાં શ્રી કડિયાના ઘેર ગયા. ઉપર જઈને જણાવ્યું કે પુણ્યવિજયજી મહારાજ સાહેબ પધાર્યા છે. શ્રી કડિયા તરત જ અંદરના ઓરડામાંથી બહારના ભાગમાં આવ્યા અને મહારાજજીને વંદન કર્યું. ત્યાર પછી મહારાજજીએ કહ્યું : "ચીમનભાઈ ! આપણે અહીં જે કંઈ વિવાદ આદિ થયું છે તે બધું અહીં જ મૂકવાનું છે. એની આછી-પાતળી પણ રેખા જો રહી જાય તો જન્માંતરમાં પણ શીંગડાં માંડવાં પડે અને કષાયાધીન પીડાઓ આપણે જ ભોગવવી પડે." આ અને આ ભાવનું સૂચન કરીને—

सावज्जजोगविरई उक्कित्तण गुणवओ य पडिवत्ती ।
खलियस्स निंदणा वणतिगिच्छ गुणधारणा चेव ॥

આ ગાથા ઉપર મહારાજજીએ લગભગ અર્ધા કલાક સુધી એવું હૃદયંગમ પ્રવચન કર્યું કે જેથી મને પણ એમ જ થયું કે-મહારાજજી બોલે જ જાય અને હું સાંભળે જ જાઉં ! " શ્રી કડિયાની આંખ પણ ભીની થઈ ગઈ અને મહારાજજીના ચરણને પકડીને ભાવભીના સ્વરે બોલ્યા કે-"સાહેબ ! મારા ઉપર આજ ખૂબ ઉપકાર કર્યો. "

અહીં અંતસમયની આરાધનાનો મહિમા અને મહારાજજીનું કૂણું અંતર પ્રતિબિંબિત થાય છે.

૨૨. પ્રાયઃ વિ. સં. ૧૯૯૯ની સાલમાં કેટલાક સંબંધીઓ દ્વારા મને પ્રેરણા મળી કે બીડીઓનો ધંધો કરવામાં સારી કમાણી થઈ શકે તેમ છે. એક રાત્રે મહારાજજી પાસે જઈને મેં જણાવ્યું કે મહારાજજી !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું ધંધો કરું ? કુતૂહલ થયું હોય તેવી દૃષ્ટિથી મહારાજજી બોલ્યા : ધંધો ? મેં કહ્યું : હાજી, બીડીઓના ધંધામાં પ્રાપ્તિ સારી થાય તેમ છે. મહારાજજીએ જણાવ્યું : આમાં મને કંઈ ખબર પડે નહીં, પણ જે કરે તે બરાબર વિચારીને કરજે. મેં જણાવ્યું કે સાહેબ ! બધો વિચાર કર્યો છે અને તેમાં સારું છે. પછી મહારાજજીએ કહ્યું કે તેં વિચાર તો કર્યો જ હશે, પણ પેલા ભરડાજીના શિષ્યના જેવો વિચાર ન થાય તેની ચોકસાઈ રાખવી. આમ કહીને પ્રસ્તુત ભરડાજીનું દૃષ્ટાંત આ પ્રમાણે કહ્યું—એક ગામમાં ગુરુ અને શિષ્ય ભરડાજી રહે. ગુરુજી શિષ્યને પ્રસંગે પ્રસંગે કહે કે બચ્ચા ! જ્યારે કોઈ પણ કામ કરવું હોય ત્યારે ખૂબ સોચી–સમજીને કરવું. શિષ્ય પણ ગુરુના વચનનો આદર કરતો. એક દિવસ સવારમાં શિષ્ય દાતણ કરવા બેઠો હતો ત્યારે સામેના વાડામાં ઊભેલા બળદ ઉપર શિષ્યની નજર પડી. શિષ્યને વિચાર થયો કે " આ બળદનાં બે શીંગડામાં મારું માથું આવી શકે કે કેમ ? તે નક્કી કરવું જોઈએ." શિષ્યને બળદનાં શીંગડાંમાં માથું મૂકવાનો વિચાર આવ્યો તે સાથે જ ગુરુજીની ' બહુ સોચી-સમજીને કામ કરવાની ' શિખામણ પણ યાદ આવી. એટલે શિષ્યે ઉતાવળ ન કરતાં આ સંબંધનો નિર્ણય કરવા માટે અંગત વિચારવા માંડયું. આમ છ મહિના સુધી વિચારીને તેણે નિર્ણય કર્યો કે બળદનાં બે શીંગડાં વચ્ચે માથું મૂકવું. અને શિષ્યે એમ કર્યું પણ ખરું ! માથું મૂકતાં જ બળદે શિષ્યને ઊંચો કરીને પટક્યો. બૂમ પાડીને શિષ્ય ઊભો થવા જતો હતો ત્યાં તો તેની બૂમ સાંભળીને ગુરુજી આવ્યા. ગુરુજીએ બૂમ પાડવાનું કારણ પૂછતાં શિષ્યે બળદે પછાડયાની વાત કરી. ગુરુજી કહે : બેટા ! હું તને કાયમ કહું છું કે બહુ સોચી–સમજીને કામ કરવું. ત્યારે વળતો શિષ્ય બોલ્યો કે ગુરુજી ! એક-બે દિવસ નહીં, છ મહિના સુધી વિચાર કરીને પછી મેં બળદનાં શીંગડાંમાં માથું મૂકયું, તોય મને પછાડ્યો !

આ સાંભળીને હું સમજ્યો કે મહારાજજી મને ના નથી કહેતા, પણ હું બીડીઓનો ધંધો કરું તે મહારાજજીને રુચિકર તો નથા. મેં ધંધો ન કર્યો.

૨૩. જેસલમેરના જ્ઞાનભંડારોના સમુદ્ધાર માટે પૂ. પા. મહારાજજીએ જ્યારે ગુજરાતમાંથી વિહાર કર્યો ત્યારે વિહારમાં આવતાં જે ગામોમાં પોતાથી મોટા મુનિમહારાજો વિરાજમાન હતા તેમની પાસેથી તેમણે જેસલમેરના ભંડારોના સમુદ્ધારકાર્યની સફળતા માટે વિનમ્રભાવે શુભાશીર્વાદ મેળવ્યા હતા. મહારાજજીના વિનમ્રભાવ માટે ગુજરાતના સુપ્રસિદ્ધ લેખક શ્રી ધૂમકેતુભાઈએ લખેલા ' હેમચન્દ્રાચાર્ય ' પુસ્તકની પ્રસ્તાવના -" લેખકનું નિવેદન "-માં લખ્યું છે કે—

" હું જ્યારે પાટણ ગયો ત્યારે મહામુનિ શ્રી પુણ્યવિજયજીને મળવાનો મને પ્રસંગ મળ્યો. ' વિદ્યા વિનયેન શોભતે '—એ સૂત્રને સદેહે જોવાથી જે આનંદ માણસને થાય તે આનંદ મને થયો. એમની અગાધ વિદ્વત્તા અને અદ્‌ભુત વિનમ્રતા ભરેલા વાતાવરણમાંથી મને હેમચંદ્રાચાર્યના જીવનઆલેખ વિષે કંઈક નવીન જ વસ્તુદર્શન થયું. હું એમનો અત્યંત ઋણી છું કે એમણે પોતાના અમૂલ્ય સમયમાંથી થોડી પળો મને આપીને મારા કાર્યને પ્રોત્સાહન આપ્યું છે, ને નાજુક તબિયત છતાં પ્રસ્તાવનાનો શ્રમ ઉઠાવ્યો છે. ગુજરાતી વિદ્વત્સમાજના એ નિર્મળ રત્નને હું નમ્રતાથી વંદુ છું." (પૃ. ૫–૬)

ઉપર લખેલો પ્રસંગ પણ શ્રી ધૂમકેતુભાઈની હકીકતનો દ્યોતક છે.

૨૪. જેસલમેર જતાં રણુંજ ગામના મુકામ પછી પાટણ આવવા માટે મહારાજજીએ વહેલી સવારે વિહાર કર્યો ત્યારે રેલમાર્ગની બાજુની કેડીમાં તેઓ ચાલતા હતા અને મનમાં પાઠ કરતા હતા. ચાલતાં ચાલતાં નાળું આવ્યું અને મહારાજજી સાત-આઠ ફૂટ નીચે પડી ગયા. જોકે કોઈ મહાવ્યથા ન થઈ, પણ પગમાં પીડા જણાઈ. પાટણ શ્રીસંઘના કેટલાય ભાઈઓ પાટણથી લગભગ બે માઈલ સુધી સામે આવેલા તેમાં હું પણ હતો. મહારાજજીએ પડી જવાની વાત કોઈને પણ ન કરી. પાટણમાં સામૈયું, વ્યાખ્યાન વગેરે પતી ગયું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી મને બાજુમાં બોલાવીને કહ્યું કે "અમૃત ! હું આજ રોજ સવારે પડી ગયો છું, વિહાર લાંબો કરવાનો છે અને પગમાં પીડા થાય છે. તું કોઈ કુશળ માણસને બોલાવી લાવ. પણ આ વાત કોઈને પણ જણાવીશ નહીં. તથા જે ભાઈ ઇલાજ કરવા આવે તેને પણ કહેજે કે તે પણ કોઈને વાત ન કરે. નાહકના લોકો દોડાદોડ કરશે." હું જેષ્ઠિમલ્લ જ્ઞાતિના અને હાડવૈદનું કામ કરતા શ્રી પ્રતાપમલ્લ પહેલવાનને મહારાજજીની આજ્ઞા મુજબ સૂચન કરીને બોલાવી લાવ્યો. પુણ્યકાર્યના પ્રવાસી પુણ્યપુરુષની તકલીફ ૩૬ કલાકમાં તો બિલકુલ શમી ગઈ.

અન્ય સાધુ-સાધ્વી મહારાજોની નાની-મોટી બીમારી માટે જોઈતી દવાઓના સંબંધમાં મહારાજજી વિના વિલંબે યોગ્ય ઉપાસક દ્વારા પ્રબંધ કરાવતા. પણ પોતા માટે બહુ ઓછી દવા લેવી પડે તેવું જ ઇચ્છતા. તેમનું સ્વાસ્થ્ય પણ તેવું જ રહેતું.

૨૫. જેસલમેરના જ્ઞાનસત્રમાં હું પણ હતો જ. યોગાનુયોગે મહારાજજી અને અમે સૌ કાર્યકર ભાઈઓએ એક જ સમયે જેસલમેરમાં સાથે પ્રવેશ કર્યો. પ્રથમ તો ધર્મશાળામાં પુસ્તકોની પેટીઓ અને અન્ય સામાન ઢગલાના રૂપમાં મુકાયો. તેને વર્ગીકૃત કરીને અમે સૌ ગોઠવતા હતા. મહારાજજીએ એક ઓરડો તેમના માટે પસંદ કર્યો અને તેના બારણામાં તેઓશ્રી ઊભા હતા. અહીં અમારી સાથેના સામાનમાં જે એક નાની પેટીમાં ખર્ચ માટેના રૂ. ૩૦૦૦/ હતા તે પેટી જડે નહીં! મેં લક્ષ્મણભાઈને પૂછ્યું કે ક્યાંક રહી ગઈ કે પડી તો નહીં ગઈ હોય ને? આમ અમે ચિંતામાં શોધાશોધ કરતા હતા. એટલામાં બારણામાં ઊભેલા મહારાજજીએ પૂછ્યું કે શું થયું છે? મેં પેટીની વાત જણાવી. મહારાજજી અતિસ્વસ્થ અને નિરાકુળ સ્વરે એટલું જ બોલ્યા કે જડશે એ તો! પણ અહીં આવ, હવે આપણે અહીંના કામ વિષે વિચારીએ! સામાન ઘણો હતો એટલે એક બીજા ખડકલાની નીચેથી પેટી તો મળી, પણ મહારાજજીની નિરાકુળતાથી અમે સૌ ખૂબ જ પ્રભાવિત થયા.

૨૬. જેસલમેરના નિવાસ દરમ્યાન રતલામથી વયોવૃદ્ધ શ્રીપૂજ્યજી મહારાજ જેસલમેર પધાર્યા હતા. મહારાજજીના કાર્યની તેઓશ્રીએ મુક્ત મને પ્રશંસા કરીને જણાવ્યું કે—**महाराजजी! आप ज्ञानका एवं शासनका महत्त्वपूर्ण कार्य करते हो इसमें कोई शक नहीं। फिर भी आप अगर शासनदेवी श्री पद्मावतीजीका अनुष्ठान करें तो आपका कार्य विशेष सुकर होगा।** મહારાજજીએ તેમની સહજ સ્વસ્થતાથી જણાવ્યું કે—**श्री पद्मावतीजी शासनदेवी है ही, शासनका कार्य करनेकी सूझ भी पद्मावतीजीको होगी ही। मैं मानता हूं वहां तक मेरा कार्य शासनकार्य ही है, तो पद्मावतीजीकी भी यह आवश्यकीय फर्ज है कि वो मेरे शासनकार्यमें सविशेष अनुकूलता करे। इतने काममेंसे समय निकालके मैं पद्मावतीजीकी आराधनामें लग जाऊं सो तो पद्मावतीजीको भी मंजूर न होना चाहिए, क्यों कि वो देवी है और मेरे परिणाम इसको ज्ञात होने ही चाहिए।** આ વાત સાંભળીને શ્રીપૂજ્યજી મહારાજે કોઈ દલીલ કરી ન હતી.

૨૭. જેસલમેરમાં એક રાત્રે હું મહારાજજી પાસે શંકા પૂછવા બેઠો ત્યારે મહારાજજી શંકાસ્થળ જોતા હતા, તે વખતે મારી નજર તેમના આસન ઉપર પડેલા પત્ર ઉપર પડી. પત્રની પંક્તિમાં અનુયોગદ્વારસૂત્રનું નામ જોવાથી મને થયું કે આગમ સંબંધી વિગતનો પત્ર લાગે છે. તેથી જે ભાગ ખુલ્લો હતો તે વાંચતાં જણાયું કે એક ગુણગ્રાહી મુનિભગવંતના મંગાવવાથી મહારાજજીએ પોતે સુધારેલી અનુયોગદ્વારસૂત્રની પ્રતિ મોકલી હશે. તે પ્રતિ જોઈને પત્ર લખનાર મુનિશ્રીએ મહારાજજી પ્રત્યે ખૂબ જ ભક્તિપૂર્વક જણાવેલું કે 'અનુયોગદ્વારસૂત્રનું આવું સંશોધન વર્તમાનકાળમાં આપના સિવાય બીજાને માટે પ્રાયઃ અશક્ય છે.' પત્ર લખનાર મુનિશ્રીનું નામ વાંચીને મેં મહારાજજીને પૂછ્યું કે 'આ મહારાજે આપના માટે આવું સરસ લખ્યું છે?' મહારાજજીએ કહ્યું કે 'તેં જોયું તો ભલે જોયું, આ આખો કાગળ વાંચી જા, પણ કોઈનેય કહીશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં. કારણ કે અમારે સાધુસમુદાયમાં કોઈ વાર અનેક વિમાસણો હોય છે. આ હકીકત જાહેર થાય તો લખનાર મુનિને કદાચ તેમના વડીલોનો અણગમો વહોરવો પડે.

૨૮. અનેક વાર એવું બનેલું કે મહારાજજી સંશોધનકાર્ય કરતા હોય અને નજીકમાં જ પંન્યાસજી શ્રી રમણીકવિજયજી મહારાજ અને હું, મહારાજજી જરાય પ્રયત્ન વિના પણ સાંભળી શકે તેવા અવાજે, વાત કરતા હોઈએ. આ વાતની કોઈક બાબત માટે મહારાજજીને અમે અલગ અલગ પૂછીએ કે—કેમ સાહેબ! મેં કહ્યું તેમ છે ને? ત્યારે અમારી મોટા અવાજે થયેલી વાતનો એક પણ શબ્દ મહારાજજીને સ્પર્શેલો જ નહીં તેથી મહારાજજી અમારી આખી વાત સાંભળે ત્યારે જ ઉત્તર આપે. ટૂંકમાં, બાજુમાં કોણ શું કરે છે? –તેનો જરા પણ ખ્યાલ મહારાજજીને રહેતો નહીં. સંશોધનકાર્યમાં તેમની તલ્લીનતા સદાને માટે રહેતી, એટલું જ નહીં, મારા માટે તો મેં અનેક વાર અનુભવ્યું છે કે મહારાજજીની તલ્લીનતાની અસર મને પણ ઘણીવાર થતી કે જેથી સમયનો અને થાકનો ખ્યાલ પણ વીસરી જવાતો. આજ અનેક વાર તેમના અભાવમાં મન ભારે થઈ જાય છે!

૨૯. પૂજ્યપાદ શ્રુતસ્થવિર, આચાર્યભગવંત શ્રી સાગરાનંદસૂરીશ્વરજીની સૂરતમાં ગંભીર અને અંતિમ માંદગી હતી તે સમયે મહારાજજી વડોદરામાં હતા. તેમની સાથે આગમોના કાર્ય અંગે કેટલીક આવશ્યકીય ચર્ચા કરવા માટે મહારાજજી વડોદરાથી સૂરત ગયા હતા. સૂરતથી વડોદરા પધાર્યા પછી કેટલાક દિવસ પછી મારે પાટણથી વડોદરા જવાનું થયું. એક દિવસ પ્રાસંગિક રીતે મેં મહારાજજીને પૂછ્યું કે "સાહેબ! સૂરત જઈને શું કરી આવ્યા?" મહારાજજીએ જણાવ્યું કે "અમૃત! કામ કરતાં આપણને જે જે સ્થાનો ધ્યાન ખેંચે તેવાં લાગે છે તે પ્રત્યેક સ્થાન સાગરજીમહારાજની નજરમાં છે. અને તેઓએ ખૂબ જ ગંભીર બાબતોને યથાર્થ ભાવે પચાવી રાખી તેથી જ એમનું શ્રુતસ્થાવિર્ય છે એમ કહી શકાય."

૩૦. વયોવૃદ્ધ સાધ્વીજી શ્રી રત્નશ્રીજી મહારાજ મહારાજજીનાં માતુશ્રી હતાં. પોતે સાધ્વી અને પુત્ર સાધુ હોવા છતાં માતા તરીકેની તેમની લાગણીઓ સાવ લુપ્ત તો ન જ થાય એ સ્વાભાવિક છે. આથી જ અનેક વાર મહારાજજી, સાધ્વી-માતાનું મન સાચવવા, આંતરિક રીતે અલિપ્ત ભાવે, પણ જરાય ઉભડક ન લાગે તેવી રીતે, સાધ્વી-માતા પાસે જતા અને તેમને સંતોષ થાય તે રીતે તેમનું મન સાચવતા. માતા પાસે બેસીને તેઓને સુગમ બને તે રીતે, વિવિધ પ્રસંગે, તાત્ત્વિક વાતો વિનોદ સાથે કરતા. આવા કેટલાક પ્રસંગોમાં હું પણ મહારાજજીની સાથે જતો.

૩૧. એક દિવસ સાથે રહેલા મુનિઓ પૈકી બે મુનિભગવંતોને પરસ્પર ઊંચાં મન થયાં, પણ મહારાજજીની ઉપસ્થિતિમાં કષાયનું મોટું સ્વરૂપ થઈ શકે નહીં. આમ છતાં તે બન્ને મુનિઓનાં મન પરસ્પર કષાયિત રહેતાં હતાં. આ વાત મહારાજજી પામી ગયા હતા. મહારાજજી વ્યક્તિવિશેષને સમજાવવા માટે સમય પાકવાની અવધિ પણ વિચારતા. આથી તાત્કાલિક તો તેમણે કોઈ મુનિને કશું જ કહ્યું નહીં. હું બપોરે મહારાજજીની પાસે ગયો ત્યારે તેમણે મને અંગત રીતે જણાવ્યું કે "ધર્મની વિવિધ આરાધના અને આત્મશાંતિના ઉપાયો પૈકીના એક એક પ્રકારની આ બે જણા (જેમને પરસ્પર ઊંચા મન હતાં તે) વર્ષોથી આરાધના–ઉપાસના કરે છે, પણ કેમ જાણે આત્મકલ્યાણ માટેનો મુખ્ય હેતુ તેમના લક્ષમાં જ આવતો નથી! આ બે જણાએ શાસ્ત્રાભ્યાસ અલ્પ કર્યો છે, છતાં 'કષાયોનો પરિપાક કેવો હોય છે?' તે તો તેમણે અનેક વાર વાંચ્યું હશે. **जं अज्जियं चरित्तं०**[1] ગાથાનો અર્થ જો સાચી રીતે વિચારે તો તેમને કષાયનિમિત્તના

૧. આ ગાથા આ પ્રમાણે છે–जं अज्जियं चरित्तं देसूणाए वि पुव्वकोडीए। तं पि कसाइयमेत्तो नासेइ नरो मुहुत्तेणं॥ અર્થ—દેશોન–થોડાંક ઓછાં–પૂર્વ ક્રોડ વર્ષ સુધી ચારિત્ર–સંયમની આરાધના કરીને પણ જો તે ચારિત્રારાધક મુહૂર્ત-માત્ર કષાય કરે તો તે સંયમના શુભ ફળનો નાશ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસંગોમાં સ્વભાન આવે જ. આમાંય પ્રશસ્ત કષાયનો અને અપ્રશસ્ત કષાયનો સત્યાર્થ સમજ્યા વિના જે પ્રશસ્ત કષાયનો આશ્રય લેવામાં આવે છે તે તો પ્રાયઃ પ્રત્યેક વ્યક્તિનો ભિન્ન ભિન્ન હોય છે અને તે મોટે ભાગે અશાસ્ત્રીય પણ છે. અમૃત ! આપણા ત્યાં કષાયત્યાગ માટે ઘણો ઘણો ઉપદેશ છે એ તો ખરું, પણ અન્ય ધર્મોમાં પણ કષાયજયથી આત્મકલ્યાણ માટે સારી રીતે લખાયું છે–ઉપદેશાયું છે."

આટલું કહીને મહારાજજીએ એક બાદશાહનું દષ્ટાન્ત કહ્યું, તે આ પ્રમાણે છે—

એક બાદશાહે મોટી ઉંમર સુધી રાજવૈભવ ખૂબ ભોગવ્યો. એક દિવસ તેને વિચાર આવ્યો કે "રાજસુખ ખૂબ ભોગવ્યું; હવે ખુદાની બંદગી માટે શેષ ઉંમર ગાળવી જોઈએ–ફકીરી લેવી જોઈએ. પણ જો લોકો જાણે કે મેં ફકીરી લીધી છે, તો મારા વૈભવત્યાગથી લોકો મને સાચો ફકીર થવા દેશે નહિ, અને માન-પૂજા–આદર કર્યા જ કરશે. માટે કોઈને પણ જણાવ્યા વિના મારે ફકીર થવું જોઈએ." આ વિચાર નિશ્ચિત કર્યા પછી એક રાત્રે બાદશાહ, કોઈને પણ કહ્યા વિના, પોતાની રાજધાની છોડીને બહાર નીકળી ગયો. જ્યાં પોતાને કોઈ પણ ન ઓળખે તેવા પ્રદેશમાં જવાનો નિર્ધાર કરી કેટલેક દિવસે પોતાના રાજ્યની હદથી પણ ઘણે દૂર બાદશાહ ફકીર નીકળી ગયા 'જ્યાં જાય ત્યાં ગામ બહારનાં ખંડેરોમાં પડ્યા રહેવું, સૂકું-લૂખું, ઓછું-વધતું જે મળે તે ખાવું અને પ્રસન્ન ચિત્તે ખુદાની બંદગી કરવી'–આ ક્રમમાં બાદશાહ-ફકીરનાં બાર વર્ષ વીત્યાં. શરીરનો વર્ણ વગેરે એવું તો બદલાઈ ગયું કે પૂર્વના સતત પરિચયમાં આવનાર માણસો પણ બાદશાહને ઓળખી ન શકે.

આત્મશાંતિ માટે સહેલાં કષ્ટથી બાદશાહને આંતરિક આનંદ જ રહેતો. બાર વર્ષ વીત્યા પછી બાદશાહ-ફકીરને વિચાર આવ્યો કે "મને કોઈ પણ રીતે મારાં પૂર્વનાં સુખ-ચેન અને વૈભવ-વિલાસનું સ્મરણ સરખુંય સ્પર્શતું નથી, છતાં મારા આત્માની સાચી કસોટી કરવા માટે મારે મારી રાજધાનીમાં જવું જોઈએ." આમ વિચારીને બાદશાહ–ફકીર લાંબા ગાળે પોતાની રાજધાનીમાં આવે છે; નગર બહાર ખંડેરોમાં પડ્યા રહે છે. રોજ નગરમાં જાય છે, પણ કોઇ તેમને ઓળખી શકતું નથી; સાથે સાથે બાદશાહ–ફકીરને પણ કોઈ દિવસ ક્ષણમાત્ર પણ પોતાના અધિકારનું મમત્વ સ્પર્શતું નથી. આમ થોડા દિવસ ગયા પછી એક દિવસ નગરના બજારમાં એક ચકોર માણસે બાદશાહ–ફકીરને જોઈને નિશ્ચય કર્યો કે આ ફકીર ચોક્કસ અમારો બાદશાહ છે. આ નિશ્ચય કર્યા પછી એ માણસને વિચાર આવ્યો કે 'આ બાદશાહની ફકીરી સાચી છે કે કાચી, તેની પરીક્ષા તો મારે કરવી જ જોઈએ.'

આમ વિચારી એક દિવસે બાદશાહ–ફકીર નગરમાંથી ભિક્ષા લઈને ખંડેરો તરફ જતા હતા ત્યારે આ માણસ તેમની પાછળ પાછળ ખંડેરો સુધી ગયો. અને તેણે વિનયથી હાથ જોડીને કહ્યું કે–'મુર્શદ ! આપ મારા ઘેર ભોજન લેવા માટે આવતી કાલે પધારો તો મારું કલ્યાણ થાય.' બાદશાહ–ફકીરે કહ્યું કે 'અચ્છા બેટા, આયેંગે.' બીજે દિવસે પરીક્ષક યજમાન બાદશાહ–ફકીરને લેવા માટે ખંડેરમાં ગયો, અને તેમને સાથે લઈને પોતાના ઘર તરફ ચાલવા માંડ્યો. જ્યારે પોતાનું ઘર ત્રણ સો હાથ દૂર રહ્યું ત્યારે પરીક્ષક યજમાને બાદશાહ–ફકીરને આંખ ફેરવીને કહ્યું કે–'ક્યા તૂને હમારે લિયે ફકીરી લી હૈ? હરામકા ખાના હૈ? ચલા જા યહાંસે !' આ સાંભળી બાદશાહ–ફકીરે જે કરુણામયી દષ્ટિથી નોંતરું સ્વીકારીને 'અચ્છા બેટા, આયેંગે' કહ્યું હતું તેવી જ દષ્ટિથી વળતું જણાવ્યું કે 'અચ્છા બેટા, જાતા હૂં.' ફરી બીજે દિવસે પરીક્ષક યજમાન બાદશાહ–ફકીરની પાસે ગયો, અને પસ્તાવો કરીને કહેવા લાગ્યો કે–મેં આપની સાથે નાલાયકીભર્યું વર્તન કર્યું છે તેથી હું ખૂબ જ બેચેન છું. આપ જો મારા ઘેર ભોજન લેવા નહિ પધારો તો મને ચેન નહીં પડે. આ સાંભળી બાદશાહ-ફકીરે પૂર્વવત્ પ્રસન્ન દષ્ટિથી કહ્યું કે અચ્છા બેટા, આયેંગે. આ બીજે દિવસે પહેલા દિવસ કરતાં પોતાના ઘર તરફ જરા વધારે આગળ સુધી આવીને પરીક્ષક યજમાને બાદશાહ-ફકીરને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું કે—'કલ નિકાલા ગયા થા, ફિર આજ હરામકા ખાનેકે લિયે આયા હૈ? મહેનત-મજદૂરી કર, નિકલ યહાંસે!' આ સાંભળી બાદશાહ-ફકીરે પૂર્વવત્ રીતે જણાવ્યું કે 'અચ્છા બેટા, જાતા હૂં.'

આ પ્રમાણે પરીક્ષક યજમાન રોજ બાદશાહ-ફકીરની પાસે જઈને વિનયથી ઉત્તરોત્તર વધુ ને વધુ પસ્તાવા-પૂર્વક માફી માગીને તેમને પોતાના ઘેર ભોજન લેવા માટે નોતરી લાવે, અને જેમ જેમ ઘર નજીક આવે તેમ તેમ ઉત્તરોત્તર દિવસોમાં 'કુત્તા, હરામી, કમીના' આવા હલકા શબ્દો વાપરી બાદશાહ-ફકીરનો તિરસ્કાર કરે. બાદશાહ-ફકીર પણ નોતરું મળે તે વખતે તથા તિરસ્કાર થાય તે વખતે પણ પૂર્વવત્ શાંતિથી જવાબ આપતા. આ રીતે પરીક્ષક યજમાને પોતાના ઘરના પગથિયા સુધી નોતરી લાવીને બાદશાહ-ફકીરનો કુલ વીસ દિવસ સુધી તિરસ્કાર કર્યો. આ બધા દિવસોમાં બાદશાહ-ફકીર પૂર્વવત્ અમીદૃષ્ટિથી જવાબ આપતા.

એકવીસમા દિવસે પરીક્ષક યજમાનનો આત્મા કંપી ઊઠ્યો. બાદશાહ-ફકીરને નોતરી ઘેર લાવી જમવા બેસાડ્યા. ફકીર જમે છે, યજમાનનો આત્મા કકળીને મનોમન કહેવા લાગ્યો—'આવા સંતને સતાવીને હવે તારું શું થશે? ઝેરનાં પારખાં ન થાય, તે તેં કર્યાં! તારી શી દશા થશે?' આવા આવા વિચારવમળમાં તેનું મન ભરાઈ ગયું અને એ મોટે અવાજે બાદશાહ-ફકીરના ખોળામાં માથું મૂકીને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો. બાદશાહ-ફકીરે કહ્યું કે—બેટા, ક્યું રોતા હૈ? પરીક્ષક યજમાન બોલ્યો—આપ બાદશાહ છો, એ મેં બાવીસ દિવસ પહેલાં નક્કી જાણી લીધું અને આપની ફકીરીની પરીક્ષા કરવા માટે મેં આપની સાથે જે વર્તાવ કર્યો તે મારો ગુનો કદી માફ નહીં થાય. આમ બોલતાં બોલતાં પરીક્ષક યજમાન ખૂબ ખૂબ અકળાઈને રોવા લાગ્યો. ફકીરે તેના વાંસા ઉપર હાથ ફેરવીને શાંતિથી જણાવ્યું કે—"બેટા! ઇસમેં તેરી કોઈ કુસૂર નહીં હૈ. તેરેમેં શયતાન આયા થા ઇસસે તૂને એસા કિયા, અબ શયતાન ચલા ગયા હૈ, તો કિસ લિયે રોતા હૈ? શયતાનને શયતાની કામ કિયા ઇસમેં તેરી કોઈ કુસૂર નહીં હૈ. ખડા હો જા ઔર ગભરા મત. ખુદાકી બંદગી ઔર હો સકે ઇતની ખેરાત કર, અબ ખુશ હો જા! જિંદગાની લંબી હૈ, અચ્છા કામ કર, તેરા અચ્છા હી હોગા!"

આ દૃષ્ટાંત કહ્યા પછી મહારાજજીએ જણાવ્યું કે—અમૃત! કષાયનાં નિમિત્તો ન મળે ત્યાં સુધીની જુદી વાત, પણ કષાયનાં નિમત્તો મળતાં આત્મા જેટલે અંશે સમભાવ કેળવે તેટલે અંશે અમારી સાધુતા છે. બાકી તો કષાયનું નિમિત્ત થનારે પહેલ કરી અને તેના પછી જો આપણે તેનો બદલો લઈએ તો આપણામાં અને કષાયના નિમિત્તભૂત વ્યક્તિમાં ઝાઝો ફરક ન કહેવાય.

અહીં મહારાજજી માટે અનેક વાર અનુભવેલી હકીકત જણાવું છું: મહારાજજી પ્રત્યે અયોગ્ય રીતે વર્તનાર માણસને કાંઈ ને કોઈ દિવસ પસ્તાવાનો પ્રસંગ આવે તે રીતે મહારાજજીનો તેની સાથે વ્યવહાર થતો હતો.

૩૨. એક વખત મને પ્રસંગવશ એક વ્યક્તિ ઉપર રોષભાવ થયો. મહારાજજીની પાસે જઈને બધી વાત જણાવીને મેં કહ્યું કે—હું તેમની સામે જાહેરમાં લખવાનો છું. મહારાજજી અતિસ્વસ્થપણે સાંભળી જ રહ્યા; કશું જ ન બોલ્યા. થોડી વાર અન્ય સામાન્ય વાતો કરતાં પ્રસંગ લઈને તેઓએ એક દૃષ્ટાન્ત કહ્યું, તે આ પ્રમાણે—

એક ઠાકોરના ત્યાં નાની અશ્વશાળા હતી. એક દિવસ પડોશી દુશ્મને ઠાકોરના સીમાડા ભાંગ્યા તેથી ઠાકોરે તેની સાથે લડાઈ કરવાની તૈયારી કરી. લડવૈયાઓ અશ્વશાળાના બધા ઘોડા લઈને તૈયાર થયા. ઠાકોર અશ્વશાળામાં આવ્યા ત્યારે ત્યાં એક પણ ઘોડો ન હતો. અશ્વપાલકને પૂછતાં જણાયું કે યોદ્ધાઓ બધા ઘોડા લઈને તૈયાર થઈને ઊભા છે. ઠાકોરે પોતાના માટે ઘોડાની વ્યવસ્થા કરવાનું સૂચવતાં અશ્વપાલે જણાવ્યું: "મહારાજ! આ એક ઘોડી જ બાકી છે અને તે જાતવાન છે. તેના પૂર્વજોએ આપના પૂર્વજોને લડાઈઓમાં ખૂબ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ સફળતા અપાવેલી છે, પણ તે સગર્ભા છે." ઠાકોરે કહ્યું: "જાતવાન છે એટલું જ બસ છે. સગર્ભા છે તે તો હું કાળજીથી સંભાળી લઈશ." ઘોડી ઉપર સવાર થઈને ઠાકોર લડાઈના મેદાનમાં આવ્યા, અને કુશળતાથી શત્રુ ઉપર જય મેળવ્યો. લડાઈમાં કાળજીપૂર્વક સંભાળવા છતાં જુસ્સાના આવેગમાં ઠાકોરે એક વાર જરા જોરથી ઘોડીને એડી મારેલી. થોડા દિવસો પછી ઘોડીને સુંદર લક્ષણયુક્ત વછેરો જન્મ્યો. પણ ઠાકોરની એડી વાગવાના કારણે તેની એક આંખ ફૂટી ગયેલી. દિવસો જતાં વછેરાની ચપળતા અને હોંશિયારીથી પ્રેરાઈને અશ્વપાલને તેના ઉછેરમાં વધારે લાગણી રહેતી. તે એક આંખે કાણો હોવાથી અશ્વપાલે તેનું નામ 'કાણેખાં' રાખ્યું. થોડા દિવસો જતાં એક દિવસ કાણેખાંએ પોતાની માને પૂછ્યું: મા! બધા ઘોડાને બે આંખો છે અને મારે એક જ આંખ કેમ? માએ લડાઈની વાત કરતાં જણાવ્યું કે માલિક આપણને તેના સંતાન કરતાં પણ અધિક લાગણીથી પોષે છે, પણ લડાઈમાં ખૂબ જ કાળજી રાખવા છતાં જુસ્સાને લીધે ઠાકોરે એક જ વાર એડી મારેલી તેથી તારી આંખ ફૂટી ગઈ. આ સાંભળીને કાણેખાંને ગુસ્સો આવ્યો અને એ બોલ્યો કે—મને જરા મોટા થવા દે, પછી તારા ઠાકોરની ખબર લઈ બતાવું. માએ કહ્યું—બેટા! આપણા આવા માયાળુ માલિક માટે આવું વિચારવું કે બોલાવું તેમાં આપણી નાલાયકી કહેવાય. આમ છતાં કાણેખાં તો મનમાં ડંખ રાખે જ ગયો. કેટલોક સમય ગયા પછી કાણેખાં મોટો થયો. યોગાનુયોગ વળી પડોશી શત્રુએ હુમલો કર્યો અને ઠાકોરે લડાઈની તૈયારી કરી. આ વખતે ઠાકોર માટે યોગ્ય ઘોડા તરીકે અશ્વપાલે કાણેખાંની પસંદગી કરીને ઠાકોરનું કહ્યું—એ કાણો છે પણ અતિચપળ અને સમયસૂચક છે; ઉપરાંત, તેને સારી રીતે કેળવેલો છે. ઠાકોરે કહ્યું—ભલે, તૈયાર કરો.

અશ્વશાળામાં આવીને અશ્વપાલે કાણેખાને કહ્યું—તારા મા-બાપ, દાદા અને પડદાદાએ આપણા ઠાકોર સાહેબોને અનેક લડાઈઓમાં જિતાડ્યા છે. તે પ્રમાણે તું પણ કુશળતાથી ઠાકોરને લડાઈમાં જય અપાવજે. આ સાંભળીને કાણેખાં, તેની મા પાસે જઈને કહેવા લાગ્યો—મા! આજ તારા ઠાકોરને મારી આંખ ફોડવાની સજા ન આપું તો હું કાણેખાં નહિ! આજ તો તારા ઠાકોરને દુશ્મનના હાથમાં જ સોંપી દઉં. આ સાંભળીને માનું હૈયું વલોવાઈ ગયું અને તે બોલી—બેટા! મેં તને અનેક વાર સમજાવ્યો તોય તું સમજતો નથી તે સારું નથી. આપણી પેઢીઓના પોષનારના ઉપકારનો સારો બદલો આપવો એ આપણી ફરજ છે. આમ મા બોલતી હતી ત્યાં તો કાણેખાં રોષમાં ને રોષમાં જ ચાલવા માંડ્યો. કાણેખાંને જતાં જતાં છેવટે મા એટલું જ બોલી કે—બેટા! ભલે તું રોષમાં જાય છે, પણ મને વિશ્વાસ છે કે તારી જાત તને ખોટું કામ નહીં કરવા દે. ઠાકોર કાણેખાં ઉપર સવાર થઈને લડાઈના મોરચે આવ્યા. મોરચા ઉપર ચારણોએ એકેક યોદ્ધાને શૂર ચડે તેવી રીતે બિરદાવ્યા પછી કાણેખાંને પણ ચારણોએ કહ્યું—"તારી માએ અને તારા બાપ-દાદાઓએ આ ઠાકોરને અને તેમના પૂર્વજોને લડાઈમાં જીવસટોસટના પ્રસંગોમાં આબાદ રીતે જિતાડેલા. તું પણ તેમના જ વંશનો છે એટલે તારી બહાદુરી બતાવવામાં પાછી પાની ન કરતો. ચારણો જેમ જેમ આવાં વચનો બોલતા ગયા તેમ તેમ કાણેખાંનાં નસકોરાં ફૂલતાં ગયાં અને તેણે નિશ્ચય કર્યો કે આ લડાઈમાં તો ઠાકોરને જીવના જોખમે પણ બચાવવા. અને ખૂબ જ ચતુરાઈથી કાણેખાંએ ઠાકોરને જિતાડ્યા.

આ દૃષ્ટાન્ત કહીને ઉપસંહારમાં મહારાજજીએ કહ્યું—આવાં દૃષ્ટાંતો જીવનમાં પ્રેરણા લેવા માટે હોય છે. આટલું સાંભળ્યા પછી મેં જે લખવાનો વિચાર કર્યો હતો તે સદંતર માંડી વાળ્યો, એટલું જ નહીં, આવા પ્રસંગોમાં મારા માટે તો મહારાજજી સદાને માટે પ્રેરક બની રહ્યા છે.

૩૩. મહારાજજી ખૂબ જ મક્કમ મનના હતા, છતાં કોઈ કરુણ પ્રસંગ જોતાં કે સાંભળતાં તેઓ ગદ્‌ગદ પણ થઈ જતા. એક દિવસ લુણસાવાડાના ઉપાશ્રયે હું ગયો તે અગાઉ થોડી જ વાર પહેલાં એક યુવક મહારાજજીને મળીને ગયેલો. મહારાજજીએ મને કહ્યું—"અમૃત! એક ભાઈ મુંબઈથી આવ્યો હતો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની મા માંદી છે, તેની સેવા માટે બીજું કોઈ નથી તેથી તેણે મા પાસે જવા તેના શેઠની રજા માગી. જવાબમાં શેઠે જણાવ્યું કે—તમારો હિસાબ ચૂકતે લઈને જાઓ, તમે નોકરીથી છૂટા છો. અમૃત ! શુભાશુભના ઉદય પ્રમાણે જીવને વેદન છે એ તો નિશ્ચિત છે જ, છતાં આવી નિષ્ઠુરતા એ પણ..." આટલું કહેતાં તો મહારાજજીનો કંઠ ભરાઈ ગયો અને આંખ ભીની થઈ ગઈ; આગળ મહારાજજી કશું જ બોલ્યા નહીં. અહીં वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि । लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ।। આ ઉક્તિ મહારાજજીમાં મૂર્ત થાય છે.

૩૪. એક દિવસ હું લુણસાવાડા મોટીપોળના ઉપાશ્રયમાં મહારાજજી સાથે બેસીને કામ કરતો હતો. વચમાં પ્રાસંગિક વાતચીતમાં મહારાજજીએ જણાવ્યું કે—મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે પોતાના માટે એક સ્થળે अस्मादृशां प्रमादग्रस्तानां चरणकरणहीनानाम्...(આખું વાક્ય યાદ નથી રહ્યું) લખ્યું છે. અમૃત ! તું વિચાર કર કે જો ઉપાધ્યાયજી મહારાજ જેવા સમર્થ જ્ઞાની અને ત્યાગી મહાપુરુષનો આ પ્રકારનો સ્વાનુભવ હોય તો અમે શુદ્ધ સંયમઆરાધના માટે ગૌરવ લઈએ તે કેટલું બેહૂદું અને સત્યથી વેગળું છે, એટલું જ નહીં, તે આત્મવંચના પણ છે."

૩૫. અમદાવાદ-પંચભાઈની પોળના વતની અને મારા આદરણીય મુરબ્બી શ્રી લાલભાઈ સોમચંદભાઈએ મને એક દિવસ જણાવ્યું કે—"પૂ. શ્રી ભદ્રમુનિજી (આજ દિવંગત છે) જૈનોના બધા ફિરકાઓનું ઐક્ય કરવા માટે પ્રયત્ન કરવા ઇચ્છે છે અને આ કાર્યમાં પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજનો સહકાર મેળવવાની પણ તેમની ભાવના છે. આ સંબંધમાં તમે મહારાજજીને પૂછીને યોગ્ય પ્રયત્ન કરો તો સારું કામ થાય." મેં મહારાજજીને આ વાત કહી. જવાબમાં મહારાજજીએ જણાવ્યું કે—"આગ્રહો એટલા જડ ઘાલીને બેઠા છે કે જેથી આપણે માનીએ તેટલું આ કામ સરળ નથી. આવાં કાર્ય કરતાં કોઈ વાર સુષુપ્ત આગ્રહો ઉત્તેજિત થાય તેવો પણ સંભવ રહે છે. અમૃત ! આ સંબંધમાં મને તો કોઈ વાર એવો પણ વિચાર આવેલો કે શ્રમણ ભગવાન મહાવીર પોતે આવીને આ બધાને પોતાની પ્રરૂપણા સમજાવીને એક થવા કહે તોપણ કોઈ માને કે કેમ ? તે એક પ્રશ્ન છે—જોકે એ એક વિચારપૂરતી અસત્ કલ્પના છે. આ સંબંધમાં તને એક દૃષ્ટાન્ત કહું છું." આમ કહીને મહારાજજીએ આ પ્રમાણે દૃષ્ટાન્ત કહ્યું—

સાતસો દોહાના રચનાર બિહારીદાસજી એક ત્યાગી-વૈરાગી સંતપુરુષ હતા. તેઓ એક દિવસ એક ગામની ધર્મશાળાની પડાળીના એક ખૂણામાં બેઠા હતા. સાંજના સમયે એ પડાળીમાં ઊતરેલા અન્ય બાવાઓ પોતપોતાના શિષ્યો સાથે ભોજન લઈને બેઠા હતા. તેવામાં એક ગુરુ-બાવાજીએ પોતાના શિષ્યની આગળ બિહારી સતસઈનો એક દોહો કહ્યો અને તેનો અર્થ સમજાવ્યો. આ સાંભળીને નજીકમાં બેઠેલા બીજા એક ગુરુ બોલ્યા—आपने जो बिहारीदासजीके दोहेका अर्थ कहा सो गलत है, इसका अर्थ तो ऐसा होता है। આ સાંભળીને પહેલા બાવાજી બોલ્યા—भाई ! मेरे गुरुजीने मुझे जो अर्थ बताया है सो मैं कहता हुं, और वही अर्थ सही है। બીજા બાવાજીએ પણ જણાવ્યું કે—मैंने जो अर्थ कहा वो भी मेरे गुरुजीने सिखाया है, मेरे गुरुजी बहुत ज्ञानी थे। આ સાંભળી પહેલા બાવાજી બોલ્યા—तो क्या मेरे गुरुजी अज्ञानी थे? आये बडे ज्ञानीगुरुवाले ! બીજા બાવાજી બોલ્યા—मुंह समालके बोलो, क्या समझ रखा है तुमने हमारे गुरुजीको ? આમ પરસ્પર ચડસાચડસીમાં બે બાવાજી લડવા તૈયાર થઈ ગયા. આ વાત ખૂણામાં બેઠેલા સંત બિહારીદાસજી સાંભળતા હતા. તેમણે વિચાર્યું કે—મારા રચેલા દોહાના અર્થ માટે આ બે જણ ખોટા લડે છે; અને મારું કહેવાનું તાત્પર્ય તો આ બે કહે છે તેથી જુદું જ છે, તો એમને સમજાવું. આમ વિચારીને સંત બિહારીદાસજી ઝઘડી રહેલા એ બે બાવાઓની પાસે જઈને હાથ જોડીને બોલ્યો કે—भाई ! मैं बिहारी हूं, आप जिस दोहेके अर्थके बारेमें विवाद करते हो उसका सही अर्थ यह है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આટલું કહેતાં તો ઝઘડતા બન્ને બાવાઓ ચીપિયા લઈને ઊભા થયા અને બોલ્યા કે—**क्या विहारीदासजी ऐसे होतें है ? आया बडा विहारीदास बनके! भाग यहांसे!** આટલું કહીને એ બેય બાવા બિહારીદાસજીને ધક્કે ચડાવવા જાય તે પહેલાં સંત બિહારીદાસજી પોતાની ગોદડી લઈને ધર્મશાળાની બહાર જતા રહ્યા.

"અમૃત! આ સ્થિતિ છે સમાજની માટે આવા પ્રયત્નોમાં પડીએ તો સફળતા શક્ય નથી; આપણાં કામ, સમય અને શક્તિ બગડવાનો સંભવ છે." આટલું અંતમાં મહારાજજીએ જણાવ્યું. મહારાજજીએ અહીં જણાવેલી વાત મેં શ્રી લાલભાઈને જણાવી હતી.

૩૬. શ્રી મહાવીર જૈન વિદ્યાલય સંચાલિત આગમપ્રકાશનના કાર્ય અન્વયે શ્રી અનુયોગદ્વારસૂત્રનું કાર્ય ચાલતું હતું. તદન્વયે મને મહારાજજીએ રાત્રે બોલાવેલો. અનુયોગદ્વારસૂત્રનાં સૂત્રોને સંખ્યાક્રમ આપવાનું કામ કરવાનું હતું. કામ કરતાં કરતાં લગભગ રાતના બાર વાગ્યા હશે. મહારાજજી જ્યારે કાર્યમાં પરોવાયા હોય ત્યારે સદાને માટે તેમની આકૃતિ અને આંખની વિશિષ્ટ પ્રતિભા ઊપસતી. આ વખતે પણ મેં મહારાજજીના સામે જોયું, દાઢી પણ ઠીક ઠીક વધેલી હતી, મારાથી સહજભાવે બોલાઈ ગયું—"મહારાજજી! આપ અત્યારે ઋષિ જેવા લાગો છો." મહારાજજી બે મિનિટ સુધી તો કશું જ બોલ્યા નહીં. પણ પછી તેમણે કહ્યું કે—**"અમૃત! તું નિશ્ચિત માનજે કે મારો આત્મા યોગભૂમિને સ્પર્શેલો છે."** આ સમયની તેમની આંખ અને આકૃતિ જેવી હતી તેવી જ અત્યારે પણ મારી સામે મૂર્ત થાય છે, અને ધન્યતા તથા વિરહદુઃખ અનુભવાય છે.

૩૭. સંશોધન-સંપાદન સંબંધી યત્કિંચિત્ જે આવડત મને મળી છે, તે પૂજ્યપાદ મહારાજજીની જ પ્રસાદી છે એ એક હકીકત છે. અર્થાત્ આવા પ્રકારની આવડત તે મારી નહીં પણ મહારાજજીની જ છે. આથી હું જે કંઈ પ્રમાણિત કાર્ય કરું તે, અર્થાપત્તિએ, મહારાજજીએ કર્યું છે એમ હું સદાને માટે માનું છું. શ્રી અનુયોગદ્વારસૂત્રના સંશોધન પ્રસંગે એક રાત્રે મહારાજજીની સાથે બેઠો હતો ત્યારે મારાથી એક સ્થાનનો ઝડપથી નિર્ણય લઈને બોલી જવાયું. મહારાજજીએ સૂચક અને ગંભીર આંખે મારા સામે જોઈને કહ્યું—અમૃત! તું ગયા ભવમાં કોણ હોઈશ? મેં કહ્યું—અર્ધમાગધી-પ્રાકૃત ભણ્યા વિના પણ આ કાર્ય કરવામાં હું ઉપયોગી થાઉં છું તેમાં મુખ્યતયા આપશ્રીનો અનુગ્રહપૂર્ણ ઉપકાર તો મુખ્ય છે જ, છતાંય ગત જન્મમાં કદાચ ગોરજી (જતી) હોઈશ! મહારાજજીએ વાત પૂરી કરવાના ઢંગથી કહ્યું—તારી રીત-રસમ ઉપરથી એટલું તો કહી શકાય કે તું ગયા જન્મમાં ગોરજી-યતિ તો નહીં હોય પણ કોઈ અતિચાર-સેવી સાધુ હોઈશ. આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે—"આટલાં વર્ષોના પરિચયથી મને લાગે છે કે આપણે ગત જન્મોમાં સાથે હોઈશું અને આવતા જન્મોમાં પણ મળીશું. અમૃત! આગમોના કામ માટે આપણે બીજો ભવ કરવો પડશે, અને તે વખતે આ જન્મનાં કાર્યો આપણને સવિશેષ બળ આપશે." આ વાત સાંભળી ત્યારે મારા મનમાં થયેલું કે—શું મહારાજજીના નેતૃત્વમાં સમગ્ર આગમો પ્રકાશિત નહીં થાય? આ શંકા મેં મહારાજજીને જણાવી ન હતી. આ પ્રસંગ અમદાવાદનો છે.

૩૮. કોઈક કામ કરવા અમુક ગૃહસ્થને યોગ્ય માનીને તે કામ માટે તે ગૃહસ્થને મહારાજજીએ સૂચના કરી હોય. પણ જો તે ગૃહસ્થ મહારાજજીએ સૂચવેલા કાર્યને ઉવેખે તો મહારાજજીએ તે ભાઈને વિશેષ સમજાવવા કદી પ્રયત્ન કર્યો નથી. મહારાજજીએ આવી બાબતના સંબંધમાં મને એક વાર જણાવેલું કે—આપણે માનીએ કે આ કામ અમુક માણસ કરશે અને જો તે ન કરે તો તેમાં મુખ્યતયા તો આપણી ખામી માનવી જોઈએ. આવો પ્રસંગ જવલ્લે જ બનેલો અને તેમાં મહારાજજીમાં એક ઉદાસીન યોગીનાં દર્શન થયેલાં.

૩૯. જો કોઈ મુનિ મહારાજ કે સાધ્વીજી મહારાજને પુસ્તક, પંડિત, દવા કે અન્ય વસ્તુની જરૂર હોય ત્યારે તેઓ મહારાજજી પાસે આવીને કહેતાં. મહારાજજી તેનો અચૂક પ્રબંધ કરાવતા. આમાં સ્વપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમુદાય કે ગચ્છાન્તરની આછી-પાતળી રેખા પણ મહારાજજીના મનમાં ભેદ પાડી શકી ન હતી. આ ઉપરાંત દુઃખી ગૃહસ્થ, તકલીફવાળા વિદ્યાર્થી વગેરે પણ મહારાજજીની પાસે આવતા અને તેમને યોગ્ય મદદ પણ તેવા પ્રકારના ભાગ્યવાન ગૃહસ્થો દ્વારા મહારાજજી કરાવતા. કોઈ વાર મહારાજજી કહેતા કે 'આ માણુસ ઠગ જેવો કે ધીઠો લાગે છે.' મદદ માટે આવનાર ગૃહસ્થવર્ગમાં કોઈ કોઈ અજૈન ભાઈઓ પણ આવતા. આવા કાર્યના સંબંધમાં મહારાજજીએ મને એક દિવસ કહેલું કે—આપણે અન્યના માટે શક્ય હોય તેટલા ઉપયોગમાં આવીશું તો જન્માંતરમાં એ બધા જીવો આપણી અનુકૂળતા માટે થશે.

૪૦. સમુદાયાન્તરના કે ગચ્છાન્તરના કોઈક સાધુઓ, તેમના પોતાના સમુદાયમાં કે ગચ્છમાં કોઈ પણ કારણે મનમેળના અભાવે ત્યાંથી જુદા થઈને, મહારાજજી પાસે આવીને પોતાની પરિસ્થિતિ જણાવી, મહારાજજીની પાસે રહેવા માટે વિનંતિ કરતા, ત્યારે મહારાજજી તેમને પોતાની પાસે રહેવા માટે પ્રસન્ન મનથી અનુમતિ આપતા. આવા પ્રસંગો મહારાજજીના સહવર્તી મુનિઓને કોઈક વાર રુચિકર ન લાગતા અને મહારાજજી સમક્ષ પોતાનો અભિપ્રાય પણ જણાવતા. ત્યારે મહારાજજી કહેતા કે—ઘર છોડીને સાધુ થયો છે, જ્યાં છે ત્યાં તેના આત્માને કષાય થાય છે, તો સ્વસ્થ ચિત્તે જો સંયમ પાળે તો તે લાભ જ છે ને! તે ક્યાં જાય? આવનાર આવા મુનિઓમાં કોઈક મુખમધુર અને અંદરથી કપટી હોય એવા પણ આવ્યા હશે, પણ તે મહારાજજીની પાસે ઝાઝું રહી શકયા નથી.

૪૧. પૂજ્યપાદ મહારાજજીની સાથે કાર્ય કરતાં કરતાં, સમય જતાં, થોડી-ઘણી સમજ આવ્યા પછી, ધ્યાન ખેંચે તેવી હકીકતો તરફ મારી નજર જતી. આને લક્ષીને પ્રસંગે પ્રસંગે હું મહારાજજીની સાથે ચર્ચા કરતો અને પૂછતો કે—સાહેબ! આ સંબંધમાં લેખો લખું? મહારાજજી મને ખૂબ જ શાંતિથી સાધક-બાધકતા સમજાવતા અને ભારપૂર્વક હુકમના રૂપમાં આજ્ઞા કરતા કે—"અમૃત! જે હકીકતો યથાવત્‌ભાવે સમાજનો મોટો વર્ગ સમજી ન શકે એવી હકીકતોની જાણથી તેવા વર્ગમાં પારમાર્થિક રીતે હાનિ થવાનો વધુ સંભવ છે. અલબત્ત, સમજદાર એટલે સાધક-બાધક કારણોને સમજીને પચાવનાર વ્યક્તિવિશેષ જાણે તો અનુચિત નથી. આપણી પંડિતાઈ અને શાસ્ત્રવાચનથી જે ખાસ લખવા-કહેવા જેવું છે તે તો એ છે કે જેને વાંચી-સાંભળીને માણસના કષાયો પાતળા-ઓછા થાય, તે પાપભીરુ, પરોપકારી અને સદાચારી બને." આવી મતલબની પ્રેરણા મને અનેક વાર મળી છે.

*

આજ ગુરુપૂર્ણિમાના પ્રભાતે આ સંસ્મરણો લખાયાં છે તેથી મનને ખૂબ જ આનંદ થયો છે.

मत्तियाओ अहं जाओ मणुओ जप्पसायओ।
मुणिपुंगवाण ताणं पुण्णप्पाणं महेसीणं ॥१
आगमपहायराणं सुविहियसाहूण नाणजोगीणं।
चरणकए पणईओ होंतु ममं पुण्णविजयाणं ॥२
सिरिविक्कमनिवसंवच्छरस्स नंद-ऽच्छि-ख-जुगसंखस्स।
गुरुपुण्णिमाए एयं लिहियं 'अमएण' भत्तीए ॥३

**અર્થ :** જેમના પ્રસાદથી હું માટીમાંથી માણસ થયો તે મુનિપુંગવ પુણ્યાત્મા મહર્ષિ આગમ-પ્રભાકર સુવિહિત સાધુ જ્ઞાનયોગી શ્રી પુણ્યવિજયજી મહારાજના ચરણકમલમાં મારાં વંદન હો! શ્રી વિક્રમ સંવત્ ૨૦૨૯ની ગુરુપૂર્ણિમા (અષાડ સુદ ૧૫)ના દિવસે ભક્તિથી **અમૃતે** આ લખ્યું છે.

[મૂળ તો આ સંસ્મરણો, પૂજ્યપાદ મહારાજજીની હયાતીમાં, વિ. સ. ૨૦૨૫ના વર્ષમાં દીક્ષપર્યાયષષ્ટિ-પૂર્તિસમારોહ વડોદરામાં ઊજવાયો તે નિમિત્તે પ્રગટ થયેલા "જ્ઞાનાંજલિ" નામે ગ્રંથ માટે, હું લખવાનો હતો; પણ કંઈક એવી ઉપાધિઓ આવી પડી કે એ તે વખતે ન લખાયાં, તે છેક અત્યારે શ્રદ્ધાંજલિરૂપે લખાયાં].

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## आगमप्रभाकर पुण्यविजयजी

रचयिता—अज्ञात चरणसेविका श्रीमती कुसुम जैन (कच्छ कोटडी), अमरावती

*

पूज्यवर ! श्रुतिपथसे आये।
महिमा जब जानी सेवाकी, अति ही आप सुहाये।
आगम-वाद्य पडा अब सूना, तुम बिन कौन बजाये ?
शासनका तम दूर किया तब, ज्ञान-प्रभाकर छाये !
श्रद्धा-'कुसुम' हैं अर्पित प्यारे, मम जियरा भर आये।
इति तक रही अभागिन स्वामी, मैंने दर्श न पाये।
पूज्यवर ! श्रुतिपथसे आये !!

☆

## पुण्यश्लोक प्रिय पुण्यविजयजी

रचयिता—शोकातुर, विनयावनत प्यारेलाल मूथा (साहित्य सुधाकर, काव्यभूषण), अमरावती

*

पुण्यश्लोक प्रिय पुण्यविजयजी ! क्योंकर हमको छोड चले ?
भूल क्षमा कर देना प्रियवर ! क्यों हमसे मुख मोड चले ?
जिन-आगमकी अब मंजूषा, बंद हुई तव जानेसे;
खूब पिलाया शासनको वो, अमृत प्याला फोड चले।
छाई थी अज्ञान अमा तब, ज्ञान-प्रभाकर थे मुनिराज;
यहाँकी चाह, स्वर्गने चाही, स्वर्गसे नाता जोड चले।
कितनी करूँ प्रशंसा गुरुवर, जिनशासन अनमोल रतन;
शासनके वरदायी रहना, अष्ट करम झंझोड चले।
जिनवरबिंब जिनागम वल्लभ, पुण्यविजय आनंदसागर;
लो श्रद्धांजलि ! मानस मुक्ता, 'प्यारे' रिश्ता तोड चले !!

☆

## આગમ-પ્રભાકર પુણ્યવિજયજીને ત્રિપુટી અંજલિ

( હાઇકુ )

રચયિતા—ડૉ. ભાઈલાલ એમ. બાવીશી, પાલીતાણા

(૧)
**આગમ**

શાસ્ત્રોના ગ્રંથો,
જ્ઞાન-અમૃત પાતા,
શ્રદ્ધા પ્રેરતા !

(૨)
**પ્રભાકર**

તેજપુંજ-શો !
જ્ઞાન-રશ્મિ વેરતો,
જગ ઉજાળે !

(૩)
**પુણ્ય-વિજય**

પુણ્યપ્રભાવે,
ઉદ્ધારતો અજ્ઞાની,
વિજયવંતો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુરુદેવ ! આશીર્વાદ આપો !

કર્તા—શ્રી ફૂલચંદ હરિચંદ દોશી, મહુવાકર

*

જ્ઞાનના તપસ્વી ! ઉદારચેતા !
સ્વર્ગની વાટ કેમ લીધી ?
તમ જેવી વિરલ વિભૂતિ તો
સદીઓ પછી જન્મે છે.

હજી તો કાર્યો અધૂરાં પડયાં છે,
ગ્રંથરત્નો સૂનાં પડયાં છે;
આપના જવાથી પ્રકાશનો બંધ પડશે,
કોણ જાગશે, અધૂરાં પૂરાં કરવાં ?

આગમોના ઉદ્ધારક,
હજારોના માર્ગદર્શક,
સમદર્શી સંત,
પુરુષાર્થની પ્રતિમા,
જીવનભર સાધના સાધી,
જ્ઞાન-વિજ્ઞાનની સેવાને
જીવનમંત્ર બનાવી
એ પુણ્યપુરુષ કૃતાર્થ બની ગયા.

તમે તો અગ્નિજ્વાળમાંથી બચ્યા
ત્યાગમાર્ગના યાત્રિક બન્યા;
માતાએ ત્યારે આનંદ માન્યો
અને પોતે પણ ત્યાગ માર્ગનો ભેખ ધાર્યો.

દાદા શ્રી કાંતિવિજયજી
અને ગુરુદેવ શ્રી ચતુરવિજયજીની
ગરવી છત્રછાયામાં
જીવનવિકાસનો માર્ગ સાધ્યો.
પોતાના પૂજ્ય પુરુષોના પગલે પગલે
જ્ઞાનોદ્ધારનું બીડું ઝડપ્યું;
જ્ઞાનના દીવડા પ્રગટાવ્યા.

જેસલમેરના મહામૂલા ગ્રંથભંડારો
સૂના-સૂના વેરાન પડયા હતા;
એ ગ્રંથરત્નોને આપે ઉજાળ્યાં,
જ્ઞાનના ખજાનાને સરખો કર્યો
જ્ઞાનનું સંશોધન કરીને;
આપની એ જ્ઞાનપૂજા અમર બની ગઈ !

જ્ઞાનના ગરવા તપસ્વી બનીને
આપે જ્ઞાનની ગંગા વહેવડાવી;
ઠેર ઠેર જ્ઞાનનો પ્રકાશ પાથર્યો,
આપની કીર્તિ દેશ-વિદેશમાં વિસ્તરી રહી.

અને... અને જીવનની સંધ્યાવેળાએ
આપ મુંબાપુરીમાં પધાર્યા
—વલ્લભ-જન્મશતાબ્દીમાં ભાગ લેવા;
ઉત્સવ અજબ રીતે ઊજવાયો,
આપે એને ખૂબ શોભાવ્યો;
એના ઉપર સુવર્ણકળશ ચડાવ્યો
આગમ-ગ્રંથના પ્રકાશન સમારોહે;
આપનું જીવન પ્રફુલ્લ બન્યું,
સર્વત્ર જયજયકાર પ્રવર્તી રહ્યો !

પણ એવામાં જીવનની અવધિ પૂરી થઈ,
દેહમાં દર્દના માળા નંખાયા,
જાણે સંઘ ઉપર કુદરત રૂઠી,
મૃત્યુના દૂતો ચડી આવ્યા;
તોય આપને તો ન દુઃખ હતું, ન ભય;
સમતાની નાવડીના સહારે
આપ તો જીવન-મૃત્યુની પાર પહોંચી ગયા હતા;
અને એક દિવસ, એક ઘડીએ,
ફૂલછોડ ઉપરથી હસતું-ખીલતું
ફૂલડું ખરી પડે એમ,
હજારો ભાવિકોને રડતાં મૂકી
આપ મૃત્યની પુષ્પશય્યામાં પોઢી ગયા !

આગમનાં કામ અધૂરાં રહ્યાં,
બીજાં પણ જ્ઞાનકાર્યો થંભી ગયાં,
—જાણે આપે જીવનલીલા સંકેલતાં સંકેલતાં
જગતને સનાતન બોધપાઠ આપ્યો :
સંસારમાં કોનાં આદર્યાં પૂરાં થયાં છે ?
કર્યાનો આનંદ માણો; અધૂરાંનો શોચ શો ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપે જગતને અમર વારસો આપ્યો
—જ્ઞાનનો, જ્ઞાનના સંશોધનનો;
દેશ-વિદેશના વિદ્વાનોને મિત્ર બનાવ્યા
અનેક અભ્યાસીઓનું ઘડતર કર્યું
અને સૌને માગી સલાહ ને સહાય આપી.

આપની વિદ્વત્તા, વિનમ્રતા અને ઉદારતાએ
પશ્ચિમના વિદ્વાનોને મુગ્ધ કર્યા;
ભારતના વિદ્વાનોને ભક્ત બનાવ્યા
અને શ્રીમંતોને પણ ડોલાવ્યા.

ગુરુદેવ! આપને અમે સમરીએ છીએ,
આપનાં કામોનાં ગુણગાન કરીએ છીએ;
અને છતાં અમે કેવા નગુણા
કે આપ જેવા જ્ઞાનજ્યોતિર્ધરનું,
વિદ્યાતીર્થ સમું, સંસ્કારધામ જેવું

એકાદ સ્મારક પણ અમે,
અમારા અને સૌ વિદ્યાપ્રેમીઓના લાભાર્થે પણ,
હજી સુધી નથી સ્થાપી શક્યા?

આ દુઃખ કોને કહીએ?
કયાં જઈ ફરિયાદ કરીએ?
ધનની તો આજે સરિતા રેલાઈ રહી છે,
દાતાઓ જાણે દાનની હોડ લગાવી બેઠા છે!
અને છતાં—
આ જ્ઞાનતીર્થ સમા સ્મારકનો વિચાર,
ઝાંઝવાનાં નીરની જેમ,
અત્યારે પણ દૂર ને દૂર જ ભાસે છે!

ગુરુવર્ય! અમને આશીર્વાદ આપો,
અમે નગુણા મટી કૃતજ્ઞ બનીએ;
જ્ઞાનની જ્યોતને જળહળતી રાખી
અમારાં તન-મન-ધન કૃતાર્થ કરીએ.

વંદન! જ્ઞાનના અવતાર! આપને વંદન!

# અનન્ય વિદ્યાપ્રેમ

## લેખક—પ્રો. શ્રી શિવલાલ જેસલપુરા

*

ઈ. સ. ૧૯૬૪માં કવિ લાવણ્યસમયના "નેમિરંગરત્નાકર છંદ"ની હસ્તપ્રતોની મારે જરૂરી હતી. મારા મિત્ર શ્રી રતિલાલ સંઘવીએ આ માટે મુનિશ્રી પુણ્યવિજયજીને મળવાનું સૂચન કર્યું. અમદાવાદમાં લુણસાવાડે મોટીપોળ સામે આવેલા ઉપાશ્રયમાં જઈને મુનિશ્રીને મળ્યો અને સદરહુ હસ્તપ્રતો મેળવી આપવાની વિજ્ઞપ્તિ કરી. થોડા જ દિવસમાં પાટણના શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાંથી તેઓશ્રીએ સદરહુ હસ્તપ્રતો મંગાવી આપી.

હસ્તપ્રતો લેતી વખતે મેં પૂછ્યું: "આની પહોંચ શામાં લખી આપું? બીજી સંસ્થાઓમાં સાડાત્રણ રૂપિયાના સ્ટેમ્પ ઉપર હસ્તપ્રત પાછી આપવાની બાંહેધરી લખાવી લેવામાં આવે છે, અને તે માટે જામીન પણ આપવા પડે છે."

મહારાજશ્રીએ જવાબ આપ્યો: "પહોંચની કશી જ જરૂર નથી. હસ્તપ્રતોનો ઉપયોગ કરનારા જ ક્યાં મળે છે?"

બે-એક મહિના પછી મહારાજશ્રીને મળ્યો; પૂછ્યું: "નેમિરંગરત્નાકર છંદ'ની વાચના તૈયાર કરી છે. આપ એ જોઈ ન આપો?"

મહારાજશ્રીએ કહ્યું: "તમે દરરોજ બપોરે ૨ થી ૪ દરમ્યાન આવો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેં કહ્યું : "પણ એ તો આપનો આરામનો સમય રહ્યો. વળી, આ ઉનાળાની સખત ગરમી."

તેઓશ્રીએ કહ્યું : "હું આરામ કરતો નથી." અને પછી પ્રેમપૂર્વક ઉમેર્યું : "તમે જરૂર આવજો."

તેઓશ્રીના આ વિદ્યાપ્રેમે મારો સંકોચ દૂર કરી નાખ્યો. બપોરે શરીરે પરસેવો વળે તે લૂછતા જાય, અને વાચના તથા તેના પાઠાન્તરો તેઓ સાંભળતા જાય. સિત્તેર વર્ષની ઉંમર, પણ જરાય કંટાળો નહિ, સહેજ પણ ઉતાવળ નહિ. એમનું સૂચન પણ સૂઝ ઉત્પન્ન કરે એવું. દશેક દિવસે કામ પૂરું થયું. મારું અંતર પ્રસન્ન પ્રસન્ન થઈ ગયું.

આ પ્રોત્સાહનથી કવિ લાવણ્યસમયની અન્ય કાવ્યકૃતિઓ પ્રકાશમાં લાવવાની મને ઇચ્છા થઈ. એની તમામ હસ્તપ્રતો વડોદરાના શ્રી આત્મારામ જૈન જ્ઞાનમંદિરમાંથી મહારાજશ્રીએ મંગાવી આપી.

એ કાર્ય પૂરું થતાં પ્રાચીન-મધ્યકાલીન બારમાસાનો સંગ્રહ તૈયાર કરવાની મને ઇચ્છા થઈ. આ વખતે પણ મહારાજશ્રીએ સંખ્યાબંધ હસ્તપ્રતો મંગાવી આપી.

આટલી બધી હસ્તપ્રતો સુપ્રત કરતી વખતે પણ નહિ પહોંચની માગણી, અરે, ઉપકારની લાગણી પણ નહિ !

આજે મહારાજશ્રી તરફથી પ્રત્યક્ષ સહાય મળે તેમ નથી, પણ તેઓશ્રીના આ વિદ્યાપ્રેમનું સ્મરણ મારા જેવા અનેક વિદ્યાવ્યાસંગીઓને પરોક્ષ રીતે સહાય કરશે અને તેમની પ્રવૃત્તિમાં બળ પૂરશે એવી મને શ્રદ્ધા છે.

# થોડાંક સંસ્મરણો

## લેખક—શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

*

[ જ્યારે જ્યારે અમદાવાદ જવાનું બનતું, ત્યારે ત્યારે મોટાભાગે પૂ. પંડિત શ્રી બેચરદાસભાઈ સાથે આગમપ્રભાકર પૂ. મુનિ શ્રી પુણ્યવિજયજીને વંદન કરવા જતો. છેલ્લાં લગભગ બે વરસથી તેઓ મુંબઈ પધાર્યા હતા. જ્યારે જ્યારે તેમની પાસે જવાનું બનતું ત્યારે ત્યારે મોટાભાગે તેઓ તેમના સંશોધન અને લેખનકાર્યમાં ઓતપ્રોત થયેલા જોવામાં આવતા. તેઓશ્રી કહેતા હતા કે એક શબ્દનો અર્થ શોધવા અને બેસાડવામાં ઘણીવાર આઠ આઠ દિવસ નીકળી જાય છે. આમ છતાં મુંબઈમાં તેઓશ્રીની પાસે જ્યારે જવાનું બનતું ત્યારે કોઈ કોઈ વાર તેમની સાથે વાર્તાલાપનું સદ્ભાગ્ય પણ પ્રાપ્ત થતું. તેમના દેહોત્સર્ગથી ભારતીય વિદ્યાના ક્ષેત્રમાં કદી પણ ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમને શ્રદ્ધાંજલિ આપતાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ઉમાશંકર જોષીએ સાચું જ કહ્યું છે કે : "મુનિ શ્રી પુણ્યવિજયજી જતાં ગુજરાતના જ નહીં પરંતુ રાષ્ટ્રના સાંસ્કૃતિક જીવનને ખોટ પડી છે. તેમનું જીવન ચંદ્રના પ્રકાશ જેવું દિલને ભરી દે તેવું આહ્લાદક હતું." તેમની સાથેના નીચે આલેખેલા કેટલાક પ્રસંગો મારી ડાયરીની નોંધ પરથી લખ્યાં છે.–લેખક]

(૧) તા. ૧૯–૭–૬૯, શનિવાર.

શ્રી પ્રાણજીવનદાસ ગાંધી, હું અને ચીમનલાલ પાલીતાણાકર આજે ચાર વાગે વાલકેશ્વર પૂ. પુણ્યવિજયજી મહારાજ પાસે જૈન ધાર્મિક શિક્ષણ સંઘની સંસ્કાર-વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન મહારાજશ્રીની નિશ્રામાં ગોઠવવા અર્થે વિનંતી કરવા ગયા હતા. પૂ. મહારાજશ્રીએ તપમાં સ્વાભાવિકતા હોવી જોઈએ એ અંગે શાલિભદ્રજીની વાત કરતાં કહ્યું કે, માસખમણના પારણે ગોચરીમાં તેમને દહીં મળ્યું અને તે તેમણે લીધું પણ ખરું. આજે તો એક ઉપવાસના પારણામાં પણ લોકો ખટાશ લેતાં અચકાય છે. આનું મૂળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણુ એક જ છે કે, આપણા વર્તમાન તપમાં સ્વાભાવિકતા નથી, પણ કૃત્રિમતા છે. ઉપવાસના દિવસે મનમાં તો પારણાના વિચારો જ રમતા હોય છે. માણસે નિખાલસ અને નિર્દોષ બની જવું જોઈએ. શ્રી ગૌતમસ્વામી એક ખેડૂતને ઉપદેશ આપવા અર્થે ભગવાનની પાસે લઈ આવ્યા, પણ ભગવાન પર દષ્ટિ પડતાં જ તે ભડકીને ભાગ્યો.[1] એ વખતે ઇંદ્રે મનમાં ગૌતમની મશ્કરી કરી કે ગૌતમ પણ કેવા શિષ્યને શોધી લઈ આવ્યા છે! પરંતુ તેમ છતાં ગૌતમના મોં પર જરાય ગ્લાનિ કે ઉદાસીનતા ન હતી. ભગવાને ઇંદ્રને ગૌતમનો નિર્દેશ કરી કહ્યું: "ગૌતમ તો નિખાલસ અને નિર્મળ છે એટલે પેલા ખેડૂતની બાબત અંગે તમને જેવો વિચાર આવ્યો તેવો વિચાર ગૌતમને ન આવ્યો." જીવનમાં આવી નિર્મળતા અને નિખાલસતા કેળવવી જોઈએ. પછી મીરાંબાઈ અને જીવણજી ગોંસાઈ[2] વચ્ચેના વાર્તાલાપની વાત સમજાવી મહારાજશ્રીએ કહ્યું: "આજે તો બ્રહ્મચર્યની બાધા પાળનારાઓ પણ કોઈ સુંદર રમણી જુવે કે તેના મનમાં કાંઈ કાંઈ રમકડાં દોડવા લાગે. એટલે આજે ધર્મ વધ્યો હોય તેવું ભલે લાગે, પણ આ બધું કૃત્રિમ છે; તેમાં જે સ્વાભાવિકતા હોવી ઘટે તે નથી."

મુલુન્ડવાળા શ્રી હરગોવિંદદાસ રામજી (હવે સ્વર્ગસ્થ) મહારાજશ્રીના અત્યંત પરિચયમાં હોવાથી મેં તેમની ખબર આપતાં મહારાજશ્રીને કહ્યું કે ફ્રેકચર થવાથી તેમને બ્રીચ કેન્ડીઝની હોસ્પીટલમાં રાખવામાં આવેલ છે, પરંતુ ત્યાં તેમને ગમતું નથી, ઘેરે પાછા આવવા ઉતાવળ કરે છે. કૃત્રિમતા અને સ્વાભાવિકતા પર મહારાજશ્રીનો આજે ખાસ ઉપદેશ હતો, એટલે આ સંબંધમાં તેઓએ કહ્યું: "જે સ્વસ્થતા અને શાંતિપૂર્વક આજ સુધી તેઓ દીર્ઘ જીવન જીવ્યા છે, તેવી જ સ્વસ્થતા અને શાંતિ તેઓની આ બીમારીની આપત્તિમાં તેઓ જાળવી રાખે, તો જ તેમની શાંતિ અને સ્વસ્થતાને સ્વાભાવિક કહી શકાય. બાકી જીવન-પ્રવાહ જ્યારે સીધો અને સરળ હોય ત્યારે તો સૌકોઈ શાંતિ અને સ્વસ્થતા જાળવી શકે. પણ તેમાં શી નવાઈ? આ શાંતિ અને સ્વસ્થતા સ્વાભાવિક તો ત્યારે જ ગણાય કે જ્યારે પ્રતિકૂળ સંજોગોમાં પણ એ શાંતિ અને સ્વસ્થતામાં અવરોધ ન પડે." મહારાજશ્રીએ આચાર્ય હરિભદ્રસૂરિ અને આચાર્ય હેમચંદ્રાચાર્યના જીવન અંગે કેટલીક વાતો કરી કહ્યું: "ભગવાન નેમનાથ શ્રીકૃષ્ણ પાસે માંસાહાર ન અટકાવી શક્યા, પણ એ કાર્ય હેમચંદ્રાચાર્ય કુમારપાળ પાસે કરાવી શક્યા. આનું નામ ભવિતવ્યતા" એમ કહી ઉમેર્યું "દરેક કાર્યમાં યોગ મહત્ત્વનો ભાગ ભજવે છે." પછી મહારાજશ્રીએ માથા પર વાસક્ષેપ નાખતી વખતે અત્યંત નમ્રતાપૂર્વક કહ્યું: "હું તો પૂર્વાચાર્યોનો એજન્ટ છું, અને એમની ઝોળી (બટવો)નો વાસક્ષેપ નાખું છું"

## (૨)

૭-૯-૬૯, રવિવાર.

પંડિત શ્રી બેચરદાસભાઈ અને અજવાળીબહેન સાથે આજે બપોરે પૂ. પુણ્યવિજયજી પાસે ગયો હતો. ૧૫મી ઑગસ્ટના દિવસે મહારાજશ્રી કોટના ઉપાશ્રયમાં ગયા હતા. એ સંબંધમાં ચર્ચા નીકળતાં

---

૧. છદ્મસ્થાવસ્થામાં મહાવીર જ્યારે વહાણમાં બેસી નદી પાર કરતા હતા, તે વખતે સુદંષ્ટ્ર નાગકુમારે ભગવાનને ઉપદ્રવ કર્યો હતો. તે નાગકુમાર ચ્યવીને આ ખેડૂત થયો હતો. એક વખતે ભગવાન ત્યાં પધાર્યા ત્યારે ખેડૂતને બોધ કરવા ગૌતમને તેની પાસે મોકલ્યા. ગૌતમના ઉપદેશથી એને સદ્ધર્મ પ્રત્યે ભાવના તો જન્મી, પણ જેવા મહાવીરને જોયા કે તેમના પ્રત્યે દ્વેષભાવ લાવીને તે પાછો ચાલી ગયો! હકીકત એમ હતી કે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં આ ખેડૂતનો જીવ સિંહ હતો, જેને ભગવાને (ભગવાનના અઢારમાં જન્મમાં) માર્યો હતો. ત્રિપૃષ્ઠનો સારથિ એ જ ગૌતમનો જીવ હતો. સારથિએ સિંહને મરતી વખતે આશ્વાસન આપ્યું હતું અને તેથી જ તેને ગૌતમના બોધની અસર થયેલી. પણ ભગવાન પર દષ્ટિ પડી અને દ્વેષ ઉત્પન્ન થતાં તે ત્યાંથી ચાલી ગયો; તેની આ વાત છે.

૨. આ ગોંસાઈ સ્ત્રીનું મુખ ન જોતાં, એ બાબતમાં મીરાંબાઈના ટોણા પછી તે પોતાની ભૂલ સમજ્યા અને એમણે મીરાંબાઈ સાથે વાર્તાલાપ કર્યો. આ વાત મેવાડની રાણી મીરાંબાઈ વિષેની છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજશ્રીએ કહ્યું : "એ દિવસે કોટના ઉપાશ્રયમાં નમિઊણ-પૂજનમાં હાજરી આપવાનું બન્યું. આજ સુધી તો આ પૂજનનું નામ સાંભળવામાં આવ્યું ન હતું. પૂજાના અંતે મંત્રનો શ્લોક આવે છે તેનો અર્થ એવો થતો હતો કે–'સર્વ દુશ્મનોનો નાશ થઈ જાઓ અને સઘળી સ્ત્રીઓ વશ થઈ જાઓ!' એ વખતે કોટમાં ચોમાસું રહેલાં મુનિ શ્રી ચિત્રભાનુનું ધ્યાન એ શ્લોક પર દોરીને પૂજન સમયે મહારાજશ્રીએ કહ્યું: "મંદિરમાં બેસી આવા મંત્રો બોલી શકાય?" મેં શ્રાવકોનો બચાવ કરતાં કહ્યું કે આવી બાબતોમાં શ્રાવકો તો શું સમજે? તેઓ તો જેમ મુનિરાજો કહે તેમ કરે. મુનિરાજો નવા નવા પ્રકારનાં પૂજનો શોધી કાઢે તો શ્રાવકસમાજ એ પૂજનો કરાવવા હંમેશાં તૈયાર જ થઈ જાય છે. આમાં દોષ હોય તોપણ ધર્મ-ગુરુઓનો જ કહેવાય ને! મહારાજશ્રીએ કાંઈક ભારે હૈયે કહ્યું: "આ તો તમે એકતરફી વાત કરી; શ્રાવકોને મોજ–વૈભવ જોઈએ છે અને પ્રતિષ્ઠા તેમ જ નામના મેળવવા માટે જ તેઓ સાધુઓની પાછળ લાગી આવી બધી ક્રિયા કરાવતા હોય છે." પછી માર્મિક રીતે હસીને કહ્યું: "શ્રાવકો પણ ગારુડી જેવા હોય છે, જેમ તેમને ગમે તેમ અન્યને નચાવી શકે!" પછી ધર્મશાસ્ત્રો સંબંધમાં મહારાજશ્રીએ કહ્યું : "આજે તો શાસ્ત્રોને હથિયાર બનાવી સાધુઓ પણ અંદર અંદર લડી રહ્યાં છે. ધર્મ શાસ્ત્રોમાં નથી કે મંદિરોમાં પણ નથી, ધર્મ તો માણસના આત્મામાં રહેલો છે. સમતા અને સમભાવ જ્યાં સુધી જીવનમાં ન આવે ત્યાં સુધી સાચો ધર્મ પ્રાપ્ત થયો ન માની શકાય."

(૩) તા. ૧૮–૧૨–૬૯, ગુરુવાર.

શ્રી ખીમચંદ ચાંપશી શાહ અને હું આજે બપોરે પૂ. પુણ્યવિજયજી મહારાજ સાહેબ પાસે ગયા હતા. આપણા શ્રમણસંઘના સાધુઓની વર્તમાન પરિસ્થિતિ વિષે ચર્ચા થતાં મહારાજશ્રીએ વિષણ્ણ હૈયે કહ્યું: "આજે તો સાધુઓ પણ એટલા નીચે ઊતરી ગયા છે કે ભંડારોમાંથી સારાં પુસ્તકો તેઓને જોઈતાં હોય તો આપવામાં આવતાં નથી, કારણ કે એવા સાધુઓ પણ જોવામાં આવે છે કે જેઓ ગ્રંથો વેચીને પૈસા ઉપજાવી લે છે. આવા કિસ્સાઓ બનેલા હોવાના કારણે ગ્રંથભંડારો હવે સાધુઓને ગ્રંથો આપતાં પહેલાં ડિપોઝીટ પૈસા લે છે. સાધુઓ પણ આ રીતે ડિપોઝીટ પૈસા આપી ગ્રંથો લે છે. હવે આમાં અપરિગ્રહ-પણું ક્યાં રહ્યું?"

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ સાહિત્ય સંરક્ષક પ્રકાશન સમિતિ તરફથી તાજેતરમાં બહાર પડેલ 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર'ના ત્રણ ભાગો સંબંધમાં વાત નીકળતાં મહારાજશ્રીએ કહ્યું કે તે ગ્રંથો તેમણે વાંચ્યાં નથી. તેમ છતાં એ સંબંધમાં કહ્યું કે "ઘણાં વરસો પહેલાં સદ્ગત આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીના અનન્ય ભક્ત સદ્ગત શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર આચાર્યશ્રીના હાથે લખેલા એ ગ્રંથોની મેટર લઈ મને અમદાવાદ મળવા આવ્યા હતા. શ્રી પાદરાકર પોતે જ એ ગ્રંથોના પ્રકાશનની વિરુદ્ધમાં હતા એવું કાંઈક મને યાદ છે. આ દૃષ્ટિએ આ ગ્રંથોનું પ્રકાશન કેટલે દરજ્જે વાજબી ગણાય તે વિચારવા જેવી વાત છે."

(૪) ૫–૧–૭૦, સોમવાર

શ્રી ખીમચંદ ચાંપશી શાહ અને હું આજે બપોરે પૂ. પુણ્યવિજયજી મહારાજની પાસે વાલકેશ્વર ઉપાશ્રય ગયા હતા. મુંબઈમાં સંશોધન અને લેખનકાર્ય ખાસ નથી થઈ શકતું એ સંબંધમાં એમની નારાજી અને ઇતરાજી એમની સાથેની વાતચીત પરથી સ્પષ્ટ રીતે જણાઈ આવતી હતી.

મંદિરોમાંથી ભગવાનની પ્રતિમાઓ ચોરાઈ જાય છે એ બાબતમાં થયેલા એક કેસના અંગે ચર્ચા થતાં મહારાજશ્રીએ કહ્યું કે એ કેસમાં શિલ્પ અને સ્થાપત્યના વિષયમાં નિષ્ણાત એવા શ્રી ભોગીલાલ સાંડેસરાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેસના આરોપીની વિરુદ્ધમાં જાય એવી જુબાની આપી હતી. જે ન્યાયાધીશ પાસે એ કેસ ચાલતો હતો તેણે આરોપીને નિર્દોષ છોડી દીધો. એ વાત કાયદાની હતી એટલે તે વિષે આપણે ટીકા ન કરી શકીએ. પરંતુ આરોપીને નિર્દોષ છોડી મૂકતાં તેણે સાક્ષીની જુબાનીની ટીકા પણ કરી. એનો વિષય ન્યાયનો હતો અને તેને જો શિલ્પ અને સ્થાપત્ય વિષેનું જ્ઞાન ન હોય તો, સાંડેસરાની જુબાની પર ટીકા કરવાનો તેને હક્ક કેટલો ? પણ આજે તો આખુંયે રાજતંત્ર અવળે રસ્તે જ ચાલી રહ્યું છે, ત્યાં શું થાય ?

(૫) ૧૩-૮-૭૦, ગુરુવાર

આજે ત્રણ વાગે પૂ. પુણ્યવિજયજીને મળવા વાલકેશ્વર ગયો હતો. ભાવેશ્વરથી સાહિત્ય કલારત્ન મુનિ શ્રી યશોવિજયજી મહારાજસાહેબે ચીમનલાલ પાલીતાણાકરના સન્માન સમારંભ સંબંધમાં આવતા રવિવારના વ્યાખ્યાનમાં શ્રોતાઓને બે શબ્દો કહેવા માટેનો પત્ર તેમની પર લખી મોકલ્યો હતો. તે સંબંધમાં મહારાજશ્રી સાથે વાત કરતાં તેઓશ્રીએ વ્યાખ્યાનમાં આ વાતની અનુમોદના કરવા આનંદપૂર્વક સંમતિ આપતા એક શ્લોક કહી તેનો અર્થ સમજાવતાં કહ્યું: "ગૃહસ્થે તો પોતાના દરિદ્ર ભાઈનું, દુઃખી બહેનનું, વૃદ્ધ પુરુષનું તેમ જ જ્ઞાન આપનાર ગુરુનું અત્યંત ધ્યાન રાખવું જ જોઈએ. આ તો પાયાની જરૂરિયાત છે."

પંડિત શ્રી બેચરદાસભાઈનાં, આગમો પરનાં બનારસમાં આપેલાં વ્યાખ્યાનોના પ્રકાશન સંબંધમાં મેં વાત કરી એટલે મહારાજશ્રીએ આપણા પંડિતજનોની પ્રશંસા કરતાં કહ્યું કે હવે અમે તો કાંઠે આવી ગયા કહેવાઈએ. પરંતુ પંડિત સુખલાલજી કે બેચરદાસજી, પંડિત હરગોવિંદદાસ કે (એક પંડિતજીનું નામ તેમણે અહીં આપેલું પણ તેનું સ્મરણ નથી રહ્યું) જેવા પંડિતો થવા મુશ્કેલ છે.

મહારાજશ્રીએ ઉણોદરી તપ સંબંધમાં ૩૨ કોળિયાના આહાર સંબંધમાં સમજાવતાં કહ્યું કે જેની ક્ષુધા જે રીતે તૃપ્ત થાય એ રીતે તેણે આ પ્રમાણમાં કોળિયા લઈ ભોજન કરવું જોઈએ. તાત્પર્ય એ છે કે દેહને પોષણની જરૂરિયાત હોય તે કરતાં વધુ અગર ઓછો ખોરાક આપવાનું જરૂરી નથી. બાકી તો, આ વસ્તુનો મુખ્ય આધાર દરેકની તાસીર, બાંધો અને પ્રકૃતિ પર રહે છે.

દેવલોકના દેવો અને દેવીઓના વિષયસુખ સંબંધમાં શાસ્ત્રમાં જે વર્ણન છે તે પરત્વે ઘણા વખતથી મને એક શંકા રહેતી હતી, પણ તે વ્યક્ત કરતાં એક પ્રકારની ક્ષુબ્ધતા અનુભવતો. દેવીઓની ઉત્પત્તિ જોકે બીજા દેવલોક સુધી જ હોય છે, પરંતુ તેમ છતાં આઠમા દેવલોક સુધી ત્યાંના દેવોની ઇચ્છા થાય ત્યારે વાસનાની તૃપ્તિ અર્થે દેવીઓ જઈ શકે અગર તો જવું પડે છે. ઉચ્ચ કોટિના દેવો તો શાંત અને કામવાસના રહિત જ હોય છે, એટલે વ્યવસ્થા એવી જણાય છે કે દેવની કક્ષા જેટલા પ્રમાણમાં ઊંચી તેટલા પ્રમાણમાં કામવાસનાની ન્યૂનતા. મારા મનમાં એમ થતું કે મૃત્યુલોકમાં તો પુરુષની પ્રધાનતા માની, એટલે સ્ત્રીઓની અવહેલના થતી જોવામાં આવે છે, પરંતુ દેવલોકમાં પણ દેવીઓને ગમે તે દેવની ઇચ્છા અને હુકમ થાય એટલે વાસના તૃપ્ત કરવા તેણે ચાલી નીકળવું પડતું હશે ? મહારાજશ્રી પાસે મારી આ શંકા વ્યક્ત કરી એટલે તેઓશ્રીએ આ બાબતમાં સમજાવતાં કહ્યું કે આવા વ્યવહારમાં પણ દેવ અને દેવીના પૂર્વજન્મોના સંબંધો અને અરસપરસ વચ્ચેના રાગ મુખ્ય કામ કરતા હોય છે. આવા સંબંધો અને રાગના કારણે જ જ્યારે અરસપરસ વચ્ચે આકર્ષણ-ખેંચાણ થાય, ત્યારે જ દેવ એવા પ્રકારની દેવીની ઇચ્છા કરે અને તેથી જ દેવી દેવ પાસે જાય છે. એમાં દેવીઓની અવહેલનાની કોઈ વાત નથી. દેવીઓને દેવ પાસે જવાની ફરજ પડે છે અગર ઇચ્છા વિરુદ્ધ જવું પડે છે એમ માનવું યથાર્થ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૬) ૯-૧૦-૭૦, શુક્રવાર

હું અને શ્રી ખીમચંદ ચાંપશી શાહ આજે બપોરે પૂ. પુણ્યવિજયજી મહારાજ પાસે વાલકેશ્વર ઉપાશ્રય ગયા હતા. વર્તમાનકાળે જૈન સમાજમાં પ્રવર્તી રહેલી પરિસ્થિતિ અંગે પૂ. મહારાજશ્રીએ દુઃખદ હૃદયે સમાલોચના કરી. તેઓશ્રીએ કહ્યું : “ અમદાવાદમાં હું અત્યંત કામના બોજા નીચે દબાયેલો રહેતો હોવા છતાં, જ્યારે મને અન્ય સ્થળે પૂજા–પૂજન સમારંભમાં હાજરી આપવાનું કહેવામાં આવે ત્યારે તેવા પ્રસંગે હું ત્યાં જવા પ્રયત્નો કરું છું, કારણ કે સમાજના મોટા ભાગના લોકોને આવી ક્રિયામાં રુચિ હોય છે અને આ રીતે તેમનો સંપર્ક થાય છે. કોઈ પણ બાબત પ્રત્યે તિરસ્કાર કે ઘૃણા કરવાથી તે બાબત સુધરી જતી નથી.” મહારાજશ્રીએ પોતાની બાલ્યવયનો એક દાખલો આપી કહ્યું : “ હું અંત્યત નાનો હતો ત્યારની વાત છે, પરંતુ આજે પણ મને તે બરાબર યાદ છે. અમારા ઘરે એક ખૂણામાં ગાદલાંની થપ્પી પડી રહેતી. રાતે તે થપ્પીનાં ગાદલાં પાથરી સૌ સૂતા. એક વખત સાંજના થપ્પી પર ચડી હું ઊંઘી ગયો. પથારી પાથરવાનો સમય થયો ત્યારે મારી માતાએ મને ઊઠાડ્યો, પણ મેં નીચે ઊતરવા માટે ના પાડી. મેં હઠ લીધી કે મારે તો થપ્પી પર જ સૂવું છે. માતાએ પછી નવો રસ્તો કાઢ્યો; મને કહે : તારે થપ્પી પર સૂવું છે ને ? ચાલ, હું તને બીજી સરસ થપ્પી કરી આપું ! એમ કહીને પાથરવાના બે-ત્રણ ઓછાડોની ગડી કરી; વળી તેની પર એક-બે ટુવાલની ગડી કરી ગોઠવ્યા. મને પછી કહ્યું કે થપ્પી તૈયાર થઈ ગઈ, હવે તેની પર સૂઈ જા. મને તો કોઈ પણ હિસાબે થપ્પી જ જોઈતી હતી અને મને તે મળી ગઈ એટલે હું તેની પર સૂઈ ગયો.” બાળકને કેમ સમજાવવું અને તેની સાથે કેમ કામ લેવું તે માતા બરોબર સમજતી હોય છે. આપણા સમાજમાં પણ આજે બાળમાનસનું પ્રમાણ વધારે છે; ચોપાનિયાંમાં ( આ ચોપાનિયા શબ્દ મહારાજશ્રીએ જૈન સમાજનાં વિવિધ સામયિકોને ઉદ્દેશી વાપર્યો હતો. ) તીખાતમતમતાં લેખો લખીને અગર ભાષણો દ્વારા લોકો પર પ્રહાર કરીને લોકોને સુધારવાના પ્રયત્નો મિથ્યા છે. (એ અરસામાં મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આપણી સાધુસંસ્થા અંગે એક પરિસંવાદ ગોઠવવામાં આવ્યો હતો, અને તેમાં કોઈ કોઈ વક્તાઓએ પ્રહારો કરવાની નીતિ અખત્યાર કરી હશે, તેના અંગે મહારાજશ્રી પોતાની વેદના ઠાલવી રહ્યા હતા એવું અનુમાન થયું, પણ આ અંગે તેઓશ્રીએ સ્પષ્ટ નિર્દેશ નહીં કરેલો.) ભિન્ન ભિન્ન ફિરકાના સાધુઓ વચ્ચે ઐક્ય સાધવાના બણગાં કેટલાક લોકો ફૂંક્યા કરે છે, પણ આવા માણસોને કશી ગતાગમ હોતી નથી. ભરેલો ઘડો છલકાતો નથી પણ અધૂરો ઘડો જ છલકાય છે, તેમ આ બાબતમાં ઓછામાં ઓછું સમજનારાઓ જ વધુમાં વધુ ધાંધાટ કરે છે.”

જૈન સમાજની કેટલીક શિક્ષિત અને કેળવાયેલી વ્યક્તિઓ સંબંધમાં તેઓએ કહ્યું કે—“ આ લોકોમાં જ્ઞાન અને સમજણશક્તિ હોવા છતાં તેઓનાં લખાણો અને ભાષણોમાં કડવાશ અને કટુતા આવી જાય છે. આના કારણે સમાજમાં સુધારો થવાને બદલે ઊલટો બગાડો થવા પામે છે. કોઈ પણ બાબત ગમે તેટલી દુઃખદ હોવા છતાં તે વિષે લખતી કે બોલતી વખતે લેખક કે વક્તાએ કડવાશ શા માટે બતાવવી જોઈએ તે નથી સમજી શકાતું.” મહારાજશ્રીએ પછી કહ્યું: “ મને લાગે છે કે એવી નાજુક બાબત હોય તો પણ તે અંગે સંયમપૂર્વક, વિનય અને વિવેકથી શ્રોતાઓને કહેવામાં આવે, તો તેઓની પર ઊલટી વધુ સારી અસર થશે. અને આ માર્ગે જ સમાજમાં સાચા સુધારાઓ શક્ય બની શકે.”

(૭) તા. ૬–૧૧–૭૦

ચીમનલાલ પાલીતાણાકરના સન્માન સમારંભમાં પધારવા માટે પૂ. પુણ્યવિજયજી મહારાજ સાહેબને આમંત્રણ આપવા શ્રી કેશવલાલ મોહનલાલ શાહ, હું અને ચીમનલાલ પાલીતાણાકર આજે વાલકેશ્વર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાશ્રયમાં ગયા હતા. મહારાજશ્રીએ કહ્યું કે "હવે શરીર પહેલાંની માફક કામ નથી આપતું એટલે આ પ્રસંગે ગોડીજી ઉપાશ્રયમાં આવવાનું બની શકે તેમ નથી; તેમ છતાં આવા શુભ કાર્યમાં મારા આશીર્વાદ તો હરહંમેશ હોય જ છે." તે પછી મહારાજશ્રીએ કહ્યું કે "જૈન સમાજ સાહિત્ય કે લોકઉત્કર્ષ અર્થે વિચારવા અને યોજના કરવાને બદલે પોતાની શક્તિ માત્ર ઉત્સવો અને વરઘોડાઓની પાછળ વેડફી નાંખે છે. જૈન સમાજની ઉન્નતિ માત્ર ઉત્સવો અને વરઘોડાઓથી નથી થવાની. આપણા સમાજનો અભ્યુદય ન થવાનું કારણ આપણો જૈન સમાજ પોતે જ છે, પણ લોકો તે સમજતા નથી એ ભારે દુઃખદ વાત છે."

# અમારા ગુરુદેવ

## લેખિકા—પૂજ્ય સાધ્વીજી શ્રી ઓંકારશ્રીજી

*

જગતના બગીચામાં અનેક પ્રાણીઓ આવે છે અને જાય છે. એમાંના કેટલાક વિરલ આત્મા પોતાના જીવનની સુવાસ મૂકીને જાય છે. જગતની સૌંદર્યસૃષ્ટિમાં અનેક પુષ્પોનો પ્રાદુર્ભાવ થાય છે, પણ દરેક પુષ્પ કંઈ પોતાના પરિમલ દ્વારા માનવીના માનસને પ્રફુલ્લિત બનાવી શકતું નથી. એ જ રીતે જગતની સૃષ્ટિમાં જન્મ લેનાર દરેક વ્યક્તિ અન્ય જીવો ઉપર ઉપકાર કરીને એમને આનંદ આપી શકે એવું તન-મનના સમર્પણથી શોભતું જીવન જીવી શકતી નથી. જીવનમાં અનુકૂળતાઓને ઠોકરે મારી પ્રતિકૂળતા સામે ટક્કર ઝીલવી, એ વાત અતિકપરી છે. સારી વાણી ઉચ્ચારવી અને ઉત્તમ વિચાર કરવા તે માનવીને માટે મોટી વાત નથી, પરંતુ તેને વર્તનમાં મૂકી તેનો અમલ કરવો એ અતિ દુષ્કર કામ છે.

પૂજ્યપાદ, પ્રાતઃસ્મરણીય, પરમઉપકારી, આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ જેવી એક મહાન વિભૂતિ આપણા બધા વચ્ચેથી, વર્ષો જૂનો સંબંધ છોડી, સ્નેહની સાંકળ તોડી, એક મહિના પહેલાં ચાલી ગઈ.

આ મહાન વાત્સલ્યમૂર્તિ વિભૂતિનો જન્મ ગરવી ગુજરાતના પવિત્ર કપડવંજ ગામમાં માણેક જેવા ગુણવાળાં માણેકબાઈ માતા તથા પિતા ડાહ્યાભાઈના લાડીલા પુત્ર મણિલાલ તરીકે થયો હતો. મણિલાલ 'પુત્રનાં લક્ષણ પારણામાં' જણાય તેમ, જ્ઞાનોદ્ધારક, આગમોદ્ધારક થવાના હોય તેમ, તેમનો જન્મ લૌકિક પર્વ તરીકે 'લાભપંચમીએ' તથા લોકોત્તરપર્વ તરીકે 'જ્ઞાનપંચમી' ના ધર્મપર્વ દિને સં. ૧૯૫૨ માં થયો હતો. આ મહાન વિભૂતિનો જન્મ લાભપંચમીને દિવસે થવાથી લૌકિક માર્ગવાળાને (જૈનેતર સમાજને) તથા જ્ઞાનપંચમીને દિવસે થવાથી લોકોત્તર માર્ગવાળાને (જૈન સમાજને) એટલે કે જૈન-જૈનેતર દરેક સમાજને અકલ્પ્ય, અવર્ણનીય લાભ થયો છે. તેઓશ્રીએ જનતાને ઘણો ઘણો લાભ આપ્યો છે.

મણિલાલ ૧૩ વર્ષની કુમળી વયે પરમપૂજ્ય પ્રશાંતમૂર્તિ પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્યરત્ન પરમપૂજ્ય મુનિપ્રવર શ્રી ચતુરવિજયજી મહારાજના શિષ્ય પુણ્યવિજયજી મહારાજ તરીકે જાહેર થયા. તેમની માતા માણેકબહેને પણ લાડીલા પુત્રને દીક્ષા અપાવ્યા બાદ સિદ્ધક્ષેત્રની શીતળ છાયામાં દીક્ષા અંગીકાર કરી હતી. તેઓ અમદાવાદમાં ૯૩ વર્ષની વયે કાળધર્મ પામ્યાં હતાં.

દુનિયામાં કહેવત છે કે 'મૂડી કરતાં વ્યાજ વધારે વહાલું હોય છે,' તેમ પુણ્યવિજયજી મહારાજ ઉપર ગુરુજી કરતાં પણ દાદાગુરુજી પ્રવર્તક કાંતિવિજયજી મહારાજ અખૂટ વાત્સલ્ય, સ્નેહ, સદ્ભાવ ધરાવતા હતા. સ્નેહતંતુના તાણાવાણા દૂરના કે નજીકના સ્નેહસંબંધની ખેવના રાખતા નથી, તેમ પૂજ્ય પુણ્યવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજને પણ ગુરુજી કરતાં દાદાગુરુ ઉપર અત્યંત પ્રેમ હતો. દીક્ષા લીધા બાદ ત્રણ-ચાર વર્ષમાં જ તેઓ પૂજ્ય ગુરુજી ચતુરવિજયજી મહારાજની કોપી લઈને, ગુરુજી ગોચરી જતા ત્યારે, છાનામાના કોપી કરીને મૂકી દેતા હતા. તેમને પ્રથમથી જ સંશોધનકાર્યમાં અત્યંત રસ હતો.

જ્યારે પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ વયમાં નાના હતા—ગુણોથી તો તેઓ હંમેશાં મહાન હતા—ત્યારે પંડિતજી વ્યાકરણ ભણાવવા આવતા હતા. પંડિતજી રૂપો ગોખવા આપતા. બીજે દિવસે પાઠ ધરાવવા વખતે પંડિતજી રૂપો બોલવાનું કહેતા, ત્યારે બાલમુનિ પુણ્યવિજયજી મહારાજ કહેતા, કે મને એવું ગોખણપટ્ટી જ્ઞાન ભણવું ગમતું નથી; તમારે જે રૂપોની સાધનિકા કરાવવી હોય તે કરાવો, હું સાધનિકા બરાબર કરી આપીશ; હું કદી પણ ગોખણપટ્ટી કરીશ નહિ. પંડિતજી દાદાગુરુ આગળ ફરિયાદ કરતા, તો દાદાગુરુ કહેતા કે નાનો બાળક છે, એની ઇચ્છા પ્રમાણે ભણાવો. તેઓ હમેશાં એવી શિખામણ આપતા કે ભલે થોડું જ્ઞાન પ્રાપ્ત કરો, પણ તે સચોટ કરજો. અને સાચા જ્ઞાની થવું હોય તો, જીવનમાં રાગ-દ્વેષની પરિણતિ ઓછી કરી, કષાયોને તિલાંજલિ આપો. વાદવિવાદની ચર્ચામાં ક્યારે પણ ઊતરવું નહિ. જીવનમાં બાલકથી માંડીને વૃદ્ધ સુધી, મૂર્ખથી માંડીને વિદ્વાનવર્ગ સુધી દરેક વ્યક્તિ ઉપર આદર, સદ્‌ભાવ, પ્રેમ રાખજો; કોઈના પ્રતિ તિરસ્કારભરી દૃષ્ટિથી જોશો નહિ, અણગમો કરશો નહિ, જીવનમાં માનવતાને સ્થાન આપજો.

પૂજ્ય પુણ્યવિજયજી મહારાજને વડોદરામાં **'આગમપ્રભાકર'**ની પદવી આપી હતી. તે પદવીનો સ્વીકાર તેમણે અનિચ્છાએ કર્યો હતો. તેઓ પદવી માટે હમેંશા ઈનકાર કરતા. આપણે કહીએ છીએ કે 'સાઠે બુદ્ધિ નાઠી', પરંતુ પૂજ્ય ગુરુદેવ કહેતા, આ કહેવત જે માનવી પ્રવૃત્તિહીન તથા આળસુ-નિરુદ્યમી હોય તેને લાગુ પડે છે. તેઓનું આ કથન સત્ય હતું. પોતે ત્રણ વર્ષના હતા, તે સમયમાં બનેલ જે જે પ્રસંગો હતા, તે પ્રસંગો પૂજ્ય જ્ઞાનયોગી ગુરુજી અત્યારે પણ સવિસ્તર કહી સંભળાવતા હતા; તે પ્રસંગો તેમના સ્મૃતિપથમાંથી જરા પણ દૂર થયા ન હતા. તેમનામાં જ્ઞાનની સાથે નિરભિમાનતા, સુજનતા, વત્સલતા, નિર્ભયતા આદિ અનેક અપૂર્વ ગુણો ભર્યા હતા. તેમના સંપર્કમાં એક વાર જનાર વ્યક્તિ બીજી વાર જવાની ઇચ્છા રાખતી. તેમના ગુણોનું આકર્ષણ કોઈ અનોખું અને અલૌકિક હતું.

પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવને પોતાનાં કાર્યો કરવા દિવસે બહુ ઓછો વખત મળતો. દિવસે અનેક વિદ્વાનો, દેશ-પરદેશના સ્કોલરો, જ્ઞાનભંડારના સંચાલકો તથા જ્ઞાનપિપાસુ જિજ્ઞાસુઓ આવતા, તેમની સાથે વાર્તાલાપ કરતા, ધાર્મિક ચર્ચા કરતા, પરંતુ પૂજ્યશ્રી વાદવિવાદમાં કે મારા-તારામાં, વાડા-પાડામાં કદી પડતા નહિ. સત્ય વસ્તુ સમજાવવામાં તેઓ હંમેશા નિર્ભય રહેતા હતા. તેઓ કદી કોઈની નિંદા કરતા નહિ, તેમ બીજાની નિંદા સાંભળતાં પણ નહિ. તેઓ હંમેશા કહેતા હતા કે આ મુખ સુવર્ણ-કચોલું છે. 'સુવર્ણ એટલે સોનું', સોનાના કચોલામાં ઉત્તમ વસ્તુ ભરાય, પરંતુ કચરો ન ભરાય, તેમ મુખરૂપ સુવર્ણ-કચોલામાં સુવર્ણ એટલે શોભાભરી વાણી ભરાય, પરંતુ જગતના ગંદવાડરૂપી નિંદા ન ભરાય. આ મહાન પુરુષના ગુણો જાણીએ, તેમના જીવનના એક એક સિદ્ધાંતો સાંભળીએ, એમના નિકટનાં પરિચિત વ્યક્તિઓ તથા વિદ્વાનો પાસેથી એમના વિશે જાણીએ, તો આપણને કલ્પના આવે કે તેઓ કેવા મહાન હતા અને તેમની ભાવનાઓ કેટલી બધી ઉચ્ચ તથા ઉદાત્ત હતી.

સ્વર્ગસ્થ ગુરુદેવના અનેક જીવનપ્રસંગો સ્મૃતિપથ ઉપર, પવનવેગી ઘોડાની જેમ, એક પછી એક પસાર થઈ જાય છે. તેમાંના કયા જીવનપ્રસંગો યાદ કરીએ અને કોને પકડી રાખીએ, તે કાંઈ સમજાતું નથી.

પૂજ્યપાદ ગુરુદેવ શ્રી આગમપ્રભાકરજી મહારાજ કહેતા કે નવરા માનવીને કોઈ કાંઈ કાર્ય બતાવે, તો કહે કે મને ટાઈમ નથી, સમયનો અભાવ છે; જ્યારે પ્રગતિશીલ માનવીને ક્યારે પણ કોઈનું કાર્ય કરવા માટે પ્રેરણા કરવામાં આવે તો તે એ અત્યંત આહ્લાદપૂર્વક કરી આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિઃસ્પૃહયોગી પૂ. ગુરુદેવ આગમોનું સંશોધન પોતાના જીવનકાર્યની જેમ પૂરા યોગથી કરતા. ઉપરાંત, તેમની પાસે કેટલાયે વિદ્વાનો પ્રસ્તાવના, લેખો વગેરે લખાવવા આવતા, તે બધાંને પણ તેઓ સંતોષકારક જવાબ આપતા. પુસ્તક પ્રાપ્ત કરવા માટે આવનારને પુસ્તકો ગમે ત્યાંથી પ્રાપ્ત કરાવી આપતા. જ્ઞાનપિપાસુને જ્ઞાનનું દાન કરવામાં જરાય કંજૂસાઈ કરતા નહિ. તેમણે જીવનની સમગ્ર શક્તિઓ ધર્મને, સંઘને અને જનસમુદાયને સમર્પિત કરી હતી, અને જાણે 'આગમસંશોધન' માટે તો ભેખ જ લીધો હતો. આવા ભેખધારી નિઃસ્પૃહયોગી જગતમાં પ્રાપ્ત થવા અતિદુર્લભ છે.

ભર્તૃહરિએ વૈરાગ્યશતકના એક શ્લોકમાં કહ્યું છે કે માનવીનું આયુષ્ય શતમ્ એટલે સો વર્ષનું હોય છે. તેમાંથી અડધાં એટલે પચાસ વર્ષ રાત્રિમાં જાય છે. શેષ પચાસ રહ્યાં, તેમાંથી બાલ્યાવસ્થામાં, વૃદ્ધાવસ્થામાં, રોગ–વ્યાધિઓથી ગ્રસ્ત થવામાં તથા બીજાની સેવા કરવામાં દિવસો, મહિનાઓ તથા વર્ષો જતાં રહે તો માનવીને પોતાની આરાધના તથા સાધના માટે કેટલો સમય મળે? પૂ. ગુરુદેવ તો કોઈ અલૌકિક, અનોખી અને દુનિયાથી પર વ્યક્તિ હતા. તેમની દીક્ષાના ત્રેસઠ વર્ષના પર્યાયમાં સાડાએકત્રીસ વર્ષ રાત્રિના આવે. પરંતુ ૩૧।। વર્ષની અડધી રાત્રિ પણ ગુરુદેવે નિદ્રા લીધી નહિ હોય. તેઓ હમેશાં રાત્રિનાં નવ વાગે પ્રતિક્રમણ કરી કાર્ય કરવા માટે બેસતા હતા, તે રાત્રિના બે–અઢી વાગે ત્યાં સુધી કામ કરતા રહેતા; તેમને સમયની ખબર જ પડતી નહિ! મહિનાના ત્રીસ દિવસમાં આખી રાત્રિ ક્યારે પણ નિદ્રાદેવીના ખોળે નહિ પડયા હોય. બે કલાક નિદ્રા લઈ ચાર-સાડા ચાર વાગે ઊઠી પ્રતિક્રમણ કરતા, ભગવાનનો જાપ કરતા અને દરેક કાર્ય સમયસર કરતા. જીવનમાં કેવળ જ્ઞાનનો જ વ્યાસંગ હતો, એવું ન હતું; ધર્મક્રિયા, પ્રભુભક્તિ, બીમાર હોય તેને ધર્મશ્રવણ કરાવવું વગેરે દરેક કાર્યમાં તેઓને રસ હતો.

તેમનામાં ખાસ એક વિશિષ્ટતા હતી, કે ક્યારે પણ બહાર જતા, તો સૌથી પ્રથમ તેમનાં પાનાં–પોથીને યાદ કરતા. છેલ્લે પૂજ્ય ગુરુજીને હરસનું ઑપરેશન કરાવવા હૉસ્પિટલમાં દાખલ થવાનું હતું, ત્યારે તેઓશ્રી 'આવશ્યક ચૂર્ણિ'નું સંશોધન કરતા હતા. તેનાં થોડાં પાનાં સંશોધન કરવાનાં બાકી હતાં, તે પણ હૉસ્પિટલમાં રાત્રિના બે-અઢી વાગ્યા સુધી કામ કરી પૂરાં કર્યાં. આ રીતે તેમના જીવનના અનેક પ્રસંગો છે. તેઓશ્રીને અંત સુધી કાર્ય કરવાની તમન્ના તથા ધગશ હતી.

પૂજ્ય ગુરુદેવ પોણોસો વર્ષ જેવી વૃદ્ધાવસ્થામાં પણ અઢાર કલાક સુધી કામ કરતા હતા. તેમની બંને આંખોના મોતિયા કઢાવ્યા હતા, છતાં પણ તેઓ સૂક્ષ્મમાં સૂક્ષ્મ અક્ષરો ખૂબ સારી રીતે વાંચી શકતા હતા. કાચી કાયામાં ઘડપણ આવ્યું હતું, પણ એમનું કાર્યબળ જુવાનને પ્રેરણા આપે તેવું હતું. જીવનમાં કીર્તિની લાલસા કદી કરી ન હતી. માન કે મોટાઈ તેમને આકર્ષી શકતાં ન હતાં. તેઓશ્રી ખૂબ સરળ અને નિખાલસ હતા. તેઓ સંશોધન કરતા હોય ત્યારે કાર્યમાં એવા એકાકાર થઈ ગયા હોય કે અમારા જેવા જઈને બેસીએ, ત્યારે પાંચ-દશ મિનિટ સુધી તો એમને ખબર જ પડતી નહિ! નજર પડતાં પોતાનું કાર્ય એક તરફ મૂકીને અમોને કાંઈ ને કાંઈ ઉપદેશ આપતા.

આવા જ્ઞાનજ્યોતિ, આગમપ્રભાકર, આગમોના ખજાનચી જગતની સૃષ્ટિમાં શોધ્યા મળે તેમ નથી. તેઓ નામ અને કામથી અમર બની ગયા છે. એમનો મહાન આત્મા જ્યાં બિરાજમાન હોય ત્યાંથી અમને ધર્મને માર્ગે ચાલવાની બુદ્ધિ અને શક્તિ આપે, એ જ અંતરની અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વંદનાંજલિ

## જ્ઞાનના એ ગરવા ગોવાળને!
## આગમના એ અજોડ રખેવાળને!

રચયિતા— ડૉ. ભાઈલાલ એમ. બાવીશી, પાલીતાણા

( અગદ્યાપદ્ય )

*

જ્ઞાનના એ ગરવા ગોવાળ!
આગમના એ અજોડ રખેવાળ!
શાસ્ત્રોની સહસ્રપ્રતો શોધી-શોધી,
ન્હાની–મ્હોટી, ખૂણેખાંચરેથી,
કરી સંગ્રહીત અને સંશોધિત,
વળી વિશિષ્ટ રીતે વ્યવસ્થિત,
જૈનદર્શનના જ્ઞાનપિપાસુઓ કાજે,
જૈનેતરો પણ જિજ્ઞાસુ જે!
કાયા નિચોવી, હૃદય પરોવી,
જીવનની ક્ષણેક્ષણ વાપરી,
ધર્યું નવનીત સમાજચરણે,
શાસનની પ્રભાવના કારણે.
એવા એ જ્ઞાનના ગરવા ગોવાળને,
આગમના એ અજોડ રખેવાળને,
વંદીએ, બિરદાવીએ
અને ધન્ય ધન્ય બનીએ!

જિનભાખી અનન્ય આગમવાણી,
પ્રભુ-પ્રરૂપી અપૂર્વ જ્ઞાન-લહાણી,
વાચકો, વિવેચકો ને વૈજ્ઞાનિકો
લે લહાવો વાંચી-વાંચી એ ગ્રંથો,
વિદ્વાનો, પ્રાધ્યાપકો ને સૌ કો.
દેશ-વિદેશના કંઈક જ્ઞાન-તરસ્યા,
મુનિ-ચરણે આવે ધસ્યા,
તીર્થંકર-કથિત ને આચાર્ય-સંકલિત,
જ્ઞાનભંડારો શોધતા ને થતા સ્થિત!
અને ત્યાં જ્ઞાન-ગોષ્ટિ કરતા,
અને ધન્ય ધન્ય બનતા!

આગમના અનેક અમૂલ્ય ગ્રંથો,
જાણે જ્ઞાનનો ગહન–ગૂઢ જથ્થો,
રખડી-રવડી કંઈક સ્થળે સ્થળે,
જીવનની પ્રત્યેક પળે પળે,
પામવા પ્રેરણા, જીવન ઉજાળવા,
ચતુર્વિધ સંઘને ચરણે ધરવા,
મેળવ્યા મહામહેનતે,
ને ગોઠવ્યા અજોડ જહેમતે!
એ ગ્રંથોના સદુપયોગ માટે,
જ્ઞાનગંગાને પવિત્ર ઘાટે,
આમંત્ર્યા ને સંબોધ્યા એણે,
અનેકાનેક શાસ્ત્રવિદોને—
કે પામે પ્રેરણા,
ને કરે આગમ-પ્રભાવના!

ભક્તિ ને ભાવના સભર,
જિનશાસન ને શાસ્ત્રોનો રાહબર,
પ્રેરવા-પરોવવા ભવ્યોને ભક્તિમાં,
ને જોડવા જીવોને આત્મસાધનામાં,
આગમાનુલક્ષી કરતો પ્રવચનો,
જેમાં નીતરતાં જિનનાં વચનો!
કરી શ્રવણ જો હૃદયે ધરીને,
દેવ-ગુરુ-ધર્મને સદા સ્મરીને,
આચરે સૌ જીવનમાં ને વ્યવહારમાં,
પ્રત્યેક પ્રસંગમાં ને પ્રયોગમાં!
ના અન્યથા વર્તે,
કદીયે કોઈ શરતે,
ભલેને જાય પ્રાણ પળમાં!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યના પુંજ-શા,
ધર્મની ધ્વજા-શા,
આગમને કરતો ઊજળા,
શાસનની પ્રેરતો પ્રભાવના!
વિજય વરતો જીવન-જંગે,
ચતુર્વિધ સંઘ સદાય સંગે!
તત્ત્વો તણો દર્શક, અધ્યાત્મયોગી,
જ્ઞાન-યજ્ઞે અર્ઘ્ય અર્પતો જોગી!
સદ્‌ભાગ્ય સમાજના સંત એ સાંપડ્યા,
સંઘ-શાસનના જેણે સત્કાર્યો કર્યાં,
એવા ગુરુવર્ય શ્રી પુણ્યવિજયજીને,
સાષ્ટાંગ નમીએ,
શિરસા વંદીએ,
જ્ઞાનના એ ગરવા ગોવાળને!
બાહ્યાચારમાં કાર્યરત સદા,
વિશિષ્ટ મગ્નતા અંતરે ધરતા,
શીલ, સંયમ, તપ થકી શોભતા,
વંદતાં ધન્ય સૌ બનતા—

**—જ્ઞાનના એ ગરવા ગોવાળને!**
**આગમના એ અજોડ રખેવાળને!**

# વિદ્વદ્‌વલ્લભની પ્રસાદી

**લેખક—પ્રો. હીરાલાલ ર. કાપડિયા,** એમ. એ.

*

"વિદ્વદ્‌વલ્લભ"ના બે અર્થ થાય છે: (૧) વિદ્વાનોને વલ્લભ–પ્રિય અને (૨) જેને વિદ્વાનો–સાક્ષરો વલ્લભ છે તે. એ બન્ને અર્થસૂચક 'વિદ્વદ્-વલ્લભ' વિશેષણ હું આજે ઘણાં વર્ષોથી એક મુનિવરને માટે વાપરતો આવ્યો છું. એ મુનિવર તે પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના પ્રશિષ્ય અને ચતુરવિજયજીના શિષ્યરત્ન સ્વ. પુણ્યવિજયજી છે.

'પ્રસાદી'એ ગુજરાતી શબ્દના "સાર્થ ગુજરાતી જોડણીકોશ"માં ત્રણ અર્થ અપાયા છે: (૧) દેવને ધરાવેલી સામગ્રી, (૨) દેવ, ગુરુએ પ્રસન્ન થઈ આપેલી ચીજ અને (૩) માર.[1] આ પૈકી દ્વિતીય અર્થ અત્ર સર્વાંશે અભિપ્રેત છે. પુણ્યવિજયજીનાં લખાણો મને પ્રેરણાદાયક નીવડ્યાં છે—અમુક અંશે એ દ્વારા મારા જ્ઞાનની વૃદ્ધિ થઈ છે એટલે એ અપેક્ષાએ એઓ 'વિદ્યાગુરુ' ગણાય. એમનાં લખાણો વિવિધ વિબુધવરોને માર્ગદર્શક બન્યાં છે; જૈન સમાજને એ વિશેષતઃ ઉપયોગી થઈ પડ્યાં છે. આવાં એમનાં લખાણોને હું એમના તરફથી મળેલી 'પ્રસાદી' કહું છું. આ જાતની લગભગ સંપૂર્ણ પ્રસાદી આપણને **જ્ઞાનાંજલિ**ના પ્રથમ ખંડમાં ચાખવા મળે છે. એની સંક્ષિપ્ત રૂપરેખા હું આ લેખ દ્વારા આલેખું છું.

સને ૧૯૧૭થી ૧૯૬૯ સુધીના એમના ગ્રંથોની અને ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયેલાં સંપાદનોની સૂચી પૃ. ૨૩–૨૪માં અપાઈ છે.[2] એમાંનાં કેટલાંક સંપાદનો એમના ગુરુવર્યાદિ સાથે કરેલાં છે. આ સૂચી ઉપરથી જોઈ શકાય છે કે એમણે બૃહત્કલ્પસૂત્ર[3] (નિર્યુક્તિ–ભાષ્ય–વૃત્તિ સહિત), જીતકલ્પસૂત્ર, કલ્પસૂત્ર[4] અને એની નિર્યુક્તિ અને ચૂર્ણિ તેમ જ એનાં ટિપ્પનક તથા ગુર્જરાનુવાદ, અંગવિજ્જા, નંદીસૂત્ર અને એની ચૂર્ણિ,

---

૧. આ 'લાક્ષણિક' અર્થ છે.
૨. અંતમાંનાં પાંચ સંપાદનો છપાય છે.
૩. આનું મૂળ નામ 'કપ્પ' છે. આ નામ તો કાલાંતરે પડાયેલું છે.
૪. આનું શાસ્ત્રીય નામ 'પજ્જોસવણાકપ્પ' કિંવા 'પજ્જુસણકપ્પ' છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નંદીસૂત્ર અને એની વિવિધ વૃત્તિઓ, નંદિસુત્ત અને અણુઓગદ્દાર તથા પન્નવણા એમ વિવિધ આગમિક ગ્રંથો પ્રશંસનીય પ્રયાસપૂર્વક સંપાદિત કર્યા છે. બૃહત્કલ્પના સંપાદન પાછળ એમણે પુષ્કળ પ્રયાસ કરી એને અનેક રીતે ઉપયોગી બનાવ્યું છે.

એમણે સંપાદનનું કાર્ય આગમેતર સાહિત્યનાં અનેક અંગો પૈકી મનોરંજનની સામગ્રી પૂરી પાડનારા નાટકથી શરૂ કર્યું છે; અને જીવનના અંત સુધી એમણે આગમિક સંપાદનો માટે મહત્ત્વનું કાર્ય કર્યું છે.

એમણે વસુદેવહિણ્ડી, કહારયણકોસ, હૈમ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર (પર્વ ૨-૪) અને અક્ખાણયં-મણિકોસનાં સંપાદનો દ્વારા કથારસિકોને માટે સમૃદ્ધ વાનગીઓ પીરસી છે. દાર્શનિક સાહિત્ય તરીકે છ કર્મગ્રંથો અને સવૃત્તિક હારિભદ્રીય જોગસયગ તથા[1] બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચયનો હું નિર્દેશ કરું છું. હસ્તલિખિત[2] પ્રતિઓનાં વર્ણનાત્મક સૂચીપત્રો પણ એમની પ્રસાદીનો એક મહત્ત્વપૂર્ણ અંશ છે. હૈમ નિઘણ્ટુશેષ વનસ્પતિ અને વૈદ્યકના અભ્યાસ માટેનું અનુપમ સાધન છે. ન્યાયાચાર્યકૃત અને સ્વોપજ્ઞવૃત્તિથી વિભૂષિત ગુરુતત્ત-વિણિચ્છય એ જાતનો અનન્ય ગ્રન્થ ગણાય તો નવાઈ નહિ. સ્તુતિ-સ્તોત્રો અંગે સકલાર્હત્સ્તોત્રનો હું ઉલ્લેખ કરું છું. જેસલમેરની ચિત્રસમૃદ્ધિ એ એમના ચિત્રકળા પ્રત્યેના અનુરાગનું પરિણામ છે.

પુણ્યવિજયજીએ જૈન સાહિત્યને ગૌરવાંકિત બનાવવા પૂરતું જ લક્ષ્ય ન રાખતાં એમણે સોમેશ્વરકૃત કીર્તિકૌમુદી અને ઉલ્લાઘરાઘવ નાટક જેવી અજૈન કૃતિઓનું પણ સંપાદન કર્યું છે.

સંપાદનોની જેમ એમના લેખો પણ વિવિધલક્ષી છે. જ્ઞાનાંજલિ (પૃ. ૧૭-૨૦) માં એમના લેખોની નોંધ છે. એમના ૪૧ લેખો ગુજરાતીમાં, ૧૩ લેખો હિન્દીમાં અને ૩ (બે સંપાદનોને અંગેના) સંસ્કૃતમાં છે. ગુજરાતી લેખો પૈકી "આપણી અદૃશ્ય થતી લેખનકળા અને તેનાં સાધનો"એ વિષયના અભ્યાસીઓને માટે આકર્ષક છે. આર્ય કાલક, 'કલિ૦' હેમચંદ્રસૂરિ અને મલયગિરિસૂરિને અંગેના લેખો નોંધપાત્ર છે. સ્તુતિ-સ્તોત્રોના ઐતિહાસિક મૂલ્યાંકન અંગે એમનો "સ્તુતિ-સ્તોત્રાદિ સાહિત્યમાં ક્રમિક પરિવર્તન" નામક લેખ ઉપયોગી થઈ પડે તેમ છે.

હિન્દી લેખોમાં "જૈન આગમધર ઔર પ્રાકૃત વાઙ્મય" તેમ જ "નંદિસૂત્રકે પ્રણેતા તથા ચૂર્ણિકાર" જૈન આગમધરો અને પ્રાકૃત સાહિત્ય ઉપર વિશિષ્ટ પ્રકાશ પાડે છે. આમાંના પ્રથમ લેખમાં એમણે આર્ય રક્ષિતસૂરિને અનુયોગદ્વારના પ્રણેતા કહ્યા છે તે વિચારણીય છે.[3]

સ્થાને-અસ્થાને "પંચાંગી"નો પોકાર કરનારને "જૈન સાધુ સંમેલન અને પંચાંગી આધારે પ્રશ્નનો નિર્ણય (!)" નામનો લેખ "પ્રસાદી"ના ત્રીજા લાક્ષણિક અર્થરૂપ પ્રસાદી પૂરી પાડે છે.

---

૧. મહારાજશ્રીએ પોતે જ સૂચવ્યા પ્રમાણે આ નામ એમણે યોજ્યું છે. મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજે કરેલ શોધ પ્રમાણે, આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિએ, ઉપદેશપદની ટીકામાં આ ગ્રંથનો 'બ્રહ્મપ્રકરણ' તરીકે નિર્દેશ કર્યો છે.

૨. પ્રતિગત અક્ષરો, એના વળાંક, પત્રની પરીક્ષા ઇત્યાદિ બાબતોને ધ્યાનમા લઈ એઓ પ્રતિ કયા સમયના છે તે સત્વર કહી શકતા હતા. એમને જેટલી પ્રતિઓ જોવાનું-તપાસવાનું સદ્ભાગ્ય મળ્યું તે ઈર્ષ્યાના વિષયની ગરજ સારે તેમ છે.

૩. આ બાબત મેં પુણ્યવિજયજી સાથે સુરતમાં ચર્ચા કરી હતી. એમની તરફથી કોઈ પ્રબળ પ્રમાણ અપાયું હતું નહિ. પછી શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી પ્રગટ થતી जैन आगम ग्रन्थमालाના પ્રથમ ગ્રન્થ नंदिसुत्तं अणुओगद्दाराइं ચની પ્રસ્તાવનામાં આ વિષયની ચર્ચા કરતાં તેઓએ પોતે જ જણાવ્યું છે કે "પ્રસ્તુત પ્રકાશનમાં અમે પ્રારંભમાં 'सिरिअज्ज-रक्खियथेरविरइयाइं'-એવો ઉલ્લેખ કર્યો છે, તે માત્ર પ્રવાદને આધારે છે." (આની વિશેષ ચર્ચા માટે જુઓ ઉપર્યુક્ત પ્રસ્તાવના, પૃ. ૪૯-૫૦).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે મને પુણ્યવિજયજી તરફથી મળેલી અંગત પ્રસાદીના સૂચનરૂપે એટલું જ કહીશ કે મને એમણે કેટલાક ગ્રંથો ભેટ આપ્યા છે.[૧] મારા ઉપર કોઈ કોઈ વાર પત્ર[૨] પણ લખ્યા છે તેમ જ મારે હાથે તૈયાર થયેલાં વર્ણનાત્મક સૂચીપત્રોના મુદ્રણપત્રો તપાસવામાં એમણે સહકાર આપ્યો છે.

અંતમાં "જૈન આત્માનંદ સભા" સ્વ. પુણ્યવિજયજીને અંગે સ્મારક ગ્રંથ પ્રસિદ્ધ કરે છે તે બદલ એ સભાને ધન્યવાદ આપતો અને મને લેખ લખવા માટે "શ્રી આત્માનંદ પ્રકાશ" ગત આમંત્રણ નિમિત્તરૂપ બનતાં પુણ્યવિજયજીની પ્રસાદી વિચારવાનો સુયોગ સાંપડ્યાનો સાનંદ ઉલ્લેખ કરતો હું આ લેખ પૂર્ણ કરું છું.

મધુહંસ, વરલી, મુંબઈ–૨૫ DD. તા. ૧૭–૧૨–'૭૧.

# અદ્‌ભુત તારી છાયા

## રચયિત્રી—પૂજ્ય સાધ્વીજી શ્રી જયંતપ્રભાશ્રીજી

*

જીવન તારું ધન્ય બનાવી, ત્યાગી સહુની માયા;
અદ્‌ભુત તારી છાયા.
માણેકની કૂખે હીરા જ પ્રગટ્યા, ડાહ્યાભાઈના લાડીલા ઝળક્યા,
વીરપંથે ચાલનારા....અદ્‌ભુત તારી છાયા.
વિનયતણો તું અખૂટ મિનારો, સમતારસનો તું છે સિતારો;
અભિમાનથી દૂરા....અદ્‌ભુત તારી છાયા.
શ્રદ્ધાનો દીપ તેં પ્રગટાવી, જ્ઞાન-સરગમની વીણા બજાવી;
દાદાગુરુની છાયા....અદ્‌ભુત તારી છાયા.
જ્ઞાન-ક્રિયાનો સહયોગ સાધી, સંશોધનકાર્યમાં જીવન વિતાવી;
અનુભવજ્ઞાનની ધારા....અદ્‌ભુત તારી છાયા.
સંધ્યા સમયે જીવનલીલા, સહુને મૂકી દીધા જ વીલા;
જેઠ વદી છઠ્ઠ દિના....અદ્‌ભુત તારી છાયા.
ગરવી ગુજરાતે ગુરુતા પામી, મુમ્બાપુરીમાં મૃત્યુને સાધી;
જિનઆગમ શણગારા....અદ્‌ભુત તારી છાયા.
વિદ્વત્‌મંડળનો સાચો જ હીરો, કાળરાજાએ છીનવી જ લીધો;
'પુણ્યસ્મૃતિ' ઝંખનારા....વિરહતણા સહનારા;
અદ્‌ભુત તારી છાયા.

☆

૧. આની નોંધ મેં "વિદ્વદ્‌વલ્લભ સાથેના સાહિત્યિક પ્રસંગો" નામના લેખમાં લીધી છે. (એમાં કહારયણકોસનો ઉલ્લેખ રહી ગયો છે.) આ લેખ **જ્ઞાનાંજલિ** (પૃ. ૭૭–૮૦)માં છપાયો છે.

૨. એમનો ઘણાં વર્ષો ઉપર મારા પર લખાયેલો કાગળ મેં આજ દિન સુધી સાચવી રાખ્યો છે. એ એમના સુંદર અક્ષરોની પ્રતીતિ કરાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આગમપ્રભાકરજીને શ્રદ્ધાંજલિ

રચયિતા

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજીશિષ્ય
પૂજ્ય મુનિ શ્રી નયકીર્તિવિજયજી

*

શ્રદ્ધાંજલિ અર્પતાં આજે, કરું ગુણગાન મુનિવરના;
પુણ્યાત્મા પુણ્યની આજે, પડી છે ખોટ શાસનમાં. (૧)
કપડવંજમાં થયો જન્મ, માણેકબેન માતના ખોળે;
લીધી દીક્ષા લઘુ વયમાં, છાણી ગામમાં હોંશે. (૨)
મણિલાલ નામ બદલાવી, બન્યા શ્રી પુણ્યવિજય મુનિ;
'ચતુર' ગુરુના ચતુર ચેલા, બની ચિત્ત જ્ઞાનમાં જોડી. (૩)
કરી અભ્યાસ આગમનો, અને બીજા ગ્રંથો કેરો;
વહાવી જ્ઞાનની ગંગા, ઉમંગે 'પુણ્ય' મુનિવર્યે. (૪)
પ્રાચીન ગ્રંથ-શોધનમાં, સમર્પી નિજ દીધું જીવન;
થઈ આગમપ્રભાકરજી, દીપાવ્યું શ્રી જિનશાસન. (૫)
કપડવંજની સુભૂમિમાં, રત્નો બે મહામૂલાં પાક્યાં;
થયા એક જ્ઞાની 'સાગરજી', બીજા શ્રી 'પુણ્ય' પંકાયા. (૬)
જન્મેલાનું મરણ નક્કી, ચાલે છે કાળની ચક્કી;
રહે છે નામ અમર તેનું, જીવન પંકજ સમું જેનું. (૭)
સંવત્ વીશ સત્તાવીશે, જેઠ વદિ છઠ્ઠના દિવસે;
સિધાવ્યા સ્વર્ગમાં સહસા, પુણ્યાત્મા 'પુણ્ય' મુનિરાયા. (૮)
છવાયું શોકનું વાદળ, સકળ શ્રીસંઘમાં આજે;
ખરેખર જ્ઞાની મુનિવરની, પડી ગઈ ખોટ શાસનને. (૯)
સમર્પું ભાવથી આજે, હું શ્રદ્ધા કેરી અંજલિઓ;
પ્રભાકર પુણ્ય મુનિજીને, કરું વળી વંદના ક્રોડો. (૧૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# धन्य विभूति

लेखिका—पूज्य साध्वीजी श्री मृदुलताश्रीजी

*

ज्ञानाचा पवित्र प्रकाश प्रसरणा ज्ञानी सगळ्या क्षेत्रामध्ये पूनीक आहे. त्याची महत्ता महान् समुद्रा सारखी होती. त्यांच्या ज्ञानदीपकची मंगलमय ज्योति लोकांच्या कल्याणासाठीं च प्रगट झाली होती. त्यांच्या पुण्य आणी पवित्र प्रकाशामध्ये मानव प्रभुमय बनु जात होता.

धन्य आहे अश्या विभूतिला ! धन्य आहे अश्या पवित्र आत्म्याला ! धन्य आहे त्याच्या आइला की ज्याच्या उदरी कुलदीपक अशे पारसमणि प्राप्त झाले. त्याची वात्सल्यभरलेली वाणीनी सगळ्याना मंत्रमुग्ध केले होतो. ज्याची सत्यशोधकता ज्ञानोपासनाची आणि जीवनशोधकता संयम-साधनाची आहे, तो खरा सत्पुरुष आहे. अशे हे परमपूज्य स्मरणीय आगमप्रभाकर पुण्यविजयजी महाराज धर्मपुरुष होउन गेले. त्याच जीवन निर्मळ ज्ञानसाधना आणि निर्मळ जीवनसाधनानी समर्पित झाले होत. सरळता, सौम्यता, निखालसता, परोपकारिता, उदारता, समता, अनासक्ति, वात्सल्यमूर्ति, प्रेमाची प्रतिमा अशे गुणविभूतिचे जीवन समृद्ध होते.

त्याच्या जन्म पुण्यवंत पवित्र भूमि कपडवंज मध्ये झाला होता. त्याच्या आइचे नांव आणि वडिलाचे नाव माणेकबाई आणि डाह्याभाई होते. आणि त्याच नांव मणिभाई होते. बाल्य वय मध्ये च संयमग्रहण केला, आणि जीवन सार्थक केले. संयम ग्रहण केल्या नंतर तीसर्या वर्षा पासुन च ज्ञानाचे संशोधक बनले. काय त्यांची तीव्र बुद्धि ! आता पर्यंत तीन आगम बहार पाडले. आणि दुसरे काम चालु च होते, पण आता ते अधुरे राहिले कोण करनार त्याची कामे ? "लहान मूर्ति पण थोर कीर्ति !" ह्या म्हणी प्रमाणे त्यानी काम करुन सगळ्या समाजला जाग्रत केले, अंधकार मधून प्रकाशात आणले. दुःखिताचे दुःख ऐकुण त्याना दया, करुणा दर्शवुन त्याच्या आत्म्याला शांत केले होते. हमेशा ते परदुःखभंजक होते.

त्यानी संयम ग्रहण केल्यानंतर आता पर्यंत एकधारे काम केले तरीपण त्याच्या सूर्यसमान तेजस्वी मुखावर कदी श्रम दिसला च नहीं. जेव्हां पहाव तेव्हां त्याची प्रतिभा हसत अश्या पद्म-कमळ सारीखी दृष्टिला पडत होती. त्यांनी तेरा भाष्यांचा अभ्यास केला होता. तेजस्वी बुद्धिनी त्यांनी जैन शास्त्राचा तलस्पर्शी अभ्यास, आणि अन्य दर्शनाच्या शास्त्राचा पण अति ऊंडानाने अतिपरिश्रमाने अभ्यास करून आज अखिल विश्वामध्ये रत्नासारखे झगमगले होते.

"आगम" म्हणजे श्री वीतराग देवाची वाणी ह्या कलियुगमध्ये पण वीतराग देवाचा विरहकाळ मध्ये तारकसारखी आहे, संसाररूपी समुद्रला पार करण्या साठी नौका सारखी आहे. सुदेव, सुगुरु, सुधर्म हो तत्त्वत्रयी अथवा तो ही रत्नत्रयी अखंड साधनाची कारण सारखी आहे. ज्याच्या आत्मा-मध्ये अशी समजण येते ते च आगम लिहिण्या साठी तय्यार होतो.

आता पर्यंत किती ज्ञानाची भंडारे सुधारली होती आणि अभ्यास केला होता. त्यानी राजनगर मध्ये लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामन्दिर मध्ये पुष्कळ ग्रंथ, ताडपत्री, पुस्तके, आणि आगमे ठेवली आहे. विद्यामन्दिरची अभिलाषा शेठ कस्तूरभाई लालभाईनी पूर्ण केली होती, आणि आता पर्यंत त्याचा संपूर्ण सहकार मिळत होता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्याच्या जीवन मध्ये कदी पण अभिमान, अक्कडता, मोठाइ दृष्टिला पडली नही. परंतु सौम्य, नम्र, सरळ आणी शांतवृत्तिने च जीवन व्यतीत केले होते. आज ह्या महान विभूति साठी जैन समाज मध्ये च नहि परंतु देश-परदेशच्या लोकांन मध्ये अप्रतिम प्रेम आणि मान होते. त्याच्या मुखरूपी झर्यामधून स्वर्गहून पण अमृतमय हीरा, मोती, माणेक, पांचुरूपी हितोपदेश समग्र जनताला देत होते. ज्यानी त्याचा हितोपदेश जीवनमध्ये आणला असेल त्याचे जीवन खरेखर पवित्र आणि मंगलमय बनुन गेले असेल.

महान विभूतिचे गुण, आचार, विचार, चारित्र, सौम्य प्रकृति, निःस्पृही वृत्ति, निर्लोभता हे गुण आपल्या आत्म्याला सांगता की, ह्या कलियुगामध्ये पण अशी महान विभूति आहे. त्याच्या वाणीने पुष्कळ लोकांच्या जीवनरूपी वृक्षाला घटादार बनवले होते. धर्मरूपी बीजाचे रोपन करून, जीवनरूपी वृक्षाला रसयुक्त वाणीने अन्न देवुन स्थिर केले होते.

आज पर्यंत जनता समक्ष ज्ञानरूपी गंगा वहाती ठेवली होती. वीतराग देवाने सांगीतलेला धर्म समस्त कल्याण करणार वेलींचा बागाला वाढवण्या साठी अमृतमय पाउसा सारखी वाणीची वाणगी रोज नितनव्या रीते आपल्याला देत होते. जेव्हां लाकुडला जोडण्या साठी सरस, दगडला जोडण्या साठी सिमेंट काम येते तेव्हां वीतराग देवाचे गुण आपल्या आत्म्यामध्ये येण्या साठी अश्या ज्ञानी पुरुषाची वाणी काम येते.

जेव्हां जेव्हां त्याच्या रूममध्ये नमस्कार करण्या साठी गेलो असेल तेव्हां तेव्हां ही महान विभूति ज्ञानाचे पुस्तकरूपी बागामध्ये आसनरूपी बांकड्यावर (बेंचवर) आनन्दामध्ये आणि उत्साह-मध्ये मग्न झालेली मूर्ति च आपल्या दृष्टि समक्ष पडत होती. आज दिवस पर्यंत त्यानी स्वःताचा सुवर्णमय समयाचा उपयोग अथवा व्यय ज्ञाना साठी च केला होता.

त्याची अवस्था युवानाला शरमावण्या सारखी होती. एक तरुण मुला सारखे सतत रातदिवस काम करत होते. त्याना कदी पण स्वप्नामध्ये आठवले नाही की किती वाजले. जेव्हां रात फार झाली असेल तेव्हां त्याचा साधुभाई येउन सांगत की गुरुदेव ! किती वाजले, माहित आहे ? तेव्हां ते झोपुन जात. आणि सकाळी साडेचार–पांच वाजता उठु पण जात होते.

त्यांना सगळ्या गोष्टीची आवड होती. देवाची भक्ति करण्यासाठी पण कदी घाई केली नहीं. सगळ्या गोष्टीमध्ये प्रेमभाव होता, प्रभुभक्ति होती. सर्वगुणसंपन्न होते. त्याच्या एक एक गुणाचे वर्णन करायला बसु तर दिवसाचे दिवस जातील तरी पण पूर्ण होनार नही, आणी शब्दकोष पण अधूरा पडेले. ह्या महान विभूतिचे जीतके गुणगान करु तीतके थोडे च आहे. मराठी मध्ये एक म्हण आहे की "सादी राहणी आणी उच्च विचार"; खरेखर ही म्हण त्याना लागु पडते.

त्याचे जीवन अगदी सादे होते. कदी पण मोठेपणाचा आडंबर केला नही. विदेशचे लोक मिळण्या साठी येत तरी पण त्यानी मोठाइ दाखवली नाही. मोठया जवळ मोठे होत, लहाना जवळ लहान बनत होते. त्याचा जवळ आपण नाही पाहीलेल्या वस्तू पाहाण्यात येत होत्या. सगळ्या वस्तूचा संग्रह करत होते. खरेखर, त्यानी जन्माला येवुन स्व आणि परचे जीवन सफळ केले आहे.

हे महान विभूति ! तुमचा आत्मा ज्या स्थानी असेल तेथे संपूर्ण शान्ति प्राप्त होवो, अशी प्रार्थना देवा जवळ करतो. जे जे लोक ह्या महान विभूतिच्या संयोगमध्ये आले अशे ते ते लोकांचा आत्मा उज्ज्वळ आणि पवित्र बनला असेल.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આગમના ઉદ્ધારકને અંજલિ

### રચયિતા—શ્રી જયંતીલાલ મોહનલાલ ઝવેરી

અંધકાર વ્યાપેલ મુંબઈમાં, જૈન પ્રભાકર થઈ ચાલ્યા ગયા;
પુણ્યવિજયજી કાળધર્મ પામતાં, સૌ શોકાતુર થઈ ગયા.
આગમ-ઉદ્ધારક જતાં, અંતર વિહોણું કરી ગયા;
પુણ્યવિજય વિલીન થતાં, સંભારણું મૂકી ગયા.
પુનિત ભાવના અર્પી, સદ્બોધ દઈ ગયા;
જ્ઞાની ધ્યાની થઈને, ભક્તિભાવના મૂકી ગયા.
જૈનશાસનના શિરોમણિ થઈ, કીર્તિ અમર કરી ગયા;
જ્ઞાનરૂપી બોધ દઈને, ગંગા વહાવી ગયા.
રોશની પ્રગટાવીને, ઓજસ દીપાવી ગયા;
આલમ તણા ચોગાનમાં, પરિમલ પ્રસરાવી ગયા.
મમતાળુ હૃદય રાખી, ચાહના મેળવી ગયા;
દિવ્યાંશી થઈને નિર્મળ, ભાવના મૂકી ગયા.
સૌભાગ્યના સિતારા થઈ, સાહિત્ય રેલાવી ગયા;
પેપર વાંચતાં 'જયંત' ઝવેરીને, અશ્રુ આવી ગયાં.

[તા. ૨૦-૬-'૭૧ના રોજ, અમદાવાદમાં મળેલ શોકસભામાં વંચાયેલ કાવ્ય]

## યોગીની વિદાય

### રચયિત્રી—પૂજ્ય સાધ્વીજી શ્રી યશોદાશ્રીજી

(રાગ : એક યોગી ચાલ્યો જાય.)

એક યોગી ચાલ્યા ગયા....એક યોગી....
આગમનું એ મંથન કરતાં કરતાં ચાલ્યા ગયા....એક યોગી૰
જ્ઞાનતપસ્વી, ધ્યાનતપસ્વી, ત્યાગતપસ્વી જીવન-સાધના;
એ સંતપુરુષ મીઠી વાણીમાં, જ્ઞાન-અમૃત છલકાવી ગયા....એક યોગી૰
બાલ, ગ્લાન અને વૃદ્ધ તપસ્વી, સહુ જન સાથે મૈત્રીભાવના;
એ મહાપુરુષ નિજ આત્મસાધના, જ્ઞાનદીપક પ્રગટાવી ગયા....એક યોગી૰
ધન્ય માતા માણેક છે જેની, ધન્ય પિતા ડાહ્યાભાઈના લાલ;
એ વીર પુત્રનું નામ હતું જે, 'લાલ મણિ' ચમકાવી ગયા....એક યોગી૰
જીવન તટસ્થ, વાણી મધ્યસ્થ, સહુનાં દિલ રડાવી ગયા;
બાળકથી લઈને વૃદ્ધ જનોનાં, દિલડાં એ ડોલાવી ગયા....એક યોગી૰
વાત્સલ્યતણી અજબ એ મૂર્તિ, મૌનભાવે શંકાને પૂરતી;
નયનોમાં અમી વરસાવ્યા કરતી, માનવતા પ્રગટાવી ગયા....એક યોગી૰

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મરમણુતા માંહે પૂરા, તત્ત્વોની ઝીણવટમાં શૂરા;
નીડરભાવે ઉત્તર દઈ ને, શંકાને હરનારા ગયા....એક યોગી૦
દાદા પ્રવર્તક કાન્તિવિજય ને, ગુરુ ચતુરના 'પુણ્ય' શિશુ;
એ પાટ-પરંપરા જ્ઞાન-સંશોધન, કરતા કરતા ચાલ્યા ગયા....એક યોગી૦
જ્યોત અનેરી જગમાં ફેલાવી, સ્નેહ-સરગમની વીણા બજાવી;
સૂરિ આત્મારામનો ગચ્છ દીપાવી, પ્રેમ-પુષ્પો બિછાવી ગયા....એક યોગી૦

## 'અમર' અંજલિ

### રચયિતા—શ્રી અમરચંદ માવજી શાહ, તળાજા

( આશાવરી )

આગમપ્રભાકર પુન્યવિજયજી, પુષ્પ-શય્યામાં પોઢયા;
ગમ પૂર્વક આગમ તણા, સંશોધન મહા કરીયા. (૧)
મન-વચન-કાયાના યોગો, શાસ્ત્રો મહીં રંગાણા;
પ્રભાવ પુરાતન આગમનો, અંતર માંહી વંચાણા. (૨)
ભાવનાશીલ જીવનની સૌરભ, સકળ સંઘમાં ફેલાણી;
કપડવંજના વીર પુત્રની, સત્ય સાધના લંબાણી. (૩)
રત્ન ખજાનો જેસલમેરનો, જ્ઞાનભંડારમાં ભરિયો;
મુનિશ્રીએ જીવન સમર્પી, શોધ્યો જ્ઞાનનો દરિયો. (૪)
નિત્ય દિન ને રાત રત રહી, જ્ઞાનદીપક પ્રગટાવ્યો;
શ્રીકાંતિ-ચતુર-વિજયના શિષ્યે, જ્ઞાનનો પ્રવાહ વહાવ્યો. (૫)
પુન્યવંત આત્માએ સમાધિ, મુંબઈ નગરે લીધી;
ન્યારા રહી સત્ય જીવનયાત્રા, પોણી સદીએ બુઝી; (૬)
વિજય પામ્યા વિશ્વ આંગણિયે, ધર્મના ધોરી થઈયા;
જયવંતા શ્રી જૈન શાસનમાં, જ્યોતિ રૂપે ઝળકયા. (૭)
યશ અને કીર્તિ દિગંતમાં, ભારત ભરમાં ફેલાણી;
જીવનયાત્રા પૂર્ણ પ્રસંગે, શોકની છાયા છવાણી. (૮)
મહાન સિતારો ખરી પડયો, ફૂળ ગયું ફોરમ રહી;
હાહાકાર વર્ત્યો શાસનમાં, સંઘમાં મોટી ખોટ પડી. (૯)
રાખી ટેક એક જ લગની, જ્ઞાનોપાસના કીધી;
જય પામો શ્રી પુન્યવિજયજી, સ્વીકારો 'અમર' અંજલિ. (૧૦)

(તા. ૨૨-૬-૭૧, ભાવનગર જૈન સંઘની શોકસભામાં રજૂ થયેલ કાવ્ય.)

★



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ॥ पुण्यात्मनो विरहः ॥

रचयिता—पण्डित श्री हरिशङ्कर अम्बाराम शास्त्री

*

दुर्गे जेसलमेरुनाम्नि वसतिं कृत्वाऽऽप्तविद्वद्वरैः
उद्धाराय समस्तहस्तलिखितप्राचीनग्रन्थप्रतीः ।
एवं पत्तनसत्कनिखिलप्राचीनभाण्डाकरान्
खम्भातस्थसमस्तग्रन्थनिवहानुद्धृत्य विख्यातवान् ॥१॥

श्रीमज्जैनमुनीन्द्रपुण्यविजयो जैने समाजेऽग्रणीः
त्यक्त्वास्मान् निजभक्तकान् विधिहतान् भक्तं सुरेन्द्रं गतः ।
शङ्केयं समुपस्थिता किमु वयं भक्तिप्रमेये जडा
येनामर्त्यगणाप्तभक्तिभरतः स्वात्मा ह्यमर्त्यीकृतः ॥२॥

हे ! साधो न विहातुमर्हति भवान् बालाननाथाँस्तथा
किं कुर्मो वयमद्य धर्मविसरं कार्यानभिज्ञा अहो ।
कालेऽस्मिन् कलिना विधर्मनिहते को मार्गसन्दर्शकः
संसारार्णवभीतिरक्षणविधौ त्यज्यामहे तात ! किम् ॥३॥

विद्वच्चित्तचकोरमोदजनिकां मुद्रां मुखेन्दोः कथम्
द्रक्ष्यामस्त्रिदिवेशसद्मवसतेः श्रीपुण्यसाधोश्च ते ।
आदेशामृततर्पणस्य तु कथं वार्ता विधेयाधुना
देवानामनुलोम दैवमथवा शोकं भजेमैककम् ॥४॥

ये ये सज्जनपुङ्गवा जगति ते सर्वे यथावश्यकाः
स्वर्गे सज्जनसङ्गमेच्छुविबुधा वाञ्छन्ति ताँस्ताँस्तथा ।
येनेमां नु विहाय मर्त्यवसतिं देवीग्रहात्स्वर्गतः
हा धिक् ! शोकसमुद्रविप्लवगतान् कोऽस्मान्ग्रहीष्यत्यहो ॥५॥

हे हे सद्गुरुवर्य ! निर्मलमनश्चादर्शसाधूत्तम !
कार्याकार्यविवेकदीपकमते ! चारित्र्यचूडामणे ! ।
कृत्वा संसृतिगर्तमग्नकुधियामुद्धारकार्यं मुदा
उन्नत्यै जिनशासनस्य रुचिरो देहश्च नापेक्षितः ॥६॥

सद्धर्मप्रतिपादनेन सुगुरुं बन्धुञ्च धैर्यप्रदम्
सत्कार्यानुगतं स्वभावसरलं सर्वैः सखायं कृतम् ।
शान्तं सारगुणैः प्रकाशितमतिमेवं जनैः संस्तुतम्
श्रीपुण्यं हरता हि वामविधिना किं नोऽस्मदीयं हृतम् ॥७॥

वृत्तिं वालय चित्त ! विज्ञवरतः शोकं मुधा मा कृथाः
पञ्चत्वं हि गताः कदापि पुनरत्रायान्ति किं श्रूयते ? ।
आशां तद्विषयां विहाय अधुना प्रार्थ्यः प्रभुः श्रद्धया
श्रीपुण्याय चिरं ददातु विपुलां शान्तिं सदा केवलम् ॥८॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેવી વસમી વિદાય!: એક હૃદયસ્પર્શી પત્ર

*

॥ જયન્તુ વીતરાગાઃ ॥

મુ. મુંબઈ ૩; ૨૦૨૭, અ. સુ. ૮
ઠે. પાયધુની, ભીંડી બજાર, શાંતિનાથનો ઉપાશ્રય.

મુ. પૂના મધ્યે શાંત, દાંત, મહંત, ત્યાગી, વૈરાગી, પંચમહાવ્રતધારક છ કાય જીવની રક્ષા કરનાર, સમતાના સાગર, સાગર જેવા ગંભીર, પ્રાતઃસ્મરણીય ૧૦૦૮શ્રી પરમપૂજ્ય આચાર્યભગવંત, તથા અન્ય મુનિમંડલ.

મુંબઈથી લિ. આપને હરરોજ યાદ કરનાર કુસુમશ્રીજી મહારાજ, ઓંકારશ્રીજી, યશોદાશ્રીજી, જયન્તપ્રભા આદિ ઠાણાની ૧૦૦૮ વાર વંદણા સુખશાતા આપના પવિત્ર ચરણકમળમાં સ્વીકારશોજી.

વિ. લખવાનું કે આપ સાહેબજીના લખાવેલ પત્રો મળ્યા હતા. પરંતુ જવાબ આપવાની જરા પણ હિંમત રહી ન હતી. તે કારણથી પત્ર લખવામાં ઘણો વિલંબ થયો છે. હજી પણ પત્ર લખવા માટે હાથ તથા મગજ કામ આપતું નથી. જાણે સ્થંભ તૂટી પડયો અને નીચે દબાઈ ગયા હોઈએ તેવું લાગે છે! એકદમ અચાનક આવો પ્રસંગ બનવાથી હૃદય ઉપર વજ્રાઘાત થયો હોય તેવું લાગે છે. કુસુમશ્રીજી મહારાજે આપશ્રીને પત્ર લખ્યો હતો તેમાં સ્વર્ગસ્થના સમગ્ર સમાચાર જણાવ્યા હતા.

પૂજ્ય મહારાજજીનું પ્રોસ્ટેટનું ઓપરેશન કરાવ્યું, તે તો ખૂબ સફળતાપૂર્વક થયું હતું. પેશાબની કોઈ તકલીફ ન હતી. ટોટી વિના સાહજિક રીતે પેશાબ થતો હતો. પરંતુ ઓપરેશન બાદ એક દિવસ પછી કોઈ પણ પ્રવાહી પદાર્થ લેતા તોપણ છાતીમાં દુખાવો થતો. મોઢામાં પાણી નાખતા તો તુરત આંખમાં પાણી આવી જતું. આ રીતે સહનશીલતાની મૂર્તિમાં કોઈ દિવસ આંખમાં પાણી જોયાં ન હતાં. આ રીતે જ્યારે આંખમાં પાણી આવતાં ત્યારે સામે ઊભા રહેલા દરેકની આંખમાં પાણી આવી જતાં. આ દૃશ્ય તો વર્તમાનમાં પણ કલ્પનાથી ખડું કરવામાં આવે છે, તો હૃદયમાં ખૂબ કમકમાટી આવી જાય છે. કાર્ડિયોગ્રામ બે વખતનો લીધો, છતાં ડૉ. કહી શકયા નહિ કે આ દુખાવો શાનો થાય છે. પૂ. મહારાજજી ડૉકટરને કહેતા કે તમે બધા કહો છો કે છાતીમાં કાંઈ રોગ નથી, પરંતુ મને દુઃખાવો થાય છે, તેનું શું? આ રીતે ડૉકટરને કહેતા હતા. ત્રણ દિવસ ઘણો દુઃખાવો રહ્યો. હાર્ટના સ્પેશ્યલ ડૉકટરને બોલાવ્યા. છતાં પણ ડૉકટર કહી શકયા નહિ. કોરા સાહેબ, ફૂલચંદભાઈ, પન્નાલાલ વહોરા વગેરેએ ખૂબ મહેનત કરી, પરંતુ તે સર્વ નિષ્ફળ ગયું!

સોમવારે સવારે અમે જ્યારે ગયાં ત્યારે કહે છે, કે લો આજે તો રાજી થશો ને? આજે તો હું એકદમ સાજો થઈ ગયો છું, તમારું લોહી ચઢશે ને? આ રીતે બધાંની સાથે વાત કરતા હતા. તે દિવસે રૂમની બહાર મોટા રૂમમાં હાથ પકડીને ફરી આવ્યા. રૂમની બહાર અડધો કલાક બેઠા, છાપું વાંચ્યું. બધાંને મનમાં થયું કે આજથી પૂજ્ય મહારાજજીની તબિયત સુધારા ઉપર છે, એટલે ચિંતાનું વાતાવરણ થોડું ઓછું થયું. પરંતુ આપણને એવી શી ખબર કે જ્યોત બુઝાવાની છે, આપણાં બધાંની માયા છોડીને જોગી-અવધૂત થોડા સમયમાં આપણાં સ્નેહબંધનો તોડી, દગો દઈને જતાં રહેવાના છે! એવી શી ખબર? સોમવારે જે કાંઈ આહાર તથા પ્રવાહી લઈ ગયા તે શાંતિપૂર્વક લઈ લીધું. કોઈ પણ જાતની તકલીફ પણ થઈ ન હતી. એ પૂજ્ય પુણ્યશાળીનું પુણ્ય પણ તેવું હતું કે જ્યાં જઈએ ત્યાં તેમના નામે અલભ્ય વસ્તુ પણ લભ્ય થઈ જતી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે પ્રોસ્ટેટનું ઓપરેશન કરાવવા મરીન લાઈન્સ લઈ જવાના હતા ત્યારે અમને ક્યાં રાખવાં, તે માટે વિચાર કરતા હતા. ત્યાં શકુન્તલા સ્કૂલમાં રહેવા માટે સ્થાન મળ્યું. સોમવારે સ્કૂલ ખૂલવાની હતી. તો પૂજ્ય મહારાજજીને હૉસ્પિટલમાં બે-ત્રણ દિવસ વધારે રાખવાના હતા, તો શકુન્તલા નિશાળ ત્રણ દિવસ માટે બંધ રાખી. અમે સાંજના સાત-સાડાસાત સુધી ત્યાં હતાં. જ્યારે અમે હૉસ્પિ-ટલમાંથી નિશાળમાં આવવા માટે તૈયાર થયાં ત્યારે અમને કહે છે કે બેસ! કોઈ દિવસ ટાઈમ થાય તો બેસવાનું કહે નહિ, અને તે દિવસે બેસવા માટે કહ્યું, એટલે અમે બેઠાં. પરંતુ તેઓ કાંઈ પણ બોલ્યા-ચાલ્યા વિના પડખું ફેરવીને સૂઈ રહ્યા. પછી ટાઈમ થતાં અમે નિશાળમાં પાછાં આવ્યાં.

પૂજ્ય મહારાજજીએ પ્રતિક્રમણ તથા પોરસી ભણાવી; કોઈ પણ જાતની તકલીફ ન હતી. બે-ત્રણ મિનિટમાં જ બધી રમત રમી ગયા અને આપણ બધાંને દગો દઈ ચિરકાળની શાંતિમાં પોઢી ગયા! એક મિનિટ પહેલાં બોલતાં-ચાલતાં બીજી મિનિટે સૌને છોડીને જતા રહ્યા! પાસે રહેલા લક્ષ્મણભાઈને તો ખૂબ જ આઘાત લાગ્યો. વાત માનવામાં આવતી ન હતી. તેઓ એટલી બધી દુવિધામાં પડી ગયા કે શું કરવું? ક્યાં જવું? કોને બોલાવવા?

છેવટે સૌપ્રથમ કોરા સાહેબને તથા ફૂલચંદભાઈને ફોન કર્યો. હૃદય ઉપર પથ્થર મૂક્યો. સ્વર્ગવાસ પછીની જે ક્રિયા તથા હૉસ્પિટલમાંથી સામાન વગેરે ક્યાં લઈ જવો તે વ્યવસ્થા કરવાનું પણ કંઈ સૂઝતું ન હતું. પરંતુ કામ કર્યા વિના છૂટકો ન હતો. તે કારણથી ત્યાંની બધી વ્યવસ્થા કરી. અમે સવારના ૭ વાગે શકુન્તલામાંથી ગોડીજી ગયાં. ત્યાં બધાં સાધ્વીજીઓ હતાં. બપોરના દેવવંદન કર્યા બાદ અમે શાંતિનાથમાં ગયાં. કોઈ ઠેકાણે ચેન પડતું ન હતું. શું કરવું, તે પણ સમજાતું ન હતું. અમે લગભગ ત્રણ-ચાર દિવસ પાયધુની રહ્યાં.

બધાં કહેવા લાગ્યાં કે તમો વાલકેશ્વર આવો તો સારું, કારણ કે ત્યાં પૂજ્ય મહારાજજીની દરેક વસ્તુઓ છે, તેને સંભાળવાની છે. પરંતુ અમારું શરીર કામ કરતું ન હતું. વાલકેશ્વર જવા પગ ઊપડતા ન હતા, પરંતુ બધાંએ કહ્યું કે તમો આ બધું નહિ સંભાળો તો કોણ કરશે? માટે મનને મનાવીને પણ કામ કરવું પડશે. અમે વાલકેશ્વર આવ્યાં તથા પૂજ્ય મહારાજજીનાં પુસ્તકોનાં પોટલાં બાંધીને મહાવીર વિદ્યાલયમાં લઈ ગયાં. ત્યાં અમે તથા લક્ષ્મણભાઈએ પુસ્તકોનું લિસ્ટ વગેરે કર્યું. અમે ત્રણ-ચાર દિવસ વિદ્યાલયમાં રહ્યાં હતાં. વરસાદ ખૂબ હોવાથી પુસ્તકો પેક થયાં ન હતાં. હમણાં બે દિવસથી ઉઘાડ છે તેથી લક્ષ્મણભાઈએ બધાં પુસ્તકો પેક કર્યાં છે. લક્ષ્મણભાઈ શનિવારે અમદાવાદ જવાના છે. સાથે ત્રણ પેટીઓમાં હસ્તલિખિત પ્રતો તથા પ્રદર્શન-વિભાગ છે તે લઈ જશે. તથા બીજાં કામનાં કાગળિયાં વગેરે છે, તે લઈ જશે. છાપેલાં પુસ્તકો પેક કરીને રાખ્યાં છે તે પછી લઈ જશે. હમણાં સામાન ખૂબ છે, માટે બધું સાથે લઈ જવું ફાવે નહિ, અને ટ્રાન્સપોર્ટમાં લઈ જાય તો વરસાદમાં સચવાય નહિ, માટે પછી લઈ જશે.

પૂજ્ય મહારાજજીની દરેક વસ્તુ ખૂબ જ વ્યવસ્થિત હતી. જ્યારે પણ તેઓ ક્યાંય બહાર જતા ત્યારે દરેક વસ્તુ ચોક્કસ કરીને જતા હતા. જીવનમાં ક્યારે પણ કોઈ કામ ગરબડ ગરબડ ગમતું નહિ. દરેક વસ્તુને જીવની માફક સાચવતા. જરૂર પડે ત્યારે કોઈને આપવામાં પાછી પાની કરતા નહિ. કોઈ પણ વસ્તુ ખૂબ પ્રસન્નતાપૂર્વક ઉદાર દિલે સામેની વ્યક્તિને સંતોષ થાય તે રીતે આપતા હતા. અમારા જેવી પામર વ્યક્તિ જાય ત્યારે પણ કેમ બેન! શાતા છે ને? એવું તો અવશ્ય પૂછતા હતા. અમે જ્યારે પૂછતાં કે આપશ્રીને શાતા છે? તો તુરત કહેતા હતા કે વડીલોની કૃપા અને બહેનોના આશીર્વાદથી મને ઢગલા ને ઢગલા શાતા છે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રીતે તેમનાં એક એક વચનો યાદ કરીએ છીએ ત્યારે મગજ કામ કરતું નથી. અત્યારે અમે વાલકેશ્વરમાં સ્વર્ગસ્થના ઓચ્છવ નિમિત્તે રહ્યાં છીએ. મનમાં તો એમ જ થાય છે કે પૂજ્ય મહારાજજી પાટ ઉપર સાક્ષાત્ બિરાજમાન છે. વાતાવરણમાં તેમની વાણીનો ગુંજાવર થયા કરે છે. અહીં અગિયારસે શાંતિસ્નાત્ર છે. અમે દશમને દિવસે પાયધુની જઈ અગિયારશે સવારે પાછાં આવીશું. સ્નાત્ર પૂર્ણ થયા પછી સાંજે પાયધુની જઈશું. અમારું ચાતુર્માસ પાયધુની છે. આપ સાહેબજી પત્ર લખો તો પાયધુની લખશોજી. અમને જ્ઞાનીની સાથે સાથે જ્ઞાનની પણ ભક્તિ મળતી હતી તે છીનવાઈ ગઈ!

આપ સાહેબજીના સુખશાતાના સમાચાર જણાવવા અમીદૃષ્ટિ રાખશો. પૂજ્ય જયભદ્રવિજયજી મહારાજ અને રત્નાકરવિજયજી મહારાજ વાલકેશ્વર છે. અગિયારશે સાંજે મલાડ તરફ પ્રયાણ કરશે.

પૂજ્ય મહારાજજીના સ્વર્ગવાસ નિમિત્તે આઠ દિવસનો ઓચ્છવ ચાલે છે. ત્યાં સર્વ સાધુ-મુનિરાજને અમારી વંદણા સુખશાતા જણાવશોજી તથા સાધ્વીમંડલ સર્વેને વંદણા સુખશાતા.

અમારા લાયક કામકાજ જણાવવા કૃપાદૃષ્ટિ કરશોજી.

લિ. **જયન્તપ્રભાની કોટિશ: વંદણા સ્વીકારશોજી.**

(પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ ઉપર લખેલ પત્ર.)

## અંતિમ યાત્રા

### લેખક—શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા

*

સૌમ્ય, શીતળ પ્રકાશ વેરતો ચંદ્ર, ઘનઘોર વાદળામાં અટવાઈ જઈ, ઓચિંતો અદૃશ્ય થઈ જતાં અંધકાર વ્યાપી જાય, નિર્મળ, શાંત પ્રકાશ આપતો દીપ પવનઝપાટે અચાનક ઓલવાઈ જાય, સુંદર સરોવરમાં ખીલેલું સુગંધિત પાંખડીઓવાળું કમળ અચાનક પાણીમાં અદૃશ્ય થઈ જાય, ત્યારે મન જે ગ્લાનિ, આશ્ચર્ય, આઘાત અને અકથ્ય વેદના અનુભવે, તેવો આઘાત જ્ઞાનતપસ્વી, શ્રુતશીલવારિધિ, પવિત્ર મૂળ જિનાગમના જીવતાજાગતા સંદર્ભકોશ સમા, પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ શ્રી પુણ્યવિજયજી મહારાજના ઓચિંતા દેહવિલયે જૈન અને જૈનેતર જગતે અનુભવ્યો. સોમવાર, તા. ૧૪–૬–૧૯૭૧ ની રાતે ક્વિન્સ રોડ પર આવેલ ડૉ. બચાના નર્સિંગ હોમમાં તેઓશ્રી શાંત, અનંત નિદ્રામાં સદાને માટે પોઢી ગયા! કાળે પોતાનો ધર્મ બજાવ્યો, અને મહારાજજી સ્મૃતિશેષ થઈ ગયા! હવે તો માત્ર તેઓનું નામસ્મરણ જ થઈ શકવાનું! તેમની આ ચિરવિદાયથી સકળ શ્રીસંઘ તથા ભારતીય વિદ્યા અને સંસ્કૃતિના દેશવિદેશના વિદ્વાનો અને વિદ્યાર્થીઓએ ભારે આઘાત અનુભવ્યો.

તેઓશ્રીને હરસની તકલીફ જણાતાં મે, ૧૯૭૧માં ડૉ. મુકુંદભાઈ પરીખે, ચોપાટી પરના બોમ્બે મેડીકલ સેન્ટરમાં, સફળ શસ્ત્રક્રિયા કરી હતી. ત્યારબાદ પેશાબની તકલીફને કારણે, નિદાન કરતાં, પ્રોસ્ટેટની વ્યાધિ જણાઈ, એટલે એ વ્યાધિના નિષ્ણાત ડૉ. કરંજાવાલા પાસે ચિકિત્સા કરાવી. શસ્ત્રક્રિયા વગર આ તકલીફ દૂર થઈ શકે તેમ ન હતી, અને ગમે તેમ કરીને એ તકલીફ દૂર કર્યા વગર છૂટકો ન હતો, તેવું નિદાન થતાં તેઓશ્રીને ડૉ. બચાના નર્સિંગ હોમમાં દાખલ કરવામાં આવ્યા. સફળ શસ્ત્રક્રિયા બાદ તબિયતમાં ઘણો સુધારો હતો. પેશાબની તકલીફ દૂર થઈ હતી, અને અશક્તિ હોવા છતાં, તેઓ સરળતાથી ધીમે ધીમે હરફર કરી શકતા હતા; અને નર્સિંગ હોમમાંથી રજા આપવાનું દાક્તર વિચારી પણ રહ્યા હતા. દેહવિલયના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવસે સવારના પાંચ વાગે ઊઠી, તંદુરસ્ત હોય તે રીતે, બેઠા બેઠા સ્વસ્થતાપૂર્વક પ્રતિક્રમણ કર્યું હતું. તે દિવસે બપોરના બે-ત્રણ વાર નર્સિંગ હોમમાં આંટા માર્યા, થોડો વખત ગેલેરીમાં ઊભા રહ્યા, ત્યારબાદ જનરલ હોલમાં બેસી 'ગુજરાત સમાચાર' વાંચ્યું; બહુ જ સ્વસ્થ હતા. ગુરુભક્ત શ્રી ધીરુભાઈ (શ્રી ગિરધરલાલ ત્રિકમલાલના પુત્ર) સાંજે આવ્યા ત્યારે તો હસતાં હસતાં પૂ. મહારાજશ્રીએ કહ્યું કે હું તો તમારે ઘેર જઈ આવ્યો! મરીન ડ્રાઈવ ઉપરનું શ્રી ધીરુભાઈનું નિવાસસ્થાન નર્સિંગ હોમમાંથી સામે જ નજરે પડે છે. તે દિવસે સાંજે પૂ. મહારાજશ્રીએ, નિત્યક્રમ મુજબ, બહુ શાંતિ અને સ્વસ્થતાથી પ્રતિક્રમણ કર્યું. ત્યારબાદ થોડો સમય અમારી સૌની સાથે વાતચીત કરી; બહુ આનંદમાં હતા, એટલે હું લગભગ ૮-૧૫ વાગે છૂટો પડ્યો. શ્રી ધીરુભાઈ ત્યાં રોકાયા. પણ આ બધી સ્વસ્થતા અને આ બધો આનંદ છેતરામણાં હતાં એ કોણ પામી શકે? અડધા કલાક પછી જ શું થવાનું હતું તેનો કોઈને અણસાર સરખો ન હતો.

હું ઘેર પહોંચ્યો ને તુરત ટેલિફોનની ઘંટડી વાગી. ટેલિફોન ઉપાડતાં શ્રી ધીરુભાઈએ ન કલ્પી શકાય, ન માની શકાય, તેવા સમાચાર આપ્યા કે પૂજ્ય મહારાજ સાહેબની તબિયત ઓચિંતી ગંભીર બની ગઈ છે! પૂ. શ્રી મહારાજ સાહેબની મુંબઈની સ્થિરતા દરમ્યાન સતત સંપર્કમાં રહેનાર ગુરુભક્ત શ્રી ફૂલચંદભાઈ શામજી, વિદ્યાલયના મંત્રી શ્રી જયંતીભાઈ રતનચંદ શાહ અને 'સવિતા' માસિકના તંત્રી મહારાજશ્રીના ભક્ત શ્રી સેવંતીલાલ ચિમનલાલ શાહને ફોન દ્વારા તેની જાણ કરી. નર્સિંગ હોમમાં પહોંચતાં લિફ્ટ પાસે શ્રી ધીરુભાઈ મળ્યા. બહુ ભારે મને, અશ્રુભીની આંખે જણાવ્યું કે "દીવો ઓલવાઈ ગયો!" આ રીતે પૂજ્ય મહારાજશ્રીએ શરૂ કરેલ વિદ્યાસંવર્ધનનું એકનિષ્ઠ કાર્ય એકાએક થંભી ગયું! શ્રમણશ્રેષ્ઠ સાધનાનો આદર્શ રજૂ કરતું યશોજ્જ્વલ વ્યક્તિત્વનું પ્રત્યક્ષ દૃષ્ટાંત અદૃશ્ય થયું! પણ તેઓએ જીવી બતાવેલ શ્રમણ-જીવનનો આ આદર્શ, જાણકાર વર્ગના સ્મૃતિપટ ઉપરથી ક્યારેય અદૃશ્ય થઈ શકવાનો નથી. તેઓશ્રીના વિમળ જીવનનાં ઉજ્જ્વળ પાસાંઓમાંથી સતત પ્રેરણા મળતી રહેશે.

પ્રોસ્ટેટનું ઓપરેશન થયું તે દિવસે સાંજે પૂ. મહારાજ સાહેબની શાતા પૂછવા મુંબઈના જાણીતા સામાજિક કાર્યકર અને મહારાજશ્રીના પરમભક્ત શ્રી પન્નાલાલ વોરા અને બીજા પાટણનિવાસી ભાઈઓ આવ્યા હતા. પૂ. મહારાજશ્રી બહુ પ્રસન્ન હતા. તેઓશ્રીએ હસતાં હસતાં કહ્યું કે "મારું કામ પૂરું થાય છે, હવે તમારે તમારું કાર્ય કરવાનું છે!" કાળના બોલ સમા આ કથન ઉપરથી હવે ઘણીવાર મનમાં પ્રશ્ન થાય છે કે, શું પૂજ્ય મહારાજશ્રીને પોતાની ચિરવિદાયનો અણસાર મળી ગયો હશે?

જ્ઞાનોદ્ધારનું શકવર્તી કાર્ય કરનાર પૂજ્ય મહારાજશ્રીના કાળધર્મના સમાચાર બધે વાયુવેગે ફેલાઈ જતાં મુંબઈના શ્રી જૈન સંઘના એક અગ્રણી શેઠ શ્રી ફૂલચંદભાઈ શામજી, શ્રી કાન્તિલાલ મણિલાલ કં.ના શ્રી પન્નાલાલ મફતલાલ અને તેમના ભાઈઓ, વિદ્યાલયના માનદમંત્રી શ્રી જયંતીલાલ રતનચંદ શાહ, શ્રી પોપટલાલ ભીખાચંદ, શ્રી રમણલાલ નગીનદાસ પરીખ, વાલકેશ્વર દેરાસરના ટ્રસ્ટીઓ, શ્રી પાટણ જૈન મંડળના કાર્યકરો અને બીજા કાર્યકરો નર્સિંગ હોમમાં તરત આવી પહોંચ્યા હતા. ઓચિંતા કાળધર્મ પામ્યાના આ સમાચાર મુંબઈ અને પરાંમાં પહોંચતાં, દસ વાગ્યા સુધીમાં તો, પાંચ હજારથી વધુ ભાઈઓ-બહેનો અંતિમ દર્શન માટે હોસ્પિટલમાં આવી પહોંચ્યાં હતાં.

પૂનામાં ચાતુર્માસ બિરાજતા પરમપૂજ્ય શાંતમૂર્તિ આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજને આ સમાચારની જાણ ટેલીફોન દ્વારા કરવામાં આવી. તાર, ટેલિફોન દ્વારા આ સમાચાર અમદાવાદ, વડોદરા, પાટણ અને ભારતનાં જુદાં જુદાં શહેરો-ગામોના સંઘોને પહોંચાડવામાં આવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યશ્રીના અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં આવતા વિશાળ જનસમૂહના ધસારાને પહોંચી વળવા માટે નર્સિંગ હોમની જગ્યા બહુ સાંકડી પડી, એટલે, તાત્કાલિક આ મુશ્કેલી દૂર કરવા માટે, મહારાજશ્રીના પાર્થિવ દેહને સામેના શ્રી પાટણ જૈન મંડળના સભાગૃહમાં લઈ જવામાં આવ્યો. ત્યાં પણ આ ધર્મમય જ્ઞાનજ્યોતિનાં અંતિમ દર્શન કરવા વિશાળ જનસમૂહ આવી પહોંચ્યો હતો. મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ અને પાટણ જૈન મંડળના કાર્યકર્તાઓએ ભાવનાશીલ ભાઈઓ-બહેનોનો બેકાબુ બનતો સમૂહ શાંતિથી દર્શન કરી શકે તેવી સુંદર વ્યવસ્થા સાચવી હતી. વહેલી સવારે આજીવન જ્ઞાનતપસ્વીના દેહને ત્યાંથી પાયધૂની ઉપરના શ્રી ગોડીજીના દેરાસરજીમાં લાવી પાલખીમાં બિરાજમાન કરવામાં આવ્યો હતો.

ત્યાં છેક વહેલી સવારથી, પાંચ વાગ્યાથી, વિરાર અને થાણા સુધીનાં પરાંઓમાંથી માનવ-મહેરામણ દર્શનાર્થે આવવા લાગ્યો હતો. યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સમુદાયનાં સાધુ-મુનિરાજો તથા સાધ્વીજી મહારાજો ત્યાં વહેલી સવારથી, બપોરના બાર સુધી બેસી જ્ઞાનચારિત્રથી શોભતી ઉચ્ચ કોટિની વિભૂતિના ઉપકારોનું કૃતજ્ઞાપૂર્વક સ્મરણ કરતાં, મૂક અંજલિ અર્પતાં બેઠાં હતાં. વહેલી સવારથી બાર વાગ્યા સુધીમાં ચાલીસ હજારથી વધુ ભાવિક ભાઈઓ-બહેનોએ દર્શનનો લાભ લીધો હતો. પૂજ્યપાદ, પુણ્યચરિત મહારાશ્રીનાં અંતિમ દર્શન કરવા તથા તેઓની અંતિમ યાત્રામાં સામેલ થવા અમદાવાદ, કપડવંજ, વડોદરા, પૂના તેમ જ અન્ય સ્થાનોમાંથી ભક્તિશીલ મહાનુભાવો સારી સંખ્યામાં મુંબઈ આવી પહોંચ્યા હતા.

શાંત–એકાંત ખૂણામાં બેસીને, કોઈ પણ જાતના આડંબર કે મહોત્સવ વગર, જીવનભર પૂર્ણ યોગથી જ્ઞાનોદ્ધારનાં અનેકવિધ કાર્યો કરનાર આ મહાન આત્માએ જનસમૂહનાં કેવાં આદર–ભક્તિ અને ચાહના મેળવ્યાં હતાં તેની આ પ્રસંગ સાક્ષી પૂરતો હતો.

અંતિમ સંસ્કાર વગેરેની ઉછામણી થયા બાદ બપોરના સવાબાર વાગે સ્મશાનયાત્રા ગોડીજી જૈન દેરાસરથી શરૂ થઈ. સુતરબજાર, પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, ગુલાલવાડી, સી. પી. ટેન્ક, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, ઓપેરા હાઉસ, ચોપાટી, વાલકેશ્વર ત્રણબત્તી થઈને વાલકેશ્વરના સુપ્રસિદ્ધ આદીશ્વર જૈન દેરાસરમાં પાલખી આવી પહોંચી હતી. સારવાર માટે મહારાજશ્રીને અહીંથી જ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા; અને વિ. સં. ૨૦૨૭નું તેઓશ્રીનું ચોમાસું પણ અહીં જ નક્કી થયું હતું, પણ એ થવાનું ક્યાં હતું! છેવટે એમના પાર્થિવ દેહને અહીંથી જ છેલ્લી વિદાય આપવામાં આવી! દરિયાવદિલ વિદ્યામૂર્તિ ગુરુવર્યનાં દર્શન માટે દેરાસરજીના પટાંગણમાં થોડો સમય પાલખીને રાખવામાં આવી હતી. વિ. સં ૨૦૨૬ની સાલનું ચાતુર્માસ પણ પૂ. મહારાજશ્રીએ અહીં જ કરેલ હોઈ વિશાળ જનસમુદાય ત્યાં દર્શનાર્થે ઊમટ્યો હતો.

આ અંતિમ યાત્રામાં જુદી જુદી ભજનમંડળીઓ, મુંબઈ અને પરાંનાં જૈન સ્વયંસેવક મંડળો, પાઠશાળાના બાળકો અને હજારો ભાઈઓ-બહેનો સામેલ થયાં હતાં; શિસ્તબદ્ધ ચાલતી એ યાત્રાએ જૈનેતરોમાં પણ ભક્તિની લાગણી જન્માવી હતી. સ્મશાનયાત્રા જે જે વિસ્તારોમાંથી પસાર થઈ ત્યાંનાં મકાનોની અટારીઓ અને બારીઓમાં હજારો જૈનેતર આબાલવૃદ્ધ ભાઈઓ-બહેનો દર્શનાર્થે ઊભાં હતાં અને પાલખી ઉપર ગુલાલ, ચોખા અને સિક્કાનો વરસાદ વરસાવી પોતાની અંતિમ અંજલિ આપતાં હતાં.

આચાર્ય, ઉપાધ્યાય કે પંન્યાસ જેવી કોઈ પણ પદવી નહીં ધરાવતી શ્રમણ સંસ્કૃતિની આ મહાન વિભૂતિને શોકાંજલિ આપવા માટે, એમની સ્મૃતિમાં, મુંબઈ શહેરના શેરબજાર, સોનાચાંદી બજાર, બીયાંબજાર, દવાબજાર, દાણાબજાર વગેરે મુખ્ય મુખ્ય બજારો ઉપરાંત શહેરની નાની-મોટી તમામ કાપડબજારો બંધ રહી હતી.

For Private And Personal Use Only

સ્મશાનયાત્રામાં મુંબઈના શેરીફ શ્રી શાદીલાલજી જૈન, જૈન સંઘના અગ્રણીઓ, મુંબઈ અને પરાનાં દેરાસરો તથા સંઘોના ટ્રસ્ટીઓ, તેમ જ ભાવિક ભક્તજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જેવું ભવ્ય અને દિવ્ય મહારાજશ્રીનું જીવન હતું એવી જ ભવ્ય, અને ચિરસ્મરણીય એમની અંતિમ યાત્રા હતી. એ યાત્રાનાં દર્શન કરનારાં ધન્ય-કૃતાર્થ બની ગયાં.

શહેરના જુદા જુદા લત્તાઓને પાવન કરી, ચાર કલાકની લાંબી મજલ પછી, મહારાજશ્રીની પાલખી, સાંજના ૪–૪૦ વાગતાં, અંતિમ યાત્રાના છેલ્લા વિસામારૂપ, મહાસાગરના કિનારે, બાણગંગાની સ્મશાનભૂમિમાં પહોંચી હતી. ત્યાં સાંજના પોણા પાંચ વાગે સુખડની ચિતામાં, જય જય નંદા, જય જય ભદ્દાના ગગનચૂંબી નાદો વચ્ચે, શ્રી ધર્મદાસ ત્રિકમદાસ કપૂરવાળાએ, પૂજ્યશ્રીના આજીવ સેવક શ્રી માધાભાઈ સાથે, મહારાજશ્રીને અગ્નિસંસ્કાર કર્યો હતો. શ્રવણ ભગવંતોમાં શીલ અને પ્રજ્ઞાથી શોભતા એ પરમપૂજ્ય ગુરુવર્યનો દેહ ભસ્મીભૂત થયો !

ભારતીય અને જૈન વિદ્યાના સંશોધન અને સંપાદનના ક્ષેત્રે પડેલ ખોટની કલ્પના કરવી કઠિન છે. શાસ્ત્રપારગામી આ મહાન વિભૂતિએ આરંભેલ કાર્ય કોણ કરશે અને ક્યારે થશે તેનો વિચાર કરતાં સૌ છૂટા પડ્યા તારે સૌનાં અંતર એક મહાન અને આદર્શ સંતપુરુષની કારમી ખોટના વિચારથી વિષાદમય બન્યાં હતાં !

આજનું જગત જે વિષમ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે, સર્વત્ર હિંસા, અનાચાર અને અત્યાચાર ફેલાઈ રહ્યાં છે, તેવે સમયે જનસમૂહને સાચી દૃષ્ટિ આપી સત્ય, અહિંસા અને સદાચારને માર્ગે દોરી જનાર આ મહાન જ્ઞાનતપસ્વી સંતની જે ખોટ પડી તે કદી પુરાશે નહિ. ખરી રીતે તો અત્યારે આવા જ પુણ્ય-પુરુષની જગતને જરૂર હતી. ભગવાને એમને થોડું વધુ આયુષ્ય આપ્યું હોત તો, અત્યાર સુધીમાં પવિત્ર જિનાગમના સંશોધન-સંપાદનનું સત્કાર્ય કરી, જ્ઞાનક્ષેત્રે જે અમૂલ્ય સેવા કરી છે એથી વિશેષ સેવા કરીને પવિત્ર જ્ઞાનભંડારોમાં સમાયેલ જ્ઞાનના અખૂટ ખજાનાને સવિશેષ બહાર લાવી શક્યા હોત. જિનાગમ-સંશોધન અને જ્ઞાનભંડારોના ઉદ્ધાર માટે તેઓની ભાવના, શક્તિ અને સૂઝ અખૂટ હતી. પણ શાસનદેવની એવી ઇચ્છા નહિ હોય એટલે કાળે બહુમુખી પ્રતિભા ધરાવતા આ બહુશ્રુત મહાન આત્માને આપણી સૌની વચ્ચેથી ઊચકી લીધા ! અને આપણી વચ્ચે જે જ્ઞાનજ્યોતિ પ્રકાશી રહી હતી તે સદાને માટે વિલય પામી !

પૂજ્ય મહારાજશ્રીના અવસાનથી તેઓશ્રીની સત્યલક્ષી જ્ઞાનોપાસના સાથે તેઓના સત્ત્વશીલ અને સ્નેહશીલ જીવનમાંથી સતત પ્રેરણા મેળવનાર ભારતીય અને વિદેશી વિદ્વદ્વર્ગને જે મોટી ખોટ પડી છે, એ ખોટ કદી પુરાશે કે નહિ તે કોણ કહી શકે ?

એ પ્રાતઃસ્મરણીય પૂજ્ય ગુરુવર્યને આપણી સૌની ભાવભરી વંદના હો !

॥ णमो तेसिं खमासमणाणं ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુરવણી

(૧) પાછળથી મળેલ સ્વર્ગવાસનોંધ વગેરે.

(૨) પૂજ્યપાદ મહારાજજીની હયાતીના સમયની કેટલીક મહત્ત્વની સામગ્રી.

(૩) "જ્ઞાનાંજલિ"માં નહીં અપાયેલ મહારાજશ્રીનાં લખાણો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## मुनिराज श्री पुण्यविजयजीका दुःखद देहावसान

यह जान कर हृदयको बहुत आघात पहुँचा कि आगमप्रभाकार मुनिराज श्री पुण्यविजयजीका सोमवार, दिनांक १४-६-७१ को रातके ८-५० बजे बंबईमें अकस्मात् निधन हो गया। मुनिराज केवल जैन समाजमें ही नहीं, संपूर्ण भारतीय समाजमें एक आदर्श सन्त एवं ज्ञानी थे। उनकी चारित्रनिष्ठा एवं श्रुतसंपन्नताका उदाहरण अन्यत्र मिलना दुर्लभ है। सौजन्यकी तो साक्षात्मूर्ति थे। इस धर्ममय ज्ञानज्योतिके आकस्मिक निर्वाणसे एक श्रुतशीलसम्पन्न मुनिका जो अभाव हुआ है उसकी पूर्ति होना शक्य नहीं दीखता। विद्याश्रम परिवारको इस अपूरणीय क्षतिसे हार्दिक वेदना है।

"श्रमण" मासिक; १९७१, जुलाई.
पार्श्वनाथ विद्याश्रम, वाराणसी

## પુણ્યવિજયજી મહારાજનો કાળધર્મ

આગમોદ્ધારક, આગમપ્રભાકર, જૈન સાધુ, વિદ્દ્વર શ્રી પુણ્યવિજયજી મહારાજ મુંબઈમાં, મરીન ડ્રાઈવ પાસેની એક હોસ્પીટલમાં, આજે રાત્રે ૮ાા વાગે કાળધર્મ પામ્યા હોવાના સમાચાર મળે છે. તેમની ઉંમર ૭૬ વર્ષની હતી. તેઓશ્રી વિચક્ષણ વિદ્વાન સાધુપુરુષ હતા અને જેસલમેરના જૈન ગ્રંથભંડારો વ. ના પ્રાચીન ગ્રંથોનો તેમણે જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. પ્રસિદ્ધ જૈન મુનિ વિદ્વાન, સંશોધનકાર અને ભાષાવિદ હતા. પ્રાચીન ભારતીય સંસ્કૃતિના પ્રખર અભ્યાસી મુનિશ્રીએ પ્રાચીન તાડપત્રોના અભ્યાસ માટે સુંદર સેવાઓ આપી હતી. (મુંબઈ, તા. ૧૪-૬-૭૧)

"જનસત્તા" દૈનિક; અમદાવાદ, તા. ૧૫-૬-૭૧

**શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ, મુંબઈ**—મહારાજશ્રીના સ્વર્ગવાસ-દિવસે જ રાતના સંસ્થાની કાર્યવાહક સમિતિની સભા ચાલુ કામો માટે મળી હતી. સભા ચાલુ હતી તે દરમ્યાન જ મહારાજશ્રીના કાળધર્મના સમાચાર મળતાં મહારાજશ્રીને અંજલિ આપીને સભા મુલતવી રાખવામાં આવી હતી.

**શ્રી જૈન સંઘ, મહુવા**—"સુઘોષા" માસિકના જુલાઈ, ૧૯૭૧ના અંકમાં જણાવ્યા મુજબ, મહુવાના શ્રીસંઘે મહારાજશ્રીને અંજલિ આપતો ઠરાવ કર્યો હતો.

**શોકઠરાવ**—"જનસત્તા"ના તા. ૧૬-૬-૭૧ના અંકમાં જણાવ્યા મુજબ, અમદાવાદ, રતનપોળ મહાજનની સામાન્ય સભાએ મહારાજશ્રીને અંજલિ આપતો શોકઠરાવ પસાર કર્યો હતો. ઠરાવમાં જણાવવામાં આવ્યું હતું કે "મુનિશ્રીના સ્વર્ગારોહણથી જૈનધર્મપ્રેમી પ્રજા ઉપર મહાન ફટકો પડ્યો છે. સદ્દગત મહારાજશ્રીએ જૈનધર્મના જ્ઞાનભંડારોનો તેમ જ જૈન સાહિત્યનો ઉદ્ધાર કર્યો હતો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માંડળ શ્રીસંઘે કરેલ બહુમાન

卐

[વિ. સં. ૨૦૨૦માં પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજને, પાટણના વાગોળ પાડાના જિનમંદિરની પ્રતિષ્ઠા માટે, અમદાવાદથી પાટણ જવાનું હતું. પરમપૂજ્ય ન્યાયવિશારદ, ન્યાયતીર્થ મુનિવર્ય શ્રી ન્યાયવિજયજી મહારાજ તે વખતે માંડળમાં બિરાજતા હતા. આ બન્ને મુનિવરો વચ્ચે ગાઢ ધર્મપ્રીતિ હતી; અને, સરળતા, સહૃદયતા અને જ્ઞાનસાધના જેવા ગુણોની સમાનતાને કારણે, બન્ને એકબીજા તરફ ખૂબ આદરભાવ ધરાવતા હતા. એટલે પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજે, અમદાવાદથી સીધા પાટણ જવાને બદલે, માંડળ થઈને જવાનું નક્કી કર્યું હતું, જેથી બન્ને જ્ઞાનોપાસક સંતો એકબીજાને મળી શકે. જ્યારે મહારાજશ્રી માંડળ પધાર્યા ત્યારે માંડળના શ્રીસંઘે, પરમપૂજ્ય ન્યાયવિજયજી મહારાજના સાંનિધ્યમાં, ચૈત્રી પૂનમના પવિત્ર દિવસે, તેઓશ્રીને નાનું સરખું સ્વાગત-પત્ર અર્પણ કરીને તેઓશ્રી પ્રત્યેની પોતાની ભક્તિ અને બહુમાનની લાગણી દર્શાવી હતી. એ સ્વાગત-પત્ર અહીં આપવામાં આવે છે.]

न्यायविशारद-न्यायतीर्थ–मुनिश्रीन्यायविजयविरचितः

आगमप्रभाकर-मेधाविमूर्धन्य-महामहनीय-मुनिरत्न

## श्रीपुण्यविजयमहोदय-स्वागतोद्गारः

यो भव्यमागमसमुद्धरणं करोति,
सङ्घाग्रणीगणसमर्चितपादपद्मः ।
विश्वाभिरूपनिवहस्तुतवैदुषीश्रीः
प्राचीननूतनदृशोश्च विकासि धाम ॥१॥

एतादृशो मुनिवरो मुनिधर्मधाम-
पुण्येन पुण्यविजयो विजयेन भास्वान् ।
अद्येत्य माण्डलभुवं कृपया पुनाति,
नन्वेष नः कुशलकृत् खलु पुण्ययोगः ॥२॥

पुण्यश्रीसद्मने पुण्यमनोवाक्कर्मणे सते ।
नमोऽस्तु पुण्यप्रज्ञाय श्रीपुण्यविजयाय नः ॥३॥

चैत्रपौर्णमासी,
सूर्यदिनम्,
वि. सं. २०२०

॥ श्री सङ्घभट्टारकः, मांडल ॥
मंगलं महाश्रीः ॥श्रीः॥
—न्यायविजयः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેઓ આગમોના ઉદ્ધારનું ભવ્ય કાર્ય કરી રહ્યા છે, જેઓ સંઘના અગ્રણી મહાનુભાવોથી સમ્માનિત છે, જેમની વિદ્વત્તા જગતના વિદ્વાનોમાં પ્રશંસાય છે અને જેઓ પ્રાચીન તથા નવીન એમ ઉભયવિધ વિચારધારાઓનું વિકાસશીલ ધામ છે;

આવા મુનિધર્મના તેજ વડે પવિત્રિત વિજયથી દેદીપ્યમાન **પુણ્યવિજયજી** મહારાજ કૃપા કરી આજે માંડલ પધારીને માંડલની ભૂમિને પવિત્ર કરી રહ્યા છે, એ ખરેખર અમારો કલ્યાણકારક પુણ્યયોગ છે.

પુણ્યલક્ષ્મીના મંદિર અને જેમનાં મન-વચન-કર્મ તથા પ્રજ્ઞા પવિત્ર છે, એવા સંત **શ્રી પુણ્યવિજયજી મહારાજને** અમારા નમસ્કાર!

ચૈત્રી પૂનમ, રવિવાર
વિ. સં. ૨૦૨૦

**—માંડલ સંઘ**

[ત્રણ શ્લોકો અને એના અનુવાદ સાથેનું સ્વાગતવચનનું આ લખાણ, પાંચ પાનાંની, રંગ-બેરંગી અને આછા ચિતરામણવાળી, હાથે લખેલી નાની સરખી પુસ્તિકારૂપે મહારાજશ્રીને અર્પણ કરવામાં આવ્યું હતું.]

## આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીના અડસઠમા જન્મદિન પ્રસંગે

રચયિતા : **શ્રી પ્રો. ધીરજલાલ પરીખ**

卐

**આ**જે મંગલ પુણ્ય-જન્મદિન છે અડસઠમાં તીર્થમાં,
**ગ**ન્ધર્વો ગુણગાન ગાય ગગને ગાથા ગૂંથી જેમનાં;
**મ**ન્ત્રોચ્ચારથી માંગલિક ભણતાં સાધુજનો સંતનાં,
**પ્ર**જ્ઞાપંચમીની પ્રભા પ્રગટતાં કર્પટવાણિજ્યમાં.

**ભા**ળ્યા જેસલમેર, પાટણ અને ખંભાતના સૌ નિધિ,
**ક**લ્પી પાઠ અનેક નૌતમ દીધી સંપાદનાની વિધિ;
**ર**ક્ષ્યા પ્રાચીન ગ્રંથ હાથ ધરીને સંશુદ્ધિની સાધના,
**મુ**દ્રા-લિપિ-વિશિષ્ટ આગમ તણી કીધી નવી વાચના.

**નિ**લેપી રહી કીર્તિથી 'ચતુર'ની દીક્ષા ગ્રહી આકરી,
**શ્રી**ને "ગી" ગણી શબ્દ-અર્થદ્વયની આરાધના આદરી;
**પુ**ણ્યા સાધ્વીજી 'રત્નશ્રી'ની મમતા સ્પર્શી નહીં જ્ઞાનીને,
**ન્ય**ક્કાર્યે નવ ક્લેશ લેશ નિપજ્યા નિર્મોહી નિર્માનીને.

**વિ**દ્યાવારિધિ વીતરાગ જિનની નિશ્રા મહીં ઊછર્યા,
**જ**ન્તુ-જીવ-પદાર્થ-મોહ ત્યજીને નિર્વાણ પંથે સર્યા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યત્ને આચરી જ્ઞાન-ધ્યાન-તપસ્યા, રાખી કશી ના મણા,
જીર્ણોદ્ધારી, શ્રી જ્ઞાનમંદિર રચ્યાં, ભંડાર ગ્રંથો તણા.
શત્રુતા અરિહંતના અરિનીયે જેને ન રે' આવરી,
તંત્રી કોમળ કંઠની બજી રહે નિત્યે મૃદુતાભરી;
જીત્યા રાગવિકાર, પુણ્યવિજયશ્રીનો ભયો ઉત્સવ,
વન્દી પુણ્યદ પાદ પાર્શ્વપ્રભુનાં પ્રાર્થું—**શતાયુર્ભવ!**

☆

## મનોરથ પૂરા થાય રે

રચયિતા : **શ્રી શાંતિલાલ શાહ, મુંબઈ**

卐

( રાગ : ચંદનબાલાને બારણે... )

મુનિ પુણ્યવિજયજી મહારાજ રે, મહારાજ રે,
જેનો જન્મ દિવસ છે આજ રે, સહુ નરનારી ગુણ ગાય.
કીધાં શાસનનાં અનુકૂળ કામ રે, કીધું ઉજ્જવળ કપડવંજ ગામ રે....સહુ નરનારી૦

એ....ડાહ્યાભાઈના ડાહ્યા એ દીકરા, માણેકબાઈના લાલ રે;
માતપિતાના લાડકવાયા, નામ હતું મણિલાલ રે;
થયા બાલ્યવયમાં ત્યાગી રે, થયા અરિહંતના અનુરાગી રે....સહુ૦

હે....યૌવનવયમાં આવતાં એણે, કીધો આગમનો અભ્યાસ રે;
હે....ઉઘાડી દીધાં ભંડારો જ્ઞાનના, સરસ્વતીનો જ્યાં વાસ રે;
એ તો પ્રાચીન શાસ્ત્રો શોધે રે, અને જિજ્ઞાસુને પ્રતિબોધે રે....સહુ૦

હે....કીર્તિની લાલસા કદી ન કરતા, નામનો મોહ નથી રાખ્યો રે;
હે....નિંદા-સ્તુતિની પરવા નથી, એણે અમૃતનો રસ ચાખ્યો રે;
એ તો ધૂળમાંથી રત્નો ખોળે રે, અને અજ્ઞાનીને ઢંઢોળે રે....સહુ૦

હે....કાયાને ઘડપણ આવ્યું છતાં પણ, કાર્યમાં હજી નવયુવાન રે;
હે....આહાર-નિદ્રા અલ્પ છે જેનાં, ચૂકે નહિ કદી ધ્યાન રે;
એણે પ્રગટાવી જ્ઞાનની જ્યોતિ રે, એ તો શાસનનું અણમોલ મોતી રે....સહુ૦

હે....ધન્ય માતા જેણે ઉદરે ધરીયા, ધન્ય છે એહના તાત રે;
હે....અમર રહો ગુરુદેવ હમારા, કીર્તિ જગ ફેલાય રે;
શાસનદેવની સહાય સૌ વાંછે, ગુરુજીના મનોરથ પૂરા થાય રે....સહુ૦

( અડસઠમી જન્મજયંતી કપડવંજમાં ઊજવાઈ ત્યારે મુંબઈના મંડળની બહેનોએ ગાયેલું ગીત )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અણમોલ મોતી

રચયિતા : **પૂજ્ય સાધ્વીજી શ્રી યશોદાશ્રીજી મહારાજ**

卐

( રાગ : પરદેશિયોંસે અંખિયાં ..... )

જ્ઞાની ગુરુ મળીયા આજે પુણ્યના પ્રતાપે;
જૈન શાસનમાં જેની કીર્તિ ફેલાયે રે....જ્ઞાની ગુરુ૦

માતા માણેક, જેની કૂખે અવતરીયા,
પિતા ડાહ્યાભાઈ, જેનાં કુળ અજવાળીયાં;
ગામ કપડવંજ જેની જન્મભૂમિ સોહે રે....જ્ઞાની૦

છાયાપુરી ગામ છે જ્યાં, દીક્ષાનું ધામ છે,
વટપુરમાંહિ વડી દીક્ષાનું સ્થાન છે;
'આગમપ્રભાકર' બિરુદ વટપુર શોભાવે રે....જ્ઞાની૦

બાલ્ય વયમાં જેને સંયમ સ્વીકારી,
ગુરુ 'ચતુર' છે જેના જ્ઞાની સંશોધી;
દાદાગુરુની જેણે પાટ દીપાવી રે....જ્ઞાની૦

રત્નોની ખાણમાંથી હીરા જ પ્રગટે,
આગમ સંશોધી ગુરુ પુણ્યવિજય ઝળકે;
જૈન શાસનનું એ તો અણમોલ મોતી રે....જ્ઞાની૦

( વડોદરામાં દીક્ષાપર્યાયષષ્ટિપૂર્તિ ઉત્સવ પ્રસંગે ગવાયેલ ગીત )

☆

## આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મ.નું સન્માન

પ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ્ મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજનો ૬૮મો જન્મદિન ગત સપ્તાહ દરમ્યાન કપડવંજ મુકામે પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી સુખલાલજીના પ્રમુખપદે ભારે ઉત્સાહથી ઊજવાયો. શ્રી પુણ્યવિજયજી મહારાજે સતત્ જ્ઞાનોપાસના વડે એમનું આખુંયે જીવન પ્રાચીન આગમ-સાહિત્યના સંશોધનમાં સમાપ્યું છે. મુનિશ્રીએ ગુજરાત-રાજસ્થાનના કેટલાયે હસ્તપ્રતોના ભંડારોને સુવ્યવસ્થિત કર્યા છે, એટલું જ નહિ પરંતુ, ભારત બહારના જિજ્ઞાસુ જ્ઞાન-પ્રેમી વિદ્વાનોને તેઓશ્રીએ અલભ્ય એવી હસ્તપ્રતો આપીને આગમ-સાહિત્યની ભારે સેવા કરી છે.

મુનિ શ્રી પુણ્યવિજયજી મ.નું નામ સ્મૃતિમાં આવવાની સાથે જ જાણે કે પુરાતત્ત્વ, આગમપ્રકાશન, પ્રાચીન હસ્તપ્રતોના ભંડારો કલ્પનામાં ઊભરાવા લાગે, એમનું જીવન જ્ઞાનની સતત્ ઉપાસનામાં ઓતપ્રોત થયેલું દેખાય, એમની અદ્દભુત કાર્યશક્તિ, સરળતા અને સૌમ્યતા અંતરને ભક્તિભાવથી સ્પર્શી જાય.

મહારાજશ્રીના આયુનાં સણુસઠ વર્ષ પૂરાં થયાં, છતાં તેઓ અજોડ શક્તિ અને પુરુષાર્થથી જ્ઞાનોપાસનાનું સુંદર કાર્ય કરી રહ્યા છે એ પ્રશંસનીય છે.

"જૈન પ્રકાશ" સાપ્તાહિક; મુંબઈ; તા. ૧૫-૧૧-૧૯૬૨
(શ્રી સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સનું મુખ્યપત્ર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुनि पुण्यविजयजी से मिलन

लेखक : **पूज्य मुनि श्री दुलहराजजी**

[ समन्वय व जैन एकता के पावन स्वर मुखरित करने वाले महामना आचार्य श्री तुलसी के बारे में हिन्दी के मूर्धन्य साहित्यालोचक व चिन्तक आ० हजारीप्रसाद द्विवेदी के भक्त कवि तुलसीदास के बारे में कहे शब्द अक्षरशः सत्य हैं : भारतीय जीवन व संस्कृति में लोकनायक वही हो सकता है जो समन्वय कर सके। आचार्यप्रवर की समन्वयसाधना का ही एक ज्वलन्त अध्याय विविधपंथी धार्मिक नेतृवर्ग से स्नेहमिलन के ये अनुपम दृश्य प्रस्तुत करते हैं। —सम्पादक ]

अहमदाबाद जैन संस्कृति का केन्द्र है। यहां अनेक जैन विद्वान् रहते हैं, जिन्होंने जैन शासन की प्रभावना के लिए रात दिन प्रयत्न किया है और आज भी अपनी अपूर्व मेधा से सारे वातावरण को प्रभावित कर रहे हैं।

आचार्यश्री ने इस वर्ष का चातुर्मास अहमदाबाद में बिताना निश्चित किया उसके पीछे यह एक कारण भी विद्यमान रहा है कि यहां की जैन संस्कृति से निकट का परिचय प्राप्त किया जाए और आगम-अनुसंधान-कार्य में तत्रस्थ साधन-सामग्री का उपयोग किया जाए।

आचार्य श्री १६ जुलाई को अहमदाबाद पधारे। दूसरे ही दिन आपने सन्तों से कहा कि—"हमे यहां त्रिविध कार्य करना है—

"१—जैन समन्वय की भावना को गतिशील बनाने के लिए विविध जैन सम्प्रदायों तथा उपसम्प्रदायों के अधिकारी मुनि और श्रावकों से विचार-विनिमय।

"२—विभिन्न वर्गों में नैतिकता की प्रतिष्ठापना के लिए विविध आयोजन।

"३—आगम-अनुसंधान-कार्यकी विभिन्न प्रवृत्तियों में रस लेने वाले विद्वानों से निकट संपर्क स्थापित कर विचार-विनिमय।"

इन तीन उद्देश्यों को लक्ष्य कर विविध गोष्ठियाँ तथा आयोजन हुए।

एक दिन आचार्य श्री ने कहा—"हमें यहां मुनि पुण्यविजयजी से मिलना चाहिए। वे आगमों का कार्य बहुत वर्षों से कर रहे हैं। उनकी कार्यपद्धति से तथा उनके प्राप्त अनुभवों से लाभ उठाना चाहिए। हमारे प्रति उनकी सहृदयता सराहनीय है। स्वर्गीय श्री मदनचन्दजी गोठी (सरदारशहर) के माध्यम से वे अपने यहां चल रहे आगम-कार्य से परिचित हैं, किन्तु प्रत्यक्ष विचार-विनिमय का यह प्रथम अवसर है। मुनि नथमलजी ने भी उनसे मिलने की बात मुझ से कई बार कही थी। किन्तु इधर आना नहीं हो सका। कई बार उनको इस ओर भेजने की बात सोचता था। किन्तु अन्यान्य कार्य-बहुलता से उन्हें यहाँ नहीं भेज सका। इस बार सलक्ष्य यहां आना हुआ है, तो उनसे अवश्य मिलना चाहिए।"

एक दिन निकाय-सचिव मुनि श्री नथमलजी आदि सात सन्त मुनि पुण्यविजयजी के ज्ञान-मन्दिर में गए। हम वहां मध्याह्न के लगभग दो बजे पहुंचे। उस समय मुनिजी अन्य कार्य में लगे हुए थे। हमें देख वे कार्य को छोड आए और हमें अन्दर ले गए। एक छोटा सा हाल था। किन्तु वह भी पुस्तकों से संकुल था—चारों ओर पुस्तको का अम्बार सा लगा हुआ था। यत्रतत्र थोडा-थोडा अवकाश अवश्य था, जहां व्यक्ति सुखपूर्वक चल-फिर सकता था।

औपचारिक बातचीत के पश्चात् मुनि श्री नथमलजी ने कहा—"आज जब हम स्थान से चले तब आचार्य श्री ने कहा—मुनि पुण्यविजयजी जैन वाङ्मय की बहुत बडी सेवा कर रहे हैं और उनके इस कार्य से बहुतों को प्रेरणा मिली है। हमारे कार्य में भी उनका यथेष्ट सहयोग रहा है।"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मुनि नथ—आज कल आप क्या कर रहे हैं ?

मुनि पुण्य—मैं वर्तमान में टीकाओं और चूर्णियों की प्रतियों का संशोधन कर रहा हूं। आप जानते हैं कि जो चूर्णियाँ और टीकाएं मुद्रित हुई हैं वे अत्यन्त अशुद्ध हैं। बहुत स्थानों पर तो अनर्थ सा हो गया है। मैं मानता हूं, यह कार्य महत्त्व का है और इसे प्राथमिकता देनी चाहिए।

मुनि नथ—यह बहुत आवश्यक कार्य है। आपने यह कार्य हाथ में लिया है यह प्रसन्नता का विषय है। जब हम दशवैकालिक और उत्तराध्ययन पर कार्य कर रहे थे, तब हमें ऐसा लगा कि मुद्रित चूर्णियों का पाठ अशुद्ध है। निर्णय करने में भी हमें बहुत कठिनाइयाँ महसूस होती थी। हम पूर्वापर का अनुसन्धान करते, टीकाओं तथा संवादी स्थलों का निरीक्षण करते और तत्पश्चात् किसी एक निर्णय पर पहुंचते। फिर भी इन मुद्रित प्रतियों के सहारे अधिक चलना पड़ता था। हमने कई बार ऐसा सोचा कि इन चूर्णि-टीकाओं का पहेले संशोधन किया जाए, किन्तु इस कार्य को, साधन-सामग्री की सुलभता न होने के कारण, वैसा कर नहीं सके। आपने यह कार्य प्रारम्भ किया है। मैं मानता हूं कि आप जैन वाङ्मय की बहुत बडी सेवा कर रहे हैं।

मुनि नथ—आप इस आगम-कार्य में कब से लगे हुए हैं ?

मुनि पुण्य—लगभग पचीस वर्षों से मैं इसी कार्य में संलग्न हूं।

मुनि नथ—क्या आप पत्र-पत्रिकाएं भी पढते हैं ?

मुनि पुण्य—नहीं, विशेष रूप से मैं आगमों में ही रचा-पचा रहता हूं। वे ही मेरे लिए पत्र-पत्रिकाएं हैं। हां, यदा-कदा कोई विशेष निबन्ध आ जाए तो पढ लेता हूं।

मुनि नथ—आप कितने घन्टे कार्य करते हैं ?

मुनि पुण्य—समय की कोई मर्यादा नहीं। मैं सारा समय इसी कार्य में लगाता हुं।

मुनि नथ—क्या आप व्याख्यान भी देते हैं ?

मुनि पुण्य—निरन्तर नहीं, किन्तु आजकल चातुर्मास के कारण प्रतिदिन व्याख्यान देता हूं। लगभग ५-७ व्यक्ति तथा २० ३० बहिने सुनने आती हैं। मैं केवल आगम का वाचन ही करता हूं, उनकी लम्बी-चौडी व्याख्याएं नहीं करता, अत्यन्त संक्षिप्त व्याख्या करता हूं। वे ही लोग व्याख्यान सुनने आते हैं जिन्हें मूल ग्रन्थों के स्वाध्याय की रुचि है। मेरी प्रसिद्धि वक्ता के रूप में नहीं है। लोग मुझे अनुसंधाता के रूप में अवश्य जानते हैं।

मुनि नथ—आपके साथ कितने मुनि कार्य संलग्न है ?

मुनि पुण्य—मैं अकेला ही हूं। मुझे बडा आश्चर्य होता है कि बहुत सारे मुनियों का आगम-कार्य में रस है ही नहीं। उन्हें यह कार्य जंजाल सा लगता है। इसमें जो रसानुभूति कर सके वे विरले हैं। मुझे इसमें बहुत आनन्द मिलता है। इस कार्य के आगे दूसरे सभी कार्य मेरे लिए गौण हैं। मैं अकेला जितना कर सकता हूं वह मैंने किया है। कुछ पण्डित भी काम करते हैं। इस प्रकार जैन साहित्य की यत्किंचित सेवा हो जाती है। आपके पास तो इस विषय में रस लेने वाले (हमारी ओर संकेत करते हुए) इतने सारे मुनि हैं। आपकी एक पूरी टीम इस कार्य में संलग्न है। दूसरी बात यह है कि मेरा कार्य तो सीमित है, किन्तु आपका कार्य विशाल है। आप आगमों का अनुवाद, टिप्पण आदि का कार्य करते हैं। मैं अकेला इतना कर नहीं सकता।

मुनि नथ—आपने अकेले में जितना कार्य किया है, कर रहे हैं, वह बहुत विशाल और महत्त्वपूर्ण है। आचार्य श्री ने आगम-कार्य के लिए एक सुव्यवस्थित टीम तैयार की है और अनेक साधु-साध्वियों को इस कार्य में नियोजित कर अन्यान्य साधु-साध्वियों में आकर्षण पैदा किया है। हमारे तेरापन्थ में एक आचार्य, एक नेतृत्व का ही यह सुपरिणाम है कि हम जिस किसी कार्य के लिए अनेक-अनेक कार्यकर्ता जुटा सकते हैं। आपका कार्य भी हमारे आगम-कार्य का ही संपूरक है। हमें इससे अपने कार्य में काफी सुगमता मिलती है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मुनि पुण्य—मैंने आपके दशवैकालिक का दूसरा भाग देखा है। आपने उसमें बहुत परिश्रम किया है।

मुनि नथ—अभी-अभी ५-६ ग्रन्थ और प्रकाशित हुए हैं। संभव है, श्रीचन्दजी रामपुरिया ने आपको दिखाए होंगे?

मुनि पुण्य—मैं मानता हूं कि आज चारों ओर से जैन साहित्य संबंधी कुछ न कुछ कार्य हो रहा है। अनेक संस्थान इस और कार्यशील हैं। यह शुभ बात है।

तदनन्तर उन्होंने हमें कई प्रतियाँ दिखाते हुए कहा, प्राचीन प्रतियों के लेखन में कितने अनर्थ हुए हैं, यह आप लोग जानते हैं। सारे लिपिकर्ता विद्वान नहीं होते थे, अतः जब उन्हें कोई शब्द समझ में नहीं आता तो वे मनगढन्त शब्द की रचना कर उसे वहां योजित कर देते। अभी अभी जब मैं आवश्यक चूर्णि का पाठ संशोधन कर रहा था तो वहाँ एक शब्द आया : 'चाउलोदणंतं'। बहुत प्रयत्न करने पर भी इस शब्द की पहिचान नहीं हो सकी और अर्थबोध अव्यक्त ही रहा। आगे-पीछे के प्रसंगों का अनुसन्धान किया, परन्तु सब व्यर्थ। कोई भी प्रसंग इस शब्द का सही अर्थबोध दे सके वैसा नहीं मिला। खोज चालू रही। अन्त में स्थविर अगस्त्यसिंह द्वारा रचित दशवैकालिक चूर्णि में तप के निरूपण की समाप्ति के बाद 'चालणेदाणि' पाठ मिला। इसीको आवश्यक चूर्णिकार ने 'चालणेदाणंतं' के पाठ से सूचित किया था और यही शब्द लिपि में आते आते 'चाउलोदणंतं' बन गया। इस प्रकार की कठिनाइयां एक नहीं अनेक आती हैं। उनको पार करने में धैर्य से संतुलन आवश्यक होता है।

हमने अपने आगमकार्य के लिए आवश्यक कई ग्रन्थ उनसे प्राप्त किए।

हमें लगा कि मुनि पुण्यविजयजी शरीर से वृद्ध हैं, किन्तु उनकी कार्यजा शक्ति तरुण है। इतने वृद्ध और एकाकी होने पर भी उनमें अपने इस श्रमसाध्य, किन्तु महत्त्वपूर्ण कार्य के प्रति अपूर्व उत्साह और लगन है। उनकी व्यवहारकुशलता, सहज नम्रता, मिलनसारिता और श्रमशीलता हमारे मन में आकर्षण पैदा कर रही थी।

'जैन भारती' साप्ताहिक, कलकत्ता; ता. १९-११-६७
(श्री तेरापंथी जैन महासभा का मुखपत्र)

## મારું મન મોહ્યું

રચયિતા : કુમારી પન્નાબહેન શાહ, કલકત્તાવાળાં

卐

શાસ્ત્રનું મોંઘેરું જ્ઞાન, મારું મન મોહ્યું,
ગુરુદેવ તારા જ્ઞાનમાં.
ધ્યાન ધરો ભવિયા તમે સાચા ગુરુદેવનું,
ભક્તિની ધૂન મચાય....મારું મન મોહ્યું૦

જ્ઞાનનો ભંડાર ભર્યો પૂજ્ય ગુરુદેવમાં,
'જ્ઞાનાંજલિ' ગ્રંથ અર્પણ થાય....મારું મન મોહ્યું૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વડોદરા સંઘની શુભ પ્રેરણાથી,
'પન્નવણા'નું પ્રકાશન થાય....મારું મન મોહ્યું૦
સંઘવી-વૈદ્યની શુભ પ્રેરણાથી,
રૂડા મહોત્સવ ઊજવાય....મારું મન મોહ્યું૦
પ્રતિવર્ષ યોજો આવા મહોત્સવ ગુરુદેવના,
આધ્યાત્મિક વિકાસ સધાય....મારું મન મોહ્યું૦
(વડોદરામાં દીક્ષાપર્યાયષષ્ટિપૂર્તિ મહોત્સવ પ્રસંગે ગવાયેલ ગીત)

*

## गुजरात के मूक साहित्यसेवी : मुनि पुण्यविजयजी

लेखक : **डॉ. जगदीशचन्द्र जैन**

बम्बईके बालकेश्वरके जैन उपाश्रयके एक कमरेमें पोथियोंकी अलमारियां रखी हुई हैं। पोथी-पुस्तकें करीने से सजी है। कुछ छोटी संदूकचियां हैं। काष्ठकी चौकी पर एक थाली में चन्दनकी बुरकी रखी है। एक ओर पानीकी छोटी-सी घटिका तथा जैन साधुओंके पात्र और उपकरण दिखायी दे रहे हैं।

यही आदीश्वर भगवानका सुप्रसिद्ध जैन मन्दिर है, जहां एक पाटिये पर बिछे हुए संथारे पर मुनिमहाराज बिराजमान हैं। पोथियोंके बस्ते और पुस्तकके प्रूफ रखे हुए हैं। पास ही 'कंपाउंड ग्लास" का चश्मा है, जिससे पता लगता है कि महाराजजी किसी पुस्तकके प्रूफ देख चुके हैं।

भक्तगणोंका तांता लगा है। स्त्री और पुरुष वंदन कर फर्श पर बैठ जाते हैं। कुशल-वार्ता होती है, फिर धर्मसम्बधी वार्तालाप। महाराजजी श्रावक-श्राविकाओंके सिर पर वासक्षेप (चंदन, कस्तुरी और अंबरमिश्रित सुगन्धित चूर्ण) करते हैं, जिसे भक्तगण सिर झुकाकर अत्यन्त श्रद्धापूर्वक ग्रहण करते हैं।

वंदनके पश्चात् मैं भी उनके समीप बैठ गया। औपचारिक वार्तालापके पश्चात् मैंने निवेदन किया—आज आपके जैसलमेरके अनुभव सुननेके हेतु दर्शनार्थ उपस्थित हुआ हूं। आपने जैसलमेर, लिम्बडी, पाटण और खंभातके जैन भंडारोंका उद्धार कर साहित्यकी महान सेवा की है।

'जैसलमेर राजस्थानका एक सुप्रसिद्ध प्राचीन नगर रहा है। यह पाकिस्तानकी सरहद पर बसा है। वर्षमें दो-तीन इंचसे अधिक वर्षा नहीं होती, पानीके लाले पडे रहते हैं। लोगोंका जीवन कष्टमय है। कुछ वर्ष पूर्व यहांके कारीगर पत्थरकी जालियां, खरल और बोतलें बना कर अपनी गुजर-बसर करते रहें, लेकिन धीरे-धीरे उनका यह धंधा कम होता गया और कितने ही अपना घर-बार छोड अन्यत्र जाकर बस गये। अबसे सवासौ वर्ष पहले यहांके घरोंकी संख्या २७०० थी, जो अब २७ रह गयी है।'

मुनि महाराज कहते हैं, ऐसे दुस्सह स्थानमें ग्रन्थभंडार स्थापित कर हमारे पूर्वजोंने प्राचीन साहित्यकी रक्षा कर महान् पुण्यका संचय किया है। आपने तो अनेक दुर्लभ ग्रन्थोंका पता लगाया होगा?

'पता तो केवल उन्हीं ग्रन्थोंका लगा सका जो कीडों और दीमकोंसे सुरक्षित रह सके। ग्रन्थोंकी रक्षा करनेके हेतु श्रद्धालु जन उन्हें जमीनके अन्दर बने हुए भौरोंमें रखकर बाहरसे दरवाजा बंद कर देते और इस दरवाजे पर सीमेंटकी मुहर लगा दी जाती। फिर किसकी हिम्मत जो दरवाजे को खोल सके! लीजिए हो गयी ग्रन्थोंकी सुरक्षा! बरसों तक परिश्रमपूर्वक लिखे गये ये ग्रन्थराज उसी हालतमें दबे पडे रहते और क्षुद्र जंतुओंकी खुराक बनते जाते। फलोदीका इसी तरहका एक ग्रन्थभंडार जब ४० वर्ष बाद खोलकर देखा गया तो धूल और मिट्टीके

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सिवाय वहां कुछ भी दिखाई न दिया। कीडोंके खाये हुए केवल पांच-सात पन्ने बाकी थे। इस तरह ज्ञानके प्रति अंधश्रद्धाके कारण न जाने कितने अनमोल ग्रन्थ कालकी वेदी पर चढ चुके हैं।'

महाराजजी ! क्या जैन ग्रन्थभंडारोमें केवल जैन ग्रन्थोंका ही संग्रह रहता है या अन्य ग्रन्थोंका संग्रह भी आपके देखने में आया ?

'जैसे आजकल केवल साहित्य या केवल विज्ञानकी जानकारी ही अध्ययनके लिए पर्याप्त नहीं, थोडा-थोडा ज्ञान सब विषयोंका होना आवश्यक है, उसी तरह प्राचीन कालमें जैन, वैदिक अथवा बौद्ध विद्वानोंको एकदूसरेकी धार्मिक एवं दार्शनिक मान्यताओंका ज्ञान आवश्यक था। विशेषकर जैन विद्वान् जैनेतर दर्शनोंका खंडन-मंडन करनेके लिए वैदिक एवं बौद्ध सिद्धान्तोंका गंभीर अध्ययन करते थे। जैसलमेर, पाटण, खंभात आदिके जैन भण्डारोंमें वैदिक एवं बौद्ध ग्रन्थोंका उपलब्ध होना इसका प्रमाण है। उदाहरण के लिए भगवद्गीता पर शंकराचार्यका लिखा हुआ शांकरभाष्य, उदयनाचार्यकृत तात्पर्यपरिशुद्धि टीका तथा न्यायप्रवेश, हस्तवाल (आचार्य दिङ्नागकृत), प्रमाणवार्तिक, प्रमाणवार्तिककी स्वोपज्ञ वृत्ति, हेतुबिंदु टीका और तत्त्वसंग्रह आदि अलभ्य ग्रन्थ इन भडारोंमें मिले हैं।'

धर्मकीर्तिके प्रमाणवार्तिकका संपादन एक तिब्बती प्रतिके आधारसे स्वर्गीय महापंडित राहुल सांकृत्यायनने किया हैं।

'हा, वही प्रमाणवार्तिक यह है। लेकिन पाटण में उपलब्ध इस ग्रन्थके पाठभेदोंके आधारसे राहुलजी द्वारा सम्पादित ग्रन्थमें अनेक संशोधन करने पडे। यह देखिए वह संशोधित प्रति। तिब्बती और फ्रेंच आदि भाषाओं-के विद्वान सुप्रसिद्ध मुनि जम्बूविजयजीने इस ग्रन्थका संपादन किया और यह ग्रन्थ रोमन लिपिमें प्रकाशित हुआ। तत्पश्चात् अहमदाबादके लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामन्दिरके डाइरेक्टर पंडित दलसुख मालवणीयाने इसके कतिपय अंशका सम्पादनकर इसे कलकत्तासे प्रकाशित किया।'

जैसलमेरके जैन भंडारोंके उद्धार करनेका श्रेय आपको रहेगा। प्राकृत और संस्कृतके प्राचीन साहित्य संबंधी प्रचुर सामग्री आपके देखनेमें आयी होगी। कृपया इस विपुल सामग्रीकी विशेषताओंके सम्बन्धमें कुछ बताईए।

'जैसलमेरमें ताडपत्र और कागज पर लिखे हुए लगभग १० हजार हस्तलिखित ग्रन्थ होंगे। ५०० से अधिक ताडपत्र पर लिखित प्रतियां हैं। जैसलमेरमें कुल मिलाकर दस भण्डार हैं, लेकिन तीन इनमें मुख्य हैं। अनेक भण्डारोंकी बहुमूल्य ग्रन्थराशि कीडों और दीमकोंकी भेंट चढ चुकी है। यहां १०वीं शताब्दीके ताडपत्रीय और १३वीं शताब्दीके कागज पर लिखे हुए प्राचीन ग्रन्थ मौजूद हैं। भारतीय प्राचीन साहित्यके संशोधन संबंधी इतनी विपुल सामग्री यहां है कि आपके विद्यार्थियोंके विद्यार्थियोंको भी बरसों तक पीएच. डी. की उपाधियां मिलती रहें। संस्कृतके प्राचीन नाटक-साहित्यका संशोधन करनेकी यहां पर्याप्त सामग्री मौजूद है।'

महाराजजी ! आपने अपने गत ४० वर्षोंके संशोधन-कालमें कितने ही हस्तलिखित ग्रन्थका अवलोकन किया होगा ?

'गुजरातके ग्रन्थभण्डारोंमें लगभग १० लाख हस्तलिखित ग्रन्थ होंगे। इनमेंसे ३ लाख मैं देख चुका हूँ। अब तो लगता है कि इन सबको देखनेके लिए अन्य जन्म धारण करने होंगे।'

आप तो आगमप्रभाकर कहे जाते हैं, जैन आगम ग्रन्थोंके आप वेत्ता हैं। चित्रकलामें आपकी रुचि कैसे हो गयी ? "जैसलमेरनी चित्रसमृद्धि" नामक आपने पुस्तक भी लिखी है।

'मध्ययुगमें भारतीय चित्रकलाने काफी उन्नति की। काष्ठ, वस्त्र, ताडपत्र और कागज पर विविध प्रकारके मनोरंजक चित्र निर्मित किये जाने लगे। जैनधर्मके उपासक अपने पवित्र ग्रन्थोंको सुनहरे और रूपहरे अक्षरोंसे लिखवाते और एक ओर अथवा दोनों ओर पौराणिक अथवा अन्य चित्र बनवाते। कितने ही नर्तकों, गायकों, भक्तों और साधुसन्तोंके चित्र इन ग्रन्थोंके पृष्ठोंकी शोभा बढा रहे है। कहीं योद्धागण कूच कर रहे हैं, कहीं वे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



युद्धमें संलग्न है, और कहीं कोई शिकारी पशुओंका पीछा कर रहा है। वस्तुतः इस कालकी जैन चित्रकला केवल हिन्दु मन्दिरोंकी सजावटके अभिप्रायसे ही प्रभावित नहि हुई, किन्तु मुगलकालीन फारसी कलाने भी इसे प्रभावित किया। आप देखेंगे कि काष्ठ चित्रपट्टिकाओं तथा सुनहरे और रूपहरे अक्षरोंमें लिखित ग्रन्थ, जो जैसलमेरके भण्डारोमें उपलब्ध हुए है, वे अन्यत्र दुर्लभ हैं। भारतकी मध्यकालीन चित्रकलाका अध्ययन इनके बिना अधूरा है। इन चित्रपट्टिकाओंमें जैन तीर्थंकरोंके जीवन-प्रसंग, प्राकृतिक दृश्य, जीवजन्तुओंकी आकृति विशेष रूपसे ध्यान आकर्षित करती है। १३ वीं सदीकी एक चित्रपट्टिकामें जिराफकी सुन्दर प्रतिकृति बनी हुई है। और सबसे आश्चर्यपूर्ण बात यह है कि कई सौ वर्ष बीत जाने पर भी इन चित्रोंके रंग-रूपमें कोई अन्तर नहीं पडा है।'

प्राकृत, संस्कृत, अपभ्रंश और पुरानी गुजरातीके उद्‌भट विद्वान, भारतीय पुरातत्त्ववेत्ता मुनि पुण्यविजयजी ७५ पूर्ण करने आये हैं, लेकिन उनकी कार्यशक्ति एवं स्मरणशक्तिमें कुछ भी अन्तर नहीं पडा। रात्रिके समय भक्तजनोंकी भीडसे अवकाश मिलने पर ग्रन्थोंके सम्पादन और संशोधनका काम चलता है। मुश्किलसे दो-चार घंटे सोनेका समय निकाल पाते हैं।

१० वर्ष तक मुनिजीने घी-दूधका सेवन नहीं किया। फिर भी इस वृद्धावस्थामें ८-१० मील पैदल चलना (जैन साधुओंको वाहनका उपयोग करना निषिद्ध है) आपके लिए कोई कठिन काम नहीं; बम्बई जैसे भीड-भडक्केकी नगरीमें आप बोरीबलीसे दादर या पायधुनीसे वालकेश्वर आने के लिए पदयात्रा ही करते हैं। २ वर्ष पहले आपके मोतियाबिंदका आपरेशन हुआ था, इससे चलनेमें कष्ट जरूर होता होगा, लेकिन आप उसे कष्ट न समझ जैन नियमोंका विधिवत् पालन करते हैं।

१८९५ में गुजरातके कपडवंज नामक स्थानमें आपका जन्म हुआ। १३ वर्षकी अवस्थामें जैन दीक्षा स्वीकार की। अगले ही दिन मातेश्वरी रत्नश्रीजीने अपने पुत्रके पदचिह्नोंका अनुगमन किया। गत वर्ष आपकी दीक्षा पर्यायकी षष्ठिपूर्तिका समारोह बडौदामें मनाया गया था। इस पुनीत अवसर पर भारतीय एवं विदेशी विद्वानोंने इस महामना मूक तपस्वीके चरणोमें 'ज्ञानाञ्जलि' (अभिवादन ग्रन्थ) समर्पित की।

मुनि पुण्यविजयजी महाराज जैसे निर्मोही-अपरिग्रही विद्वानका मिलना बडे सौभाग्यकी बात है। कितने ही बहुमूल्य अलभ्य ग्रन्थोंको स्वयं परिश्रमपूर्वक संशोधित और संपादित कर, आप दूसरोंको उनके अपने नामसे प्रकाशित करनेकी अनुमति प्रदान करनेमें जरा भी नहीं हिचकिचाते। कितने ही विदेशी विद्वानोंने आपकी हस्त-लिखित संशोधित प्रतियोंका उपयोग कर भारतीय तत्त्वविद्या क्षेत्रमें यशोपार्जन किया है। अहमदाबादके लालभाई दलपतभाई विद्यामन्दिरको अपने संग्रहालयकी १० हजार हस्तलिखित प्रतियां तथा समय-समय पर संग्रहीत ८ हजार बहुमूल्य पुस्तकें भेंटकर अपने उदार सौजन्यका प्रदर्शन किया है।

मुनिजीका कहना है कि संशोधनकी सामग्री आजकल जितनी उपलब्ध है उतनी पहले नहीं थी, लेकिन दुर्भाग्य यह है कि लगनके साथ काम करने वालोंका अभाव है। स्वर्गीय वाडीलाल मोतीलाल शाहके शब्द उद्धृत करते हुए आपने बताया कि संसारके जितनेभर भी कष्ट और आपदाएं जब तक समाज पर टूट कर न गिर पडें तब तक समाज उन्नतिके पथ पर अग्रसर नहीं हो सकता।

मुनि पुण्यविजयजीने भारतमें ही नहीं, अपनी अगाध विद्वत्ताके कारण विदेशोंमें भी ख्याति प्राप्त की है। अमेरिकाके सुप्रसिद्ध डबल्यू नार्मन ब्राउन और जर्मनीके पुरातत्त्ववेत्ता आल्सडार्फ आदि विद्वान, संशोधन सम्बंधी जिज्ञासाओंकी पूर्तिके लिए, आपके पास आते रहते हैं। १९५९ में गुजराती साहित्य परिषद् अहमदाबाद अधिवेशन-में इतिहास एवं भारतीय संस्कृति विभागके तथा १९६१ में अखिल भारतीय प्राच्यविद्या परिषद्, श्रीनगर अधिवेशन-में प्राकृत एवं जैनधर्म विभागके आप अध्यक्ष रह चुके हैं। अभी हालमें आपको अमेरिकी प्राच्यविद्या सभाके माननीय सदस्य चुने जानेका सौभाग्य प्राप्त हुआ है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अंत में मैंने उनसे कहा कि आपका बहुत समय मैंने ले लिया है। एक प्रश्न और है: इस वृद्धावस्थामें स्थानांतर विहार करनेमें आपके समयका अपव्यय होता होगा। क्यों न किसी स्थान पर ठहर कर जैन आगमोंके उद्धारकी योजनाको सार्थक किया जाय? और जो छोटे छोटे काम आप करते हैं उन्हें क्यों न किसी सुयोग्य शिष्यके सुपुर्द कर दिया जाय?

'मुझे भी लगता है कि वृद्धावस्थामें भ्रमण करनेकी आवश्यकता नहीं, लेकिन आप ही कहिए, भक्तोंकी भूख कैसे शान्त की जाय? फिर हंस कर वे कहने लगे कि जब आपके ही योग्य शिष्य तैयार नहीं हैं, तो हमारे कैसे हो सकते हैं?'

"नवभारत टाइम्स" दैनिक, बम्बई; ता. ३-१०-१९७०

## દીર્ઘાયુ દેજો !

રચયિતા : **પૂજ્ય સાધ્વીજી શ્રી ઓંકારશ્રીજી મહારાજ**

卐

( સાખી )

હે....જન્મ છે કાર્તિક સુદી પંચમીનો, મુનિરત્ન પુણ્યવિજયજી તણો;
પુનિત પાવન પગલાં એમનાં, પુણ્ય તણી પમરાટ ભરે....હેજી (૨)

હે....પર્વ આ જ્ઞાનપંચમી દિનનું, આનંદ એનો ઉર ધરો;
આગમભાવે થનગનતું મન એનું, યોગ-ધ્યાનમાં લીન રહે....હેજી (૨)

હે....શિષ્ય થયા તમે 'ચતુર' ગુરુના, 'કાન્તિ'સમ તુંમ તેજ તપે;
એવી મંગલ ભાવના કરીએ મનથી, નવું વર્ષ દીર્ઘાયુ વરે....હેજી (૨)

( રાગ : કોઈ ગોતી દેજો )

શોધું જ્ઞાન અમૃતનું મોતી (૨) કોઈ બતાવશો (૨) ગોતી.
આગમનું કે જિનશાસનનું મહામૂલું એ મોતી;
જુગ જુગથી એ આંખડી મારી, અવિરત રહી રે જોતી....શોધું૦

શ્રદ્ધાભક્તિનો સિતારો ઝળકે, મોહતિમિરને હરતી;
જ્ઞાનરસિકને મારગ ચીંધે, જેની જ્ઞાનમાં પ્રગટી જ્યોતિ....શોધું૦

શૈશવકાળે માયા છોડી, સંયમ સ્વીકાર્યું 'છાણી';
જ્ઞાન-ધ્યાનમાં મગ્ન બનીને, આગમપ્રભાકર વટપુરે શોભી....શોધું૦

'નંદી' 'અનુયોગ' 'પન્નવણા'નું, પ્રથમ પ્રકાશન કીધું;
એવા યોગીને દીર્ઘાયુ દેજો, શાસન દેવને પ્રાર્થું....શોધું૦

( મુંબઈ, ગોડીજી ઉપાશ્રયમાં ૭૫મા વર્ષની પૂર્ણાહુતિ પ્રસંગે, અમૃતઉત્સવમાં ગવાયેલ ગીત )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# American Oriental Society

FOUNDED 1842

FERRIS J. STEPHENS
SECRETARY-TREASURER

329 STERLING MEMORIAL LIBRARY
YALE STATION, NEW HAVEN, CONN. 06520

April 27, 1970

The Venerable Śrī Muni Punyavijayajī
c/o Professor Ernest Bender
5014 Woodbine Street
Philadelphia, Pennsylvania 19131

Dear Sir:

I have the honor to inform you that at the Business Session of the 180th Annual Meeting of the American Oriental Society, the Members assembled voted to elect you Honorary Member.

As provided in the Constitution and By-Laws of the Society, Honorary Members pay no dues, and as corporate members they have the right to attend the Annual Meeting and vote at the annual Business Session, to receive one copy of all issues of the Society's Journal as they are published, to purchase from the Society back numbers of the Society's Journal and other publications of the Society at a member's discount so long as such publications are available in the Society's stock, and to use the books of the Society's library, which is located at 329 Sterling Memorial Library, Yale University, New Haven, Connecticut.

May I take this opportunity on behalf of the Society to welcome you to its membership. We look forward to your taking part in the Society's affairs in whatever form you think appropriate.

With best wishes, I remain

Sincerely yours,

Hugh M. Stimson
Secretary-Treasurer

પરમપૂજ્ય પુણ્યવિજયજી મહારાજને અમેરિકન ઓરિયેન્ટલ સોસાયટીનું સભ્યપદ મળ્યું તેનો દસ્તાવેજી પત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મહારાજશ્રીની એક પુસ્તિકા

આ શ્રદ્ધાંજલિ-વિશેષાંકમાં ( પૃ. ૪૩-૪૪ ) પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજે સંપાદિત કરેલ કે રચેલ ગ્રંથોની યાદી આપી છે, તેમાં એક પુસ્તિકાનું નામ આપવું રહી ગયું છે. આ પુસ્તિકાનું નામ **"સ્યાદ્વાદ એટલે? શ્રીમાન્ વિજયલબ્ધિસૂરિજી પ્રત્યે મુનિશ્રી પુણ્યવિજયજીનું નિવેદન"** એ પ્રમાણે છે. આ પુસ્તિકા વિ. સં. ૧૯૯૦ની કાર્તિક પૂર્ણિમાએ, પાટણના જૈન યુવક સંઘ તરફથી, પ્રગટ કરવામાં આવી હતી. આ પુસ્તિકાના નામ ઉપરથી જ સમજી શકાય છે કે એ કોઈક ચર્ચાના જવાબરૂપે પ્રગટ કરવામાં આવી હતી.

## "મહાવીર-વાણી"નું નિવેદન

પં. શ્રીયુત બેચરભાઈએ તૈયાર કરેલ "મહાવીરવાણી" પુસ્તકનું ગુજરાતી સંસ્કરણ શ્રીમાન્ સ્વામી આનંદની વિદ્વત્તાભરી પ્રસ્તાવના સાથે પ્રસિદ્ધ થાય છે, એથી આપણને ખાત્રી થાય છે કે આજની પ્રજાની જિજ્ઞાસા કેવી વ્યાપક દિશામાં જઈ રહી છે!

યુગબળ એ એક અજબ વસ્તુ છે. એક યુગમાં આપણી જિજ્ઞાસા સ્વ-દેશ અને સ્વ-સંપ્રદાયપૂરતી સીમિત–મર્યાદિત હતી, પણ આજે એ જિજ્ઞાસા દૂરદૂરના દેશ અને વિશ્વસંપ્રદાય સુધી પહોંચવા સજ્જ બની છે. આ સ્થિતિમાં સમગ્ર પ્રજાને તેને લગતાં સાધનો પ્રાપ્ત થાય તો જ એ જિજ્ઞાસા સંતોષાય અને પ્રજાનું જીવન વ્યાપક ભાવનામય બને. આ હકીકતને લક્ષમાં રાખીને પં. શ્રી બેચરભાઈએ "મહાવીરવાણી" પુસ્તકનું નિર્માણ કર્યું છે. આ પુસ્તકની રચના માટે તેમણે સૂત્રકૃતાંગ સૂત્ર, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન સૂત્ર અને આવશ્યક સૂત્રને જ મુખ્ય રીતે પસંદ કર્યાં છે; અને તેમાંથી, લોકરુચિને પ્રેરણા મળે તે રીતે, શ્રી મહાવીર પરમાત્માએ ઉપદેશેલ આંતરજીવનને સ્પર્શતાં ગંભીર તત્ત્વોને લગતી ગાથાઓ અને છંદો ચૂંટી કાઢ્યાં છે. સાથે સાથે આ ગાથાઓ અને છંદોનો અર્થ અને વિવેચન આપવા ઉપરાંત બૌદ્ધ-વૈદિક સાહિત્ય સાથે તે તે વિષયની તુલના અને સમન્વય કરેલ છે. તેથી સામાન્ય વાચકને રુચિકર થવા ઉપરાંત વિશિષ્ટ અભ્યાસીને અભ્યાસની દિશાની ખાસ સૂઝ પણ આમાંથી મળી શકે તેમ છે. પ્રસંગે પ્રસંગે કેટલાક વિષયોની અમુક રીતે છણાવટ કરવામાં આવી છે એ આ પુસ્તકની મહત્તામાં ઉમેરો કરે છે.

પુસ્તકની આદિમાં ભગવાન્ શ્રી મહાવીરનું સંક્ષિપ્ત જીવન આલેખવામાં આવ્યું છે. એમાં પણ ટૂંકમાં ભગવાનની જીવનરેખા ઠીક ઠીક રીતે આલેખાઈ છે, જેને લીધે પુસ્તક સવિશેષ આવકારલાયક બન્યું છે અને છે જ.

અંતમાં મને સહજભાવે એક વિચાર સ્ફુરે છે કે શ્રી બેચરભાઈએ ઘણાં વર્ષો અગાઉ "ભગવાન્ શ્રી વીરપરમાત્માનું જીવનચરિત્ર કઈ પદ્ધતિએ લખાવું જોઈએ" એ વિષે એક લેખ લખ્યો હતો. એ લેખને, તે પછીનાં વર્ષોમાં થએલા અનુભવને આધારે, પુનઃ વિશદ રીતે આલેખવામાં આવે તો પોત-પોતાની પદ્ધતિએ ભગવાન્ મહાવીરના જીવનને આલેખનાર કોઈ પણ લેખકને એમાંના વિચારો સવિશેષ માર્ગદર્શક થઈ પડશે.

**જૈન સોસાયટી, અમદાવાદ.**
**સં. ૨૦૧૧, માઘ શુક્લ ૧, સોમવાર.**

## ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાના મણિમહોત્સવમાં કરેલ પ્રવચન

ભાવનગરમાં આ સભા છે તેનો મને ૧૩ વર્ષની ઉંમરે ડભોઈના પ્રથમ ચાતુર્માસ સમયે ખ્યાલ થયો. આ સભાના સેક્રેટરી શ્રી વલ્લભદાસભાઈ વગેરે ગુરુદેવ પાસે આવતા અને સભાની સાહિત્ય-પ્રકાશન-પ્રવૃત્તિ માટે ચર્ચા-વિચારણા કરતા. તે સમયે મને કલ્પના ન હતી કે મારે આ સભા સાથે સંબંધ થશે.

સુરતમાં પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીના ગ્રંથપ્રકાશન સમયે પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી ગુરુવર્યશ્રીનો સંકલ્પ થયો અને નાના નાના ગ્રંથોનું પ્રકાશન શરૂ કર્યું. હું બાળકની જેમ આ બધું સાંભળતો, પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજતો નહિ. એમ છતાં આછોપાતળો ખ્યાલ ખરો કે ત્યાં કંઈક મહત્ત્વની વસ્તુ થાય છે. મેં અનેક ગુરુઓની નિશ્રામાં જ્ઞાન મેળવ્યું છે. પાલીતાણામાં પૂજ્ય સાગરાનંદસૂરિજીના સહવાસથી આગમ પ્રત્યેની રસવૃત્તિ જાગી અને જીવનની પ્રવૃત્તિનો પ્રારંભ થયો. ઘણા ડોકટરો (પીએચ. ડી. ઓ) પોતાના મહાનિબંધો (થિસિસ) સાથે મને મળવા આવે. તેઓ મને મૂર્તિશાસ્ત્ર, લિપિશાસ્ત્ર વગેરે વિષયોમાં પૂછે; હું પણ તેમને પૂછું. આમ પરસ્પર વિદ્યાવિનિમય થતાં હું તેઓનો ગુરુ પણ બન્યો અને શિષ્ય પણ બન્યો. પંડિત સુખલાલજી અને પંડિત શ્રી નિત્યાનંદજી મારા વિદ્યાગુરુ છે.

મુનિ શ્રી જંબૂવિજયજીનો પરિચય ઘણાં વર્ષ પહેલાં મને પંડિત સુખલાલજી ઉપરના તેમના પત્ર પરથી થયો. પંડિતશ્રીએ તેઓ આપણી સાથે સંશોધનકાર્યમાં જોડાય તેમ કહ્યું એટલે નયચક્રના સંશોધનનું મહાન કાર્ય તેઓશ્રીને સોંપવામાં આવ્યું. અને તે કાર્ય માટે દરેક પ્રકારની સામગ્રી જુદા જુદા સ્થળેથી તથા મુનિરાજો વગેરે પાસેથી મેળવી તે બધી મુનિ શ્રી જંબૂવિજયજીને સોંપવામાં આવી. તેમણે દેશપરદેશના વિદ્વાનોનો સંપર્ક સાધ્યો અને જરૂર જણાતાં તિબેટન, ફ્રેંચ વગેરે ભાષાઓનો અભ્યાસ કરી તેમાં લખાયેલા ગ્રંથોમાંથી સંદર્ભો મેળવ્યા અને અથાક પ્રયાસને અંતે આ મહાન ગ્રંથનું સંશોધન–સંપાદનકાર્ય ઉત્તમ પ્રકારે પરિપૂર્ણ કર્યું છે. આવા ઉત્તમ કાર્ય માટે મુનિશ્રીને અમે અભિનંદન અર્પણ કરીએ છીએ.

ગ્રંથપ્રકાશનમાં કેટલો ખર્ચ થાય છે તેનો આપણને લેશ માત્ર ખ્યાલ નથી. ગુજરાત પુરાતત્ત્વ મંદિરે પંડિત સુખલાલજી તથા પંડિત બેચરદાસજીને રાખી સમ્મતિતર્કનું પ્રકાશન શરૂ કર્યું તેના પગારોનો કેટલો ખર્ચ થયો હશે તે તો તેનાં નાણાં ચૂકવનાર જ જાણી શકે.

ગુરુમહારાજ શ્રી ચતુરવિજયજી મહારાજના સ્વર્ગવાસ પછી આત્માનંદ સભા માટે સાહિત્ય પ્રગટ કરવા અંગેની તે જવાબદારી અમારા ઉપર આવી છે. સભાએ જે સેવા કરી છે તેમાં અમે પણ બિંદુ બેળવ્યું તે અમારા, તમારા સૌના આનંદની વસ્તુ છે.

ભાવનગર; તા. ૩૦–૪–૧૯૬૭, રવિવાર
("શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકના મણિમહોત્સવ અંકમાંથી ઉદ્ધૃત)

# એક વિચારપ્રેરક પ્રવચન

[તા. ૨૨–૨–૧૯૭૧, સોમવારના સવારના સવાનવ વાગતાં, મુંબઈમાં, ભાયખલામાં શ્રી મોતીશા જૈન મંદિર સાથેના સભાગૃહમાં, પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ, પૂ. આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા પૂ. મુ. શ્રી વલ્લભદત્તવિજયજી મહારાજનાં પ્રવચનો રાખવામાં આવ્યાં હતાં; જે વખતે ચતુર્વિધ શ્રીસંઘ હાજર હતો. આ પ્રવચનો દરમ્યાન પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ એક નિવેદનરૂપે ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ પોતાની ભાવના રજૂ કરવાના હતા; અને એમાં તેઓ પંજાબ પહોંચવાની પોતાની ઝંખના તેમ જ શ્રીસંઘની આચારશુદ્ધિ અંગે ચિંતા વ્યક્ત કરવાની સાથે સાથે સાધ્વીસંઘના વ્યાખ્યાનવાચન અને ખાસ કરીને કલ્પસૂત્રવાચનની છૂટ અંગે કેટલોક જરૂરી ખુલાસો પણ કરવાના હતા. આ પ્રસંગે પૂ. આચાર્ય મહારાજના નિવેદનની પૂર્વભૂમિકા સમજાવતાં તેમ જ શ્રોતાઓ સમક્ષ નિવેદન રજૂ થયા બાદ એનું હાર્દ સમજાવતાં પૂ. આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે એક માહિતીપૂર્ણ, વિચારપ્રેરક, મુદ્દાસરનું અને અભ્યાસપૂર્ણ પ્રવચન કર્યું હતું, તેનો સાર પુસ્તિકારૂપે પ્રગટ કરવામાં આવ્યો હતો તે અહીં આપવામાં આવે છે.]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈનધર્મની અનેકાંતદૃષ્ટિ

આચાર્ય મહારાજના નિવેદનની પૂર્વભૂમિકા સમજાવતાં પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજે એ મતલબનું કહ્યું કે—જૈનધર્મની દૃષ્ટિ હમેશાં અનેકાંતવાદી રહી છે. એટલે તાત્ત્વિક કે આચારને લગતી કોઈ પણ બાબતમાં એકાંત આગ્રહ ધરાવવો એ જૈનધર્મની દૃષ્ટિથી વિરુદ્ધ છે. આ જ વાત સાધુજીવનના આચાર માટે નક્કી કરવામાં આવેલ વિધિ-નિષેધોની ઉપયોગિતા કે અનુપયોગિતાનો કે એના સારાસારપણાનો વિવેક કરતી વખતે પણ ખ્યાલમાં રાખવાની હોય છે; કારણ કે એમ થાય તો જ એનાથી સંયમયાત્રાને નિરાકુલપણે આગળ વધારવામાં, ધર્મની પ્રભાવના કરવામાં અને શ્રીસંઘનો અભ્યુદય સાધવામાં સાચો લાભ મેળવી શકાય. આજે જે વિધિ-નિષેધો કાર્યસાધક અને લાભકારક લાગતા હોય, તે પલટાયેલા દેશ-કાળમાં લાભકારક બનતાં અટકી જાય એવું પણ બને; અને તેથી એમાં વિવેકપૂર્વક ફેરફાર કરવાનું પણ જરૂરી થઈ પડે. જૈન દર્શનની અનેકાંતદૃષ્ટિનો આ જ સાર અને ઉપયોગ છે. અને એટલા માટે જૈન સંઘને આ રીતે માર્ગદર્શન કરાવવું તે આચાર્યભગવંતો આદિ સંઘનાયકોનું કાર્ય છે. આચાર્ય ભગવાન શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે, શાસનના લાભાલાભનો વિચાર કરીને, આપણા સાધ્વીસંઘના વિકાસ માટે શાસ્ત્રાભ્યાસ વગેરેની જે અનુજ્ઞા આપી હતી તે આ દૃષ્ટિએ જ આપી હતી; અને એ રીતે તેઓએ પોતાના સંઘનાયકપદનો શ્રીસંઘના અભ્યુદય માટે ઉપયોગ કર્યો હતો. આજે આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ પોતાની ભાવનાને વ્યક્ત કરતા નિવેદનમાં જે ખુલાસો કરવાના છે, તેને આ દૃષ્ટિએ સમજવાનો આપ સૌ પ્રયત્ન કરજો.

આ પછી આચાર્ય મહારાજનું નિવેદન વંચાયા બાદ એ નિવેદનમાંના મુદ્દાઓનું હાર્દ સમજાવતાં પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજે એ મતલબનું કહ્યું કે—

## વિધિ-નિષેધનો એક દાખલો

શાસ્ત્રોમાં કહેવામાં આવેલા વિધિ-નિષેધોનો દેશ-કાળના અનુસંધાનમાં વિચાર કરવામાં આવે એ જરૂરી છે. અને જો એ રીતે વિચાર કરવામાં આવે તો આજે જે બાબત કરવા જેવી લાગતી હોય તેમાં બદલાયેલા દેશ-કાળમાં ફેરફાર કરવાનું જરૂરી લાગે; અને ક્યારેક એવી પણ પરિસ્થતિ ઊભી થાય કે એક કાળે જે બાબતમાં ફેરફાર કરવામાં આવ્યો હોય, તે ફેરફારને જતો કરીને ફરી પાછા મૂળ નિયમને અપનાવવાનું જરૂરી થઈ જાય. આ અંગે એક દાખલો ધ્યાનમાં લઈએ તો આ વાત વધુ સ્પષ્ટપણે સમજી શકાશે. સોળમા સૈકામાં જ્યારે શ્રી આનંદવિમળ ગણિએ એ જોયું કે મોગલોનાં જાતજાતનાં આક્રમણોના કારણે અત્યારે નાની એટલે કે યુવાન ઉંમરની બહેનોની આબરૂની સલામતી જોખમમાં આવી પડી છે, ત્યારે તેઓએ, તે વખતની પરિસ્થિતિની ગંભીરતા પારખીને, શ્રીસંઘને એવો આદેશ આપ્યો કે પાંત્રીસ વર્ષથી નાની ઉંમરની બહેનને ભાગવતી દીક્ષા ન આપવી. અને જ્યારે તેઓને લાગ્યું કે હવે આવો ભય દૂર થયો છે, ત્યારે આ આદેશને પાછો ખેંચી લીધો હતો. આનું નામ જ શાસ્ત્રોના વિધિ-નિષેધોનો વિવેકપૂર્વક ઉપયોગ ગણાય, જે જૈનદર્શનની સ્યાદ્વાદશૈલી કે અનેકાંતદૃષ્ટિ સાથે સુસંગત છે. શિયાળામાં જે ગરમ અને જાડાં કપડાં જરૂરી થઈ પડે છે, એ જ કપડાંને બદલે ઉનાળામાં ઝીણાં અને સુતરાઉ કપડાંનો ઉપયોગ કરવામાં આવે છે, એવી જ સહેજે સમજાય એવી આ બાબત છે.

## સાધ્વીઓને વ્યાખ્યાનની અનુમતિ સંબંધમાં

આચાર્ય ભગવાને (આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે) એક કાળે, શાસ્ત્રના એક આદેશને ધ્યાનમાં લઈને, સાધ્વીઓના વ્યાખ્યાનનો અને કલ્પસૂત્રના વાચનનો નિષેધ કર્યો હતો; અને પછી, બદલાયેલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિસ્થિતિનો અને લાભાલાભનો તેમ જ સાધ્વીસમુદાયના વિકાસનો વિચાર કરીને, તેઓએ પોતે જ એની પોતાના આજ્ઞાવર્તી સાધ્વીસમુદાયને અનુમતિ આપી હતી. આ વાતનું મહત્ત્વ સૌ કોઈએ આ દૃષ્ટિએ અવધારવું ઘટે. આચાર્ય મહારાજની સમયજ્ઞતા એવી વિવેકભરી અને જાગૃત હતી કે, જો એમને એમ લાગ્યું હોત કે સાધ્વીવર્ગને આવી છૂટ આપવાથી શાસનને નુકસાન થવાનો સંભવ છે, તો આ છૂટને પાછી ખેંચી લેતાં તેઓ ખમચાત નહીં. પણ તેઓએ આવું કોઈ પગલું ભર્યું ન હતું. એટલે આપણા સાધ્વીસંઘને શ્રાવકસંઘની સમક્ષ પણ વ્યાખ્યાન આપવાની તેમ જ એને કલ્પસૂત્રનું વાચન કરવાની જે અનુમતિ તેઓએ આપી હતી તેથી એકંદરે જૈન સંઘને લાભ જ થયો છે.

અત્યારે આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે આપ સૌની સમક્ષ જે વાત મૂકી છે, તેનું હાર્દ આ જ છે; અને શ્રીસંઘ એને આ દૃષ્ટિએ જ સમજશે અને અપનાવશે તો તેથી ઘણો લાભ થશે. આની સાથે 'શ્રાવકસંઘ સમક્ષ વ્યાખ્યાન વાંચનાર સાધ્વીને નટીની ઉપમા આપવામાં આવી છે,' એનો ભાવ પણ સમજવાની જરૂર છે, જેથી ખોટી વાતને પોષણ આપ્યાના દોષથી બચી શકાય. આ વાતનો ખુલાસો એ છે કે જે સાધ્વી પોતાના ગુરુની આજ્ઞા મેળવ્યા વગર જ, પોતાની મેળે જ, શ્રાવકસંઘ સમક્ષ વ્યાખ્યાન આપે છે, તેને આવી ઉપમા આપવામાં આવી છે. અમારા સમુદાયનાં સાધ્વીજીઓ શ્રાવકસંઘ સમક્ષ વ્યાખ્યાનો આપવાની તેમ જ કલ્પસૂત્ર આદિનું વાચન કરવાની જે પ્રવૃત્તિ કરે છે, તે પોતાના આચાર્યદેવની અનુમતિથી જ કરે છે, તેથી એમને આ દોષ લાગતો નથી, એટલું જ નહીં, એથી એમની બુદ્ધિશક્તિ અને વિદ્વત્તામાં એકંદર વધારો જ થયો છે. એટલે આચાર્ય ભગવાનના એકાદ જૂના કથનને આગળ કરીને આવો વિરોધ કરવો ઉચિત નથી.

## સ્વપ્નાંની બોલીની આવકનો પ્રશ્ન

સ્વપ્નાંની બોલીની આવક કેવળ દેવદ્રવ્યમાં જ કે સાધારણ આદિમાં જ લઈ જવી જોઈએ એવો એકાંત આગ્રહ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી ધરાવતા ન હતા, એની પાછળ પોતાના ગુરુઓ અને વડીલોના મંતવ્ય અને આદેશનું બળ રહેલું હતું. તેઓએ વિ. સં. ૧૯૪૩માં, રાધનપુરમાં, આચાર્ય ભગવાન શ્રી વિજયાનંદસૂરિજી (આત્મારામજી) મહારાજ પાસે દીક્ષા લીધી તે વર્ષમાં, આચાર્ય શ્રી આત્મારામજી મહારાજના માર્ગદર્શન મુજબ, રાધનપુરના શ્રીસંઘે સ્વપ્નાંની બોલીની આવક સાધારણ ખાતે લઈ જવાનો ઠરાવ કર્યો હતો, જે શ્રીસંઘના ચોપડામાં નોંધી લેવામાં આવ્યો હતો. જેઓ સ્વપ્નાંની બોલીની આવક દેવદ્રવ્યમાં જ લઈ જવાનો આગ્રહ ધરાવે છે, તેઓએ આ ચોપડો ગુમ કરાવી દીધો છે! ચોપડો ભલે ગુમ કર્યો, પણ તેથી એ ચોપડામાં લખેલી વાત જ ગુમ થાય, એ બનવા જોગ નથી. વળી, ચોપડાના આ ઠરાવનો ઉતારો આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે "નવયુગનિર્માતા" નામે હિંદીમાં લખેલ આચાર્યદેવ શ્રી આત્મારામજી મહારાજના ચરિત્રમાં (પૃ. ૩૩૨–૩૩૩) સચવાઈ રહેલો છે. પોતાના મમતથી દોરવાઈને મૂળ દસ્તાવેજને જ આ રીતે ગુમ કરી દેવા છતાં બીજા મહાવ્રત(સત્યવ્રત)નું પાલન કેવી રીતે થઈ શકતું હશે ભલા?

શ્રી આત્મારામજી મહારાજના માર્ગદર્શન મુજબ પંજાબમાં સ્વપ્નાંની બોલીની આવકનો ઉપયોગ જૈન પાઠશાળાઓ ચલાવવાના ખર્ચમાં કરવામાં આવતો હતો. એ જ રીતે વળાના શ્રીસંઘે પણ, શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની સલાહ મુજબ, સ્વપ્નાંની બોલીની આવક સાધારણ ખાતે લઈ જવાનું નક્કી કર્યું હતું.

અહીં એ વાત ધ્યાનમાં રાખવાની છે કે સ્વપ્નાંની બોલી બોલવાની પ્રથા ચારસો-સાડાચારસો વર્ષ જેટલી જ જૂની છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મુનિસમ્મેલનના ઠરાવ અંગે ખુલાસો

વિ. સં. ૧૯૯૦માં અમદાવાદમાં મુનિસમ્મેલને સ્વપ્નાંની બોલીની આવક દેવદ્રવ્ય ખાતે લઈ જવાનો ઠરાવ કર્યો હતો; અને મુનિસમ્મેલને તૈયાર કરેલ પટ્ટકમાં આચાર્ય ભગવાને (શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે) પણ સહી કરી હતી. આ હકીકતને આગળ કરીને એમ પૂછવામાં આવે છે કે આચાર્ય મહારાજે મુનિસમ્મેલનના પટ્ટકમાં સહી કરેલી હોવા છતાં તેઓ, એથી જુદી રીતે વર્તીને, સ્વપ્નાંની બોલીની આવકને દેવદ્રવ્ય સિવાયના ખાતામાં લઈ જવાનું કેવી રીતે કહી શકે? આનો એક ખુલાસો એ છે કે શ્રીસંઘમાં પ્રવર્તતા અનિચ્છનીય વાતાવરણને દૂર કરવા માટે મુનિસમ્મેલને અનેક નિર્ણયોનો જે પટ્ટક તૈયાર કર્યો હતો, તેનો અમલ કરવાની જવાબદારી કોઈએ નિભાવી નથી. અને એનો બીજો પાયાનો ખુલાસો એ છે કે સમ્મેલનમાં સ્વપ્નાંની બોલીની બધી આવક દેવદ્રવ્ય ખાતે લઈ જવાનો આગ્રહ કરવામાં આવ્યો ત્યારે શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે એ વાત સ્પષ્ટતાપૂર્વક કરેલી કે પંજાબમાં ઠેર ઠેર જૈન પાઠશાળાઓ ચાલે છે, તેના ખર્ચને સ્વપ્નાંની બોલીની આવકથી જ પહોંચી શકાય છે. હવે જો સ્વપ્નાંની બોલીની આવક પંજાબમાં દેવદ્રવ્ય ખાતે જ લઈ જવામાં આવે તો એ પાઠશાળાઓના ખર્ચને કેવી રીતે પૂરું કરવું એ સવાલ છે. આ માટે કાં તો એવું મોટું ભંડોળ આપસૌની પ્રેરણાથી એકત્ર થવું જોઈએ કે જેના વ્યાજની આવકમાંથી આ ખર્ચને પહોંચી વળાય. અથવા તો જરૂરી ખર્ચની કાયમી જોગવાઈના અભાવે આ પાઠશાળાઓ બંધ કરી દેવામાં આવે. આ બેમાંથી શું કરવું એનો આદેશ અહીં બિરાજેલ શ્રમણસમુદાય આપે.

હું પણ આ સંમેલનમાં હાજર હતો; અને મારી જાતમાહિતીની આ વાત છે, કે મુનિસમુદાયે આનો કશો ખુલાસો ન આપ્યો. પરિણામે એક બાજુ મુનિસમ્મેલને સ્વપ્નાંની બોલીની આવક દેવદ્રવ્ય ખાતે લઈ જવાનો નિર્ણય કર્યો; અને બીજી બાજુ પંજાબમાં એ આવકનો ઉપયોગ પાઠશાળાઓ ચલાવવામાં કરવાની પ્રથા પણ ચાલુ રહી અને એની સામે કોઈએ વિરોધ ન દર્શાવ્યો.

વસ્તુસ્થિતિ આવી હોવા છતાં અમે ક્યારેય વાદવિવાદ કે વિતંડાવાદમાં ઊતરતા નથી, અને ઊભા કરવામાં આવેલ પ્રશ્નની બાબતમાં જરૂરી ખુલાસો કરીને જ સંતોષ માનીએ છીએ. આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે આજે એમના નિવેદનમાં જે ખુલાસો કર્યો છે, તે આ દૃષ્ટિએ જ કર્યો છે. એ માનવો, ન માનવો એ સૌની મરજીની વાત છે.

[મુંબઈની શ્રી આત્માનંદ જૈન સભા તરફથી પ્રગટ કરવામાં આવેલ "બે મહત્ત્વનાં પ્રવચનો" નામે પુસ્તિકામાંથી ઉદ્ધૃત.]

## જૈનધર્મનાં બે ચિરંજીવ તત્ત્વો

જૈન દર્શનનો મુખ્ય આધાર અનેકાંતવાદ અને અહિંસાના સિદ્ધાંત ઉપર છે. અનેકાંતવાદના પ્રતાપે જૈનધર્મે જગતભરના ધર્મ અને સંપ્રદાયોની માન્યતાઓને પોતામાં સમાવી સૌની સાથે ઐક્ય સાધવા પ્રયત્ન કર્યો છે અને અહિંસાની ભાવનાને પરિણામે જગત સાથે તેણે ભ્રાતૃભાવ સાધ્યો છે. આ જ કારણને લઈ નાની સંખ્યામાં રહેલા જૈનધર્મે પોતાનો પ્રભાવ દરેક ધર્મ ઉપર પાડ્યો છે અને પોતાના અસ્તિત્વને ચિરંજીવ બનાવ્યું છે.

જૈનધર્મના અનેકાંતવાદ અને અહિંસાના સિદ્ધાંતને, તેના વાસ્તવિક સ્વરૂપને, ધ્યાનમાં નહિ લેનારા ભલે પરસ્પરવિરોધી તેમ જ નિર્માલ્યતાપોષક માને-મનાવે અને તેના વિષે ગમે તેવાં ચિત્રણો કાઢે; તે છતાં જગતને તત્ત્વજ્ઞાન અને ભ્રાતૃભાવના વિશાળ આદર્શને પૂરા પાડનાર જૈનધર્મનાં આ બે વિશિષ્ટ તત્ત્વો સદાય જૈનધર્મની જેમ ચિરંજીવ જ રહેશે.

"જ્ઞાનાંજલિ," પૃ. ૨૨૧ —પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઐતિહાસિક યુગ

સમય-પરિવર્તન સાથે પ્રજાની ધર્મ, સમાજ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કળા આદિ દરેક વિષયને લગતી જિજ્ઞાસા અને અભિરુચિના માર્ગો અને પ્રકારો પણ બદલાયા સિવાય નથી રહી શકતા. એક જમાનો શ્રદ્ધાયુગનો હતો કે જ્યારે જગતના સનાતન સત્યનો, આત્મસ્વરૂપનો કે કોઈ પણ પદાર્થનો નિર્ણય કરવા માટે પ્રજાને તર્ક કે દલીલોનો આશ્રય શોધવો પડતો ન હતો. તેમ જ એ સનાતન સત્ય વગેરેનો પોતાના જીવનમાં સાક્ષાત્કાર કરનાર આપણા પૂર્વ પુરુષોને—તેમનાં જીવન ત્યાગ અને તપ દ્વારા અતિવિશુદ્ધ અને પરિણત હોઈ—પોતે અનુભવેલા સનાતન સત્ય આદિના ઉપદેશના સમર્થન માટે તર્ક કે યુક્તિઓની આવશ્યકતા નહોતી પડતી. પરંતુ કાળની ક્ષીણતાને પરિણામે આત્મધર્મજ્ઞાની પુરુષોનું આત્મિક જ્ઞાન અને તેમનાં ત્યાગ-તપ પાતળાં પડી જતાં તેમને પોતાના વક્તવ્યના સમર્થન માટે તર્ક અને યુક્તિઓનો આશ્રય લેવો પડચો અને એ રીતે પ્રજા પણ તેમના ઉપદેશ વગેરેને તર્ક, યુક્તિ આદિ દ્વારા કસવા લાગી, જેને પરિણામે શ્રદ્ધાયુગનું સ્થાન તર્કયુગે લીધું. તર્કયુગમાં પ્રત્યક્ષ, પરોક્ષ આદિ પ્રમાણોનું સ્થાન હતું, પરંતુ આજના આપણા ચાલુ વૈજ્ઞાનિક યુગમાં પ્રત્યક્ષ પ્રમાણને જ મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. આ પરિસ્થિતિમાં, બીજી બાબતોની જેમ, ધર્મ, તત્ત્વજ્ઞાન, આગમ આદિને પણ પ્રત્યક્ષ પ્રમાણની શરાણ ઉપર ચડવું પડયું છે, જેમાંથી આજના ઐતિહાસિક યુગનો જન્મ થયો છે. આજના ઐતિહાસિક યુગમાં ધર્મના પ્રણેતા, તેમના અસ્તિત્વની સાબિતી અને સત્તાસમય, તેમણે ઉપદેશેલાં ધર્મતત્ત્વો, તેમનો અનુયાયીવર્ગ અને એ વર્ગનું વિજ્ઞાન-કલા-કૌશલ્ય, એના રીતરિવાજ વગેરે દરેક નાની-મોટી વસ્તુને પ્રત્યક્ષ મળતી ઐતિહાસિક સાબિતીઓ સાથે કસ્યા પછી જ તેની સત્યતા, યોગ્યતા અને ગ્રાહ્યતા ઉપર ભાર મૂકી શકાય છે.

"જ્ઞાનાંજલિ," પૃ. ૨૧૯ —પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રંથ-પ્રકાશનનો સાદો અને સુંદર સમારોહ

ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાના માસિક મુખપત્ર "શ્રી આત્માનંદ પ્રકાશ"નો "મુનિ શ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ-વિશેષાંક" તેમ જ શ્રી શાકટાયનાચાર્યે રચેલ અને પરમપૂજ્ય વિદ્દ્વર્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજે સંપાદિત કરેલ "स्त्रीनिर्वाण-केवलिमुक्तिप्रकरणे" નામે ગ્રંથ, એ બન્ને ગ્રંથોના પ્રકાશનનો સમારોહ, સભાની વતી, વિ. સં. ૨૦૩૦ના પોષ સુદિ ૧૩, તા. ૬-૧-૧૯૭૪, રવિવારના રોજ સવારના ૯-૩૦ વાગતાં અમદાવાદમાં શ્રી ઉજમફઈની ધર્મશાળામાં, પરમપૂજ્ય શાંતમૂર્તિ આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજના સાંનિધ્યમાં યોજવામાં આવ્યો હતો.

સમારોહમાં ચતુર્વિધ સંઘે સારા પ્રમાણમાં હાજરી આપી હતી; અને મુંબઈ, વડોદરા, કપડવંજ, રાધનપુર, પાટણ, ભાવનગર વગેરે સ્થાનોમાંથી પણ ભાવિકો આવ્યાં હતાં. આ પ્રસંગે રાધનપુર તથા પાટણના આગેવાનો પૂજ્ય આચાર્યશ્રીને વિનતિ કરવા આવેલ હોવાથી સમારોહ વિશેષ ગૌરવશાળી બન્યો હતો.

"મુનિ શ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ-વિશેષાંક"ના પ્રકાશન માટે અમદાવાદ જૈન સંઘના એક અગ્રણી શેઠ શ્રી આત્મારામભાઈ ભોગીલાલ સુતરીઆને અને 'स्त्रीनिर्वाणकेवलिमुक्तिप्रकरणे' ગ્રંથના પ્રકાશન માટે જાણીતા સાક્ષર ડૉ. ભોગીલાલભાઈ જ. સાંડેસરાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. અમારી શ્રી જૈન આત્માનંદ સભાના ઉપક્રમે અમદાવાદમાં ઊજવાયેલ આ સમારોહનો ટૂંકો અહેવાલ અહીં આપવામાં આવે છે.

પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ મંગલાચરણ કર્યા પછી બહેનો તથા કન્યાઓએ મધુર સ્વરે શ્રુતદેવતાની તથા સરસ્વતી માતાની સ્તુતિ કરી હતી અને જ્ઞાનપદની પૂજાનું ગાન કર્યું હતું.

ભાવનગર સંઘના એક અગ્રણી અને શ્રી જૈન આત્માનંદ સભાના ઉપપ્રમુખ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહે સૌને આવકાર આપતાં કહ્યું કે પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજનું સ્મરણ કરતાં એમના અનેક ગુણો અને એમની અનેક પ્રકારની સેવાઓનું સ્મરણ થાય છે. અમારી સભાના તો તેઓ પ્રાણ જ હતા. આત્માનંદ સભા એટલે પુણ્યવિજયજી મહારાજ અને પુણ્યવિજયજી મહારાજ એટલે આત્માનંદ સભા એમ કહેવું પડે એવી એમની આત્માનંદ સભાની સેવાઓ હતી. આત્માનંદ સભાએ સેંકડો ગ્રંથો પ્રકાશિત કર્યા છે, એમાં પૂજ્ય મહારાજ સાહેબનો ફાળો અનન્ય છે. દિવસો સાથે એમની સ્મૃતિ તાજી થાય છે. અમારી પ્રગતિનો એ આધાર હતા. એમનો સ્મરણ-અંક છપાય એ વિચાર અમને આવ્યો; શ્રી રતિભાઈ અને ભાઈ કોરાનો સહકાર માગ્યો. એમણે એ વાત સ્વીકારી. એક વર્ષમાં જ બહાર પાડવાની ઇચ્છા હતી, પણ અનેક કારણોને લીધે વિલંબ થતો રહ્યો. પણ છેવટે એ કાર્ય પૂરું થયું અને આજે એનું પ્રકાશન થઈ રહ્યું છે, તેથી આનંદ થાય છે. આ વિશેષાંકનું બધું જ કામ રતિભાઈએ કર્યું છે. સંપાદક-મંડળના વિદ્વાનોનો પણ અમે આભાર માનીએ છીએ. આ પ્રસંગે અહીંથી તથા બહાર ગામથી તકલીફ લઈને પધારેલા આપસૌનું હું હાર્દિક સ્વાગત કરું છું અને આપ સૌનો અંતઃકરણથી આભાર માનું છું. અમારી સભાના પ્રમુખ શ્રીયુત પ્રો. ખીમચંદભાઈ ચાંપશી શાહ અમારા ખૂબ ઉત્સાહી કાર્યકર અને સાથી છે. પણ નાદુરસ્ત તબિયતને કારણે તેઓ આ પ્રસંગે હાજર રહી શક્યા નથી એનું અમને દુઃખ છે. ભાવનગર સંઘના પ્રમુખ શેઠ ભોગીલાલભાઈ વગેરે અમારી બધાની ઇચ્છા આ મેળાવડો ભાવનગરમાં જ કરવાની હતી. પણ પૂ. આચાર્ય મહારાજની નિશ્રામાં કરવા માટે અમદાવાદમાં કર્યો છે. પ્રકાશન-વિધિ કરવાનું અમારું આમંત્રણ સ્વીકારવા માટે અમે શ્રી આત્મારામભાઈ સુતરીઆનો અને ડૉ. શ્રી ભોગીલાલભાઈ સાંડેસરાનો તેમ જ આ કાર્યમાં મહેનત કરનાર દરેકનો આભાર માનીએ છીએ, અને આપ સૌનું ફરી સ્વાગત કરીએ છીએ.

લાલા રતનચંદજી વગેરે દિલ્લી-પંજાબના મહાનુભાવોએ "પુણ્ય-સ્મૃતિ" નામે ભક્તિવાહી ગીત બુલંદ-મધુર સ્વરે ગાઈને સૌનાં અંતર ગદ્ગદ બનાવી દીધાં હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયયશોભદ્રસૂરિજી :** સમ્યગ્જ્ઞાનની આરાધના અને એનું ઉદ્ઘાટન અત્યંત જરૂરી છે. નિઃશલ્યો વ્રતી–વ્રત ધારણ કરનાર શલ્ય રહિત હોય. પુણ્યવિજયજી મહારાજ સરળ હતા, નિષ્કપટ હતા. મહાવીરે કેટલું ચારિત્ર્ય પાળ્યું? જીવનભરનું. પૂ. હરિભદ્રસૂરિજી, પૂ. હેમચંદ્રસૂરિજી, પૂ. યશોવિજયજી આદિ આવા અનેક મહાત્માઓ થઈ ગયા. અહીં બિરાજેલા આચાર્ય (આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી) મહારાજ તો ચોથા આરાના જીવ જેવા સરળ, ભદ્રિક અને નમ્ર છે. પુણ્યવિજયજીએ જ્ઞાનનો પ્રકાશ કર્યો. આપણે પણ આત્માને નિર્મળ બનાવીએ, જ્ઞાનને જીવનમાં ઉતારીએ, એ જ પુણ્યવિજયજી મહારાજને સાચી શ્રદ્ધાંજલિ ગણાય.

**શ્રી બાબુભાઈ મણિલાલ શેઠ કપડવંજવાળા :** પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ કપડવંજનાગૌરવરૂપ હતા. કપડવંજમાં પૂજ્ય આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ જેવાં મહાન રત્નો પાક્યાં હતાં. પુણ્યવિજયજી પણ તેમાંના એક હતા. એમને ખરી અંજલિ એમનું રીસર્ચનું કામ આગળ ધપાવીએ તે છે. મને કહેતાં દુઃખ થાય છે કે મુંબઈમાં આ કાર્ય જે રીતે ગોઠવાવું જોઈએ તે રીતે ગોઠવાયું નથી.

**શ્રીમતી કાંતાબહેન બાબુભાઈ શેઠ કપડવંજવાળાં :** આ મેળાવડો ખરી રીતે અમારા કપડવંજમાં જ શોભે, પણ રત્નની પરીક્ષા દાબડામાં નથી થતી. આ રાજનગર શત્રુંજયગિરિ જેવું સિદ્ધસ્થાન છે. એમને શ્રદ્ધાંજલિ અમારે આપવાની હોય નહીં. એ દીકરા અને માએ અમારા ગામને ઉજાળ્યું છે. જ્યારે અમે એમને મુંબઈમાં મળ્યાં ત્યારે તેમણે કહેલું: "હું અહીં ક્યાં આવ્યો?" કમનસીબે તેઓ મુંબઈથી પાછા આવ્યા જ નહીં! આપણે ઉજવણી કરીને આનંદ માણવાનો નથી; એમનું અધૂરું કાર્ય પૂરું કરીએ.

**પૂજ્ય સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજી :** મહાપુણ્યનો ઉદય છે કે રાજનગરને આંગણે એક મહાન વિભૂતિની ઉજવણીનો પ્રસંગ મળ્યો છે. મહારાજશ્રીએ જીવનભર જ્ઞાનોપાસના કરી. એ મહાપુરુષ પાંચ વર્ષ વધુ જીવી ગયા હોત તો એમનું કાર્ય પૂરું થાત. પૂજ્ય આગમપ્રભાકરજી મહારાજ જેટલો જ્ઞાનીનો અને જ્ઞાનનો આદર કરતા એટલા જ સરળ પણ હતા. દશ વર્ષના બાળકથી સાઠ વર્ષના વૃદ્ધ કોઈ પણ એમને મળે તો, પોતાનું કામ છોડીને પણ, એમને પોતાનો અમૂલ્ય સમય આપતા.

પૂજ્ય સાધ્વીજી શ્રી **યશોદાજીશ્રીએ** ભાવવાહી ભક્તિગીત સંભળાવ્યું હતું.

**પૂજ્ય સાધ્વીજી શ્રી પ્રિયદર્શનાશ્રીજી :** आज हर्षका दिन है। मुझे भी अंजलि देनेका अवसर प्राप्त हुआ यह मेरा सद्भाग्य है। महाराजश्री (पुण्यविजयजी) ने जीवनपर्यंत ज्ञानका कार्य किया। उनके बाकी कामकी पूर्ति होनी चाहिए। महाराजजीने उनके गुरु और दादागुरुके साथ अनेक स्थानोंके ज्ञानभंडारोंकी सुरक्षा की। ज्ञानका अंतिम फल आचार है। वो ही ज्ञान सच्चा है, जो आचार बनके हमारे सामने आये।

**શ્રી મુક્તિલાલ વીરવાડિયા :** શ્રી રાધનપુર જૈન સંઘનો પુણ્યોદય છે કે અમને આ પ્રસંગે ભાગ લેવાનો મોકો મળ્યો છે. પૂ. આ. વિજયવલ્લભસૂરિજીની જન્મશતાબ્દી પ્રસંગે મુંબઈના છત્રીસ જેટલા સંઘોના આગેવાનોએ મહારાજ સાહેબને આચાર્યપદવી સ્વીકારવા અત્યંત આગ્રહ કરેલો, છતાં મહારાજ સાહેબે હા ન ભણી. આવી તો અનેક સ્મૃતિઓ છે. (આ બાદ આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજને રાધનપુર પધારવા બીજા ભાઈઓ સાથે મળી, તેમણે વિનંતિ કરી હતી.)

**રતિલાલ દીપચંદ દેસાઈએ** આ પ્રસંગે જે થોડાક સંદેશા આવ્યા હતા તેની રજૂઆત કરી હતી. તે પછી બન્ને ગ્રંથો તૈયાર થયા તેની પૂર્વભૂમિકા સમજાવતાં તેઓએ કહ્યું કે સ્ત્રીનિર્વાણપ્રકરણ માટે સ્વ. પૂજ્ય પંન્યાસ શ્રી નેમવિજયજી ગણિએ પોતાનાં સ્વ. ભગિની-સાધ્વીજી પ્રવર્તિની શ્રી દાનશ્રીજી મહારાજની પુણ્ય-સ્મૃતિ નિમિત્તે સભાને સહાય અપાવી હતી. તેથી જ આ ગ્રંથ પ્રકાશિત કરવાનું શક્ય બન્યું છે. આ ગ્રંથ પોતાની હયાતીમાં જ પ્રકાશિત થાય એવી તેઓશ્રીની ઝંખના હતી, પણ ત્રણેક મહિના પહેલાં તેઓ ૯૨ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા તેથી તેઓ આ ગ્રંથને જોઈ ન શકયા એનું દુઃખ છે. આ પછી એમણે "શ્રદ્ધાંજલિ–વિશેષાંક" અંગેની સવિસ્તર માહિતી રજૂ કરી હતી અને મહારાજશ્રીને અંજલિ આપી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી મિશ્રીમલજી :** મારે ઘણું કહેવાનું છે. ખુશીની હદ નથી. આચાર્યશ્રી પધાર્યા ત્યારથી આટલી જ ભીડ રોજ થાય છે. બધા સંઘોને એમનું દર્શન થઈ જાય તોપણ બસ. શેઠ આતુભાઈ–આત્મારામભાઈ ખૂબ જાણીતા છે. તેઓશ્રી ધાર્મિક કાર્યોમાં પણ ખૂબ રસ ધરાવે છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના તેઓ વહીવટદાર પ્રતિનિધ છે. આ વિશેષાંકનું પ્રકાશન કરવા માટે તેઓને હું વિનંતિ કરું છું.

**શ્રી આત્મારામભાઈએ** શ્રદ્ધાંજલિ વિશેષાંકનું પ્રકાશન કરીને તે પૂજ્ય આચાર્ય મહારાજને અર્પણ કર્યો હતો. પછી પોતાનું વક્તવ્ય રજૂ કરતાં તેઓએ કહ્યું કે આજે આપણે જે પ્રસંગ ઊજવી રહ્યા છીએ તે મહાન વિભૂતિના સંપર્કમાં આવવાનો થોડો લહાવો મને મળેલ છે. એમની સરળતા એટલી બધી હતી કે એવી સરળતા આપણામાં ન હોય તોપણ એમને યાદ કરતાં એનો અંશ આવી જાય. આ વિશેષાંક નથી, પણ પુણ્યવિજયજીની સ્મૃતિમાં એક સારો ગ્રંથ થયો છે. એના ઉદ્ઘાટનની તક માટે આભાર માનું તે સામાન્ય વાત છે, પણ મને એમનું ઋણ અદા કરવાની આવી તક આપવા બદલ હું શ્રી જૈન આત્માનંદ સભાના કાર્યવાહકોનો અંતઃકરણથી આભાર માનું છું. મારા જીવનની આ ધન્ય પળ છે. પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ, મારી દૃષ્ટિએ, ચીલાચાલુ સાધુ મહારાજ ન હતા. તેઓ વિદ્યાના મહાન ઉપાસક હતા, કામમાં ખૂબ એકાગ્ર રહેતા, છતાં બાળક જેવા નિર્દોષ, સરળ હતા. એમના વિચારો ઉદ્દામ હોવા છતાં એમનું સાધુપણું સાચવીને તેઓ વર્તતા. રાતે મોડે સુધી વાંચતા એટલે લાઇટ રાખતા. ઘણાને તે ન રુચતું, પણ તેઓ અધિકારી હતા. કંઈ મોજશોખ માટે નહીં, જ્ઞાનોપાસના માટે વીજળી રાતે વાપરતા. ધર્મ-અધર્મ શું તે અધિકારી જાણી શકે.

**શ્રી રિખવચંદજી લહેરી (જાલોર):** राजनगर की जनता को बधाई । पू. पुण्यविजयजी महाराज, जिनकी स्मृतिमें यह ग्रंथ प्रसिद्ध होता है, उनको महावीर स्तुतिसे मैं अपनी श्रद्धांजलि अर्पित करता हूं।

**શ્રી દલસુખભાઈ માલવણિયા :** જેમને મળતાં, મળીએ એટલી વાર, એમના પ્રત્યેનો આદર વધતો જાય એ એમની મહત્તાની નિશાની છે. પૂજ્ય મહારાજ સાહેબનો મારો એવો અનુભવ છે. જેનું પ્રકાશન આજે થઈ રહ્યું છે તે સ્ત્રીમુક્તિ-કેવલિભુક્તિ ગ્રંથ ઘણાં વર્ષો પહેલાં આચાર્ય જિનવિજયજીએ "જૈન સાહિત્ય સંશોધક"માં છપાવેલ, પણ તે મૂળમાત્ર. પૂ. મહારાજશ્રીને ખંભાતના ભંડારનું સૂચિપત્ર બનાવતાં આ મૂળ ગ્રંથ અને એની ટીકાની પ્રતિ મળી હતી. ગ્રંથ બે ભાગમાં છે : ૧. સ્ત્રીમુક્તિ અને ૨. કેવલિભુક્તિ એટલે કેવલીના આહાર વિષયક. દિગંબરોના જૂના ગ્રંથ–ષટ્‌ખંડાગમ–માં સ્ત્રીમુક્તિનું સમર્થન મળે છે. આજના દિગંબર સમાજને સ્ત્રીમોક્ષ માન્ય નથી. આથી જૂના ગ્રંથની કોપી કરનાર પંડિતે સ્ત્રીમુક્તિનું સમર્થન કરનાર 'संजद' શબ્દ કાઢી નાખેલો. છપાયું ત્યારે ટીકા વગેરે ઉપરથી જણાયું કે ત્યાં એ શબ્દ હોવો જ જોઈએ. સ્વ. ડૉ. હીરાલાલજી જૈન અને ડૉ. એ. એન. ઉપાધ્યે જેવા વિદ્વાનોએ એ શબ્દ કાયમ રાખીને એ ગ્રંથ છાપ્યો. દિગંબર સમાજે પોતાના આ ગ્રંથો તામ્રપત્રો પર કોતરાવવાનું નક્કી કર્યું ત્યારે દિગમ્બર સંઘના આચાર્ય શ્રી શાંતિસાગરજીએ એ શબ્દ રદ કરવાનો નિર્ણય આપ્યો. શ્વેતામ્બર આગમોમાં આવી કોઈ વધઘટ કદી કરવામાં આવી નથી. શ્રદ્ધાંજલિ-વિશેષાંકમાં અમે બધા સંપાદક–મંડળમાં છીએ, પણ એનું બધું કામ રતિભાઈએ સંભાળ્યું છે એ મારે અહીં કહેવું જોઈએ. ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ મહોત્સવની ઉજવણી કરનારાઓ ભગવાન મહાવીરને મહામાનવ કહે છે તે સામે કેટલાકને વિરોધ છે. પણ જૂનાં ચરિત્રોમાં પણ તીર્થંકરોને મહાપુરુષ કહ્યા જ છે. દા. ત., चउपन्नमहापुरिसचरियं. તીર્થંકર પણ સામાન્ય માણસની જેમ જ જન્મે, રમે, ભણે છે; અને પછી પોતાની સાધનાથી મહાન થાય છે. કેવલિના જીવનમાં અલૌકિકતા બતાવવા 'કેવલિ આહાર પણ ન કરે' એવી માન્યતા દાખલ થઈ. આનો વિરોધ યાપનીય સંઘે પ્રથમ કર્યો. આ ગ્રંથના લખનાર શાકટાયનાચાર્ય યાપનીય હતા. મહારાજશ્રીએ પૂજ્ય મુનિ શ્રી જંબુવિજયજીને આ ગ્રંથનું સંપાદનકાર્ય ભળાવ્યું હતું. તેઓ આને માટે યોગ્ય વિદ્વાન છે. ડૉ. સાંડેસરા બહુ જાણીતા વિદ્વાન છે અને જૈન સાહિત્યના સંશોધનની એમની કામગીરી ઘણી અને સુવિદિત છે. આ ગ્રંથનું પ્રકાશન કરવાની હું ડૉ. સાંડેસરાને વિનંતિ કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાએ** ગ્રંથનું પ્રકાશન કરીને તે આચાર્યશ્રીને અર્પણ કર્યા બાદ કહ્યું કે—આત્માનંદ સભાની સાહિત્યસેવા અપ્રતિમ છે. સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અનેક ગ્રંથો એણે પ્રકાશિત કર્યા છે. સ્ત્રીમુક્તિ ગ્રંથ આવો જ એક અગત્યનો ગ્રંથ છે. એના સંપાદક પૂજ્ય જંબૂવિજયજી મહારાજ પ્રતિભાશાળી વ્યુત્પન્નમતિ વિદ્વાન છે. એમનો નયચક્ર ગ્રંથ એમની દાર્શનિક તરીકેની શક્તિનો પુરાવો છે. તેઓ મહારાજ સાહેબનાં અધૂરાં કાર્યો પૂરાં કરશે એવી આશા છે. પૂ. પુણ્યવિજયજી મહારાજ સાથે, હું ચૌદ વર્ષનો હતો ત્યારથી, મારો પરિચય છે. જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ અહોભાવ વધતો ગયો. હું જે કંઈ આ ક્ષેત્રમાં કરી શકયો તેનો યશ પુણ્યવિજયજી મહારાજને છે. વિદ્યાનું ઋણ છે તે ચૂકવી શકાય નહીં. માત્ર વિદ્યાનું વિતરણ કરવાથી કિંચિત્ ઋણ ચૂકવ્યું માનીએ. એમની ઉપસ્થિતિ સાત્ત્વિક આંદોલનો પ્રસરાવતી. તેઓ સમકાલીન હોવાથી એમનું મૂલ્ય કદાચ ઓછું અંકાય, પણ તેઓ પ્રાચીન શ્રુતધરોની જ મહાન પરમ્પરામાં હતા; એમનાથીયે કદાચ આગળ ગયા હતા. કારણ, આ વૈજ્ઞાનિક જમાનામાં પણ એમનું જ્ઞાન પ્રતીતિકર હતું. દેશવિદેશનું એમનું વર્તુળ હતું. એવા મહાન ઋષિનું ઋણ આપણે કદી પૂરેપૂરું ચૂકવી શકીશું નહીં.

**પૂ. આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ :** मुनिराज आगमप्रभाकर पुण्यविजयजी महाराज बडे विद्वान होते हुए भी खूब विनम्र, सरल व निरभिमानी थे। हम सबका कर्तव्य है, जो साहित्य है, उसे पढें, अमलमें लावें। महावीर निर्वाण महोत्सव में हमें कुछ योजना बनानी चाहिए। साहित्य बहुत प्रकाशित होता है, उसे पढो।

**પંડિત શ્રી ગોવિંદરામજી વ્યાસ :** पूज्य पुण्यविजयजी को मैं प्रथम कल्याणविजयजी महराज के साथ मिला। उनमें तीन गुण थे : वे विवेकी, विनोदी और विद्वान थे। विद्वान होने के साथ वे रसिक थे, दूसरोंको प्रिय थे।

શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરીએ આચાર્ય મહારાજને, એમની તબિયત બરાબર નહીં હોવાથી, સંક્રાંતિ અમદાવાદમાં કરવાની વિનંતિ કરી હતી. આચાર્ય મહારાજે એ વિનંતીનો તથા રાધનપુર અને પાટણના સંઘોની વિનંતીનો સ્વીકાર કર્યો આથી સૌ ખૂબ હર્ષિત થયા હતા.

શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહે તથા રતિલાલ દેસાઈએ આભારનિવેદન કર્યું હતું. પૂજ્ય આચાર્ય મહારાજે સર્વ મંગલ સંભળાવ્યા બાદ બારેક વાગે ઉલ્લાસના વાતાવરણમાં સમારોહ પૂરો થયો હતો.

## શ્રદ્ધાંજલિ–વિશેષાંક માટે મળેલ વધુ સહાય

૧૦૦૦ શેઠ શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી, મુંબઈ.
૨૫૧ શ્રી કપડવંજ જૈન સંઘ, શ્રી પાનાચંદ વ્રજલાલની પેઢી, કપડવંજ.
૨૫૧ શ્રી કપડવંજ જૈન સંઘ, શ્રી મીઠાભાઈ ગુલાબચંદની પેઢી, કપડવંજ.
૨૫૦ શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડીઆ ભાવનગરવાળા, મુંબઈ.
૧૫૧ શ્રી રમણલાલ મંગળચંદ શાહ, ગોરેગાંવ, મુંબઈ.
૧૦૧ શ્રી કંચનલાલ પોપટલાલ શાહ ,, ,,
૫૧ શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ ,, ,,
૧૦૧ શ્રી ગિરધરલાલ ત્રિકમલાલ કોઠારી હ. શ્રી ધીરુભાઈ, મુંબઈ.
૧૦૧ શ્રી રમણીકલાલ મોહનલાલ ફોજદાર, અમદાવાદ.
૫૧ એક સદ્‌ગૃહસ્થ, વડોદરા.
૫૧ શ્રીમતી જાસુદબહેન ચીમનલાલ, અમદાવાદ.

## સભાના નવા લાઈફ મેમ્બર

શ્રી કંચનલાલ પોપટલાલ શાહ, ગોરેગાંવ, મુંબઈ.

For Private And Personal Use Only